રત્નત્રયી ઉપાસના



સમ્યક્ દર્શન




સમ્યક્ જ્ઞાન



સમ્યક્ ચારિત્ર



कुंदिंदु-गोक्खीर-तुसार-वन्ना सरोजह
वाईसरी पुत्थयवग्गहत्था सुहाय सा




इत्था कमले निसण्णा ।
अम्ह सया पसत्था ।।
ॐ ऐं नमः

॥ શ્રી સિદ્ધચક્રાય નમઃ ॥
॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન પ્રસંગે
★ બોલવાની શુભ ગાથાઓ ★

ૐ નમો જિણાણં શરણાણં મંગલાણં,
લોગુત્તમાણં ક્રૂં ક્રીં ક્રૂં ક્રૂં ક્રૌં ક્રૂઃ
અસિઆઉસા ત્રૈલોક્ય લક્ષ્મી ભૂતાય,
ક્ષુદ્રોપદ્રવશમનાય અર્હતે નમઃ સ્વાહા.

ૐ નમો અર્હતે પરમેશ્વરાય, ચતુર્મુખાય, પરમેષ્ઠિને દિક્કુમારીપરિપૂજિતાય, દિવ્યશરીરાય, ત્રૈલોક્યમહિતાય, દેવાધિદેવાય, અસ્મિન્ જંબુદ્વિપે, ભરતક્ષેત્રે, દક્ષિણાર્ધભરતે મધ્યખંડે ..... દેશે ..... નગરે ..... જિન પ્રાસાદે ..... સામ્રાજ્યે ..... શુભનિશ્રાયામ ..... કારિતે શ્રી સંઘગૃહે શ્રી લઘુશાંતિસ્નાત્ર વિધિ મહોત્સવે સ્નાત્રસ્ય કર્તું : કારયિતુશ્ચ શ્રી સંઘસ્ય ચ ઋદ્ધિં વૃદ્ધિં કલ્યાણં કુરુકુરુ સ્વાહા ॥



M.P

श्री पंच परमेष्ठी महामंत्र

नमो अरिहंताणं
नमो सिध्दाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं

एसो पंच नमुक्कारो
सव्वपावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं



श्री गुरु स्थापना सूत्र

पंचिंदिय संवरणो तह नवविह बंभचेर गुत्तिधरो
चउविह कसायमुक्को ईअ अट्ठारस गुणेहिं संजुत्तो
पंच महव्वयजुत्तो पंच विहायार पालण समत्थो
पंच समिओ तिगुत्तो, छत्तीस गुणो गुरु मज्झ

-: પ્રકાશક :-

શા. કકલદાસ હીરાચંદ અજબાણી પરિવાર

ઘાનેરા, જિલ્લા : બનાસકાંઠા,
ઘાનેરા - નવા ડીસા.

-: પ્રાપ્તિસ્થાન :-

રીતેશ એક્ષપોર્ટ
૧૧૮, શ્રીજી ચેમ્બર્સ, ટાટા રોડ નં.૧-૨,
પ્રસાદ ચેમ્બર્સની સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪
ટેલી : ૨૩૬૬ ૮૨૮૪ / ૨૩૬૬ ૯૨૭૯

રીતેશ એક્ષપોર્ટ
૬-૨૧૫૫, દેવીદાસ પીપળા શેરી,
નં. ૧૦૪-૧૦૬, ગોકુલ બિલ્ડીંગ,
મંથનની ઉપર, મહીધર પુરા, સુરત-૩
ટેલી : ૨૪૧૧૨૨૭ / ૨૪૩૦૮૫૯

પ્રથમ આવૃત્તિ - પ્રત: ૨૦૦૦ - તા. ૨૫-૧૦-૨૦૦૩
દ્વિતિય આવૃત્તિ - પ્રત: ૩૦૦૦ - તા. ૧૨-૧૧-૨૦૦૪
તૃતિય આવૃત્તિ - પ્રત: ૩૦૦૦ - તા. ૩૦-૩-૨૦૦૬

★ મૂલ્ય : સ્વાધ્યાય ★

નમ્ર વિનંતી

વીતરાગ માર્ગના પ્રભાવક આધ્યાત્મિક સત્પુરુષોને અગણિત વંદન કરતાં પ્રસ્તુત ગ્રંથ આપના કર-કમલોમાં સાદર સમર્પિત છે. તેનો વિનય અને બહુમાનપૂર્વક સ્વાધ્યાય કરશો. શ્રી જિનવાણીની કોઈ પણ પ્રકારે અશાતના કરશો નહીં. તેમાં ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો નહીં તેમજ સૂવાના પલંગ પર કે જમીન પર, અગર જ્યાં-ત્યાં અયોગ્ય સ્થાને રાખશો નહીં. જિનવાણી (શાસ્ત્રજી) એ ભગવાનની વાણી છે, એટલે ભગવાનની વાણી જિનવર બરોબર છે, જેથી જિનેશ્વર દેવ સમાન જ જિનવાણીનું બહુમાન કરી જિનવાણીનો મર્મ સમજીને રત્નત્રયની પ્રાપ્તિ હેતુ નિકટ ભવ્ય બની જવાય છે.

- અજબાણી પરિવાર

ટાઈપ સેટીંગ :
સમીર પારેખ -ક્રિએટીવ પેજ સેટર્સ
૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ,
૧૭, લાખાણી ટેરેસ, ફોર્ટ,
મુંબઈ - 1
ફોન : 2282 57 84

મુદ્રણ :
નિલેશ પારેખ - પારસ પ્રિન્ટ્સ,
૧૦૫, શંકાલા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ,
ચૂરી વાડી, ઑફ આરે રોડ,
ગોરેગામ (ઈ), મુંબઈ - 63
ફોન : 2877 09 26



ધાનેરાના શ્રી શાંતીનાથ ભગવાન

પ્રાસ્તાવિકમ્

ઘુઘવતા સંસાર સમુદ્રમાં
ડુબતા અનંતા જીવો માટે
બેટ સમાન હોય તો તે
પરમાત્મા વીતરાગનું ધર્મશાસન છે.

જન્મ જરા મૃત્યુ રોગ શોકના કાળઝાળ
પાશમાં સપડાયેલ આ અનાથ જગતનું
એકમાત્ર કોઈ શરણ હોય તો
એ સર્વજ્ઞ વીતરાગપ્રભુનું ધર્મશાસન છે.

આલોક પરલોકના...
તમામ સુખ સંપત્તિનુ મૂળ.
અને પરમગતિ પામવા માટેનું
પરમ સાધન કોઈ હોય તો
વિશ્વકલ્યાણી ભગવંત અરિહંતપ્રભુનું ધર્મશાસન.

ધર્મનું અનુશાસન જે સ્વીકારે છે
એ પોતાની જાતને ભવજલથી પાર ઉતારે છે.
એનો મહામૂલ્યવાન આ ધર્મ...
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર
સ્વરૂપે પ્રભુએ પ્રરૂપ્યો છે.

આ સમ્યગ્દર્શન (શ્રદ્ધા) સમ્યગ્જ્ઞાન (સમજણ સાચી) સમ્યક્ચારિત્ર (સદ્વર્તન) એજ સચ્ચિદાનંદ-સહજાનંદ સ્વરૂપ સિદ્ધાશિલાસ્થિત મોક્ષનો મહાન્ માર્ગ છે.

આ માર્ગ કાંઈ હવાઈ, દરિયાઈ, પર્વતીય કે ભૂમિનો નથી પણ આત્માના વિશુદ્ધ પરિણામનો છે. દેવ ગુરુ ધર્મ અને તત્ત્વ પ્રત્યે અહોભાવ બહુમાન વિનય સ્વરૂપ શ્રદ્ધાનો આત્મવિશુદ્ધ પરિણામ એ સમ્યગ્દર્શન છે.

દેવ-ગુરુ-ધર્મ તત્ત્વની પાકી સમજણ ભેદ પ્રભેદો સહિતનું એનું વિશિષ્ટ જ્ઞાનરૂપ આત્મવિશુદ્ધ પરિણામ એ સમ્યગ્જ્ઞાન છે. અને જેના માટે શ્રદ્ધા છે જેની આવી સુંદર સમજણ તેને મન વચન કાયાથી આદરવાની આચરવાની સદ્ભાવના અને આચરણારૂપ આત્મવિશુદ્ધ પરિણામ એનું નામ છે - સમ્યગ્ચારિત્ર

તત્ત્વરૂચિ-તત્ત્વ અવબોધ તત્ત્વ પરિણતિ કહો કે સ્થૂલ ભાષામાં સાચી શ્રદ્ધા, સાચી સમજણ, સાચું સદ્વર્તન કહો તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

આ ત્રણે ત્રણ અધ્યાત્મમાર્ગ ચિંતામણી રત્ન સમાન મહામુલ્યવાન અને દુર્લભ છે. માટે આ ત્રણની જોડીને જ જ્ઞાનીઓ એ રત્નત્રયી કહી છે.

જિનશાસનની તમામ આરાધના આ રત્નત્રયીનીજ આરાધના જ છે. માર્ગાનુસારી, સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર

આદિ અનેક કક્ષા એ રહેલો જીવ. આ રત્નત્રયીની સુંદર આરાધના કરી શકે.

રત્નત્રયીની આરાધનાની સુંદર સમજણ અને જ્ઞાન પ્રાપ્ત કરી શકે. તો અમારા જ્ઞાનાવરણીય કર્મનો જ્ઞાનના અંતરાયોનો પણ ભાવિમાં નાશ થાય એવા એક શુભઆશયથી આ **"રત્નત્રયી ઉપાસના"** પુસ્તકનું આયોજન ખરાદિલથી અને ખરાભાવથી લાભાર્થી આ પરિવારે કર્યું છે.

આખા'ય પુસ્તકમાં પોતાનું નામ પણ ક્યાંય ઉલ્લેખ ન કરાવાની આ પરિવારની ઉદાત્ત ભાવના અમારા હૃદયને પણ સ્પર્શી ગઈ. વિ.સ. ૨૦૫૯નું લબ્ધિ વિક્રમગુરુપ્રવચન શ્રદ્ધેય સમતાનિધિ શાસન પ્રભાવક **પ.પૂ. આ.ભ. શ્રી યશોવર્મ સૂ.મ.સા. પં. પ્ર. પદ્મયશ વિ.મ. પં. વીરયશ વિ.મ. પં. અજિતયશ વિ.મ.સા.** આદિઠાણાના ચાતુર્માસ દરમીયાન આ પુસ્તકને પણ તપાસવાનું થયું. જરૂરી શાસ્ત્રીય સુયોગ્ય માર્ગદર્શન પણ આપવાનું થયું.

આ પુસ્તક પ્રકાશનમાં અનેક ગુરુભગવંતોના, વડિલોના, પંડિતોના આશિર્વાદ તથા માર્ગદર્શનો પ્રાપ્ત થયા તથા અનેક પુસ્તકોમાંથી અનેક માહિતીઓ પ્રાપ્ત થઈ તે તમામ લેખકો, પ્રકાશકોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકમાં શબ્દ શુદ્ધિકરણ માટે
શ્રી ચંપકભાઈ પ્રાણજીવનભાઈ મેહતા (પંડિત)નો
તથા 'દિવ્ય દર્શન ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત

'જૈન જ્યોતિર્ધર ચિત્ર દર્શન' માંથી વાર્તા વિભાગમાં કલર ફોટાઓ છાપવાની પરવાનગી આપવા બદલ શ્રી મયંકભાઈ પી. શાહનો અને આચાર્ય શ્રીમદ્ વિજયકિર્તિચંદ્રસૂરીજી મ.સા. દ્વારા લીખીત 'અંતરનાં અજવાળા' પુસ્તકમાંથી અમુક વાર્તાઓ છાપવા બદલ તેઓનો પણ અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ તથા વિશેષથી આ પુસ્તકનું સમયસર તથા સુંદર મુદ્રણ કામ કરી આપવા બદલ મે. પારસ પ્રીન્ટ્સના *શ્રી નિલેશ (રાજુભાઈ) પારેખ* તથા સુંદર લેઆઉટ-ડિઝાઈનીંગ તથા ટાઈપસેટીંગ માટે મે. ક્રીએટીવ પેજ સેટર્સના *શ્રી સમીર પારેખ* અને તમામ સ્ટાફના સાથ સહકારને ક્યારેય ભૂલાશે નહિ.

પ્રાન્તે **"રત્નત્રયી ઉપાસના"** દ્વારા રત્નત્રયીની પરમ ઉપાસના કરી સકલ કર્મનો ક્ષય કરી અનંતજ્ઞાન દર્શન ચારિત્ર અને આનંદમય મુક્તિપદ આપણે સહુ પામીએ એજ એક શુભાભિલાષા.

ગુરુપાદ પદ્મરેણુ


દ.પં. અજિતયશવિજયગણિ


૧૨-૧૧-૨૦૦૪

શ્રી શત્રુંજય તીર્થ

ગિરીવર દરિશન વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે







મહાવિદેહ સ્થિત વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી

અનાનુપૂર્વ્વી ગણવાની રીત

પાંચ પદ

૧) આંક એક આવે ત્યાં 'નમો અરિહંતાણં' બોલવું.
૨) આંક બે આવે ત્યાં 'નમો સિદ્ધાણં' બોલવું.
૩) આંક ત્રાણ આવે ત્યાં 'નમો આયરિયાણં' બોલવું.
૪) આંક ચાર આવે ત્યાં 'નમો ઉવજ્ઝાયાણં' બોલવું.
૫) આંક પાંચ આવે ત્યાં 'નમો લોએ સવ્વસાહૂણં' બોલવું.

અંકની સંખ્યાવાળું તે તે પદ ઉપર પ્રમાણે બોલવું-ગાણવું
અને તેનો અર્થ હૃદયમાં વિચારવો.
દરેક પદની સાથે ૐ હ્રીં શ્રીં એ મન્ત્રાક્ષરો
બોલતા ફાવે તો વિશેષ ફળદાયક છે.

-: દુહા :-

અનાનુપૂર્વ્વી ગાણજ્યો જેય,
છમાસિ તપનું ફલ હોય;
સંદેહ નવ આણો લગાર,
નિર્મલ મને જપો નવકાર ॥૧॥
શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક,
દિન દિન પ્રત્યે ગાણવી એક;
એમ અનાનુપૂર્વ્વી જે ગાણે,
તે પાંચસે સાગરના પાપન એક નવકારે હાણે ॥૨॥
અશુભ કર્મ કે હરાણકું,
મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગ મેં,
દેખ લીયો તત્ત્વસાર.



૧) શ્રી ઋષભદેવ ભગવાન



૨) શ્રી અજીતનાથ ભગવાન



૩) શ્રી સંભવનાથ ભગવાન



૪) શ્રી અભિનંદન ભગવાન



૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

૧ 'નમો અરિહંતાણં' ૨ **'નમો સિદ્ધાણં'** ૩ 'નમો આયરિયાણં'
૪ **'નમો ઉવજ્ઝાયાણં'** ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'






૫) શ્રી સુમતિનાથ ભગવાન



૬) શ્રી પદ્મનાથ ભગવાન



૭) શ્રી સુપાર્શ્વનાથ ભગવાન



૮) શ્રી ચંદ્રપ્રભુ ભગવાન


૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪


૧	૩	૫	૨	૪
૩	૧	૫	૨	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં'
૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'



૯) શ્રી સુવિધિનાથ ભગવાન



૧૦) શ્રી શીતલનાથ ભગવાન



૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન



૧૨) શ્રી વાસુપૂજ્ય ભગવાન



૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩


૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં'
૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'





૧૩) શ્રી વિમલનાથ ભગવાન



૧૪) શ્રી અનંતનાથ ભગવાન



૧૫) શ્રી ધર્મનાથ ભગવાન



૧૬) શ્રી શાંતિનાથ ભગવાન



૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૪	૧	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

૧ 'નમો અરિહંતાણં' ૨ **'નમો સિદ્ધાણં'** ૩ 'નમો આયરિયાણં'
૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'





૧૭) શ્રી કુંથુનાથ ભગવાન



૧૮) શ્રી અરનાથ ભગવાન



૧૯) શ્રી મલ્લિનાથ ભગવાન



૨૦) શ્રી મુનિસુવ્રત ભગવાન



૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧


૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	૧
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧


૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં'
૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'






૨૧) શ્રી નમિનાથ ભગવાન



૨૨) શ્રી નેમનાથ ભગવાન



૨૩) શ્રી પાર્શ્વનાથ ભગવાન



૨૪) શ્રી મહાવીર ભગવાન

અનાનુપૂર્વ્વી ગણવાની રીત

નવ પદ

૧) આંક એક આવે ત્યાં 'નમો અરિહંતાણં' બોલવું.
૨) આંક બે આવે ત્યાં 'નમો સિદ્ધાણં' બોલવું.
૩) આંક ત્રણ આવે ત્યાં 'નમો આયરિયાણં' બોલવું.
૪) આંક ચાર આવે ત્યાં 'નમો ઉવજ્ઝાયાણં' બોલવું.
૫) આંક પાંચ આવે ત્યાં 'નમો લોએ સવ્વસાહૂણં' બોલવું.
૬) આંક છ આવે ત્યાં 'નમો દંસણસ્સ' બોલવું.
૭) આંક સાત આવે ત્યાં 'નમો નાણસ્સ' બોલવું.
૮) આંક આઠ આવે ત્યાં 'નમો ચારિત્તસ્સ' બોલવું.
૯) આંક નવ આવે ત્યાં 'નમો તવસ્સ' બોલવું.


અંકની સંખ્યાવાળું તે તે પદ ઉપર પ્રમાણે બોલવું-ગણવું અને તેનો અર્થ હૃદયમાં વિચારવો. દરેક પદની સાથે ॐ ह्रीं श्रीं એ મન્ત્રાક્ષરો બોલતા ફાવે તો વિશેષ ફળદાયક છે.

-: દુહા :-


અનાનુપૂર્વ્વી ગણજ્યો જોય,
છમાસિ તપનું ફલ હોય;
સંદેહ નવ આણો લગાર,
નિર્મલ મને જપો નવકાર ॥૧॥

શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક,
દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ અનાનુપૂર્વ્વી જે ગણે,
તે પાંચસે સાગરના પાપને હણે ॥૨॥


અશુભ કર્મ કે હરણકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગ મેં, દેખ લીયો તત્ત્વસાર.




પંચકોડસહ શ્રી પુંડરીક સ્વામી સિધ્યા



વિનયવંત શ્રી ગૌતમસ્વામીને નમઃ



ગણધારક શ્રી સુધર્મા સ્વામીને નમઃ



ગણધારક શ્રી જંબુ સ્વામીને નમઃ



૧	૯	૫	૮	૪	૩	૬	૨	૭
૬	૨	૭	૧	૯	૫	૮	૪	૩
૮	૪	૩	૬	૨	૭	૧	૯	૫
૨	૭	૬	૪	૩	૮	૯	૫	૧
૪	૩	૮	૯	૫	૧	૨	૭	૬
૯	૫	૧	૨	૭	૬	૪	૩	૮
૫	૧	૯	૩	૮	૪	૭	૬	૨
૭	૬	૨	૫	૧	૯	૩	૮	૪
૩	૮	૪	૭	૬	૨	૫	૧	૯

૨	૬	૭	૯	૧	૫	૮	૩	૪
૯	૧	૫	૪	૮	૩	૬	૭	૨
૪	૮	૩	૨	૬	૭	૧	૫	૯
૧	૫	૯	૬	૭	૨	૩	૪	૮
૮	૩	૪	૧	૫	૯	૭	૨	૬
૬	૭	૨	૮	૩	૪	૫	૯	૧
૭	૨	૬	૩	૪	૮	૯	૧	૫
૫	૯	૧	૭	૨	૬	૪	૮	૩
૩	૪	૮	૫	૯	૧	૨	૬	૭

૩	૮	૪	૫	૧	૯	૭	૬	૨
૫	૧	૯	૭	૬	૨	૩	૮	૪
૭	૬	૨	૩	૮	૪	૫	૧	૯
૪	૩	૮	૯	૫	૧	૨	૭	૬
૯	૫	૧	૨	૭	૬	૪	૩	૮
૨	૭	૬	૪	૩	૮	૯	૫	૧
૮	૪	૩	૧	૯	૫	૬	૨	૭
૧	૯	૫	૬	૨	૭	૮	૪	૩
૬	૨	૭	૮	૪	૩	૧	૯	૫

૪	૨	૯	૩	૭	૫	૮	૬	૧
૩	૭	૫	૮	૬	૧	૪	૨	૯
૮	૬	૧	૪	૨	૯	૩	૭	૫
૬	૧	૮	૨	૯	૪	૫	૩	૭
૨	૯	૪	૭	૫	૩	૧	૮	૬
૭	૫	૩	૬	૧	૮	૯	૪	૨
૫	૩	૭	૯	૪	૨	૬	૧	૮
૧	૮	૬	૫	૩	૭	૨	૯	૪
૯	૪	૨	૧	૮	૬	૭	૫	૩

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં' ૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'
૬ 'એસો પંચ નમુક્કારો' ૭ 'સવ્વ પાવપ્પણાસણો' ૮ 'મંગલાણં ચ સવ્વેસિં' ૯ 'પઢમં હવઈ મંગલં'



પ્યારા પાર્શ્વપ્રભુની અધિષ્ઠાયિકા



એકાવતારી શ્રી પદ્માવતી દેવીને પ્રણામ

ધર્મની આદિ કરનારા આદિનાથજીની અધિષ્ઠાયિકા



શ્રી ચક્રેશ્વરી દેવીને પ્રણામ

બાલબ્રહ્મચારી નેમનાથજીની અધિષ્ઠાયિકા



શ્રી અંબિકા દેવીને પ્રણામ

શાંતિદાયક શાંતિનાથજીની અધિષ્ઠાયિકા



શ્રી નિર્વાણી દેવીને પ્રણામ

૫	૧	૯	૩	૮	૪	૬	૨	૭
૩	૮	૪	૭	૬	૨	૧	૯	૫
૭	૬	૨	૫	૧	૯	૮	૪	૩
૪	૩	૮	૯	૫	૧	૨	૭	૬
૨	૭	૬	૪	૩	૮	૯	૫	૧
૯	૫	૧	૨	૭	૬	૪	૩	૮
૧	૯	૫	૮	૪	૩	૭	૬	૨
૮	૪	૩	૬	૨	૭	૫	૧	૯
૬	૨	૭	૧	૯	૫	૩	૮	૪

૬	૨	૭	૧	૯	૫	૩	૮	૪
૮	૪	૩	૬	૨	૭	૫	૧	૯
૧	૯	૫	૮	૪	૩	૭	૬	૨
૯	૫	૧	૨	૭	૬	૪	૩	૮
૨	૭	૬	૪	૩	૮	૯	૫	૧
૪	૩	૮	૯	૫	૧	૨	૭	૬
૭	૬	૨	૫	૧	૯	૮	૪	૩
૩	૮	૪	૭	૬	૨	૧	૯	૫
૫	૧	૯	૩	૮	૪	૬	૨	૭

૭	૨	૬	૩	૪	૮	૫	૯	૧
૩	૪	૮	૫	૯	૧	૭	૨	૬
૫	૯	૧	૭	૨	૬	૩	૪	૮
૧	૫	૯	૮	૩	૪	૬	૭	૨
૬	૭	૨	૧	૫	૯	૮	૩	૪
૮	૩	૪	૬	૭	૨	૧	૫	૯
૨	૬	૭	૪	૮	૩	૯	૧	૫
૪	૮	૩	૯	૧	૫	૨	૬	૭
૯	૧	૫	૨	૬	૭	૪	૮	૩

૮	૩	૪	૨	૬	૭	૫	૯	૧
૬	૭	૨	૯	૧	૫	૩	૪	૧
૫	૯	૪	૮	૩	૭	૨	૬	૮
૩	૪	૮	૧	૫	૯	૬	૭	૨
૭	૨	૬	૮	૩	૪	૧	૫	૯
૫	૯	૧	૬	૭	૨	૮	૩	૪
૯	૧	૫	૭	૨	૬	૪	૮	૩
૪	૮	૩	૫	૯	૧	૨	૬	૭
૨	૬	૭	૩	૪	૮	૯	૧	૫

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં' ૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'
૬ 'એસો પંચ નમુક્કારો' ૭ 'સવ્વ પાવપ્પણાસણો' ૮ 'મંગલાણં ચ સવ્વેસિં' ૯ 'પઢમં હવઈ મંગલં'



શાસન રક્ષક શ્રી મણિભદ્ર વીરને પ્રણામ



ઘાખાના શ્રી ભદ્રવિજયજી મ.સા.ના પગલા



૧	૯	૫	૩	૪	૮	૬	૨	૭
૮	૪	૩	૭	૨	૬	૧	૯	૫
૬	૨	૭	૫	૯	૧	૮	૪	૩
૨	૭	૬	૮	૩	૪	૯	૫	૧
૪	૩	૮	૧	૫	૯	૨	૭	૬
૯	૫	૧	૬	૭	૨	૪	૩	૮
૭	૬	૨	૯	૧	૫	૩	૮	૪
૫	૧	૯	૪	૮	૩	૭	૬	૨
૩	૮	૪	૨	૬	૭	૫	૧	૯



૯	૧	૫	૨	૬	૭	૪	૮	૩
૪	૮	૩	૯	૧	૫	૨	૬	૭
૨	૬	૭	૪	૮	૩	૯	૧	૫
૮	૩	૪	૬	૭	૨	૧	૫	૯
૬	૭	૨	૧	૫	૯	૮	૩	૪
૧	૫	૯	૮	૩	૪	૬	૭	૨
૫	૯	૧	૭	૨	૬	૩	૪	૮
૩	૪	૮	૫	૯	૧	૭	૨	૬
૭	૨	૬	૩	૪	૮	૫	૯	૧




૩	૫	૭	૯	૪	૨	૬	૮	૧
૮	૧	૬	૫	૩	૭	૨	૪	૯
૪	૯	૨	૧	૮	૬	૭	૩	૫
૨	૪	૯	૬	૧	૮	૫	૭	૩
૬	૮	૧	૭	૫	૩	૯	૨	૪
૭	૩	૫	૨	૯	૪	૧	૬	૮
૫	૭	૩	૪	૨	૯	૮	૧	૬
૧	૬	૮	૩	૭	૫	૪	૯	૨
૯	૨	૪	૮	૬	૧	૩	૫	૭




૯	૨	૪	૮	૬	૧	૩	૫	૭
૧	૬	૮	૩	૭	૫	૪	૯	૨
૫	૭	૩	૪	૨	૯	૮	૧	૬
૭	૩	૫	૨	૯	૪	૧	૬	૮
૬	૮	૧	૭	૫	૩	૯	૨	૪
૨	૪	૯	૬	૧	૮	૫	૭	૩
૪	૯	૨	૧	૮	૬	૭	૩	૫
૮	૧	૬	૫	૩	૭	૨	૪	૯
૩	૫	૭	૯	૪	૨	૬	૮	૧

૧ 'નમો અરિહંતાણં' ૨ 'નમો સિદ્ધાણં' ૩ 'નમો આયરિયાણં' ૪ 'નમો ઉવજ્ઝાયાણં' ૫ 'નમો લોએ સવ્વસાહૂણં'
૬ 'એસો પંચ નમ્મોક્કારો' ૭ 'સવ્વ પાવપ્પણાસણો' ૮ 'મંગલાણં ચ સવ્વેસિં' ૯ 'પઢમં હવઈ મંગલં'

ખ્યાલ કરો! આ ચિત્રમાં શું ચાલી રહ્યું છે?



તીર્થંકર ભગવાનનો મેરૂપર્વત ઉપર
મહામસ્તકાભિષેક


તીર્થકર ભગવાનના અષ્ટપ્રાતિહાર્ય
तीर्थंकर देवों के विहार को इ

આ પારસ મારા પોતાના

જાપ મંત્ર :

ॐ ह्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

જેના ગુણોને વર્ણવા શ્રુતસાગરો ઓછા પડે,
ગંભીરતાને માપવા સહુ સાગરો પાછા પડે,
જેની ધવલતા આગળે ક્ષીરસાગરો ઝાંખા પડે,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૧)

જેના વદનનું તેજ નિરખી સૂર્ય આકાશે ભમે,
વળી નેત્રના શુભ પીયૂષ પામી ચંદ્ર નિશાએ ઝગે,
જેની કૃપાવૃષ્ટિ થકી આ વાદળાઓ વરસતાં,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૨)

અતીત ચોવીશી તણા નવમા શ્રી દામોદર પ્રભુ,
અષાઢી શ્રાવક પૂછતા કો' માહરા તારક વિભુ,
ત્યાં ભાણતા પ્રભુ પાર્શ્વને પ્રતિમા ભરાવી પૂજતા,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૩)

સૌધર્મ કલ્પાદિ વિમાને પૂજ્યતા જેની રહી,
વળી સૂર્ય ચંદ્ર વિમાનમાં પૂજા થઈ જેની સહી,
જે નાગલોકે નાથ બનીને શાંતિ સુખને અર્પતા,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૪)

આ લોકમાં આ કાળમાં પૂજ્ય આદિકાળથી
વળી નમિવિનમિ વિદ્યાધરો જેને સેવે બહુમાનથી,
ત્યાંથી ધરણપતિ લઈ પ્રભુને નિજભવન પધરાવતા,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૫)

જરાસંધની વિદ્યા જરા જ્યાં જાદવોને ઘેરતી,
નેમિ પ્રભુ ઉપદેશથી શ્રીકૃષ્ણ અટ્ઠમને તપી,
પદ્માવતી બહુમાનથી પ્રભુ પાર્શ્વ પ્રતિમા આપતી,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૬)

જેના ન્હવણથી જાદવોની જરા દૂરે ભાગતી,
શંખધ્વનિ કરી સ્થાપતા ત્યાં પાર્શ્વની પ્રતિમા ખરી,
જેના પ્રભાવે નૃપગણોના રોગ સહુ દૂરે થતા,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૭)

જેના સ્મરણથી ભવિકના ઈચ્છિત કાર્યો સિદ્ધતાં,
જે નામથી પણ વિષધરોના વિષ અમૃત બની જતાં,
જેના પૂજનથી પાપીઓના પાપ-તાપ શમી જતાં,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૮)

જ્યાં કામધેનુ કામઘટની સુરતરું પાછા પડે,
ચિંતામણિ પારસમણિના તેજ જ્યાં ઝાંખા પડે,
મણિ મંત્ર તંત્ર ને યંત્ર જેના નામથી ફળ આપતાં,
"શંખેશ્વરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના. (૯)




(૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શંખેશ્વર, વાયા-હારીજ, તા.સમી, (ગુજ.)

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

જેના ગુણોને વર્ણવા શ્રુતસાગરો ઓછા પડે,
ગંભીરતાને માપવા સહુ સાગરો પાછા પડે,
જેની ધવલતા આગળે ક્ષીરસાગરો ઝાંખા પડે,
''શંખેશ્વરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨) શ્રી જીરાવલા પાર્શ્વનાથ

શ્રી જીરાવલા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. જીરાલા, તા. રેવદર, વાયા-આબુરોડ, જિ. સિરોહી (રાજ.)

ૐ હ્રીં શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ

જે જીર્ણ કરતાં ક્ષણમહીં મોહાદિભાવો ભવ્યના,
સહુ સૂરિવરો જશ ધ્યાનથી ઈચ્છિત કાર્યો સાધતા,
ને પ્રતિષ્ઠાદિક કાર્ય જેના નામ મંત્રથી સિદ્ધતા,
''જીરાવલા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩) શ્રી કેશરીયા પાર્શ્વનાથ

શ્રી કેશરીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ભદ્રાવતી-૪૪૨૯૦૨ (મહા.)

ૐ હ્રીં શ્રી કેશરીયા પાર્શ્વનાથાય નમઃ

જે સ્વપ્ન આપી પ્રગટતા ને સંકટો સહુ છેદતા;
વીતરાગતા મુખ પર દિસે પણ તે છતાં મન મોહતા;
ભદ્રાવતીમાં શોભતા ને ભદ્રતા વરસાવતા;
''કેશરીયા'' પ્રભુપાર્શ્વને ભાવે કરૂં હું વંદના.


(૪) શ્રી સ્થંભન પાર્શ્વનાથ

શ્રી સ્થંભન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. ખારવાડો, પો. ખંભાત, જિ. ખેડા, વાયા-આણંદ-૩૮૮૬૨૦

ૐ હ્રીં શ્રી સ્થંભન પાર્શ્વનાથાય નમઃ

અતીત ચોવીસી તણા નેમિ પ્રભુ ઉપદેશથી;
આષાઢી શ્રાવક પૂજતા નીલમ તણા પ્રભુ પાર્શ્વજી;
નાગાર્જુનને આઠમા બલદેવજી પણ પૂજતા;
''સ્તંભનજી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૫) શ્રી મનમોહન પાર્શ્વનાથ

શ્રી મનમોહન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. કંબોઈ, તા. ચાણસ્મા, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી મનમોહન પાર્શ્વનાથાય નમઃ

જે સ્નાત્રજળથી ભવિકના સહુ દુઃખ દર્દો કાપતા;
દિવ્ય પ્રભાવ પ્રકાશથી સહુ યાત્રીને હરખાવતા;
અદ્‌ભુત બિંબના દર્શને સહુ ભવ્યના મન મોહતા;
''મનમોહના'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૬) શ્રી જોટીંગડા પાર્શ્વનાથ

શ્રી જોટીંગડા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. મુજપુર, તા. સમી, જિ. મહેસાણા-૩૮૪૨૪૦

ૐ હ્રીં શ્રી જોટીંગડા પાર્શ્વનાથાય નમઃ

મુજપુર નિવાસી અંતરે મુજવાસ કરજો હે પ્રભુ,
જોટીંગનો ભય વારતા પ્રભુ પાર્શ્વ હું તુજને ભજું,
જોટો જડેના ત્રણ ભુવનમાં તેહથી જોટીંગડા,
''જોટીંગડા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૭) શ્રી શંખલા પાર્શ્વનાથ

શ્રી શંખલા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. શંખલપુર, સ્ટે. બેચરાજી, તા. ચાણસ્મા, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી શંખલા પાર્શ્વનાથાય નમઃ

જેમ શંખના નિર્ઘોષથી સહુ શત્રુગણ ભય પામતા,
તેમ શંખલા પ્રભુપાર્શ્વજી પણ આપદાને ટાળતા,
શંખલપુરમાં શોભતા ને ત્રણ ભુવન અજવાળતા
''શ્રી શંખલા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૮) શ્રી ગંભીરા પાર્શ્વનાથ

શ્રી ગંભીરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ગાંભુ, તા. ચાણસ્મા, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ

જે રજતની મુદ્રા દઈને દુઃખ દોહગ ડારતા,
ગાંભૂ નગરમાં બેસણું લઈ મોહમલ્લ વિદારતા,
ગાંભીર્યં મુખ પર ઓપતું પણ આપતા જે પ્રસન્નતા,
તે ''ગંભીરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૯) શ્રી ગાડલીયા પાર્શ્વનાથ

શ્રી ગાડલીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. માંડલ, તા. વીરમગામ-૩૮૨૧૩૦

ૐ હ્રીં શ્રી ગાડલીયા પાર્શ્વનાથાય નમઃ

માંડલ મંડન હે પ્રભુ ! મુજ આતમા અજવાળજો,
કો' ગારુડી મંત્ર ફૂંકીને મોહવિષ ઉતારજો,
જે દુર્ગતિપંથે જતું મુજ ગાડું પાછું વાળતા,
''ગાડલીયા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૧૦) શ્રી કલિકુંડ પાર્શ્વનાથ

શ્રી કલિકુંડ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રી તેજપાલ વસ્તુપાલ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ,
બાવલા-ખેરા રોડ, મુ.પો. ધોળકા, જિ. અમદાવાદ

ૐ હ્રીં શ્રી કલિકુંડ પાર્શ્વનાથાય નમઃ

દીક્ષાગ્રહી કાદંબરી વનખંડમાંહી પધારતા,
ને કુંડ સરોવરને તીરે કાઉસગ્ગ ધ્યાનને ધ્યાવતા,
હસ્તિ વડે જ્યાં કમળથી પ્રભુ પાર્શ્વની થઈ પૂજના,
"કલિકુંડ" શ્રી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૧૧) શ્રી શામળા પાર્શ્વનાથ

શ્રી શામળા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શામળાજીની પોળ, મદનગોપાલની હવેલી પાસે, અમદાવાદ

ૐ હ્રીં શ્રી શામળા પાર્શ્વનાથાય નમઃ

જે રાજનગરે રાજ કરતા, રાજ દેતાં મુક્તિનું,
શ્રી શામળા પ્રભુ પાર્શ્વજી ફળ માંગુ તારી ભક્તિનું,
મુજ આતમાની શામળી સહુ કર્મ રજ દૂર કાઢતા,
"શ્રી શામળા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૧૨) શ્રી મૂલેવા પાર્શ્વનાથ

શ્રી મૂલેવા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ૐ હ્રીં શ્રી મૂલેવા પાર્શ્વનાથાય નમઃ

જે સર્વ રિદ્ધિ સિદ્ધિના ને ઉન્નતિના મૂળ છે,
જે રાજનગરની સંપદા ને શાંતિ સુખના મૂળ છે,
જેના પ્રભાવિક દર્શને સહુ ભાવિકો નિત આવતા,
"શ્રી મૂલેવા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૧૩) શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ

શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

ૐ હ્રીં શ્રી હ્રીંકાર પાર્શ્વનાથાય નમઃ

પદ્માવતી માતાતણું હ્રીંકાર બીજ ગણાય છે,
જેમાં બિરાજ્યા પાર્શ્વપ્રભુ હ્રીંકાર નામ ગવાય છે,
જેના નામમંત્રથી સર્વ કાર્યો સિદ્ધતા ક્ષણવારમાં
''હ્રીંકાર'' પારસનાથને ભાવે કરું હું વંદના.



(૧૪) શ્રી સુખસાગર પાર્શ્વનાથ

શ્રી સુખસાગર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

અમદાવાદ

ૐ હ્રીં શ્રી સુખસાગર પાર્શ્વનાથાય નમઃ

તુમ સુખની ઊપમા જડે ના ઈન્દ્રના આવાસમાં,
તુમ સુખ એક પ્રદેશનું નવિ માયે લોકાકાશમાં,
સુખીયા કરો આ દાસને વિનવી રહ્યા તુજ આશમાં,
''સુખસાગરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૧૫) શ્રી મુહરિ પાર્શ્વનાથ

શ્રી મુહરિ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ટીંટોઈ, જિ. સાબરકાંઠા

ૐ હ્રીં શ્રી મુહરિ પાર્શ્વનાથાય નમઃ

હે જગતના જગદીશ જગચિંતામણિમાં તાહરી,
સ્તવના કરી ગૌતમ પ્રભુએ અરજ સુણજો માહરી,
દુઃખદુરિતનું ખંડન કરીને મોક્ષ દેજો મોહ હરી.
''શ્રી મુહરી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૧૬) શ્રી પોશીના પાર્શ્વનાથ

શ્રી પોશીના પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. નાના(સાબલી), પોશીના, તા. ઈડર, જિ. સાબરકાંઠા

ૐ હ્રીં શ્રી પોશીના પાર્શ્વનાથાય નમઃ

જે ધ્વજ તણા સંકેતથી યાત્રીના વાવડ આપતા,
જે પ્રગટતા ખેતર ખેડંતા તેજપુંજથી ઓપતા,
સહુ દુર્ગુણોને શોષી લઈને સદ્‌ગુણોને પોષતા,
''શ્રી પોશીના'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૧૭) શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ

શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. મોટા પોશીના, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા

ૐ હ્રીં શ્રી વિઘ્નાપહાર પાર્શ્વનાથાય નમઃ

જે સ્થાપના સમયે અગનનું વિઘન સહુ વિદારતા,
વિઘ્નાપહાર નામે પ્રભુજી જગતમાંહી ગાજતા,
મોટા પોશીના તીર્થમાં રાજ બનીને રાજતા,
''વિઘ્નાપહારી'' (પ્રભુ) પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૧૮) શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ

શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

બુદ્ધિસાગર સૂ. જૈન સમાધિ મંદિર, મુ.પો. વીજાપુર, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથાય નમઃ

સહુ કર્મગંજી કાજ જે અગ્નિ સ્ફુલિંગ સમ ઝલકતા,
ઉવસગ્ગહરં ને નમિઉણથી જે પ્રભુસૂચિત થતા,
વીજાપુરમાં વિરાજતા વીતરાગી પારસ માહરા,
તે ''સ્ફુલિંગ'' પ્રભુપાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૧૯) શ્રી નાગફણા પાર્શ્વનાથ

શ્રી નાગફણા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. વિહાર, તા. વીજાપુર, જિ. મહેસાણા (ઉ.ગુ.)

ૐ હ્રીં શ્રી નાગફણા પાર્શ્વનાથાય નમઃ

કાષ્ઠમાં જલતો ફણિધર તેં ઉગાર્યો પ્રેમથી,
ક્રોધે બળું મુજને નિહાળો ઓ પ્રભુજી રહેમથી,
ઉપસર્ગ કમઠે આદર્યો ત્યાં ફણા ફણિપતિએ ધરી,
શ્રી "નાગફણા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૦) શ્રી કલ્યાણ પાર્શ્વનાથ

શ્રી કલ્યાણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. કડી દરવાજા, મુ.પો. વીસનગર, મહેસાણા

ૐ હ્રીં શ્રી કલ્યાણ પાર્શ્વનાથાય નમઃ

જે કૂપમાંથી પ્રગટતા ભવકૂપથી ઉગારવા,
ને વીસનગરમાં વિરાજતા મોહવિષને ઉતારવા,
કલ્યાણ કરતાં સૌ જીવોનું ત્રણ ભવોથી જે પ્રભુ,
"કલ્યાણ" પારસનાથને ભાવે કરું હું વંદના.




(૨૧) શ્રી મનોરંજન પાર્શ્વનાથ

શ્રી મનોરંજન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુ.)-૩૮૪૦૦૧

ૐ હ્રીં શ્રી મનોરંજન પાર્શ્વનાથાય નમઃ

ભવદુઃખખંડન નાથ નિરંજન મનોરંજન હે પ્રભુ !
હે વામાનંદન ત્રિજગવંદન શીતલચંદન હે વિભુ !
મહેશાજી રાજા આપનું પૂજન કરી મનરંજતા,
"શ્રી મનોરંજન" (પ્રભુ) પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૨) શ્રી સુલતાન પાર્શ્વનાથ

શ્રી સુલતાન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. સિદ્ધપુર, જિ. મહેસાણા-૩૮૪૧૫૧

ૐ હ્રીં શ્રી સુલતાન પાર્શ્વનાથાય નમઃ

બાદશાહોના બાદશાહ છે તેથી જ તે સુલતાન છે,
સહુ ભાન ભૂલી સમયનું તુજ ભક્તિમાં ગુલતાન છે,
છે સિદ્ધપુર મંડન પ્રભુ જે સિદ્ધિ દેતા ભવ્યને,
''સુલતાન'' પારસનાથને ભાવે કરું હું વંદના.



(૨૩) શ્રી ડોસલા પાર્શ્વનાથ

શ્રી ડોસલા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. પો. ઘોતા સકલાણા, જિ. બનાસકાંઠા (ગુજ.)

ૐ હ્રીં શ્રી ડોસલા પાર્શ્વનાથાય નમઃ

તુજ નામ એકસો આઠ છે પણ નાથ તું તો એક છે,
તુજ ભક્તિથી મુજ મુક્તિ થાયે નેક એ મુજ ટેક છે,
મુજ ગાડું મોક્ષે વાળજો, ઘરડા જ ગાડાં વાળતા,
''શ્રી ડોસલા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૪) શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ

શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. પાલનપુર (ઉત્તર ગુજરાત)

ૐ હ્રીં શ્રી પલ્લવીયા પાર્શ્વનાથાય નમઃ

અતિ પાપી પ્રહલાદન નૃપે તુજ પાલવ પકડ્યો પ્રેમથી,
પલ્લવિત થયો તસ કોઢ ગળતો દેહ પ્રભુ તુજ રહેમથી,
પલ્લવિત કરો મુજ ધર્મવેલી તુજ કૃપા જલ રેલથી,
''શ્રી પલ્લવીયા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૫) શ્રી ભીલડીયા પાર્શ્વનાથ

શ્રી ભીલડીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. ભીલડી, તા. ડીસા-૩૮૫૫૩૦

ૐ હ્રીં શ્રી ભીલડીયા પાર્શ્વનાથાય નમઃ

નાની મજાની નાથ તારી અજબ સુંદર મૂરતી,
પણ પ્રભાવે પરિપૂર્ણ પારસ આજ સુણી તુજ કીરતી,
સહુ કર્મ ભીલ્લથી રક્ષજો શ્રદ્ધા તણી કરું આરતિ,
''શ્રી ભીલડીયા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૬) શ્રી પંચાસરા પાર્શ્વનાથ

શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રી હેમચંદ્રાચાર્ય રોડ, પીપળાની શેરી, મુ.પો. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ

જે પાંચ આશ્રવ વારતા પંચાસરા પ્રભુપાસજી,
વનરાજ ભૂપે થાપીઆ બહુમાનથી ધરી આશજી,
પ્રેમે કરી ભક્તિ પ્રભુ તુજ, માંગુ મુક્તિ વાસજી,
''પંચાસરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૭) શ્રી કોકા પાર્શ્વનાથ

શ્રી કોકા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કોકાનો પાડો, મુ.પો. પાટણ, જિ. મહેસાણા-

ૐ હ્રીં શ્રી કોકા પાર્શ્વનાથાય નમઃ

પ્રભાતમાં ઘડી ચાર જે પુજાય બની શંખેશ્વરા,
ને-કો'ક દિ' તો રહેમ કરીને તારજો અલવેસરા,
તુજ હૃદયના કો'ક અંશમાં મુજને વસાવો ઈસરા,
''શ્રી કોકા'' પારસનાથને ભાવ કરું હું વંદના.




(૨૮) શ્રી કંકણ પાર્શ્વનાથ

શ્રી કંકાણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ઢંઢેરવાડા મહોલ્લા,મુ.પો. પાટણ, જિ. મહેસાણા.

ૐ હ્રીં શ્રી કંકણ પાર્શ્વનાથાય નમઃ

હાથ કંકણને પ્રભુ શું ? આરસી ધરવી પડે ?
એમ નાથ કંકણ તાહરી ઓળખાણ શું કરવી પડે ?
વીંછી નહી કરડે કદા તને પુષ્પ માલે પૂજતા,
'શ્રી કંકણા (વીંછીયા)' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૨૯) શ્રી ઘીયા પાર્શ્વનાથ

શ્રી ઘીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ઘીયાનો પાડો, મુ.પો. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ઘીયા પાર્શ્વનાથાય નમઃ

અણહીલ પત્તને શોભતા કંબોઈયા પ્રભુપાસજી,
ધૃતવણિજના દુઃખ દુરિત દર્દો આપે કીધા નાશજી,
સંસાર દુઃખે દુઃખીયો છું આપને કહું ખાસજી,
"શ્રી ઘીયા" પારસનાથને ભાવ કરું હું વંદના.



(૩૦) શ્રી ધરણેંદ્ર પાર્શ્વનાથ

શ્રી ધરણેંદ્ર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ધમાસાની નેળ, અરવલ્લી પહાડી.

ૐ હ્રીં શ્રી ધરણેંદ્ર પાર્શ્વનાથાય નમઃ

મેવાડના રાણા પ્રતાપે આપની પૂજા કરી,
માભોમ કાજે સહાય દઈ તેં કામના પૂરી કરી,
ધરણેન્દ્રએ ભક્તિ કરી બહુમાન હૃદયમાં ભરી,
"ધરણેન્દ્ર" પારસનાથને ભાવ કરું હું વંદના.



(૩૧) શ્રી પદ્માવતી પાર્શ્વનાથ

શ્રી પદ્માવતી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

નરોડા બજાર, મુ.પો. નરોડા, જિ. અમદાવાદ

ૐ હ્રીં શ્રી પદ્માવતી પાર્શ્વનાથાય નમઃ

પદ્માવતી બહુમાનથી હરદમ હૃદયમાં દ્યાવતી,
સંકટ હરે તુજ ભકતના ભક્તિ કરે એક ધ્યાનથી,
જે નરોડા નગરી નિવાસી લોક શ્રદ્ધા પામતા,
''પદ્માવતી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૨) શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથ

શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

જિનાલય પેઢી, જોગીવાડો, મુ.પો. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથાય નમઃ

ધીંગોધણી ગુજરાતનો જે જોગીવાડે જાગતો,
ધીંગાણે જીતી મોહને વળી મલ્લ જિમ જે ગાજતો,
મુજ હૃદયના સિંહાસને તું નાથ બનીને રાજતો,
''ધીંગડમલ્લ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૩) શ્રી વાડી પાર્શ્વનાથ

શ્રી વાડી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ઝવેરી વાડી, મુ.પો. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી વાડી પાર્શ્વનાથાય નમઃ

વાડીપુરેથી આવીયા ને પાટણે બિરાજીયા,
મુજ હૃદયકમળે આવશો તો, કર્મ શત્રુ નાશીયા,
વરસાવો કરુણાધાર અમ પર, ભવદાવાનલે દાઝીયા,
શ્રી ''વાડી'' પારસનાથને ભાવે કરું હું વંદના.



(૩૪) શ્રી દૂધાધારી પાર્શ્વનાથ

શ્રી દૂધાધારી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મંગળદાસભાઈનું ગૃહ મંદિર, બજારમાં, મુ.પો. નવા ડીસા

ૐ હ્રીં શ્રી દૂધાધારી પાર્શ્વનાથાય નમઃ

વર્ષા કરી દૂધધારની વરસાવો કરુણાધારને,
આ વિશ્વના શુભ સૌખ્યનો તું હી જ એક આધાર છે,
વિશ્વાસ તારા પાર્શ્વજી કીધો છે તે તું નિભાવજે
''દૂધાધારી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૫) શ્રી ટાંકલા પાર્શ્વનાથ

શ્રી ટાંકલા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ડંખ મહેતાનો પાડો, મુ. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ટાંકલા પાર્શ્વનાથાય નમઃ

હે ટાંકલા પ્રભુપાસજી મુજ જીવનના શિલ્પી બનો,
પાષાણ હું, લઈ ટાંકણું ને ઘાટ આતમનો ઘડો,
જલપૂર્ણ ટાંકીથી પ્રગટીયા તેહથી તુમે ટાંકલા,
''શ્રી ટાંકલા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૬) શ્રી ભીડભંજન પાર્શ્વનાથ

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પટેલ વાડો, મુ.પો. ખેડા, (ગુજ.)

ૐ હ્રીં શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ

દુર્ગુણોની ભીડ વચ્ચે હું ભીંસાયો ભવમહીં,
હે ભીડભંજન ! ભાંગજો ભીડ ભક્ત છું તારો સહી,
વટવૃક્ષ નીચેથી પ્રગટતા ખેડા તીર્થે રાજતા,
''ભીડભંજન'' પારસનાથને ભાવે કરું હું વંદના.



(૩૭) શ્રી વણછરા પાર્શ્વનાથ

શ્રી વાગ્છરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સ્ટે. મોભા રોડ, તા. ડભોઈ

ૐ હ્રીં શ્રી વણછરા પાર્શ્વનાથાય નમઃ

જ્યાં જ્યોત કેશરની થતી ને ઉછળતી ઢાઢર નદી,
તુજ ભક્તિથી સહુ શાંતિ પામે શોક ના રહેતો કદી,
સમકીત કેશર જ્યોત મુજ મન, દીવડે પ્રગટાવજો,
''શ્રી વણછરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૮) શ્રી કંસારી પાર્શ્વનાથ

શ્રી કંસારી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ખારવાડો, મુ.પો. ખંભાત, જિ. ખેડા-૩૮૮૬૨૦

ૐ હ્રીં શ્રી કંસારી પાર્શ્વનાથાય નમઃ

કંસારી નગરના કંથ હે ભગવંત મુજ મન આવજો,
મુજ કર્મ કંસ હણી પ્રભુ કંસારી બિરુદ નિભાવજો,
સ્તંભન તીર્થો બિરાજીને થંભાવતા ભવિ ચિત્તડા
''કંસારી'' શ્રી પ્રભુપાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૩૯) શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ

શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સંઘવીની પોળ, મુ.પો. ખંભાત, જિ. ખેડા

ૐ હ્રીં શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

ભૌતિક સુખને અર્પતું તે દિવ્ય ચિંતામણિ કહું,
પણ મુક્તિ સુખને આપતા તે સોમ ચિંતામણિ હું,
સંઘવીની પોળે બિરાજતા પદ્માવતી આરાધતા,
''સોમ ચિંતામણિ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૪૦) શ્રી સાંવરા પાર્શ્વનાથ

શ્રી સાંવરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

બોરસદ

ૐ હ્રીં શ્રી સાંવરા પાર્શ્વનાથાય નમઃ

હે નાથ ! ચાંપાનેરથી પધારિયા ગાડા મહીં,
ને બોરસદે ગાડું થંભાવી વાસ કીધો ત્યાં સહી,
મુજ સાંવરા છો કેમ કરી પ્રભુ જાવ છો મુજને ભૂલી,
''શ્રી સાંવરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૪૧) શ્રી વારાણસી પાર્શ્વનાથ

શ્રી વારાણસી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રી જૈન શ્વે. તીર્થ સો.,બી-૨૦/૪૬, ભેલુપુર, વારાણસી (ઉ.પ્ર.)

ૐ હ્રીં શ્રી વારાણસી પાર્શ્વનાથાય નમઃ

વારાણસીએ વારવા ત્રણ જગતના ભવદુઃખને,
પ્રાણત કલ્પથી આવતા પ્રભુપાસજી વામા ઘરે,
વારાણસીએ જન્મ દીક્ષા નાણ પણ પ્રભુ પામતા,
''વારાણસી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૪૨) શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ

શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રીમાળી વગા, મુ.પો. ડભોઈ, જિ. વડો.-૩૯૧૧૧૦

ૐ હ્રીં પ્રગટપ્રભાવી પાર્શ્વનાથાય નમઃ

પ્રગટપ્રભાવી નામ તારું નાથ સાચું હોય જો,
કલિકાલમાં મુજને પ્રભુજી મુક્તિ સુખ દેખાડ તો,
તુજ નામ સત્ય ઠરે જ છે મુજ આતમા આનંદતા,
''પ્રગટપ્રભાવી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૪૩) શ્રી લોઢણ પાર્શ્વનાથ

શ્રી લોઢણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. ડભોઈ, જિ. વડોદરા-૩૯૧૧૧૦

ૐ હ્રીં શ્રી લોઢણ પાર્શ્વનાથાય નમઃ

કાચા સૂતરના તાંતણે જે કૂપમાંથી પ્રગટતા,
વેળુતણા પ્રભુજી છતાં લોઢાસમા જે બની જતા,
પદ્માસનાર્ધે શોભતા દર્ભાવતીમાં રાજતા,
''શ્રી લોઢણ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૪૪) શ્રી અમીઝરા પાર્શ્વનાથ

શ્રી અમીઝરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ગંધાર, તા. વાગરા, જિ. ભરૂચ

ૐ હ્રીં શ્રી અમીઝરા પાર્શ્વનાથાય નમઃ

ગંધાર નગરે બિરાજતા હે ગંધહસ્તિ સમા વિભુ,
અમૃત ઝરે તુજ નયણથી ને વયણથી પારસપ્રભુ,
તુજ દર્શનથી સહુ ભવિકના સંતાપતાપ શમી જતા,
''અમીઝરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૪૫) શ્રી કલ્હારા પાર્શ્વનાથ

શ્રી કલ્હારા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રીમાળી પોળ, ભરૂચ

ૐ હ્રીં શ્રી કલ્હારા પાર્શ્વનાથાય નમઃ

કલ્હારા પારસ મોહભંજી કાલહારા બની જજો,
નિરંજનોના નગરમાં એકવાર મુજને લઈ જજો,
જૈનાબાદને ભૃગુકચ્છ તારા તીર્થ જગમાં જાણીતા,
''કલ્હારા'' પારસનાથને ભાવે કરું હું વંદના.

(૪૬) શ્રી ચંપા પાર્શ્વનાથ

શ્રી ચંપા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સાલરી વાડો, નારાયણજીનો પાડો, ગોલવાડ, મુ. પાટણ

ૐ હ્રીં શ્રી ચંપા પાર્શ્વનાથાય નમઃ

જેમ પુષ્પમાં ચંપાતણા ફૂલ શ્રેષ્ઠનાથ ગણાય છે,
તેમ સૃષ્ટિમાં સહુ દેવમાં તું, દેવાધિદેવ મનાય છે,
તું દિવ્ય છે, તું ભવ્ય છે, શ્રદ્ધેયને તું ધ્યેય છે,
"શ્રી ચંપા" પારસનાથને ભાવે કરું હું વંદના.





(૪૭) શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ

શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

હાથીવાળુ દેહરૂ, ગોપીપુરા, મુ.પો. સુરત

ૐ હ્રીં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથાય નમઃ

નમિઉણ મંત્રની સિદ્ધિદાતા સૂરજમંડન છો તમે,
ને સુરત નગરે રિદ્ધિદાતા દુઃખવિહંડણ છો તમે,
સુરનર મુનિવર ભક્તિથી જ્યાં વામાનંદનને નમે,
તે "સૂરજમંડન" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૪૮) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ગોપીપુરા, મુ.પો. સુરત

ૐ હ્રીં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથાય નમઃ

૬માસ સુધી તુજ દર્શ સ્વામી કો'ક પુણ્યાધિક કરે,
હે નાથ તુજને ધ્યાવતા સહુ કાજ ભક્તોના સરે,
કેશરીયા અમીવૃષ્ટિ વરસે, માનું દયારસના ઝરા,
"શ્રી સહસ્રફણા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૪૯) શ્રી નવસારી પાર્શ્વનાથ

શ્રી નવસારી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મધુમતી, નવસારી-૩૯૬૪૪૫, જિ. વલસાડ

ૐ હ્રીં શ્રી નવસારી પાર્શ્વનાથાય નમઃ

જે સ્વપ્નસૂચિત જમીનમાંથી દેવપૂજિત પ્રગટતા,
જેના દર્શનથી સહુ ભક્તજનના ધર્મ નવનવા સિદ્ધતા,
ચોવીશ જિનવર સહિત જે નવસારી નગરે રાજતા,
''નવસારી'' શ્રી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૫૦) શ્રી દોકડીયા પાર્શ્વનાથ

શ્રી દોકડીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

દેરાસરની ખડકી, મુ. પ્રભાસ પાટણ, જિ. જૂનાગઢ

ૐ હ્રીં શ્રી દોકડીયા પાર્શ્વનાથાય નમઃ

હે દોકડા દેનાર દોકડીયા શ્રી પારસનાથજી,
મુજ દુઃખડા હરનાર દોકડીયા બનોને નાથજી,
પ્રભાસ પાટણ નવગભારે બેસતા ભવતારણા,
''(શ્રી) દોકડીયા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૫૧) શ્રી ચોરવાડી પાર્શ્વનાથ

શ્રી ચોરવાડી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

આથમણો દરવાજો, મુ. ચોરવાડ, તા. વેરાવળ, જિ. જૂનાગઢ

ૐ હ્રીં શ્રી ચોરવાડી પાર્શ્વનાથાય નમઃ

જે હાસ્ય મોહ નિવારતા પણ હાસ્ય મુખ પર ધારતા,
જે ચોરવાડે બેસતા પણ મોહ ચોર નિવારતા,
હે ચોરવાડી હસમુખા તુજ આણ સહુ અવધારતા,
''શ્રી ચોરવાડી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૫૨) શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કંપાણી ફળીયા, મુ.પો. માંગરોળ, જિ. જૂનાગઢ

ૐ હ્રીં શ્રી નવપલ્લવ પાર્શ્વનાથાય નમઃ

નવપલ્લવિત નિજ અંગુલી કરનાર પ્રભુ ! નયને ધરો,
મુજ ભાવના મૂર્છિત બની નવપલ્લવિત તેને કરો,
માંગરોળ નગરે ઈશ હે જગદીશ તું જગ જાણીતો,
''નવપલ્લવિત'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૫૩) શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ

શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. જામભાણવડ, જિ. જામનગર

ૐ હ્રીં શ્રી અમૃતઝરા પાર્શ્વનાથાય નમઃ

અમૃત ઝરે તુજ મુખથી મુજ આતમા ભીંજવજે,
ને અમરપદ આપી પ્રભુ તું દેવાધિદેવ કહાવજે,
જે સ્વપ્ન આપી ભવિકના શ્રદ્ધા કમલ વિકસાવતા
''અમૃતઝરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૫૪) શ્રી બરેજા પાર્શ્વનાથ

શ્રી બરેજા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. બરેજા, જિ. જૂનાગઢ

ૐ હ્રીં શ્રી બરેજા પાર્શ્વનાથાય નમઃ

આલમ આખી નાથ તુજને દેવ સાચો માનતી,
છો શામળા પણ નાથ તારી ધવલ કીર્તિ જામતી,
જે બરેજે બળવંત બેઠો, મોહબળને તોડવા,
''શ્રી બરેજા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.






(૫૫) શ્રી સપ્તફણા પાર્શ્વનાથ

શ્રી સપ્તફણા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. ભણસાલ, જિ. જામનગર (સૌરાષ્ટ્ર)

ૐ હ્રીં શ્રી સપ્તફણા પાર્શ્વનાથાય નમઃ

હે સપ્તફણા પ્રભુપાર્શ્વજી મુજ સાત ભય નિવારજો,
ભણસાલથી મુજ મોહને હે નાથ પાઠ ભણાવજો,
તુજ દર્શનની ઈચ્છા ધરે તે દેવ બની પણ આવતા,
"શ્રી સપ્તફણા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૫૬) શ્રી ભાભા પાર્શ્વનાથ

શ્રી ભાભા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ચોકમાં, ચોરીવાળુ દેરાસર, મુ. જામનગર

ૐ હ્રીં શ્રી ભાભા પાર્શ્વનાથાય નમઃ

સુગઠિત તમારી દેહયષ્ટિ કર્મકષ્ટિ કાપતા,
તુજ ભામણા લેતી સમષ્ટિ પાર્શ્વ ભાભા ઓપતા,
જે જામનગરે જાગતા જીવમૈત્રીને રેલાવતા,
"શ્રી ભાભા" પારસનાથને ભાવે કરું હું વંદના.



(૫૭) શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ

શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ભદ્રેશ્વર, તા. મુંદ્રા, જિ. કચ્છ (ગુજ.)

ૐ હ્રીં શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથાય નમઃ

તારી પ્રતિષ્ઠા નાથ કરતા કપિલ કેવલી આવીને,
ને નાગરાજને દેવગણ આવી નમે જગનાભિને,
છો કચ્છના શણગારને અણગારના નાયક તમે,
શ્રી "ભદ્રેશ્વર" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૫૮) શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. સુથરી, તા. અબડાસા, જિ. કચ્છ

ૐ હ્રીં શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

ઘૃતપૂરિત ભાજનને વિષે ભગવાન જે કલ્લોલતા,
ને લાજ રાખી સંઘની દુષ્કાળને ડોલાવતા,
જે કચ્છ સુથરીમાં બિરાજે લાડકા લલચામણા,
''ઘૃતકલ્લોલ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૫૯) શ્રી ભયભંજન પાર્શ્વનાથ

શ્રી ભયભંજન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ભીનમાલ, જિ. જાલોર (રાજ.)

ૐ હ્રીં શ્રી ભયભંજન પાર્શ્વનાથાય નમઃ

પરચો બતાવ્યો નાથ ગઝનીખાન માન ઉતારવા,
ભીનમાલનો ભગવાન છે, શ્રી સંઘના ભય ભાંગવા,
મુજ મોહ ભયને ભાંગજે ભગવાન તુજને ધ્યાવવા,
''શ્રી ભયભંજન'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૬૦) શ્રી લોદ્રવા પાર્શ્વનાથ


શ્રી લોદ્રવા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. લોદ્રવપુર, જિ. જેસલમેર (રાજ.)

ૐ હ્રીં શ્રી લોદ્રવા પાર્શ્વનાથાય નમઃ

આ દેશની સીમે બિરાજે દેશ આખો રક્ષવા,
તુજ મસ્તકે અદ્‌ભુત ફણાને નામ તારું લોદ્રવા,
જ્યાં આવતા અહર્નિશ અહિપતિ ભક્તિથી પ્રભુ ભેટવા
શ્રી ''લોદ્રવા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૬૧) શ્રી સંકટહરણ પાર્શ્વનાથ

શ્રી સંકટહરણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કોઠારી પાડો, મુ.પો. જેસલમેર (રાજ.)

ૐ હ્રીં શ્રી સંકટહરણ પાર્શ્વનાથાય નમઃ

સંકટહરી સહુ ભક્તના જે વાંછિતોને આપતો,
જે હૃદયમાં સ્થાપે તને, તેને મુક્તિપદમાં સ્થાપતો,
મુજ મોહ ચોરને જેર કરતો નાથ જેસલમેરનો,
''સંકટહરણ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૨) શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ

શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શ્રી સુવર્ણગિરિ શ્વે. જૈન તીર્થ પેઢી, મુ.પો. જાલોર (રાજ.)

ૐ હ્રીં શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથાય નમઃ

મુજ મનમંદિરમાં જે પ્રભુજી કુંકુમ પગલે પધારતા,
મુજ હૃદયમાં જે પ્રભુજી મરાલ બનીને રાજતા,
મુજ આતમાના હર પ્રદેશે જે પ્રભુજી બિરાજતા,
''કુંકુમરોલ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૩) શ્રી આશાપુરણ પાર્શ્વનાથ

શ્રી આશાપુરણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. નૂન, જિ. સિરોહી, વાયા-કાલંદ્રી (રાજ.)

ૐ હ્રીં શ્રી આશાપુરણ પાર્શ્વનાથાય નમઃ

આશારહિત અવધૂત સમો તું તે છતાં આશા પૂરે,
ઉપસર્ગને સહનાર તું પણ તે છતાં સંકટ ચૂરે,
છે નૂન નગરે જગતજનની તુજમાં નહિ ન્યૂનતા,
''આશાપૂરણ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૪) શ્રી સિરોડીયા પાર્શ્વનાથ

શ્રી સિરોડીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. સિરોડી (મોટી), વાયા-અનાદરા, તા. રેવદર, જિ. શિરોહી

ૐ હ્રીં શ્રી સિરોડીયા પાર્શ્વનાથાય નમઃ

જગમોહ વિષ ઉતારવા સિરોડીમાં તું ગારુડી,
તુજ મૂર્તિ મોહનગારી જાણે, ખીલી અમૃતવેલડી,
પ્રભુ તુંહી તુંહી ધૂન જાગે એક એ મુજ કામના,
શ્રી "સિરોડીયા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૫) શ્રી હમીરપુરા પાર્શ્વનાથ

શ્રી હમીરપુરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. હમીરપુર, પો. કૃષ્ણકુંજ, જિ. સિરોહી (રાજ.)

ૐ હ્રીં શ્રી હમીરપુરા પાર્શ્વનાથાય નમઃ

બળતો ઉગાર્યો નાગને તેમાં શું માર્યો મીર તેં,
મુજ મોહપીરને મારશો તો માનું તારા હીરને,
મીરપુર નિવાસી હે પ્રભુ તું વીરને વડવીર છે,
"હમીરપુરા" પ્રભુપાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૬) શ્રી પોસલી પાર્શ્વનાથ

શ્રી પોસલી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. પોસલીયા, સ્ટે. એરનપુરા, જિ. શિરોહી (રાજ.)

ૐ હ્રીં શ્રી પોસલી પાર્શ્વનાથાય નમઃ

પોસાલીયા તીર્થાધિપતિને પેખતા નયણા ઠરે,
તુજ શ્યામલી મૂરત પ્રભુ મુજ કર્મરજ શ્યામલ હરે,
મુજ વાસના શોષી લઈને ભાવનાને પોષતા,
"પોસાલીયા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




(૬૭) શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ

શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. કાછોલી, તા. પિંડવાડા, શિરોહી (રાજ.)

ૐ હ્રીં શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથાય નમઃ

જ્યાં કચ્છના રાવે વસાવ્યું ધામ કાછોલી તણું,
ત્યાં થાપીયા પ્રભુપાર્શ્વને તુજ નામ કાછોલી ગણું,
કાછોલી પારસ કર્મ છોલી છેડલો ભવનો કરો,
"શ્રી કાછોલી" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૬૮) શ્રી દાદા પાર્શ્વનાથ

શ્રી દાદા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સ્ટે. મોરી બેડા, તા. શિવગંજ, જિ. શિરોહી (રાજ.)

ૐ હ્રીં શ્રી દાદા પાર્શ્વનાથાય નમઃ

બેડા બિરાજી થઈ સુકાની બેડો પાર લગાવતા,
દિવ્ય પ્રભાવ થકી સુગંધી હસ્તમાં ફેલાવતા,
અમૃત કચોલા નયનમાં દાદાજી જાણે લાગતા,
"શ્રી દાદા" પારસનાથને ભાવે કરું હું વંદના.



(૬૯) શ્રી સેસલી પાર્શ્વનાથ

શ્રી સેસલી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. સેસલી, સ્ટે. ફાલના, તા. બાલી, જિ. પાલી (રાજ.)

ૐ હ્રીં શ્રી સેસલી પાર્શ્વનાથાય નમઃ

મીઠડી નદીનાં તીર પર બેઠા પ્રભુજી મીઠડાં,
ને નામ તારું સેસલી કરે નામશેષ દૂરિતડાં,
મુજ શેષ કર્મોને હણો, તો માનું તારી વિશેષતા,
"શ્રી સેસલી" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૭૦) શ્રી રાણકપુરા પાર્શ્વનાથ


શ્રી રાણકપુરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. રાણકપુર, જિ. પાલી, સ્ટે. ફાલના

ૐ હ્રીં શ્રી રાણકપુરા પાર્શ્વનાથાય નમઃ

રાણકપુરાનું ધામ ધરણાશાહ જ્યાં વિકસાવતા,
પ્રભુ પાર્શ્વનું મંદિર તિહાં સહુ સ્થપતિઓ મળી સ્થાપતા,
છે તીર્થ પ્રભુ આદિ તણું, જ્યાં પાર્શ્વ પ્રભુ પણ જાગતા,
''રાણકપુરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૭૧) શ્રી સોગઠીયા પાર્શ્વનાથ

શ્રી સોગઠીયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ઘંઘાવાડીની બાજુમાં, મુ.પો. નાડભાઈ, તા. દેસુરી (રાજ.)

ૐ હ્રીં શ્રી સોગઠીયા પાર્શ્વનાથાય નમઃ

ચોપાટ ચાર ગતિ તણી ખેલુ પ્રભુ સંસારમાં,
મુજ સોગઠી જીતાડજો પહોંચાડજો તુજ દ્વારમાં,
જેખલગિરિના મૂળમાં જે જમીનમાંથી પ્રગટતા,
''સોગઠીયા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૭૨) શ્રી વરકાણા પાર્શ્વનાથ

શ્રી વરકાણા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. નાડલોઈ, તા. દેસુરી (રાજ.)

ૐ હ્રીં શ્રી વરકાણા પાર્શ્વનાથાય નમઃ

વરકાણા નગરે શોભતા વરગંધહસ્તિ સમા પ્રભુ,
વિનવી રહ્યા આ ભક્ત તારા, કાં નવિ રિઝતા વિભુ?
જગમાતને જગતાત તું જગનાથ એ તુજ નામના,
''વરકાણા'' શ્રી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૭૩) શ્રી નવલખા પાર્શ્વનાથ

શ્રી નવલખા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

નવલચંદ સુવ્રતચંદ જૈન પેઢી, ગુજરાતી કટલા, મુ. પાલી

ૐ હ્રીં શ્રી નવલખા પાર્શ્વનાથાય નમઃ

પાલી નગરનાં પાલનારા બાલને આ પાલજો,
પાલનહારા બિરુદ તારું, તોજ સાચું જાણજો,
નવઅંગમાં નવયંત્ર લેખો, તેહથી તું નવલખા
"શ્રી નવલખા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૭૪) શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ

શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. કાપરડા, વાયા-ભાવિ, જિ. જોધપુર

ૐ હ્રીં શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથાય નમઃ

બાવળીયાના વૃક્ષ નીચેથી સ્વયંભૂ પ્રગટતા,
કાપરડા તીર્થે બિરાજી કર્મ કંટક કાપતા,
જેના દર્શનથી પ્રગટે સ્વયંભૂ બોધિ બીજની સ્પર્શના,
"શ્રી સ્વયંભૂ" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૭૫) શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથ

શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. મેડતા રોડ, જિ. નાગોર-૩૪૧૫૧૧ (રાજ.)

ૐ હ્રીં શ્રી ફલવર્ધિ પાર્શ્વનાથાય નમઃ

અમ્લાન પુષ્પ સંકેતથી જે પાર્શ્વપ્રભુજી પ્રગટતા,
પારસ શ્રેષ્ઠીનો સાથિયો જે સ્વર્ણમય બનાવતા,
તેથી તમે ફલવર્ધિ છો મુજ ભક્તિ ફલ વધારજો,
"ફલવર્ધિ" શ્રી પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૭૬) શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ


શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પાર્શ્વનાથની વાડી, મુ.પો. મેડતાસીટી, જિ. નાગોર (રાજ.)

ૐ હ્રીં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

શ્રી વિજય ચિંતામણિ તમે સર્વત્ર વિજય અપાવતા,
મેડતા નગર નિવાસી મુજ જડતા સદા ઉચ્છેદતા,
ચિંતા ચૂરો ચિંતામણિ ચહુ ચેતના ચેતાવજો,
"વિજય ચિંતામણિ" પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૭૭) શ્રી મંડોવરા પાર્શ્વનાથ

શ્રી મંડોવરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. મુંડાવા, તા. સોજત, જિ. પાલી, વાયા ચંડાવલ (રાજ.)

ૐ હ્રીં શ્રી મંડોવરા પાર્શ્વનાથાય નમઃ

જે સ્વપ્ન આપી કેરડાનાં વૃક્ષ તળથી પ્રગટતા,
જે જવ ભરેલ કરંડિયો સોના મહીં પલટાવતા,
મુંડાવા નગરે તીર્થ તારું મુંડજો મુજ મોહને,
"મંડોવરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૭૮) શ્રી કરેડા પાર્શ્વનાથ

શ્રી કરેડા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ભોપાલનસાગર, જિ. ચિત્તોડગઢ (રાજ.)

ૐ હ્રીં શ્રી કરેડા પાર્શ્વનાથાય નમઃ

હે નાથ ! જીર્ણોદ્ધાર ઝાંઝણમંત્રી તારો કરાવતા,
તારી સ્તુતિથી દેવકૃત ઉપસર્ગ સહુ દૂરે થતા,
છે નામ તારું એવું જાણે કર્મને પડે કોરડા,
"શ્રી કરેડા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૭૯) શ્રી વહી પાર્શ્વનાથ

શ્રી વહી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. તા. મલ્હારગઢ, જિ. મન્દસોર (રાજ.)

ૐ હ્રીં શ્રી વહી પાર્શ્વનાથાય નમઃ

સિંહાકૃતિ તુજ મુખની ને વ્યાઘ્રશિલ્પે બિરાજતા,
અદ્‌ભુત પરચા પૂરીને આશાતના સહુ. ટાળતા,
તારક મેરા વોહી-વોહી ભક્ત એમ પુકારતા,
''શ્રી વહી'' પારસનાથને ભાવે કરું હું વંદના.




(૮૦) શ્રી નવખંડા પાર્શ્વનાથ

શ્રી નવખંડા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

શેઠ કાળા મીઠાની પેઢી, મુ. ઘોઘા, જી. ભાવનગર

ૐ હ્રીં શ્રી નવખંડા પાર્શ્વનાથાય નમઃ

મ્લેચ્છો તણી લડાઈમાં નવખંડ થાતા તાહરા,
પણ અખંડસુખ સ્વામી પ્રભુ અખંડ બનતા માહરા,
ખોવાયેલાને ખોળનારા આતમા મુજ ખોલજે,
''શ્રી નવખંડા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૮૧) શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પો. ઉન્હેલ, જિ. ઝાલાવાડ, સ્ટે. ચૌમહાલ (રાજ.)

ૐ હ્રીં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નાગેશ્વરા પરમેશ્વરા તું પરમજ્યોત સ્વરૂપ છે,
પ્રભાવ તાહરો છે અનોખો વિષાપહારી રૂપ છે,
મરકત મણિમય દેહને કાઉસગ્ગ મુદ્રા ધારતા,
''નાગેશ્વરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૮૨) શ્રી નાકોડા પાર્શ્વનાથ

શ્રી નાકોડા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. મેવાનગર, સ્ટે. બાલોતરા, જિ. બાડમેર (રાજ.)

ૐ હ્રીં શ્રી નાકોડા પાર્શ્વનાથાય નમઃ

પ્રશમ ઝરતું મુખલડું અમીરસ ઝરંતી આંખડી,
મેવાનગરના રાજીયા પૂરી કરે સહુ આખડી,
ભૈરવ નાકોડા કરે સાન્નિધ્ય જેનું લળી લળી,
"નાકોડા" પારસનાથને ભાવે કરું હું વંદના.





(૮૩) શ્રી અજાહરા પાર્શ્વનાથ

શ્રી અજાહરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. અજાહરા, વાછા ચોક, જિ. જૂનાગઢ, ઉના

ૐ હ્રીં શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ

જેના ન્હવણથી અજય્ય નૃપના રોગ શોક સહુ હારતા,
હે ભયહરા શિવસુખકરા સહુ નામ અજાહરા પાડતા,
ને પૂજતા ધરણેન્દ્ર આદિ સુરવરો જેને વળી,
"અજાહરા" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૮૪) શ્રી શેરીસા પાર્શ્વનાથ

શ્રી શેરીસા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. શેરીસા, સ્ટે. કલોલ, જિ. અમદાવાદ

ૐ હ્રીં શ્રી શેરીસા પાર્શ્વનાથાય નમઃ

દેવેન્દ્રસૂરિ અંતઃસ્ફૂરણથી અંધ શિલ્પી આવતો,
પદ્માવતીની સહાયથી તુજ બિંબ નિશિએ બનાવતો,
મુજ કર્મ શત્રુશેર માથે તું સવાશેર ઈશ છો,
"શેરીસા" પારસનાથને ભાવે કરું હું વંદના.





(૮૫) શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ

શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કોઠી, ઠે. મધુવન, પો. શિખરજી, જિ. ગિરડિહ (બિહાર)

ૐ હ્રીં શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથાય નમઃ

સમ્મેતશૈલે સાધુતેત્રીશ સાથ પ્રભુ આવે સહી,
શ્રાવણ સુદી આઠમ દિને નક્ષત્ર વિશાખા મહીં,
એક માસનું અણસણ કરી જ્યાં પાર્શ્વપ્રભુજી સિદ્ધતા,
''સમ્મેતશિખર'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૮૬) શ્રી ભટેવા પાર્શ્વનાથ

શ્રી ભટેવા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ચાણસ્મા, શ્રી ચાણસ્માની પેઢી, મોટી વાણિયાવાડ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ભટેવા પાર્શ્વનાથાય નમઃ

પ્રજાપાળનૃપનો ભય હટાવવા જે પ્રભુનિર્મિત થતા,
દેવી પ્રભાવે વેળુમાંથી વજ્રમય જે બની જતા,
માતા અંબિકા ચરણમાં રહી જે પ્રભુને સેવતા,
''શ્રી ભટેવા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૮૭) શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. નગપુર, જિ. દુર્ગ (મધ્યપ્રદેશ)

ૐ હ્રીં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય નમઃ

કેશીસ્વામીના ઉપદેશથી પ્રદેશી પ્રતિમા ભરાવતા,
દૂધધારને ધરણેન્દ્ર સાથે જે પ્રભુજી પ્રગટતા,
ઉપસર્ગને સહનાર તું, ઉપસર્ગ તું સહુના હરે,
''ઉવસગ્ગહરં'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૮૮) શ્રી અલૌકિક પાર્શ્વનાથ

શ્રી અલૌકિક પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. હાસામપુરા, પો. તાલોદ, જિ. ઉજ્જૈન

ૐ હ્રીં શ્રી અલૌકિક પાર્શ્વનાથાય નમઃ

પ્રભાવથી પૂરા પ્રભુ હાસામપુરામાં તમે,
છે અલૌકિક મૂર્તિ તમારી તું પ્રભુ મુજને ગમે,
તુજ હસ્તમાં નાગનાગણી જાણે ધરણ પદ્માવતી રમે,
"અલૌકિક" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૮૯) શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ

શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

૭૬૨, ઘીઆમેડી, મુ.પો. મથુરા, ઉ.પ્ર.-૨૮૧૦૦૧

ૐ હ્રીં શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથાય નમઃ

ઈચ્છ્યા વિના માંગ્યા વિના તુજ ભક્તિ મુક્તિ આપતી,
તું કલ્પદ્રુમથી અધિક છે કલ્પદ્રુમા પ્રભુપાર્શ્વજી,
મથુરામહીં મધુરા પ્રભુમુજ મોહને મથી નાખજો,
"કલ્પદ્રુમ" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૯૦) શ્રી કૂકડેશ્વર પાર્શ્વનાથ


શ્રી કૂકડેશ્વર પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. કૂડેશ્વર, તા. મનસા, જિ. મંદસોર

ૐ હ્રીં શ્રી કૂકડેશ્વર પાર્શ્વનાથાય નમઃ

કૂકટ અને ઈશ્વરતણા બે ચરમ ભવની યાદમાં,
એ નામથી દત્તે ભરાવ્યા અરજ સુણો ફરિયાદમાં,
મુજ ભવ ભ્રમણ કિમ નહીં મિટાવ્યું (હવે) તારજો પરમાત્મા,
"શ્રી કૂકડેશ્વર" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૯૧) શ્રી ભુવન પાર્શ્વનાથ

શ્રી ભુવન પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ભોયરા પાડો, મુ.પો. ખંભાત, જિ. ખેડા

ૐ હ્રીં શ્રી ભુવન પાર્શ્વનાથાય નમઃ

ગુણરત્નરોહણ ભુવન મોહન ભુવન પારસનાથજી,
તુજ મૂરતિના મલકાટથી મોહી રહ્યા સુરનાથજી,
મને મુક્તિ પગથારે ચઢાવો નાથ પકડી હાથજી,
"શ્રી ભુવન" પારસનાથને ભાવે કરું હું વંદના.



(૯૨) શ્રી રાવણ પાર્શ્વનાથ

શ્રી રાવણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. અલવર (રાજ.)

ૐ હ્રીં શ્રી રાવણ પાર્શ્વનાથાય નમઃ

તુજ ચરણકજમાં રાવને ઉમરાવ ભક્તિથી નમે,
મુજ રાવ છે, ભવથી ઉગારો મોહરાય મુજને દમે,
જ્યાં રાવણે ભક્તિ કીધી પ્રભુતેહથી તુમે રાવણા,
"શ્રી રાવણ" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૯૩) શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ

શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. ઉન્હેલ, તા. ખાચરોદ, જિ. ઉજ્જૈન

ૐ હ્રીં શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથાય નમઃ

કામિત પૂરો સહુ લોકનાં કામિતપૂરણ પ્રભુપાસજી,
છે કામના મુજ કામને દૂરે કરો હે નાથજી,
છે કામ તારું ભક્તજનની પૂરી કરવી કામના,
"કામિતપૂરણ" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૯૪) શ્રી અવંતી પાર્શ્વનાથ

શ્રી અવંતી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

અનંત પેઠ, દાણી દરવાજા, ઉજ્જૈન, એમ.પી.

ૐ હ્રીં શ્રી અવંતી પાર્શ્વનાથાય નમઃ

જે અવંતિસુકુમારની શુભધ્યાનમાં નિર્મિત થતા,
કલ્યાણમંદિર સ્તવ થકી ફરીવાર જે પ્રભુ પ્રગટતા,
જ્યાં માણિભદ્રવીર પણ પ્રભુપાર્શ્વ પાસે જાગતા
"શ્રી અવંતી" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૯૫) શ્રી સમીના પાર્શ્વનાથ

શ્રી સમીના પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. સમીના, ખેડા, જિ. ઉદેપુર (રાજ.)

ૐ હ્રીં શ્રી સમીના પાર્શ્વનાથાય નમઃ

અમીરસતણી અમીધાર વહેતી હે પ્રભુ તુજ નયનમાં,
સમતા તણી સરવાણી વહેતી હે પ્રભુ તુજ વયણમાં
શમી જતી સમીનામહીં તુજ દર્શનથી દુર્ભાવના,
"શ્રી સમીના" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૯૬) શ્રી ચંદા પાર્શ્વનાથ


શ્રી ચંદા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

થેટરાગલીની બહાર, પેલેર સોડ, ઉદયપુર (રાજ.)

ૐ હ્રીં શ્રી ચંદા પાર્શ્વનાથાય નમઃ

તુજ મુખ રૂપી ચંદ્રથી અમૃત ઝરતું દેખીને,
આકાશમાં આ ચંદ્ર ભમતો આપનું તેજ પેખીને,
મુજ હૃદયનો ઉકળાટ ઠારો ચાંદની ફેલાવતા,
"શ્રી ચંદા" પારસનાથને ભાવે કરું હું વંદના.





(૯૭) શ્રી મક્ષી પાર્શ્વનાથ

શ્રી મક્ષી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પી.સી.ઓ. મક્ષી, જિ. ઉજ્જૈન

ૐ હ્રીં શ્રી મક્ષી પાર્શ્વનાથાય નમઃ

છત્ર સ્વરૂપ તુજ ફેણમાંથી ધાર વહેતી દુગ્ધની,
પરચો બતાવ્યો ગીઝનીને અરજી સુણો આ મુગ્ધની,
હે મક્ષી પારસ મોક્ષ દેજો રક્ષી-રક્ષી મોહથી,
''શ્રી મક્ષી'' પારસનાથને ભાવે કરું હું વંદના.



(૯૮) શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. શિરપુર, તા. વાસિમ, જિ. આકોલા(મહા.)

ૐ હ્રીં શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ

ખરદુષણે તુજને ભરાવ્યા, નિરખતા નયના હસે,
શિરપુર તણો શિરતાજ તું અંતરિક્ષમાં અધ્ધર વસે,
તું અંધને કરે દેખતો દેખાડ મુક્તિ બારણા,
''શ્રી અંતરિક્ષ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૯૯) શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

કુંભોજગિરિ તીર્થ, પો. બાહુબલી હાથકણંગલા, જિ. કોલ્હાપુર

ૐ હ્રીં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથાય નમઃ

કેશરતણી વૃષ્ટિ થતીને અમીતણાં ઝરણાં ઝરે,
કુંભોજગિરિએ બેસણા, તું નામ જગવલ્લભ ધરે,
વલ્લભ ગણે મુજને પ્રભુતો આતમા મારો ઠરે,
''શ્રી જગવલ્લભ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.


(૧૦૦) શ્રી ગિરુઆ પાર્શ્વનાથ

શ્રી ગિરુઆ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

સંસ્થાપન શરાફ બજાર, મુ.પો. અમલનેર, જિ. જલગાંવ

ૐ હ્રીં શ્રી ગિરુઆ પાર્શ્વનાથાય નમઃ

ગિરુઆ ગુણો ગણાયના ગિરુઆ શ્રી પારસનાથના,
ગિરુઆ બનાવે ભક્તને બંધન હરી મોહપાસના,
ગિરુઆ જિનાલયમાં બિરાજે અમલનેર મુકામમાં,
"શ્રી ગિરુઆ" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.





(૧૦૧) શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ

શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ. નેર, જિ. ધુલિયા-૪૨૪૩૦૩ (મહા.)

ૐ હ્રીં શ્રી મનોવાંછિત પાર્શ્વનાથાય નમઃ

જેમ કામધેનુ કામઘટને સુરતરૂ ઈચ્છા પૂરે,
પણ કલિકાલે તે બધા તુજમાં સમાયા કહું ખરે,
છે નેરનો તું નાથ તારી પેર જગમાં ના જડે,
"મનોવાંછિત" પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૧૦૨) શ્રી વિમલ પાર્શ્વનાથ

શ્રી વિમલ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

વાણિયાવાડ, મુ.પો. છાણી, સ્ટે. વડોદરા (ગુજ.)

ૐ હ્રીં શ્રી વિમલ પાર્શ્વનાથાય નમઃ

હે વિમલ પારસ વિમલ કરો મુજ કર્મ મલ ઉચ્છેદીને,
મુજ હૃદય કમલે વાસ કરજો, અવગુણો સહુ ભેદીને,
તુજ નયન કમલો પેખીને મુજ મન ભ્રમર લલચાય છે,
"શ્રી વિમલ" પારસનાથને ભાવે કરું હું વંદના.






(૧૦૩) શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ

શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ડૉ. ઉત્તમરામ સ્ટ્રીટ, નિશાળ ફળિયા, રાંદેર, સુરત

ૐ હ્રીં શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથાય નમઃ

જે પ્રભુના દર્શનથી સહુ આપદા દૂરે થતી,
ને જે પ્રભુના સ્પર્શથી સહુ સંપદાઓ મળી જતી,
વિઘ્નો હરી શિવમાર્ગના, જે મુક્તિ સુખને આપતા,
''વિઘ્નહરા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૧૦૪) શ્રી મહાદેવા પાર્શ્વનાથ

શ્રી મહાદેવા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

ખેતરવસી, મુ.પો. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી મહાદેવા પાર્શ્વનાથાય નમઃ

સંસારમાં સહુ દેવ જોયા તુજ સરિખો ના મળે,
કેઈક રાગી દ્વેષીને કેઈ વાસનાએ ટળવળે,
વીતરાગી સાચા દેવ છો, મહાદેવ તેથી આપ છો,
''મહાદેવા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.



(૧૦૫) શ્રી આનંદા પાર્શ્વનાથ

શ્રી આનંદા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ઉંબરી, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા

ૐ હ્રીં શ્રી આનંદા પાર્શ્વનાથાય નમઃ

પ્રભુતું સદાનંદ, તું ચિદાનંદ, તું સહજ આનંદ છે,
પણ નાથ મારો જીવડો, એક વાસનાનો કંદ છે,
મુજ કર્મકંદ ઉચ્છેદશો, તો એજ પરમાનંદ છે,
''શ્રી આનંદા'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૧૦૬) શ્રી ચારૂપ પાર્શ્વનાથ


શ્રી ચારૂપ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

મુ.પો. ચારૂપ, તા. પાટણ, જિ. મહેસાણા

ૐ હ્રીં શ્રી ચારૂપ પાર્શ્વનાથાય નમઃ

ચારૂપ તીર્થે ચાર રૂપ કરતી પ્રતિમા આપની,
જોતા ઠરે નયનો અમારા ને ઠરે મોહ તાપણી,
અષાઢીના ખ્યારા પ્રભુલાગે ધૂન અજપાજાપની,
''ચારૂપ'' પારસનાથને ભાવે કરું હું વંદના.





(૧૦૭) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

પાર્શ્વનાથ લેન, ભદ્રકાલી, નાસિક સિટી-૫૨૨૦૦૧

ૐ હ્રીં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ

ચિંતામણિ ચિંતા હરે એવી પ્રતિષ્ઠા આપની,
સમૃદ્ધિ આપે પાપ કાપે એ નામના તુજ જાપની,
નાસિક તીર્થે નીલવર્ણા નેત્ર દીપક છો તમે,
''ચિંતામણિ'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.

(૧૦૮) શ્રી ગોડીજી પાર્શ્વનાથ

શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ

વિજય વલ્લભ ચોક, પાયધુની, મુંબઈ-૪ (મહા.)

ૐ હ્રીં શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ

મુંબઈ નગરની રિદ્ધિને સમૃદ્ધિના જે મૂળ છે,
મુજ આતમાની સિદ્ધિ કાજે જે પ્રભુ અનુકૂળ છે,
તુજ મિલનની આશા મહીં મન માહરું વ્યાકુળ છે,
''શ્રી ગોડીજી'' પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.




ಶ್ರೀ ಗೌತಮ ಬುದ್ಧರ ಧ್ಯಾನ



શ્રી તારંગાજી તીર્થક્ષેત્ર

શ્રી સમ્મેદશિખરજી મહાતીર્થ





ಸಮೃದ್ಧ ರೈತಕುಟುಂಬ

ਸ਼ਾਹ ਜਹਾਂ ਮਸਜਿਦ ਦੀ ਮੁੱਖ ਮਹਿਰਾਬ - ਪਾਕਿਸਤਾਨ





શ્રી શંખેશ્વરજી તીર્થ



શ્રી અષ્ટાપદજી તીર્થક્ષેત્ર



શ્રી હરિદ્વાર તીર્થક્ષેત્ર

શ્રી ગીરનારજી મહાતીર્થક્ષેત્ર

પર્વતોની હારમાળામાં દેલવાડાના મંદિરોનું દૃશ્ય, માઉન્ટ આબુ, રાજસ્થાન




ભક્તામર સ્તોત્ર



રાજ દરબારનું વર્ણન

મયૂર અને બાણ નામના મહાન વિદ્વાન પંડિતોએ રાજાને પોતપોતાના ચમત્કારથી પ્રભાવિત કર્યા. મયૂર પંડિતે પોતાની બેનના શાપથી થયેલા કોઢ રોગને દૂર કરવા સૂર્યની સ્તુતિ કરી. છઠ્ઠો શ્લોક બનાવતાં જ સૂર્યદેવે પ્રત્યક્ષ થઈને વરદાન આપ્યું. કોઢ રોગ દૂર કર્યો. પોતાના જ સાળા મયૂર પંડિતનો ચમત્કાર પંડિત બાણ માટે સ્પર્ધાનો વિષય બન્યો. રાજા પાસે બાણે પ્રતિજ્ઞા કરી કે ''હું ચંડિકાદેવીનું સ્તવન કરીને માત્ર છઠ્ઠા અક્ષરથી જ ચમત્કાર કરીશ.'' બાણે પોતાના બંન્ને હાથ-પગ કાપી નાંખ્યા. સ્તોત્રના પ્રભાવથી હાથ-પગ ફરી નવા જેવા થયા અને ચંડિકાદેવીનું મંદિર ફરીને પોતાની સન્મુખ થઈ ગયું. રાજા આ ચમત્કારથી ખુશ થયા. તે સમયે કેટલાંય પંડિતોએ કહ્યું, ''જો શ્વેતામ્બર જૈનોમાં પણ આવા મંત્રનો પ્રભાવ ન હોય તો એમને આ દેશમાં રહેવા દેવા જોઈએ નહીં અને રાજ્યમાંથી બહાર હાંકી કાઢવા જોઈએ.'' તે વખતે પૂ. માનતુંગાચાર્યને બોલાવી રાજાએ કહ્યું, ''તમે પણ તમારા ભગવાનનો ચમત્કાર બતાવો.'' પૂજ્ય માનતુંગાચાર્ય મહારાજે કહ્યું, ''રાગ-દ્વેષથી મુકત અમારા દેવો કોઈ ચમત્કાર કરતાં નથી, પણ તેમના સેવક દેવો વિશ્વને ચમત્કારી પ્રભાવ બતાવે છે''- આમ કહીને માનતુંગસૂરીશ્વરજીએ (૪૪) ચુમ્માળીશ બેડીઓથી પોતાના શરીરને બંધાવી તે નગરના શ્રી આદીશ્વર ભગવાનના મંદિરના પાછળના ભાગમાં ઊભાં રહીને ''ભકતામર'' નામના નવા કાવ્યની રચના કરી. એક એક શ્લોક બોલતાં એક એક બેડી તૂટતાં ચુમ્માળીશ બેડીઓ તૂટી. સ્તોત્ર પૂર્ણ થયું અને શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર ફરીને માનતુંગસૂરિજી સન્મુખ થઈ ગયું. શ્રી જિન શાસનની મહાન પ્રભાવના થઈ.


जटाशाली गणेशार्च्यः, शङ्करः शाङ्करान्वितः ।
युगादीशः श्रियं कुर्याद्; विलसत् सर्वमङ्गलः ॥

''વસંતતિલકા''

પ્રસ્તુત ભક્તામર સ્તોત્રની રચના વસંતતિલકા છંદમાં કરવામાં આવી છે. શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રની રચના પણ આ જ છંદમાં છે. જૈન સ્તોત્રમાં ''સંસાર દાવાનલ'' સ્તુતિની બીજી ગાથા અને ''પુક્ખર વર દીવઢ્ઢે'' સૂત્રની ત્રીજી ગાથામાં છંદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ''અજિત-શાંતિ'' જેવા પ્રાકૃત સૂત્રોમાં આ છંદનો ઉપયોગ દેખાતો નથી.

આ છંદની બીજી વિશેષતા એ છે કે તેના કુલ ચૌદ અક્ષરોમાં સાત અક્ષરો ગુરુ છે; તો સાત અક્ષરો લઘુ છે. વિદ્વાનો માને છે કે જેમ છંદમાં લઘુ-ગુરુની સમતા છે, તેમ આ છંદમાં બનેલ કાવ્ય પણ ખૂબ જ જલ્દી સમતાભાવમાં લઈ જઈ શકે છે.

પ્રસ્તુત ચિત્ર ભરતમુનિ રચિત નાટ્ય શાસ્ત્રના વર્ણન પરથી બનાવવમાં આવ્યું છે. છંદોના ચિત્રોનો ઉલ્લેખ આ ગ્રંથ સિવાય ક્યાંય જોવામાં આવતો નથી અને અમારા અભ્યાસ પ્રમાણે ચિત્ર જગતમાં સૌથી પ્રથમ વાર જ વસંતતિલકાનું ચિત્ર રજુ કરવામાં આવે છે.


હેમંત-શિશિર-વસંત-ગ્રીષ્મ-વર્ષા અને શરદ આ છ ઋતુઓમાં ''વસંત ઋતુ'' અધિપતિનું સ્થાન ધરાવે છે. ક્યારેક વસંતઋતુને ''ઋતુરાજ વસંત'' કહેવાય છે, તો ઋતુઓને સ્ત્રી સમજવામાં આવે છે ત્યારે વસંતને ''ઋતુરાણી'' માનવામાં આવે છે. આ છંદ વસંતતિલકા છે એટલે વસંત માટે પણ અલંકાર જેવો છે. વસંતઋતુને પણ સુશોભિત કરનારો છે. વસંતતિલકા છંદની પ્રાસાદિકતા અદ્વિતીય છે. છંદનું વિધિવત્ ઉચ્ચારણ કરનારને હીંડોળો ચાલી રહ્યો હોય તેવો ભાસ થાય છે. આ છંદમાં નિબદ્ધ કાવ્ય લગભગ દરેક રાગોમાં સરળતાથી ગાઈ શકાય છે. લગભગ (૪૪) ચુમ્માળીશ જુદા જુદા શાસ્ત્રીય રાગમાં આ ભક્તામર ગવાયું છે. આમ, માનવ હૃદયમાં ઉત્પન્ન થતી ભક્તિ લહરીઓની અભિવ્યક્તિ માટે આ છંદ સર્વોત્તમ છે. એના ચૌદ અક્ષરને ચૌદ રાજલોકનું-ચૌદ ગુણ-સ્થાનકનું પ્રતીક સમજીને ચૌદ રાજલોકના અગ્રભાગ પર સાધકે જવાનું છે અને ચૌદ ગુણ સ્થાનકને પાર કરીને આત્મિક પરમાનંદની પ્રાપ્તિ કરવાની છે. આ છંદના સિંહોન્નતા મધુમાધવી ઉદ્વર્ષિણી વિગેરે પણ નામો છે.





ભક્તદેવ કૃત સ્તવના





ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા-
મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્
સમ્યક્ પ્રણમ્ય જિનપાદ યુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो अरिहंताणं णमो जिणाणं ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः
अ सि आ उ सा अप्रतिचक्रे फट् विचक्राय झौँ झौँ स्वाहा ।

मंत्र - ॐ ह्राँ ह्रीँ ह्रूँ श्रीँ क्लीँ ब्लूँ क्रौँ ॐ ह्रीँ नमः स्वाहा ।

प्रभाव - सारी विघ्न-बाधाएँ दूर होती है ।


જેમના ચરણોમાં ઝુકેલા દેવોના મુગટના મણિ એવા ઝળહળે છે કે જાણે પાપના તિમિરને વીંધી નાખે છે. ભવસાગરમાં ડૂબતા જનો માટે સહાયરૂપ આદિનાથ તીર્થંકરના ચરણકમળને હું હાર્દિક પ્રણામ કરીને સ્તવન કરીશ.





सकल वाङ्मय स्तोत्र वडे कीर्तन





यः संस्तुतः सकल वाङ्मय तत्त्वबोधा-
दुद्भूत बुद्धि पटुभिः सुरलोके नाथैः
स्तोत्रैर्जगत् त्रितय चित्त हरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥


ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो ओहिजिणाणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ नमः ।

प्रभाव - सारे रोग, शत्रु शान्त होते हैं तथा सिरदर्द दूर होता है ।

સમગ્ર શાસ્ત્રોના અવબોધ વડે પ્રજ્ઞાવાન દેવેન્દ્રોએ પણ જેમની સ્તવના કરી છે એવા આદિ જિનેશ્વરની સ્તુતિ હું પણ ત્રણ જગતના ચિત્તને આહ્લાદ આપે એવા સ્તોત્ર વડે કરીશ.





બુદ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત પાદપીઠ
સ્તોતું સમુદ્યત મતિર્વિગત ત્રપોહમ્
બાલં વિહાય જલસં સ્થિત મિન્દુબિમ્બ-
મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो परमोहिजिणाणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ सिद्धेभ्यो बुद्धेभ्यः सर्वसिद्धिदायकेभ्यो नमः स्वाहा।


प्रभाव - दृष्टि रोग अपसरण और जय प्राप्ति होती है ।

પાણીમાં રહેલા ચંદ્રના બિંબને જેમ બાળક સિવાય અન્ય કોણ ગ્રહણ કરવાની ચેષ્ટા કરે ? તેમ બુદ્ધિરહિત એવો હું નિર્લજ્જ થઈને પણ હે દેવોથી (અથવા પંડિતોથી) પૂજિત પાદપીઠવાળા પ્રભુ ! તમારી સ્તુતિ કરવાને ઉદ્યમયુક્ત બુદ્ધિવાળો થયો છું.



સ્તુતિ કરવાની અશક્યતાનું વર્ણન





वक्तुं गुणान् गुणसमुद्र ! शशांक कान्तान्
कस्ते क्षमः सुरगुरु प्रतिमोपि बुद्ध्या
कल्पान्त काल पवनोद्धत नक्र चक्रं
को वा तरीतुमल मंबुनिधिं भुजाभ्याम् ॥४॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो सव्वोहिजिणाणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ जलदेवताभ्यो नमः स्वाहा ।

प्रभाव - जाल में मछलियाँ नहीं फँसती है तथा जल का भय दूर होता है।


પ્રલયકાળના વાયુથી ઉછળતા મગરના સમૂહવાળા મહાસાગરને બે હાથ વડે તરી જવાને કોણ સમર્થ છે ? (અર્થાત્ કોઈ જ નથી) તેમ હે ગુણોના મહાસાગર ! બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળો વિદ્વાન પણ તમારા ચંદ્ર જેવા મનોહર ગુણોનું વર્ણન કરવા શું સમર્થ છે ? (અર્થાત્ નથી.)







કીર્તન કરવાનું કારણ



સોઽહં તથાપિ તવ ભક્તિ વશાન્મુનીશ!
કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ
પ્રીત્યાત્મ વીર્ય મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो अणंतोहिजिणाणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ क्रौँ सर्वसंकटनिवारणेभ्यः सुपार्श्वयक्षेभ्यो नमो नमः स्वाहा ।

प्रभाव - आँख के सारे रोग दूर होते हैं ।


શક્તિરહિત એવો હું હોવા છતાં પણ તમારી આધીનતાથી આ સ્તોત્ર રચવાને પ્રવૃત્ત થયો છું. જેમ હરણ વાત્સલ્યભાવથી પોતાના શિશુની રક્ષા કરવા માટે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર સિંહની સામે નથી થતું શું ?





જિનદેવની સ્તવનાથી પ્રાપ્ત થતી વાચાળતા





અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ
ત્વદ્ભક્તિ રેવ મુખરી કુરુતે બલાન્મામ્
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુ ચૂત કલિકા નિકરૈક હેતુઃ ॥૬॥

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो कुट्ठबुद्धीणं ।

मंत्र - ॐ ह्रीँ श्राँ श्रीँ श्रूँ श्रः हँ सँ यः यः ठः ठः
सरस्वति भगवति विद्याप्रसादं कुरु कुरु स्वाहा ।

प्रभाव - अनेक विद्याएँ सहज ही आ जाती है वाणी के दोष दूर होते हैं।


અલ્પજ્ઞ અને બહુશ્રુતોના હાસ્યપાત્ર એવા મને તમારી ભક્તિ જ બળ કરીને વાચાળ બનાવે છે, કારણ કે વસંત ઋતુમાં કોયલ નિશ્ચે મધુર ટહુકા કરે છે. તેમાં આમ્રવૃક્ષને આવેલ મનોહર મહોર એકમાત્ર કારણ છે.





સ્તવના કરવાથી પ્રાપ્ત થતો લાભ





ત્વત્સંસ્તવેન ભવ સંતતિ સન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ ક્ષય મુપૈતિ શરીર-ભાજામ્
આક્રાન્ત લોક મલિનીલમ શેષમાશુ
સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વર મંધકારમ્ ॥૭॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो बीअबुद्धीणं ।

मंत्र - ॐ ह्रीँ हँ सौँ श्राँ श्रीँ क्रौँ क्लीँ सर्वदुरित सङ्कट क्षुद्रोपद्रव कष्टनिवारणं कुरु कुरु स्वाहा ।


प्रभाव - सर्प कीलित हो जाता है, सारे पाप, संकट, छोटे-मोटे उपद्रव दूर हो जाते हैं ।

સંસાર ભ્રમણને લીધે બંધાયેલા પ્રાણીઓના પાપો તમારા સુંદર સ્તવન વડે ક્ષણમાત્રમાં નાશ પામે છે. જેમ જગતમાં ફેલાયેલો ભ્રમર જેવો કાળો રાત્રિનો અંધકાર સૂર્યના કિરણોથી શીઘ્ર નાશ પામે છે તેમ.



સ્તવના કરવાના હેતુની વિશેષ દૃઢતા





मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियापि तव प्रभावात्
चेतो हरिष्यति सतां नलिनी दलेषु
मुक्ताफल द्युति मुपैति ननूदबिन्दुः ॥८॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो पदाणुसारीणं ।


मंत्र - ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रः अ सि आ उ सा अप्रतिचक्रे फट् विचक्राय झौँ झौँ स्वाहा ।

ॐ ह्रीँ लक्ष्मणारामानंददेव्यै नमो नमः स्वाहा ।

प्रभाव - सारे अरिष्ट योग दूर हो जाते हैं ।

કમળપત્રોમાં રહેલા જળબિન્દુઓ જેમ મુક્તાફલની શોભાને ધારણ કરે છે તેમ તમારા પ્રભાવથી આ સ્તવન સજ્જનોના મનને હરશે એમ માનીને, અલ્પ બુદ્ધિવાળો એવો હું હે સ્વામિન્ ! આ સ્તોત્રનો આરંભ કરું છું.





આસ્તાં તવ સ્તવન મસ્ત સમસ્ત દોષં
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ
દૂરે સહસ્ત્ર કિરણઃ કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥૯॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो अरिहंताणं णमो संभिण्णसोयाणं ह्राँ ह्रीँ ह्रूँ फट् स्वाहा ।

मंत्र - ॐ ह्रीँ ह्रूँ श्रीँ क्रौँ क्लीँ रः रः रः हँ हः नमः स्वाहा ।


प्रभाव - चौरों का भय दूर होता है ।

જેમ સૂર્ય દૂર રહ્યે છતે (પોતાની) પ્રભા વડે કમળ વનોમાંના કમળોને વિકસિત કરે છે તેમ, સર્વ દોષોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહ્યું, પરંતુ તમારું માત્ર નામસ્મરણ પણ મનુષ્યોના પાપોને દૂર કરે છે.



દેવાધિદેવની સ્તવનાનું ફલ





નાત્યદ્‌ભુતં ભુવન ભૂષણ! ભૂતનાથ!
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્ત મભિષ્ટુવન્તઃ
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા
ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ॥૧૦॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो सयंबुध्धीणं ।

मंत्र - ॐ ह्रां ह्रीँ ह्रूँ ह्रः श्रां श्रीँ श्रूँ श्रः सिद्धबुद्धकृतार्थो भव भव वषट् संपूर्ण स्वाहा ।


प्रभाव - कुत्ते ने काटा हो तो निर्विष हो जाता है ।

આ લોકમાં પોતાને આશ્રયે રહેલાને સ્વામીત્વભાવ વડે જેમ પોતાના સમાન બનાવી શકાય છે તેમ હે વિશ્વના અલંકાર સમાન ! હે સ્વામિન્ ! સત્ય ગુણો વડે આપની સ્તુતિ કરનાર આપના સમાન થાય તેમાં કયું મોટું આશ્ચર્ય છે ! (અર્થાત્ નથી) ॥



ભગવદ્ દર્શનનું ફલ





દૃષ્ટવા ભવંત મનિમેષ વિલોકનીયં
નાન્યત્ર તોષ મુપયાતિ જનસ્ય ચક્ષુઃ
પીત્વા પયઃ શશિકર દ્યુતિ દુગ્ધસિન્ધોઃ
ક્ષારં જલં જલનિધે રશિતું ક ઈચ્છેત્ ॥૧૧॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो पत्तेयबुद्धीणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ श्राँ श्रीँ कुमतिनिवारिण्यै महामायायै नमः स्वाहा।


प्रभाव - इच्छित को आकर्षित करता है, वर्षा को विवश करता है ।

અનિમેષ નજરે જોવા લાયક આપને અવલોકીને મનુષ્યની આંખો બીજે ક્યાંય સંતોષ પામતી નથી. ચંદ્રનાં કિરણોની કાંતિ સમાન ઉજ્જવલ ક્ષીર સમુદ્રનાં પાણીને પીધા પછી સમુદ્રનાં ખારાં પાણીને પીવાની ઈચ્છા કોણ કરે ? (અર્થાત્ કોઈ જ ન કરે)



ભગવંતના રૂપનું આલેખન





यैः शान्त राग रुचिभिः परमाणुभिस्त्वं
निर्मापित स्त्रिभुवनैक ललामभूत!
तावन्त एव खलु तेप्यणवः पृथिव्यां!
यत्ते समान मपरं नहि रुपमस्ति ।।१२।।

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो बोहिबुद्धीणं ।

मंत्र - ॐ आँ आँ अँ अः सर्वराजाप्रजामोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा।


प्रभाव - हाथी का मद उतर जाता है, अभीप्सित व्यक्ति मिल जाता है।

ત્રણ ભુવનના અદ્વિતીય તિલક (શોભા) સમાન હે પ્રભો ! શાન્ત રસથી શોભતા જે પરમાણુઓ વડે તમો બનેલા છો તે પરમાણુઓ પણ વિશ્વમાં તેટલાં જ માત્ર છે. કેમકે તમારા સરખું અન્ય સ્વરૂપ નિશ્ચે બીજું નથી.



પરમાત્માના મુખનું વર્ણન





વક્ત્રં ક્વ તે સુરનરોરગ નેત્ર હારિ
નિઃશેષ નિર્જિત જગત્ત્રિ તયોપ માનમઃ
બિમ્બં કલંક મલિનં ક્વ નિશાકરસ્ય
યદ્વાસરે ભવતિ પાંડુ પલાશ કલ્પમ્ ॥૧૩॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो उजुमईणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ हँ सः ह्रौँ ऐं ह्रां ह्रीँ द्रां द्रौँ द्रः
मोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा ।

प्रभाव - चोर चोरी नही कर पाते, मार्ग में कोई भय नही रहता,
लक्ष्मी प्राप्त होती है ।


કલંક વડે મલિન થયેલું અને દિવસ ઊગતાં જ ખાખરાના પાન જેવું પીળું પડી જતું ચંદ્રનું મુખ ક્યાં અને દેવ મનુષ્ય તથા ભુવનપતિના નેત્રોને હરનારું તથા ત્રણ જગતની સર્વે ઉપમાઓથી પણ વિશેષ એવું તમારું મુખ ક્યાં.







પારમેશ્વરીય ગુણનો પ્રસાર



સંપૂર્ણ મંડલ શશાંક કલા કલાપ
શુભ્રા ગુણા સ્ત્રિભુવનં તવ લંઘયન્તિ
યે સંશ્રિતા સ્ત્રિજગદીશ્વર નાથમેકં
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥૧૪॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो विउलमईणं ।

मंत्र - ॐ नमो भगवती गुणवती महामानसी स्वाहा ।

प्रभाव - लक्ष्मी प्राप्त होती है, आधि-व्याधिशत्रु आदि का आतंक/भय दूर हो जाता है। सरस्वती प्रसन्न होती है, गुण की वृद्धि होती है।


સંપૂર્ણ વિસ્તારવાળા ચંદ્ર (પૂર્ણિમાનો ચંદ્ર)ની કળાના સમૂહ સમાન તમારા ગુણો ત્રણ જગતને ટપી જાય છે. એવા અદ્વિતીય ત્રણ જગતના નાથનો જેઓ આશ્રય (આલંબન) કરીને રહેલા છે, તેવાઓને યથેચ્છ વિચરતા કોણ રોકી શકે ? (અર્થાત્ તેઓને ધાર્યું ફળ અવશ્ય મળે છે.)





વૈકારિક પરવશતાનો અભાવ





चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि
र्नीत मनागपि मनो न विकार मार्गम्
कल्पान्त काल मरुता चलिता चलेन
किं मंदराद्रि शिखरं चलितं कदाचित् ॥१५॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो दसपुव्वीणं ।

मंत्र - ॐ नमो भगवती गुणवती सुसीमा पृथ्वी वज्रशृङ्खला मानसी महामानसी स्वाहा ।

प्रभाव - प्रतिष्ठा और सौभाग्य में वृद्धि होती है; निर्मल ब्रह्मचर्य पालन की शक्ति मिलती है ।


પ્રલય કાળના વાયુઓ વડે પર્વતો પણ કંપી જાય છે, છતાં મેરુ પર્વતનું શિખર શું કદાપિ કંપે છે ? તે જ પ્રમાણે દેવાંગનાઓ વડે તમારું મન જરા પણ વિકારના માર્ગે વિચલિત થયું નથી તેમાં અહીં શું આશ્ચર્ય છે ?





દીપકની ઉપમાની વ્યર્થતા





નિર્ધૂમ-વર્તિર-પવર્જિત તૈલપૂરઃ
કૃત્સ્નં જગત્ત્રય મિદં પ્રકટી કરોષિ
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા ચલાનાં
દીપોઽપરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશઃ ॥૧૬॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो चउदसपुव्वीणं ।

मंत्र - ॐ नमः सुमंगला-सुसीमा-नाम-देवी सर्वसमीहितार्थं वज्रशृङ्खला कुरु कुरु स्वाहा ।


प्रभाव - सब तरह की सफलताएँ तथा प्रतिपक्षी पर विजय प्राप्त होती है।

ધુમાડા અને વાટરહિત, તેલ પણ પૂર્યા વગરનો અને પર્વતોને ચલાયમાન વાયુઓ વડે પણ અજેય, તેમ જ આ ત્રણેય ભુવનોને સમગ્રપણે પ્રકટ કરનાર અને જગતમાં પ્રસિદ્ધ એવા હે સ્વામિન્ ! તમે એવા કોઈ એકમાત્ર દીપક છો.



સૂર્યની ઉપમાની નિષ્ફળતા





નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ
નામ્ભોધરોદર નિરુદ્ધ મહાપ્રભાવઃ
સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ॥૧૭॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो अट्ठंगमहानिमित्त कुसलाणं ।
मंत्र - ॐ णमो णमिऊण अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रपीडां जठरपीडां भंजय भंजय सर्वपीडा सर्वरोगनिवारणं कुरु कुरु स्वाहा ।
प्रभाव - पेट के सारे रोग दूर होते हैं ।


હે મુનીન્દ્ર ! તમે સૂર્યથી પણ અધિક મહિમાવાળા છો, કારણ કે ક્યારે પણ તમારો અસ્ત થતો નથી. રાહુ તમને ગ્રસી શકતો નથી. ત્રણેય જગતને તેના સ્વરૂપમાં એક સાથે પ્રગટ (પ્રકાશિત) કરી શકો છો તેમ જ વાદળાઓના (સમૂહ) વડે તમારો પ્રભાવ ઢાંકી શકાતો નથી માટે સમગ્ર લોકમાં આપ સૂર્યથી અધિક મહિમાવાળા છો.





ચન્દ્રની ઉપમાની વિફલતા





નિત્યોદયં દલિત મોહ મહાંધકારં
ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્
વિભ્રાજતે તવ મુખાબ્જ મનલ્પકાન્તિ
વિદ્યોતયજ્ જગદપૂર્વ શશાંક બિમ્બમ્ ॥૧૮॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो विउव्वणइड्ढीपत्ताणं ।

मंत्र - ॐ नमो भगवति जये विजये मोहय मोहय स्तम्भय स्तम्भय स्वाहा।


प्रभाव - शत्रुसैन्य स्तंभित होता है, धर्म में मति स्थैर्य होता है तथा हरदम उत्सव होते रहते है ।

હંમેશાં ઊગતું મોહરૂપી મહાઅંધકારને દૂર કરતું, રાહુના મુખ અને વાદળાઓ વડે ન ગ્રસાતું, અનલ્પ કાંતિવાળું, જગતને પ્રકાશિત કરનારું એવું તમારું મુખારવિંદ અલૌકિક ચંદ્રના બિમ્બ સમાન શોભે છે.



પ્રભુમુખ સમીપ સૂર્યચંદ્રની વિફલતા





કિં શર્વરીષુ શશિનાહ્નિવિવસ્વતા વા
યુષ્મ ન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ!
નિષ્પન્ન શાલિ વન શાલિનિ જીવલોકે
કાર્યં કિયજ્જલધરૈર્જલભાર - નમ્રૈઃ ॥૧૯॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो विज्जाहराणं ।

मंत्र - ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ वषट् नमः स्वाहा ।


प्रभाव - अन्यों द्वारा प्रयुक्त मंत्र, जादू, टोटका, मूठ उच्चाटन आदि का भय नही रहता ।

જેમ પાકેલી શાલના વન વડે શોભતા જગતમાં પાણીના ભારથી નમેલા મેઘો નિરર્થક છે તેમ હે સ્વામિન્ ! જ્યાં તમારા મુખચન્દ્ર વડે (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ થાય છે, ત્યાં રાત્રિમાં ચંદ્ર અને દિવસે સૂર્યનું શું કામ છે ? (સ્થૂલ અને સૂક્ષ્મ અંધકાર)



પરમાત્માના જ્ઞાનની શ્રેષ્ઠતા






જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં
નૈવં તુ કાચ શકલે કિરણાકુલેપિ ॥૨૦॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो चारणाणं ।

मंत्र - ॐ श्राँ श्रीँ श्रूँ श्रः शत्रुभयनिवारणाय ठः ठः नमः स्वाहा ।

प्रभाव - सम्पत्ति, सौभाग्य, बुद्धि, विवेक और विजय प्राप्त करने में सामर्थ्य प्राप्त होता है ।

દેદીપ્યમાન મણિઓમાંના પ્રકાશનું જે મહત્ત્વ છે તે જ પ્રકાશનું મહત્ત્વ કિરણોવાળા કાચના ટુકડામાં નથી. તે પ્રમાણે જે સમ્યક્‌જ્ઞાન તમારામાં શોભે છે તે વિષ્ણુ, શંકર આદિ અગ્રીમ દેવોમાં શોભતું નથી.



मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ भवांतरेपि ॥२१॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो पण्हसमणाणं ।

मंत्र - ॐ नमः श्री मणिभद्र जय विजय अपराजिते सर्वसौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा ।

प्रभाव - सब वशीभूत होते है और सुख-सौभाग्य बढता है ।

પ્રત્યક્ષ એવા તમારા દર્શન વડે પૃથ્વીને વિષે અન્ય કોઈ પણ દેવ ભવાંતરમાં પણ મારા મનનું હરણ નહિ કરે. કેમ કે હે સ્વામિન્! વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા (અને જાણ્યા) તે એક સારી વાત હોવા છતાં પણ મારું હૃદય તો તમારામાં જ સંતોષને પામે છે.



स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२२॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो आगासगामिणं ।

मंत्र - ॐ नमः श्री वीरेहिं जृंभय जृंभय मोहय मोहय स्तम्भय स्तम्भय अवधारणं कुरु कुरु स्वाहा ।


प्रभाव - डाकिनी, शाकिनी, भूत, पिशाच, चुडैल आदि भाग जाते हैं ।

જેમ બધી દિશાઓ અનેક નક્ષત્રોને ધારણ કરે છે; પરંતુ દેદીપ્યમાન કિરણોના સમૂહવાળા સૂર્યને તો ફક્ત પૂર્વદિશા જ ધારણ કરે છે તેમ સેંકડો જનેતાઓ સેંકડો વખત પુત્રને જન્મ આપે છે, પરંતુ તમારા જેવા પુત્રને અન્ય કોઈ જનેતાએ જન્મ આપ્યો નથી.



જિનદેવના પરમ પુરુષત્વનું વર્ણન





ત્વામા-મનન્તિ મુનયઃ પરમં પુમાંસ
માદિત્ય વર્ણ મમલં તમસઃ પરસ્તાત્
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું
નાન્યઃ શિવઃ શિવ પદસ્ય મુનીન્દ્ર પંથાઃ ॥૨૩॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो आसीविसाणं ।

मंत्र - ॐ नमो भगवति जयवति मम समीहितार्थं मोक्षसौख्यं च कुरु कुरु स्वाहा ।

प्रभाव - प्रेत-बाधा दूर होती है ।


મુનિઓ આપને શ્રેષ્ઠ પુરુષ, પાપરૂપી અંધકારથી પર, સૂર્યના જેવા તેજસ્વી અને નિર્મળ માને છે. તેમ જ આપને જ સમ્યક્ રીતે પ્રાપ્ત કરી મૃત્યુંજય બને છે, કારણ કે હે મુનીન્દ્ર ! તે સિવાય મોક્ષનો બીજો કોઈ કલ્યાણકારી માર્ગ જ નથી.





સર્વદેવના નામે જિન સ્તુતિ





त्वामव्ययं विभुमचिंत्य मसंख्य माद्यं
ब्रह्माण मीश्वर मनन्त मनंग केतुम्
योगीश्वरं विदित योग मनेक मेकं
ज्ञान स्वरूप ममलं प्रवदन्ति सन्तः ॥२४॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो दिट्ठिविसाणं ।

मंत्र - ॐ नमो भगवते वद्धमाणसामिस्स सर्वसमीहितं कुरु कुरु स्वाहा ।

(ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा झौँ झौँ स्वाहा)

प्रभाव - सिरकी पीडा दूर होती है ।


સંત પુરુષો આપને જ અવિનાશી, સર્વવ્યાપી, અચિંતનીય, અસંખ્ય, આદિ, બ્રહ્મસ્વરૂપ, ઈશ્વર, અનંગ (કામદેવ)નો નાશ કરનાર કેતુ સમાન, યોગીશ્વર, યોગના જ્ઞાતા, અનેક, અદ્વિતીય, જ્ઞાનસ્વરૂપ અને નિર્મળ વિ. કહે છે.





હે સ્વામિન્સર્વદેવના આશ્રય સ્થાન આપ છો





બુદ્ધ સ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિ બોધાત્
ત્વં શંકરોઽસિ ભુવન ત્રય શંકરત્વાત્
ધાતાસિ ધીર ! શિવ માર્ગ વિધેર્વિધા નાત્
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ॥૨૫॥


ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो उग्गतवाणं ।

मंत्र - ॐ ह्रां ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः अ सि आ उ सा झौँ झौँ स्वाहा ।
ॐ नमो भगवति जये विजये अपराजिते सर्वसौभाग्यं सर्वसौख्यं
च कुरु कुरु स्वाहा ।

प्रभाव - दृष्टि-दोष दूर होता है, साधक पर अग्नि का असर नहीं होता।

દેવતાઓ (પંડિતો) વડે પૂજિત એવી બુદ્ધિના વૈભવવાળા હોવાથી તમે જ બુદ્ધ છો, તેમ જ ત્રણેય ભુવનનું શુભ કરનારા હોવાથી તમે જ શંકર છો, અને મોક્ષમાર્ગની વિધિના પ્રણેતા હોવાથી તમે જ હે ધૈર્યશાલી ! પૂર્ણ પુરુષોત્તમ એવા વિષ્ણુ છો.






તુભ્યં નમ સ્ત્રિભુવનાર્ત્તિ હરાય નાથ
તુભ્યં નમઃક્ષિતિ તલામલ ભૂષણાય
તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ! ભવોદધિ શોષણાય ॥૨૬॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो दित्ततवाणं ।

मंत्र - ॐ नमो भगवति ॐ ह्रीँ श्रीँ क्लीं ह्रूँ ह्रूँ
परजनशान्तिव्यवहारे जयं कुरु कुरु स्वाहा ।

प्रभाव - आधाशीशी की पीडा का निवारण होता है ।

ત્રણ ભુવનની પીડાને હરનાર હે નાથ ! તમને નમસ્કાર હો, પૃથ્વીતળના નિર્મળ આભૂષણ સમાન હે પ્રભો ! તમને નમસ્કાર હો, ત્રણ જગતના પરમેશ્વર, તમને નમસ્કાર હો તથા સંસારરૂપી સમુદ્રનું શોષણ કરનાર હે જિનેશ્વર ! તમને નમસ્કાર હો.



કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈર - શેષૈઃ
ત્વં સંશ્રિતો નિરવકાશ-તયા મુનીશ!
દોષૈ રુપાત્ત વિવિધાશ્રય જાતગર્વૈઃ
સ્વપ્નાંતરેપિ ન કદાચિદ-પીક્ષિતોઽસિ ॥૨૭॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो तत्ततवाणं ।

मंत्र - ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी चक्रेणानुकूलं साधय साधय शत्रूनुन्मूलयोन्मूलय स्वाहा ।


प्रभाव - शत्रु का उन्मूलन होता हैं, वह आराधक को कोई क्षति नहीं पहुंचा पाता ।

પ્રાપ્ત થયેલા વિવિધ પ્રકારના સ્થાનને કારણે ઉત્પન્ન થયેલ ગર્વયુક્ત દોષો વડે સ્વપ્નમાં પણ તમે (શુદ્ધ સ્વરૂપમાં) જોવાયેલા નથી એવા હે મુનિઓના સ્વામી ! અન્યત્ર સ્થાન ન મળવાથી અશેષ ગુણોવાળા એવા તમારા આશ્રય માટે શું આશ્ચર્ય છે ?





અશોક વૃક્ષ પ્રાતિહાર્યનું નિરૂપણ



ઉચ્ચૈ રશોક તરુ સંશ્રિત મુન્મયૂખ-
માભાતિ રૂપ મમલં ભવતો નિતાંતમ્
સ્પષ્ટો લ્લસત્કિરણ મસ્ત તમો વિતાનમ્
બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो महातवाणं ।

મંત્ર - ॐ नमो भगवते जये विजये जृम्भय जृम्भय मोहय मोहय सर्वसिद्धि सम्पत्तिसौख्यं कुरु कुरु स्वाहा ।


પ્રભાવ - સારે મનોરથ સિદ્ધ હોતે હૈં, સૌભાગ્ય, કીર્તિ ઔર લક્ષ્મી કી વૃદ્ધિ હોતી હૈ ।

ઊંચા અશોક વૃક્ષને આશ્રય કરીને રહેલું ઉર્ધ્વગામી કિરણોવાળું આપનું રૂપ, વાદળાઓની સમીપ રહેલા, સ્પષ્ટપણે દેદીપ્યમાન કિરણોવાળા અને અંધકારના સમૂહનો નાશ કરનારા એવા સૂર્યના બિમ્બ જેવું અત્યંત શોભે છે.



સિંહાસન પ્રાતિહાર્યનું વર્ણન





સિંહાસને મણિ મયૂખ શિખા વિચિત્રે
વિભ્રાજતે તવ વપુઃ કનકા-વદાતમ્
બિમ્બં વિય-દ્વિલસ-દંશુ લતા વિતાનં
તુંગો-દ્યાદ્રિ શિરસીવ સહસ્ર-રશ્મેઃ ॥૨૯॥

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो घोरतवाणं ।

मंत्र - ॐ णमो णमिऊण पास विसहर फुल्लिगमंतो विसहर नामक्खरमंतो सर्वसिद्धिमीहे इह समरंताणमण्णे जागई कप्पदुमव्व सर्वसिद्धिः ॐ नमः स्वाहा।


प्रभाव - નેત્ર પીડા દૂર હોતી હૈ । કોઈ ભી સ્થાવર વિષ લગતા નહિં હૈ।

જેમ આકાશમાં દેદીપ્યમાન કિરણોરૂપી લતામંડપવાળા ઉતુંગ એવા ઉદયાચલ પર્વતના શિખર પર રહેલું સૂર્યનું બિંબ શોભે છે તેમ રત્નોનાં કિરણોના અગ્રભાગ વડે ચિત્ર વિચિત્ર સિંહાસન ઉપર તમારું સુવર્ણ જેવી કાંતિવાળું શરીર શોભે છે.



ચામર પ્રાતિહાર્યનું વર્ણન





કુંદાવદાત - ચલ - ચામર - ચારુશોભં
વિભ્રાજતે તવ વપુઃ કલધૌત કાન્તમ્
ઉદ્યચ્છશાંક શુચિ નિર્ઝર વારિધાર -
મુચ્ચૈ સ્તટં સુરગિરે રિવ શાતકૌમ્ભમ્ ॥૩૦॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो घोरगुणाणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ श्रीपार्श्वनाथाय ह्रीँ धरणेन्द्र पद्मावति सहिताय अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रान् स्तम्भय स्तम्भय रक्षां कुरु कुरु स्वाहा ।


प्रभाव - शत्रू का स्तम्भन होता है; एवं यात्रा निर्विघ्न संपन्न होती है ।

મોગરાના પુષ્પ જેવા ઉજ્જવલ ઊછળતા ચામરની શોભાવાળું સુવર્ણ જેવું મનોહર તમારું શરીર ઊગતા ચંદ્ર જેવા સ્વચ્છ ઝરણાનાં પાણીની ધારાવાળા સુવર્ણમય મેરુ પર્વતના ઊંચા શિખરની જેમ શોભે છે.



छत्रत्रय प्रातिहार्यनुं कथन





छत्र त्रयं तव विभाति शशांक कांत-
मुच्चैः स्थितं स्थगित भानुकर प्रतापम्
मुक्ता-फल प्रकर जालविवृद्ध शोभं
प्रख्या पयत्त्रि-जगतः परमेश्वरत्वम् ॥३१॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो घोरगुणपरक्कमाणं ।

मंत्र - ॐ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहर-विसनिन्नासं, मंगलकल्लाण आवासं ॥ ॐ ह्रीँ नमः स्वाहा ।

प्रभाव - राज्य-मान्यता मिलती है और सर्वत्र सन्मान प्राप्त होता है ।


મોતીઓની સમૂહરચના વડે જેની શોભા વિશેષ વૃદ્ધિ પામી છે, વળી જે ચંદ્ર સમાન મનોહર છે અને જેણે સૂર્યનાં કિરણોનો પ્રતાપ સ્થગિત કર્યો છે એવાં, ત્રણ જગતના સ્વામીપણાને સાક્ષાત્ કરતા એવા ઊંચે રહેલા તમારા ત્રણ છત્રો શોભે છે.





સુવર્ણ કમલનું સ્થાપન





ઉન્નિદ્ર હેમ નવ પંકજ પુંજ કાંતિ-
પર્યુલ્લ સન્નખ મયૂખ શિખા ભિરામૌ
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥૩૨॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो विप्पोसहिपत्ताणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ कलिकुण्ड स्वामिन् आगच्छ आगच्छ आत्ममन्त्रान् आकर्षय आकर्षय आत्ममन्त्रान् रक्ष रक्ष परमन्त्रान् छिन्द छिन्द मम समीहितं कुरु कुरु स्वाहा ।

प्रभाव - संपत्ति का लाभ होता है ।

હે જિનેશ્વર ! વિકસ્વર સુવર્ણના નવીન કમળોના સમૂહની કાંતિ વડે ચમકતા નખોનાં કિરણોની શ્રેણી વડે વિભૂષિત એવા તમારા બન્ને પગ જ્યાં પદાર્પણ કરે છે ત્યાં દેવતાઓ કમળો રચે છે.

(નવ પંકજ - નવીન કમળ અથવા નવ કમળ)





અતિશય લક્ષ્મીનું વર્ણન





ઈત્થં યથા તવ વિભૂતિ રભૂજ્જિનેન્દ્ર !
ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય !
યાદક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધ કારા
તાદક્કુતો ગ્રહ ગણસ્ય વિકાશિનોઽપિ ॥૩૩॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो सव्वोसहिपत्ताणं ।

मंत्र - ॐ नमो भगवति अप्रतिचक्रे एँ क्लीँ ब्लूँ ॐ ह्रीँ मनोवाञ्छितसिद्धयै नमो नमः अप्रतिचक्रे ह्रीँ ठः ठः स्वाहा ।


प्रभाव - दुर्जन वशीभूत होते है और उनका मुँह बन्द हो जाता है ।

આ રીતે, હે જિનેશ્વર ! ધર્મોપદેશની વિધિમાં તમારી જે સંપદા હતી તે અન્ય કોઈને હોતી નથી. અંધકારને હણવાવાળી સૂર્યની જે કાંતિ હોય છે તે પ્રકાશિત હોવા છતાં અન્ય ગ્રહના સમૂહની ક્યાંથી હોય ?









श्चोतन् मदाविल विलोल कपोल मूल-
मत्त भ्रमद् भ्रमर नाद विवृद्ध कोपम्
ऐरावता भमि भमुद्धत मापतन्तं
दृष्टवा भयं भवति नो भव दाश्रितानाम् ॥३४॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो मणबलीणं ।

मंत्र - ॐ नमो भगवति अष्टमहानाग कुलोच्चाटिनि कालदष्ट मृतकोत्थापिनि परमन्त्रप्रणाशिनि देवि शासनदेवते ह्रीँ नमो नमः स्वाहा ।

प्रभाव - हाथी का मद उतरता है और समृद्धियाँ बढती है ।


ઝરતા મદ વડે કલુષિત થયેલા ગંડસ્થલને વિષે ભમતા ચંચળ ભમરાઓના ગુંજારવ વડે વધેલા કોપવાળા. ઐરાવતની શોભાને ધારણ કરનારા, ઉધ્ધત અને સામે ધસી આવતા હાથીને જોઈને આપને આશ્રય કરીને રહેલાઓ ભય પામતા નથી.







सिंहभयहर पद्य



भिन्नेभ कुंभ गल दुज्जवल शोणिताक्त-
मुक्ताफल प्रकर भूषित भूमि भागः
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रम युगाचल संश्रितं ते ॥३५॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो वयणबलीणं ।

मंत्र - ॐ नमो एषु वृत्तेषु वक्ष्यमाणाः तत् तत् भीहर वृतवर्णाः एव मन्त्राः पुनः पुनः स्मर्तव्या अतो नापरमंत्र निवेदनाय नमः स्वाहा ।


प्रभाव - सिंह का भय नही रहता है ।

હાથીના ચીરી નાખેલા કુંભસ્થળમાંથી નીકળતા ઉજ્જવલ અને લોહીથી ખરડાયેલા મોતીઓના સમૂહ વડે ભૂમિનો ભાગ જેણે સુશોભિત કર્યો છે એવો આક્રમક સિંહ, તમારા બન્ને પગરૂપી પર્વતને આશ્રય કરીને રહેલા ઉપર, તરાપમાં આવેલ હોવા છતાં પણ આક્રમણ કરી શકતો નથી.





અગ્નિભય નિવારક કવન



કલ્પાંત કાલ પવનોદ્ધત વહ્નિ કલ્પં
દાવાનલં જ્વલિત મુજ્જ્વલ મુત્કુલિંગમ્:
વિશ્વં જિઘત્સુ મિવ સંમુખ માપતંતમ્
ત્વન્નામ કીર્તન જલં શમયત્ય શેષમ્ ॥૩૬॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो कायबलीणं ।

मंत्र - ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्राँ ह्रीँ अग्निमुपशमनं शान्तिँ कुरु कुरु स्वाहा।

प्रभाव - अग्नि का संकट/भय दूर होता है ।

પ્રલયકાળના પવન વડે પ્રદીપ્ત થયેલા અગ્નિ જેવા, અત્યંત તેજસ્વી ઊંચે ઊડતા તણખાવાળા, સમગ્ર વિશ્વને ભરખી જવાની ઈચ્છાવાળા અને સામે આવતા એવા દાવાનળને આપના નામનું કીર્તનરૂપી જળ સંપૂર્ણપણે શાંત કરે છે.



સર્પભય વિદારક કવિતા





રક્તેક્ષણં સમદ કોકિલ કંઠનીલં
ક્રોધોદ્ધતં ફણિન મુત્ફણ માપતંતમ્
આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત શંકઃ
ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो खीरासवीणं ।

मंत्र - ॐ नमो श्राँ श्रीँ श्रूँ श्रः जलदेवि कमले पद्महृदनिवासिनि पद्मोपरिसंस्थिते सिद्धिं देहि मनोवांछितं कुरु कुरु स्वाहा ।

प्रभाव - सर्प के जहर का भय उपस्थित होता नहीं है ।


જે મનુષ્યના હૃદયમાં આપના નામરૂપી નાગદમની (ઔષધિ વિશેષ) રહેલી છે તે લાલ આંખવાળા મદોન્મત્ત કોયલના કંઠ જેવા નીલવર્ણવાળા, ક્રોધથી આક્રમક બનેલા, ઊંચી ફેણવાળા એવા સામે ધસી આવતા સર્પને નિર્ભયતાપૂર્વક બંને પગો વડે દબાવી દે છે (હત્યા કરતા નથી, પણ તેના ક્રોધને શાંત પાડે છે)





संग्राम भयविच्यूरक स्तवना





वल्ग त्तुरंग गज गर्ज्जित भीमनाद -
माजौ बलं बलवता मपि भूपतीनाम्
उद्यद् दिवाकर मयूख शिखापविद्धं
त्वत्कीर्त्तना त्तम ईवाशु भिदा मुपैति ॥३८॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो सप्पिसविणं ।

मंत्र - ॐ नमो नमिऊण विषहर विष प्रणाशन रोग शोकदोष ग्रह कप्पदुमव्व जायई सुहनाम गहण सकलसुहदे ॐ नमः स्वाहा ।

प्रभाव - युद्ध भय मिट जाता है ।

संग्राममां દોડતા અશ્વો અને હાથીઓની ગર્જનાઓને લીધે ભયંકર ઘોષવાળું એવું રાજાઓનું બળવાન સૈન્ય પણ ઊગતા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે નષ્ટ થયેલા અંધકારની જેમ આપના કીર્તન-નામ-સ્મરણમાત્રથી નાશ પામે છે.



સંગ્રામ ભયવિચૂરક સ્તવના





કુંતાગ્ર ભિન્ન ગજ શોણિત વારિ વાહ-
વેગાવતાર તરણાતુર યોધ ભીમે
યુદ્ધે જયં વિજિત દુર્જય જેયપક્ષાઃ
ત્વત્પાદ પંકજ વના શ્રયિણો લભન્તે ॥૩૯॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो महुरसवीणं ।

मंत्र - ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी जिनशासनसेवाकारिणी क्षुद्रोपद्रवविनाशिनी धर्मशान्तिकारिणी नमः शान्तिं कुरु कुरु स्वाहा ।

प्रभाव - युद्ध का भय मिटता है और शान्ति प्राप्त होती है । युद्ध में शस्त्र का मार लगता नहीं है, राज्य से धन लाभ होता है ।

ભાલાના અગ્રભાગ વડે મરાયેલા હાથીઓના રૂધિર રૂપી જળપ્રવાહમાં વેગપૂર્વક પ્રવેશ કરી તરી જવાને આતુર એવા યોદ્ધાઓ વડે રચાયેલા ભીષણ સંગ્રામમાં તમારા ચરણરૂપી કમળ વનનો આશ્રય કરીને રહેલાઓ દુર્જય એવા શત્રુઓનો પરાજય કરીને વિજય પ્રાપ્ત કરે છે.



અંભોનિધૌ ક્ષુભિત ભીષણ નક્ર ચક્ર -
પાઠીન પીઠ ભય દોલ્બણ વાડ વાગ્નૌ
રંગ ત્તરંગ શિખર સ્થિત યાન પાત્રાઃ
ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૦॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो अमिआसवीणं ।

मंत्र - ॐ नमो रावणाय विभीषणाय कुम्भकरणाय लङ्काधिपतये महाबलपराक्रमाय मन-श्चिन्तितं कुरु कुरु स्वाहा ।

प्रभाव - समुद्र का भय दूर होता है ।

જે સમુદ્રમાં વિક્ષુબ્ધ થયેલા ભયંકર મગરના સમૂહો 'પાઠીન' અને 'પીઠ' જાતિના ભયંકર મત્સ્યો અને વડવાનલયુક્ત ઊછળતા તરંગો છે, તેના શિખર પર તરી રહેલા વહાણના યાત્રિકો આપના નામ સ્મરણથી ભયમુક્ત થઈને યથાસ્થાને પહોંચે છે.




ઉદ્ભૂત ભીષણ જલોદર ભાર ભુગ્નાઃ
શોચ્યાં દશા મુપગતા શ્ચ્યુત જીવિતાશાઃ
ત્વત્પાદ પંકજ રજોમૃત દિગ્ધદેહા
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્યરૂપાઃ ।।૪૧।।

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो अक्खीणमहाणसाणं ।

મંત્ર - ॐ नमो भगवति क्षुद्रोपद्रवशान्तिकारिणि रोगकष्ट-ज्वरोपशमनं कुरु कुरु स्वाहा ।

પ્રભાવ - સર્વ રોગ નષ્ટ હોતા હૈ તથા ઉપસર્ગો દૂર હોતે હૈં ।

ભયંકર જલોદરના વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભારને લીધે વાંકા વાળી ગયેલા દયનીય દશાને પામેલા. જીવનની આશાને છોડી દીધેલા, બરડાયેલા દેહવાળા મનુષ્ય તમારા ચરણ કમળના રજરૂપી અમૃતવડે કામદેવ સમાન રૂપવાળા થાય છે.



આપાદ કંઠ મુરુશૃંખલ વેષ્ટિતાંગા
ગાઢં બૃહ ન્નિગડ કોટિ નિઘૃષ્ટ જંઘાઃ
ત્વન્નામ મંત્ર મનિશં મનુજાઃ સ્મરન્તઃ
સદ્યઃ સ્વયં વિગત બંધ ભયા ભવન્તિ ॥૪૨॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो सिद्धिदयाणं ।

मंत्र - ॐ नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः ठः ठः जः जः क्षाँ क्षीँ क्षूँ क्षौँ क्षः स्वाहा।

प्रभाव - जेल से जल्दी मुक्ति मिलती हैं ।

પગથી લઈને કંઠ સુધી મોટી સાંકળો વડે બંધાયેલા શરીરવાળા. અત્યંત મોટી બેડીઓના અગ્રભાગ વડે ઘસાતી જાંઘોવાળા મનુષ્યો તમારા નામસ્વરૂપ મંત્રનું સ્મરણ કરતાં શીઘ્ર બંધનના ભયથી રહિત થાય છે.

સ્તોત્ર મહાત્મ્ય ઉપસંહાર





મત્ત દ્વિપેન્દ્ર મૃગરાજ દવાનલાહિ
સંગ્રામ વારિધિ મહોદર બંધનો ત્થમ
તસ્યાશુ નાશ મુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમિમં મતિમાન ધીતે ॥૪૩॥

ऋद्धि - ॐ ह्रीँ अर्हँ णमो वड्ढमाणाणं ।

मंत्र - ॐ नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः यः क्षः श्रीँ ह्रीँ फट् स्वाहा ।


प्रभाव - शत्रु परास्त होता है और शस्त्रादि के घाव शरीर में नहीं हो पाते।

જે બુદ્ધિમાન મનુષ્ય તમારા આ સ્તોત્રનું પઠન કરે છે તેના મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, સમુદ્ર, જલોદર અને બંધન વિ. (આઠ પ્રકારના) ઉત્પન્ન થયેલા ભય સ્વયં ભય પામ્યા હોય એ રીતે તેનો નાશ પામે છે.



ગ્રન્થકારશ્રીનું અંતિમ નિવેદન






સ્તોત્રસ્રજં તવ જિનેંદ્ર ! ગુણૈ નિર્બદ્ધાં
ભક્ત્યા મયા રુચિર વર્ણ વિચિત્ર પુષ્પામ્
ધત્તે જનો ય ઈહ કંઠગતા મજસ્રં
તં માનતુંગમ વશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

ઋદ્ધિ - ॐ ह्रीँ अर्हँ णमो सव्वसाहूणं ।

મંત્ર - ॐ नमो भगवते महिते महावीर वड्ढमाण बुद्धिरिसीणं
ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा झौँ झौँ स्वाहा ।
ॐ नमो बंभचारिणं अट्ठारस सहस्स सीलंगरथधारिणं नमः स्वाहा ।

પ્રભાવ - સમસ્ત મનોકામનાએઁ સિદ્ધ હોતી હૈ તથા મનશ્ચિંતિત વ્યક્તિ વશ હોતા હૈ ।

હે જિનેશ્વર ! સદ્‌ગુણો અને મનોહર અક્ષરો રૂપી ચિત્ર-વિચિત્ર પુષ્પો વડે ગુંથેલી એવી આ તમારા સ્તોત્રરૂપી માળાને જે મનુષ્ય અવિરતપણે કંઠમાં ધારણ કરે છે તે સ્વમાની એવા ઉન્નત મનુષ્યને, અથવા આ સ્તોત્રના રચયિતા માનતુંગ સૂરીશ્વરને સર્વતંત્રસ્વતંત્ર એવી કોઈને પણ વશ ન રહેનારી (મોક્ષરૂપી) લક્ષ્મી પ્રાપ્ત થાય છે.



શ્રી શત્રુંજય તિર્થાધિપતિ આદિનાથ દાદા



શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંત - બોટાદ



ॐ ह्रीँ श्री धरणेन्द्र-पद्मावती पूजीताय शंखेश्वर पार्श्वनाथाय नमः



ॐ ह्रीँ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથાય નમઃ



ॐ ह्रीँ श्री જીરાવલા પાર્શ્વનાથાય નમઃ



ॐ ह्रीँ श्री सहस्रफणा पार्श्वनाथाय नमः





શ્રી નેમીનાથ ભગવાનનો વરઘોડો



શ્રી મહાવીરસ્વામી ભગવાન, સુરત

શ્રી મહાવીરસ્વામી ભગવાનના ગણધર ભગવંતો



વાચનાપ્રદાતૃ શ્રી સુધર્માસ્વામીને નમો નમઃ





મણિભદ્ર વીરને પ્રણામ

વિવેકભાવ અને ભક્તિભાવથી
ભીંજવેલી શ્રી શ્રુતદેવીને પ્રણામ

જ્ઞાનગરીમાં સહાયકવનારી
સમકિતધારી શ્રી ધરણેંદ્રદેવીને પ્રણામ

ॐ ह्रीँ श्री महावीरस्वामी सर्वज्ञाय नमः


૨૦ માળાઃ મધ્યરાત્રિ પહેલાં ગણવી

ॐ ह्रीँ श्री महावीरस्वामी पारंगताय नमः

૨૦ માળાઃ મધ્યરાત્રિ બાદ ગણવી

ॐ ह्रीँ श्री गौतमस्वामी सर्वज्ञाय नमः

૨૦ માળાઃ પરોઢીયા પહેલાં ગણવી




પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા. (કહેલાવાળા)



પૂ. આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. (કહેલાવાળા)



પૂ. આચાર્યદેવશ્રી ભુવનવિજયજી મ.સા. (કહેલાવાળા)




પરમપૂજ્ય આચાર્યદેવશ્રી રામસૂરીશ્વરજી મ.સા. (કહેલાવાળા)



પૂ. આચાર્યદેવ યશોભદ્રસૂરીશ્વરજી મ.સા. (કહેલાવાળા)



પૂ. આચાર્યદેવશ્રી અભયસૂરીશ્વરજી મ.સા. (કહેલાવાળા)



પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. આચાર્યદેવશ્રી મહોદયસૂરીશ્વરજી મ.સા.




પૂ. આચાર્યદેવશ્રી રાજતિલકસૂરીશ્વરજી મ.સા.



પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકપ્રભસૂરીશ્વરજી મ.સા.




પૂ. આચાર્યદેવશ્રી ગુણયશસૂરીશ્વરજી મ.સા.




પૂ. આચાર્યદેવશ્રી કિર્તિયશસૂરીશ્વરજી મ.સા.




પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.




પૂ. આચાર્ય ધનચંદ્રસૂરીશ્વરજી મ.સા.




પૂ. હેમરત્ન વિજયજી મ.સા.



પૂ. આચાર્ય ભુપેન્દ્રસૂરીશ્વરજી મ.સા.



પરમ પૂજ્ય આચાર્યશ્રી નાગચંદ્રસ્વામીજી મ.સા.



પૂ. આચાર્યદેવશ્રી ત્રિલોકચંદ્રજી મ.સા.




પૂ. આચાર્યદેવશ્રી છોટાલાલજી મ.સા.




પૂ. દિનેશચંદ્રજી મ.સા.




પૂ. નિરંજનમુનિ મ.સા.




પ.પૂ.આ.ભ. શ્રી નેમીસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.





ગચ્છાધિપતી પ.પૂ.આ.ભ. શ્રી સૂર્યોદય સાગર સૂરીશ્વરજી મ.સા.



શ્રી વિશ સ્થાનક ચિત્ર

શ્રી શત્રુંજય ભાવયાત્રાનો નકશો






શત્રુંજયમાં જિનાલયો	–	૩,૫૦૭
શત્રુંજયમાં જિનબિંબો	–	૨૭,૦૦૭
શત્રુંજયમાં ચરણ પાદુકાઓ	–	૧,૫૦૦
શત્રુંજયમાં પગથિયાઓ	–	૩,૩૬૪
શત્રુંજયની ઊંચાઈ	–	૨,૦૦૦ ફૂટ
ગિરિરાજનો ઘેરાવો	–	૭.૫ માઈલ
ગિરિરાજનો યાત્રામાર્ગ કુલ	–	૨ માઈલ ૨ ફર્લાંગ

શ્રી રાયણના પગલા

પાલીતાણા પરિચય, શ્રી શત્રુંજય તીર્થ : દર્શન



શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર



શ્રી ઋષિમંડલ યંત્ર

१ माला गिनने की मुद्रा



सुत्रोच्चारण योगमुद्रा से




२

पंचाङ्ग-प्रणिपात (खमासमणु)



३

अब्भुट्ठिओ खामणे-
खामेमि राइयं...



४

स्थापना-मुद्रा



५

उत्थापन (स्थापना ऊठाने की) मुद्रा



६

७

चैत्यवन्दना में
दो गोडे भूमि पर
या बाया गोडा
खडा रख पेट पर
दो कोणी व अञ्जलि
योगमुद्रा से



जिन-मुद्रा से कायोत्सर्ग ध्यान




८

मुक्ताशुक्ति मुद्रा से जावंति.
जावंत.
जय-वीयराय.



९


१
यथाजात
मुद्रा
२
अवनत
मुद्रा
३
पहला
आवर्त
४
दूसरा
आवर्त
५ प्रक्षाल
अभिषेक-पूजा
६
तिलक
पूजा
७
स्वस्तिक के लिए
पहला अक्षत वर्तुल
८
वर्तुल
में ४ लकीर


શ્રી પિસ્તાલીસ આગમ સૂત્રનાં નામ




- શ્રી આચારંગ સૂત્ર
- શ્રી સુત્રકૃતાંગ સૂત્ર
- શ્રી ઠાણાંગ સૂત્ર
- શ્રી સમવાયાંગ સૂત્ર
- શ્રી પરમપાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર
- શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
- શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
- શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
- શ્રી અનુત્તરોવવાઈદશાંગ સૂત્ર
- શ્રી પ્રશ્ન વ્યાકરણાંગ સૂત્ર
- શ્રી વિપાકાંગ સૂત્ર
- શ્રી ઉવવાઈ સૂત્ર
- શ્રી રાજપ્રશ્રીય સૂત્ર
- શ્રી જીવાભિગમ સૂત્ર
- શ્રી ગણિવિજ્જા પયન્ના
- શ્રી ચંદાવિજય પયન્ના

- શ્રી પન્નવણા સૂત્ર
- શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
- શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર
- શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
- શ્રી નિરયાવલિકા સૂત્ર
- શ્રી કલ્પાવતંસિકા સૂત્ર
- શ્રી પુષ્પિતા સૂત્ર
- શ્રી પુષ્પચુલિકા સૂત્ર
- શ્રી વહ્નિદશા સૂત્ર
- શ્રી ચઉસરણ પયન્ના
- શ્રી આઉરપચ્ચક્ખાણ પયન્ના
- શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના
- શ્રી ભત્તપરિન્ના પયન્ના
- શ્રી તંદુલવેયાલિય પયન્ના

- શ્રી દેવેન્દ્રશુઈ પયન્ના
- શ્રી મરણસમાધિ પયન્ના
- શ્રી સંથારા પયન્ના
- શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
- શ્રી બૃહત્કલ્પ સૂત્ર
- શ્રી વ્યવહાર સૂત્ર
- શ્રી જીતકલ્પ સૂત્ર
- શ્રી નિશીથ સૂત્ર
- શ્રી મહાનિશીથ સૂત્ર
- શ્રી આવશ્યક સૂત્ર
- શ્રી દશવૈકાલિક સૂત્ર
- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
- શ્રી પિંડ નિર્યુક્તિ સૂત્ર
- શ્રી નંદી સૂત્ર
- શ્રી અનુયોગદ્વાર સૂત્ર




કલ્પસૂત્રનું ચિત્ર




તીર્થંકર ભગવંતોના પંચકલ્યાણક

ચ્યવનકલ્યાણક જન્મકલ્યાણક દિક્ષાકલ્યાણક

કેવળજ્ઞાનકલ્યાણક મોક્ષકલ્યાણક




પાર્શ્વનાથ ભગવાન ઉપર કમઠ દ્વારા ઉપસર્ગ




ધાનેરાના શ્રી શીતલનાથ ભગવાનનું દેરાસર




ધાખાના શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર



તીર્થંકર ભગવાનનું ભવ્ય સમવસરણ



શ્રી સીમંધરસ્વામી




શ્રી યુગમંધરસ્વામી



શ્રી બાહુસ્વામી


શ્રી મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન




શ્રી સુબાહુસ્વામી



શ્રી સુજાતસ્વામી



શ્રી સ્વયંપ્રભસ્વામી




શ્રી વૃષભાનનસ્વામી



શ્રી અનંતવીર્યસ્વામી




શ્રી સૂરપ્રભસ્વામી



શ્રી વિશાલપ્રભસ્વામી



શ્રી વજ્રધરસ્વામી




શ્રી ચંદ્રાનનસ્વામી




શ્રી ચંદ્રબાહુસ્વામી

વીસ તીર્થંકર ભગવંતો




શ્રી ભુજંગસ્વામી




શ્રી ઈશ્વરસ્વામી




શ્રી નેમિપ્રભસ્વામી




શ્રી વીરસેનસ્વામી




શ્રી મહાભદ્રસ્વામી




શ્રી દેવયશાસ્વામી




શ્રી અજિતવીર્યસ્વામી


હસ્તિનાપુર નગરમાં પ્રભુશ્રી આદિશ્વરદાદા
શ્રેયાંસકુમાર દ્વારા વરસીતપનું પારણું



ચંદનબાળા દ્વારા મહાવીર પ્રભુનું પારણું

અઢિદ્વિપનો નકશો







અઢિદ્વિપની પ્રતિકૃતિ પાલીતાણા ખાતે બનાવવામાં આવેલ છે.



પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય પ્રેમ સૂરીશ્વરજી મ.સા.




પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા.




પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.




પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)



પ.પૂ.આ. શ્રીવિજય જયઘોષ સૂરીશ્વરજી મ.સા.




સુવિશાલ ગચ્છાધિપતી પ.પૂ.આ.ભ. શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ.સા.




પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય હેમપ્રભ સૂરીજી મ.સા.

પૂ. મુનિરાજ ચંદ્રપ્રભવિજયજી મ.સા.



પૂ. મુનિરાજ ચિદ્‌શેખરવિજયજી મ.સા.




શ્રી સંયમી રત્નો




પૂ. મુનિરાજ અર્હપ્રભવિજયજી મ.સા.

ધા ને રા ના



પૂ. મુનિરાજ મોક્ષરત્નવિજયજી મ.સા.



પૂ. મુનિરાજ પાર્શ્વરત્નવિજયજી મ.સા.

શ્રી પૂર્ણકલાશ્રીજી મ.સા.




શ્રી અપૂર્વરસાશ્રીજી મ.સા.



શ્રી ઘાનેરા સંયમી રત્નો



શ્રી જીતપૂર્ણાશ્રીજી મ.સા.



શ્રી શ્રુતીબાઈ મહાસતીજી



શ્રી શ્રેયાબાઈ મહાસતીજી

પૂ. પ્રેમલતાશ્રીજી મ.સા.



પૂ. સ્નેહલતાશ્રીજી મ.સા.



શ્રી સંયમી રત્નો



પૂ. જીતમતીશ્રીજી મ.સા.

ઘા ને રા ના



પૂ. પ્રિયદર્શનાશ્રીજી મ.સા.



પૂ. દિવ્યદર્શનાશ્રીજી મ.સા.

પૂ. શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.



પૂ. મુક્તિરસાશ્રીજી મ.સા.



શ્રી સંયમી ૨ત્નો ઘા ને રા ના



પૂ.વિનોદશ્રીજી મ.સા.



પૂ. વિશુદ્ધપ્રજ્ઞાશ્રીજી મ.સા.



પૂ. પ્રીતિદર્શનાશ્રીજી મ.સા.

પૂ. અક્ષયપ્રજ્ઞાશ્રીજી મ.સા.



પૂ. કર્મજીતાશ્રીજી મ.સા.



શ્રી



સંયમી રત્નો

ઘા ને રા ના

પૂ. શ્રી અનંતપ્રજ્ઞાશ્રીજી મ.સા.



પૂ. દર્શનરત્નાશ્રીજી મ.સા.




પૂ. યોગીરત્નાશ્રીજી મ.સા.

પૂ. ભાવિતરસાશ્રીજી મ.સા.



પૂ. હિરણ્યપ્રભાશ્રીજી મ.સા.



શ્રી ઘાનેરા સંયમી રત્નો



પૂ. મુક્તિરસાશ્રીજી મ.સા.



પૂ. મુક્તિરેખાશ્રીજી મ.સા.



પૂ. મુક્તિનિલયાશ્રીજી મ.સા.

પૂ. આજ્ઞારુચિશ્રીજી મ.સા.



પૂ. આગમરસાશ્રીજી મ.સા.



શ્રી ઘાનેરા સંયમી રત્નો



પૂ. અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.



પૂ. પ્રશાંતદર્શનાશ્રીજી મ.સા.



પૂ. તત્પરત્નાશ્રીજી મ.સા.

પૂ. ચિરાગરેખાશ્રીજી મ.સા.



પૂ. દિવ્યદર્શિતાશ્રીજી મ.સા.



શ્રી ઘાનેરાના સંયમી રત્નો



પૂ. દિવ્યરૂચીતાશ્રીજી મ.સા.



પૂ. રત્નપૂર્ણાશ્રીજી મ.સા.



પૂ. દર્શનરૂચીતાશ્રીજી મ.સા.

પૂ. અર્પણરસાશ્રીજી મ. સા.

પૂ. હીતપ્રજ્ઞાશ્રીજી મ. સા.





શ્રી

ઘા

ને

રા

ના



સં


ય

મી

ર


ત્નો

પૂ. રંજનમાલાશ્રીજી મ. સા.






પૂ. નિરાગપૂર્ણાશ્રીજી મ. સા.


સ્વ. શા કકલદાસ હીરાચંદ અજબાણી

ગં. સ્વ. ભુરીબેન કકલદાસ અજબાણી






સ્વ. પુત્ર ડાહ્યાલાલ કકલદાસ અજબાણી



સ્વ. પુત્ર કનીલાલ કકલદાસ અજબાણી



સ્વ. પૌત્ર સંજયકુમાર દિનેશચંદ અજબાણી




પુત્રવધુ : (સ્વ.) અ.સૌ. લીલાબેન નગીનદાસ અજબાણી

પરમ પૂજ્ય શ્રી હીરશ્રીજી મ.સા.



શ્રી




સંયમી રત્નો

પરમ પૂજ્ય ગુણહંસ વિ. મ.સા.

ઘાનેરાના







અનુક્રમણિકા

દેરાસરની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ	7
નવકાર વંદના	9
શ્રી શત્રુંજય તીર્થની સ્તુતી	11
મુનિ નંદીષેણ (સજ્ઝાય)	12
શ્રી પંચ સૂત્ર	17
સાચુ કરીએ પ્રતિક્રમણ	20
જુદી જુદી પૂજામાં જોઈતી ચીજ વસ્તુઓની યાદી	33
કષાય અને લેશ્યાનું સામાન્ય સ્વરૂપ	37
નિત્ય આરાધના વિધિ	૧
સવારે ઉઠતી વખતે	
જિનાલયમાં ધ્યાનમાં રાખવાલાયક સૂચનો	
રાત્રે સૂતી વખતે	
મંગલ પ્રાર્થના	
પરમાત્માની ત્રણ પ્રદક્ષિણામાં બોલવાના દુહા... ...	
પ્રભુ સન્મુખ બોલવાની સંસ્કૃત સ્તુતિઓ	
પ્રભુ સન્મુખ બોલવાની ગુજરાતી સ્તુતિઓ	
અષ્ટપ્રકારી પૂજા વિભાગ	૨૪
પંડિત શ્રી વીરવિજયજી કૃત શ્રી સ્નાત્ર પૂજા... ...	૪૫
ચૈત્યવંદન વિધિ વિભાગ	૬૩
વિધિ સહિત ગુરુવંદન	૭૩
રાઇય-પ્રતિક્રમણ વિધિ સહિત	૭૪
વિવિધ પચ્ચક્ખાણો	૧૦૯
શ્રી સીમંધર સ્વામી તથા શ્રી શત્રુંજયતીર્થના ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ	૧૨૧



કંઠનું ભુષણ પાંચ તોલાનો કંઠો કે ચેન નહિ, પણ કોમળ અને સત્ય વચનો છે.

શ્રી દેવસિય પ્રતિક્રમણ વિધિ સહિત	**૧૫૪**
શ્રી પાક્ષિક પ્રતિક્રમણ વિધિ સહિત	**૨૦૧**
શ્રી બૃહત્ શાંતિ સ્તોત્ર	**૨૮૨**
શ્રી રાયણ પગલાનું ચૈત્યવંદન, સ્તવન તથા સ્તુતિ ...	**૨૯૭**
ચોવીસ તીર્થંકર ભગવાનના ચૈત્યવંદનો - સ્તવનો તથા સ્તુતિઓ	**૨૯૯**
સજ્ઝાયનો સંગ્રહ	**૩૬૮**
શ્રી ગજસુકુમારની સજ્ઝાય	**૩૬૮**
શ્રી અરણીક મુનિની સજ્ઝાય	**૩૭૦**
શ્રી જંબૂસ્વામીની સજ્ઝાય	**૩૭૧**
શ્રી ઈલાચીપુત્રની સજ્ઝાય	**૩૭૨**
વૈરાગ્યની સજ્ઝાયો	**૩૭૩**
રહનેમીની સજ્ઝાય	**૩૭૬**
સંસારના ખોટા સગપણની સજ્ઝાય	**૩૭૭**
શ્રી અધ્યાત્મપદ સજ્ઝાય	**૩૭૭**
અનિત્યસગપણની સજ્ઝાય	**૩૭૮**
મેતારજ મુનીની સજ્ઝાય	**૩૭૯**
શ્રી ઘડપણની સજ્ઝાય	**૩૮૦**
સુકૃતની સજ્ઝાય	**૩૮૨**
શ્રી પડિક્કમણાંના ફળની સજ્ઝાય	**૩૮૨**
ક્રોધની સજ્ઝાય	**૩૮૩**
શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન, સ્તુતિ તથા ચૈત્યવંદન ...	**૩૮૪**
સ્તવન પ્રભુજી માંગુ તારી પાસ....	**૩૮૬**
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ	**૩૮૭**
પૂ. પ્રેમસૂરિદાદાની અંતિમ આરાધના માટે	**૩૮૮**
શ્રી બીજનું ચૈત્યવંદન, સ્તવન તથા સ્તુતિ	**૩૯૨**
શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તથા સજ્ઝાય ...	**૩૯૩**

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તથા સજ્ઝાય ૩૯૬

શ્રી એકાદશીનું ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તથા સજ્ઝાય ૩૯૯

શ્રી દીવાળીપર્વના ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિ તથા સજ્ઝાય ૪૦૩

શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તથા સજ્ઝાય ૪૦૮

શ્રી નવપદજીનું ચૈત્યવંદન, સ્તવન તથા સ્તુતિ ... ૪૧૪

નવ સ્મરણમ્ ૪૧૬

૧. શ્રી નવકારમંત્ર... ... ...

૨. ઉવસગ્ગહરં સ્તવન ... ...

૩. સંતિકરં સ્તવન ... ...

૪. તિજયપહુત્ત સ્તોત્ર ... ...

૫. નમિઊણ સ્તોત્ર ... ...

૬. શ્રી અજિતશાંતિ સ્તવન ... ...

૭. ભક્તામર સ્તોત્ર ... ...

૮. કલ્યાણમંદિર સ્તોત્ર ... ...

૯. બૃહત્-શાન્તિ સ્તોત્ર ... ...

શ્રી નવપદ તપ આરાધના વિધિ ૪૪૬

પોષહ લેવાની વિધિ ૪૭૮

ત્રિકાલ દેવવંદનની વિધિ ૪૯૩

ચાતુર્માસ આરાધના વિધિ ૫૦૯

દૈનિક કાર્યક્રમ ... ...

નવાણું યાત્રાની વિધિ ... ...

એકવીસ ખમાસમણના દુહા... ... ...

૧૦૮ ખમાસમણના દુહા ... ...

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાએ જતાં યાત્રાળુઓને ઉપયોગી વિગત

શ્રી અરિહંત વંદનાવલિ ૫૩૦

શ્રી તીર્થંકર વંદનાવલિ **૫૩૭**
શ્રી રત્નાકર પચ્ચીસી **૫૪૩**
શ્રી મહાવીર સ્વામીનું હાલરડું **૫૬૨**
શ્રી મહાવીર ભગવાનના સત્તાવીશ ભવનું સ્તવન ... **૫૬૫**
શ્રી નેમનાથ ભગવાન સલોકો, સ્તવન તથા
નવભવની સજ્ઝાય **૫૭૦**
પ્રભુ પોંખણાના ગીત **૫૮૧**
દીક્ષા ગીતો **૫૮૬**
મૈં તો સાસરીયો કોની જવું... ... ...
ઓઘો છે અનમોલો ... ...
જા સંયમ પંથે દીક્ષાર્થી ... ...
મુક્તિ પંથે જાતાં ... ...
સંયમની મોરલી વાગી રે..... ... ...
હું તો અરિહંત અરિહંત જપું... ... ...
સ્તવન માળા **૫૯૨**
પંખીડા ઓ પંખીડા.... ... ...
હે કરૂણાના કરનારા.... ... ...
ટહુકા કરતો જાય રે મોરલો.... ... ...
ઢોલીડા તું ઢોલ ધીમો.... ... ...
ટીલડી રે મારા પ્રભુજીને..... ... ...
આંખડી મારી પ્રભુ હરખાય.... ... ...
એક પંખી આવીને ઉડી ગયું.... ... ...
રંગાઈ જાને રંગમાં.... ... ...
હે ત્રિશલાના જાયા.... ... ...
તુમસે લાગી લગન.... ... ...
મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું.... ... ...
બહારો ફૂલ બરસાઓ.... ... ...
ઝૂલો રે ઝૂલો થે તો.... ... ...
માઁ ત્રિશલા રે આંગણિયે..... ... ...

અંતરનમી સુણ અલવેસર.... ... ...
ચાર શરણ.... ... ...
આંખ મારી ઉઘડે ત્યાં સિદ્ધાચલ દેખું.... ... ...
હું છું અનાથ મારો ઝાલજો રે હાથ.... ... ...
આ જગની માયા છોડીને.... ... ...
આ જિંદગીના ચોપડામાં.... ... ...
મહાવીર સ્વામી મહારા..... ... ...
હો નેમ તમે થોડા થોડા.... ... ...
તમે માયાની જળમાં જૂઠા સંસારમાં.... ... ...
મારી એક તમન્ના છે.... ... ...
મારી આ જીવન નૈયા.... ... ...
પ્રભુજીનું મુખડું મલકે છે..... ... ...
હંસલો ચાલ્યો જવાનો એકલો રે..... ... ...
આટલું તો આપજે ભગવન્.... ... ...
મારા મરણ વખતે બધી..... ... ...
ચીઠ્ઠી રે ફાટશે ઉપરવાળાની.... ... ...
માફું આયખું ખૂટે જે ઘડીએ.... ... ...
એક હતી અજવાળી પૂનમ.... ... ...
મુઠ્ઠી છોડી દો માયાની જળ.... ... ...
તમે ભાવે ભજી લ્યો ભગવાન.... ... ...

ચડાવાના ગીતો **૬૧૬**
શ્રી સિદ્ધાચલ તીર્થની ભાવયાત્રા **૬૧૮**
ત્રણ લોકનાં તીર્થની ભાવયાત્રા **૬૫૪**
શ્રી સમ્મેતશિખરજી તીર્થ ભાવયાત્રા **૬૬૬**
શ્રી ગૌતમસ્વામીનો રાસ **૬૮૨**
શ્રી ગૌતમસ્વામીનો વિલાપ **૬૯૨**
ગૌતમ પૃચ્છા **૬૯૪**
સામાયિક સૂત્ર રહસ્ય પ્રશ્નોત્તરી **૭૦૬**
ભવ આલોચના **૭૨૨**

પર્યન્ત આરાધના	**૭૨૭**
શ્રી પુન્યપ્રકાશનું સ્તવન	**૭૩૩**
પદ્માવતી આરાધના...	**૭૪૩**
સંપૂર્ણ ભારત જૈન તીર્થ દર્શન	**૭૪૭**
ધાનેરાના સંયમી રત્નો (સાધુ તથા સાધ્વીજી)ની યાદી	**૭૮૫**
જાણવા જેવું	**૭૯૧**
જૈન શારદાપૂજન વિધિ	**૮૦૧**
જૈન લક્ષ્મીપૂજન વિધિ	**૮૦૩**
મરણ સમયે શુભ ભાવના	**૮૦૫**
ચારે ગતિના જીવોનાં ખામણાં	
વીતરાગ સ્તોત્ર-પ્રકાશ	
અંતિમ સાધના	
અંત સમયની અણમોલ આરાધના	
સમરો મંત્ર ભલો નવકાર	
મરણ પાછળની રીત	
વાર્તા વિભાગ	**૮૨૦**
વસ્તુપાલ-તેજપાલ, શાલિભદ્રજી, ધન્નાકાકંદી, પુણીયો શ્રાવક, મેઘકુમાર, સમ્રાટ સંપ્રતિ, ચક્રી સનતકુમાર, મહાસતી સીતાજી, કામવિજેતા મહામુનિ સ્થૂલભદ્રજી, દાનવીર જગડુશાહ, મહાત્મા ગજસુકુમાલ, જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી અને બાદશાહ અકબર, અતિમુક્તક, કૂરગડુ નાગદત્ત, રાજા મુંજ, જંબૂ સ્વામી, નળ-દમયંતિ, સુદર્શન શેઠ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, પરમાર્હત્ રાજા કુમારપાલ, રામાયણ (૧), (૨), (૩)	
કથા વિભાગ	**૮૩૮**
શ્રી અમરકુમારની કથા, મહર્ષિ મેતારજ મુનિની કથા, ઈલાચીકુમારની કથા, શ્રી નંદિષેણ મુનિની કથા, શ્રી અષાઢાભૂતિની કથા, સતી સુભદ્રાની કથા, કુબેરદત્તાની કથા, શ્રી વજસ્વામીજીની કથા	
દિવસ-રાત્રીના ચોઘડીયા	**૮૯૨**
પચ્ચક્ખાણના સમયનો ચાર્ટ	**૮૯૩**
આરતી	**૮૯૪**
મંગલ દીવો	**૮૯૫**
વધાઈ	**૮૯૫**
ક્ષમાપના	**૮૯૬**

-: દેરાસરની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ :-

(૧) દેરાસરમાં નાકનું લીંટ નાખે, (૨) જુગાર, પાનાં, શેતરંજ, ચોપાટ વિગેરે રમતો રમે, (૩) લડાઈ ઝઘડો કરે, (૪) ધનુષ્ય વિગેરે કળા શીખે, (૫) કોગળા કરે, (૬) મુખવાસ, સોપારી વિગેરે ખાય, (૭) પાનના ડૂચા દેરાસરમાં થૂંકે, (૮) ગાળો આપે, (૯) ઝાડો-પેશાબ કરે, (૧૦) હાથ, પગ, શરીર, મોઢું વિગેરે ધોવે, (૧૧) વાળ ઓળે, (૧૨) નખ ઉતારે, (૧૩) લોહી પાડે, (૧૪) સુખડી વિગેરે ખાય, (૧૫) ગૂમડાં ચાંદાં વિગેરેની ચામડી ઉતારીને નાખે, (૧૬) પિત્ત નાખે, (૧૭) ઉલટી કરે, (૧૮) દાંત પડે તે દેરાસરમાં નાખે, (૧૯) આરામ કરે, (૨૦) ગાય, ભેંસ, ઉંટ, બકરા વિગેરેનું દમન કરે, (૨૧ થી ૨૮) દાંત, આંખ, નખ, ગાલ, નાક, કાન, માથાનો તથા શરીરનો મેલ નાખે, (૨૯) ભૂતપ્રેત કાઢવા મંત્ર સાધના કરે, (૩૦) રાજ્ય વિગેરેના અથવા વિવાદ વિગેરેના સાંસારિક કાર્ય માટે પંચ ભેગું કરે, (૩૧) પોતાનાં ઘર-વેપારનાં નામાં લખે, (૩૨) રાજાના કરની અથવા પોતાના ભાગની વહેંચણી કરે, (૩૩) પોતાનું ધન દેરાસરમાં રાખે, (૩૪) પગ ઉપર પગ ચઢાવીને બેસે, (૩૫) થાણા થાપે, (૩૬) કપડાં સૂકવે, (૩૭) શાક વિગેરે ઉગાડે કે મગ, મઠ આદિ સૂકવે, (૩૮) પાપડ સૂકવે, (૩૯) વડી, ખેરો, શાક, અથાણાં સૂકવે, (૪૦) રાજા વિગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ રહે, (૪૧) સંબંધીનું મૃત્યુ સાંભળી રડે, (૪૨) વિકથા કરે, (૪૩) શસ્ત્ર-અસ્ત્ર-યંત્ર ઘડે કે સર્જે, (૪૪) ગાય, ભેંસ વિગેરે રાખે, (૪૫) તાપણું તપે, (૪૬) પોતાના કામ માટે દેરાસરની જગ્યા રોકે, (૪૭) નાણું પારખે, (૪૮) અવિધિથી, નિસીહિ કહ્યા વિના

દેરાસરમાં જાય, (૪૯ થી ૫૧) છત્ર, પગરખાં અને શસ્ત્ર-ચામર વિગેરે વસ્તુ દેરાસરમાં લાવે, (૫૨) મનને એકાગ્ર ન રાખે, (૫૩) શરીરે તેલ વિગેરે ચોળે-ચોપડે, (૫૪) ફુલ વિગેરે સચિત્ત દેરાસરની બહાર મૂકીને ન આવે, (૫૫) રોજના પહેરવાના દાગીના બંગડી વિગેરે પહેર્યા વિના (શોભા વિના) આવે, (૫૬) ભગવંતને જોતાં હાથ ન જોડે, (૫૭) અખંડ વસ્ત્રનો ખેસ પહેર્યા વિના આવે, (૫૮) મસ્તકે મુગટ પહેરે, (૫૯) માથા પર પાઘડી-કપડું બાંધે, (૬૦) હાર-તોરા વિગેરે શરીર પરથી દૂર ન કરે, (૬૧) હોડ બકે, (૬૨) લોકો હસે તેવી ચેષ્ટાઓ કરે, (૬૩) મહેમાન વિગેરેને પ્રણામ કરે, (૬૪) ગિલ્લીદંડા રમે, (૬૫) તિરસ્કારવાળું વચન કહે, (૬૬) દેવાદારને દેરાસરમાં પકડે, પૈસા કઢાવે, (૬૭) યુદ્ધ ખેલે, (૬૮) ચોટલીના વાળ ઓળે, (૬૯) પલાંઠી વાળીને બેસે, (૭૦) પગમાં લાકડાની પાવડી પહેરે, (૭૧) પગ લાંબા-પહોળા કરીને બેસે, (૭૨) પગચંપી કરે, (૭૩) હાથ-પગ ધોવા ઘણું પાણી ઢોળી ગંદકી કરે, (૭૪) દેરાસરમાં પગ કે કપડાંની ધૂળ ઝાટકે, (૭૫) મૈથુન ક્રીડા કરે, (૭૬) માંકડ જૂ વિગેરે વીણીને દેરાસરમાં નાખે, (૭૭) જમે, (૭૮) શરીરના ગુપ્ત ભાગ બરાબર ઢાંક્યા વિના બેસે, દેખાડે, (૭૯) વૈદું કરે, (૮૦) વેપાર લેવડદેવડ કરે, (૮૧) પથારી પાથરે, ખંખેરે, (૮૨) પાણી પીએ અથવા દેરાસરના નેવાનું પાણી લે, (૮૩) દેવી દેવતાના સ્થાન કરે, (૮૪) દેરાસરમાં રહે.

ઉપર કહેલ સર્વે આશાતનાઓથી દૂર રહી પાપમાંથી બચવું જોઈએ. આપણા આત્માની જે શાતના કરે તે આશાતના. એટલે કે આત્મગુણોનો નાશ કરે તે આશાતના. તેના ફળ રૂપે આ જીવનમાં દુઃખ-દર્દ, મરતાં અસમાધિ અને નરકાદિ દુર્ગતિમાં જવું પડે છે. સાવધાન !!!



નવકાર વંદના

નવકાર મારા હૃદયમાં, નવકાર મારા જીવનમાં,
નવકાર મારી આંખમાં, નવકાર મારા સ્મરણમાં,
નવકાર મારા હોઠ પર, નવકાર મારા શ્વાસમાં,
નવકાર મારો નાથ છે, નવકાર મારો આતમા. ૧

નવકાર મારા ધ્યાનમાં, નવકાર મારા ગાનમાં,
નવકાર મારા ચિત્તમાં, નવકાર મારા પ્રાણમાં.
નવકાર મારા મસ્તકે, નવકાર મારી યાદમાં?
નવકાર મારો નાથ છે, નવકાર મારો આતમા. ૨

નવકારની આરાધના જીવનતણો શણગાર છે,
નવકારની શુભ સાધના સહુ મંત્રનો આધાર છે,
નવકારના શરણે રહેવું એ જ મુજ નિર્ધાર છે,
નવકાર પર જેને ભરોસો તે સહુ ભવપાર છે. ૩

નવકાર પાપોને હણે, નવકારથી કર્મો ટળે,
નવકાર વિપદાને હરે, નવકારથી સિદ્ધિ મળે,
નવકારને ભૂલી જનારા દુઃખના દરિયે પડે,
નવકારને સમરે સતત તેને પર સંપદ ફળે. ૪

નવકારના એકેક પદમાં તીર્થશતનો વાસ છે,
નવકારનો પ્રત્યેક અક્ષર નિત્યને અવિનાશ છે,
નવકારમાં પરમાતમાપદ આપનારી શક્તિ
નવકાર મુજ સર્વસ્વ છે, નવકારમાં મુજ ભક્તિ છે. ૫

નવકારની પૂજા કરૂં, નવકારની જ ઉપાસના,
નવકાર હરશે જનમજનમોની પુરાણી વાસના,
નવકારની જ સુવાસથી મુજ આતમા સુરભિત કરૂં,
નવકાર કેરા જાપથી હું પાપ સંતાપો હરૂં. ૬

નવકાર અમરકુમારને અગ્નિથકી રક્ષી ગયો,
નવકાર વાનરનેય ઊંચુ દેવપદ બક્ષી ગયો,
નવકાર બળથી શિવકુમારે ભૂતભય જીત્યો હતો,
નવકાર મારા રોમરોમે ગીત થઈને ગુંજતો. ૭

અરિહંત ભગવંતો અને શ્રી સિદ્ધિ ભગવંતો સહુ,
આચાર્યભગવંતો, ઉપાધ્યાયો અને સાધુ સહુ,
નવકારમાં શોભી રહ્યા, પાંચેયને વંદન કરૂં,
આ પાપનાશક વંદનાથી હું મહામંગલ વરૂં. ૮

એક લાખ કે નવલાખ જાપે તીર્થંકર પદ આપતો,
નવલાખ જાપે નરકગતિના દુઃખ દુર્ગમ કાપતો,
નવકાર શાન્તિ ને સમાધિ આપતો સંસારમાં,
ભૂલું નહીં નવકારને શ્રદ્ધા મને નવકારમાં. ૯

શ્રી સિદ્ધપદમાં હું બિરાજું આવતા અવતારમાં,
નવકારથી સંસારને વિસરૂં : ભળું નવકારમાં,
આ ભાવના ધરનાર ને મહામંત્ર આ ચોક્કસ ફળે,
નવકારના સાધક સહુને પ્રશમમય શિવપદ મળે. ૧૦



શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિઓ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો જેહનો નિત પૂજતા
દાદા સીમંધર દેશનામાં જેહના ગુણ ગાવતા,
ભવો અનંતા જેહના સાન્નિધ્યથી મોક્ષે જતા
તે વિમલ ગિરિવર વંદતા મુજ પાપ સહુ દૂરે થતા. ૧

ષટ્‌ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા
ષોડશ કષાયો પરિહરીને સોલમાં જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિજિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતા. ૨

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે
તે ત્રણે ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જય ચડે,
જ્યાં આદિ જિન નવ્વાણું પૂણર આવી વાણી સુણાવતા
રાયણ પગલા વંદના મુજ પાપ સહુ દૂરે થતા. ૩

જે આદિજિનની આણ પામી સિદ્ધગિરિએ આવતા
અણસણ કરી એક માસનું મુનિ પંચકોડશુ સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરાદાવતા,
પુંડરિક સ્વામી વંદના મુજ પાપ સહુ દૂરે થતા. ૪

જે રાજરાજેશ્વર તણી અદ્‌ભૂત છટાએ રાજતા
શાશ્વતગિરિના ઉચ્ચશિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા
તે આદિ જિનને વંદના મુજ પાપ સહુ દૂરે થતા. ૫

શત્રુંજય એટલે....

શત્રુંજય એટલે દર્શન શુદ્ધિ કરવાનો આધ્યાત્મિક બાથ, શત્રુંજય એટલે જંબોજેટ કરતાં પણ અસંખ્યગણી ઝડપે આત્માને શિવપદે પહોંચાડનાર, શત્રુંજય એટલે કથીર બનેલા આત્માને કંચન બનાવનાર અલૌકિક પારસમણી, શત્રુંજય એટલે ધર્મનો ધમધમતો વ્યાપાર કરવાનું

અદ્‌ભૂત બન્નર. શત્રુંજય એટલે મુક્તિનગરનો પાસપોર્ટ, શત્રુંજય એટલે અલૌકિક યાત્રાધામ. શત્રુંજય એટલે શાશ્વતું વિશ્વ, શાશ્વતો ગિરિરાજ.

卐 ■ 卐

"શ્રી શત્રુંજયના નારા"

શ્વાસે શ્વાસે સો સો વાર	ગિરિવર વંદન વારંવાર
સિદ્ધગિરિ સિધ્યા અનંતા ક્રોડ	ભાવે વંદુ બે કરજોડ
સિદ્ધાચલ સિદ્ધરાજ કી	જય બોલો ગિરિરાજ કી
સર્વ જીવોની એક અવાજ	જગમાં ચમકે જય ગિરિરાજ
વિમળાચળને લાખો વંદન	વંદન હોજો નાભિનંદન
શત્રંજયના અણુ અણુમાં	મોક્ષ માર્ગનો ગુંજેનાદ
સર્વ જીવોનો એક રણકાર	શત્રુંજયનો જય જયકાર

卐 ■ 卐

મુનિ નંદીષેણ

પૂર્વ ભૂમિકા

એક દિવસ ભગવાન મહાવીર રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા. મગધપતિ શ્રેણિકના પુત્ર કુમાર નંદીષેણે ભગવાન પાસે દીક્ષા લેવાની ઈચ્છા પ્રદર્શીત કરી. પ્રભુએ એની ભાગ્યરેખા વાંચીને કહ્યું કે તારે તો હજી સંસારમાં ઘણાં ભોગ ભોગવવાના બાકી છે. પરંતુ નંદીષેણે અત્યંત આગ્રહ કરીને દીક્ષા લીધી. ભગવાને ભાખેલી વાણીને નિષ્ફળ કરવા મુનિ નંદીષેણે ભગીરથ પ્રયત્ન કર્યા પણ...લખ્યાં લેખ થોડાં મિથ્યા થાય છે ? અને પછી...?

મુનિ નંદીષેણ

માથે અરિહંતની આણ, ચાહે આતમની ઓળખાણ
ચાલ્યા જાય રે એક જોગી કરવા કાયાનું કલ્યાણ.
આભે ચંદ્ર હોય કે ભાણ, એ તો સદા રહે અણજાણ.
વિષય-વાસના નિર્મૂળ કરવા વનવગડામાં ઘૂમે

ઈંદ્રિયો સામે સંગ્રામે સર્વ શક્તિથી ઝૂમે.
એ તો ભૂલી દેહનું ભાન પળપળ પામે સાચું જ્ઞાન.

★

મન મજબૂત બનાવીને બાળે મોહ-વિકાર
સ્મરણે ચઢે પ્રભુ વીરના વચનો વારંવાર,
કોમળ કાયા કષ્ટથી કીધી ખૂબ કઠોર
તોયે ચંચળ ચિતડું થાતું સાવ નઠોર !

★

ઘેલું થા મા, ઘેલું થા મા !
ઓ રે મનડા, ઘેલું થા મા !
મોહ થકી મેલું થા મા !
ખૂબ દમી દમી સુકવી કાયા
તો ય ન કેડો મૂકતી માયા
અણગમતું ગીતડું ગા મા !
ઘેલું થા મા !
જોગ મહીં છે દોહ્યલું જીવવું
ભોગ થકી તો બહેતર મરવું
જાવું નથી ત્યાં જા મા !

★

વ્યાકુળ ઉર મુનિ તણું કરતું લાખ વિચાર;
'અપજશ પામી જીવવું એ જીવતર ધિક્કાર !'
પ્હાડ ઉપર ઊંચે ચઢ્યા કરી દીધો નિરધાર;
આપઘાતને કારણે મુનિ થયા તૈયાર !

★

જાગ્યો જાગ્યો આતમરામ
આ તો કાયરનું છે કામ
દુનિયામાં લજવાશે રે મહાવીર કેરું નામ !
આપઘાતથી કર્મ છૂટે ના
પાપ કર્યાથી પાપ ખૂટે ના

ભવોભવ ના ઠરશે કોઈ ઠામ
ના મળશે મુક્તિનું ધામ-દુનિયામાં.

★

શાંત થઈ વ્યાકુળતા તપ તપતાં ફરીવાર
કરતાં આતમ-સાધના પામ્યા લબ્ધિ અપાર.
એક દિન છઠ્ઠને પારણે મુનિ ગોચરીયે જાવે
ગણિકાને આંગણિયે ઉભી ધર્મ લાભ સંભળાવે !
'ધર્મલાભથી શું વળે અહીં અર્થલાભનું કામ !
વિરાગનો આશ્રમ નથી આ તો વિલાસનું વિશ્રામ
ધરમ કરમ કે સાધુતાની શુષ્ક નહિ કોઈ વાતો
સ્વર્ગ સુખની રસ નીતરતી રંગ ભરેલી રાતો
હીરા-માણેક રત્ન રૂપૈયા સુવર્ણનું છે કામ
એવું કાંઈ બતાવો તો મુનિ તમને કરું પ્રણામ !'

★

વારાંગનાના આ વચનોથી મુનિને મ્હેણું વાગ્યું
વરસોની ઉગ્ર તપસ્યાનું ફળ આજ એને ખપલાગ્યું!
મંત્ર બળે પળવારમાં એણે અખૂટ ધન પ્રગટાવ્યું;
'લે સુંદરી અર્થ લાભ લઈ લે' એમ કહીમે'ણું ભાંગ્યું!

★

રૂપસુંદરીને મ્હાત કરીને મુનિવર પાય ઉપાડે
ઝટપટ આગળ દોડી જઈને ઉભી બારણા આડે !

★

'કોણ ભોગવશે આ ભોગ ? જુવાન જોગી !
ફરી ફરી નહિ આવશે રે આવો સુંદર યોગ !
ઉઘડતુ આ રૂપને યૌવન ફુલ સુકોમળ કાયા
પંથ ભૂલીને કાં ભટકો છો કોઈના ભરમાવ્યા ?!
જન્મ જનમનું પ્રેમમિલન આ કેવો સુભગ-સંયોગ !'
એકાએક સ્મરણ પટે આવ્યાં પ્રભુના વેણ
નંદીષેણ મુનિ તણું પલટ્યું જીવન-વહેણ !

★

ભાવિના ભાવ ભજવાયાં !
ગાવાં હતાં નહિ જે ગીતો
આજ અચૂક ગવાયાં !
ઊગમણી દિશાનો યાત્રી આથમણે અટવાયો
ભોગાવલી કર્મોને કારણ લલનામાં લપટાયો
મિથ્યા નહિ રે થાશે કદાપિ લેખ લલાટે લખાયાં !

★

પ્રાયશ્ચિતના પ્રતિક રૂપે એક પ્રતિજ્ઞા પાળે
રોજ રોજ દસ દસ માનવને દીક્ષા પંથે વાળે.

★

ગણિકા સંગે, રમતાં રંગે વરસો વીત્યાં બાર
પૂર્વ દિશાને દ્વારે ઉઘડી આજ અનોખી સવાર
નવ જણ માન્યાં, એક ન માને દીધી શીખ હજાર
શુષ્ક હૃદયનો આ સોનીડો ના સમજે તલભાર;
'શીદને પડી રહ્યાં છો પોતે જો સંસાર અસાર !
વાણી જુદી, વર્તન, જુદું કેમ પમાયે પાર !!'
'ભોગ કર્મ છે બાકી મારે હજી ઘણી છે વાર
ડૂબ્યો છું તેથી તો વાંચ્છુ બીજાનો ઉદ્ધાર !'
ચર્ચા ચાલી રહી ત્યાં ગણિકા આવી ઉભી તે વાર;
'નાથ પધારો મોડું થાય છે, છે ભોજન તૈયાર !'
'કયારનો સમજાવું આને પીગળે નહિ લગાર
ત્યાં લગી ખાવા કે પીવાનો થાય નહિ જ વિચાર,'
સૂઝી મશ્કરી ત્યાં ગણિકાને હસી રહી પળવાર;
'બીજો કોઈ નથી તો સ્વામી તમે થાવ તૈયાર !!'

★

હાસ્ય-વિનોદી ભાવથી નીકળ્યાં ગણિકા-વેણ
સુણતાં સ્તબ્ધ થઈ ગયા તૂર્તજ નંદીષેણ !

મનકના આ શબ્દોએ તો સાચું તાક્યું તીર
જાગ્યો કેસરી સિંહ સૂતેલો તોડીને જંજીર !

★

ગણિકાના વિનોદી વેણે
આજ ઉઘાડ્યાં નેણ
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યાં નંદીષેણ !

'વિદાય દે ઓ રૂપસુંદરી અનંત તુજ ઉપકાર
મર્મ ભરેલા તુજ શબ્દોએ દૂર કર્યો અંધકાર !

મિલન પામેલી સરિતાએ તો
પાછું પલટ્યું વહેણ,
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યાં નંદીષેણ

રડી રડીને પગમાં પડતી આંસુડે ચોધાર;
'જશો મા, છોડીને મુજને જીવનના આધાર !'

વિનવી રહી છે બની બાવરી
બની ગઈ બેચેન,
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યાં
ને નીકળ્યાં નંદીષેણ !

માર્ગ ભૂલેલ મુસાફર પાછો જાતો મંજીલ દ્વારે
અંધારી રાતે ખોવાયો આવ્યો ઘેર સવારે !

મહાવીરને ચરણે જઈ બેઠાં
પાછાં નંદીષેણ !!
પીરસ્યાં ભોજન પડ્યાં રહ્યા
ને નીકળ્યાં નંદીષેણ !
પાપ પખાળી સંયમ લીધું
ને તર્યાં નંદીષેણ !

શ્રી પંચ સૂત્ર

પ્રથમ સૂત્ર

પાપ પ્રતિઘાત - ગુણ બીજાધાન

ણમો વીઅરાગાણં સવ્વણ્ણૂણં દેવિંદપૂઈઆણં જહટ્ઠિઅવત્થુવાઈણં તેલુક્કગુરૂણં અરૂહંતાણં ભગવંતાણં.

જે એવમાઈક્ખંતિ - ઈહ ખલુ અણાઈ જીવે, અણાઈજીવસ્સ ભવે અણાઈ - કમ્મસંજોગ-નિવ્વત્તિએ, દુક્ખરૂવે, દુક્ખફલે, દુક્ખાણુબંધે એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ, સુદ્ધધમ્મસંપત્તી પાવકમ્મવિગમાઓ, પાવકમ્મવિગમો તહાભવ્વત્તાઈભાવઓ.

તસ્સ પુણ વિવાગસાહણાણિ ૧ ચઉસરણગમણં ૨ દુક્કડગરિહા ૩ સુકડાણ સેવણં, અઓ કાયવ્વમિણં હોઉકામેણં સયા સુપ્પણિહાણં ભુજ્જો ભુજ્જો સંકિલેસે તિકાલમસંકિલેસે.

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગનાહા અણુત્તરપુણ્ણસંભારા ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી, ભવજલહિપોઆ, એગંતસરણા અરહંતા સરણં.

તહા પહીણજરામરણા, અવેયકમ્મકલંકા, પણટ્ઠવાબાહા, કેવલનાણદંસણા, સિદ્ધિપુરનિવાસી, નિરુવમસુહસંગયા, સવ્વહા કયકિચ્ચા, સિદ્ધા સરણં.

તહા પસંતભીરાસયા, સાવજ્જજોગવિરયા, પંચવિહાયારજાણગા, પરોવયારનિરયા, પઉમાઈનિદંસણા, ઝાણજ્ઝયણસંગયા, વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં.

તહા સુરાસુરમણુઅપૂઈઓ, મોહતિમિરંસુમાલી, રાગદ્દોસ

વિસપરમમંતો, હેઊ સયલકલ્લાણાણં. કમ્મવણવિહાવસૂ, સાહગો સિદ્ધભાવસ્સ, કેવલિપણણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં, સરણમુવગઓ અ એએસિં ગરિહામિ દુક્કડં.

જં ણં અરહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા, ઉવજ્ઝાયેસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા, અન્નેસુ વા, ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂઅણિજ્જેસુ તહા, માઈસુ વા, પિઈસુ વા, બંધૂસુ વા, મિત્તેસુ વા, ઉવયારીસુ વા, ઓહેણ વા જીવેસુ, મગ્ગટ્ઠિએસુ અમગ્ગટ્ઠિએસુ મગ્ગસાહણેસુ અમગ્ગસાહણેસુ જં કિંચિ, વિતહમાયરિઅં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુંબંધિ સુહુમં વા, બાયરં વા, મણેણ વા, વાયાએ વા, કાયેણ વા, કયં વા, કારાવિઅં વા, અણુમોઈઅં વા, રાગેણ વા, દોસેણ વા, મોહેણ વા, ઈત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિઅમેઅં દુક્કડમેઅં ઉજ્જિઅવ્વમેઅં વિઆણિઅં મએ, કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ, એવમેઅં તિ રોઈઅં, સદ્દધાએ, અરિહંતસિદ્ધસમક્ખં, ગરિહામિ અહમિણં દુક્કડમેઅં ઉજ્જિયવ્વમેઅં ઈત્થ મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં.

હોઉ મે એસા સમ્મં ગરિહા, હોઉ મે અકરણનિયમો, બહુમયં મમેઅં તિ ઈચ્છામો અણુસટ્ઠિં અરહંતાણં ભગવંતાણં ગુરૂણં કલ્લાણમિત્તાણં તિ.

હોઉ મે એએહિં સંજોગો, હોઉ મે એસા સુપત્થણા, હોઉ મે ઈત્થ બહુમાણો, હોઉ મે ઈઓ મુક્ખબીઅં તિ. પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ, પડિવત્તિજુત્તે સિઆ, નિરઈઆરપારગે સિઆ.

સંવિગ્ગો જહાસત્તિએ સેવેમિ સુકડં, અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં, સવ્વેસિં આયરિયાણં આયારં, સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં, સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં, સવ્વેસિં

સાવગાણં મુક્ખસાહણનેગે, સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં હોઉકામાણં કલ્લાણાસયાણં મગ્ગસાહણનેગે.

હોઉ મે એસા અણુમોઅણા, સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરૂવા, સમ્મં નિરઈયારા, પરમગુણનુત્તઅરહંતાઈસામત્થઓ, અચિન્તસત્તિજુત્તા હિ તે ભગવંતો વીઅરાગા, સવ્વણૂ પરમકલ્લાણા, પરમકલ્લાણહેઊ સત્તાણં.

મૂઢે અમ્હિ પાવે, અણાઈમોહવાસિએ, અણભિન્ને ભાવઓ, હિઆહિઆણં અભિન્ને સિઆ, અહિઅનિવિત્તે સિઆ, હિઅપવિત્તે સિઆ, આરાહગે સિઆ, ઉચિઅપડિવત્તીએ સવ્વસત્તાણં સહિઅં તિ ઈચ્છામિ સુકડં ઈચ્છામિ સુકડં ઈચ્છામિ સુકડં.

એવમેઅં સમ્મં પઢમાણસ્સ સુણમાણસ્સ અણુપ્પેહમાણસ્સ સિઢિલીભવંતિ પરિહાયંતિ ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા, નિરણુબંધે વાડસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં કડગબદ્ધે વિઅ વિસે, અપ્પફલે સિઆ, સુહાવણિજ્જે સિઆ, અપુણભાવે સિઆ.

તહા આસગલિજ્જંતિ પરિપોસિજ્જંતિ નિમ્મવિજ્જંતિ સુહ-કમ્માણુબંધા, સાણુબંધં ચ સુહકમ્મં, પગિટ્ઠં પગિટ્ઠભાવજ્જિઅં નિયમફલયં સુપઉત્તે વિઅ મહાગએ સુહફલે સિઆ, સુહપવત્તગે સિઆ, પરમસુહસાહગે સિઆ, અઓ અપડિબંધમેઅં અસુહભાવનિરોહેણં સુહભાવબીઅં તિ, સુપ્પણિહાણં સમ્મં પઢિઅવ્વં, સમ્મં સોઅવ્વં, સમ્મં અણુપ્પેહિઅવ્વં તિ.

નવો નમિઅનમિઆણં પરમગુરુવીઅરાગાણં, નમો સેસનમુક્કારારિહાણં, જયઉ સવ્વણ્ણુસાસણં, પરમસંબોહીએ સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા.



સાચુ કરીએ પ્રતિક્રમણ

સમતાની સફર એટલે

પ્રતિક્રમણ

પ્રતિક્રમણના ઉપકરણો : (૧) મુહપત્તિ (૨) ચરવળો (૩) કટાસણુ (૪) ધોતિયું (બહેનોએ શુદ્ધ વસ્ત્ર) (૫) ખેસ આ દરેક ઉપકરણો જયણાધર્મ સચવાય એ માટે હાથવણાટના હોય તો વધુ સારું ગણાય.

(૧) મુહપત્તિ : મુહપત્તિની જગ્યાએ રૂમાલ ન ચાલે. મુહપત્તિ શુદ્ધ, સમચોરસ, એકબાજુ કીનાર બાંધેલી હોય તેવી એક વેંત અને ચાર આંગળ માપની ચોરસ હોવી જોઈએ. મુહપત્તિના બે પડ કરી અને તેનાથી પણ પડધો ભાગ ચાર પડનો કરવો અને ચાર પડવાળો ભાગ મોંઢા આગળ રાખવો જેથી જીવ વિરાધના ન થાય.

નોંધ - ભરતકામવાળી, સિલ્કની કે રેશમી મુહપત્તિ ન વાપરી શકાય. મુહપત્તિ સુતરાઉ અને સફેદ હોવી જોઈએ.

(૨) ચરવળો : ચરવળાની દાંડી ૨૪ આંગળ લાંબી અને તેની ઉનની દશીઓ આઠ આંગળ હોવી જોઈએ. અથવા ચરવળાનું કુલ માપ ૩૨ આંગળ હોવું જોઈએ. ચરવળાનો ઉપયોગ જમીન પૂંજવા માટે, જીવરક્ષા કરવા માટે કે ઉભા થવા માટે કરવાનો છે, મચ્છર ઉડાડવા માટે નહિ. કાઉસ્સગ્ગ કરતી વખતે ડાબા હાથમાં ચરવળો મધ્યેથી પકડીને દશી પાછળ રહે તેમ પકડવો તથા મુહપત્તિ જમણા હાથમાં રાખવી.

(૩) કટાસણું : લંબચોરસ, ઉનનું, સફેદ અને પોતાના શરીરના માપનું હોવું જોઈએ કે જેના પર સરળત્તાથી બેસી શકાય. ફાટેલું, સાવ નાનું કે બહું મોટું ન હોવું જોઈએ. ચાદર કે ચટ્ટાઈ વગેરે ન ચાલી શકે.

(૪) ધોતિયું : પુરૂષોએ સુતરાઉ, ધોયેલું ધોતિયું પહેરવું જોઈએ.

સીવેલા લેંઘા, પેન્ટ કે પૂજાના કપડાં પણ સામાયિક કે પ્રતિક્રમણમાં વાપરી શકાય નહીં. સ્કુલ-કોલેજમાં યુનિફોર્મ સાચવી શકાતો હોય તો આપણી આ અમૃતમય ઉત્તમ ક્રિયામાં જિનાજ્ઞા મુજબ કેમ યુનિફોર્મ ન સચવાય?

પ્રતિક્રમણ માટેની સાવધાની

પ્રતિક્રમણમાં ઠઠ્ઠા-મશ્કરી મજાક ન કરવા. કોઈપણ પ્રકારના દૈનિક, સાપ્તાહિક, માસિક વગેરે વાંચવા લાવવા નહીં. ધ્યાન રાખીને શાંતિથી સુત્રો સાંભળવા જોઈએ. વાતો, ગપ્પાં મારવા નહીં, કાંકરા વગેરે ફેંકવું નહીં. ટૂંકમાં જે આપણાં જૈનત્વને છાજે નહિં તેવું કાર્ય ન કરવું.

પ્રતિક્રમણના દરેક સુત્રોના મહત્વને, તેના અર્થને સમજાવી શકાય તેમ ન હોવાના કારણે અહીં દરેક સુત્રની નાનકડી સમજણ આપેલી છે. દરેક સુત્રનું શું મહત્વ છે ? પ્રતિક્રમણની ક્રિયામાં સુત્રોનો ક્રમ આજ રીતે કેમ ? એ બધા જ સવાલોનો જવાબ આપણા ત્યાં આપેલો છે પણ આપણે સમજી શકતા નથી. સમજવાની કોશિષ પણ કરતા નથી, એ આપણી કમનસીબી છે. અહીં સંક્ષેપમાં પ્રતિક્રમણની રનિંગ કોમેન્ટ્રી આપેલી છે. પ્રતિક્રમણ કરતા પૂર્વે સૌ પ્રથમ સામાયિક લેવું પડે. આપણા ત્યાં જે કામ કરવાનું હોય તે સમતાથી કરવાનું હોય છે. પ્રતિક્રમણ એટલે પાપો સામેનું યુદ્ધ ! આ યુદ્ધ કરતાં પૂર્વે પણ આપણે સમતા ધારણ કરવાની છે એ જ આપણા ધર્મની અન્નયબી છે.

સૌ પ્રથમ સામાયિક : ૪૮ મિનિટ સુધી મન, વચન અને કાયાને સમતા ભાવમાં રાખવા એટલે સામાયિક ! સમતા ભાવમાં આવ્યા પછી પચ્ચક્ખાણ માટે મુહપત્તિ !!! પ્રશ્ન થાય કે પચ્ચક્ખાણ માટે મુહપત્તિની શી જરૂર ? જવાબ છે પચ્ચક્ખાણ લેવા માટે વિનય દાખવવો પડે. વિનય માટે વાંદણા લેતી વખતે કોઈપણ સુક્ષ્મ જીવો આપણા શરીર પર હોય તો તેમની રક્ષા કરવા માટે મુહપત્તિથી શરીરની પડીલેહણા કરવાની છે. ચઉવિહાર ઉપવાસ કર્યો હોય તો મુહપત્તિ અને વાંદણા ન કરવા કેમકે પુદ્ગલનો સંગ ઓછો કરવા સંપૂર્ણ આહાર અને પાણીનો પણ ત્યાગ

કર્યો હોવાથી દેહની ઘણીખરી મમતા ઉતારી હોવાથી વિશેષ વિનયરૂપે મુહપત્તિ-વાંદણાદિની જરૂર ન રહી. ચઉવિહાર ઉપવાસવાળાને સવારે પચ્ચક્ખાણ લીધેલ હોવાથી ફરીથી પચ્ચક્ખાણ લેવાનું હોતું નથી ફક્ત સ્મરણ કરવાનું હોય છે માટે પાણી પીધું હોય તો વાંદણા ન લેવા અને ખાધું હોય તો બંને કરવું. (તે તથાવિધ સામાચારી જાણવી)

પ્રતિક્રમણ : પાપથી પાછા હઠવું તે પ્રતિક્રમણ. ઉન્માર્ગથી સન્માર્ગમાં આવવું તે પ્રતિક્રમણ. હકીકતમાં પ્રતિક્રમણ એવા સમયે કરવું જોઈએ કે જ્યારે વંદિત્તુ આવે ત્યારે સૂર્ય અડધો ડૂબેલો હોવો જોએ. આજે તો આપણે સૂર્ય આખો ડૂબી જાય ત્યારે તો પ્રતિક્રમણ શરૂ કરીએ છીએ ! માંડલીમાં સાથે કરવાનો આગ્રહ રાખવો.

ખમાસમણ : કોઈપણ ક્રિયા કરતાં વિનય આવશ્યક છે. પંચાગ પ્રણિપાત જેનું બીજું નામ છે એવું ખમાસમણ દેતી વખતે **"મત્થએણ વંદામિ"** બોલતાં બે ઢીંચણ, બે હાથ અને મસ્તક આ પાંચેય જમીનને અડવા જોઈએ. **"નમે તે સૌને ગમે."** ગમાડવા નહિં પણ તે-તે ગુણોને પ્રગટાવવા નમવાનું છે.

ઈરિયાવહીયં : કોઈપણ ક્રિયાની શરૂઆતમાં **'ઈરિયાવહીયં'** બોલવું જ જોઈએ. ઈરિયાવહીયં સુત્રમાન, જતાં-આવતા થયેલી જીવ વિરાધનાના પાપની અલોચના છે. જેમ ન્યાયધીશ સામે કઠેડામાં ઉભલો આરોપી મસ્તક ઝૂકાવીને ઉભો ઉભો પોતાની અપરાધની ક્ષમા યાચના કરતો હોય તેમ અહીં આપણા અપરાધની આપણે ક્ષમા યાચવાની છે અને ફરી ન થાય તેની સાવધાની રાખવાની છે.

તસ્સઉત્તરિ : કપડાં ધોયા બાદ કરચલીને દૂર કરવા માટે ઈસ્ત્રી કરવામાં આવે છે તેમ ઈરિયાવહીયમાં રહી ગયેલા પાપોના શુદ્ધિકરણ માટે તસ્સઉત્તરિ છે અને કાયોત્સર્ગના હેતુ, નિમિત્તો પણ આ સુત્રમાં બતાવેલાં છે. (ઈનશોર્ટ, ઈસ્ત્રી = તસ્સઉત્તરિ)

અન્નત્થ : કાઉસ્સગ્ગ માટેનું સૂત્ર ! કાઉસ્સગ્ગમાં શું કરવું અને

શું ન કરવું તેની સમજણ આ સૂત્રમાં આપેલી છે. જેમ કે ખાંસી, ઉધરસ, બળખાં, બગાસાં, ઓડકાર, ચક્કર વિગેરેની છૂટ. કાઉસ્સગ્ગ હોઠ ફફડાવીને, નવકારવાળી ગણીને, મચ્છર ઉડાવતા રહીને હલતા હલતા, ટેકો કે કારણ વગર બેઠા બેઠા ન કરી શકાય.

લોગસ્સ (નામસ્તવ) : આ સૂત્રમાં ૨૪ તીર્થંકર ભગવાનને નમસ્કાર કરવામાં આવેલ છે. ૨૪ પરમાત્માના નામ આ સૂત્રમાં હોવાના કારણે તેનું નામ નામસ્તવ છે.

સકલકુશલવલ્લિ : (ખમાસમણ દઈ ડાબો ઢીંચણ ઉભો કરીને ચૈત્યવંદન કરવું) શાંતિનાથ તથા પાર્શ્વનાથ પ્રભુને યાદ કરીને માંગલિક સ્વરૂપે આ સૂત્ર બોલવાનું છે ત્યારબાદ ચૈત્યવંદન પણ માંગલિક માટે કરવાનું છે. (અહીં જો દેવસી પ્રતિક્રમણ હોય તો કોઈપણ ચૈત્યવંદન પણ પખ્ખી, ચોમાસી કે સંવત્સરિ પ્રતિક્રમણ હોય તો 'સકલાર્હત્' બોલવું. જેમાં ૨૪ તીર્થંકરોની સ્તવના છે.) તે-તે તિથિના અથવા તિથિ અનુસાર તે-તે તીર્થંકરોના ચૈત્યવંદનો અર્થના વિચારપૂર્વક બોલવા.

પ્રશ્ન : અહીં ડાબો ઢીંચણ જ કેમ ઉભો કરવાનો ?

જવાબ : આ આસન અર્ધ વજ્રાસન કહેવાય છે અને ડાબો ઢીંચણ ઉભો કરવાથી વિનયની મુદ્રા થાય છે. વિનય એ મોક્ષનું કારણ છે તેમજ અર્ધ વજ્રાસનથી સુસ્તી ઉડી જાય છે. પાચનની ક્રિયા મજબુત થાય છે પણ તે તો ગૌણ છે.

જંકિંચિ (વેબસાઈટ) : ઈન્ટરનેટ પર તમે કોઈપણ વેબસાઈટ ખોલો ત્યારે તમે જે વેબસાઈટની જેટલી વસ્તુ હોય તેના વિશ્વના કોઈપણ ખૂણેથી દર્શન કરી શકો. બસ એજ રીતે આ જંકિંચિ સૂત્ર દ્વારા સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકના કોઈપણ ખૂણે રહેલી સર્વજિન પ્રતિમાઓને તમે વંદન કરી શકો છો.

નમુત્થુણં : આ સૂત્ર શાશ્વત છે. પ્રતિક્રમણ સૂત્રમાં ફક્ત ત્રણ જ સૂત્રો એવા છે જે શાશ્વતા હોય. (૧) નવકાર (૨) કરેમિભંતે અને

(૩) નમુત્થુણં. આ સૂત્રનું બીજું નામ શક્રસ્તવ છે. પરમાત્માના કલ્યાણક સમયે ઈંદ્ર મહારાજા પોતાના આસનેથી સાત ડગલાં આગળ જઈને ડાબો ઢીંચણ ઉંચો કરીને પરમાત્મા જે દિશામાં હોય તે દિશા સન્મુખ રહીને આ સૂત્ર બોલે છે. આ સૂત્રમાં પરમાત્માને જુદા જુદા વિશેષણો આપવામાં આવેલ છે.

અરિહંત ચેઈઆણં : આ સૂત્રમાં કાયોત્સર્ગ કરવાના છ નિમિત્તો બતાવવામાં આવેલ છે.

ચાર થોયોની સમજણ

સૌ પ્રથમ 'અરિહંતચેઈઆણં' બોલીને 'વંદણવત્તિઆએ' બોલીને પ્રથમ થોય (એક તીર્થંકર પરમાત્માની) બોલવામાં આવે છે. ત્યાર બાદ લોગસ્સ એટલે કે ૨૪ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીને વંદણવત્તિઆએ બોલીને બીજી થોય (સર્વ જિનેશ્વર પ્રભુની હોય) બોલવામાં આવે છે. ત્યારબાદ પુખ્ખરવરદિવઢ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર દ્વારા વીસ વિહરમાન પરમાત્માને વંદન તથા શ્રુતજ્ઞાનને વંદન કરીને વંદણવત્તિઆએ બોલીને ત્રીજી થોય (જે શ્રુતજ્ઞાનની હોય) બોલવામાં આવે છે. ત્યારબાદ 'સિદ્ધાણંબુદ્ધાણં' (સિદ્ધસ્તવ) દ્વારા સિદ્ધભગવંતો, મહાવીર સ્વામી, નેમનાથ ભગવાન તથા અષ્ટાપદમાં રહેલ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવે છે. ત્યારબાદ વેયાવચ્ચગરાણં બોલીને સમ્યગ્દષ્ટિ દેવો જે જિનશાસનનું રક્ષણ કરે છે તેમને સંભારીને તેમના કાર્યની અનુમોદનાર્થે ચોથી થોય બોલવામાં આવે છે.

આજ બતાવે છે કે આપણી કોઈપણ ક્રિયાનો ક્રમ નિરર્થક નથી જેમ કે લોગસ્સ = ૨૪ ભગવાનની સ્તુતિ તો તેના પછી બીજી થોય જે સર્વ જિનેશ્વર ભગવાનની છે. પુક્ખરવરદિવઢ્ઢે = શ્રુતજ્ઞાનની સ્તુતિ તો તેના પછી ત્રીજી થોય જે જ્ઞાનની છે. વેયાવચ્ચગરાણં પછી ચોથી થોય જે વૈયાવચ્ચ કરનારા દેવોની છે. ટૂંકમાં પહેલી, બીજી અને ત્રીજી થોય એ વંદન કરવા યોગ્ય માટે છે. અને ચોથી પ્રણામ કરવા યોગ્ય

માટે છે. નિર્મળ સમ્યગ્દર્શનના સ્વામી દેવ-દેવીઓને શાસનરક્ષા કાજે પૂજ્ય સાધુભગવંતો દ્વારા પણ સ્નેહે સ્મરવા યોગ્ય છે.

હવે.. છ આવશ્યકની શરૂઆત કરવાની હોવાથી નજીકના મંગલ તરીકે....

નમુત્થુણં અને પછી ભગવાનહમ્ વિગેરે ચાર ખમાસમણાંથી પ્રભુ તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુને વાંદવાના છે. અને શ્રાવકોએ ત્યારબાદ ''ઈચ્છકારી સમસ્ત શ્રાવકને વાંદુ'' તેમ બોલવું જોઈએ. (એમ ધર્મસંગ્રહમાં કહેલું છે.) જેથી અઢીદ્વીપના સમગ્ર શ્રદ્ધા-વિવેક-ક્રિયાયુક્ત શ્રાવકોને વંદના કરાય છે.

દેવસીય પડિક્કમણે ઠાઉં : આ સૂત્ર બીજ છે. સૂત્રો બોલવાની પરમીશન તથા લાયસંસ આ સૂત્ર દ્વારા જ મળી શકે છે. જમણો હાથ ચરવળા ઉપર પુંજીને સ્થાપીને આ સૂત્ર બોલવાનું છે. અને **દિવસમાં કરેલા દુષ્ટ ચિંતનનું, દુષ્ટભાષણનું અને દુષ્ટચેષ્ટા વિગેરેનું મિચ્છામિદુક્કડં આપવાનું છે.**

કરેમિ ભંતે : જે શાશ્વતું સૂત્ર છે. ચારિત્રચારની શુદ્ધિ માટે આ સૂત્ર બોલવાનું છે. પરમાત્મા પણ દિક્ષા લેતી વખતે આ સૂત્ર બોલે છે પણ તેમાં 'ભંતે' શબ્દ બોલતા નથી ! અહીંથી સામાયિક નામનું પ્રથમ આવશ્યક શરૂ થયું. (ચિત્તને સમભાવમાં લાવ્યા બાદ કે લાવવાની ભાવનાથી જ...પ્રતિક્રમણ શુદ્ધ થઈ શકે.) અહિં સમતા જ લાવવાની છે એવું નિશ્ચિત થાય છે.

ઈચ્છામિઠામિ : જ્ઞાન, દર્શન અને ચારિત્રના આચારની શુદ્ધિ માટે. મન-વચન-કાયાથી જે દોષો થયા હોય તે માટે કાઉસ્સગ્ગની ઈચ્છા કરી છે.

નાણમ્મિનો કાઉસ્સગ્ગ : તસ્સઉત્તરિ, અન્નત્થ બોલ્યા બાદ નાણમ્મિની આઠ (૮) ગાથાનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. નાણમ્મિ એટલે મીની અતિચાર. પાંચ આચારોની વાત નાણમ્મિ સૂત્રમાં કરવામાં

આવી છે. પ્રતિક્રમણ પોતાના પાપને યાદ કરી કરીને કરવાનું હોય છે એટલે તેનું સ્મરણ કાર્યોત્સર્ગમાં સારી રીતે થાય તેથી નાણમ્મિ દ્વારા પાપોને યાદ કરવામાં આવે છે. ત્યારબાદ લોગસ્સ બોલવામાં આવે છે. અહીં લોગસ્સ બોલીએ ત્યારે બીજા આવશ્યકનો પ્રારંભ થાય છે. લોગસ્સ દ્વારા ચોવીસ ભગવાનને નમસ્કાર કરીને એમનું શરણ સ્વીકારીને ત્રીજા આવશ્યક વાંદણામાં પ્રવેશ કરીએ છીએ. સંપૂર્ણ સમતાના સ્વામી શ્રી તીર્થંકરોને બીજા અને ઘણી સમતાનાધારક શ્રી સાધુજીને ત્રીજા આવશ્યકથી વંદના કરી.

મુહપત્તિ : વાંદણા વખતે શરીર પર રહેલા કોઈપણ નિર્દોષ જીવો હણાઈ ન જાય તે માટે ૨૫ બોલથી શરીરની અને ૨૫ બોલથી મુહપત્તિનું પડિલેહણ કરવામાં આવે છે. જેમાં આત્માના દોષોને પરિહરવા અને ગુણોને આદરવા રૂપહૃદયનુંજ પડિલેહણ થાય છે.

વાંદણા (દ્વાદશાવર્તવંદન) : ગુરૂવંદન કરવા માટે ૬ આવર્ત,૪ શિષનમન, સત્તર સંડાસા વગેરે ૨૫ આવશ્યક દ્વારા વંદન કરવામાં આવે છે.

દેવલીઅંઆલોઉં : આખા પ્રતિક્રમણમાં એક એવો વિભાગ છે કે જેમાં સાધુ, પોષાર્થી તેમજ શ્રાવકો પોતાના પાપોની આલોચનાની ક્રિયા નાના-નાના દોષોને પણ યાદ કરી વિસ્તારપૂર્વક, દુઃખતા દિલે અને ફરી ન કરવાના ભાવપૂર્વક કરી શકે.

સાધુ ભગવંત : ઠાણે કમણે ચંકમણે બોલી....

પોષાર્થી શ્રાવક : ગમણા ગમણે બોલી....

(આ સૂત્રમાં ૮૪ લાખ જીવોની યોનીઓ ગણાવવાપૂર્વક તેની હિંસાનું ત્રિવિધ-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દેવાય છે.)

અને સાદા શ્રાવકો : સાતલાખ તથા ૧૮ પાપસ્થાનક સૂત્ર બોલી અને પોતપોતાના પાપનું પ્રક્ષાલન કરે છે.

સવ્વસ્સવિ : સવ્વસ્સવિ સૂત્ર દ્વારા દિવસે ચિંતવેલા ખરાબ ચિંતન ભાષણ અને પ્રવર્તનને દૂર કરવા ગુરુભગવંતને પૂછવાનું છે. ગુરુદેવ !

હું શું કરૂં ? ગુરુભગવંત કહે... પ્રતિક્રમણ દ્વારા પ્રાયશ્ચિત કરો. આવી આજ્ઞા લઈને અતિચારની શુદ્ધિ સ્વરૂપે વંદિત્તું બોલવું ! આ સૂત્ર દ્વારા ચોથા આવશ્યક પ્રતિક્રમણમાં આપણે પ્રવેશ કરીએ છીએ.

વંદિત્તું (પ્રતિક્રમણ સૂત્ર) : આપણા ત્યાં શ્રાવકોએ કેવી રીતે રહેવું, કેવો ધંધો કરવો. તમારા સંસારમાં તમારે કેવી રીતે રહેવું ? તેની પણ વાતો આ વંદિત્તા સુત્રમાં કહેલી છે... પણ આપણે સમજી શકતાં નથી. આવાં વંદિત્તા સૂત્ર દ્વારા પૂર્વે લાગેલા અતિચારને દૂર કરવા જમણો ઢિંચણ ઉભો કરી વંદિત્તા સૂત્ર બોલવું.

પ્રશ્ન : અહિં જમણો ઢીંચણ કેમ ઉંચો કરવાનો ?

જવાબ : આ વીરાસન છે. વીરાસન એટલે ખુરશી પર બેઠા હોઈએ અને પછી ખુરશી નીકાળવાથી જે આસન થાય તે અથવા ડાબો પગ વાળીને જમીનથી અદ્ધર રાખવો, તે વીરાસન આ આસન વીરતાને સુચવે છે અને વંદિત્તામાં પાપોની સામે લડવાનું છે. એટલે વીરતાના સુચક આ વીરાસનમાં બેસવાનું છે.

વાંદણા : ગુરુવંદનાર્થે વંદના. અપરાધો ખમાવવા માટે.. વિનય-વંદન જરૂરી છે.

અબ્ભુટ્ઠિઓ : અબ્ભુટ્ઠિઓ સૂત્ર દ્વારા ગુરુભગવંત પ્રત્યે થયેલા અપરાધોને ખમાવવાના છે.

વાંદણા : ગુરુવંદનાર્થે વંદના. હવે.. આયરીય ઉવજ્ઝાએમાં પાછી ક્ષમાપના આવે છે માટે તે પહેલા વંદન !

આયરિય ઉવજ્ઝાએ :

પ્રથમ ગાથા દ્વારા - આચાર્ય ઉપાધ્યાય, સાધુને

બીજી ગાથા દ્વારા - સકલસંઘને (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને)

ત્રીજી ગાથા દ્વારા - સકલ જીવરાશીને ખમાવવાની છે.

પ્રશ્ન : અહિં વંદિતા દ્વારા બધી જ ક્ષમાપન થઈ ગઈ હોવા છતાં ફરીથી

''અબ્ભુટ્ઠિઓ'' અને ''આયરીય ઉવજ્ઝાએ'' દ્વારા ક્ષમાપના કેમ?

જવાબ : જિનશાસનમાં કષાયમુક્તિ સૌથી મહત્વની છે. કષાયમુક્તિ દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ સુલભ થઈ શકે. તે કષાયમુક્તિ માટે. એક એક વસ્તુને ખમાવવા વંદિત્તુ છે. ''અબ્ભુટ્ઠિઓ'' દ્વારા ગુરુભગવંત પાસે થયેલા અપરાધોને. તથા ''આયરિય ઉવજ્ઝાય'' દ્વારા આચાર્યોથી માંડીને સમસ્ત જીવરાશીને ખમાવવાની છે. તે પણ ललाटे हाथ लगाडीने પશ્ચાત્તાપના ભાવ સાથે સ્હેજ માથું નમાવવા પૂર્વક ! કારણકે.. અહિં આપણાં અભિમાનને ભુલી જવાનું છે. અહંકારને બાજુ પર મુકીને કષાય મુક્તિ મેળવવાની છે.

★ અહિં ચોથુ આવશ્યક પૂર્ણ થયું હવે પાંચમું આવશ્યક કાયોત્સર્ગ શરૂ થાય છે.

કરેમિભંતે : સમભાવની વૃદ્ધિ માટે કરેમિભંતે અને અહિંથી પાંચમું આવશ્યક કાઉસ્સગ્ગનો પ્રારંભ થાય છે.

ઈચ્છામિઠામિ : ત્યારબાદ ચારિત્રાચારની શુદ્ધિ માટે તથા ચારિત્રવિરાધના ના પાપનિવારણાર્થે ૨ લોગસ્સ અને દર્શનાચાર તથા જ્ઞાનાચારની શુદ્ધતા માટે ૧-૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યા બાદ દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ થવાથી તેનું નિરતીચાર પાલન થાય તે માટે અને એ કાર્ય સુંદર રીતે પૂર્ણ થયેલ હોવાથી સિદ્ધાણંબુદ્ધાણં સુત્ર દ્વારા સિદ્ધ ભગવંતને વંદન કરીને ખુશાલી મનાવવાની હોય છે.

ત્યારબાદ : શ્રુતદેવતા તથા ક્ષેત્રદેવતાની પ્રસન્નતા માટે અને આપણું પ્રતિક્રમણ તથા મોક્ષમાર્ગની સાધના નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાની સ્તુતિ કરવાની છે. આપણે વિરતીધર હોવા છતાં અવિરતીધર... પરંતુ નિર્મલ સમ્યગ્દર્શનના તથા શાસન રક્ષાની વિશેષ બાવન શક્તિના ધારક હોવાથી દેવ-દેવીઓનું સ્નેહે સ્મરણ કરવાનું છે. દેવોને પ્રણામ કરવાના છે. કારણ કે તેમાં ઔચિત્યપાલન છે. અને ત્યારબાદ મંગલરૂપે નમસ્કાર મહામંત્ર બોલીને... મુહપત્તિ તથા વાંદણા દ્વારા છઠ્ઠા આવશ્યક પચ્ચક્ખાણમાં પ્રવેશ કરવાનો છે. અને ત્યારબાદ છ એ છ આવશ્યક પુરા થયા એની ખુશી નિમિત્તે ''નમોસ્તુ વર્ધમાનાય''

સુત્ર પ્રથમ ગુરુ ભગવંત બોલે અને પછી આપણે બધાં એક સાથે બોલીએ છીએ. વિનય બતાવવા સૌ પ્રથમ ગાથા પૂજ્ય ગુરુદેવ બોલે પછી આપણે બોલીએ છીએ.

છ આવશ્યકની સમજણ

સામાયિક - હોસ્પિટલમાં એડમીટ થયા અને ડોક્ટર (પ્રભુ) પ્રત્યે શ્રદ્ધા ધારણ કરવી. (કરેમિભંતે) મમતા રોગ મારી સમતા સાધવા સામાયિક.

ચઉવિસત્થો - હોસ્પિટલમાં એડમીટ થયા બાદ સુપ્રિમસર્જન ૨૪ તીર્થંકરનું શરણ લેવું. (લોગસ્સ) સમતાના સ્વામીઓનાં સ્નેહપૂર્ણ સ્મરણથીજ સમતા મળે.

વાંદણા - આસિસ્ટન્ટ ડોકટર પ્રત્યેની (ગુરુ ભગવંત) પ્રીતિ અને શરણ. વર્તમાનમાં પ્રત્યક્ષ ઉપકારી ઘણી ખરી સમતાને સિદ્ધ કરનારાઓને વંદન.

પ્રતિક્રમણ - ઓપરેશન (પાપોનું ઓપરેશન) (વંદિત્તું) રાગ-દ્વેષની ગાંઠનું ઓપરેશન.

કાઉસ્સગ્ગ - કાયોત્સર્ગ એટલે...રોગમુક્તિ, ડ્રેસીંગ-પરેજી વિ. (કરેમિભંતેથી નવકાર સુધી) મુખ્યતયા કાયાના મોહથીજ થયેલા પાપોની સન્નરૂપે કાયાની માયા છોડી કાયોત્સર્ગ.

પચ્ચક્ખાણ - ટોનિક, દવા, પ્રિસ્ક્રિપ્સન. પ્રતિજ્ઞાપૂર્વક પાપોને પડકાર.

ત્યારબાદ હર્ષનાદ જેવું **ણમોડત્સુવર્ધમાનાય** બોલવું (બહેનો એ સંસારદાવાનલદાહનીરં બોલવું, ણમોડત્સુવર્ધમાનાય સૂત્ર પૂર્વકૃત હોવાથી સ્ત્રીઓથી બોલાય નહીં)

ત્યારબાદ **નમુત્થુણં ...** અને ત્યારબાદ સ્તવન = પ્રભુ ભક્તિ રૂપે પ્રભુની સ્તવના, એટલે સ્વનિંદાપૂર્વક પ્રભુગુણની પ્રાપ્તિની તીવ્ર લાલસા

વરકનક - અહીં બેઠા બેઠા એક સાથે પંચવર્ણી ૧૭૦ તીર્થંકરોને વંદના...

ભગવાન્હમ્ - વિગેરે ચાર ખમાસમણ દ્વારા દેવગુરુને વંદન.

અઢાઈજ્જેસુ - અઢીદ્વિપમાં રહેલ સર્વમુનિઓને નમસ્કાર.

કાઉસ્સગ્ગ - દરેક પાપોની આલોચના થઈ ગેઈ હોવા છતાં રહી ગયેલ પાપોને આલોચવા માટે ચાર લોગસ્સનો કાયોત્સર્ગ અને ત્યારબાદ ...

પ્રગટ લોગસ્સ - પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતા તથા પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયાની ખુશાલી વ્યક્ત કરવા માટે.

સજ્ઝાય - સ્વાધ્યાય માટે આદેશ લઈ ગુરુદેવશ્રી સજ્ઝાય કહે.

કાઉસ્સગ્ગ - દુઃખક્ષય અને કર્મક્ષય માટે. ચાર લોગ્ગસ્સનો ચંદ... સુધી

શાંતિ - પુરા વિશ્વની શાંતિ માટે. કષાયોથી મુક્તિ માટે

લોગસ્સ - ગુણોથી પરીપૂર્ણ ૨૪ તિર્થંકરોને વંદના દ્વારા પૂર્ણગુણોની પ્રાપ્તિના ભાવપૂર્વક પૂર્ણાહૂતિ !!

-: **લેખન સંકલન** :- પ. પૂ. આ. ભ. **શ્રી વિજયરત્નચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**ના શિષ્યરત્ન મુનિ **શ્રી ઉદયરત્નવિજયજી મ.સા.**

卐 ▩ 卐

ગિરનાર તીર્થનો મહિમા

- ★ આવતી ચોવીશીમાં પદ્મનાભ આદિ બધા તીર્થંકર ભગવંતો શ્રી ગિરનારજી ઉપર નિર્વાણ પામશે. અને ૨૩માં ૨૪માં તીર્થંકરના દીક્ષા કેવલજ્ઞાન કલ્યાણક પણ ગિરનારમાં થશે.
- ★ ગઈ ચોવીશીના પણ (૧૭ થી ૨૪) ભગવંતના દીક્ષા, કેવલજ્ઞાન તથા નિર્વાણ ત્રણ કલ્યાણક થયા છે.
- ★ નેમિનાથ પ્રભુના પણ દીક્ષા કેવલ તથા નિર્વાણ કલ્યાણક અહીં થયા છે.
- ★ શ્રી મહાવીર પ્રભુએ સૌધર્મેન્દ્રને ગિરનાર તીર્થનો મહિમા વર્ણવ્યો હતો.
- ★ બપ્પભટ્ટસૂરીજીના સદુપદેશથી આમ રાજાએ ગિરનાર તીર્થનો સંઘ કાઢ્યો હતો.

-: શંકા - સમાધાન :-

પ્રતિમા એટલે શું ? તે શા માટે કરવાની ?

પ્રતિમાએ એક પ્રકારના મન અને ઈન્દ્રિયોને જીતવાના નિયમો છે. શ્રાવક જીવનમાં પોતાના જીવનને વિશુદ્ધ તથા વિશુદ્ધતમ બનાવવા માટે પ્રતિમા તે આપણા શાસ્ત્રમાં ૧૧ બતાવી છે.

૧. **સમ્યક્ત્વ દર્શન પ્રતિમા** - એક મહીના સુધી ધર્મમાં રૂચી રાખવી તથા આત્મ ભાવના વિશુદ્ધિ કરવી સમકિતના દોષોનો ત્યાગ કરવો.

૨. **વ્રત પ્રતિમા** - ૨ મહિના સુધી શ્રાવકનાં બાર વ્રતનું પાલન કરવું.

૩. **સામાયિક પ્રતિમા** - ત્રણ મહીના સુધી દ્વિસંધ્ય સામાયિક કરવું અને દેશાવકાસિક વ્રતનું પાલન કરવું.

૪. **પૌષધ પ્રતિમા** - ચાર મહીના સુધી પાંચ તિથિ પૌષધ કરવા.

૫. **કાયોત્સર્ગ પ્રતિમા** - પાંચ મહીના સુધી.
(અ) સ્નાન કરવું નહિ, (આ) રાત્રિ ભોજન કરવું નહીં, (ઇ) ધોતીયાનો કછોટો બાંધવો નહીં, (ઈ) દિવસમાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું, (ઉ) રાતે બ્રહ્મચર્યની મર્યાદા બાંધવી.

૬. **બ્રહ્મચર્ય પ્રતિમા** - છ મહિના સુધી મન, વચન, કાયાથી શીલ પાળવું.

૭. **સચિત્તાહાર વર્જન પ્રતિમા** - સાત મહીના સુધી સચિત્ત આહારનો ત્યાગ કરવો.

૮. **સ્વયં આરંભ વર્જન પ્રતિમા** - આઠ મહીના પોતે જાતે આરંભ સમારંભ ન કરવા. હિંસક પાપ વ્યાપારો ન કરવા

૯. **પ્રેષ્યારંભ વર્જન પ્રતિમા** - નવ મહીના સુધી પોતાના માટે બનાવેલ ભોજનનો ત્યાગ. માથે મુંડન કરાવવું. તથા સંસાર સંબંધી પ્રશ્નમાં 'હા', 'ના'માં પરિમિત જવાબ આપવો. અન્ય પાસે આરંભ ન કરાવવો.

૧૦. **ઉદ્દિષ્ટ ત્યાગ** - દશ મહીના સુધીઆપણે ઉદ્દેશીને બનાવેલી તમામ વસ્તુનો ત્યાગ રાખવો.

૧૧. **શ્રમણભૂત પ્રતિમા** - ૧૧ મહીના સુધી સાધુ જીવન પાળવું. તેમની જેમ ભિક્ષા વગેરે લાવીને ખાવું.

★ **આ પ્રતિમા ધારણ કરવાથી સંયમ જીવનની તાલીમ મળે છે.**

-: શંકા - સમાધાન :-

કર્મ કેટલા પ્રકારના તથા તેના નામ ? અને શાના કારણે કયું કર્મ બંધાય છે ?

કર્મ આઠ પ્રકારના છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર, (૮) અંતરાય.

૧. **જ્ઞાનાવરણીય કર્મ** - જ્ઞાનીની સખ્તીની ઈર્ષ્યા કરવાથી ગુરુને ઓળવવાથી, ભણતાં ને અંતરાય કરવાથી, જ્ઞાનના ઉપકરણો અને અક્ષરવાલા કોઈપણ સાધનોની આશાતના કરવાથી જેમ કે પેપર વિગેરેમાં ખાવાથી, ઈન્દ્રિયોનો દુરૂપયોગ કરવાથી. એંઠા મોઢે બોલવાથી. ગુરૂની ૩૩ આશાતના કરવાથી.

૨. **દર્શનાવરણીય કર્મ** - જિનાલયમાં આશાતના કરવાથી તેમજ સમકિતીની નિંદા, અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી તથા દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, દર્શન તથા પૂજા કરતા અટકાવવાથી. દેરાસરની ૮૪ આશાતના કરવાથી.

૩. **વેદનીય કર્મ** - વડીલોની ભક્તિ, પ્રાણીઓ ઉપર અનુકંપા અને વ્રતનું પાલન કરવાથી શાતા વેદનીય તથા એનાથી વિપરિત કરવાથી અશાતા વેદનીય કર્મ બંધાય. સર્વજીવો પ્રત્યે આત્મતુલ્યભાવ કરવાથી જાત-શરીર-સંપત્તિ અને સ્વજનનો મોહ કરવાથી.

૪. **મોહનીય કર્મ** - વિષય-કષાયમાં આસક્ત થવાથી.

૫. **આયુષ્ય કર્મ** - ચાર પ્રકારના, નરકાયુ - મહારંભ, મહાપરિગ્રહ અને ક્રૂર પરિણામો થવાથી.
તિર્યંચ આયુ : માયા કપટ કરવાથી; મનુષ્ય આયુ : સરલ પરિણામી હોય, દાનમાં રૂચિવાળો હોય, મંદકષાયી હોય તે.; દેવ આયુ : સરાગ સંયમી હોય અજ્ઞાન કષ્ટને સહન કરવાવાળો

૬. **નામ કર્મ** - મન, વચન અને કાયાની વક્રતાથી અશુભ નામકર્મ અને સદ્યોગથી શુભ નામ કર્મ બંધાય

૭. **ગોત્ર કર્મ** - બીજાની નિંદા કરવાથી પોતાની પ્રશંસા કરવાથી. નીચ ગોત્ર બંધાય અને એનાથી વિપરિત કરવાથી ઉચ્ચગોત્ર બંધાય.

૮. **અંતરાય કર્મ** - પૂજા વિગેરેમાં વિઘ્ન કરવાથી તથા હિંસા વિગેરેમાં તત્પર રહેવાથી. દાન-શીલ-તપાદિમાં અંતરાય કરવાથી.

જુદી જુદી પૂજામાં જોઈતી ચીજ વસ્તુઓની યાદી

૧) **શ્રી પંચકલ્યાણ પૂજા :** ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાંચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ

૨) **ચોસઠ પ્રકારી પૂજા :** દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૧) જ્ઞાનાવરણીયકર્મ નિવારણ ૨) દર્શનાવરણીયકર્મ નિવારણ
૩) વેદનીયકર્મ નિવારણ ૪) મોહનીય કર્મ નિવારણ
૫) આયુ કર્મ નિવારણ ૬) નામ કર્મ નિવારણ
૭) ગોત્ર કર્મ નિવારણ ૮) અંતરાય કર્મ નિવારણ

૩) **શ્રી અષ્ટાપદ તીર્થની પૂજા :** નાડા છડી, કપૂર, મીઠું/માટી ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાંચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી, અંગલુછણા, બત્રીસ કોટી માટે (પાનાણું)

૪) **શ્રી વાસ્તુ પૂજા :** નૈવેદ્ય-પાંચ જાતના દરેકના પાંચ નંગ કુલ= ૨૫ ફળ, પાંચ જાતના દરેકના પાંચ નંગ કુલ = ૨૫ ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાંચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૫) **શ્રી પિસ્તાલીસ આગમ પૂજા :** પિસ્તાલીસ આગમની સ્થાપના કરવી ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાંચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ ફુલ = ૪૦)
ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ ફુલ = ૪૦)
શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી
કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૬) **શ્રી નવપદની પૂજા :** નૈવેદ્ય - પાંચ જાતના, દરેકના નંગ-૯, ફુલ-૪૫ - ફળ - પાંચ જાતના, દરેકના નંગ-૯, ફુલ-૪૫ - ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાંચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ ફુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ ફુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૭) **નવ્વાણુ પ્રકારની પૂજા -**
નૈવેદ્ય - પાંચ જાતના, દરેકના નંગ-૧૧,
ફુલ - ૫૫ ફળ - પાંચ જાતના, દરેકના નંગ-૧૧
ફુલ - ૫૫ ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ ફુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ ફુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૮) **શ્રી બાર વ્રતની પૂજા :**
નૈવેદ્ય - પાંચ જાતના, દરેકના નંગ-૧૩
ફુલ = ૬૫ ફળ - પાંચ જાતના દરેકના નંગ-૧૩
ફુલ = ૬૫ તથા અષ્ટ મંગલની પાટલી, ધજા, દર્પણ વગેરે. ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ ફુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ

કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૯) શ્રી સત્તર ભેદી પૂજા :

નૈવેદ્ય - પાંચ જાતના દરેકના નંગ

૧૭ કુલ = ૯૫ ફળ - પાંચ જાતના દરેકના નંગ

૧૭ કુલ = ૯૫, વાસક્ષેપ, અત્તર કુલોની માળા, અષ્ટ મંગલ, ધજા, મુકુટ, કુંડળ વગેરે ૧૦૮ નાળચાનો કળશ વગેરે. ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૧૦) શ્રી વીસ સ્થાનકની પૂજા :

નૈવેદ્ય - પાંચ જાતના દરેકના

નંગ = ૨૦ કુલ = ૧૦૦ ફળ - પાંચ જાતના દરેકના

નંગ = ૨૦ કુલ = ૧૦૦ તથા વીસ સ્થાનકનું યંત્ર. ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી

૧૧) શ્રી નવાણુ અભિષેકની પૂજા :

નૈવેદ્ય - ૯૯

ફળ = ૯૯, ૧૧, વખત અભિષેક, ૧૧ વખત અષ્ટપ્રકારી પૂજા. ફુલ, ધૂપ, દીપક અક્ષત (ચોખા) બદામ, નૈવેદ્ય, (પાચ પ્રકારના દરેક નૈવેદ્ય આઠ નંગ કુલ = ૪૦) ફળ (પાંચ જાતના, દરેકના આઠ નંગ કુલ = ૪૦) શ્રીફળ-નંગ ૯, રોકડા રૂા.૧૧.૦૦ અને ૧૧ પાવલી

કોરા પાન ૧૧, વરખ, કંકુ, દૂધ, પાણી બરાસ, કેસર, ઘી
સિંહાસન, છોડ ઉભી દીવી, ફાનસ, ધુપિયુ, આરતી, મંગળદીવો, કુંડી-૧, થાળી-૨, વાડકી-૨, ચામર, પંખો, દર્પણ, થાળી, ડંકો કળશ-૩, ડોલ-૧

ધર્મ

* ધર્મનું પ્રાકટ્ય સત્યથી થાય છે. સત્ય, ધર્મ અને ન્યાય લગભગ એકબીજાના પર્યાય કહેવાય. સત્ય એ જ ધર્મ. ધર્મ એ જ સત્ય. સત્ય તથા ધર્મનો અવિરોધ એનું નામ તો ન્યાય કહેવાય.
* ધર્મની સ્થાપના કે ધર્મનો પ્રચાર પાઠ-પૂજા, હોમ-હવન કરવાથી નથી થતાં પણ સત્યની સ્થાપનાથી થાય છે. સત્યની સ્થાપના વિનાનાં બાકીનાં બધાં કર્મકાંડો એકડા વિનાનાં મીંડાં જેવાં છે.
* ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્‌ગુણોને વિકસિત કરી પ્રગટ કરવાની પ્રક્રિયા. ધર્મના આશ્રયે બધા સદ્‌ગુણો છે : સત્ય, દયા, તપ, દાન, ત્યાગ, વૈરાગ્ય, ઉદારતા, સહિષ્ણુતા, ન્યાયપ્રિયતા વગેરે વગેરે. ધર્મ એટલે જીવન-સાધના અને જીવન સાધના એટલે જીવનનો વિકાસ.
* ધર્મવૃદ્ધિ માટે એક મહત્ત્વનું તત્ત્વ કારણભૂત છે અને તે છે શીલ. શીલ એટલે માનવીય જીવનનાં ઉચ્ચ મૂલ્યો, આદર્શો અથવા શુદ્ધાચારનું નિષ્ઠાપૂર્વક જતન કરવું તે.
* ધર્મ એ વિશ્વનું સર્વાધિક પ્રાણદાયી તત્ત્વ છે. જેમ પ્રાણવાયુ વિના જીવનની કલ્પના ના કરી શકાય, તેમ ધર્મ વિના પણ પ્રજાજીવનની કલ્પના ના કરી શકાય. પ્રજાનું ધારણ કરે તે ધર્મ કહેવાય. પ્રજાનું ધારણ કરવાનો અર્થ છે પ્રજા સુરક્ષિત રહે, સંપન્ન રહે, સુખી રહે.

કષાય અને લેશ્યાનું સામાન્ય સ્વરૂપ

શાસ્ત્રોમાં મોહનીય કર્મને નવીન કર્મબંધનું મુખ્ય કારણ કહ્યું છે. અહીં મોહનીય કર્મ અંતર્ગત કષાય નોકષાય અને લેશ્યાઓને ટૂંકમાં સરળ રીતે સમજાવવા પ્રયાસ કર્યો છે.

મોહનીય કર્મ બે પ્રકારે છે : દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહના ઉદયથી જીવના સમ્યગ્દર્શન ગુણનો ઘાત છે. જેથી જીવને પોતાની યથાર્થ જ્ઞાન જાણકારી થતી નથી. શાસ્ત્રજ્ઞાન અથવા વીતરાગી સંતો-મહાત્માઓ કે જ્ઞાની પુરૂષના યથાર્થ બોધથી દર્શન મોહનીય કર્મ હટી શકે છે. ચારિત્ર મોહના ઉદયથી થતાં જીવના કલુષિત પરિણામો ચારિત્ર ગુણનો ઘાત કરે છે. ચારિત્ર મોહના ઉદયથી થતાં જીવના આ કલુષિત પરિણામોને કષાય કહેવામાં આવે છે.

આ કષાયો ક્રોધ, માન, માયા અને લોભ તથા નોકષાયો. એ નામ પ્રમાણે કિંચિત્ અથવા નગણ્ય કષાયો છે. જે મુખ્ય કષાય ચોકડીની અંતર્ગત સમાય છે. આ નવનો કષાયો-હાસ્ય-રતિ-અરતિ ભય શોક જુગુપ્સા પુરૂષવેદ સ્ત્રીવેદ અને નપુંસકવેદ ને નામે ઓળખાય છે. જેને આપણે ટૂંકમાં રાગ-દ્વેષ કહીએ છીએ.

ક્રોધ, માન, માયા, લોભ કષાયો દરેક તીવ્ર મંદ અપેક્ષાએ ચાર ચાર પ્રકારે છે. અનંતાનુબંધી અપ્રત્યાખ્યાના વરણીય, પ્રત્યાખ્યાના વરણીય અને સંજ્વલન અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન વગેરે કષાયો નામ પ્રમાણે અનંત સંસારનો બંધ કરે છે. તેના ઉદયથી જીવના સમ્યગ્દર્શન ગુણનો ઘાત થાય છે. અપ્રત્યાખ્યાના વરણી ક્રોધ, માન, માયા અને લોભ કષાયના નિમિત્તે સંયમા સંયમનો ઘાત થાય છે. પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા અને લોભ કષાયથી સકળ સંયમનો ઘાત થાય છે અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ તથા

નવ કષાયોના ઉદયથી સંયમનો ઘાત થાય છે.

આ ચારે કષાયો નાશ પામે છે. જેમકે પહેલાં અનંતાનુબંધી કષાય ચોકડી (ક્રોધ, માન, માયા, લોભ) નષ્ટ થાય છે. પછીના તે તે ગુણસ્થાનકે યથા યોગ્ય વિરામ પામે છે.

આ ચારે પ્રકારને દૃષ્ટાંતપૂર્વક નીચે મુજબ સમજાવી શકાય. પ્રથમ ક્રોધ - પત્થર પર પડેલી રેખા, દ્વિતીય ક્રોધ - પૃથ્વી પર પડેલી રેખા, તૃતીય ક્રોધ - ધૂળ પર પડેલ રેખા તથા ચતુર્થ ક્રોધ - પાણી પર દોરેલ રેખા. જેમ પત્થર પર કરેલ રેખા ગાઢ હોય છે. જે ઘણાં કાળ સુધી જેવો છે એવીને એવી જ બની રહે છે. આ અનંતાનુબંધી ક્રોધનું દૃષ્ટાંત છે. પૃથ્વી પર કરેલ રેખા તેના કરતાં થોડાં ઓછા સમયમાં નષ્ટ થઈ શકે છે. આ અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધનું દૃષ્ટાંત છે. એવી જ રીતે ધૂળ અને પાણી પર કરેલ રેખા ક્રમપૂર્વક અતિ શીઘ્રપણે ભૂંસાઈ જાય છે. જે પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન ક્રોધના દૃષ્ટાંતરૂપ છે.

ક્રોધ કષાયના આ ભેદ જીવને ક્રમપૂર્વક નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં લઈ જાય છે. ક્રોધની જેમ તીવ્રતામંદતાની અપેક્ષાએ માન, માયા અને લોભની પણ ચાર શક્તિઓ છે. અને તે પણ જીવને ક્રમપૂર્વક નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં લઈ જાય પરંતુ જીવનો મોક્ષ થતો અટકાવે.

તીવ્ર માની પુરૂષને પર્વતની ઉપમાથી સમજાવ્યા છે, કેમકે તીવ્ર માની પર્વતની જેમ અક્કડ રહે છે. જરા પણ નમતો નથી. એનાથી ઓછા પ્રમાણવાળા માની પુરૂષને હાડકાના દૃષ્ટાંતથી સમજાવ્યા છે. હાડકું જો કે કઠોર છે પણ પર્વતની અપેક્ષાએ ઓછું કઠોર છે. ત્રીજા અને ચોથા પ્રકારને લાકડું અને નેતરના દૃષ્ટાંત સમજાવ્યા છે તે બંન્નેમાં અનુક્રમે બહું ઓછી કઠોરતા છે. એ માનની ચાર શક્તિઓ પણ જીવને નરકાદિ ગતિના કારણો થાય છે.

માયાને વક્રતા (કુટિલપણું-વાંકાપણું) ની ઉપમા આપી છે. તેના દૃષ્ટાંત આ પ્રમાણે છે. વાંસની નીચેનો ભાગ (વાંસનુ મૂળ) ઘેટાનું શિંગડું, ગાયનું મૂત્ર અને વાંસની છાલ. વાંસની નીચેનો ભાગ ખૂબ ગાંઠવાળો હોય છે. બાકીના ત્રણમાં ઉત્તરોત્તર ઓછી કુટિલતા વક્રતા છે. લોભને ચિકાશ સાથે સરખાવ્યો છે. તેને મજીઠનો રંગ, ગાડાના પૈડાની મળી, કાજળ (મેંસ) અને હળદરનો રંગ એ દૃષ્ટાંતે સમજાવ્યો છે. ક્રોધ-માનની જેમ માયા અને લોભ કષાયો પણ ક્રમથી જીવને નરકાદિ ગતિમાં લઈ જાય છે.

જીવના વ્રત રહિત ભાવોનું નામ અસંયમ છે. કેટલાંક પરિણામોમાં જીવ આઠ મૂળ ગુણ પણ ધારણ કરી શકતો નથી. કેટલાક પરિણામોમાં આઠ મૂળ ગુણો ધારણ કરી લે છે પણ અણુવ્રત ધારણ કરી શકતો નથી. કેટલાંક અણુવ્રત તો ધારણ કરે પણ તેના અતિચારો છોડી શકતો નથી કયાંક મહાવ્રત ધારણ કરી શકતો નથી. ટુંકમાં જ્યાં સુધી અસંયમ ભાવો રહે છે, ત્યાં સુધી જીવ વ્રત ધારણ કરવા માટે તત્પર થતો નથી.

આ કષાયોના ઉદયથી રંજિત યોગ પ્રવૃત્તિ (મન, વચન અને કાય પ્રવૃત્તિ) ને લેશ્યા કહે છે. આમ કષાયોના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિનું નામ જ લેશ્યા છે. લેશ્યા છ પ્રકારે છે. (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત (૪) તેજો, (૫) પદ્મ અને (૬) શુક્લ. પહેલી ત્રણ અશુભ અને છેલ્લી ત્રણ અનુક્રમે શુભ લેશ્યાઓ છે. સંકલેશ પરિણામીજીવ પોતાના ભાવોની હાનિ-વૃદ્ધિને અનુસારે પ્રથમની ત્રણ અશુભ લેશ્યામાં પરિણમન કરે છે; તથા વિશુદ્ધિની વૃદ્ધિ થવાથી ક્રમપૂર્વક પીતમાંથી પદ્મમાં અને પદ્મમાંથી શુક્લ લેશ્યામાં આવે છે, વિશુદ્ધિની હાનિ થતાં ક્રમથી શુક્લમાંથી પદ્મમાં અને પદ્મમાંથી પીતમાં આવે છે. સામાન્યરીતે જીવને ચોથા ગુણસ્થાન સુધી છએ લેશ્યા હોય છે. પાંચમાં-છઠ્ઠા ગુણઠાણે પીત-પદ્મ અને શુક્લ લેશ્યા જ હોય છે. તેથી ઉપરના ગુણઠાણે ફક્ત શુક્લલેશ્યા જ હોય છે.

આ છએ લેશ્યાવાળા જીવોના વિચારોના વિષયમાં એક દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. છ પ્રવાસીઓ જંગલના માર્ગ પર જઈ રહ્યા છે. માર્ગ ભૂલી જતાં ફરતાં ફરતાં તેઓ એક આંબાના વૃક્ષ પાસે પહોંચ્યા તે આંબો ફળોથી લચી પડેલો જોઈને કૃષ્ણ લેશ્યવાળાએ કહ્યું કે ચાલો આ ઝાડને મૂળથી ઉખેડી પછી તેની કેરીઓ ખાઈએ, નીલ લેશ્યાવાળાએ કહ્યું કે મૂળથી નહિ, થડથી કાપીને ઝાડને પાડી નાંખીએ, અહીં કાપીત લેશ્યાવાળાએ સૂચવ્યું કે હું તો મોટી-મોટી ડાળીઓ જ તોડીને કેરીઓ, ખાઈશ, ત્યારે પીત લેશ્યાવાળાએ કહ્યું કે આથી તો વૃક્ષની શોભા નષ્ટ થશે, હું તો નાની-નાની ડાળીઓ જેની પર કેરીઓ છે તેજ તોડીશ, જ્યારે શુકલ લેશ્યાવાળા જીવે વિચાર્યું કે ફળો ખાવાની ઈચ્છાથી આટલી મોટો આરંભ કરવા કરતાં, હું તો માત્ર સ્વયં તૂટી પડેલી કેરીઓ જ વીણીને ખાઈશ.

આમ આજ લેશ્યાઓ અનુસાર લેશ્યાગત ભાવો જ જીવને આયુષ્ય અને ગતિઓનો બંધ કરે છે. છતાં સંપૂર્ણ લેશ્યાગત ભાવોથી આયુષ્યનો બંધ થતો નથી પણ મધ્યના આઠ અંશો દ્વારા જ થાય છે. વિષય ઘણો ગહન-ગંભીર હોઈ અહીં આપવો શક્ય નથી.

આપના પરિવારના કોઈપણ સભ્યનો જન્મદિન
પશુ-પરિવારના એકાદ સભ્યને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઉભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગે આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદ પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
પણ જીવન બક્ષી પર્વોપાસનાને દયાના રંગથી મઢી દો.

નિત્ય આરાધના વિધિ

ઈશાન ખુણા સન્મુખ શ્રી સીમંધર સ્વામી પ્રભુને ત્રણ ખમાસણા દઈ પ્રાર્થના કરવી, "હે પરમતારક દેવાધિદેવ પ્રભો ! અનાદિકાલથી આજ સુધી અનંતા ભવોમાં મારા જીવે જે કાંઈ હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન-પૈશુન્ય-પરપરિવાદ-રતિ-અરતિ-માયામૃષાવાદ અને મિથ્યાત્વ શલ્ય એ અઢાર પાપસ્થાનકો સેવન કર્યાં હોય, સેવન કરાવ્યાં હોય, કરતાં ને અનુમોદ્યા હોય. અનેરું જે કાંઈ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ આચરણ કર્યું-કરાવ્યું-અનુમોદ્યું હોય તેના માટે હું ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું.

હે પ્રભો ! પૂર્વે અનંતા ભવોમાંહિ મારા જીવે જે કાંઈ શ્રી અરિહંત દેવો, ગુરુ ભગવન્તો, શ્રી જૈનધર્મની વિરાધના કરી હોય અશાતના કરી હોય, ઉત્સૂત્ર પ્રરૂપણ કર્યું હોય તો તેના માટે હું મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું.

હે પ્રભો ! આપની ભક્તિના પ્રભાવે મને શ્રી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નની પ્રાપ્તિ થાઓ ! ભવોભવ આપના ચરણની સેવા મળો જેના પ્રતાપે હું જિન આજ્ઞા અનુસાર આરાધના કરવા પૂર્વક કર્મોનો નાશ કરી મોક્ષ સુખ પ્રાપ્ત કરું.

હે પ્રભો ! આપની કૃપાથી મને એવી શક્તિ પ્રાપ્ત થાઓ, જે દ્વારા હું મારા કર્તવ્યો નીતિ-ન્યાય-અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ વ્રતોનું પાલન કરી શકું. પ્રાણિમાત્ર પ્રત્યે મૈત્રીભાવના, ગુણ શીલ પ્રત્યે પ્રમોદ ભાવના, દીન દુઃખી પ્રત્યે કરુણા ભાવના, ધર્મ વિહુણા પ્રત્યે મધ્યસ્થ ભાવના ભાવનારો બનું.

સર્વથા સહુ સુખી થાઓ, પાપ ન કોઈ આચરો,
રાગ-દ્વેષથી મુક્ત થઈને, મોક્ષ સુખ સહુ જગ વરો.

સવારે ઊઠવાની વિધિ

સવારે ઊઠવાની મંગલકારી વિધિ શું છે તમને ખબર છે?

'સૂતાં સાત ઊઠતાં આઠ' સવારે ઊઠતી વખતે આંખો બંધ કરી અંજલિબદ્ધ પ્રણામ (બન્ને હાથના અંગૂઠા સામ-સામા રાખી જમણા હાથની આંગળીઓ ઉપર આવે તેમ બન્ને હાથની આંગળીઓ ભેગી કરવી) સાથે આઠ કર્મને દૂર કરવા આઠ નવકાર ગણવા.

અંજલિને ખોલી સિદ્ધશિલા અને એની ઉપર બિરાજમાન ૨૪ તીર્થંકર પરમાત્માના દર્શન કરવા. પુરુષોએ પહેલાં જમણો હાથ અને બહેનોએ ડાબો હાથ જોવો. ચોવીશે વેઢામાં ક્રમસર તે-તે તીર્થ અને તીર્થંકર પરમાત્માના આનંદભેર દર્શન કરી પાવન થવું. એક-એક નવકારપણ ગણી શકાય.

સ્વર-શ્વાસ જોઈ જે સ્વર ચાલતો હોય એ પગ પથારીથી નીચે મૂકવો. ત્યારબાદ નીચે મુજબ વર્તમાન ભાવતીર્થંકર સ્વરૂપ શ્રી સીમંધરસ્વામીજી પાસે પ્રાર્થના કરી શકાય (અહિં પૂર્વના પાનાની વિધિ લેવી)

રાત્રિના ખરાબ સ્વપ્નના દોષ કે પાપને નિવારવાની પણ વિધિ છે એ તમને ખબર છે ?

સામાયિક-પ્રતિક્રમણ કરવાં. છેવટે ન થાય તો કમ-સે-કમ રાત્રે આવેલ ખરાબ સ્વપ્નાદિ દોષોના નિવારણ માટે કુસુમિણ-દુસુમિણ ઓહડાવણાર્થં રાઈય પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં. કુસુમિણ કરેમિ કાઉસગ્ગ અન્નત્થ.

૪ લોગસ્સ બ્રહ્મચર્યનાશક સ્વપ્ન આવ્યું હોય તો સાગરવરગંભીરા સુધી (નહિં તો ચંદેસુ નિમ્મલયરા સુધી) અથવા ૧૬ નવકારનો કાઉસગ્ગ પાળીને ઉપર એક લોગસ્સ.

પછી હાથ જોડી સાત લાખ અને પહેલે પ્રાણાતિપાત બોલવા...

પ્રભુ દર્શનની શાસ્ત્રીય વિધિ

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વ સંકેત.

વિધિનું જ્ઞાન શા માટે જરૂરી...

વિધિથી નિરપેક્ષ રહીને ગમે તેવી કીંમતી પૂજા કરવામાં પણ થવો જોઈએ તેવો આત્મિક લાભ આપણને પ્રાપ્ત થઈ શકતો નથી...

રૂપિયાની કમાણી 'ચાર આનામાં' વેડફાઈ ન જાય તે માટે શાસ્ત્રીય વિધિ જાણીને..શક્ય હોય તેટલી અવિધિ દૂર કરી, શુદ્ધ ક્રિયા કરવા માટે વિધિનું જ્ઞાન જરૂરી છે...

માટે જ જ્ઞાની ભગવંતો ફરમાવે છે, કે -

''પહેલું જ્ઞાન ને પછી રે ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે..''

પ્રભુદર્શનનું શુદ્ધ-પૂર્ણ ફળ પામવા શું કરવું અને શું ન કરવું? તે જાણો છો ?

પ્રભુદર્શન કરવા જઈએ ત્યારે બીજું સાંસારિક કામ સાથે ન રાખવું. *(દૂધનું ટમલર કે શાકની થેલી આદિ સાથે ન લેવા.)*

પ્રભુના દેરાસરના શિખરનું દર્શન થાય ત્યારે લલાટે હાથ જોડી 'નમો નિત્યસ્સ' કહો.

દેરાસરમાં પ્રવેશ કરતી વખતે ખાવા-પીવાની કોઈ પણ વસ્તુ

ખિસ્સામાં ન રખાય. *(દવાની ટીકડી પણ નહિ)* મોઢું એઠું હોય તો પાણીથી સાફ કર્યા પછી જ પ્રવેશ કરવો.

ઉર્ધ્વગતિ પમાડનારી પરમાત્માની 'આજ્ઞા' મસ્તકે (આજ્ઞાચક્ર ઉપર) ચઢાવું છું. તેવા ભાવ સાથે ભાઈઓએ દીપકની શિખા કે બદામ આકારનું (।) અને બહેનોએ સમર્પણ ભાવના પ્રતીક સમાન સૌભાગ્ય સૂચક ગોળ (●) **'તિલક'** કરવું કે જેથી સંસારની મમતાથી શૂન્ય બની જ્ઞાનાનંદની સંપૂર્ણતા પમાય.

ધૂપ સ્વદ્રવ્યથી લાવેલું હોય તો શ્રેષ્ઠ. જો ત્યાંનું જ લેવું હોય તો વિવેક રાખવો. પહેલાંથી ધૂપદાનીમાં ધૂપ ચાલું જ હોય તો એનાથી ધૂપ કરવો. ન હોય તો એક *(બે-ત્રણ નહિ)* ધૂપની સળી લઈ ધૂપ કરવો. *(ચરબીવાળી કે લાકડીવાળી અગરબત્તી ન વાપરવી.)*

ધૂપ અને દીપપૂજા ગભારા બહાર રહીને કરવી... ભગવાનની એકદમ નજીક કે નાકની પાસે ધૂપદાનીને લઈ જવી અવિધિ છે.

ધૂપ-દીપ કે આરતી નાકથી ઉપર અને નાભિથી નીચે ન લઈ જવી.

ધૂપ ભગવાનની ડાબી બાજુ (આપણી જમણી) રાખો અને દીપક ભગવાનની જમણી બાજુ (આપણી ડાબી બાજુ) મૂકવો.

સંસાર નૃત્ય મુક્ત થવા માટે ચામર વીંઝતાં નૃત્યપૂજા કરવી. પછી દર્પણમાં પ્રભુનું મુખ જોઈ પંખો નાંખવો. જેથી મિથ્યાત્વ દુર્ગંધ દૂર થઈ પરમાત્મારૂપ આત્મસ્વરૂપના દર્શન થાય છે.

"નિસીહિ"નો અર્થ શું ? અને ક્યા ભાવથી આ બોલવું તે યાદ રાખશો ?

નિસીહિ એટલે સંસારના તમામ પાપ-વિચારો-વ્યાપારોનો ત્યાગ કરું છું.

પહેલાં મુખ્ય દ્વારે નિસીહિ બોલી ને પ્રવેશ કરવો. દ્વારના ઉંબરામાં બે વાઘ જેવા જલગ્રાહના મોઢા છે. એ બન્ને ને રાગ-દ્વેષના પ્રતીક માની

'હું રાગ-દ્વેષ ઉપર પગ મૂકીને અંદર જઉં છું, માટે ગમે તેવા સંયોગો આવે તો પણ દેરાસરમાં રાગ-દ્વેષ નહિ કરું' એવી ઉત્તમ ભાવના ભાવવી. *(એ બેની વચ્ચે જે ગોળાકાર છે ત્યાં હાથથી સ્પર્શ કરી માથે ચડાવી શકાય.)* અહંકારથી શૂન્ય બની સંપૂર્ણ સમર્પણનો ભાવ કરવો.

પ્રભુ દર્શન થતાંની સાથે જ પુરુષોએ લલાટે અને બહેનોએ મુખ આગળ અંજલીબદ્ધ પ્રણામ કરી 'નમો જિણાણં' બોલવું.

છેલ્લે પ્રભુ દર્શન તથા પૂજનથી થયેલા હર્ષને વ્યક્ત કરવા બીજા કોઈને અંતરાય ન થાય તેમ હળવેથી 'ઘંટ' વગાડવો. પ્રભુજીને 'પુંઠ' ન પડે તે રીતે જિનાલયની બહાર નીકળવું. ન્હવણ જળ લેવું. ઓટલે બેસી આંખો બંધ કરી ત્રણ નવકારનું સ્મરણ કરી હૃદયમાં ભક્તિભાવોને સ્થિર કરવા. પૂ. સાધુ-સાધ્વીજી ભ. ઉપાશ્રયમાં બિરાજમાન હોય તો ત્યાં જઈને ગુરુવંદન કરી તેમના **'શ્રીમુખે'** ફરી પચ્ચક્ખાણ ગ્રહણ કરવું. આજે થયેલા સુકૃતના આનંદ સાથે અને પ્રભુ વિરહના દુઃખ સાથે ગૃહ તરફ પ્રયાણ કરવું.

જિનાલયમાં ધ્યાનમાં રાખવાલાયક સૂચનો. (૪૫)

૧. પ્રભુદર્શન કે પૂજા કરવા દેરાસર ક્યારેય ખાલી હાથે જવું નહીં. ધુપ.. અક્ષત.. પૂજાનાં ઉપકરણો તથા ભંડારમાં પુરવા પૈસા વિ. અવશ્ય સાથે લઈને જવું જોઈએ.

૨. દેરાસર પૂજા-દર્શન કરવા આવતાં જતાં ત્યાં બેઠેલા ગરીબોને રોજ યથાશક્તિ દાન આપવું

૩. દેરાસરના કંપાઉન્ડમાં પ્રવેશ કર્યા પછી સંબંધી કે ઓળખીતાઓ સાથે પરસ્પરના સમાચાર પૂછવા નહિ... ધંધા કે સંસાર સંબંધી કોઈપણ વાતચીત કરવી જોઈએ નહીં.

૪. પાનપરાગ, ગુટખા, બીડી-દવા, ખાવા-પીવાની વસ્તુ કે તેલ-છીંકણી... સુંઘવાની-લગાડવાની કોઈપણ વસ્તુ ખીસ્સામાંથી

કાઢીને જ જિનાલયમાં પ્રવેશ કરવો. કેમ કે આ બધી વસ્તુ જિનાલયમાં લઈ જવી ઉચિત પણ નથી અને લઈ ગયા પછી વાપરવામાં પ્રભુજીના વિનયનો ભંગ થાય છે.

૫. એઠું મોં સાફ કર્યા પછી જ દેરાસરમાં પ્રવેશ કરવો જોઈએ.

૬. તિલક કરતી વખતે દર્પણમાં વાળ ઓળવા કે કપડાં ઠીકઠાક કરવા જોઈએ નહીં. પ્રભુજીની નજર પડતી હોય તેવા સ્થાને તિલક કરી શકાય નહીં તથા મુગટ કે હાર પહેરી શકાય નહીં.

૭. દર્શન - પૂજા કરતાં પાછળનાઓને અને સ્તુતિ-ચૈત્યવંદન બોલતાં સમયે બીજાઓને અંતરાય ન થાય તેની ખાસ કાળજી રાખવી.

ગભારામાં પ્રવેશ કરતાં પહેલાં....

૮. અષ્ટપડવાળો મુખકોશ બાંધ્યા વિના ગભારામાં પ્રવેશ કરી શકાય નહીં. ગભારામાં દૂહાઓ મોટેથી બોલાય નહીં. મનમાં બોલવા જોઈએ.

૯. પૂજા કરતી વખતે ભાઈઓએ ખેસ વડે જ આઠ પડવાળો મુખકોશ બાંધવો જોઈએ, રૂમાલ વાપરવો ઉચિત નથી.

૧૦. પૂજા કરવાનો હાથ પાણીથી ધોઈ, લુપથી લુપી, પવિત્ર કર્યા બાદ ગભારાના ઉંબરે, શરીર કે કપડે ન અડાડતાં સીધી પૂજા કરવા ઉપયોગમાં લેવાનો આગ્રહ રાખવો.

૧૧. પૂજા કરતાં સમયે ઘડિયાળ પહેરવી ઉચિત નથી, હાથની આંગળીઓમાં વીંટી તથા શરીરે ઘરેણાં યથા શક્તિ અવશ્ય પહેરવાં જોઈએ.

૧૨. પંચધાતુના પ્રભુજીને એક હાથથી ન પકડતાં બન્ને હાથથી બહુમાનપૂર્વક થાળીમાં લેવા જોઈએ.

૧૩. પૂજા કરતાં શરીર-માથું વિ. ખંજવાળવું નહીં, છીંક, બગાસું, ઓડકાર વાછૂટ વિ. કરવી નહીં, તેવી શક્યતા લાગે તો ગભારાની

બહાર નીકળી જવું, કાર્ય પૂર્ણ થયા બાદ હાથ વિ. અશુદ્ધ થયા હોય તો ધોઈને શુદ્ધ કરી લેવા.

પૂજામાં... ભાવોની વૃદ્ધિ કઈ રીતે થઈ શકે...

૧૪. અષ્ટપ્રકારી પૂજા અને નવાંગી પૂજા કરતાં પહેલાં તેના ભાવાર્થનું લખાણ શાંતિથી વાંચીને વિચારવું અને કરતી વખતે ભાવપૂર્ણ કરવું.

બધા ભગવાનની ટાઈપિસ્ટની જેમ જલદી જલદી પૂજા કરવા કરતાં અર્થ સમજીને વિધિ અને ભક્તિ જળવાઈ રહે તે રીતે શક્ય એટલા ભગવાનની શાંતિથી પૂજા કરવી તે આપણા ભાવોની વૃદ્ધિ માટે લાભદાયી બની શકે છે તેમાં મન સધાવાથી સઘળું સધાય છે.

પ્રભુજીને ચંદન પૂજા, લોકપ્રિય રાજાને વિજય તિલક કરીએ તેના કરતાં અધિક ધીરજથી... પ્રેમથી... ઉલ્લાસપૂર્વક ભાવના ભાવતાં ભાવતાં કરવી જોઈએ.

૧૫. દૂધના પ્રક્ષાલની ધારા પ્રભુજીના મસ્તકશિખાએથી કરવાની છે, નવાંગી પૂજાની જેમ ૧-૧ અંગ પર કરવાની વિધિ નથી.

૧૬. પ્રભુજીના અંગલુંછણા સુંવાળા- સ્વચ્છ હોવા જોઈએ. અંગલુંછણા પવિત્ર રાખવા, આપણાં શરીરને કે વસ્ત્રને અડી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું, અંગલુંછણા થાળીમાં જ રાખવા, આપણા ખોળામાં, જમીન પર કે ગમે ત્યાં રખાય નહીં. દેવ-દેવીઓ માટે ઉપયોગ કરેલા અંગલુંછણા પ્રભજીના અંગે વપરાય નહીં.

પૂજા ક્યા ક્રમથી કરશો....

૧૭. ૧) પહેલા મૂળનાયકજી પછી ૨) બીજા ભગવાન તથા સિદ્ધચક્રજીનો ગટ્ટો પછી ૩) ગુરુમૂર્તિ

અને છેલ્લે દેવ-દેવીઓને કપાળે જમણા અંગુઠાથી બહુમાન સ્વરૂપે એક જ તિલક કરવું.

સિધ્ધચક્રજીના ગટ્ટાની પૂજા કર્યા પછી તે જ કેસરથી બીજા ભગવાનની પૂજા કર્યા પછી મૂળનાયક ભગવાનની પૂજા કરવામાં કોઈ બાધ નથી.

૧૮. પૂજા કરતાં પ્રભુજીને નખ ન અડે અને નખને કેસર ન અડે તથા પૂજા પૂર્ણ કર્યા બાદ કેસર નખમાં ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું, કેમકે કેસર નખમાં રહી જાય અને ભોજન કરતાં કેસર પીગળીને પેટમાં જાય તો દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે.

૧૯. ભગવાનના જમણા અંગુઠે સગાં-સંબંધીઓના નામની વારંવાર પૂજા કરવાની કોઈ વિધિ નથી. તેના બદલે **સકળ સંઘવતી માત્ર એક તિલક કરી શકાય.**

૨૦. નવ અંગ સિવાય પ્રભુજીની હથેળીમાં, લંછનમાં કે પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘની પૂજા કરવાની વિધિ નથી.

૨૧. પ્રભુજીના ખોળામાં માથું મુકાય કે અડાડાય નહીં. પૂજા કરવાની આંગળી.. હથેળી સિવાયનું કોઈપણ અંગ કે પૂજાનાં કપડાંનો પ્રભુજીને સ્પર્શ થવો ઉચિત નથી. આંગી વખતે કરી શકાય.

૨૨. પાર્શ્વનાથ ભગવાનની ફણા **નવઅંગમાં** ગણાતી નથી. એથી ફણાની પૂજા કરવાની આવશ્યકતા નથી તેમ છતાં પૂજા કરવાની ભાવના હોય તો **અનામિકા** આંગળીથી કરવામાં કોઈ બાધ નથી.

૨૩. પ્રભુજીના આંખ, નાક, મુખ કે શરીર પર કેસરના છાંટા પડ્યાં હોય તો તેને અંગલુંછણાથી સ્વચ્છ કરવાનો ખાસ ઉપયોગ રાખવો.

૨૪. પંચધાતુના પ્રભુજીને **સુંદર અંગરચના** થઈ ગઈ હોય તો તે પછી તેને **નવાંગી પૂજા** કરવાનો આગ્રહ રાખવો ઉચિત નથી.

૨૫. પ્રભુજીની પૂજામાં સારા, સુગંધવાળા, તાજા જમીન પર નહીં પડેલાં, અખંડ પુષ્પો જ ચઢાવવાં, પુષ્પની પાંદડીઓ છૂટી કરાય નહીં કે

પુષ્પો વીંધાય નહીં અને પુષ્પો વીંધીને માળા પણ બનાવાય નહીં. પુષ્પોને ક્યારેય પાણીથી ધોવા જોઈએ નહીં. કારણકે ધોવાથી પુષ્પોમાં રહેલા સૂક્ષ્મ જીવોની વિરાધના થાય છે.

૨૬. પ્રભુજીનું મુખ કે અંગ ઢંકાઈ ન જાય કે બીજાને પૂજા કરવામાં તકલીફ ન પડે તેવી રીતે વિવેકથી પુષ્પ ચડાવવા જોઈએ.

દેવ-દેવીઓની ભક્તિ કરતાં ....

૨૭. દેવ-દેવીઓ આપણા સાધર્મિકો છે. માટે તેમને અંગુઠાથી બહુમાનપૂર્વક કપાળે એક તિલક જ કરવાનું હોય છે. તેમના દરેક અંગે કે ફણામાં પૂજા કરવાની વિધિ નથી. તેમને બે હાથ જોડી પ્રણામ કરવાના છે. તેમને ખમાસમણ દેવાય નહીં કે ચોખાનો સાથિયો કરવાની જરૂર નથી.

ભગવાન કરતાં દેવ-દેવીની વધારે પૂજા-ભક્તિ કરવી તે ઉચિત ન કહેવાય. પરમાત્માની આશાતના કહેવાય. શાસનરક્ષાદિના વિશેષ પ્રસંગે ગીતાર્થ ગુરૂભગવંતના માર્ગદર્શનાનુસાર કરાય.

૨૮. અષ્ટમંગલની પાટલી માંગલિકરૂપે પ્રભુ સન્મુખ રખાય છે. તેને સ્વસ્તિકની જેમ આલેખવાના છે. તેની કેસરથી પૂજા કરવાની કોઈ વિધિ નથી. એટલે કેસરથી તે-તે આકૃતિ આલેખી રહ્યા છો તેવા ભાવથી કેસરની પુરવણી કરાય.

૨૯. પૂજા કર્યા પછી ગભારાની બહાર નીકળતાં અને જિનાલયમાં દરેક જગ્યાએ પ્રભુજીને પુંઠ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું.

૩૦. પૂજા કર્યા પછી થાળી-વાટકી ધોઈને તેના સ્થાને જ રાખવી જોઈએ ગમે ત્યાં મૂકી દેવાય નહીં.

૩૧. પૂજાના વસ્ત્રોથી થાળી-વાટકી સાફ કરવા નહીં, શરીરનો પસીનો કે હાથ લુંછવા તે આશાતના કહેવાય.

સાથિયો કરવાની વિધિ...

૩૧(A)અક્ષત પૂજામાં ચોખા લીધા બાદ પહેલાં સિદ્ધશિલાની ઢગલી.... પછી દર્શન-જ્ઞાન-ચારિત્રની ઢગલી અને છેલ્લે સાથિયાની ઢગલી કરવી. આલેખન કરવામાં પહેલાં સાથિયો અને છેલ્લે સિદ્ધશિલા કરવી.

૩૨. **નૈવેદ્ય પૂજામાં પીપરમેંટ, ચોકલેટ, બજારની મીઠાઈ કે અભક્ષ્ય વસ્તુ મૂકવી ઉચિત નથી.**

૩૩. અક્ષત નૈવેદ્ય કે ફળપૂજામાં એકવાર ચઢાવેલ અક્ષત, સાકર, બદામ કે નારિયેળ વિ. વસ્તુ બીજીવાર પૂજાની ઉપયોગમાં કે ખાવાના ઉપયોગમાં લેવાય નહીં.

૩૪. સાથિયો કરવાની ક્રિયા અને ચૈત્યવંદન સાથે કરાય નહીં. બે ક્રિયા ભેગી કરવાથી ડહોળાઈ જાય અને ક્રિયાનું હાર્દ જળવાય નહીં.

ચૈત્યવંદન કરતાં સમયે...

૩૫. ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજી નિસીહિ દ્વારા તમામ દ્રવ્યપૂજાનો ત્યાગ કરવાનો છે. માટે ચૈત્યવંદન કરતાં સમયે કોઈ આપણો પાટલો લઈ લે કે સાથિયો ભૂંસી કાઢે તો તેમને રોકવા નહીં.

ચૈત્યવંદન પૂર્ણ થાય ત્યાં સુધી પાટલો આપણી સામે કે સાથે જ રહે તે જરૂરી નથી.

૩૬. ચૈત્યવંદન કરતાં સમયે પચ્ચક્ખાણ લેવું નહીં, તેમ ગુરુભગવંત સ્તુતિ કે ચૈત્યવંદન વિધિ કરતાં હોય ત્યારે તેમની ભક્તિમાં ખલેલ પાડી પચ્ચક્ખાણ માંગવું નહીં.

શું આપ જાણો છો....?

૩૭. પ્રભુજીના અંગ પરથી કેસર ઉતારવું.. અંગલુંછણાથી શુદ્ધિ કરવી.. દેરાસરમાં કાજો લેવો... થાળી-વાટકી સાફ કરવા... પાટલા વિ. ઉપકરણો વ્યવસ્થિત મૂકવા.. વિગેરે કાર્યો પણ પ્રભુજીની ભક્તિરૂપ

જ છે. તે કાર્યો જાતે કરવાથી અશુભ કર્મોનો નાશ થાય છે અને ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે આવાં ઉત્તમ પ્રભુ સેવાનાં કાર્યો કરવામાં સંકોચ રાખવો નહીં.

૩૮. પરમાત્માનું ન્હવણ જલ પવિત્ર હોવાથી લેતી વખતે તેનાં ટીપાં જમીન પર ન પડે તેની ખાસ કાળજી રાખવી. ન્હવણના વાટકામાં પાંચેય આંગળી ન બોળતાં એક કે બે આંગળીથી ન્હવણ જલ માત્ર **એક જ** વખત લેવું. ન્હવણ જલ નાભિથી ઉપરના ભાગ પર લગાડવું.

બહેનો માટે વિશેષ સૂચના...

૩૯. પ્રભુદર્શન અને પૂજન કરતાં **સમયે બહેનોએ અવશ્ય માથું ઢાંકવું જ જોઈએ.** વસ્ત્રો પણ આપણી સંસ્કૃતિને છાજે તેવાં જ પહેરવા જોઈએ. મર્યાદાવાળાં વસ્ત્રોમાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ અને વિનયભાવ પ્રગટે છે.

અંગોપાંગ દેખાય તેવાં પારદર્શી વસ્ત્રો કે બીજાને અશુભભાવ ઉત્પન્ન થાય તેવા ભડક કલરના કે ટાઈટ વસ્ત્રો પહેરીને દેરાસર આવવું ઉચિત નથી.

પૂજા તથા ભાવનામાં...

૪૦. પૂજા તથા ભાવનામાં પુરુષોની હાજરીમાં બહેનોએ ગાવું નહીં કે દાંડિયા લેવા જોઈએ નહીં.

પૂજા તથા ભાવનામાં ભાઈઓ-બહેનોએ સામ સામે મુખ રાખી બેસવું જોઈએ નહીં. તે કરતાં પ્રભુજીની સન્મુખ મુખ રાખી ભાઈઓએ આગળ અને બહેનોએ પાછળ બેસવું વધારે ઉચિત જણાય છે.

૪૧. પૂજનનાં વસ્ત્રો શરીર પરથી ઉતાર્યા પછી ગમે ત્યાં ગમે તે વસ્ત્રોની સાથે મુકવાથી તથા બીજા વસ્ત્રો સાથે ધોવાથી અપવિત્ર બની જાય છે. માટે અલગ રાખવા તથા અલગ ધોવા જોઈએ.

૪૨. પૂજનાં વસ્ત્રો દરરોજ અને તે શક્ય ન હોય તો જેમ બને તેમ વહેલાં ધોતાં રહેવું જોઈએ, જેથી તે સ્વચ્છ અને પવિત્ર રહે.

૪૩. જુનાં કે ફાટેલાં ધાર્મિક પુસ્તકો... ફોટાઓ દેરાસરમાં જ્યાં ત્યાં મુકી જવા તે ઉચિત નથી.

૪૪. **પ્રભુની પૂજા એ પ્રભુ માટે નથી, પણ અનાદિ કાળથી વિસરાયેલા આપણા આત્મસ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ અને પ્રાપ્તિ માટે છે.**

૪૫. પ્રભુ માત્ર દર્શનીય નથી, પ્રભુ તો પૂજનીય પણ છે. પૂજનીય પ્રભુના માત્ર દર્શન કરી સંતોષ માનવો એ પણ એક જાતની ઉપેક્ષા કહેવાય. માટે જ જે ભાગ્યશાળીઓ માત્ર દર્શન કરી સંતોષ માને છે, તેમણે વહેલામાં વહેલી તકે **પ્રભુ પૂજાની શરૂઆત કરી દેવી જ જોઈએ.**

પ્રશ્ન : અષ્ટપ્રકારી પૂજાની વિધિ-અવિધિ શું છે જાણો છો?

પૂજા વિધિ

★ ગાયના શુદ્ધ દૂધથી બન્ને હાથથી કળશને પકડી ભાવથી મૌનપણે મેરૂશિખર મનમાં બોલતાં, અભિષેક કરવો. અભિષેક મસ્તકથી કરવો, પછી પાણીથી અભિષેક કરી ત્રણ અંગલૂછણાં કરવા. પાણી રહે નહિ તેમ ધીમી ધીમે ભગવાનને કોરા કરવા. બનતી કોશિશે વાળાકુંચીનો ઉપયોગ ન કરવો.

★ ચંદનથી વિલેપન કરવું. પછી નવાંગીપૂજા કરવી, લંછન-પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘાદિની પૂજા ન કરાય. પ્રભુના હાથમાં પૂજા ન કરાય, પહેલા મૂળનાયક, પછી બીજા ભગવાન, ગુરુ, દેવ-દેવી આ ક્રમથી પૂજા કરવી.

★ ફૂલ અખંડ ચઢાવવું, પાંખડીઓ તોડી-તોડીને ન ચઢાવાય.

★ પછી ધૂપ-દીપ-ચામર-દર્પણ-અક્ષત-નૈવેદ્ય-ફળાદિ અષ્ટપ્રકારી પૂજા કરવી.

★ નિસીહિ બોલીને ચૈત્યવંદન કરવું, ચૈત્યવંદન વખતે કોઈ પાટલો લઈ લે કે સાથિયો ભૂંસી કાઢે તો વાંધો નહીં. છેલ્લે ઘંટનાદ અને શંખનાદ કરી ભગવાનને પૂંઠ ન થાય તેમ બહાર નીકળવું.

પ્રશ્ન : પૂજા કરનારની સામે ઊભા થતા વિવિધ પ્રશ્નોના સમાધાનો શું ? જાણવા છે ?

સિદ્ધચક્રજીની પૂજા કર્યા પછી એ જ કેસરથી અરિહંત ભગવાનની પૂજા કરવામાં દોષ નથી.

પૂજારીને નોકર નહિ, પ્રભુના ભક્ત તરીકે સાચવો.

પ્રભુદર્શન અને પૂજન ભવરોગને મટાડી મોક્ષ સુખ આપે છે. માટે 'પ્રભો ! મને મોક્ષ આપ' એવી સુંદર ભાવના ભાવો. અષ્ટમંગલ આલેખવાના છે, એની પૂજા નથી. માટે છેલ્લે ચાર આંગળા વાટકીમાં બોળી એક-એક મંગલ પર હું આલેખું છું એવા ભાવથી ફેરવો.

ફણા ભગવાનનું અંગ જ છે માટે નવાંગી પૂજામાં આવી જાય.

નવાંગી સિવાય કેસરના ટપકાં ન કરો. ભગવાનનું રૂપ વધે તેમ આંગી કરો.

પંચ ધાતુના પ્રતિમાજીને એક હાથથી ન પકડો, બન્ને હાથમાં બહુમાનથી લ્યો.

પ્રભુ પક્ષાલને માથે ચઢાવો અને આંખે લગાડો, બાકી આખા શરીરે માલિશ ન કરો.

ગભારામાં કોઈ પૂજા કરતું હોય તો એને ઉતાવળ ન કરાવો.

ઘણા ભગવાનની અવ્યવસ્થિત અને જલદી જલદી પૂજા કરવા

કરતાં શાંતિથી ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરો.

દેરાસર આવતા કે ત્યાં પૂજા કરતા નવસિખાઉ સાધર્મિક ભાઈઓને પ્રેમથી વિધિનું જ્ઞાન કરાવો. પરંતુ ધિક્કાર અને તિરસ્કાર કદાપિ ન કરો.

દેરાસર આવતા દરેક સાધર્મિક બે-ચાર જન્મોમાં કદાચ તીર્થંકર બની જાય તો ?

માટે દરેકની સાથે માનથી વાત્સલ્યપૂર્ણ વ્યવહાર રાખો.

નિયમનો લાભ અપાર છે માટે દરરોજ દેરાસર જવાનો નિયમ લ્યો. *(જતા હો તોપણ)* બીજા પણ નિયમ લ્યો.

ઘરે દેરાસર અને પ્રભુ પ્રતિમા અવશ્ય પધરાવો.

પ્રભુ દર્શન-પૂજન વખતે 'પ્રભો ! પાપી છું મારો ઉદ્ધાર કરો'ની વિનમ્ર ભાવના રાખો. દેરાસરથી પાછા ઘરે જતાં 'ફરીથી જલ્દી આવીશ' એવી લાગણી અનુભવો.

પૂજાથી શાંતિ અને પરમશાંતિ મળે છે *(ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું.)* ભગવાન આ વિશ્વની અચિંત્ય શક્તિ છે. સર્વોચ્ચ સત્તા છે, એમ સતત અનુભવ કરો.

પૂજારી પાસે અંગત કોઈ પણ કામ ન કરાવો. ઘર સાફ કરીએ તો કર્મ બંધાય, દેરાસર સાફ કરીએ તો કર્મ ધોવાય.

કદાચ કો'ક કારણસર પૂજા ન થાય તો છેવટે દેરાસરમાં સાવરણી લઈ સ્વચ્છતા કરવી, એ પણ લાભ છે. **પ્રભુભક્તિનો પ્રકાર છે.**

લક્ષ્ય

અવિધિને છોડી વિધિને અપનાવો અને પ્રેમથી વિધિની વાતો બીજાને સમજાવો. અંતે ચારિત્ર માર્ગની ઉત્તમોત્તમ સાધના કરી મોક્ષને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

ભયંકર કાળ આવી રહ્યો છે

અનેક ભવિષ્યવાણીઓ થઈ છે, થઈ રહી છે, કાળ ભયાનક આવી રહ્યો છે. જાત અને જગતને બચાવવા પ્રભુ શાંતિનાથ, દાદા શંખેશ્વર પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીનો સતત જાપ કરો. ઉવસગ્ગહરં-સંતિકરંનો પાઠ અને મહિને એક સંઘશાંતિ માટે આયંબિલ અવશ્ય કરો.

સદ્‌વિચાર

હે જીવ !

તું ક્યાંથી આવ્યો છે ?

અને ક્યાં જવાનો છે ?

આ તને ખબર નથી.

હે જીવ !

તું અનાદિ કાળથી આ સંસારરૂપી દરિયામાં માછલાંની જેમ આમ થી તેમ ભટકી રહ્યો છે.

અત્યાર સુધી પણ તને આ સંસારથી મોહ છે, આ સંસારના માણસો પ્રત્યે તને મમત્વ છે.

હે જીવ !

આ સંસારમાં તું બંધ મુઠ્ઠિએ આવ્યો હતો, પણ તું ખાલી મુઠ્ઠીએ જવાનો છે, તારી સાથે કશું આવવાનું નથી આ માટે -

હે જીવ ! તું પ્રભુભક્તિમાં લીન બની જા. સાચી સેવા પ્રભુ સેવા છે, પ્રભુ સેવાથી જ આપણને પુણ્યરૂપી મેવો મળવાનો છે અને પ્રભુચરણોમાં રહી પ્રભુની સાચા ભાવથી ભક્તિ કરી આ સંસારરૂપી દરિયામાંથી તરી જા.

નિત્ય આરાધના વિધિ

(રાત્રે સૂતી વખતે)

સાત નવકાર ગણીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી

શ્રી અરિહંત પરમાત્માનું શરણ હો ।
શ્રી સિદ્ધ પરમાત્માનું શરણ હો ।
શ્રી સાધુ ભગવંતોનું શરણ હો ।
શ્રી કેવલી-પ્રરૂપિત ધર્મનું શરણ હો ।

એગો મે સાસઓ અપ્પા નાણદંસણ સંજુઓ
સેસા મે બહિરાભાવા સવ્વે સંજોગ લક્ખણા ॥૧॥

એક મારો આત્મા શાશ્વત છે । જ્ઞાન દર્શન મારા ગુણો છે, તે સિવાય બધા પૌદ્‌ગલિક સંજોગો, સંબંધો, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે આત્માથી જુદા છે, સાથે આવ્યા નથી, આવશે નહીં, સાથે કેવલ એક શ્રી જિનેશ્વર દેવનો ધર્મ જ આવશે.

આહાર-શરીરને ઉપધિ પચ્ચક્ખું પાપ અઢાર
મરણ આવે તો વોસિરે જીવું તો આગાર ॥૨॥

આજ દિવસ સુધી મારા જીવે જે કાંઈ પુદ્‌ગલો ગ્રહણ કરીને મૂક્યા હોય તેને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું, વોસિરાવું છું, વોસિરાવું છું !

હે જગદ્વત્સલ ! ભવચક્રમાં આજ દિન પર્યંત મારા જીવે આપશ્રીની આજ્ઞા અનુસાર જે કાંઈ આરાધન કર્યું હોય, કરાવ્યું હોય, કરતાનું અનુમોદન કર્યું હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

આપશ્રીની આજ્ઞાનુસાર જ્યાં-જ્યાં આરાધન થઈ હોય, થતું હોય, થવાની હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

હું સર્વ જીવોને ખમાવું છું, સર્વે જીવો મને ખમાવે, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હું આલોચન કરું છું, મારે કોઈની સાથે વેર વિરોધ નથી. ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરતા સર્વે જીવો કર્મવશ છે, તે સર્વેને મેં ખમાવ્યા છે. તે સર્વે મને ખમાવે, જે જે મનથી, વચનથી, કાયાથી પાપ કર્યું હોય તે મિથ્યા દુષ્કૃત થાઓ *(નાશ પામો)*.

રાતે સાત ભયથી મુક્ત થવા ૭ નવકાર

રાત્રિ પ્રાર્થના

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો ।
જિણપણ્ણત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મયે ગહિયં ॥

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલીપન્નત્તો ધમ્મો મંગલં ।
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલીપન્નત્તો, ધમ્મો લોગુત્તમો ॥

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ ।
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલીપન્નત્તં, ધમ્મં સરણં પવજ્જામિ ॥

અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનમ્ ॥
દેહાન્તે તવ સાન્નિધ્યં, દેહિ મે પરમેશ્વર ॥

એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।
એવમદીનમણુસો, અપ્પાણમણુસાસઈ ॥

રાતનાં સૂતાં આટલું બોલો

સોનાનું કોડિયું, રૂપાની વાટ
આદીશ્વરનું નામ લેતા, સુખે જાય રાત

નવકાર, નવકાર તું મારો ભાઈ
તારે ને મારે ઘણી સગાઈ
અંત સમયે યાદ આવશોજી
મારી ભાવના શુદ્ધ રાખશોજી.

કાને મારા કુંથુનાથ, આંખે મારા અરનાથ
નાકે મારા નેમનાથ, મુખે મારા મલ્લિનાથ
સહાય કરે શાંતિનાથ, પરચો પૂરે પાર્શ્વનાથ.

જ્ઞાન મારે ઓશીકે, શીયળ મારે સંથારે,
ભરનિંદ્રામાં કાળ કરું તો, વોસિરે વોસિરે વોસિરે.

-: આકળા બિંદુ :-

ગ્રહ નડતરનો ઈલાજ કરાવતા પહેલાં
પોતાની જાતને તપાસી લેજો,
કુકર્મ કે નિષ્ક્રિયતા તો નથી નડતાંને !

∾∾∾

મહેનતની રોટીથી ક્યારેય અપચો થતો નથી.

હરામનું ખવાઈ જાય, તો ઊબકા, ઊલટી અને
ઉટાંટિયું ચાલ્યા જ કરવાનાં.

॥ મંગલ પ્રાર્થના ॥

અરિહા શરણં, સિધ્ધા શરણં, સાહુ શરણં વરીએ,
ધમ્મો શરણં પામી વિનયે, જિન આજ્ઞા શિર ધરીએ.

અરિહા શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા,
સિધ્ધા શરણં મુજને હોજો, રાગ દ્વેષને હણવા;

સાહૂ શરણં મુજને હોજો, સંયમે શુરા બનવા,
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા.

મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે,
ચિદ્‌ઘન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.

ભવોભવના પાપોને મારા, અંતરથી હું નીંદું છું;
સર્વ જીવોના સુકૃતોને, અંતરથી અનુમોદું છું.

જગમાં જે જે દુર્જન જન છે, તે સઘળા સજ્જન થાઓ,
સજ્જન જનને મનસુખદાયી, શાંતિનો અનુભવ થાઓ;

શાંત જીવો આધિ વ્યાધિને, ઉપાધિથી મુક્ત બનો,
મુક્ત બનેલા પુરુષોત્તમ આ, સકળ વિશ્વને મુક્ત કરો.

.....અરિહા શરણં

પરમાત્માની ત્રણ પ્રદક્ષિણામાં બોલવાના દુહા

(૧) કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણાનો નહીં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર;
ભમતિમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.

(૨) જન્મ મરણાદિ ભય ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ;
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વ સંકેત.

(૩) ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ,
ચારિત્ર નામ નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણ ગેહ;
દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી નિરધાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર.

નિઃસીહિ નિઃસીહિ નિઃસીહિ ! એટલે નિષેધ.
સંસારના તમામ પાપ-કાર્યો, વિચારોનો ત્યાગ.
ત્રણ નિઃસીહિ ક્યાં બોલવી?
(૧) દેરાસરમાં પ્રવેશતાં (૨) ગભારામાં પ્રવેશતાં
(૩) ચૈત્યવંદન (ભાવપૂજા)ની શરૂઆત કરતાં પહેલાં.

પ્રભુ સન્મુખ બોલવાની સંસ્કૃત સ્તુતિઓ

★ દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥ ૧

★ અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥ ૨

★ તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ।
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ।
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય ॥ ૩

★ સરસ શાન્ત સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્નમહાગરમ્,
ભવિકપંકજ બોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ॥૪

★ જિને ભક્તિ જિને ભક્તિ, જિને ભક્તિ દિને દિને ।
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવે ભવે ॥ ૫

-: મંથન :-

જેની આંખો જ ઈશ્વરે અબજો માઈલ દૂર આવેલા તારાંને સ્પર્શવા માટે બનાવી છે એવી વ્યક્તિનાં મનમાં છીછરા વિચાર આવે કઈ રીતે ?

સત્યના રસ્તા પર વિચારોને જે દિશામાં વાળવા હોય ત્યાં વાળી જીવનને બદલી નાખી શકો છો.

પ્રભુ સન્મુખ બોલવાની ગુજરાતી સ્તુતિઓ.

★ આવ્યો શરણે તમારા, જિનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવ પાર મારો, તુમ વિણ જગમાં સાર લે કોણ મારી,
ગાયો જિનરાજ આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાસે ભવ ભય ભ્રમણા, નાથ સર્વે અમારી. ૧

★ દેખી મૂર્તિ શ્રી પાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે,
ને આ હૈયું ફરી ફરી પ્રભુ, ધ્યાન તારું ધરે છે !
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે ! ૨

★ છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રીવીર જિણંદની,
ભકતોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની,
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. ૩

★ અંતરના એક કોડિયામાં દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર, એને નિશદિન જલતો રાખો,
ઊંચે ઊંચે ઊડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખવા નાથ નિરંજન, એવી આપો આંખો ! ૪

★ દયા સિંધુ દયા સિંધુ, દયા કરજે દયા કરજે,
મને આ જંજીરોમાંથી હવે જલદી છૂટો કરજે,
નથી આ તાપ સહેવાતો ભભૂકી કર્મની જ્વાળા,
વરસાવી પ્રેમની ધારા હૃદયની આગ બુઝવજે. ૫

★ જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે,
પીએ મુદા વાણી સુધા, તે કર્ણ યુગલને ધન્ય છે,
તુજ નામ મન્ત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે. ૬

★ હું ક્યાંથી આવ્યો ક્યાં જવાનો, તેની પણ મને ખબર નથી,
તો પણ પ્રભુ લંપટ બની, હું ક્ષણિક સુખ છોડું નહીં,
સુદેવ સુગુરુ સુધર્મ સ્થાનો, મળ્યા પણ સાધ્યા નહિ,
શું થશે પ્રભુ માહરું, માનવભવ ચૂક્યો સહી. ૭

-: હોળીનું પ્રાયશ્ચિત :-

ગુલાલ ઉડાડવાથી-૧૦ ઉપવાસ,
એક પાણીનો ઘડો નાખવાથી-૧૦ ઉપવાસ,
મૂત્ર નાંખે તો ૫૦ ઉપવાસ,
એક છાણું નાખે તો ૨૫ ઉપવાસ,
વાંજિત્ર નગારા વગાડે તો ૭૦ ઉપવાસ,
લાકડા નાંખે તો ૨૦ ઉપવાસ,
હાર નાંખે તો-૧૦૦ વાર બળી મરવું પડે,
શ્રીફળ નાંખે તો-૧૦૦૦ વાર બળી મરવું પડે,
સોપારી નાંખે તો-૫૦ વાર બળી મરવું પડે,
ધૂળ નાંખે તો ૨૫ વાર બળી મરવું પડે,
ખાડો ખોદે તો-૧૦૦ વાર બળી મરવું પડે,
સળગાવવાથી-૧૦૦૦ વાર ચાંડાલ કુળમાં જન્મે,
વ્રત કરે તો ૧૦૦૦ વાર મલેચ્છ કુળમાં જન્મ થાય.

પૂજા વિભાગ

સૂચના :- ત્રણ લોકના નાથ તેવા ત્રણ જગતના દેવ, પરમ કૃપાળુ જિનેશ્વર પરમાત્માની પૂજા કરતી વખતે સાત પ્રકારે શુદ્ધિ રહે તેનું ખાસ ધ્યાન રાખવું. જે નીચે પ્રમાણે છે.

(૧) અંગ શુદ્ધિ (૨) વસ્ત્ર શુદ્ધિ (૩) મનઃશુદ્ધિ (૪) ભૂમિ શુદ્ધિ (૫) ઉપકરણ શુદ્ધિ (૬) દ્રવ્ય શુદ્ધિ (૭) વિધિ શુદ્ધિ

અષ્ટપ્રકારી પૂજાના સ્થળ

ત્રણ પૂજા	બે પૂજા	ત્રણ પૂજા
જિનબિંબ ઉપર	જિનબિંબ આગળ ગર્ભગૃહ બહાર	રંગ મંડપમાં પાટલા ઉપર
૧. જલપૂજા	૪. ધૂપપૂજા	૬. અક્ષતપૂજા
૨. ચંદનપૂજા	૫. દીપકપૂજા	૭. નૈવેદ્યપૂજા
૩. પુષ્પપૂજા		૮. ફળપૂજા

પૂજાના દુહા વિભાગ

પ્રભુ એક - પૂજા અનેક...પૂજાત્રિક

અંગપૂજા : જળપૂજન...ચંદનપૂજન...પુષ્પપૂજન...
પરમાત્માના અંગને સ્પર્શીને જે પૂજા થાય તે અંગપૂજા કહેવાય.

☛ જીવનમાં આવતાં વિઘ્નોનો નાશ કરનારી અને મહાફળને આપનારી આ પૂજાને **વિઘ્નોપશામિનિ પૂજા** કહેવાય છે.

અગ્રપૂજા : ધુપ-દીપક-અક્ષત-નૈવેદ્ય-ફળપૂજન...
પરમાત્માની સન્મુખ ઉભા રહીને જે પૂજા થાય તે અગ્રપૂજા કહેવાય.

☛ મોક્ષ માર્ગની સાધનામાં સહાયક એવી સામગ્રીનો અભ્યુદય પ્રાપ્ત કરાવતી આ પૂજાને **અભ્યુદયકારિણી પૂજા** કહેવાય છે.


ભાવપૂજા : સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવન-ગીત-ગાન-નૃત્ય...
જેમાં કોઈ દ્રવ્યની જરૂર નથી તેથી આત્માને ભાવવિભોર બનાવવાની પૂજાને ભાવપૂજા કહેવાય.

☛ મોક્ષપદની પ્રાપ્તિ એટલે કે સંસારથી નિવૃત્તિ અપાવતી આ પૂજાને **નિવૃત્તિકારિણી પૂજા** કહેવાય છે.

ધુપ..દિપક..અગ્રપૂજા કર્યા બાદ અંગપૂજા કરવી ઉચિત નથી. તેમ છેલ્લે ચૈત્યવંદનની ક્રિયા એટલે કે ભાવપૂજા કર્યા પછી અંગ કે અગ્રપૂજા કરવી ઉચિત નથી.... અંગપૂજા-અગ્રપૂજા કર્યા પછી છેલ્લે ભાવપૂજા થાય તે શાસ્ત્રોક્ત ક્રમ છે તે સાચવવો.

આઠ કર્મોનો ક્ષય કરનાર એવી... પરમાત્માની અષ્ટપ્રકારી પુજાના દુહા

૧ જલપૂજા



ધરતીનો સંતાપ જોવાયો નહિ એટલે ગગનના સિંહાસનનો ઉચ્ચ
હોદ્દો છોડીને જળ નીચે વરસી પડ્યું.
કૃતજ્ઞતા દર્શાવવા માટે ધરતીએ ફરી તેને ઉચ્ચસ્થાન અપાવવા
ભગવાનના મસ્તકે અભિષેક કરાવ્યો.
માનવ ! તું આટલું સમજ !
જે બીજાનું દુઃખ જોઈને નીચે આવે છે એ જ બધાના મસ્તકે
ચઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

પંચામૃત : શુદ્ધ દુધ, દહીં, ઘી, સાકર અને જળનું મિશ્રણ

(અત્તર વિ. બીજા પણ શુદ્ધ સુગંધી દ્રવ્યો તેમાં ભેળવી શકાય)

જલપૂજાનું રહસ્ય

જલ વડે પ્રક્ષાલ પ્રભુજીનો થાય અને કર્મો આપણા આત્મા પરથી દૂર થાય.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

(આ સૂત્ર ફક્ત 'પુરૂષોએ' જ દરેક પૂજની પહેલાં બોલવું.)

કળશ બે હાથમાં લઈને બોલવાનો દુહો

卐 જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફળ મુજ હોજો, માંગો એમ પ્રભુ પાસ !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय जलं यजामहे स्वाहा. (૨૭ ડંકા વગાડવા)

દુધનો (પંચામૃતનો) પ્રક્ષાલ કરતી વખતે બોલવાનો દુહો

મેરૂશિખર નવરાવે હો સુરપતિ, મેરૂશિખર નવરાવે;
જન્મકાળ જીનવરજી કો જાણી, પંચરૂપ કરી આવે. હો.સુ.૧

રત્નપ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. હો.સુ.૨

એણી પરે જિન પ્રતિમા કો નવણ કરી, બોધિબીજ માનું વાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે. હો.સુ.૩

જલ (પાણી) નો પ્રક્ષાલ કરતી વખતે બોલવાનો દુહો

卐 જ્ઞાન કળશ ભરી આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચૂર !

(૨) ચંદન પૂજા



પોતાના જિગરજાન દોસી ચંદનને ઘસાતું જોઈને કેસરથી રહેવાયું નહિ. મિત્રને કેમ છોડાય ? પોતો પણ ઓરસીયામાં ઝંપલાવી દીધું.

ત્યારે અવાજ આવ્યો.

કેસરીયા ભાઈ કેસરીયા !

હે માનવ ! બીજા પર આપત્તિ જોઈને

તું ક્યારેય છૂપા જતો નહિ.

ઘર્ષણથી તો ગરમી પેદા થાય છે પણ તમે ચંદનને ગમે તેટલું ઘસો, એ તો સુવાસ પાથરવા સાથે બીજાને ટાઢક જ આપે છે.

રે માનવ ! કાયા ઘસાઈ જવાની ફીકરના કરીશ.

તું બીજાઓને સુવાસ સાથે ટાઢક જ આપજે.

ચંદન પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા ..... આપણો આત્મા
ચંદન જેવો શાંત અને શીતળ ..... બને

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

ॐ શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતળ કરવા ભણી, પૂજે અરિહા અંગ !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय
श्रीमते जिनेन्द्राय चंदनं यजामहे स्वाहा. (૨૭ ડંકા વગડાવા)

(સુખડથી વિલેપન પૂજા કરવી અને પછી કેસરથી નવે અંગે પૂજા કરવી. નખ કેસરમાં ન બોળાય અને પ્રભુને અડે નહિ તે ધ્યાન રાખવું.)

મારા પ્રભુજીના નવાંગી પૂજાના દુહા

૧..અંગુઠે. જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત.

૨..ઢીંચણે. જાનુબળે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેવ-વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજે જાનું નરેશ.

૩..કાંડે. લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, પૂજે ભવિ બહુમાન.

૪..ખભે. માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભૂજ બળે ભવજલ તર્યા, પૂજે ખંધ મહંત.

૫..શિખાએ. સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસીયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત.

૬..કપાળે. તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.

૭..કંઠે. સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુરધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ.

૮..હૃદયે. હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ.

૯..નાભિ. રત્નત્રયી ગુણ ઊજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ.

ઉપસંહાર. ઉપદેશક નવતત્વના, તેણે નવ અંગ જિણંદ,
પૂજે બહુવિધ રાગશું, કહે શુભવીર મુણીંદ.

પૂજા કરતાં સમયે ભાવવાની ભાવના

(૧) અંગુઠે પૂજા કરતાં ભાવવું કે.. હે પ્રભુ !
યુગલિકોએ આપશ્રીના ચરણના અંગુઠે અભિષેક કરી વિનય દાખવી આત્મકલ્યાણ કર્યું. તે રીતે સંસાર સાગર તરનારા આપના ચરણના અંગુઠાની પૂજા કરવાથી મારામાં પણ વિનય, નમ્રતા અને પવિત્રતાનો પ્રવાહ વહો.

(૨) જાનુ (ઢીંચણ) પર પૂજા કરતાં ભાવવું કે.. હે પ્રભુ !
આ જાનુના બળે ઉભા રહીને અપ્રમત્તપણે સાધના કરી આપે કેવળજ્ઞાન મેળવ્યું. આ જાનુના બળે દેશવિદેશ વિચરી ઘણા ભવ્ય આત્માઓનું કલ્યાણ કર્યું. આપના જાનુની પૂજા કરતાં મારો પ્રમાદ દુર થાઓ. અને મને અપ્રમત્તપણે આરાધના કરી આત્મ કલ્યાણ કરવાની શક્તિ મળો.

(૩) કાંડા પર પૂજા કરતાં ભાવવું કે.. હે પ્રભુ !
દીક્ષા લેતાં પહેલાં આપે આ હાથેથી સ્વેચ્છાએ લક્ષ્મી-અલંકાર-વસ્ત્ર આદિનું ૧ વર્ષ સુધી દાન આપ્યું. કેવળજ્ઞાન બાદ આ

હાથેથી અનેક મુમુક્ષુને સ્નેહરણનું દાન આપ્યું. આપના હાથની પૂજા કરતાં મારી કૃપણતા.. લોભવૃત્તિનો નાશ થાઓ, અને યથાશક્તિ દાન દેવાના મુજને ભાવ થાઓ.

(૪) ખભા પર પૂજા કરતાં ભાવવું કે..

અનંત જ્ઞાન અને અનંત શક્તિના સ્વામી હે પ્રભુ ! ભુજાબળે આપ સ્વયં સંસાર સાગર તર્યા, છતાં આપનામાં માન-અહંકારનો જરાય અંશ પણ દેખાતો નથી. આપે આ ખભેથી અભિમાનને રવાના કર્યું તેમ આ ખભાની પૂજાથી મારા પણ અહંકારનો નાશ થાઓ અને નમ્રતા ગુણનો મારામાં વાસ થાઓ.

(૫) મસ્તકે શિખા પર પૂજા કરતાં ભાવવું કે.. હે પ્રભુ !

આત્મસાધના તથા પરહિતમાં સદાય લયલીન એવા આપે લોકના સૌથી ઉપરના છેડે સિદ્ધશિલા પર કાયમ માટે વાસ કર્યો, આપની કાયાના સૌથી ઉપરના છેડે રહેલા મસ્તકની શિખાના પૂજનથી મને એવું બળ મળો કે હું પણ હર પળે આત્મસાધના તથા પરહિતના ચિંતનમાં લીન રહી જલ્દીથી લોકના અંતે વાસ મેળવી આપના જેવો બની શકું.

(૬) લલાટે પૂજા કરતી વખતે ભાવવું કે.. હે પ્રભુ !

તીર્થંકર નામકર્મના પુણ્યના પ્રભાવે ત્રણે ભુવનમાં આપ પૂજનીય છો. આપ ત્રણ લોકની લક્ષ્મીના તિલક સમાન છો. આપના લલાટની પૂજાના પ્રભાવે મને એવું બળ મળો કે જેથી હું લલાટના લેખ અર્થાત્ કર્મ અનુસાર મળેલા સુખમાં રાગ કે દુઃખમાં દ્વેષ ન કરું, અવિરત આત્મસાધના કરતો આપની જેમ પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી બનું.

(૭) **કંઠે તિલક કરતાં ભાવવું કે.. હે પ્રભુ !**

આપે આ કંઠમાંથી જગત્‌ઉદ્ધારક વાણી પ્રકાશીને જગત પર અનુપમ કરૂણા અને ઉપકાર કર્યો છે, આપના કંઠની પૂજાથી હું એ વાણીની કરૂણાને ઝીલનારો બનું અને મારામાં એવી શક્તિ પ્રગટો કે જેથી મારી વાણીથી મારૂં અને સૌનું હિત થાય.

(૮) **હૃદયે પૂજા કરતાં ભાવવું કે... હે પ્રભુ !**

રાગ-દ્વેષ વિગેરે દોષોને બાળી મુકી આપે આ હૃદયમાં ઉપશમભાવ છલકાવ્યો છે. નિસ્પૃહતા-કોમળતા અને કરૂણા ભરેલ આપના હૃદયની પૂજાના પ્રભાવે મારા હૈયે પણ સદાય નિઃસ્પૃહતા-પ્રેમ-કરૂણા અને મૈત્રી આદિ ભાવનાનો ધોધ વહો. મારૂં હૃદય પણ સદાય ઉપશમભાવથી ભરપુર રહો.

(૯) **નાભિ પર પૂજા કરતાં ભાવવું કે.. હે પ્રભુ !**

આપે શ્વાસોશ્વાસને નાભિમાં સ્થિર કરી... મનને આત્માના શુદ્ધ સ્વરૂપમાં જોડી... ઉત્કૃષ્ટસમાધિ સિદ્ધ કરી. અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણોને પ્રગટ કર્યા છે. નિર્મળ એવી આપની નાભિના પૂજનથી મને પણ અનંત દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોને પ્રગટ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ. નાભિના આઠ રૂચક પ્રદેશની જેમ મારા પણ સર્વ આત્મ પ્રદેશો શુદ્ધ થાઓ.

卐 **ઉપસંહાર** : આપણા આત્માના કલ્યાણ માટે, નવતત્વના ઉપદેશક એવા પ્રભુજીનાં નવ અંગોની પૂજા વિધીથી.. રાગથી.. ભાવથી.. કરીએ, એવું પૂજ્ય ઉપા. વીરવિજયજી મહારાજ કહે છે.

(૩) પુષ્પ પૂજા



અમે તો બગીચામાં ઉગ્યાં હતાં કાટાઓનાં વચમાં
સુગંધ અને પરાગજનું મુક્તપણે સમર્પણ કરતા હતા.
કોઈ કચડે તો પણ તેને અમે અત્તર આપતા હતા
પછી, અમે જોયું કે અમને તો પ્રભુજીના ખોળામાં વાસ મળ્યો છે.
માનવ ! તું પણ તારા જીવનપુષ્પનું
કરી દે સમર્પણ પરમાત્માના ચરણે !
ખરેખર, તું મહાન બની જઈશ.

પુષ્પ પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા આપણું જીવન પુષ્પની જેમ સુગંધિત બને, અને સદ્‌ગુણોથી સુવાસિત બને.

નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

卐 સુરભિ અખંડ કુસુમગ્રહિ, પૂજો ગત સંતાપ;
સુમ જંતુ ભવ્ય જ પરે, કરીયે સમકિત છાપ !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय पुष्पाणि यजामहे स्वाहा. (२७ ડંકા...)

卐 પાંચ કોડીને ફૂલડે, પામ્યા દેશ અઢાર.
રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર !

(સુંદર સુગંધવાળા અને અખંડ પુષ્પો ચઢાવવા,
નીચે પડેલા તથા વાસી પુષ્પો ચઢાવાય નહિ.)

સુ
★ પતિ-પત્નીનું જીવન તો જ સુખમય બને, જો બેય પક્ષે સ્વ-દોષ દર્શન થાય. સહન કરવાની બાબતમાં બંનેએ સ્પર્ધા કરવી જોઈએ.

વિ
★ સમયની સાથે સમજુતી કરવી પડે છે નહિ તો એવું બને કે સમય આગળ નીકળી જાય અને આપણે પાછળ રહી જઈએ.

★ બીજાના ગુણ જુઓ તો આપણામાં ગુણ આવશે અને બીજાના દોષ જોશું તો આપણામાં દોષ આવશે.

ચા
★ ધાર્મિકતા એ સુંદર બાબત છે, પરંતુ તેથી માનવતા-રાષ્ટ્રીયતાની ઉપેક્ષા ન કરાય, તેથી તો ધર્મ વગોવાય.

★ દોષોનો સમ્રાટ અહંકાર છે, કેમકે તે સ્વ-દોષ દર્શન અને પરગુણદર્શન કદી થવા દેતો નથી.

૨
★ જે સારું કામ કરવું તે :- ૧. વિચારીને કરવું; ૨. તરત કરવું ૩. સરસ કરવું; ૪. જાતે કરવું; ૫. પૂરું કરવું.

(૪) ધૂપ પૂજા



અગરબત્તી ખૂણામાં પડેલી, કોઈ એને પૂછતું પણ ન હતું.
એણે સળગવા માંડ્યું. એની સુગંધ ફેલાઈ.
બધાયની એ તરફ નજર ખેંચાઈ.
હે સજ્જન ! તારા અરમાનોને સળગાવીને
પણ તું બીજાને સુગંધ આપજે !
બધાજ તને શોધતા આવશે.

ધૂપ પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા ધૂપની ઘટા જેમ ઉંચે જાય
તેમ આપણો આત્મા ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરે.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

卐 ધ્યાનઘટા પ્રગટાવીયે, વામનયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ-સ્વરૂપ !

ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા. (૨૭ ટંકા...)

અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી.
પ્રભુ ! અમે ધૂપઘટા અનુસરીયે રે, ઓ મન માન્યા મોહનજી.
પ્રભુ ! નહીં કોઈ તમારી તોલે રે, ઓ મન માન્યા મોહનજી.
પ્રભુ ! અંતે છે શરણ તમારું રે, ઓ મન માન્યા મોહનજી.

(પ્રભુજીની ડાબી બાજુએ ગભારાની બહાર ઉભા રહીને શુદ્ધ અને સુગંધી ધૂપ વડે ધૂપ પૂજા કરવી.)

(૫) દીપક પૂજા



ઘી અને રૂની વાટ !
બંનેએ પોતાની જાતને બાળીને એકજ કામ કર્યું...
અંધારામાં ઉજાશ પાથરવાનું
માનવ ! તું પ્રકાશ ન કરી શકે તો ભલે પણ
કોઈ ગરીબનો દીવો બુઝાવવાનું કામ કદી ન કરતો.

દીપક પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા મારા આત્માના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાઓ અને જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ થાઓ.


નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

卐 દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय दीपं यजामहे स्वाहा. (૨૭ ડંકા વગાડવા)

(ગભારાની બહાર પ્રભુજીની જમણી
બાજુએ ઉભા રહી દીપક પૂજા કરવી.)

(૬) અક્ષત પૂજા



નામ જ કેવું મસ્ત છે. અક્ષત !
બસ, પ્રભુની પૂજા કરો ! હવે તો ક્યારેય ભય પામવાનું જ નથી.
અક્ષયપદ તો હાથમાં જ છે !
ચોખો ! શું ! ક્યારેય ઉગે ખરો ! ના, ના, ના,
બસ, હવે એના દ્વારા પ્રભુની પૂજા કરો !
ભવ (સંસાર) માં ક્યારેય ઉગવું જ નહિં પડો
અર્થાત્ જન્મવું જ નહિં પડે.

અક્ષત પૂજાનું રહસ્ય

ચાર ગતિની ભવ ભ્રમણા ટાળી, અજન્મા થવાની પૂજા એટલે અખંડ અક્ષત પૂજા


(થાળીમાં ચોખા લઈને બોલવાનો દુહો)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

卐 શુદ્ધ અખંડ અક્ષત ગ્રહિ, નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय
श्रीमते जिनेन्द्राय अक्षतं यजामहे स्वाहा. (૨૭ ડંકા...)

સાથિયાની જગ્યાએ સુંદર ગહુલી પણ આલેખી શકાય,
થોડીક ગહુંલીઓ અહિં આપેલી છે.



સાથિયો કરતી વખતે બોલવાના દુહા


卐 અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર;
ફળ માંગુ પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૧

卐 સાંસારિક ફલ માંગીને, રઝડ્યો બહુ સંસાર;
અષ્ટ કર્મ નિવારવા, માગું મોક્ષફળ સાર. ૨

卐 ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ;
પંચમગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાળ. ૩

ત્રણ ઢગલી અને સિદ્ધશિલા કરતી વખતે બોલવાનો દુહો

卐 દર્શન - જ્ઞાન - ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૪



(૭) નૈવેદ્ય પૂજા



ઘણી મીઠાઈઓ ખાધી !
લાલસા તો અકબંધ રહી.
અજીર્ણનો રોગ વધ્યો.
હે ચેતન ! પરમાત્માના ચરણે ધર !
પેટમાં તો ક્યારેય અજીણે નહિ થાય
સાથે સાથે કર્મરૂપી અજીર્ણ પણ ખલાસ થઈ જશે.
અણાહારીપદ તો ચપટી વગાડતાં જ આવી જશે.

નૈવેદ્ય પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા અનંતકાળની મારા આહારની સંજ્ઞાઓનો નાશ થાઓ અને અણાહારી પદની મને પ્રાપ્તિ થાઓ.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥

卐 અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈય અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત !

ॐ ह्रीँ श्रीँ परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय
श्रीमते जिनेन्द्राय नैवेद्यं यजामहे स्वाहा. (२७ ડંકા...)

卐 ન કરી નૈવેદ્ય પૂજનાં, ન ધરી ગુરુની શીખ;
લેશે પરભવે અશાતા, ઘર ઘર માંગશે ભીખ !

(સાથિયા ઉપર સાકર, તપાસા અને ઘરની બનાવેલી શુદ્ધ મિઠાઈ ચઢાવવી.
બજારની મિઠાઈ, પીપર, ચોકલેટ કે અભક્ષ્ય વસ્તુ મુકાય નહિ.)

(૮) ફળ પૂજા



ઝેર તો માણસને મારે જ !
પણ કુશળ વૈદ્યના હાથથી લીધેલ હોય તો જીવાડે પણ ખરૂં.
સ્વાસ્થ્ય પણ પ્રાપ્ત થાય.
તેમ ફળ પણ આશક્તિ કરાવીને જીવને મારવાનું કામ કરે
પણ પરમાત્માના ચરણોમાં સમર્થન કર્યું હોય તો એ જ ફળ
પરમસુખરૂપ ઉત્તમ સ્વાસ્થ્ય આપે.

ફળ પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા મુજને શાશ્વત શ્રેષ્ઠ
એવા મોક્ષ ફળની પ્રાપ્તિ થાઓ.

नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥१॥

卐 ઈન્દ્રાદિક પૂજન ભણી, ફલ લાવે ધરી રાગ,
પુરૂષોત્તમ પૂજન કરી, માંગે શિવફળ ત્યાગ !

ॐ ह्रीं श्रीं परम पुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय
श्रीमते जिनेन्द्राय फलं यजामहे स्वाहा. (૨૭ ડંકા...)


(શ્રીફળ, બદામ, સોપારી અને પાકાં ઉત્તમ ફળો
સિદ્ધશિલા ઉપર મૂકવાં.)

ચામર પૂજાનો દુહો

બે બાજુ ચામર ઢાળે,
એક આગળ વજ્ર ઉલાળે,
જઈ મેરૂ ધરી ઉત્સંગે,
ઈન્દ્ર ચોસઠ મળીયા રંગે,
પ્રભુ પાસનું મુખડું જોવા,
ભવો ભવનાં પાતિક ખોવા.




દર્પણ પૂજાનો દુહો



પ્રભુ દર્શન કરવા ભણી,
દર્પણ પૂજા વિશાલ;
આત્મ દર્પણથી જુએ,
દર્શન હોય તત્કાલ.

પંખા પૂજાનો દુહો



અગ્નિ કોણે એક યૌવના રે,
રયણમય પંખો હાથ,
ચલત શિબિકા ગાવતી રે,
સર્વ સહેલી સાથ,
નમો નિત્ય નાથજી રે.

આ જાણો છો ?

★ નવપદની આરાધનાથી અખંડ નવ આંક પ્રાપ્ત કરનાર **શ્રીપાલ રાજા**એ નવસો વર્ષ રાજ્ય ભોગવ્યું, નવ વખત રાજ્ય પામ્યા, નવ હજાર હાથી, નવ લાખ ઘોડાઓ, નવ કરોડ પાયદળ, નવ રાણીઓ, નવ પુત્ર, નવ હજાર રથો, કાળ કરી નવમાં દેવલોકે ગયા, હીરા મોતીના ગોળા સહિત નવપદનું ઉજમણું કરેલ, નવમાં ભવે મોક્ષે જશે.

સ્નાત્ર પૂજા કરવાનો મહીમા



અચિંત્યપુણ્યના સ્વામી, ત્રણલોકના નાથ, દેવાધિદેવ તીર્થંકર ભગવંતનો જીવ જ્યારે દેવલોકમાંથી ચ્યવી માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતા ખુબ જ અલૌકિક એવા ચૌદ સ્વપ્નો જુવે છે. ગર્ભકાલ પૂરો થતા શુભ દિવસે અને શુભ મુહૂર્ત્તે જ્યારે બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા હોય, બધા લોકો ઉત્સાહ અને ઉમંગમાં હોય, સમસ્ત સૃષ્ટિ પ્રભુનું સ્વાગત કરવા થનગની રહી હોય ત્યારે મધ્યરાત્રીએ પ્રભુનો જન્મ થાય છે. તે વખતે ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે અને સદાકાળ કારમી વેદના સહન કરતા નારકીના જીવોને પણ ક્ષણમાત્ર સુખની અનુભૂતિ થાય છે. છપ્પન દિક્કુમારીકાઓ પ્રભુનો જન્મોત્સવ કરે છે. દેવલોકમાં ઈન્દ્રોના સિંહાસન ચલાયમાન થાય છે. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી ૬૪ ઈંદ્રો અને બીજા ઘણા દેવી-દેવતાઓ પૃથ્વીતલ પર આવી મેરૂપર્વત પણ પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવે છે.

ઈંદ્રો પાસે ૧) સાક્ષાત્ જિનેશ્વર દેવ ૨) સોનાનો મેરૂ ૩) રત્નમય વગેરે કળશો ૪) ક્ષીરસમુદ્ર વગેરેનું શુદ્ધજળ વગેરે હોય છે.

જ્યારે આપણી પાસે આ બધાના પ્રતિક રૂપે ૧) પ્રતિમારૂપે ભગવાન ૨) જર્મનસિલ્વરનું સિંહાસન ૩) જર્મનસિલ્વરના કળશો તથા કુવા વગેરેનું પાણી હોય છે. તેના દ્વારા આપણે પણ ઈંદ્રો જેવો જન્મોત્સવ ઉજવી આપણા આત્માને ભક્તિમાં તરબોળ કરી શકીએ.

આમ ૫૬ દિક્કુમારીકા અને ૬૪ ઈંદ્રોએ મેરૂપર્વત પર ઉજવેલ પ્રભુના સ્નાત્ર મહોત્સવના પ્રતિકરૂપે જિનમંદિરોમાં દરરોજ સ્નાત્રોત્સવ ઉજવાય છે. આ સ્નાત્રોત્સવમાં પ્રભુનુ સ્નાત્ર કરી આપણો કર્મમલ દૂર થાય છે, આપણો આત્મા નિર્મળ થાય છે.

પંડિત શ્રી વીરવિજયજી કૃત
શ્રી સ્નાત્ર પૂજા

(કાવ્યં - દ્રુતવિલંબિતવૃત્તમ્)

સરસશાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥૧॥

અર્થ :- શાન્તસુધારસના સમુદ્ર, અતિપવિત્ર ગુણરૂપ રત્નના ભંડાર અને ભવ્ય પ્રાણીઓ રૂપી કમળોને ઉલ્લસિત કરવામાં સૂર્યસમાન શ્રી જિનેશ્વર ભગવંતને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧)

(દુહો)

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જન પીઠે થાપીને, કરીએ જળ અભિષેક. ॥૨॥

અર્થ :- ભગવાનના શરીર ઉપરથી આભૂષણ તથા વાસી ફૂલ ઉતારીને, વિનયપૂર્વક ભગવંતને હાથમાં ધારણ કરી, સ્નાત્રપીઠ ઉપર ભગવંતને પધરાવવા અને પછી જળ વડે પ્રક્ષાલ કરવો. (૨)

(પછી કુસુમાંજલીની થાળી લઈ ઊભા રહેવું.)

(ગાથા-આર્યાગીતિ)

જિણજમ્મસમયે મેરૂસિહરે, રયણ-કણય-કલસેહિં,
દેવાસુરેહિં ણહવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ॥૩॥

અર્થ :- શ્રી જિનેશ્વર ભગવંતના જન્મ સમયે મેરૂપર્વતના શિખર ઉપર દેવોએ રત્નના અને સુવર્ણના કળશે વડે જે પ્રભુનો અભિષેક (પ્રક્ષાલ) કર્યો, એવા પ્રભુનું દર્શન કરનારાઓને ધન્ય છે. (૩)

(જ્યાં જ્યાં 'કુસુમાંજલિ મેલો' શબ્દ આવે ત્યાં ત્યાં પ્રભુના જમણો અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

નિર્મળ જળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે,
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા.
સિદ્ધ સ્વરૂપી અંગપખાલી, આતમ નિર્મળ હુઈ સુકુમાલી,
કુસુમાંજલિ મેલો. ॥૪॥

અર્થ :- નિર્મળ જળના કળશો વડે અભિષેક કરી, અમૂલ્ય વસ્ત્રથી અંગલૂછણું કરી, શ્રી આદિજિણંદના ચરણમાં કુસુમાંજલિ મૂકવી. સિદ્ધસ્વરૂપ ભગવંતનો અભિષેક કરવાથી, આપણો આત્મા નિર્મળ (પાપ રહિત) થાય છે. કોમળ-દયાળુ બને છે. (૪)

(ગાથા - આર્યાગીતિ)

મચકુંદ ચંપ માલઈ કમલાઈ પુપ્ફ પંચ વણ્ણાઈ,
જગનાહન્હવણ સમયે દેવા કુસુમાંજલિં દિંતિ. ॥૫॥

અર્થ :- મચકુંદ (બકુલ), ચંપો, માલતી, કમળ વગેરે પાંચ પ્રકારનાં પુષ્પો શ્રી જિનેશ્વર ભગવંતના અભિષેક વખતે દેવો ચઢાવે છે, તેને કુસુમાંજલિ કહેવાય છે. (૫)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

અર્થ :- અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર કરૂં છું.

(કુસુમાંજલિ - ઢાળ)

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દિજે;
કુસુમાંજલિ મેલો શાન્તિજિણંદા. ॥૬॥

અર્થ :- પછી રત્નના સિંહાસન પર શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાને સ્થાપન કરી, જગતમાં જયવંત એવા શ્રી શાંતિનાથ ભગવંતના જમણા અંગૂઠા પર કુસુમાંજલિ મૂકવી. (૬)

(દુહો)

જિણ તિહું કાલિય સિદ્ધની, પડિમા ગુણભંડાર,
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ॥૭॥

અર્થ :- ત્રણ કાળમાં સિદ્ધ એવા શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમા ગુણનો ભંડાર છે અને તે પરમાત્માના ચરણકમળમાં કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓનાં પાપ દૂર થાય છે. (૭)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ - ઢાળ)

કૃષ્ણાગરૂ વરધૂપ ધરીજે, સુગંધ કર કુસમાંજલિ દીજે;
કુસમાંજલિ મેલો, નેમિજિણંદા. ॥૮॥

અર્થ :- ઉત્તમ કૃષ્ણાગરૂ ધૂપ હાથમાં ધારણ કરી, હાથને સુગંધિત કરી, જગતમાં જયવંત એવા શ્રી નેમિનાથ ભગવંતના ચરણકમળમાં કુસુમાંજલિ મૂકવી. (૮)

(ગાથા - આર્યાગીતિ)

જસુપરિમલબલ દહ દિસિં, મહુકરઝંકાર સદ્દસંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ॥૯॥

અર્થ :- જેની સુગંધથી દશે દિશાના ભ્રમરો ગુંજારવ કરતા ભેગા થાય છે, એવી જિનેશ્વર ભગવંતના ચરણ ઉપર મૂકેલી કુસુમાંજલિ દેવતાઓને અને મનુષ્યોને સિદ્ધગતિ આપે છે. (૯)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ - ઢાળ)

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફૂલ ઉદક કરધારી,
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ॥૧૦॥

અર્થ :- ત્યાર પછી ઉત્તમ જળ તથા સ્થળનાં જળ અને ફૂલ લઈને જગતમાં જયવંત એવા શ્રી પાર્શ્વનાથ ભગવંતના ચરણ ઉપર કુસુમાંજલિ મૂકવી. (૧૦)

(દુહો)

મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણકાળ. ॥૧૧॥

અર્થ :- દેવતાઓ પણ જે કુસુમાંજલિ શ્રી વીરપ્રભુના સુકુમાલ ચરણે મૂકે છે, તે કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓનાં ત્રણકાળનાં પાપ દૂર થાય છે. (૧૧)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

(કુસમાંજલિ - ઢાળ)

વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણ મંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીરજિણંદા. ॥૧૨॥

અર્થ :- ઉત્તમ પ્રકારના વિવિધ શ્રેષ્ઠ જાતિનાં પુષ્પો લઈને જગતમાં જયવંત એવા શ્રી વીરભગવંતના ચરણકમળમાં નમસ્કાર કરી કુસુમાંજલિ મૂકવી. (૧૨)

(વસ્તુ - છંદ)

ન્હવણ કાળે, ન્હવણ કાળે, દેવદાણવસમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધીય;
જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામમંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિસેસ.
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ॥૧૩॥

અર્થ :- શ્રી જિનેશ્વર ભગવંતના જન્માભિષેક વખતે દેવો અને દાનવો એકઠા થઈ દશે દિશામાં પ્રસરી રહેલી સુગંધવાળી કુસુમાંજલિ ચતુર્વિધ સંઘનું કલ્યાણ કરો.'' એમ કહી જગતમાં જયવંત એવા ચોવીસ જિનેશ્વર ભગવંતના ચરણકમળો ઉપર કુસુમાંજલિ મૂકવી. (૧૩)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ - ઢાળ)

અનંત ચઉવિશી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવિશી સંભારૂં,
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ॥૧૪॥

અર્થ :- શ્રી જિનેશ્વર ભગવંતની અનંત ચોવીસીઓને નમસ્કાર કરૂં છું અને વર્તમાન ચોવીસીનું સ્મરણ કરૂં છું. એમ કહી ચોવીસ પ્રભુના નામથી કુસુમાંજલિ મૂકવી. (૧૪)

(દુહો)

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ,
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ॥૧૫॥

અર્થ :- મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરતા વીશ વિહરમાન ભગવંતની પૂર્ણભક્તિથી મેં પૂજા કરી છે. તે વિહરમાન ભગવંતો ચતુર્વિધ સંઘનું કલ્યાણ કરનારા થાઓ. (૧૫)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ - ઢાળ)

અચ્છરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીર વિજય જયકારા,
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ॥૧૬॥

અર્થ :- જેની આગળ અપ્સરાઓ ગાન-તાન કરી રહેલી છે, એવા શુભ નામવાળા વિજયવંત શ્રી વીરપ્રભુ જય કરનારા છે. ત્યારબાદ સર્વ તીર્થંકરોનાં ચરણકમળ ઉપર કુસુમાંજલિ મૂકવી. (૧૬)

પછી બધા સ્નાત્રિયાઓએ પ્રભુના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.

પછી નીચેના દુહા બોલતાં બોલતાં, સિંહાસનમાં બિરાજમાન પ્રભુને ત્રણ પ્રદક્ષિણા ફરતાં ફરતાં પ્રભુ સન્મુખ ત્રણ ખમાસમણાં દઈ "જગચિંતામણિનું ચૈત્યવંદન જય વીયરાય" સુધી કરવું.

પ્રદક્ષિણાના દુહા

(૧)

કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણાનો નહી પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા ત્રણવાર... ૧

ભમતીમાં ભમતાં થકાં, ભવભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય... ૨

(૨)

જન્મ મરણાદિ ભય ટળે, સીઝે જે દર્શન કાજ,
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ... ૩

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમસુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વ સંકેત... ૪

(૩)

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ,
ચારિત્ર નિરૂત્તે કહ્યું, વંદો તે ગુણગેહ... ૫

દર્શન જ્ઞાન ચારિત્ર, એ રત્નત્રયી શિવદ્વાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર... ૬

પછી સ્નાત્રિયાઓએ હાથ ધૂપી, હાથમાં કળશ લઈ મુખકોશ બાંધી ઊભા રહેવું.

(દુહો)

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ... ॥૧॥

અર્થ :- સર્વ જિનેશ્વર ભગવંતના ચરણકમળમાં નમસ્કાર કરી, તે ભગવંતના કલ્યાણકનો વિધિ હું કહું છું. તે કલ્યાણકની વિધિનું વર્ણન કરતાં અને સાંભળતાં સમગ્ર સંઘની ઈચ્છા સફળ થાય છે.

(ઢાળ)

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીસસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી...૧

જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરૂં શાસનરસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં... ૨

સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુળે... ૩

પટરાણી કૂખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજની શેષે, ઊતરતાં ચઉદ સુપન દેખે... ૪

અર્થ :- શ્રી તીર્થંકર ભગવંતે મોક્ષે જવા પૂર્વના ત્રીજા ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી અનુક્રમે ચારિત્ર અંગીકાર કરી વિધિપૂર્વક વીશસ્થાનક તપનું આરાધન કર્યું. જો મારામાં શક્તિ આવે તો સર્વ જીવોને વીતરાગ શાસનના રસિયા બનાવી દઉં. આ પ્રમાણે નિરંતર નિર્મળ ભાવના ભાવતાં તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું. એ રીતે સરાગ સંયમને આરાધી, આયુષ્ય પૂર્ણ કરી વચમાં દેવનો એક ભવ કરે છે. તે દેવના ભવમાંથી ચ્યવી પંદર કર્મભૂમિમાંથી કોઈ ભૂમિના મધ્યખંડમાં ઉચ્ચકુળવાળા રાજાની પટ્ટરાણીની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. જેમ માનસરોવરમાં હંસ શોભે છે, તેમ શ્રી તીર્થંકર ભગવંત માતાની કુક્ષીમાં શોભે છે. પ્રભુ ગર્ભમાં આવ્યા, તે રાત્રિએ સુખશય્યામાં સૂતેલા પ્રભુની માતા ચૌદ સ્વપ્નોને જુએ છે; તે આ પ્રમાણે -

(ઢાળ-સ્વપ્નની)

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠો,
ત્રીજે કેસરીસિંહ, ચોથે લક્ષ્મી અબીહ... ૧

પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા,
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહીં છોટો... ૨

દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર;
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી... ૩

સ્વપ્ન લઈ જઈ રાયને ભાખે, રાજ્ઞ અર્થ પ્રકાશે,
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકળ મનોરથ ફળશે... ૪

અર્થ :- તે ચૌદ સ્વપ્નમાં માતાએ પહેલે હાથી, બીજે વૃષભ, ત્રીજે કેસરીસિંહ, ચોથે શ્રી લક્ષ્મી દેવી, પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર, સાતમે સૂર્ય, આઠમે ધ્વજ, નવમે પૂર્ણ કળશ, દશમે પદ્મ સરોવર, અગિયારમે ક્ષીર સમુદ્ર, બારમે દેવ વિમાન, તેરમે રત્નરાશિ, અને ચૌદમે નિર્ધૂમ અગ્નિશિખા. આ ઉત્તમ સ્વપ્નો જોઈ માતા જાગીને, પોતાના પતિ રાજાની પાસે જઈને વિનયપૂર્વક સ્વપ્નની વાત કરે છે. રાજા પણ સ્વપ્નનું ફળ આ પ્રમાણે કહે છે :

"હે દેવાનુપ્રિયે ! તમને પુત્રપ્રાપ્તિ થશે, તે તીર્થંકર થશે, જેના ચરણારવિંદમાં ત્રણે જગત નમસ્કાર કરશે અને આવા પુત્રરત્નના જન્મથી આપણી સઘળી ઈચ્છાઓ પૂર્ણ થશે."

(વસ્તુ-છંદ)

અવધિનાણે અવધિનાણે, ઉપના જિનરાજ;
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર.
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર;
માતા પણ આનંદિયા, જાગતી ધર્મ વિધાન,
જાણંતિ જગતિલકસમો, હોશે પુત્ર પ્રધાન... ૧

અર્થ :- ભગવંત ગર્ભમાં ઉત્પન્ન થાય છે, ત્યારથી જ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનના ધારક હોય છે. પ્રભુના પુણ્ય પરમાણુઓ

જગતમાં ફેલાય છે, એથી વિશ્વના સમગ્ર જીવો શાંતિ પામે છે, સુખનો અનુભવ કરે છે અને ધર્મના ઉદયનો સુંદર પ્રભાતકાળ શરૂ થાય છે.

જેમ સૂર્યના ઉદયથી તારાઓનું તેજ નાશ પામે છે, તેમજ સૂર્ય સમાન દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતના ઉદયથી મિથ્યાત્વરૂપી તારાઓનો નાશ થાય છે. આવા ઉત્તમ તીર્થંકરરૂપી પુત્રના ગર્ભને ધારણ કરનારી માતા "મારો પુત્ર ત્રણ જગતમાં તિલક સમાન થશે." એમ જાણી મનમાં અત્યંત આનંદ પામી શેષ રાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરે છે.

(દુહો)

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત,
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત... ૧

અર્થ :- અનુક્રમે ગર્ભકાળ પરિપૂર્ણ થયા બાદ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનો શુભ અવસરે જન્મ થાય છે. એ વખતે નારકીના જીવો પણ ક્ષણભર શાંતિ અનુભવે છે. ત્રણ ભુવનના સઘળા જીવો અત્યંત સુખ પામે છે અને ત્રણ જગતમાં ઉદ્યોત (પ્રકાશ) થઈ જાય છે.

(અહીં ધૂપદાની, કળશ, દર્પણ, ચામર, પંખા, દીપક તથા થાળીમાં પુષ્પો અને રાખડી લઈ ઊભા રહેવું તેમજ તે પદ આવે પ્રભુને કળશ કરી, પુષ્પો ચઢાવવાં અને જમણે અંગૂઠે રાખડી મૂકવી.)

(ઢાળ-કડખાની દેશી)

સાંભળો કળશ જિન, મહોત્સવનો ઈહાં, છપ્પન કુમરી દિશિ,
વિદિશિ આવે તિહાં, માય સુત નમી, આનંદ અધિકો ઘરે,
અષ્ટ સંવર્તવાયુથી કચરો હરે ॥૧॥

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે; અષ્ટ કલશા ભરી,
અષ્ટ દર્પણ ધરે; અષ્ટ ચામર ધરે; અષ્ટ પંખા લહી.
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥૨॥

ઘર કરી કેળના, માય સુત લાવતી, કરણ શુચિકર્મ
જળ-કલશે ન્હવરાવતી. કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી ॥૩॥

નમીય કહે માય તુજ બાળ લીલાવતી, મેરૂ રવિ ચંદ્ર
લગે જીવજો જગપતિ; સ્વામી ગુણ ગાવતી,
નિજ ઘર જાવતી, તેણે સમે ઈન્દ્ર સિંહાસન કંપતી ॥૪॥

અર્થ :- જ્યારે દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો જન્મ થાય છે, ત્યારે દરેક દિશામાંથી છપ્પન દિક્કુમારિકાઓ પ્રભુનું સૂતિકર્મ કરવાનો પોતાનો શાશ્વત આચાર હોવાથી ત્યાં આવે છે. ત્યાં આવી ભગવંતને અને તેમની માતાને નમસ્કાર કરી અત્યંત આનંદપૂર્વક નીચે મુજબ શાશ્વત આચારનું કર્તવ્ય બજાવે છે.

આઠ દિક્કુમારિકાઓ સંવર્ત વાયુ વડે ચાર દિશામાં એકેક યોજન સુધી સઘળો કચરો દૂર કરે છે. ત્યાર પછી આઠ કુમારિકાઓ સુગંધી જળની વૃષ્ટિ કરે છે. આઠ કુમારિકાઓ હાથમાં પૂર્ણ કળશને ધારણ કરીને ઊભી રહે છે. આઠ કુમારિકાઓ દર્પણ ધરે છે. આઠ કુમારિકાઓ ચામર વીંઝે છે. આઠ કુમારિકાઓ દીપકને ગ્રહણ કરે છે.

ત્યાં ઉત્તમ પ્રકારનાં કેળનાં પાંદડાંઓનું સૂતિગૃહ બનાવી, તેની અંદર પુત્ર અને માતાજીને લાવી કળશો વડે સ્નાન કરાવે છે. પછી પુષ્પો વડે પૂજા કરી આભૂષણ પહેરાવે છે. તે પછી હાથે રાખડી બાંધી શયનમાં પધરાવે છે.

આ રીતે પોતાને લાયક ક્રિયાઓ કરી માતા તથા પુત્રને નમસ્કાર કરી દિક્કુમારિકાઓ કહે છે :

'હે દેવાધિદેવ ! આ જગતના જીવોના હિત માટે જ્યાં સુધી જગતમાં મેરૂ, સૂર્ય અને ચન્દ્ર છે ત્યાં સુધી આપ જીવજો.'

આ રીતે પ્રભુના ગુણ ગાતી ગાતી પોતપોતાના સ્થાનકે જાય છે. એ અવસરે સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન થાય છે.

(ઢાળ-એકવિસાની દેશી)

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈન્દ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા;
દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા... ॥૧॥

અર્થ :- જે વખતે શ્રી તીર્થંકર ભગવંતનો જન્મ થાય છે, તે વખતે સૌધર્મ અને ઈશાન દેવલોકના દક્ષિણ-ઉત્તર દિશાના ઈન્દ્રોનાં સિંહાસનો કંપે છે.

(ત્રોટક છંદ)

તદા ચિંતે ઈન્દ્ર મનમાં, કોણ અવસર એ બન્યો;
જિન જન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપજ્યો... ॥૧॥
સુઘોષ આદિ ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી-દેવા જન્મ મહોત્સવ આવજો સુરગિરિવરે... ॥૨॥

(અહીં ઘંટ વગાડવો)

અર્થ :- આમ અકસ્માત્ સિંહાસન કંપવાનું કારણ ઈન્દ્ર મહારાજ અવધિજ્ઞાન વડે જુએ છે, શ્રી તીર્થંકર ભગવંતનો જન્મ થયેલો જાણી તે અત્યંત આનંદ પામે છે અને તરત જ

હરિણૈગમેષી નામના દેવ પાસે સુઘોષા નામનો ઘંટ વગડાવે છે, અને બધા દેવોને ખબર આપે છે કે દેવો ! શ્રી તીર્થંકર ભગવંતનો જન્મ થયો છે, માટે સહુ જન્મોત્સવ ઊજવવા મેરૂગિરિ ઉપર આવજો.

(ઢાળ - પૂર્વની)

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે,
જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવિયા,
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવિયા... ॥૩॥

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા...)

અર્થ :- એ પ્રમાણે શ્રી તીર્થંકર ભગવાનના જન્મની ખબર પડતાંની સાથે કરોડો દેવો એકઠા થાય છે અને ભગવંતનો જન્મોત્સવ ઉજવવા મેરૂ પર્વત ઉપર જાય છે. દેવ-દેવીઓના પરિવારથી પરિવરેલો સૌધર્મ ઈન્દ્ર દેવલોકમાંથી પૃથ્વી ઉપર આવી, જ્યાં શ્રી તીર્થંકર ભગવંતનો જન્મ થયો છે, ત્યાં જાય છે; અને ત્યાં જઈ માતા અને ભગવંતને નમસ્કાર કરી પ્રભુને વધાવે છે.

(ત્રોટક છંદ)

વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુત તણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો;
એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી;
દેવ-દેવી નાચે હર્ષ સાથે; સુરગિરિ આવ્યા વહી... ॥૪॥

અર્થ :- ત્યારપછી ઈન્દ્ર મહારાજા પ્રભુની માતાને આ પ્રમાણે કહે છે, "હે રત્નકુક્ષીને ધારણ કરનારી માતા ! હું સૌધર્મ-દેવલોકનો શક્ર નામે ઈન્દ્ર તમારા પુત્રનો જન્મ મહોત્સવ

કરવા આવ્યો છું.'' એ પ્રમાણે કહી, માતા પાસે ભગવંતના પ્રતિબિંબને સ્થાપન કરી, ઈન્દ્રમહારાજ પાંચરૂપે ભગવંતને ગ્રહણ કરી દેવ-દેવીઓના સમૂહ સાથે વાજતે-ગાજતે મેરૂ પર્વત ઉપર આવ્યા.

(ઢાળ - પૂર્વની)

મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા... ॥૫॥

અર્થ :- મેરૂ પર્વત ઉપર પાંડુકવનમાં શિલા ઉપર સિંહાસન ગોઠવી, ત્યાં ઈન્દ્ર મહારાજે બેસીને ભગવંતને પોતાના ખોળામાં ધારણ કર્યા, ત્યાં બીજા ત્રેસઠ ઈન્દ્રો જન્મ મહોત્સવમાં ભાગ લેવા આવ્યા.

(ત્રોટક છંદ)

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન જન્મોત્સવે... ॥૬॥

અર્થ :- તે ચોસઠ ઈન્દ્રોએ આઠ જાતિના કળશો બનાવી, તેની અંદર માગધ વગેરે ઉત્તમ તીર્થોનાં સુગંધી પાણી ભર્યાં. અનેક પ્રકારના સુગંધી ધૂપ પ્રગટાવ્યા. ત્યારપછી અચ્યુતેંદ્રે બીજા દેવોને શ્રી જિનેશ્વર ભગવંતના જન્મમહોત્સવમાં ગંગા વગેરેનાં પાણી લાવવા હુકમ કર્યો.

(ઢાળ - વિવાહલાની દેશી)

સુર સાંભળીને સંચરીઆ, માગધ વરદામે ચલિયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે... ૧

તીરથ જળ ઔષધિ લેતા, વળી ક્ષીર સમુદ્રે જાતા;
જળ કળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળ લાવે... ૨

સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ... ૩

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે... ૪

અર્થ :- અચ્યુતેંદ્રના હુકમને સાંભળીને તરત જ બીજા દેવો ગંગા, માગધ, ક્ષીર સમુદ્ર વગેરે તીર્થોનાં પાણી લેવા માટે ગયા; તીર્થોનાં નિર્મળ પાણી વડે કળશો ભરીને પાછા આવતાં અનેક પ્રકારની સુગંધી ઔષધીઓ, પુષ્પ, ચંગેરી થાળ વગેરે વસ્તુઓ લાવ્યા. સિંહાસન, ચામર, ધૂપદાની, રકેબી વગેરે સિદ્ધાંતમાં કહેલાં સર્વ ઉપકરણો ત્યાં એકઠાં કર્યાં. એ પ્રમાણે દરેક વસ્તુ લઈને તેઓ મેરૂ પર્વત પર આવ્યા અને પ્રભુનાં દર્શન કરીને બહુજ આનંદ પામ્યા. પોતાની સાથે લાવેલા જળ કળશો વગેરે સમગ્ર વસ્તુઓ ત્યાં મૂકી ઘણા જ આનંદ સહિત પ્રભુના ગુણ ગાવા લાગ્યા.

(ઢાળ - રાગ ધનાશ્રી)

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા ભિત્તનુજઈ,
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઈ,
જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હકમે કરી કળશા, અરિહાને ન્હવરાવે... આતમ...૧

અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેક, અઢીસેં ગુણા કરી જાણો,
સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર,
બાસઠ ઈંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર... આતમ...૨

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણી નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એક જ, સામાનિકનો એકો,
સોહમપતિ ઈશાનપતિની, ઈન્દ્રાણીના સોલ,
અસુરની દશ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ... આતમ...૩

જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો,
પરચૂરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો... આતમ...૪

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મન રંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગળ દીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે... આતમ...૫

ભેરી ભુંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી;
જનની ઘર માતાને સોંપી, એણી પરે વચન ઉચ્ચારી;
પુત્ર તમારો, સ્વામી અમારો અમ સેવક આધાર,
પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર... આતમ...૬

બત્રીસ કોડી કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે;
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે;
દીક્ષા કેવળને અભિલાષે, નિત નિત જિનગુણ ગાવે... આતમ...૭

તપગચ્છ ઈસર સિંહસૂરીસર, કેરા શિષ્ય વડેરા;
સત્યવિજય પંન્યાસ તણે પદ, કપૂર વિજય ગંભીરા;
ખીમાવિજય તસ સુજસવિજયના શ્રી શુભવિજય સવાયા;
પંડિત વીરવિજયતસ શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા... આતમ...૮

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ;
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળલીલા સુખ ભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ... આતમ...૯

અર્થ :- કેટલાક દેવો પોતાના ભાવથી - પ્રભુ ઉપરની પરમ ભક્તિથી કેટલાક મિત્રોની પ્રેરણાથી, કેટલાક સ્ત્રીની પ્રેરણાથી, તો કેટલાક 'આ આપણો કુળધર્મ છે' એમ સમજી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક-એમ ચાર પ્રકારના દેવો ત્યાં આવ્યા હતાં અને અચ્યુતેંદ્રના હુકમથી કળશો ભરીને પ્રભુને ન્હવરાવતા હતા.

તે કળશ આઠ પ્રકારના હતા. તે દરેક આઠ આઠ હજારની સંખ્યામાં હતા, એટલે બધા મળીને ૬૪,૦૦૦ કળશ હતા.

એ ૬૪,૦૦૦ કળશ દ્વારા ઈન્દ્રાદિ દેવોએ ૨૫૦ અભિષેક કર્યા. તેથી ૬૪,૦૦૦ x ૨૫૦ = ૧,૬૦,૦૦,૦૦૦ અભિષેક થયા.

એ અઢીસો અભિષેક આ પ્રમાણે છે.

બાસઠ ઈન્દ્રોના બાસઠ, ચાર લોકપાલના ચાર, ચંદ્રની છાસઠ પંક્તિના છાસઠ, સૂર્યની છાસઠ પંક્તિના છાસઠ, એક ગુરુનો, એક સામાનિક દેવનો, સોળ સૌધર્મ ઈન્દ્ર અને ઈશાનેંદ્રની ઈન્દ્રાણીઓના, અસુરેન્દ્રની ઈન્દ્રાણીઓના દસ, નાગેન્દ્રની ઈન્દ્રાણીઓનાં બાર, ચાર જ્યોતિષી ઈન્દ્રના, ચાર વ્યંતરેન્દ્રના, એક ત્રણ પર્ષદાનો, એક કટકપતિ (સેનાપતિ)નો, એક અંગરક્ષકનો, એક પરચૂરણ (બાકી રહેલા) દેવોનો એમ અઢીસો અભિષેક જાણવા.

ત્યારપછી ઈશાનેન્દ્ર સૌધર્મેન્દ્ર કહે છે કે;

'થોડીવાર પ્રભુજીને ખોળે બેસાડવાનો લાભ મને આપો.' ઈશાનેન્દ્રની માગણીથી તેના ખોળામાં પ્રભુજીને બેસાડી, સૌધર્મેન્દ્ર વૃષભનું રૂપ કરી, શીંગડામાં જળ ભરી, તે વડે પ્રભુજીને અભિષેક કરે છે. ત્યારપછી આરતી મંગળ દીવો ઉતારીને દેવતાઓ જય જયના નાદ સાથે પ્રભુજીને વધાવે છે. ત્યારબાદ ભગવંતને હાથમાં ધારણ કરી, ભેરી, શરણાઈ વિગેરે વાજિંત્રના નાદ સાથે, વાજતે-ગાજતે માતા પાસે જઈ પુત્રને સોંપી આ પ્રમાણે બોલે છે, ''આ તમારો પુત્ર છે, પરંતુ અમારો સ્વામી છે, અમે તેમના સેવક છીએ.'' ત્યાર પછી પ્રભુને રમાડવા પાંચ ધાવમાતા સ્થાપીને, બત્રીસ કરોડ સોનૈયા, મણિ, માણેક તથા વસ્ત્ર વગેરેની વૃષ્ટિ કરીને, અધૂરા આનંદને પૂર્ણ કરવા નંદીશ્વર દ્વીપ જાય છે. ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરી સર્વ દેવો પોતપોતાને સ્થાને જાય છે, અને પ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન વગેરે કલ્યાણકોના સમયની રાહ જોતા રહે છે.

છેલ્લે સ્નાત્ર પૂજાના કર્તા પોતાની ગુરુપરંપરા બતાવે છે. તપગચ્છ નાયક વિજય સિંહસૂરીશ્વરના સત્યવિજય પંન્યાસ નામના શિષ્ય થયા. તેમના શિષ્ય કપૂરવિજય મહારાજ, અને તેમના શિષ્ય ખીમાવિજય મહારાજ થયા. તેમના શિષ્ય જશવિજય અને તેમના શુભવિજય નામના શિષ્ય થયા. તેમના શિષ્ય પંડિત વીરવિજયજીએ આ સ્નાત્ર પૂજાની રચના કરી છે.

ઉત્કૃષ્ટ કાળે થયેલા ૧૭૦ તીર્થંકરદેવો અને હાલમાં મહાવિદેહક્ષેત્રમાં વિચરતા વીશ વિહરમાન તથા અતીત, અનાગત અને વર્તમાન કાળમાં થયેલા તીર્થંકર ભગવંતોનો આ સર્વ સામાન્ય કળશ છે. જે પ્રાણી આ કળશ ગાશે, તે આનંદ મંગળ પામશે, અને ઘેર ઘેર હર્ષનાં વધામણાં થશે.

❋ ❋ ❋

હૈયું જ્યારે ભિખારી બની જાય છે ત્યારે સામો પણ તેને ભિખારી લાગે છે.

ચૈત્યવંદન વિધિ વિભાગ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

(નીચેનું સુત્ર બોલી એક ખમાસમણ આપવું)

ઈચ્છામિ ખમાસમણ સૂત્ર *(યોગમુદ્રામાં)*

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચ મહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

(પછી નીચેના સૂત્રો ઉભા રહીને બોલવા)

ઈરિયાવહિયં સૂત્ર *(યોગમુદ્રામાં)*

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ?
ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ।।૧।।
ઈરિયાવહિયાએ, વિરાહણાએ ।।૨।।
ગમણાગમણે ।।૩।।
પાણક્કમણે, બીઅક્કમણે, હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ
દગમટ્ટી મક્કડા સંતાણા સંકમણે ।।૪।।
જે મે જીવા વિરાહિયા, ।।૫।।
એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ।।૬।।
અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા,
સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં
સંકામિયા, જીવિયાઓ વવરોવિયા,
તસ્સ મિચ્છામિ દુક્કડં ।।૭।।

ભાવાર્થ : આ સૂત્રથી હાલતાં-ચાલતાં કોઈપણ જીવોની જાણતાં કે અજાણતાં વિરાધના થઈ હોય કે પાપ લાગ્યું હોય તે દૂર થાય છે.

卐 तस्स उत्तरी सूत्र 卐 *(योग मुद्रामां)*

तस्स उत्तरी करणेणं, पायच्छित्त करणेणं, विसोही करणेणं,
विसल्ली करणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए, ठामि काउस्सग्गं.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

卐 अन्नत्थ सूत्र 卐 *(योगमुद्रामां)*

अन्नत्थ ऊससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं, जंभाईएणं,
उड्डुएणं, वायनिसग्गेणं, भमलीए, पित्तमुच्छाए ॥१॥

सुहुमेहिं अंग संचालेहिं, सुहुमेहिं खेल संचालेहिं,
सुहुमेहिं दिट्ठि संचालेहिं ॥२॥

एवमाईएहिं आगारेहिं अभग्गो, अविराहिओ,
हुज्ज मे काउस्सग्गो ॥३॥

जाव अरिहंताणं, भगवंताणं, नमुक्कारेणं
न पारेमि ॥४॥

ताव कायं ठाणेणं, मोणेणं, झाणेणं अप्पाणं
वोसिरामि ॥५॥

ભાવાર્થ : આ સૂત્રમાં કાઉસ્સગ્ગના સોળ આગારનું વર્ણન કાયોત્સર્ગની મર્યાદા તથા કાયોત્સર્ગ કેમ કરવો તે બતાવેલ છે.

(પછી 'જિનમુદ્રા'માં એક લોગસ્સ ''चंदेसु निम्मलयरा'' સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી કાઉસ્સગ્ગ પાર્યા બાદ બે હાથ જોડી પ્રગટ લોગસ્સ કહેવો)

卐 લોગસ્સ સૂત્ર 卐 *(યોગ મુદ્રામાં)*

લોગસ્સ ઉજ્જોએ ગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં ચઉવીસંપિ કેવલી ॥૧॥

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥

કુંથુ અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥

એવં મએ અભિથુઆ, વિહુય-રયમલા પહીણ-જરમરણા;
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥

કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગબોહિલાભં, સમાહિ વર મુત્તમં દિન્તુ ॥૬॥

ચંદેસુ નિમ્મલ યરા, આઈચ્ચેસુ અહિયં પયાસ યરા,
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

ભાવાર્થ : આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ વાર ખમાસમણ દઈ, બન્ને પગ (ઢીંચણ) જમીન ઉપર સ્થાપી હાથ જોડીને - *યોગમુદ્રામાં)*

ઈચ્છાકારેણ સંદિસંહ ભગવન ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી 'સકલકુશવલ્લી' કહી ચૈત્યવંદન કરવું.

સકલ કુશલ વલ્લી - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ
ભવ જલનિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ,
સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

શ્રી સામાન્ય જિન ચૈત્યવંદન

(આ પુસ્તકમાં આપેલ બીજાં ચૈત્યવંદન પણ બોલી શકાય)

તુજ મુરતિને નીરખવા, મુજ નયણાં તલસે;
તુમ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ...૧

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ...૨

એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ નજરથી, તે શું ? જે નવિ હોય. ...૩

卐 જંકિંચિ સૂત્ર 卐 *(યોગમુદ્રામાં)*

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ ॥૧॥

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામરૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

卐 નમુત્થુણં સૂત્ર 卐 *(યોગમુદ્રામાં)*

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥
આઈગરાણં, તિત્થયરાણં, સયં સંબુદ્ધાણં, ॥૨॥
પુરિસુત્તમાણં, પુરિસ સીહાણં, પુરિસ વર પુંડરિઆણં,
પુરિસ વર-ગંધહત્થીણં ॥૩॥

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં,
લોગપજ્જોઅગરાણં. ॥૪॥
અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં,
બોહિદયાણં. ॥૫॥
ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં,
ધમ્મ વર ચાઉરંત - ચક્કવટ્ટીણં. ॥૬॥
અપ્પડિહય વર - નાણ - દંસણધરાણં, વિયટ્ટ - છઉમાણં ॥૭॥
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં ॥૮॥
સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ - મયલ - મરૂઅ -
મણંત-મક્ખય - મવ્વાબાહ - મપુણરાવિત્તિ - સિદ્ધિગઈ -
નામધેયં ઠાણં સંપત્તાણં, (મસ્તક નમાવતાં)
નમો જિણાણં, જિઅભયાણં. ॥૯॥
જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે;
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

ભાવાર્થ : આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને શક્ર-ઈન્દ્ર મહારાજ પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

(નીચેનું સૂત્ર લલાટ ઉપર જોડેલા હાથે મુક્તાશુક્તિ મુદ્રામાં બોલવું)

卐 જાવંતિ ચેઈઆઈ સૂત્ર 卐 *(મુક્તાશુક્તિ મુદ્રામાં)*

જાવંતિ ચેઈઆઈ, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ ॥૧॥

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર બોલી એક ખમાસમણ દેવું)

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ મત્થએણ વંદામિ.

卐 જાવંત કેવિ સાહૂ સૂત્ર 卐 *(મુક્તાંશુક્તિમુદ્રામાં)*

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતા સર્વે સાધુ સાધ્વીજી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફક્ત પુરૂષોએ બોલવું) (યોગમુદ્રામાં)

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

(આ પછી નીચેનું સ્તવન અથવા આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું અથવા ઉવસગ્ગહરં સૂત્ર પણ બોલી શકાય.)

卐 શ્રી સામાન્ય જિન સ્તવન 卐 *(યોગમુદ્રામાં)*

આજ મારા પ્રભુજી ! સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાળ મનાવો.
....મારા સાંઈ રે....આજ ૧

પતિતપાવન શરણાગતવત્સલ, એ જશ જગમાં આવો રે
મન રે મનાવ્યા વિણ નહીં મૂકું, એહી જ મારો દાવો. ..મારા

કબજે આવ્યા હવે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાઉં રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો. ..મારા

મહાગોપ ને મહાનિર્યામક, ઈણિ પરે બિરૂદ ધરાવો રે;
તો તુમ આશ્રિતને ઉદ્ધરતાં, બહુ રે બહુ શું કહાવો ..મારા

'જ્ઞાનવિમલ' ગુણ નિધિનો મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ-અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દિલ ધ્યાવું. ..મારા

卐 ઉવસગ્ગહરં સ્તોત્ર 卐 *(યોગમુદ્રામાં)*

ઉવસગ્ગ-હરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કં;
વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ..૧

વિસહરફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ..૨

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુ-ફલો હોઈ;
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ..૩

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પ-પાયવ-બ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ..૪

ઈઅ સંથુઓ મહાયસ !, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;
તા દેવ !, દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ! ..૫

ભાવાર્થ : શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ગુણોની સ્તુતિરૂપ આ સ્તોત્ર શ્રી ભદ્રબાહુસ્વામીનું રચેલું છે. તે સર્વ વિઘ્નોનો નાશ કરનારું છે.

(બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)

જોડેલા હાથ લલાટે લગાડીને **'મુક્તાશુક્તિ'** મુદ્રામાં નીચેનું સૂત્ર બોલવું.

卐 જય વીયરાય સૂત્ર 卐 *(મુક્તાશુક્તિ મુદ્રામાં)*

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધિ. ..૧

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા. ..૨

(બાકીનું સૂત્ર બે હાથ નીચે કરીને 'યોગમુદ્રા'માં બોલવું)

વારિજ્જઈ જઈવિ નિયાણ-બંધણં વીયરાય ! તુહ સમયે;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ..૩

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં. ..૪

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વ-ધર્માણં, જૈનં જયતિ શાસનમ્. ..૫

ભાવાર્થ : આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ ગુણોની માંગણી, દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ અને સમકિત માટે પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

卐 અરિહંત ચેઈઆણં સૂત્ર 卐 *(યોગમુદ્રામાં)*

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧.
વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ,
સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ ૨.
સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩

ભાવાર્થ : આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

卐 અન્નત્થ સૂત્ર 卐 *(યોગમુદ્રામાં)*

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં,
જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં,
ભમલીએ પિત્તમુચ્છાએ ॥૧॥

સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ॥૨॥

એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ
હુજ્જ મે કાઉસ્સગ્ગો. ॥૩॥

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ,
તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥૪॥
(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી બે હાથ જોડીને)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

(કહી થોય કહેવી)

પ્રહ ઉઠી વંદું, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈંદ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

(પછી ખમાસમણ આપી પચ્ચક્ખાણ લેવું)

અને છેલ્લે ભાવપૂજનની પૂર્ણાહુતિ કરતાં કરતાં નીચેની ભાવવાહી 'સ્તુતિ' બોલી સુંદર 'ભાવના' ભાવવી.

આવ્યો શરણે તમારા જિનવર ! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ ! આજે હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાસે ભવભય ભ્રમણા, નાથ ! સર્વે અમારી.

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી 'ઉદયરત્નની' વાણી.

જિને ભક્તિ જિને ભક્તિ, જિને ભક્તિ દિને દિને;
સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવેભવે.

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે.

સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

(પછી ખમાસમણ આપી જમણો હાથ જમીન પર સ્થાપી અવિધિ આશાતનાનું મિચ્છામિ દુક્કડં માંગવું.)

મહાસાગરનાં મોતી



★ પાપનો ઘટાડો કરવા માટે ખોટી જરૂરીયાત ઘટાડો.
★ અન્ય પ્રત્યે મૃદુ બનીએ, જાત પ્રત્યે વજ્ર થઈએ.
★ નહિ થાકનારી લહેર ખડકનાય ચૂરા કરી નાખે છે.
★ તમારું હાસ્ય પારકાનાં આંસુઓમાંથી ન મેળવશો.
★ સહાય ન કરી શકો તો સહાનુભૂતિ તો જરૂર દાખવો.
★ કામની અધિકતા નહી, અનિયમિતતા જ અકળાવે છે.

વિધિ સહિત ગુરુવંદન

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

(એ પ્રમાણે બે વખત ખમાસમણ દેવાં, તે પછી)

ઈચ્છકાર સુહ-રાઈય ?(સુહ-દેવસિ?) (સવારે ૧૨ વાગ્યા સુધી સુહ રાઈય બોલવું અને બપોરે ૧૨ વાગ્યા પછી સુહ દેવસિ બોલવું) સુખ-તપ? શરીર-નિરાબાધ? - સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ? સ્વામી! શાતા છે જી ? ભાત-પાણીનો લાભ દેજોજી.

(પદ્મસ્થ હોય તો ખમાસમણ દેવું. પછી)

"આનંદઘન" મહારાજ. અભિ. ૬

-: શ્રી અભિનંદનનાથ ભગવાનની સ્તુતિ :-

સંવર સુત સાચો, જસ સ્યાદ્‌વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણગણ માચો, એહના ધ્યાને રાચો,
જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો.

॥ અયોધ્યા તીર્થાધિપતિ શ્રી અભિનંદનસ્વામિને નમઃ ॥

૫) શ્રી સુમતિનાથ ભગવાન

-: શ્રી સુમતિનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

સુમતિનાથ સુહંકરૂ, કોસલ્લા જસ નયરી,
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ૧

ક્રૌંચ લંછન જિનરાજિયો, ત્રણશેં ધનુષની દેહ,
ચાળીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ. ૨

સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ,
તસ પદપદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

-: શ્રી સુમતિનાથ ભગવાનનું સ્તવન :-

સુમતિનાથ ગુણશું મિલીજી,
વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી,
જલમાંહે ભલી રીતિ,
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ ૧

સજ્જનશું જે પ્રીતડીજી,
છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી,
મહીમાંહે મહકાય. સોભાગી. ૨

આંગળીએ નવિ મેરૂ ઢંકાયે,
છાબડીએ રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે,
મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી. ૩

હુઓ છીપે નહીં અધર અરુણ જિમ,
ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા,
તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી. ૪

ઢાંકી ઈક્ષુ પરાળશું જી,
ન રહે લહી વિસ્તાર;
''વાચક યશ'' કહે પ્રભુ તણોજી,
તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી. ૫

-: શ્રી સુમતિનાથ ભગવાનની સ્તુતિ :-

સુમતિ સુમતિદાયી, મંગલા જસ માઈ,
મેરૂને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિ ઉણિમ કાંઈ, સેવિયે તે સદાઈ.

॥ માતર તીર્થાધિપતિ શ્રી સુમતિનાથાય નમઃ ॥

૬) શ્રી પદ્મપ્રભ ભગવાન

-: શ્રી પદ્મપ્રભ ભગવાનનું ચૈત્યવંદન :-

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય,
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ૧

ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાળી,
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાળી. ૨

પદ્મવિજય પરમેશ્વરૂ એ, જિનપદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ. ૩

-: શ્રી પદ્મપ્રભ ભગવાનનું સ્તવન :-

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા,
છોડાવો કર્મની ધારા;
કરમ ફંદ તોડવા ધોરી,
પ્રભુજી સે અર્જ હૈ મોરી. પદ્મ.૧

લઘુવય એક થે જીયા,
મુક્તિમેં વાસ તુમ કિયા;
ન જાણી પીડ તેં મોરી,
પ્રભુ અબ ખીંચ લે દોરી. પદ્મ.૨

વિષય સુખ માની મોં મનમેં,
ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી,
નીકળવા ના રહી બારી. પદ્મ.૩

પરવશ દીનતા કીની,
પાપકી પોટ શિર લીની;
ન જાણી ભક્તિ તુમ કેરી,
રહ્યો નિશદિન દુઃખ ઘેરી. પદ્મ.૪

ઈસવિધ વિનતિ તોરી,
કરું મેં દોય કર જોડી,
આતમ આનંદ મુજ દીજે,
"વીર"નું કાજ સબ કીજે. પદ્મ.૫

-: શ્રી પદ્મપ્રભ ભગવાનની સ્તુતિ :-

અઢીશ ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા;
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુર રાયા, મોક્ષ નગરે સિધાયા.
॥ કોશામ્બી તીર્થાધિપતિ શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ॥

૭) શ્રી સુપાર્શ્વનાથ ભગવાન

-: શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ, ટાળ્યો ભવ ફેરો,
પૃથ્વી માત ઉરે જયો, તે નાથ હમેરો. ૧

પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારસી રાય,
વીશ લાખ પૂરવ તણું પ્રભુજીનું આય. ૨

ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર,
પદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર. ૩

-: શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સ્તવન :-

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ-લલના,
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ-લલના. શ્રી.૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના,
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના. શ્રી.૨

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન લલના,
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના. શ્રી.૩

અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિશ્રામ લલના,
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના. શ્રી.૪
વીતરાગ મદ કલ્પના, રતિ-અરતિ ભય સોગ લલના,
નિદ્રા-તંદ્રા દુરદશા, રિહિત અબાધિત યોગ લલના. શ્રી.૫
પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના,
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન લલના. શ્રી.૬
વિધિ વિરંચિ વિશ્વંભરૂ, હૃષીકેશ જગનાથ લલના,
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી.૭
એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના,
જેહ જાણે તેહને કરે, "આનંદઘન" અવતાર લલના. શ્રી.૮

-: શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ :-

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
૬૬ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.
॥ માંડવગઢ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

૮) શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન

-: શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનનું ચૈત્યવંદન :-

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછના દીપતો, ચંદ્રપુરીનો રાય. ૧

દશ લાખ પૂરવ આયખું, દોઢસો ધનુષની દેહ,
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ૨

ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમીએ, પ્રભુ મુજ પાર ઉતાર. ૩

-: શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનનું સ્તવન :-

મુજ ઘટ આવનો રે નાથ,
કરૂણા કટાક્ષે જોઈને,
દાસને કરને સનાથ. મુજ.૧
ચંદ્રપ્રભ જિનરાજીયા,
તુમ વાસ વિષમો દૂર;
મળવા મન અલજો ઘણો,
કિમ આવીયે હજૂર. મુજ.૨
વિરહ વેદના આકરી,
કહી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિ,
તે મારગે જગનાથ. મુજ.૩
તું તો નીરાગી છે પ્રભુ,
પણ વાલહો મુજ જોર,
એક પખી એ પ્રીતડી,
જિમ ચંદ્રમાને ચકોર. મુજ.૪
તુજ સાથે જે પ્રીતડી,
અતિ વિષમ ખાંડાધાર;
પણ તેહના આદર થકી,
તસ ફલ તણો નહિ પાર. મુજ.૫
અમે ભક્તિયોગે આણશું,
મનમંદિરે તુમ આજ;
''વાચક વિમલ'' ના રામશું,
ઘણું રીઝશો મહારાજ. મુજ.૬

-: શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવાનની સ્તુતિ :-

સેવે સુર વૃંદા, જસ ચરણારવિંદા,
અષ્ટમ જિન ચંદા, ચંદવર્ણે સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા.

॥ ચંદ્રપુરી તીર્થાધિપતિ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ ॥

૯) શ્રી સુવિધિનાથ ભગવાન

-: શ્રી સુવિધિનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ૧

આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષ્યની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ૨

ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિનનામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ૩

-: શ્રી સુવિધિનાથ ભગવાનનું સ્તવન :-

તાહરી અજબશી યોગની મુદ્રા રે, લાગે મુને મીઠી રે,
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે.
લોકોત્તરશી જોગની મુદ્રા,
નિરૂપમ આસન સોહે;
સરસ રચિત શુકલધ્યાનની ધારે,
સુરનરના મન મોહે રે. લાગે.૧

ત્રિગડે રતન સિંહાસન બેસી,
ચિહું દિશે ચામર ઢલાવે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે. લાગે.૨

અમૃત ઝરણી મીઠી તુજ વાણી,
જેમ આષાઢો ગાજે;
કાન મારગ થઈ હિયડે પેસી,
સંદેહ મનના ભાંજે રે. લાગે.૩

કોડિગમે ઊભા દરબારે,
જય મંગલ સુર બોલે;
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે,
દીસે ઈમ તૃણ તોલે રે. લાગે.૪

ભેદ લહું નહિ જોગ જુગતિનો,
સુવિધિ જિણંદ બતાવો;
પ્રેમશું "કાન્તિ" કહે કરી કરૂણા,
મુજ મનમંદિર આવો રે. લાગે.૫

-: શ્રી સુવિધિનાથ ભગવાનની સ્તુતિ :-

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જયું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
'સુવિધિ' જિન જેહવો, મોક્ષ દે તતખેવો.

॥ કાકંદી તીર્થાધિપતિ શ્રી સુવિધિનાથાય નમઃ ॥

૧૦) શ્રી શીતલનાથ ભગવાન

-: શ્રી શીતલનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવપુર સાથ. ૧

લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ. ૨

શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહિયે લીલ વિલાસ. ૩

-: શ્રી શિતલનાથ ભગવાનનું સ્તવન :-

(૧)

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું પુષ્પોમાં વાસ;
અલગો ન રહે એક ઘડી રે, સાંભરે શ્વાસોશ્વાસ,
તુજશું રંગ લાગ્યો રંગ લાગ્યો સાતે ધાત, તુજશું રંગ લાગ્યો,
શ્રી જિનરાજ, તુજશું રંગ લાગ્યો, ત્રિભુવનનાથ. તુજશું. ૧

શીતળ સ્વામી જે દિને રે,
દીઠો તુમ દેદાર;
તે દિનથી મન માહરૂં રે,
લાગ્યું તાહરી લાર. તુજશું. ૨

મધુકર ચાહે માલતીને,
ચાહે ચંદ્ર ચકોર;

તિમ મુજને પ્રભુ તાહરી રે,
લાગી લગન અતિ જોર. તુજશું. ૩

ભર્યાં સરોવર ઊલટે રે,
નદિયાં નીર ન માય;
તો પણ યાચે મેઘકું રે,
જિમ ચાતક જગમાંય. તુજશું. ૪

તિમ જગમાંહે તુમ વિના રે,
મુજ મન નાવે રે કોય;
"ઉદય" વદે પદ સેવના રે,
દીજે સન્મુખ જોય. તુજશું. ૫

(૨)

શીતળ જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે ફરી ફરી નાચતા, કિમઈ ન આવ્યો પાર. શી. ૧

લાખ ચોરાશી રે યોનિમાં વળી, લીધાં નવનવ વેષ;
ભમંત ભમંતા રે પુણ્યે પામીઓ, આર્ય માનવ વેષ. શી. ૨

તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેથી સીઝે રે કાજ;
તે પામીને ધર્મ જે નવિ કરે, તે માણસને રે લાજ. શી. ૩

જ્ઞાન દર્શન ચારિત્ર ભલું, જે એહ પામે રે સાર;
તેહ ભવિક જન નિશ્ચય પામશે, વહેલો ભવનો પાર. શી. ૪

તુમ્હ સેવાથી રે સાહિબ પામીઓ, અવિચળ પદવી વાસ;
ઋદ્ધિ કીર્તિ રે અનંતી થાપે, આપે શિવપુર વાસ. શી. ૫

-: શ્રી શીતલનાથ ભગવાનની સ્તુતિ :-

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
સવિ શિવસુખ કામી, પ્રણમીએ શીશ નામી.

॥ કલકત્તા તીર્થાધિપતિ શ્રી શીતલનાથાય નમઃ ॥

૧૧) શ્રી શ્રેયાંસનાથ ભગવાન

-: શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય,
વિષ્ણુ માતા જેહની, એંસી ધનુષની કાય. ૧
વરસ ચોરાસી લાખનું, પાલ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય. ૨
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

-: શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું સ્તવન :-

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી,
આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી,
સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી. ૧
સયલ સંસારી ઈન્દ્રિયરામી,
મુનિગુણ આતમરામી રે;

મુખ્યપણે જે આતમરામી,
તે કેવળ નિઃકામી રે. શ્રી. ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,
તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી. ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ,
દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે,
તો તેહશું રઢ મંડો રે. શ્રી. ૪

શબ્દ અધ્યાતમ અર્થ સુણીને,
નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી,
હાણ ગ્રહણ મતિ ધરજો રે. શ્રી. ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી,
બીજ જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
''આનંદઘન'' મતવાસી રે. શ્રી. ૬

-: શ્રી શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિ :-

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જસ નિકટે આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત.

॥ સિંહપુરી તીર્થાધિપતિ શ્રી શ્રેયાંસનાથાય નમઃ ॥

૧૨) શ્રી વાસુપુજ્યસ્વામી ભગવાન

-: શ્રી વાસુપુજ્યસ્વામી ભગવાનનું ચૈત્યવંદન :-

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧.
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ૨.
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩.

-: શ્રી વાસુપુજ્યસ્વામી ભગવાનનું સ્તવન :-

(૧)

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું,
ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય જિણંદા,
અમે પણ તુમ શું કામણ કરશું,
ભક્તિ ગ્રહી મનઘરમાં ધરશું. સાહિબા. ૧.
મનઘરમાં ધરીયા ઘર શોભા,
દેખત નિત રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભગતે,
યોગી ભાખે અનુભવ યુક્તે. સાહિબા. ૨.
કલેશે વાસિત મન સંસાર,
કલેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,
પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પામ્યા. સાહિબા. ૩.

સાત રાજ અલગા જઈ બેઠા,
પણ ભગતે અમ મનમાં પેઠા;
અલગાને વલગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સાહિબા. ૪.
ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીરનીર પરે તુમશું મળશું,
"વાચક યશ" કહે હેજે હળશું. સાહિબા. ૫.

(૨)

વાસવ વંદિત વંદિએજી, વાસુપૂજ્ય જિનરાય;
માનું અરૂણ વિગ્રહ કર્યોજી, અંતર રિપુ જયકાર.
ગુણાકર અદ્‌ભુત તાહરીરે વાત, સુણતાં હોય સુખ શાંત. ગુણાકર. ૧
અંતર રિપુ ક્રમ જય કર્યોજી, પામ્યો કેવલજ્ઞાન;
શૈલેશી કરણે દહ્યાંજી, શેષ કરમ શુભ ધ્યાન. ગુણાકર. ૨
બંધન છેદાદીક થકીજી, જઈ ફરસ્યો લોકાંત;
જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત. ગુણાકર. ૩
અવગાહના જે મૂળ છેજી, તેહમાં સિદ્ધ અનંત;
તેહથી અસંખ્ય ગુણા હોયેંજી, ફરસિત જિન ભગવંત. ગુણાકર. ૪
અસંખ્ય પ્રદેશ અવગાહનાજી, અસંખ્ય ગુણ તિણે હોય;
જ્યોતિમાં જ્યોતિ મિલ્યા કરેજી, પણ સંકીર્ણ ન કોય. ગુણાકર. ૫
સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર;
અચલ અમલ નિષ્કલંક તુંજી, ચિદાનંદ ભરપૂર. ગુણાકર. ૬
નિજ સ્વરૂપમાંહી રમેજી, ભેળા રહત અનંત;
પદ્મવિજય તે સિદ્ધનુંજી, ઉત્તમ ધ્યાન ધરંત. ગુણાકર. ૭

-: શ્રી વાસુપુજ્યસ્વામી ભગવાનની સ્તુતિ :-

વિશ્વના ઉપકારી, ધર્મના આદિકારી,
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી;
તાર્યા નરનારી, દુઃખ દોહગ હારી,
વાસૂપૂજ્ય નિહારી, નઉં હું નિત્ય વારી.

॥ ચંપાપુરી તીર્થાધિપતિ શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ ॥

13) શ્રી વિમલનાથ ભગવાન

-: શ્રી વિમલનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

કંપિલપુર વિમલપ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર. ૧

લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખ સમુદાય. ૨

વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ૩

-: શ્રી વિમલનાથ ભગવાનનું સ્તવન :-

હો પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો,
રાગદશાથી તું રહે ન્યારો,
હું મન રાગે વાળું;
દ્વેષ રહિત તું સમતા ભીનો,
દ્વેષ મારગ હું ચાલું. હો પ્રભુજી. ૧

મોહ લેશ ફરસ્યો નહીં તુંહી,
મોહ લગન મુજ પ્યારી;

તું અકલંકી કલંકિત હું તો,
એ પણ રહેણી ન્યારી. હો પ્રભુજી. ૨

તું હિ નિરાશી ભાવ પદ રાજે,
હું આશા સંગ વિલુદ્ધો;
તું નિશ્ચલ હું ચલ તું શુદ્ધો,
હું આચરણે ઊંધો. હો પ્રભુજી. ૩

તુજ સ્વભાવથી અવળા મારા,
ચરિત્ર સકળ જગે નાણ્યાં;
એહવા અવગુણ મુજ અતિ ભારી,
ન ઘટે તુજ મુખ આણ્યા. હો પ્રભુજી. ૪

પ્રેમ નવલ જો હોઈ સવાઈ,
વિમલનાથ જિન આગે;
''કાંતિ'' કહે ભવરાન ઊતરતાં,
તો વેળા નવિ લાગે. હો પ્રભુજી. ૫

-: શ્રી વિમલનાથ ભગવાનની સ્તુતિ :-

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિકારો,
યોજન વિસ્તારો, જસ વાણી પ્રસારો,
ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો.

॥ કમ્પિલજી તીર્થાધિપતિ શ્રી વિમલનાથાય નમઃ ॥

૧૪) શ્રી અનંતનાથ ભગવાન

-: શ્રી અનંતનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧

સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર. ૨

લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ૩

-: શ્રી અનંતનાથ ભગવાનનું સ્તવન :-

ધાર તલવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતાં દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર. ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર. ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર. ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાં રાચો. ધાર. ૪

દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કહી,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર. ૫

પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિશ્યું,
ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધાર. ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત ''આનંદઘન'' રાજ પાવે. ધાર. ૭

-: શ્રી અનંતનાથ ભગવાનની સ્તુતિ :-

અનંત અનંત નાણી, જસ મહિમા ગવાણી,
સુર નર તિરિ પ્રાણી, સાંભળે જસ વાણી;
એક વચન સમજ્ઞણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામીઆ સિદ્ધિ રાણી.

॥ સુરત તીર્થાધિપતિ શ્રી અનંતનાથાય નમઃ ॥

૧૫) શ્રી ધર્મનાથ ભગવાન

-: શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજી નમે, ત્રણ ભુવન વિખ્યાત.. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીસ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જસ જગીસ. ૨
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તિણે તુજ પાદ પદ્મતણી, સેવા કરૂં નિરધાર. ૩

-: શ્રી ધર્મનાથ ભગવાનનું સ્તવન :-

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે.
મેં રાગી પ્રભુ થેં છો નીરાગી,
અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહેવો,
તેહમાં તે શી શાબાશી. થાશું. ૧
નીરાગી સેવે કાંઈ હોવે,
ઈમ મનમેં નવિ આણું;
ફળે અચેતન પણ જિમ સુરમણિ,
તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાશું. ૨
ચંદન શીતલતા ઉપજાવે,
અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે,
પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થાશું. ૩

વ્યસન ઉદય જે જલધિ અનુહરે,
શશીને તેહ સંબંધે;
અણસંબંધે કુમુદ અનુહરે,
શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાશું. ૪

દેવ અનેરા તુમથી છોટા,
થેં જગમેં અધિકેરા;
"યશ" કહે ધર્મ જિનેશ્વર ગાશું,
દિલ માન્યા હૈ મેરા. થાશું. ૫

-: શ્રી ધર્મનાથ ભગવાનની સ્તુતિ :-

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી,
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જય ભાગ્યા સટોરી,
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી.

॥ કાવી તીર્થાધિપતિ શ્રી ધર્મનાથાય નમઃ ॥

૧૬) શ્રી શાંતિનાથ ભગવાન

-: શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

શાંતિ જિનેસર સોળમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો. ૧

મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ. ૨

ચાળીશ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

-: શ્રી શાંતિનાથ પ્રભુના સ્તવનો :-

(૧)

(રાગ : એ મેરે વતન કે લોગો)

સુણો શાંતિજિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત. સુણો. ૧
હું તો ક્રોધ કષાયનો ભરિઓ, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરીઓ, તું તો કેવળ કમળા વરીઓ. સુણો. ૨
હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કરમને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ! ભાર ઉતાર્યો. સુણો. ૩
હું તો મોહ તણે વશ પડીઓ, તેં તો સબળા મોહને હણીઓ;
હું તો ભવ સમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવ મંદીરમાં પહોંચ્યો. સુણો. ૪
મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો. ૫
મને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકળ પદારથે પૂરો. સુણો. ૬
મારે તો છે પ્રભુ તુંહી એક, તહારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માન રહિત ભગવાન. સુણો. ૭
માફ કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો. ૮
એકવાર જો નજરે નિરખો, તો કરો મુજને તુજ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો. ૯
ભવો ભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. સુણો. ૧૦

(૨)

મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ ! સલૂણાં !
અચિરાજીના નંદન તોરે, દરિસન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મારો. ૧
દુઃખ ભંજન છે બિરૂદ તમારું, અમને આશ તુમારી;
તુમે નીરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી ? મારો. ૨
કહેશે લોક 'ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;'
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે. મારો. ૩
મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું. મારો. ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મારો. ૫

-: શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિઓ :-

(૧)

(રાગ : શાન્તિ જિનેશ્વર સમરીયે)

શાન્તિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧
પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી,
રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી;
શાન્તિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લી નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨

કનક કમલ પગલાં ઠવે, જગ શાન્તિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતાં રીઝે,
પુષ્કરાવર્તના મેઘમાં, મગશેલ ન ભીંજે. ૩
ક્રોડવદન શૂકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડ વામ પાણિએ, નકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

॥ ભોપાવર તીર્થાધિપતિશ્રી શાંતિનાથાય નમઃ ॥

(૨)

વંદો જિન શાંતિ, જસ સોવન કાંતિ,
ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ,
દ્રવ્ય-ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક-સંતાપ-વાંતિ. ૧
દોય જિનવર નીલા, હોય ધોળા સુશીલા,
દોય રકત રંગીલા, કાઢતાં કર્મ કીલા,
ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા,
સોળ સ્વામિજી પીલા, આપજો મોક્ષલીલા. ૨
જિનવરની વાણી મોહ-વલ્લી કૃપાણી !
સૂત્રે દેવાણી સાધુને યોગ્ય જાણી,
અરથેગુંથાણી દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩
વાગીશ્વરી દેવી હર્ષ હિયડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી,
જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી,
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪

૧૭) શ્રી કુંથુનાથ ભગવાન

-: શ્રી કુંથુનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

કુંથુનાથ કામિત દીએ, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, શૂર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીસ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવે શ્રી જિનરાય. ૩

-: શ્રી કુંથુનાથ ભગવાનનું સ્તવન :-

મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હી ન બાજે
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે હો. કુંથુ.૧
રજની વાસર વસતી ઉજજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો. કુંથુ.૨
મુક્તિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવળે પાસે હો; કુંથુ.૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ-વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી અટકું તો વ્યાલ તણી પરે વાંકું હો; કુંથુ.૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ;
સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ.૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો હો. કુંથુ.૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો. કુંથુ.૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એહિ જ વાત છે મોટી હો. કુંથુ.૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું,
આનંદઘન પ્રભુ ! માહરૂં આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ.૯

-: શ્રી કુંથુનાથ ભગવાનની સ્તુતિ :-

કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ,
તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ,
એહનો તજે સાથ, બાવળ દીએ બાથ,
તરે સુરનર સાથ, જે સુણે એક ગાથ.

॥ હસ્તિનાપુર તીર્થાધિપતિ શ્રી કુંથુનાથાય નમઃ ॥

૧૮) શ્રી અરનાથ ભગવાન

-: શ્રી અરનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ,
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ૧

લંછન નંદાવર્તનું, કાયા ધનુષ ત્રીસ,
સહસ ચોરાસી વરસનું, આયુ જસ જગીશ. ૨

અરૂજ અજર અર જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ,
તસ પદપદ્મ આલંબતાં, લહીયે પદ નિરવાણ. ૩

-: શ્રી અરનાથ ભગવાનનું સ્તવન :-

અરનાથકું સદા મોરી વંદના,
મેરે નાથકું સદા મોરી વંદના.
જગ ઉપકારી ઘન જ્યોં વરસે,
વાણી શીતલ ચંદના. અર.૧

રૂપે રંભા રાણી શ્રી દેવી;
ભૂપ સુદર્શન નંદના. અર.૨

ભાવ ભગતિ શું અહનિશ સેવે,
દુરિત હરે ભવ ફંદના. અર.૩

છ ખંડ સાધી ભીતિ દ્વેધા કીધી,
દુર્જય શત્રુ નિકંદના. અર.૪

''ન્યાયસાગર'' પ્રભુ સેવા-ભેવા,
માગે પરમાનંદના. અર.૫

-: શ્રી અરનાથ ભગવાનની સ્તુતિ :-

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જસ સુવર્ણ કાયા;
નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઈંદ્ર-ઈંદ્રાણી ગાયા.

॥ નાંદિયા તીર્થાધિપતિ શ્રી અરનાથાય નમઃ ॥

૧૯) શ્રી મલ્લિનાથ ભગવાન

-: શ્રી મલ્લિનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ૧

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય;
લંછન કળશ મંગલકરૂ, નિર્મમ નિરમાય. ૨

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ૩

-: શ્રી મલ્લિનાથ ભગવાનનું સ્તવન :-

પ્રભુ મલ્લિ જિણંદ, શાંતિ આપજો,
કાપજો મારા ભવોદધિનાં પાપ રે; દયાળુ દેવા,
પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો. ૧

વીતરાગ દેવને વંદું સદા,
બાળ બ્રહ્મચારી જગ વિખ્યાત રે. દયાળુ. ૨

અચલ અમલ ને અકલ તું,
કષાય મોહ નથી લવ લેશ રે. દયાળુ. ૩

સર્પ ડસ્યો છે મને ક્રોધનો,
રગે રગે વ્યાપ્યું તેનું વિષ રે. દયાળુ. ૪

માન પત્થર સ્તંભ સારીખો,
મને કીધો તેણે જડવાન રે. દયાળુ. ૫

માયા ડાકણ વળગી મને,
આપ વિના કોણ છોડાવનહાર રે. દયાળુ. ૬
લોભ સાગરમાં હું પડ્યો,
ઉભ-ગયો છું ભવ દુઃખ અપાર રે. દયાળુ. ૭
આપ શરણે હવે આવીયો,
રક્ષણ કરો મુજ જગનાથ રે. દયાળુ. ૮
અરજ સ્વીકારી આ દાસની,
''જ્ઞાનવિમળ'' લેજો બાળ હાથ રે. દયાળુ. ૯

-: શ્રી મલ્લિનાથ ભગવાનની સ્તુતિ :-

મલ્લિજિન નમીયે, પૂરવલાં પાપ ગમીયે,
ઈંદ્રિય ગણ દમીયે, આણ જિનની ન ક્રમીયે;
ભવમાં નવિ ભમીયે, સર્વ પરભાવ વમીયે,
નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે.

॥ ભોયણી તીર્થાધિપતિ શ્રી મલ્લિનાથાય નમઃ ॥

૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન

-: શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું ચૈત્યવંદન :-

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન,
પદ્મા માતા જેહની સુમિત્ર નૃપ નંદન. ૧
રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર,
કર્મ નિકાચિત રેણુ વ્રજ, ઊદ્દામ સમીર. ૨
ત્રીસ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર,
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ૩

-: શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું સ્તવન :-

મુનિસુવ્રત મન મોહ્યું મારું, શરણ ગ્રહ્યું મેં તુમારું;
પ્રાતઃ સમય જ્યારે હું જાગું, સ્મરણ કરું છું તુમારું,
હો જિનજી; તુજ મૂરતિ મન હરણી,
ભવસાગર જલ તરણી, હો જિનજી. તુજ.૧

આપ ભરોશો આ જગમાં છે, તારો તો ઘણું સારું,
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો છે મેં તારો,
હો જિનજી. તુજ.૨

ચું ચું ચું ચું ચિડીયા બોલે, ભજન કરે છે તુમારું;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહિં તારું;
હો જિનજી. તુજ.૩

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રુવે ન્યારું,
સુખીઓ સુવે ને દુઃખીઓ રુવે, અકલ ગતિએ વિચારું;
હો જિનજી. તુજ.૪

ખેલ ખલકનો બંધ નાટકનો, કુટુંબ કબીલો હું ધારું;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારું;
હો જિનજી. તુજ.૫

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારું,
"ઉદયરત્ન" એમ જાણી પ્રભુ તારું, શરણ ગ્રહ્યું છે મેં સારું;
હો જિનજી. તુજ.૬

-: શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની સ્તુતિ :-

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જમે;

દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે.

॥ ભરૂચ તીર્થાધિપતિ શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ॥

૨૧) શ્રી નમિનાથ ભગવાન

-: શ્રી નમિનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

મિથિલા નયરી રાજીયો, વપ્રાસુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ૧

નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિગેહ. ૨

દશ હજાર વરસતણું એ, પાળ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ૩

-: શ્રી નમિનાથ ભગવાનનું સ્તવન :-

શ્રી નમિનાથને ચરણે નમતાં,
મન ગમતાં સુખ લહીયે રે;
ભવ-જંગલમાં ભમતાં રહીએ,
કર્મ નિકાચિત દહીએ રે. શ્રી.૧

સમકિત શિવપુરમાંહિ પહોંચાડે,
સમકિત ધરમ આધાર રે;
શ્રી જિનવરની પૂજા કરીએ,
એ સમકિતનો સાર રે. શ્રી.૨

જે સમકિતથી હોય ઉપરાંઠા,
તેના સુખ જાયે નાઠા રે;
જે કહે જિનપૂજા નવિ કીજે,
તેહનું નામ ન લીજે રે. શ્રી.૩

વપ્રારાણીનો સુત પૂજો,
જિમ સંસારે ન ધ્રૂજો રે;
ભવજલતારક કષ્ટ નિવારક,
નહિ કોઈ એહવો દૂજો રે. શ્રી.૪

કીર્તિવિજય ઉવજ્ઝાયનો સેવક,
"વિનય" કહે પ્રભુ સેવો રે;
ત્રણ તત્ત્વ મનમાંહી અવધારી,
વંદો અરિહંત દેવો રે. શ્રી.૫

-: શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ :-

નમીએ નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાહી રેહ;
લહે કેવલ તેહ, સેવના કામ એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ.

॥ નેનાવા તીર્થાધિપતિ શ્રી નમિનાથાય નમઃ ॥

ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.

સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે.

૨૨) શ્રી નેમનાથ ભગવાન

-: શ્રી નેમનાથ ભગવાનનું ચૈત્યવંદન :-

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ૩

-: શ્રી નેમનાથ ભગવાનનું સ્તવન :-

મેં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા;
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુલ આયા,
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા;
જીને તોડી જગતકી માયા. જીને. મેં.૧

રૈવતગિરિ મંડનરાયા, કલ્યાણક તીન સોહાયા;
દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરુદ ધરાયા;
તુમ બેઠે ધ્યાન લગાયા. તુમ. મેં.૨

અબ સુનો ત્રિભુવનરાયા, મેં કર્મો કે વશ આયા;
મેં ચતુર્ગતિ ભટકાયા, મેં દુઃખ અનંતા પાયા;
તે ગિનતી નહિ ગણાયા. તે ગિનતી. મેં.૩

મેં ગર્ભાવાસમેં આયા, ઊંધે મસ્તક લટકાયા;
આહાર અરસ વિરસ ભુક્તાયા, એમ અશુભ કરમ ફલ પાયા,
ઈણ દુઃખસે નાહીં મુકાયા. ઈણ. મેં.૪

નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મીલ આયા;
મુજે ચૌટેમેં લૂટ ખાયા, અબ સાર કરો જિનરાયા;
કિસ કારણ દેર લગાયા. કિસ. મેં.૫

જિણે અંતરગતમેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા;
દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિર સંસારે નહિ આયા.ફિર. મેં.૬

મેં દૂર દૂર દેશસેં આયા, પ્રભુ ચરણે શીષ નમાયા;
મેં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા;
એમ "વીરવીજય" ગુણ ગાયા. એમ. મેં.૭

-: શ્રી નેમનાથ ભગવાનની સ્તુતિઓ :-

(૧)

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવળસિરિ સારી પામિયા ઘાતી વારી. ૧

ત્રણ જ્ઞાન સંયુકતા, માતની કુખે હુંતા,
જનમે પુરહૂંતા આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત ધરંતા, પાંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે. ૩

શાસનસુરી સારી અંબિકા નામ ધારી,
જે સમકિતી નર નારી પાપ સંતાપ વારી;
પ્રભુસેવાકારી જપ જપીએ સવારી,
સંઘદુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

(૨)

(રાગ - શ્રી શત્રુંજય તીરથ સાર)

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈડાનો હાર,
જિનવર નેમકુમાર,
પૂરણ કરૂણારસ ભંડાર, ઉગાર્યાં પશુઆ એ વાર,
સમુદ્રવિજય મલ્હાર;
મોર કરે મધુરો કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર,
સહસ્રગમે સહકાર,
સહસાવનમાં હુઆ અણગાર, પ્રભુજી પામ્યા કેવલ સાર,
પોહોંતા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર,
ચિત્રકુટ વૈભાર,
સોવનગિરિ સમ્મેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર,
જિહાં બાવન વિહાર;
કુંડલ રૂચક ને ઈક્ષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર,
અવર અનેક પ્રકાર,
કુમતિ વયણે મ ભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર,
ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી,
પૂજા જિન પ્રતિમાની,

વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદષ્ટિ અન્નાણી,
છાંડ્યો અવિરતિ જાણી;
શ્રાવકકુલની એ સહિ નાણી, સમકિત આલાવે આખ્યાણી,
સાતમે અંગે વખાણી;
પૂજનીક એ પ્રતિમા અંકાણી, ઈમ અનેક આગમની વાણી,
તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિ મેખલા ઘુઘરીયાલી, પાયે નેઉર રમઝમ ચાલી,
ઉજ્જિંતગિરિ રખવાલી,
અધર લાલ જિસ્યા પરવાલી, કંચનવાન કાયા સુકુમાલી,
કર લહકે અંબડાલી;
વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાલી,
અંબાદેવી મયાલી,
મહિમાએ દશ દિશિ અજુઆલી, ગુરુશ્રી સંઘવિજય સંભાલી,
દિન દિન નિત્ય દીવાલી. ૪

(૩)

(રાગ : મારી આ જીવન નૈયા)

શામલીયા નેમજી પાતલીયા નેમજી,
સૌભાગી નેમજી રંગલા નેમજી;
નેમ હિયે રે વિમાસો,
કાંઈ પડે રે વરાંસો[1] જબ કેશ્યું
જાશો મુજ પડે રે તરાંસો. ૧
નેમ હું તોરી દાસી જુઓ વાત વિમાસી,
ઈમ જાતાં નાશી, જગ થાશે હો હાંસી. ૨
એકવાર પધારો, વિનતિ અવધારો,

મુજ મામ[2] વધારો, પછી વહેલા સીધાવો. ૩
શિવનારી ધૂતારી, સાધારણ નારી,
મુજ કીધી શું વારી, નેમ લીધો ઉગારી. ૪
કહેતા ઈમ વાણી, રાજુલ ઉજાણી,
ભેટ્યો નેમ નાણી, પહોતા નિરવાણી. ૫
કીર્તિવિજય ઉવજઝાયા, લઈ તાસ પસાયા,
નેમજી ગુણ ગાયા, 'વિનયે' સુખ પાયા. ૬

---

૧. પસ્તાવો. ૨. લાજ

॥ ગિરનાથ તીર્થાધિપતિ શ્રી નેમિનાથાય નમઃ ॥

૨૩) શ્રી પાર્શ્વનાથ ભગવાન

-: શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદનો :-

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભયતણાં, પાતક સબ કહીએ. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પારસનામ;
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચલ ઠામ. ૩

(૨)

આશા પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખકરૂં, નવ હાથની કાયા;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આયા. ૨

એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર;
'પદ્મ' કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

-: શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવનો :-

(૧)

આવો આવો પાસજી મુજ મળીયા રે,
મારા મનના મનોરથ ફળીયા; આવો આવો.
તારી મૂરતિ મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે,
તમને મોહી રહ્યા સુરનરનારી. આવો.૧

અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે,
નાગ-નાગણીની જોડ ઉગારી. આવો.૨

ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે છે સેવા રે;
અમને આપોને શિવપુર મેવા. આવો.૩

તમે શિવ રમણીના રસીયા રે, જઈ મોક્ષપુરીમાં વસીયા રે,
મારા હૃદય કમળમાં વસીયા. આવો.૪

જે કોઈ પાર્શ્વતણા ગુણ ગાશે રે; ભવભવનાં પાતિક જાશે રે,
તેનાં સમકિત નિર્મળ થાશે. આવો.૫

પ્રભુ ત્રેવીશમા જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે;
અમને દરિશન દોને દયાળા. આવો.૬

હું તો વળી વળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ 'માણેકવિજય' ગુણ ગાય. આવો.૭

(૨)

દેખી શ્રી પાર્શ્વતણી દેખી શ્રી પાર્શ્વતણી, મૂરતિ અલબેલડી,
ઉજ્જવળ ભયો અવતાર રે,
મોક્ષગામી ભવથી ઉગારજો, શિવગામી ભવથી ઉગારજો, દેખી...૧
મસ્તકે મુગટ સોહે, કાને કુંડળીયા,
ગલે મોતીયન કા હાર રે, મોક્ષગામી ભવથી ઉગારજો, દેખી...૨
પગલે પગલે તારા ગુણો સંભારતાં,
અંતરના વિસરે ઉચાટ રે, મોક્ષગામી ભવથી ઉગારજો, દેખી...૩
આપણા દરિશને આત્મા જગાડ્યો,
જ્ઞાન દીપક પ્રગટાવ રે મોક્ષગામી ભવથી ઉગારજો, દેખી...૪
આત્મા અનંતા પ્રભુ આપે ઉગારીયા,
તારો સેવકને ભવપાર રે; મોક્ષગામી ભવથી ઉગારજો, દેખી...૫

(૩)

અમી ભરેલી

અમી ભરેલી નજરૂં રાખો, શંખેશ્વરના પારસનાથ
દર્શન આપો, દુઃખડા કાપો, શંખેશ્વરના પારસનાથ
ચરણ કમલમાં શીષ નમાવી, દર્શન કરૂં શ્રી પાર્શ્વનાથ રે
દયા કરીને ભકિત દેજો...શંખેશ્વરના પારસનાથ...અમી.
હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઉભો શ્રી પાર્શ્વનાથ રે
આશિષ દેજો, ઉરમાં લેજો... શંખે.
તારે ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો શ્રી પાર્શ્વનાથ રે
બની સૂકાની પાર ઉતારો... શંખે.
ભકતો તમારા કરે વિનંતી, સાંભળજો શ્રી પાર્શ્વનાથ રે
જૈન મંડળની અરજી સુણજો... શંખે.

(૪)

હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતરયામી;
તમને વંદન કરીએ, (૨) શિવ સુખના સ્વામી.
હે શંખેશ્વર સ્વામી. ૧

મારો નિશ્ચય એક જ સ્વામી, બનું તમારો દાસ; (૨)
તારા નામે ચાલે, (૨) મારા શ્વાસોશ્વાસ.
હે શંખેશ્વર સ્વામી. ૨

દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછિતને આપો; (૨)
પાપ અમારા હરજો, (૨) શિવ સુખને દેજો.
હે શંખેશ્વર સ્વામી. ૩

નિશદિન હું માંગું છું સ્વામી, તુમ ચરણે રહેવા; (૨)
ધ્યાન તમારું ધ્યાવું, (૨) સ્વીકારજો સેવા.
હે શંખેશ્વર સ્વામી. ૪

રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને; (૨)
આતમ અનુભવ માંગું, (૨) ભવ દુઃખ ટળવાને.
હે શંખેશ્વર સ્વામી. ૫

કરૂણાના છો સાગર સ્વામી, કૃપા તણા ભંડાર; (૨)
ત્રિભુવનના છો નાયક, (૨) જગના તારણહાર.
હે શંખેશ્વર સ્વામી. ૬

(૫)

મારા શામલા છો

મારા શામલા છો નાથ, પ્યારા પારસજી હો લાલ-૨
વિનંતી કરૂં કર જોડીને
નાગ અગ્નિમાંહેથી ઉગાર્યો,

ફૂંકી મંત્રી ધરણેન્દ્ર બનાવ્યો, તેમ તારી લેને નાથ
પ્રભુ હું છું અનાથ, વિનંતી...
શહેર વારાણસી તારૂં મોટું ધામ છે,
પ્યારા પાર્શ્વ શામલિયા તારૂં નામ છે
કેવો દીપે છે દરબાર આંગી લાલ ગુલાલ, વિનંતી...
અંગે આંગી બની છે સારી, તારે માથે મુગટ છે ભારી
કાને કુંડલનો શણગાર, એવો મારો દીનાનાથ, વિનંતી...
જૈન સેવક આજે ગાવે, ભક્તિ ભાવથી પૂજા ભણાવે
સહુ સાથે મળી નાથ, તને વિનવું છું નાથ, વિનંતી...
મારા શામલા છો નાથ...

(૬)

કોયલ ટહુંકી રહી મધુવનમેં,
પાર્શ્વ શામળીયા બસો મેરે મનમેં;
કાશી દેશ વારાણસી નગરી,
જન્મ લીયો પ્રભુ ક્ષત્રિયકુલમેં...કોયલ.

બાલપણામાં પ્રભુ અદ્‌ભૂત જ્ઞાની,
કમઠકો માન હર્યો એક પલમેં...કોયલ.

નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર,
નાગકું કિયો સુરપતિ એક છીનમેં...કોયલ.

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમ ભીંજ ગયો એક રંગમેં...કોયલ.

સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા,
પાર્શ્વજીકો મહિમા તીન ભુવનમેં...કોયલ.

ઉદયરતનકી એહી અરજ હૈ,
દિલ અટકો તોરા ચરણ કમલમેં...કોયલ.

-: શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિઓ :-

(૧)

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપનાં દેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિરાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે. ૧

વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂરે જિન પતિ,
પાસ ને મલ્લિ ત્રયશત સાથે, બીજા સહસે વ્રતી;
૬૬ શત સાથે સંયમ ધરતા, વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨

જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુર વધૂ ગાવતી. ૩

ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તેબાંહી કચ્છપ વાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાન્તિ પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

(૨)

(રાગ-વીર જિનેશ્વર અતિ અલવેસર)

શ્રી પાસજિણેસર ભુવન દિણેસર, શંખેશ્વરપુર સોહે જી,
ભાવના ચંદન ઘસી ઘણું ભાવે, પૂજંતાં મન મોહે જી;
પુરિસાદાણી વામારાણી, જાયો એહ જિણિંદો જી,
કમઠ શઠ હઠ એહ નિવારી, નાગ કીયો ધરણિંદો જી. ૧

ઋષભાદિક ચોવીશે જિનવર, ભાવ ધરીને વંદો જી,
વર્તમાન જિનમૂર્તિ દેખી, હઈડે હોવે આણંદો જી;
અઢીદ્વીપમાં હુઆ વળી હોસે, જિનવર કરું પ્રણામ જી,
કર્મ ક્ષય કરી મુગતે પોહોંતા, ધ્યાઉં તસ જિન નામ જી. ૨

જિનવર વાણી અમીય સમાણી, સકલ ગુણની ખાણી જી,
અગ્યાર અંગ ને બાર ઉપાંગ જ, ગણધરદેવે ગુંથાણી જી;
જે તે લોકો સુણે રે ભવિકા, હૃદય ઉલટ આણી જી,
ભવોદધિનો પાર ઉતરવા, નાવા રૂડી જાણી જી. ૩

રજનીકરમુખી મૃગલોચની, શ્રીદેવી પદ્માવતી જી,
ઉપદ્રવ હરતી વાંછિત પૂરતી, પાસતણા ગુણ ગાવતી જી;
ચઉવિહ સંઘને રક્ષાકારી પાપ તિમિરને કાપે જી,
દેવવિજય કવિ શિસ તત્ત્વને, વાંછિત તેહ જ આપે જી. ૪

(૩)

(રાગ - આદિ જિનવર રાયા)

શ્રી પાસ જિણંદા, મુખ પુનમ ચંદા,
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા;
લંછન નાગિંદા, જસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખકંદા. ૧
જન્મથી વર ચાર, કર્મ નાસે અગ્યાર,
ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીસ ધાર, પુણ્યના એ પ્રકાર,
નમીએ નર નાર, જેમ સંસાર પાર. ૨
એકાદશ અંગા, તેમ બારે ઉવંગા,
ષટ્ છેદ સુચંગા મૂલ ચારે સુરંગા;

દશ પઈન્ન સુસંગા, સાંભળો થઈ એકંગા,
અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા. ૩
પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો,
અડતાલીસ નસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો,
કહે પદ્મ નિકાસો, વિઘ્નનાં વૃંદ પાસો. ૪

(૪)

શ્રી શંખેશ્વર પુરવર મંડન, પાસ જીનેસર રાજે જી.
ભાવ ધરી ભવિયણ જે ભેટે, તસ ઘર સંપત્તિ છાજે જી,
જસ મુખ નિરૂપમ નૂર નિહાલી, માનું શશધર લાજે જી,
અશ્વસેન નરપતિ કુલ દિનકર, જસ મહિમા જગ ગાજે જી ૧

વર્ધમાન જિનવર ચોવીશે, અરચો ભાવ અપાર જી,
ચંદન કેસર કુસુમ કૃષ્ણાગરૂ, ભેળીમાંહિ ઘનસારજી,
ઈણિ પેરે અરિહંત સેવા કરતાં, મન વાંછિત ફલ સાધેજી,
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, નેહ અહનિશ આરાધેજી ૨

શ્રી જિનવર ભાષિત આદરશે, નિજ ઘર લક્ષ્મી ભરશે જી,
દુસ્તર ભવસાગર તે તરશે, કેવલ કમલા વરશેજી;
દુર્ગતિ દુષ્કૃત દૂરે કરશે, પરમાનંદ અનુસરશે જી,
શ્રી શંખેશ્વર પાસ જિણંદને, જે નર મન માંહી ધરશે જી ૩

શ્રી શંખેશ્વર પાસતણા જે, જે સેવે અહનિશ પાયજી,
ધરણરાજ પઉમાવઈ સામિણી, પેખે પાપ પલાય જી,
શ્રી રાધનપુર સકલ સંઘને, સાંનિધ્ય કરજો માય જી,
શ્રી શુભવિજય સુધી પદ સેવક, જય વિજય ગુણ ગાયજી ૪

॥ શ્રી શંખેશ્વર તીર્થાધિપતિ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

(૫)

પાર્શ્વ પ્રભુનાં ચરણ નમીને, અરજ કરૂં ગુણખાણી;
મિથ્યાદેવીની મૂર્તિ સેવી, સાહિબ તુમ છો જ્ઞાની,
હો પ્રભુજી ! એહવો હું છું અનાથી, સાહિબ તુમે સોભાગી
હો પ્રભુજી! એ. ૧

ગીત અજ્ઞાન નાટકમાં હું ભમિયો, કુગુરુ તણો ઉપદેશ;
રંગભર રાતે ને મદભર માતો, ભમિયો દેશ-વિદેશ.
હો પ્રભુજી! એ. ૨

જિનપ્રસાદમેં જયણા ન કીધી, જીવદયાથી હું નાઠો;
ધર્મ ન જાણ્યો મેં જિનજી તુમારો, હૃદય કર્યો ઘણો કાઠો.
હો પ્રભુજી ! એ. ૩

પરનિંદામાંય રહું પૂરો, પાપ તણો છું હું વાસી;
કહો સાહિબ શી ગતિ હમારી, ધર્મસ્થાનક ગયા નાશી
હો પ્રભુજી ! એ. ૪

ત્રણભુવનમાં ભમતાં ભમતાં, કોઈએ ભાળ બતાવી;
મહાદાતાર જિનેશ્વર મોટા, મહેર વિપુલના વાસી.
હો પ્રભુજી ! એ. ૫

કોઈ એક પુરવ પુન્ય સંયોગે, આરજકુલ અવતરિયો;
પુન્ય સંયોગે જિનવર મળિયા, ભવના ફેરા ટળિયા.
હો પ્રભુજી ! એ. ૬

તે માટે હું અરજ કરીને, આવ્યો છું દુઃખ વાસી;
મિથ્યાદેવની મૂર્તિ મૂકી, ચાકરી કરૂં તુમ ખાસી.
હો પ્રભુજી ! એ. ૭

વામાદેવીના નંદન સુણજો, આતમ અરજ અમારી;
મન મોહ્યું જિનજી તુમ સાથે, તારી મૂરતિ ઉપર જાઉં વારી.
હો પ્રભુજી ! અ. ૮

ઉદયરત્નનો સેવક પભણે, મોઝ માગું ગુણખાણી;
ભવોભવ તુમ ચરણોની સેવા, એહ ઉપર હું રાગી.
હો પ્રભુજી ! એ. ૯

૨૪) શ્રી મહાવીરસ્વામી ભગવાન

-: શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ચૈત્યવંદન :-

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨

ખિમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ૩

-: શ્રી મહાવીરસ્વામી ભગવાનનું સ્તવનો :-

(૧)

સિદ્ધારથના રે નંદન વિનવું,
વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો,
હવે મુજ દાન દેવરાવ;
હવે મુજ પાર ઉતાર. સિદ્ધા. ૧

ત્રણ રતન મુજ આપો તાતજી,
જિમ નાવે રે સંતાપ;
દાન દિયંતા રે પ્રભુ કોસર કિસી ?
આપો પદવી રે આપ. સિદ્ધા. ૨

ચરણ અંગૂઠે ૨ મેરૂ કંપાવીયો,
મોડ્યાં સુરનાં રે માન;
અષ્ટ કરમના રે ઝઘડા જીતવા,
દીધાં વરસી રે દાન. સિદ્ધા. ૩

શાસનનાયક શિવસુખદાયક,
ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દિપાવીઓ,
પ્રભુજી ! તુમે ધન્ય ધન્ય. સિદ્ધા.૪

વાચકશેખર કીર્તિવિજય ગુરુ,
પામી તાસ પસાય;
ધરમતણાં એ જિન ચોવીશમા,
''વિનયવિજય'' ગુણ ગાય. સિદ્ધા.૫

(૨)

વિષ ભરીને વિષધર સૂતો ચડકોશીયા નામે, મહા ભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી જાશોમા પ્રભુ પંથ વિકટ છે. ઝેર ભર્યો એક નાગ નિકટ છે. હાથ જોડી વિનવે વીરને, લોક બધા ભય પામી-મહાભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી, આવી ગંધ જ્યાં માનવ કેરી, ડંખ દીધો ત્યાં થઈને વેરી, કંઈક સમજ તું, કંઈક સમજ એમ કહી કરૂણા આણી મહા ભયંકર, દૂધ વહ્યું જ્યાં પ્રભુના ચરણે, ચંડકોશીયો આવ્યો શરણે, હિંસા અને અહિંસા વચ્ચે, લડાઈ ભીષણ જામી. મહાભયંકર, વેરથી વેર શમે નહિ જગમાં પ્રેમથી પ્રેમ વધે જીવનમાં. પ્રેમ ધર્મનો પરિચય પામી નાગ રહ્યો શીષ નામી-મહાભયંકર.

અમૃત કણીકા

આટલું હોય તો હું મોક્ષની ઈચ્છા કરતો નથી :
આખી સૃષ્ટિ સત્શીલને સેવે, નિયમિત આયુષ્ય, નીરોગી શરીર,
અચળ પ્રેમી-પ્રેમદા, આજ્ઞાંકિત અનુચર, કુળદીપક પુત્ર,
જીવનપર્યંત બાલ્યાવસ્થા, આત્મતત્ત્વનું ચિંતવન,
એમ કોઈ કાળે થવાનું નથી, માટે હું તો મોક્ષને જ ઈચ્છું છું.

(૩)

દીન દુઃખીયાનો તું છે બેલી, તું છે તારણહાર,
તારા મહિમાનો નહિ પાર (૨)
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર,
તારા મહિમાનો નહિ પાર (૨)
ચંડકોશીયો ડસીયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળી
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે,
ચંડકોશીયાને તે તારી, કીધો ઘણો ઉપકાર ...તારા. ૨
કાને ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે ગોવાળનો નહિ વાંક લગારે,
ક્ષમા કરીને તે જીવોને તારી દીધો સંસાર ...તારા. ૩
મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા મૂકી મુજને, હવે નથી જગમાં કોઈ મારે,
પશ્ચાત્તાપ કરતાં કરતાં ઉપજ્યું કેવલજ્ઞાન ...તારા. ૪
જ્ઞાનવિમલ ગુરુ વયણે આજે, ગુણ તમારા ગાવે ભાવે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર કરાવે,
અરજ અમારી દિલમાં ધારી કરીએ વંદન વારંવાર
...તારા મહિમાનો પાર (૨)

(૪)

મહાવીર સુકાની થઈને સંભાળો

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરિયે ડોલતી;
સાચો કિનારો કંઈક બતાવ, તું છે જીવનનો સારથિ
જીવનનૈયા, ભવદરિયે ડોલતી,
આશાની આભમાં અંધારે ઝૂલતી,
વાગે માયાનાં મોજાં અપાર, હાંકું તારા આધારથી ...સાચો.

વૈભવના વાયરા, દિશા ભુલાવતા,
આશાનાં આભલાં, મનને ડોલાવતાં.
તોફાન જાગ્યું છે દરિયા મોઝાર, હોડી હલકારા મારતી. ...સાચો.
ઊંચે છે આભ ને નીચે છે ધરતી,
માન્યો છે એક મેં સાચો તું સારથિ,
જૂઠો જાણ્યો આ સઘળો સંસાર, જીવું હું તારા આધારથી...સાચો.
કાયાની દાંડીનું કાચું છે લાકડું,
તું છે મદારી અને હું છું તારું માંકડું,
દોરી મેં ભક્તિની ઝાલી કિરતાર, નીકળું હું ખોટા સંસારથી...સાચો.
તોફાની સાગરમાં નૈયાને તારજો,
છેલ્લી અમારી પ્રભુ અરજી સ્વીકારજો,
પ્રભુ દર્શન દેજો તત્કાળ, છૂટું હું તારા વિયોગથી ...સાચો.

(૫)

જય જયકર સાહિબ, શાસનપતિ મહાવીર,
માનવ મનરંજન, ભંજન મોહ જંજીર;
દુઃખ દારિદ્ર નાસે, તિહુઅણ જણ કોટીર,
આયુ વર્ષ બહોંતેર, સોવનવર્ણ શરીર. ૧
ઋષભાદિક જિનવર, સોહે જગ ચોવીશ,
વળી તેહના સુંદર, અતિશય વર ચોત્રીશ;
ભવ દવ ભય ભેદક, વાણી ગુણ પાંત્રીશ,
જિન ત્રિભુવન તીરથ, પ્રહ ઊઠી પ્રણમીશ. ૨
પ્રભુ બેસી ત્રિગડે, વીર કરે વખાણ,
દાન શીલ તપ ભાવ, સમજે જાણ અજાણ;
સંસાર તણું જેહ, જાણે સકલ વિન્નાણ,
જિનવાણી સુણતાં, ફલ લાભે કલ્યાણ. ૩

પાય ઝાંઝર ઝમકે, ઘુઘરીનો ઘમકાર,
કટિ મેખલ ખલકે, ઊર એકાવલી હાર;
સિદ્ધાયિકા સેવે, વીર તણો દરબાર,
કવિ તિલકવિજય બુધ, સેવકનો જયકાર. ૪

(૬)

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણતણો આધાર, વીર ઘણું જીવો રે;
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે,
સુણજોને સ્વામી અંતરજામી, વાત કહું શીરનામી રે. જગ. ૧
સુધર્મા દેવલોકે રહેતા, અમો મિથ્યાત્વે ભરાણાં રે;
નાગદેવની પૂજા કરતાં, શીર ન ધરી પ્રભુ આણા રે. જગ. ૨
એક દિન ઈંદ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે;
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે. જગ. ૩
સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે;
ફણિધર ને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાની રે. જગ. ૪
વર્ધમાન તુમ ધૈરજ મોટું, બલમાં પણ નહિ કાચું રે;
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે. જગ. ૫
એકજ મુષ્ઠિ પ્રહારે માર્યું, મિથ્યાત્વ ભાગ્યું જાય રે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે. જગ. ૬
આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તાહરો રે;
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણથકી તું પ્યારો રે. જગ. ૭
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે;
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઈંદ્રસભા ગુણ ગાવે રે. જગ. ૮
પ્રભુ મલપંતા નિજ ઘર આવે, સરખા મિત્ર સોહાવે રે;
શ્રી શુભવીરનું મુખડું નીરખી, માતાજી સુખ પાવે રે. જગ. ૯

-: શ્રી મહાવીરસ્વામી ભગવાનની સ્તુતિ :-

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા,
લંછન મૃગઈંદા, જસ પાયે સોહંસા;
સુર નર વર ઈંદા, નિત્ય સેવા કરંતા,
ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા.

॥ પાવાપુરી તીર્થાધિપતિ શ્રી મહાવીરસ્વામીને નમઃ ॥

卐 ■ 卐

-: શ્રી ચોવિસ તીર્થંકર ભગવાનની સ્તુતિઓ :-

(રાગ :- તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો)

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી
વ્હેતો કીધો સુગમ સઘળો મોક્ષનો માર્ગ જેણે
વંદું હું તે ઋષભજિનને ધર્મધારી પ્રભુને. ૧

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારાં ઠરે છે.
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તારું ધરે છે.
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે.
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે. ૨

જે શાંતિના સુખ સદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિક જનના ચિત્તમાં નિત્ય ગાજે,
દેવેન્દ્રોની પ્રણય ભરતી ભક્તિ જેને જ છાજે,
વંદું તે સંભવજિન તણા પાદપદ્મો હું આજે. ૩

ચોથા આરા રૂપ નભ વિષે દીપતા સૂર્ય જેવા,
ઘાતી કર્મો રૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા,
સાચે ભાવે ભવિક જનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણ યુગલે હું ચાહું નિત્ય રે'વા. ૪

આ સંસારે ભ્રમણ કરતાં શાંતિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યા કુમતિ વશથી મેં બહુ હે મુનિન્દ્ર !
તોયે નાવ્યો ભવ ભ્રમણથી છૂટકારો લગારે,
શાન્તિ દાતા સુમતિજિનજી દેવ છે તું જ મારે. ૫

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવા પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી,
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષનાં આંસુ લાવે,
તે શ્રી પદ્મપ્રભ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે. ૬

આખી પૃથ્વી સુખમય બની આપના જન્મ કાલે
ભવ્યો પૂજે ભય રહિત થઈ આપને પૂર્ણ વ્હાલે,
પામે મુક્તિ ભવ ભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ. ૭

જેવી રીતે શશીકિરણથી ચંદ્રકાન્ત દ્રવે છે.
તેવી રીતે કઠિન હૃદયે હર્ષનો ધોધ વહે છે.
દેખી મૂર્તિ અમૃત ઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભજિન મને આપજો સેવ સારી. ૮

સેવા માટે સુર-નગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિપરે સ્નાત્ર પૂજા રચાવે,
નાટ્યારંભે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિજિનની કોણને ચિત્તે નાવે ? ૯

આધિ વ્યાધિ પ્રમુખ બહુ એ તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલજિનની જાણીને હર્ષ આણી,
નિત્યે સેવે મન વચનને કાયથી પૂર્ણ ભાવે,
કાપી અંતે દુરિતગણને પૂર્ણ આનંદ પાવે. ૧૦

જે હેતુ વિણ વિશ્વનાં દુઃખ હરે ન્હાયા વિના નિર્મળા,
જીતે અંતર શત્રુના સ્વબળથી, દ્વેષાદિથી વેગળા
વાણી મધુરી વદે ભવહરી ગંભીર અર્થે ભરી.
તે શ્રેયાંસ જિણંદના ચરણની ચાહું સદા ચાકરી. ૧૧

જે ભેદાય ન ચક્રથી, ન અસિથી, કે ઈન્દ્રના વજ્રથી
એવાં ગાઢ કુકર્મ તે જિનપતે ! છેદાય છે આપથી
જે શાંતિ નવ થાય ચંદન થકી, તે શાંતિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી, નિત્યે નમું આપને. ૧૨

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલજિનના ધ્યાનથી નષ્ટ થાયે,
પાપો જૂનાં બહુ ભવતણાં અજ્ઞતાથી કરેલાં,
તે માટે હે જિન ! તુજ પદે પંડિતો છે નમેલા. ૧૩

જેઓ મુક્તિનગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ-સંત,
જેની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મારા હૃદયકમળે આવજો શ્રી અનંત. ૧૪

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર,
લાખો યત્નો યદિ જન કરે તો'ય ના તેહ છોડું,
નિત્યે ધર્મપ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું. ૧૫

જાણ્યાં જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે માતાના ગર્ભમાંથી,
ષટ્‌ખંડોને નવનિધિ તથા ચૌદ રત્નો ત્યજીને,
પામ્યા છો જે પરમપદને આપજો તે અમોને. ૧૬

જેહની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે,
જેહની સેવા પ્રણય ભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુજિન ચરણમાં ચિત્ત મારાં ઠરે છે. ૧૭

જે દુઃખોના વિષમ ગિરિઓ વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા સૂર્યની જેમ છેદે.
જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઈન્દ્ર જેવા,
એવી સારી અરજિન મને આપજો આપ સેવા. ૧૮

તાર્યા મિત્રો અતિ રૂપવતી સ્વર્ણની પૂતળીથી,
એવી વસ્તુ પ્રભુ તુજ નથી બોધ ના થાય જેથી
સચ્ચારિત્રે જન મન હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ મને આપજો સેવ સારી. ૧૯

અજ્ઞાનાંધકૃતિ વિનાશ કરવા, જે સૂર્ય જેવા કહ્યાં,
જેણે અષ્ટ પ્રકારનાં કઠિન જે, કર્મો બધાં તે દહ્યાં.
જેની આત્મસ્વભાવમાં રમણતા, જે મુક્તિદાતા સદા,
એવા શ્રી મુનિસુવ્રતેશ નમીએ, જેથી ટળે આપદા. ૨૦

વૈરિવૃંદ નમ્યો પ્રભુ જનકને, ગર્ભ પ્રભાવે કરી,
કીર્તિચંદ્ર કરોજ્જવલાદશદિશિ, આ વિશ્વમાં વિસ્તરી.
આપી બોધ અપૂર્વ આ જગતને, પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે, પામ્યો ખરા ધર્મને. ૨૧

લોભાવે લલના તણા લલિત શું, ત્રિલોકના નાથને,
કંપાવે ગિરિ ભેદી વાયુ લહરી, શું સ્વર્ણના શૈલને,
શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણા, પોકાર ના સાંભળે,
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી, શું શું જગે ના મળે. ૨૨

ધૂણીમાં બળતો દયાનિધિ તમે, જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં, આપી મહામંત્રને,
કીધો શ્રી ધરણેન્દ્રને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને
આપો પાર્શ્વ જિનેન્દ્ર નાશરહિતા, સેવા તમારી મને. ૨૩

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલ નભે, ભાનુ સમા છો વિભુ,
મ્હારા ચિત્તચકોરને જિન તમે, છો પૂર્ણ ચંદ્ર પ્રભુ
પામ્યો છું પશુતા ત્યજી સુરપણું, હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને, પાપી મહા કર્મથી. ૨૪

ચૈત્યવંદનનો સંગ્રહ

એકસો સિત્તેર જિન ચૈત્યવંદન

સોળે જિનવર શામળા, રાતા ત્રીસ વખાણ;
લીલા મરકત મણી સમા, આડત્રીસ ગુણખાણ. ૧
પીળા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખવરણ સોહામણું, પચ્ચાસે સુખકંદ. ૨
સીત્તેર સો જિન વંદિએ, ઉત્કૃષ્ટા સમકાળ;
અજિતનાથ વારે હુવા, વંદુ થઈ ઉજમાળ. ૩
નામ જપંતા જિનતણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતા પરમાત્મનું, પરમ મહોદય થાય ૪
જિનવર નામે જશ ભલો એ, સફળ મનોરથ સાર;
શુદ્ધ પ્રતિતી જિન તણી, શિવ સુખ અનુભવ ધાર. ૫
વૈશાખ શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય;
શમીવૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમનાણ. ૬

સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દિયે મહાવીર;
ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજ્ર હજૂર. ૭
કાર્તિક અમાવાસ્યા દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ;
પ્રભાતે ઈંદ્રભૂતિને, આપ્યું કેવળનાણ. ૮
જ્ઞાનગુણે દીવા કર્યાએ, કાર્તિક કમળા સાર;
'પુણ્યે' મુગતિ વધૂ વર્યા, વરતી મંગળ માળ. ૯

પંચતીર્થના ચૈત્યવંદનો

સુખદાઈ શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો,
ચંપાપુરી શ્રી વાસુપુજ્ય, મુખ પુનમ ચંદો ....૧....
ગિરનારે શ્રી નેમિનાથ, સુખ સુરતરું કંદો,
સમેતશિખરે શ્રી પાર્શ્વનાથ, પૂજી આણંદો ....૨....
અપાપા નયરી વીરજી એ, કલ્યાણક શુભ ઠામ,
રૂપવિજય કહે સાહિબા, એ પાંચે આતમરામ ....૩....

શ્રી ચોવીશ જિનના વર્ણનું ચૈત્યવંદન

પદ્મપ્રભને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિન કંચન સમાએ, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ કહે શિષ્ય. ૩

શ્રી દેરાસર જવાના ફલ વિષે ચૈત્યવંદન

પ્રણમું શ્રી ગુરુરાજ આજ, જિન મંદિર કેરો;
પુન્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો. ૧
દેહરે જવા મન કરે, ચોથ તણું ફલ પામે;
જિનવર જુહારવા ઉઠતાં, છટ્ઠ પોતે આવે. ૨
જવા માંડ્યું જેટલે, અટ્ઠમ મતણાં ફલ જોય;
ડગલું ભરતા જિન ભણી, દશમ તણો ફલ હોય. ૩
જઈસ્યું જિનહર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશ તણું, પુણ્ય ભક્તિ માલંતા. ૪
અર્ધ પંથ જિનવર ભણી, પનરે ઉપવાસ;
દીઠું સ્વામી તણું ભુવન, લહિએ એક માસ. ૫
જિનવર પાસે આવતાં એ, છ માસિ ફલ સિદ્ધ;
આવ્યા જિનવર બારણે, વરસિ તપ ફલ લીધ. ૬
સો વરસ ઉપવાસ, પુન્ય, પ્રદક્ષિણા દેતા;
સહસ વરસ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતા. ૭
ભાવે જિનવર જુહારિએ, ફલ હોવે અનંત;
તેહથી લહીએ સો ગુણો, જો પૂજે ભગવંત. ૮
ફલ ઘણો ફૂલની માલનો, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરા ફલ ભણતાં. ૯
શિર પૂજી પૂજા કરો એ, સુર ધૂપ તણું ધ્યાન;
અક્ષત સાર તે અક્ષય સુખ, દીપે તનુ રૂપ. ૧૦
નિર્મલ તનમન કરીએ, થુંણતા ઈમ જગીશ;
નાટિકભાવનાં ભાવતાં પામે પદવી જગીશ. ૧૧
જિનહર ભક્તિ વલિ એ, પુન્યે પ્રકાશી;
સુણી શ્રી ગુરુ વયણસાર, પુરવ ઋષિએ ભાખી. ૧૨
ટાલવા આઠ કર્મને, જિન મંદિર જસ્યું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થાસ્યું. ૧૩
કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કર જોડ;
સફળ હોજો મુજ વિનંતિ, પ્રભુ સેવાના કોડ. ૧૪

સજઝાયોનો સંગ્રહ

શ્રી ગજસુકુમાલની સજઝાંય

સોના કેરા કાંગરા ને રૂપા કેરા ગઢ રે;
કૃષ્ણજીની દ્વારીકામાં, જોવાની લાગી રઢ રે.
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાર રે, આ પુરાં પુન્યે પામીયા. ૧

નેમિજિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઈ રે;
ગજસુકુમાર વીરા, સાથે બોલાઈ રે. ચિરંજીવો. ૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે. ચિરંજીવો. ૩

ઘેર આવી એમ કહે, રજા દીયો માતા રે;
સંયમ સુખે લહું, જેહથી પામું શાતા રે. ચિરંજીવો. ૪

મુર્છાણી માડી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં આંખે, નથી માતા પાણી રે. ચિરંજીવો. ૫

હૈયાનો હાર વીરા, તજયો કેમ જાય રે;
દેવનો દીધેલો તુમ વિણ, સુખ કેમ થાય રે. ચિરંજીવો. ૬

સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એહવી રે કાયા એક દિન, થાશે ધુળધાણી રે. ચિરંજીવો. ૭

સંયમ ખાંડા ધાર, તેમાં નથી સુખ રે,
બાવીસ પરિષહ જીતવા, છે અતિ દુષ્કર રે. ચિરંજીવો. ૮

દુઃખથી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણે, પાણીનો પરપોટો રે. ચિરંજીવો. ૯

જાદવ કૃષ્ણ એમ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હાજર ઉભાં, છત્ર તુમે ધરો રે. ચિરંજીવો. ૧૦

સોનૈયાના થેલા કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાત્રા વીરા લાવો, દીક્ષા દીયો ભાઈ રે. ચિરંજીવો. ૧૧

રાજપાટ વીરા તુમે, સુખે હવે કરો રે;
દીક્ષા આપો હવે મનિ, છત્ર તુમે ધરો રે. ચિરંજીવો. ૧૨

આજ્ઞા આપી ઓચ્છવ કીધો, સંયમ લીધો આપે રે;
દેવકી કહે ભાઈ, સંયમે ચિત્ત સ્થાપો રે. ચિરંજીવો. ૧૩

મુજને તજીને વીરા, અવર માત મત કીજે રે;
કર્મ ખપાવી ઈહભવે, વહેલી મુક્તિ લીજે રે. ચિરંજીવો. ૧૪

કુંવરે અંતેઉર મેલી, સાધુ વેષ શીદ લીધો રે;
ગુરુ આજ્ઞા લઈને, સ્મશાને કાઉસગ્ગ કીધો રે. ચિરંજીવો. ૧૫

જંગલે જમાઈ જોઈને, સોમીલ સસરા કોપ્યા રે;
ખેરના અંગારા લઈને, મસ્તકે સ્થાપ્યા રે. ચિરંજીવો. ૧૬

મોક્ષપાઘ બંધાવી સસરાને, દોષ નવિ દીધો રે;
વેદના અનંતી સહી, સમતા રસ પીધો રે. ચિરંજીવો. ૧૭

ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાર રે;
કર્મ ખપાવા તુમે, હૈયે ધરી હામ રે. ચિરંજીવો. ૧૮

વિનયવિજય એમ કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જીતી લીધું મન્ન રે. ચિરંજીવો. ૧૯

શ્રી અરણીક મુનિની સજ્ઝાય

મુનિ અરણીક ચાલ્યા ગોચરી રે વનના વાસી,
એનું રવિ તપે રે લલાટ; મુનિવર વૈરાગી. ૧
મુનિ ઉંચા મંદિર કોશ્યાતણા રે વનના વાસી,
જઈ ઉભા રહ્યા ગોખની હેઠ; મુનિવર વૈરાગી. ૨
કોશ્યાએ દાસી મોકલી ઉતાવળી રે વનના વાસી,
પેલા મુનિને અહીં તેડી લાવ; મુનિવર વૈરાગી. ૩
મુનિ મંદિરે તે ચાલ્યા ઉતાવળા રે વનના વાસી,
તિહાં જઈ દીધો ધર્મલાભ; મુનિવર વૈરાગી. ૪
મુનિ પંચરંગી બાંધો પાઘડી રે વનના વાસી,
તમે મેલો ઢળકતા તાર; મુનિવર વૈરાગી. ૫
મુનિ નવા નવા નીત લઉ વારણા રે વનના વાસી,
તમે જમો મોદકના આહાર; મુનિવર વૈરાગી. ૬
મુનિની માતા શેરીએ શોધતી રે વનના વાસી,
ત્યાં જોવા મલ્યા બહુ લોક; મુનિવર વૈરાગી. ૭
કોઈએ દીઠો મારો અરણીકો રે વનના વાસી,
એ તો લેવા ગયા છે આહાર; મુનિવર વૈરાગી. ૮
મુનિ ગોખે બેઠે રમે સોગઠે રે વનના વાસી,
ત્યાં સાંભળ્યો માતાજીનો શોર; મુનિવર વૈરાગી. ૯
મુનિ ગોખેથી હેઠા ઉતર્યા રે વનના વાસી,
જઈ લાગ્યા માતાજીને પાય; મુનિવર વૈરાગી. ૧૦
મુનિ ન કરવાના કામ તમે કર્યા રે વનના વાસી,
તમે થયા ચારિત્રના ચોર; મુનિવર વૈરાગી. ૧૧
અમે શીલા ઉપર જઈ કરશું સંથારો રે વનના વાસી,
અમને ચારિત્ર નહિ રે પળાય; મુનિવર વૈરાગી. ૧૨
મુનિએ શીલા ઉપર જઈ કર્યો સંથારો રે વનના વાસી,
ત્યાં તો ઉપન્યું છે કેવલજ્ઞાન; મુનિવર વૈરાગી. ૧૩
હીરવિજય ગુરુ હીરલો રે વનના વાસી,
ત્યાં તો લબ્ધિવિજય ગુણ ગાય; મુનિવર વૈરાગી. ૧૪

શ્રી જંબૂસ્વામીની સજ્ઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબૂકુમાર નમું, બાળપણે બ્રહ્મચારી રે. ૧
જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ. ૨
માતા કહે સુણ બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણ પણે તરૂણી વરી, છાંડી કેમ છૂટીજે રે. ? માયા. ૩
આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આષાઢ ભૂતિ ભોળાય રે. માયા. ૪
વેશ્યા વશ પડિયા પછી, નંદિષેણ નગીનો રે;
આર્દ્ર દેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે. માયા. ૫
સહસ વરસ સંજમ લીયો, તો હી પાર ન પાયા રે;
કંડરીક કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે. માયા. ૬
મુનિવર શ્રી રહનેમીજી, નેમિસર જિન ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઈ રે. માયા. ૭
દીક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધાર રે;
અરસ નિરસ અન્ન જમવું, સૂવું ડાભ સંથાર રે. માયા. ૮
દીક્ષા છે વચ્છ ! દોહિલી, કહ્યું અમારૂં કીજે રે;
પરણો પનોતા પદ્મણી, અમ મનોરથ પૂરીજે રે. માયા. ૯
જંબૂ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારો રે;
મેઠ મુનિસર મોટકો, શાલિભદ્ર સંભારો રે. જંબૂ. ૧૦
ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધના કીધો રે;
ષટ્‌માસી તપ પારણે, ઢંઢણે કેવળ લીધો રે. જંબૂ. ૧૧
દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડ્યો ઈંદો રે;
પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમાનંદો રે. જંબૂ. ૧૨

એમ અનેક મુનિવર હુઆ, કહેતા પાર ન પાય રે;
અનુમતિ દ્યો મોરી માવડી, ક્ષણ લાખીણો જાય રે. જંબૂ. ૧૩
પાંચસે સત્તાવીશ સાથે, જંબૂ કુમાર પરવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચ્ચરી ભવજલ સાયર તરીયો રે. જંબૂ. ૧૪
જંબૂ ચરમ જ કેવલી, તાસ તણાં ગુણ ગાયા રે;
પંડિત લલિત વિજય તણો, હેત વિજય સુપસાયા રે. જંબૂ. ૧૫

શ્રી ઈલાચીપુત્રની સજ્ઝાય

નામે ઈલાચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર,
નટડી દેખી રે મોહી રહ્યો, નવિ રાખ્યું ઘર સુત્ર;
કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ સ્નેહ વિકાર,
નિજકુલછંડી રે નટ થયો, નાવી શરમ લગાર. કર્મ ન છૂટે રે. ૧
માતાપિતા કહે પુત્રને, નટ નવિ થઈયે રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મિણી, સુખ વિલસો તે સંઘાત. કર્મ ન છૂટે રે. ૨
કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ. કર્મ ન છૂટે રે. ૩
એક પૂર આવ્યો નાચવા રે, ઊંચો વાંશ વિશેષ;
તિહાં રાય જોવાને આવીયો, મલીયા લોક અનેક. કર્મ ન છૂટે રે. ૪
ઢોલ બજાવે રે નટડી, ગાવે કિન્નર સાદ;
પાય પગ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ. કર્મ ન છૂટે રે. ૫
દોય પગ પરીરે પાવડી, વંશ ચઢ્યો ગજ ગેલ;
નોધારો થઈ નાચતો, ખેલે નવા નવા ખેલ. કર્મ ન છૂટે રે. ૬
નટડી રંભા રે સારખી, નયણે દેખે રે જામ;
જો અંતે ઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ. કર્મ ન છૂટે રે. ૭

તવ તિહાં ચિંતે રે ભુપતિ, લુબ્ધો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરૂં મુજ હાથ. કર્મ ન છૂટે રે. ૮
કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર. કર્મ ન છૂટે રે. ૯
દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વંછુ રે રાયનું, રાય વંછે મુજ ઘાત. કર્મ ન છૂટે રે. ૧૦
દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાંહે રે ચિંતવી, ચઢીઓ ચોથી રે વાર. કર્મ ન છૂટે રે. ૧૧
થાલભરી શુદ્ધ મોદકે, પદ્મિણી ઉભેલી બાર;
લ્યો લ્યો કે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ ન છૂટે રે. ૧૨
એમ તિહાં મુનિવર વોરતા, નટે પેખ્યા મહાભાગ્ય;
ધિક્ ધિક્ વિષયારે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય. કર્મ ન છૂટે રે. ૧૩
સંવર ભાવે રે કેવલી, થયો મુનિ કર્મ ખપાય;
કેવલ મહિમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ ન છૂટે રે. ૧૪

વૈરાગ્યની સજ્ઝાય

એક દિવસમાં ક્ષણે ક્ષણે ને, શિરપર ભમે કાળજી;
લઈજાવે જમ જીવડા તિમ, તીતર ઉપર બાજે હો મન પંખીડા,
મન પડે જીમ પિંજરે, સંસાર માયા જાળ હો. મન. ૧
મન આયુષ્યરૂપી જીવ જાણ્યો, ને ધર્મ રૂપી પાળજી;
એવો અવસર જે ચુકશે, તેને જ્ઞાનીએ ગણ્યો ગમાર હો. મન. ૨
અઢી રે હાથનું કપડું લાવીને, શ્રીફળ બાંધ્યા ચારજી;
ખોખરી હાંડીમાં આગ મૂકી, લઈ ચાલ્યા તત્કાલ હો. મન. ૩
જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે ન બાંધી પાળજી;
નીર હતા તે વહી ગયા, પછી હાથ ઘસે શું તાય હો. મન. ૪

મન કાચો રે કુંભ જળે ભર્યો, તેને ફુટતા ન લાગે વારજી;
હંસલો તે ઉડી ગયો, પછી કાયા માટીમાં જાય હો. મન. ૫
હાડ બળે જેમ લાકડું ને, કેશ બળે જેમ ઘાસજી;
કંકુ વર્ણી તારી કાયા બળે, ખોળી બાળે હાડ હો. મન. ૬
ઉંબર લગે સગી સુંદરી ને, શેરી સુધી મા ને બાપજી;
સ્મશાન લગે સગો બાંધવો, પછી કોઈ ન આવે તારી સાથ હો. મન. ૭
માતા રૂવે તારી ઘડી ઘડીને, બેની રૂવે ષટ માસજી;
પ્રિયા રૂવે એક વર્ષ લગે, પછી શોધે ઘરનો વાસ હો. મન. ૮
કોના છોરૂ ને કોના વાછરૂ ને, કોના માને બાપજી;
પ્રાણી જવું એકલા એમ 'વીરવિજય'ની વાણી હો. મન. ૯

卐 ■ 卐

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો. ભમીયો દિવસ ને રાત.
માયાનો બાંધ્યો પ્રાણીઓ, ભમે પરિમલ જાત- ૧.
કુંભ કાચો ને કાયા કારમી, તેહના કરો તે જતન્ન;
વિણસતાં વાર લાગે નહિં, નિર્મળ રાખો રે મન. ભૂલ્યો. ૨
કેહનાં છોરૂ કેહનાં વાછરૂં, કેહના માય ને બાપ;
અંતે રે જવું છે એકલું, સાથે પૂન્ય ને પાપ. ભૂલ્યો. ૩
જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ;
ધન સંચી સંચી રે કાંઈ કરો, કરો દૈવની વેઠ. ભૂલ્યો. ૪
ધંધો કરી ધન મેળવ્યું, લાખ ઉપર ક્રોડ;
મરણની વેલા રે માનવી, લીયો કંદોરો છોડ. ભૂલ્યો. ૫
મૂર્ખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય;
વસ્ત્ર વિના જઈ પોઢવું, લખપતિ લાકડાં માંય. ભૂલ્યો. ૬
ભવસાગર દુઃખ જલે ભર્યો, હવે તરવો છે રે તેહ;
વચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ. ભૂલ્યો. ૭

લખપતિ છત્રપતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતાં, સર્વ થયા બળી રાખ. ભૂલ્યો. ૮
ધમણ ધખંતી રે રહી ગઈ, બુજ ગઈ લાલ અંગાર;
એરણકો ઠબકો મીઠ્યો, ઉઠ ચલ્યો રે લુહાર. ભૂલ્યો. ૯
ઉવટ મારગ ચાલવું, નવું પેલે રે પાર;
આગળ હાટ ન વાણીયો, શંબલ લેજો રે સાર. ભૂલ્યો. ૧૦
પરદેશી પરદેશ મેં, કુણશું કરો રે સ્નેહ;
આવ્યા કાગળ ઉઠ ચાલ્યા, ન ગણે આંધી ને મેહ. ભૂલ્યો. ૧૧
કેઈ ચાલ્યા રે કેઈ ચાલશે, કેઈ ચાલણહાર;
કેઈ બેઠાં બુઢા બાપડા, જાયે નરક મોઝાર. ભૂલ્યો. ૧૨
જે ઘર નોબત વાગતી, થાતાં છત્રીશે રાગ;
ખંડેર જઈ ખાલી પડ્યા, બેસણ લાગ્યા છે કાગ. ભૂલ્યો. ૧૩
ભમરો આવ્યો રે કમલમાં, લેવા પરિમલ પૂર;
કમળ મીંચાયે માંહે રહ્યો, જબ આથમતે સૂર. ભૂલ્યો. ૧૪
રાતનો ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય;
દિવસનો ભૂલ્યો રે માનવી; ફિર ફિર ગોથાં ખાય. ભૂલ્યો. ૧૫
સદ્‌ગુરુ કહે વસ્તુ વોરીયે, જે કાંઈ આવે રે સાથ;
આપણો લાભ ઉગારીયે લેખું સાહિબ હાથ. ભૂલ્યો. ૧૬

ઊંચા તે મંદિર માળીયા, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે જાણે જન્મ્યો જ નહોતો,
એક રે દિવસ એવો આવશે. ૧
મને સબળો જી સાલે, મંત્રી મળ્યા સર્વે કારમાં;
તેનું કંઈ નવ ચાલે. એક. ૨
સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવ નવા વાઘા;
ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક. ૩

ચરૂ કઢાઈઆ અતિ ઘણા, બીજાનું નહિં લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક. ૪
કેના છોરૂ ને કેના વાછરૂ, કેના માયને બાપ;
અંતકાળે જાવું (જીવને) એકલું, સાથે પુણ્ય ને પાપ. એક. ૫
સગી રે નારી એની કામિની, ઉભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે. એક. ૬
વ્હાલાં તે વ્હાલાં શું કરો ? વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલાં તે વનનાં લાકડાં, તે તો સાથે જ બળશે. એક. ૭
નહીં ત્રાપો નહીં તુંબડી, નથી તરવાનો આરો;
ઉદય રતન પ્રભુ ઈમ ભણે, મને પાર ઉતારો. એક. ૮

રહનેમીની સજ્ઝાય

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે, રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે. દેવ.
વરસાદે ભીનાં ચીવર મોકળા કરવા, રાજુલ આવ્યા તેણે ઠામ રે. દેવ. ૧
રૂપે રતિ રે વસ્ત્રે વર્જીત બાળા, દેખી ખેલાણો તેણે કામ રે; દેવ.
દિલડું લોભાણું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે. દેવ. ૨
જાદવ કુળમાં જનજી નેમ નગીનો, વમન કરી છે મુજ ને તેણ રે; દેવ.
બંધવ -તેહના તમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કેણ રે. દેવ. ૩
પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભ બોધી હોય પ્રાય રે; દેવ.
સાધ્વી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છુટકારો કદીય ન થાય રે. દેવ. ૪
અશુચી કાયા રે મળ મૂત્રની ક્યારી, તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ.
હું તે સંયમી તમે મહાવ્રત ધારી, કામે મહાવ્રત જાશો હારી. દેવ. ૫
ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઈચ્છે, નાગ અગંધન કુલના જેમ રે; દેવ.
ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે. દેવ. ૬

એવા રસીલા રાજુલ વયન સુણીને, બુઝયા રહનેમી પ્રભુજી પાસ રે; દેવ.
પાપ આલોયણ કરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. દેવ. ૭
ધન્ય ધન્ય જે નરનારી શિયળને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે; દેવ.
રુપ કહે તેહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહ રે. દેવ. ૮

સંસારના ખોટા સગપણની સજ્ઝાય

સગુ તારૂં કોણ સાચું રે સંસારીયામાં સગુ.
પાપનો તો નાખ્યો પાયો, ઘરમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે, સંસારીયામાં. સગુ. ૧
ફૂડું ફૂડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે, સંસારીયામાં. સગુ. ૨
વિસવાસે વહાલા કીધાં, પ્યાલા ઝેરના પીછા;
પ્રભુને વિસારી દીધા રે. સંસારીયામાં. સગુ. ૩
મન ગમતામાં મહાલ્યો, ચોરને મારગે ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે. સંસારીયામાં. સગુ. ૪
ઘરને ધંધે ઘેરી લીધો, કામીનીયે વશ કીધો;
ઋષભ દાસ કહે દગો દીધો રે. સંસારીયામાં. સગુ. ૫

શ્રી અધ્યાત્મપદ સજ્ઝાય

નાવમાં નદીયાં ડૂબી જાય, મુજ મન અચરિજ થાય;
નાવમાં નદીયા ડૂબી જાય.
કીડી ચાલી સાસરે મેં, સો મણ ચૂરમો સાથ;
હાથી ઘરીયો ગોદમેં, ઉંટ લપેટ્યો જાય. નાવ. ૧
કચ્ચા ઈંડા બોલતાં, બચ્ચા બોલે નાય;
ષડ્દર્શનમેં સંશય પડીયો તો જ મુક્તિ મીલ જાય. નાવ. ૨

એક અચંબો એસો દીઠો, મડદો રોટી ખાય
મુખસે બોલે નહિં, ડગડગ હસતો જાય. નાવ. ૩
બેટી બોલે બાપને વિણ જાયો વર લાય;
વિણજાયો વર ના મિલે તો, મુજ શું ફેરા ખાય. નાવ. ૪
સાસુ કુવારી વહુ પરણેલી, નણદલ ફેરા ખાય;
દેખણવાલી હુલર જાયો, પાડોસણ હુલરાય. નાવ. ૫
એક અચંબો એસો દીઠો, કૂવામાં લાગી આગ;
કચરો કરબટ સબહી બલ ગયો, પણ ઘટ ભરભર જાય. નાવ. ૬
આનંદઘન કહે સુણ ભાઈ સાધુ, એ પદસેં નિરવાણ;
ઈસ પદકા કોઈ અર્થ કરેંગા, શીઘ્ર હોવે કલ્યાણ;
નાવમેં નદીયાં ડૂબી જાય. ૭

અનિત્યસગપણની સજ્ઝાય

કેના રે સગપણ કેની માયા, કેહના સજ્જન સગાઈ રે;
સજ્જન વરગ કોઈ સાથે ન આવે, આવે આપ કમાઈ રે. ૧
મારું મારું સૌ કહે પ્રાણી, ત્હારૂં કોણ સગાઈ રે;
આપ સવારથ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઈ રે. ૨
ચુલણી ઉદરે બ્રહ્મદત્ત આયો, જુઓ માત સગાઈ રે;
પુત્ર મારણને અગ્નિ જ કીધી, લાખનાં ઘર નિપજાઈ રે. ૩
કાષ્ટ પિંજરમાં ઘાલીને મારે, શસ્ત્ર ગ્રહી દોડે ધાઈ રે;
કોણીકે નિજ તાત જ હણીયો, તો કિહાં રહી પુત્ર સગાઈ રે. ૪
ભરત બાહુબળ આપે લડીયા, આયે સજ્જ થાઈ રે;
બાર વરસ સંગ્રામ જ કીધો, તો કિહાં રહી ભ્રાતૃ સગાઈ રે. ૫
ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી, સુધો સમકિત પાઈ રે;
સ્વારથ વિણ સુરકાન્તા નારી, માર્યો પિયુ વિષ પાઈ રે. ૬

નિજ અંગજનાં અંગજ છેદે, જુહો રાહુ કેતુ કમાઈ રે;
સહુ સહુને નિજ સ્વારથ વ્હાલો, કુણ ગુરુ ને કુણ ભાઈ રે. ૭
સુભુમ પરશુરામ જ દોઈ; માંહો માંહે વેર બનાઈ રે;
ક્રોધ કરીને નરકે પહોંચ્યા, તો કિહાં ગઈ તાત સગાઈ રે. ૮
ચાણક્યે તો પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઈ રે;
મરણ પામ્યો ને મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઈ રે. ૯
આપ સ્વાસ્થ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઈ રે;
જમરાજનો તેડો આવ્યો, ટગટગ જોવે ભાઈ રે. ૧૦
સાચો શ્રી જીન ધર્મ સખાઈ, આરાધો લય લાઈ રે,
દેવવિજય કવિનો શિષ્ય ઈણીપરે, કહે તત્ત્વ વિજય સુખ દાઈ રે. ૧૧

મેતારજ મુનીની સજ્ઝાય

શમદમ ગુણના આગરુજી રે, પંચ મહાવ્રત ધાર.
માસક્ષમણને પારણેજી, રાજગૃહિ નગરી મોઝાર.
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. ૧
સોનીને ઘેર આવીયાજી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતો ઉઠીયોજી, વંદે મુનિના પાય. મેતારજ. ૨
આજ ફલ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહકાર;
લ્યો ભિક્ષા છે સુઝતીજી, મોદકતણો એ આહાર. મેતારજ. ૩
કૌંચ જીવ જવલા ચણ્યોજી, વહોરી વલ્યા ઋષિરાય,
સોની મન શંકા થઈ જી, સાધુ તણા એ કાજ. મેતારજ. ૪
રીશ કરી ઋષિનો કહેજી, ધો જવલા મુજ આજ;
વાઘર શિર્ષે વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ. મેતારજ. ૫
ફટ ફટ ફુટે હાંડકાંજી ત્રટ ત્રટ તુટે છે ચામ;
સોનીડે પરિસહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મેતારજ. ૬

એવા પણ મોટા યતિજી, મન ન આણે રે રોષ,
આતમ નિંદે આપણોજી, સોનીનો શો દોષ. મેતારજ. ૭
ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિરે ધર્યાજી, મુગતે ગયા તત્કાળ. મેતારજ. ૮
વાઘણે શરીર વલુરીયું જી, સાધુ સુકોશલ સાર,
કેવલ લહી મુગતે ગયાજી, ઈમ અરણિક અણગાર. મેતારજ. ૯
પાપી પાલક પીલીયાજી, ખંધકસૂરિના રે શિષ્ય,
અંબડ ચેલા સાતશેંજી, નમો નમો તે નિશદિન. મેતારજ. ૧૦
એવા ઋષિ સંભારતાજી, મેતારજ ઋષિરાય,
અંતગડ હુઆ કેવલીજી, વંદે મુનિના પાય. મેતારજ. ૧૧
ભારી કાષ્ઠની સ્ત્રી એ તિહાંજી, લાવી નાંખી તેણીવાર;
ઘબકે પંખી જાગીયોજી, જવલા કાઢ્યા તેણે સાર. મેતારજ. ૧૨
દેખી જવલા વિષ્ટમાંજી, મનમાં લાજ્યો સોનાર,
ઓઘો મુહપત્તિ સાધુનાજી, લેઈ થયો અણગાર. મેતારજ. ૧૩
આતમ તાર્યો આપણોજી, સ્થિર કરી મન વચ કાય;
રાજવિજય રંગે ભણેજી, સાધુ તણી એ સજ્ઝાય. મેતારજ. ૧૪

શ્રી ઘડપણની સજ્ઝાય

ઘડપણ કાં તું આવીયો રે, તુજ કોણ જુએ છે વાટ?
તું સહુને અળખામણો રે, જેમ માકડ ભરી ખાટ રે.
ઘડપણ કોણે મોકલ્યું. ૧
ગતિ ભાગે તું આવતાં રે, ઉદ્યમ ઊઠી રે જાય;
દાંતડલા પણ ખસી પડે રે, લાળ પડે મુખમાંય રે. ઘડપણ. ૨

બળ ભાંગે આંખો તણું રે, શ્રાવણે સુણ્યું નવિ જાય;
તુજ આવે અવગુણ ઘણા રે, વળી ધોળી હોવે રોમરાય રે. ઘડપણ. ૩
કેડ દુઃખે ગુડા રહે રે, મુખમાં શ્વાસ ન માંય;
ગાલે પડે કરચલી રે, રૂપ શરીરનું જાય રે. ઘડપણ. ૪
જીભલડી પણ લડથડે રે, આણ ન માને કોય;
ઘેર સહુને અળખામણો રે, સાર ન પૂછે કોય રે. ઘડપણ. ૫
દીકરા તો નાસી ગયા રે, વહુઓ દીએ છે ગાળ;
દીકરી નાવે ઢુંકડી રે, સબળ પડ્યો છે જંજાળ રે. ઘડપણ. ૬
કાને તો ધાકો પડી રે, સાંભળે નહીંય લગાર;
આંખે તો છાયા વળી રે, એ તો દેખી ન શકે લગાર. ઘડપણ. ૭
ઉંબરો તો ડુંગર થયો રે, પોળ થઈ પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, તમે જુઓ જરાના વેશ રે. ઘડપણ. ૮
ઘડપણમાં વહાલી લાપશી રે, ઘડપણે વહાલી ભીંત;
ઘડપણમાં વહાલી લાકડી રે, તમે જુઓ ઘડપણની રીત રે. ઘડપણ. ૯
ઘડપણ તું અકલ્યાગરો રે, અણ તેડ્યો મા આવીશ;
જોવનિયું જગ વહાલું રે, જતન હું તાસ કરીશ રે. ઘડપણ. ૧૦
ફટ લટ તું અભાગીઆ રે, જોવન તો તું કાલ;
રૂપ રંગને ભાંગતા રે, તું તો મોટો ચંડાલ રે. ઘડપણ. ૧૧
નિસાસે ઉસાસમેં રદિવને દીજીએ ગાળ;
ઘડપણ કાં તું સરજ્યો રે, લાગ્યો માહરે નિલાડ રે. ઘડપણ. ૧૨
ઘડપણ તું સદા વડો રે, હું તુજ કરૂ રે જુહાર;
જે મેં કહી છે વાતડી રે, જાણજે તાસ વિચાર રે. ઘડપણ. ૧૩
કોઈ ન વંછે તુજને રે, તું તો દૂર વસાય;
વિનયવિજય ઉવજ્ઝાયનો રે, રૂપવિજય ગુણ ગાય રે. ઘડપણ. ૧૪

સુકૃતની સજઝાય

જીવડા સુકૃત કરજે સાર, નઈતર સ્વપ્નું છે સંસાર;
પલકતણો નિશ્ચય નથી ને, નથી બાંધી તેં ધર્મની પાળ. જીવડા. ૧
ઊંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર;
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા, તેના બંધ રહ્યા છે બાર. જીવડા. ૨
ઉપર ફૂલડાં ફરહરે ને, બાંધ્યા શ્રીફળ ચાર;
ઠાકઠીક કરી એને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂઠે તે લોકના પોકાર. જીવડા. ૩
શેરી લગે જબ સાથે ચલેંગી, નારી તણો પરિવાર;
કુટુંબ કબીલો પાછો ફરીને, સૌ કરશે ખાનપાન સાર. જીવડા. ૪
સેજ તલાઈ વિના નવિ સુતો, કરતો ઠાઠ હજાર;'
સ્મશાને જઈ ચેહમાં સુવું, ઉપર કાષ્ઠના ભાર. જીવડા. ૫
અગ્નિ મૂકીને અળગા રહેશે, ત્યારે વરસસે અંગે અંગાર;
ખોળી ખોળીને બાળશે, જેમ લોઢું ગાળે લુહાર. જીવડા. ૬
સ્નાન કરીને ચાલીયા, સૌ સાથે મીલી નરનાર;
દશ દિવસ રોઈ રોઈને રહેશે, પછી તે મૂકીયા વિસાર. જીવડા. ૭
એવું જાણી ધર્મ કરી લે, કરી લે, પર ઉપકાર;
'સત્ય' શિયળથી પામી જા જીવડા, શિવતરૂ ફળ સહકાર. જીવડા.૮

卐 ▣ 卐

શ્રી પડિક્કમણાંના ફળની સજઝાય

ગોયમ પૂછે શ્રી મહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે;
પ્રતિક્રમણથી શ્યું ફળ પામીએ રે, શું શું થાયે પ્રાણીને બંધ રે. ગો. ૧
સાંભળો ગોયમ જે કહું પુન્યથી રે, કરણી કરતાં પુન્યનો બંધ રે;
પુન્યથી બીજો અધિકો કો નહિ રે, જેથી થાયે સુખ સંબંધ રે. ગો. ૨
ઈચ્છા પડિક્કમણું કરી પામીએ રે, પ્રાણી પુન્યનો બંધ રે;
પુન્યની કરણી જે ઉવેખશે રે, પરભવે થાશે અંધો અંધ રે. ગો. ૩

પાંચ હજાર ને ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે;
જીવાભિગમ ભગવઈ પન્નવણા રે, મૂકે ભંડારે પુન્યની રેહ રે. ગો. ૪
પાંચ હજાર ને ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાન દેતા થકાં રે, મુહપતિ આપ્યાનું પુન્ય એહ રે. ગો. ૫
દસ હજાર ગોકુલ ગાયો તણી રે, એકે કો દશ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિરવાણ રે. ગો. ૬
તેથી અધિકું ઉત્તમફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ગો. ૭
શ્રી જિનમંદિર અભિનવ શોભતાં રે, શિખરનું ખરચ કરાવે જેહ રે;
એકે કો મંડપ બાવન ચૈત્યનો રે, ચરવલો આપ્યાનું પુન્ય એહ રે. ગો. ૮
માસખમણની તપસ્યા કરે રે, અથવા પંજર કરાવે જેહ રે;
એહવા ક્રોડ પંજર કરતાં થકાં રે, કાંબલિયું આપ્યાનું ફળ એહ રે. ગો. ૯
સહસ અક્યાસી દાનશાળા તણો રે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધ રે;
સ્વામી સંઘાતે ગુરુ સ્થાનકે રે, પ્રવેશ થાએ પુન્યનો બંધ રે. ગો. ૧૦
શ્રી જિન પ્રતિમા સોવનમય કરે રે, સહસ અક્યાસીનો પ્રમાણ રે;
એકેકી પ્રતિમા પાંચશે ધનુષ્યની રે, ઈરિયાવહી પડિક્કમતાં ફલ જાણ રે. ગો. ૧૧
આવશ્યક પન્નવણા જુગતે ગ્રંથમાં રે, ભાખ્યો એ પડિક્કમણાનો સંબંધ રે;
જીવા ભગવઈ આવશ્યક જોઈને રે, સ્વમુખ ભાખે વીરજિણંદ રે. ગો. ૧૨
વાચક જસ કહે શ્રદ્ધા ધરો રે, પાલે શુદ્ધ પડિક્કમણાનો વ્યવહાર રે;
અનુત્તર સમ સુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે. ગો. ૧૩

ક્રોધની સજ્ઝાય

કડવા ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે કડવા... ૧
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય કડવા... ૨

સાધુ ઘણો તપીઓ હતો, ઘરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ કડવા... ૩
આગ ઉઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે કડવા... ૪
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી કડવા... ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી કડવા... ૬

-: શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન :-

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ,
પૂછે શ્રી આદિજિણંદ-સુખકારી રે;
કહીયે તે ભવજલ ઊતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક. ૧

કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક. ૨

ઈમ નિસુણીને ઈહાં આવીયા રે લાલ,
ઘાતી કરમ કર્યાં દૂર તમવારી રે;
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજૂર ભવવારી રે. એક. ૩

ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લા,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક. ૪

દશ વીશ ત્રીશ ચાળીશ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીયેરે લાલ,
જેમ હોય "જ્ઞાન" વિશાલ મનોહારી રે. એક. ૫

-: શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ :-

પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ;
પંચમી ગતિ પહોંચ્યા, મુનિવર ક્રોડા-ક્રોડ,
ઈણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ.

-: શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન :-

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જસ, મહીમાંકે મહંત. ૧

પંચ કોડી સાથે મુણીંદ, અણસણ તિહાં કીધ;
શુકલધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ વર લીધ. ૨

ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. ૩

પ્રભુજી માંગુ તારી પાસ,

(રાગ... તમે દેરાસર એવા રે ગજાવજો...)

પ્રભુજી માંગુ તારી પાસ, મારી પૂરી કરજો આશ.
માંગી માંગી માંગુ છું બસ એટલું.
મને આવતો ભવ એવો આપજો ... ॥૧॥

જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય.
પારણામાં નવકાર સંભળાય જો. મને ॥૨॥

વર્ષ આઠમું જ હોય, પ્રભુ સમોસર્યા હોય.
ઉભંગે વ્યાખ્યાન જવાય જો. મને ॥૩॥

સુણતાં વૈરાગ્ય જ થાય, વળી અનુજ્ઞા મળી જાય.
કોઈ આવે નહીં અંતરાય જો. મને ॥૪॥

પ્રભુ હાથે દીક્ષા થાય, હજારો સાથે લેવાય.
અને ચૌદ પૂરવ ભણાય જો. મને ॥૫॥

જિનકલ્પીપણું હોય, ઉગ્ર અભિગ્રહ હોય.
માસ-માસ ક્ષમણ કરાય જો. મને ॥૬॥

ક્ષપકશ્રેણીએ ચઢાય, ઘાતી કર્મ ખપાય.
કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય જો. મને ॥૭॥

માનવ જન્મ મળી જાય, એવી કરણી કરાય.
અને મુક્તિ પુરીમાં જવાય જો. મને ॥૮॥

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ

જેના સ્મરણથી જીવનના સંકટ બધા દુરે ટળે,
જેના સ્મરણથી મનતણા વાંછીત સહુ આવી મળે,
જેના સ્મરણથી આધિને વ્યાધિ ઉપાધિ ના ટકે,
એવા શ્રી શંખેશ્વર પ્રભુના ચરણમાં પ્રેમે નમું....૧

વિઘ્નો તણા વાદળ ભલે ચોમેર ઘેરાઈ જતાં,
આપત્તિના કંટક ભલે ચોમેર વેરાઈ જતાં,
વિશ્વાસ છે જશ નામથી એ દૂર ફેંકાઈ જતા,
એવા શ્રી શંખેશ્વર પ્રભુના ચરણમાં પ્રેમે નમું....૨

ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં વિખ્યાત મહિમા જેમનો,
અદ્‌ભુત છે દેદાર જેના દર્શનીય આ દેહનો,
લાખો ક્રોડો સુર્ય પણ જસ આગળે ઝાંખા પડે, એવા શ્રી... ૩

ધરણેન્દ્રને પદ્માવતી જેની સદા સેવા કરે,
ભક્તોતણા વાંછીત સઘળા ભક્તિથી પુરા કરે,
ઈન્દ્રો નરેન્દ્રો ને મુનીન્દ્રો જપ કરતા જેમનો એવા શ્રી... ૪

જેના પ્રભાવે જગતના જીવો બધા સુખ પામતા,
જેના ન્હવણથી જાદવોના દુઃખ દુરે ભાગતા,
જેના શરણના સ્પર્શને નિશદિન ભક્તો ઝંખતા, એવા શ્રી... ૫

બે કાને કુંડળ જેના માથે મુગટ બિરાજતો,
ઓખો મર્હી કરૂણા અને નિજ હૈયે હાર બિરાજતો,
દર્શન પ્રભુનું પામી મનનો મોરલો મુજ નાચતો, એવા શ્રી... ૬

ૐ હ્રીઁ પદોને જોડીને શંખેશ્વરાને જે જપે,
ધરણેન્દ્ર પદ્માવતી પુજિત શંખેશ્વરાને જે જપે,
જન્મો જન્મના પાપને સહુ અંતરાયો ત્વરા તુટે, એવા શ્રી... ૭

કલિકાળમાં હાજરાહજુર દેવો તણા તે દેવ છે
ભક્તો તણી ભવ ભાવઠોને ભાંગનારા દેવ છે
મુક્તિ કિરણની જ્યોતિને પ્રગટાવનારા દેવ જે, એવા શ્રીઃ... ૮

પૂ. પ્રેમસૂરિદાદાની અંતિમ આરાધના માટે

એવો અવસર મારો ક્યારે આવશે,
ક્યારે જઈશું જિનવર દેવ હજૂર જો,
આણા શ્રી જિનવરની શિરપર ધારીને,
વિચરશું પરભાવદશાથી દૂર જો. ....એવો.૧

મોહ મહામદ છાક મને મુંઝવે ઘણું,
ઢાંક્યું જેણે જીવતણું છે ભાનજો,
દૂર થશે પડદો ક્યારે એ જીવનો,
પ્રાપ્ત થશે ક્યારે પોતાનું સ્થાન જો. ....એવો. ૨

ભવાભિનંદિતાને પુદ્‌ગલાનંદિતા
દોય દશાનો અનાદિ છે મુજ યોગ જો,
આત્માનંદ દશા અનુભવના યોગથી,
અળગો થાશે ક્યારે એ મારો રોગ જો. .... એવો. ૩

આર્તરૌદ્રયુગ્મ અનાદિકાળનું,
વર્તે છે મુજ આતમમાં બડભાગજો,
ધર્મશુક્લ અગ્નિના અતિશય જોરથી,
ભસ્મીભૂત થશે ક્યારે એ સાવ જો. .... એવો. ૪

આસ્રવ પાંચ અનાદિ શત્રુ જીવના,
હિંસા તેમાં સૌથી મોટી બહેનજો,
મૃષાવાદ ચોરી મૈથુન પરિગ્રહા,
અળગું થાશે ક્યારે એ મોહનું ઘેન જો. .... એવો. ૫

દાન શીયલ તપ ભાવ જિનેશ્વરે ભાખીયા,
મુજને મળશે ક્યારે એનો યોગ જો,

પ્રત્યેક કરણી કરશું જિનવચનો ગ્રહી,
મિટાવશું વળી કર્મતણો કબરોગ જો. .... એવો. ૬

સમવસરણ જિનવરનું જોશું કેઈ પળે
બાર પર્ષદામાં બેસશું કેઈ વાર જો
વાણી શ્રી જિનવરની સુણવા કારણે
શરીરવાણી ને માનસ થશે એક તાર જો. .... એવો. ૭

પ્રવચનમાતા આઠે મુજ માતા થશે,
આણા જિનની કરશે મુજ સહકારજો,
ચરણ કકરણ સિત્તરીઓ સહકારી થશે,
વાસ કરશું સંયમગુણ દરબાર જો. .... એવો. ૮

કેવલજ્ઞાની મનઃપર્યવ ઓહી મુણી,
પૂર્વધરને ગણધર લબ્ધિવંત જો,
ગૌતમસ્વામી સુધર્મા જંબૂ સમા,
મુજને મળશે કયારે એવા સંત જો. .... એવો. ૯

શ્રી જિનવરની પાસે સંયમ આદરી,
કયારેં થઈશું અભ્યંતર અણગાર જો,
મન-વચન-કાયા રત્નત્રયી રટતાં હશે,
અળગા થાશે કયારે દોષ અઢાર જો. .... એવો. ૧૦

ગીતાર્થ ગુરૂવરનું શરણું આદરી,
વિચરશું વિકથા ચારથી દૂર જો,
સર્વકાળ સ્વાધ્યાય સખા થઈને વળી,
ધ્યાતા રહીશું ધર્મધ્યાન ભરપૂર જો. .... એવો. ૧૧

બાહ્ય અભ્યંતર ગ્રંથિ મુજ દૂરે થશે,
પ્રશમસુધાનું કરશું કયારે પાન જો,
સર્વ સંસારી સંયોગો દૂર કરી,
ગિરિ ગૃહામાં રહીશું કબ એકતાન જો. .... એવો. ૧૨

કાલ અનાદિ સંજ્ઞા ચોકી ચારની
અળગી થાશે ક્યારે આતમથી સાવ જો,
નંદન મુનિવર જીવ જિનેશ્વર વીરના,
જેવો તપશું તપ ભવદરિયે નાવ જો. .... એવો. ૧૩

રૂપ ગંધ રસ સ્પર્શ શબ્દના વૃંદનો,
બાહ્ય અભ્યંતર ત્યાગ ક્યારે મુજ થાય જો,
ગજસુકુમાલ સુકોશલ મેતારજ મુનિ,
જેવો થઈને જિતું ચાર કષાય જો. .... એવો. ૧૪

કાકંદી નગરીનો ધન્નો મુનિવર,
ધન્ના શાલી મુનિવર મેઘકુમાર જો,
બાહુબલી ઢંઢણને ખંધક ત્યાગીઆ,
જેવા વ્રત પાળશું નિરતિચાર જો. .... એવો. ૧૫

ક્યારે રહીશું કાઉસગ્ગમાં એકતાનજો,
અપૂર્વકરણ ગુણકાણું ક્યારે પામશું,
ક્ષપણશ્રેણિનો કરશું ક્યારે સ્વાદ જો,
સહજાનંદ સ્વભાવદશા મળશે કદી,
યથાખ્યાતનો મેળવશું આહ્લાદ જો. .... એવો. ૧૭

જન્મ ભલે મુજ જ્યારે જ્યાં ત્યાં જે મળે,
પણ મળજો મુજ અપુનર્બંધક ભાવ જો,
સુખદુઃખને સહેવાની સાચી ધીરતા,
સોડહં પદનું રટન થજો શુભભાવ જો. .... એવો. ૧૮

અનિત્ય અશરણ આદિ બારે ભાવના,
મૈત્રી-પ્રમોદ આદિ ભાવના ચાર જો,
પંચ મહાવ્રત કેરી પચવીશ ભાવના,
ભાવીને ઉતરશું ક્યારે પાર જો. .... એવો. ૧૯

પાંચશો ત્રેશઠ જીવ જિનેશ્વરે ભાખીયા,
ચાર ગતિના છ કાયધારી સર્વ જો,
સુક્ષ્મ બાદર પ્રસને સ્થાવર જીવથી,
ત્રિવિધ ખામણાં કરશું મૂકી ગર્વ જો. .... એવો. ૨૦

મરણ ભવોભવ જિનવરને જપતાં થજો,
સિદ્ધ નિરંજન કેરૂં મળજો ધ્યાન જો,
સૂરિ વાચકને મુનિવરથી નિર્યામણા,
જિનવાણીમાં ચિત્ત રહો એકતાન જો. .... એવો. ૨૧

સિંહ સમો થઈ સંયમ આરાધું સદા,
સત્ય ભાવ મન વચ કાયા મુજ થાય જો,
કપૂર થકી પણ આતમ ઉજ્જવળતા વધે,
ક્ષમા પ્રમુખ દશા ધર્મ મળે સુખદાય જો. .... એવો. ૨૨

જિન ઉત્તમ પદપદ્મ તણી સેવા મળે,
રૂપ નિરખવા રોજ મળે જિનરાજ જો,
શાસન કીર્તિ કસ્તુરી ખુશ્બુ મળે,
ચિન્તામણી સમ મળે મને ગુરૂરાય જો. .... એવો. ૨૩

વીર વીર વીતરાગ પ્રભુના નામનો,
પ્રતિ પ્રદેશે થઈ રહેજો મુજ વાંસ જો,
સિદ્ધ સુખની વાંછા એકજ વાંછા બધી,
મુજ મનમાંથી દૂર થશે તુજ પસાય જો. .... એવો. ૨૪

વિનય ચતુર્વિધ સંઘ કેરો મળજો મને,
ભક્તિ મળજો મુનિવર, શ્રી જિનદેવ જો,
સુંદર શાસન મળજો શ્રીવીતરાગનું,
ભવોભવ મળજો જિનચરણની સેવ જો. .... એવો. ૨૫

- પૂ. ચરણવિજય મ. સાહેબ

-: શ્રી બીજનું ચૈત્યવંદન :-

દુવિધ ધર્મ જિણે ઉપદીશ્યો ચોથા અભિનંદન
બીજે જન્મ્યા તે પ્રભુ ભવ દુઃખ નિકંદન-૧

દુવિધ ધ્યાન તુમે પરિહરો આદરો દોય ધ્યાન
એમ પ્રકાશ્યું સુમતિજીને તે ચવિયા બીજ દીન-૨

દોય બંધન રાગ દ્વેષ તેહને ભવિ તજીએ
મુજ પરે શીતલજીન પરે બીજ દીને જીવ ભજીએ-૩

જીવા જીવ પાદર્થનું કરી નાણ સુનાણ
બીજ દીને વાસુ પુજ્ય પરે લહો કેવલજ્ઞાણ-૪

નિશ્ચયને વ્યવહાર દોય અદકાંતે ન ગ્રહીએ
અરજીન બીજ દીને ચવી એમજીન આગળ કહીયે-૫

વર્તમાન ચોવીશીએ એમ જીનના કલ્યાણ
બીજ દીને કેઈ પામીયા પ્રભુ નાણ અને નિર્વાણ-૬

એમ અનંત ચોવીશીએ હુઆ બહુ કલ્યાણ
જીન ઉત્તમ પદ પક્ષને નમતા અવિચળ સ્થાને-૭

-: શ્રી બીજનું સ્તવન :-

"દોહા"

સરસ વચન રસ વરસતી, સરસ્વતી કળા ભંડાર;
બીજ તણો મહીમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર; ॥૧॥

જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નયરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન; ॥૨॥

શ્રેણીક નામે ભૂપતી, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જીનરાયને, દ્યો ઉપદેશ મહારાય; ॥૩॥

ત્રિગડે બેઠા ત્રિભુવન પતિ, દેશના દીયે જીનરાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જીન હૃદય સોહાય; ॥૪॥

શશિ પ્રગટે જિમ તે દીને, ધન્ય તે દીન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ; ॥૫॥

-: શ્રી બીજની સ્તુતિ :-

(રાગ - શંખેશ્વર પાસજી પૂજીયે)

અનુવાલી તે બીજ સોહાવે રે. ચંદારૂપ અનુપમ ભાવે રે.
ચંદા વિનતડી ચિત ધરજો રે. સીમંધર ને વંદના કહેજો રે. (૧)

વીશ વિહરમાનને વંદો રે. જિન શાસન પૂજી આણદો રે.
ચંદા એટલું કામ મુજ કરજો રે. સિમંધરને વંદણા કહેજો રે. (૨)

સીમંધર જિનની વાણી રે તે તો પીતાં અમીય સમાણી રે.
ચંદા તમે સુણી અમને સુણાવો રે. ભવ સંચિત પાપ ગમાવો રે. (૩)

સીમંધર જિનની સેવા રે. જિન શાસન ભાસન મેવા રે.
ચંદા હોજો સંઘના ત્રાતા રે. જગત ચંદ્ર વિખ્યાતા રે. (૪)

-: શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન :-

ત્રિગડે બેઠા વીરજિન ભાખે ભવિજન આગે;
ત્રિકરણ શું ત્રિહું લોકજન, નિસુણો મન રાગે (૧)

આરાધો ભલી ભાતસેં, પંચમી અન્નુવાળી;
જ્ઞાન આરાધન. કારણે, એહીજ તિથિ નિહાળી. (૨)

જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે; શિવપદ સુખ શ્રીકાર. (૩)

જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન,
લોકલોક પ્રકાશ કર, જ્ઞાન એક પ્રધાન. (૪)

જ્ઞાની શ્વાસો શ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ. (૫)

દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન (૬)

પંચમાસ લઘુ પંચમી, જ્ઞાવજીવ ઉત્કૃષ્ટી;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દ્રષ્ટિ (૭)

એકાવનહી પંચનો એ કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું; ટાળો ભવ ફેરો. (૮)

એમ પંચમી આરાધિયે એ, આણીભાવ અપાર,
વરદત્ત ગુણમંજરી પરે રંગ વિજય લહો સાર. (૯)

-: શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન :-

પંચમી તપ તમે કરો રે પ્રાણી, જિમ પામો નિર્મલ જ્ઞાન રે;
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે. પં.૧
નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે,
મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ કેવલ જ્ઞાન શ્રીકાર રે. પં.૨
મતિ અઠ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકાર રે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદાર રે. પં.૩
ચન્દ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે;
કેવલ જ્ઞાન સમું નહીં કોઈ, લોકાલોક પ્રકાશ રે. પં.૪
પારસનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદ રે,
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. પં.૫

-: શ્રી જ્ઞાનપંચમીની સ્તુતિ :-

(રાગ - શ્રી શત્રુંજય તીરથ સાર)

કારતક શુદિ પંચમી તપ કીજે, ગુરુ મુખથી ઉપવાસ કરીજે,
આગળ જ્ઞાન ભણીજે,
દીપક પંચ પ્રગટ કરી જે, બહુ સુગંધિ ધુપ ધૂપીજે,
સુરભિ કુસુમ પુજીજે,
પંચ વરણના ધાન, ઢોઈજે, વળી પાંચે શ્રી ફળ મુકીજે,
પકવાન પાંચણે ઢોઈજે,
નમો નાણસ્સ પદએહ ગુણીજે, ઉતરાભિમુખ સામા રહીજે,
સહસ દોય ગુણીજે...(૧)

પંચમીનો તપ વિધિશું આરાધો, પાંચે જ્ઞાન સર્વે સાધો,
જસ સૌભાગ્ય જ વધો.
શ્રી નેમ જન્મ કલ્યાણક જાણો વરસે વારૂ એક દિવસ વખાણો,
તપ કરી ચિતમાં આણો;
પાંસઠ માસે તપ પૂરો થાયે, વરદતની પર કષ્ટ પલાયે આગળ,
જ્ઞાન ભણાયે, ગુણ મંજરી,
કુંવરી ગુણ ખાણી તપ કરી હુઈ શિવ ઠકુરાણી,
સુણીએ જીનવર વાણી...(૨)
પાટી પોથી ઠવળી કવળી, કાંબી કાતરને વળી ઘવળી
લેખણ ખડિયા ચવળિ,
સઘળા પાંઠાને રૂમાલ ચાબખી લહકે ઝાક ઝમાળ,
નવકાર વાળી પરવાળ,
કળશ આરતી મંગળ દીવો. વાસ કુંપી ધોતિયા ઘરે વો,
શ્રી જિન બિંબ પુજે વો,
પાંચ પાંચ વસ્તું સર્વે એહ સિદ્ધાંત લખાવી જે ગુણ ગેહ,
કરીએ ઉજમણું ધરી નેહ...(૩)

પાંચમનો તપ એણી પરે કીજે પંચ મહાવ્રત સુણી જે,
લક્ષ્મી લાહો લીજે,
મન વચન કાયા વશ કીજે, દાન સુપાત્રે અધિકો દીજે,
સ્વામીની ભક્તિ કરી જે,
શ્રી નેમનાથની શાસન દેવી, સુરનર નારી જેણે સેવી,
શ્રી સંઘના વિઘન હરેવી,
શ્રી વિશાલ સોમ સૂરી ગણધર બિરાજે
શ્રી દયા વિમળ પંડિત તસ છાજે, શ્રી જસ વિજય અધિક બિરાજે.

-: શ્રી જ્ઞાનપંચમીની સજ્ઝાય :-

શ્રી ગુરુ ચરણ પસાઉલે રે લોલ, પંચમીનો મહિમાય આત્મા;
વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં પાતક જાય આત્મા,
પંચમી તપ પ્રેમે કરો રે લોલ. ૧
મન શુદ્ધે આરાધીએ રે લોલ, તૂટે કર્મ નિદાન આત્મા;
ઈહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન. આત્મા. પં. ૨
સકલ સૂત્ર રચ્યા થકી રે લોલ, ગણધર હુઆ વિખ્યાત આત્મા;
જ્ઞાન મુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત. આત્મા પં. ૩
જે ગુરુ જ્ઞાને દીપતા રે લોલ, તે તરીઆ સંસાર આત્મા;
જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવપાર. આત્મા પં. ૪
અજવાળી પક્ષ પંચમી રે લોલ, કરો ઉપવાસ જગદીશ આત્મા;
ૐ હી નમો નાણસ્સ ગણણું ગણો રે લોલ,
નવકારવાળી વીશ. આત્મા. પં. ૫
પાંચ વરસ એમ કીજીએ રે લોલ, ઉપર વળી પાંચ માસ આત્મા;
યથા શક્તિ કરી ઉજવો રે લોલ,
જેમ હોય મનને ઉલ્લાસ. આત્મા પં. ૬
વરદત્ત ને ગુણમંજરી રે લોલ, તપથી નિર્મળ થાય આત્મા;
કીર્તિ વિજય ઉવજ્ઝાયનો રે લોલ, કાંતિવિજય ગુણ ગાય. આત્મા પં. ૭

-: શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન :-

મહા શુદિ આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ શુદિ આઠમે, સંભવચવિ આયો. (૧)

ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ તે દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ (૨)

માધવ શુદિ આઠમે દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર (૩)

એહીજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી; ન્હવરાવે સુરઈંદ્ર. (૪)

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાઢ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી (૫)

શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તિમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ (૬)

ભાદરવા વદિ આઠમ દિન એ, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ (૭)

-: શ્રી અષ્ટમીનું સ્તવન :-

ઢાળ બીજી

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભલે વાન રે;
ત્રીજા સંભવનું ચ્યવન કલ્યાણ-ભવિજન ! અષ્ટમી તિથિ સેવો રે.
એ છે શિવવધૂ વરવાનો મેવો-ભવિજન. ૧
શ્રી અજિત સુમતિ જિન જન્મોયા રે, અભિનંદન શિવપદ પામ્યા રે,
જિન સાતમા ચ્યવન દીપાવ્યા-ભવિજન. ૨

વીશમા મુનિસુવ્રત સ્વામી રે, તેહનો જન્મ હોય ગુણ ધામી રે;
બાવીસમા ષિવ વિશરામી-ભવિજન. ૩
પારસ જિન મોક્ષ મહંતા રે, ઈત્યાદિક જિન ગુણવંતા રે;
કલ્યાણક મુખ્ય કહંતા-ભવિજન. ૪
શ્રીવીર જિણંદની વાણી રે, નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણખાણી-ભવિજન. ૫
આઠ કર્મ તે દૂર પલાય રે, એથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે;
તેણે કારણ સેવો ચિત્ત, લાય-ભવિજન. ૬
શ્રી ઉદય સાગર સૂરિ રાયા રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાયસાગર જસ ગાયા-ભવિજન. ૭

-: શ્રી અષ્ટમીની સ્તુતિ :-

(રાગ : વીર જીનેસર અતિ અલવેસર)

વીર જીનેસર ભુવન દિનેસર નિરૂપમ જગ ઉપગારીજી
વાસવ વંદિત ભવ નિકંદિત તુમચી જઉં બલીહારીજી
શ્રી મુખ ગૌતમ ગણધર આગે ભાખે તિથી વિચારજી
અષ્ટમી તપ આરાધી પ્રાણી કેઈ પામ્યા ભવપારજી-૧

ચ્યવન કલ્યાણક જન્મને દિક્ષા કેવળ ને નિરવાણજી
અષ્ટમીદિન બહુ જિનનાં જાણો એહવી આગમ વાણજી
અનુભવ સંગી નિજ ગુણ રંગી અષ્ટમીજે આરાધેજી
સુજસ મહોધ્ય કમલ વિમલા મનવાંછિત સુખ સાધેજી-૨

વાણી સુધારસ વરસી વિભુ પાપ તિમિર કરે દૂરજી
ભવિક કમલ પ્રતિ બોધ કહેવા ઉગ્યો સમકિત સૂરજી
અષ્ટમી મહિમા એણી પરે ભાખે જીવનવર જગત દયાળજી
એ તપ આરાધી ભવિ પ્રાણી પામ્યાં ગુણ મણી માલજી-૩

દંડવીર્યાદિ ભૂપ આરાધી અષ્ટમી વિશ્વાવિશજી
અષ્ટ કરમ મલ દૂર કરીને પામ્યાં સિદ્ધ જગીશજી
સિદ્ધાઈદેવી સંકટ ચૂરે વીર શાસન રખવાળીજી
જીન ઉત્તમ અવલંબન કરતાં રત્ન લહે ગુણ માળજી-૪

-: શ્રી અષ્ટમીની સજ્ઝાય:-

અષ્ટ કર્મ ચુરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે;
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે પ્યારે રે. અષ્ટ.૧
અનંતજ્ઞાન દર્શન ધરા રે લાલ, ચોથું વીર્ય અનંત મેરે;
અગુરુ લઘુ સુક્ષ્મ કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે. અષ્ટ.૨
જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ મેરે;
સિદ્ધશિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ મેરે. અષ્ટ.૩
સાદી અનંતા તિહાંડ ઘણાં રે લાલ, સમય સમય તેહ જાય મેરે;
મંદિર માંહી દીપાલિકા રે લાલ, સઘળા તેજ સમાય મેરે. અષ્ટ.૪
માન ભવથી પામીયે રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે;
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ મેરે. અષ્ટ.૫
શ્રી વિજયદેવ પટ્ટધરૂ રે લાલ, શ્રી વિજયસેન સૂરિશ મેરે;
સિદ્ધ થણાં ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે આશીષ મેરે. અષ્ટ.૬

: એકાદશીનું ચૈત્યવંદન :-

આજ ઓચ્છવ થયો ગુજ ઘરે એકાદશી મંડાય
શ્રી જીનનાં ત્રણશે ભલા કલ્યાણક ધર જાણ - ૧

સુરતરૂ સુરમણી સુરઘટ કલ્પાવેલી ફળી મારે
એકાદશી આરાધતાં બોધિ બીજ ચિત્ત ઠોર - ૨

નેમી જીનેસર પૂજતાએ પહોંચે મનનાકોડ
જ્ઞાન વિમલ ગુણથી લહો પ્રણમો બે કરજોડ - ૩

-: શ્રી એકાદશીનું સ્તવન :-

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનતિ ગુણની રાશિ, મલ્લિ જિન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવસુખ દીજે. મલ્લિ.
તમે કરૂણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે,
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ. ૧

પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગના દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે. મલ્લિ. ૨

સુરપતિ સઘળા મળી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે,
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિ. ૩
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે,
સુરપતિ ભગતે નવરાવે. મલ્લિ. ૪

વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલમાલા હૃદય પર ધારે રે,
દુઃખડાં ઈંદ્રાણી ઓવારે. મલ્લિ. ૫

મળ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કરજોડી રે,
ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ. ૬

મૃગશિર શુદિની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે,
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિ. ૭

દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે,
કહે રૂપવિજય સસનેહ. મલ્લિ. ૮

-: શ્રી એકાદશીની સ્તુતિ :-

ગોયમ બોલે ગ્રંથ સંભાળી વર્ધમાન આગળ રઢિયાળી,
વાણી અતિ હી રસાલી,
મૌન અગ્યારસ મહિમા ભાળી, કોણે કીધીને કહો કોણે પાળી,
પ્રશ્ન કરે ટંકશાલી,
કહોને સ્વામી પર્વ પંચાલી, મહિમાં અધિક અધિક સુવિશાલી,
કુણ કહે કહો તુમ ટાલી,
વીર કહે માગશર અનુઆલી, દોઢસો કલ્યાણક નિહાળી,
અગિયારસ કૃષ્ણે પાળી- ૧

નેમિનાથને વારે જાણો કાનુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ સપરાણો,
પરિગ્રહણને આરંભે ભરાણો, એકદીન આતમ કીધો શાણો,
જિન વંદન ઉજાણો,
નેમનાથને કહે હિત આણો, વરસે વારૂ દિવસ વખાણો,
પાળી થાઉં શિવરાણો,
અતિત અનાગત ને વર્તમાન, નેવું જિનના હુઆ કલ્યાણક,
અવરં એહ સમાન- ૨

આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી,
ગણધર દેવ કહાણી,
દોઢસો કલ્યાણકની ખાણી એહ અગ્યારસનો દિન જાણી,
એમ કહે કેવલ નાણી,
પુન્ય પાપ તણી જિહાં કહાણી, સાંભળતાં શુભ લેખ લખાણી,
તેહની સ્વર્ગ નિસાણી,
વિધાપૂરવ ગ્રંથે રચાણી, અંગ ઉપાંગ સુત્રે ગુથાણી,
સુણતા દીએ શિવરાણી- ૩

જિનશાસનમાં જે અધિકારી, દેવ દેવીહોએ સમકિત ધારી,
સાનિધ્ય કરે સંભાળી
ધરમ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી,
જે છે પર ઉપકારી,
વડ મંડણ મહાવીરજી તારી, પાપ પખાલી જિનને જુહારી,
લાલ વિજય હિતકારી,
માતંગજક્ષ સિદ્ધાયિકા સારી, ઓલગ સારે સુર અવતારી,
સંઘના વિઘ્ન નિવારી.- ૪

-: શ્રી એકાદશીની સજ્ઝાય :-

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પુછ્યાનો પડુત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ. ૧

મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ. ૨

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ. ૩

માગશર શુદિ અગીયારસ મોટી, નેવું જિનના નિરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઈ જોઈ હરખો. આજ. ૪

સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીઓ;
પાવકે પુર સઘળું પર-જાળ્યુ, એહનો કાં ન દહીયો. આજ. ૫

આઠ પહોરનો પોસહ કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ. આજ. ૬

ઈર્યાસમિતિ ભાષા ન બોલે, આડું આવળું પેખે;
પડિક્કમણા શું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે. આજ. ૭

કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાંહિ. આજ. ૮

પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. આજ. ૯

એક ઉઠંતી આળસ મોડે, બીજી ઉઘે બેઠી;
નદીઓમાંથી કોઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી. આજ. ૧૦

આઈ બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ સસરો માને માસી, શિખામણ છે સહુને. આજ. ૧૧

ઉદયરતન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોષહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ. ૧૨

-: શ્રી દીવાળી પર્વના ચૈત્યવંદનો :-

(૧)

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા;
સોલ પહોર દીયે દેશના, ભવિ જીવને તાર્યા. ૧

ભૂપ અઢારે ભાવે સુણે, અમૃત જીસી વાણી;
દેશનાદેતાં રયણીએ, પરણ્યા શિવરાણી. ૨

રાય ઉઠી દીવા કરે, અજવાળાને હેતે;
અમાવસ્યા તે કહી વલી દીવાળી કીજે. ૩

મેરૂ થકી આવ્યા ઈંદ્ર, હાથે લેઈ દીવો;
મેરઈયા દિન સફલ કરી, લોક કહે સવિ જીવો. ૪

કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે;
જાપ જપો જિનરાજ પાતિક સવિ છીજે ૫

બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવળજ્ઞાન;
બાર સહસ ગુણણું ગણો, ઘર હોશે ક્રોડ કલ્યાણ. ૬

સુરનર કિન્નર સહુ મલી, ગૌતમને આપે;
ભટ્ટારક પદવી દેઈ, સહુ સાખે થાપે. ૭

જુહારક ભટ્ટારક થકી, લોક કરે જુહાર;
બેને ભાઈ જમાડીયો, નંદિવર્ધન સાર. ૮

ભાઈબીજ તિહાં થકી, વીરતણો અધિકાર;
જયવિજય ગુરુ સંપદા, મુજને દીયો મનોહાર. ૯

(૨)

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી;
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંતસમય વિસારી. ૧

દેવશર્મા પ્રતિબોધવા, મોકલ્યો મુજને સ્વામ;
વિશ્વાસી પ્રભુ વીરજી, છેતર્યો મુજને આમ. ૨

હાં હાં વીર આ શું કર્યું ? ભારતમાં અંધારૂં;
કુમતિ મિથ્યાત્વી વધી જશે, કુણ કરશે અજવાળું. ૩

નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરધાર;
ઈમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુની ધાર. ૪

કોણ વીર ને કોણ તું ? જાણી એહવો વિચાર;
ક્ષપકશ્રેણી આરોહતા, પ્રભુ પામ્યા કેવલ સાર. ૫

વીર પ્રભુ મોક્ષે ગયા એ, દિવાળી દિન જાણ;
ઓચ્છવ રંગ વધામણાં, નામે કલ્યાણ. ૬

-: શ્રી દીવાળી પર્વનું સ્તવન :-

મારે દિવાલી થઈ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકના કાજ, ભવ દુઃખ ખોવાને.
મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે.
ધન્ય અમાવસ્યા ધન્ય દીવાળી, વીર પ્રભુ નિર્વાણ. જિનમુખ. ૧
ચારિત્ર પાળ્યા નિર્મળાને, ટાળ્યા તે વિષય કષાય રે;
એવા મુનિને વંદીએ તો, ઉતારે ભવપાર. જિનમુખ. ૨
બાકુળ વહોર્યા વીરજિને, તારી ચંદનબાળા રે;
કેવળ લઈ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર. જિનમુખ. ૩
એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે,
સમવસરણ દઈ દેશના રે, પ્રભુ તાર્યા નર ને નાર. જિનમુખ. ૪
ચોવીસમા જિનેશ્વરૂંએ, મુકિતતણા દાતાર રે;
કરજોડી કવિ એમ ભણે રે, પ્રભુ ! ભવનો ફેરો ટાળ. જિનમુખ. ૫

(૨)

ધનધન મંગળ આજ સફળ
ઊઠી પ્રભાતે રે ચાલી
આજ મારે દિવાળી અજવાય (૧)
ગાવો ગીત વધાવો ગુરુને મોતીડે થાળ ભરાવો
ચાર ચાર અંગે છત્ર ચડાવો આજ અજરામર
શુંખ પ્રગટાવો રે આજ મારે દિવાળી અજવાળી રે (૨)
આજ તો મારે ધનતેરસ એ ધનરૂડો સારી
ગવરી ગાયના દુધ મંગાવો ધનની પૂજા કરો
રે જ મારે દિવાળી અજવાળી રે (૩)

કાલ તો મારે કાળી ચૌદસ એ ઘન રૂડો
સારો રે આઠ પોરના પૌષધ કીધા પાપ ગયા પ્રગટાવો રે.
આજ મારે દિવાળી (૪)

પુનમની તો પરવ દિવાળી ફરતી જાક જોમાવી
રે ઘરઘરતો દિવલીયા દીસે રાત દિસે રદિયાળી રે
આજ મારે દિવાળી (૫)

અમવસની પોસલી રાતે આઠ કર્મ કર્યા
મહાવીર સ્વામી મોક્ષે પહોરયા ગૌતમ કેવળ જ્ઞાન પહોચ્યા રે.
આજ મારે દિવાળી (૬)

એકમનો તો જાર પટારા એ ઘન રૂડો સારો
કમળ કેકુ ધોળીયાથી કમળ મલ્યા ચોના ઘર
ગૌમને સરકા વખાળો ઘર દીસે રઢીયાળ
આજ મારે દિવાળી (૭)

બીજ તો મારે લાયલા બીજ બેનડી તેડાવો
પાય દડાડા ફેર પન્નોતી હરખે હરખે ગાઓ રે
આજ મારે દિવાળી (૮)

કરો જોળી કરો પોળી કરો સેવ સુવાળી
મોન વીજયના પંડીત બોલ્યા જય જય વાગે તાળી રે.
આજ મારે દિવાળી (૯)

-: શ્રી દીવાળી પર્વની સ્તુતિ :-

શાસનનાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર હરિલંછન જસ ધીર,
જેહના ગૌતમ સ્વામી વજીર, મદન સુભટગંજન વડવીર, સાયર પેરે ગંભીર;
કાર્તિક અમાવસ્યા નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ, દીપક શ્રેણી મંડાણ,
દીવાળી પ્રગટી અભિધાન, પ્રભાત સમે શ્રી ગૌતમજ્ઞાન, વર્ધમાન ઘરો ધ્યાન. ૧

ચોવીશે જિનવર સુખકાર, પરવ દિવાળી અતિ મનોહાર, સકલ પર્વ શણગાર;
મેરાઈયા કરે અધિકાર, 'મહાવીર સર્વજ્ઞાય' પદ સાર, જપીએ દોય હજાર;
મજિઝમ રયણી દેવ વાંદીજે 'મહાવીર પારંગતાય' નમીજે, સહસ તે દોય ગુણીજે;
વળી 'ગૌતમ સર્વજ્ઞાય' નમીજે, પર્વ દીપોચ્છવ ઈણિ પરે કીજે, માનવભવ ફલ લીજે. ૨

અંગ અગ્યાર ને ઉપાંગ બાર, દશ પયન્ના છેદ મૂલ ચાર, નંદી અનુયોગદ્વાર,
છ લાખ ને છત્રીસ હજાર, ચૌદપૂર્વ વિરચે ગણધાર, ત્રિપદીનો વિસ્તાર;
વીર પંચ કલ્યાણક જેહ, કલ્પસુત્રમેં ભાખ્યો તેહ, દીપોચ્છવ ગુણગેહ,
ઉપવાસ છટ્ઠ અટ્ઠમ કરે જેહ, સહસ્સ લાખ કોડિફલ લહે તેહ; શ્રી જિનવાણી એહ. ૩

વીર નિર્વાણ સમે સુર જાણી, આવે ઈંદ્ર અને ઈંદ્રાણી, ભાવ અધિક મન આણી;
હાથ ગ્રહી દીવી નિસિ જાણી, મેરાઈઆ બોલે મુખ વાણી, દીવાળી કહેવાણી;
ઈણિપરે દીપોચ્છવ કરશે પ્રાણી, સકલ સુમંગલકારણ જાણી, લાભવિમલ ગુણખાણી;
વદતિ રત્નવિમલ બ્રહ્માણી, કમલ કમંડલ વીણા પાણી, દ્યો સરસતી વર આણી. ૪

-: શ્રી દીવાળી પર્વની સજઝાય :-

દિવાળી રઢીયાળી પર્વ સોહામણું, પ્રેમ ધરીને આરાધે નર નાર જો;
મન વચન કાયાની સ્થિરતા કેળવી, જીવન જ્યોત જગાવે જયજયકાર જો. ૧

સુરપતિ નરપતિ સેવિત તીર્થપતિ પ્રભુ, સિદ્ધારથ ત્રિશલાદેવીના નંદ જો;
ચોમાસુ છેલ્લું કરવાને પધારીયા, પાવાપુરીમાં ઘરઘર વર્ત્યો આનંદ જો. ૨

ચૌદશ દિવાળીનો છઠ્ઠ તપ આદરી, સમવસરણમાં બેસી શ્રી ભગવાન જો;
સોલ પહોર સુધી આપે મધુરી દેશના, સમવસરણમાં કરવા જગ કલ્યાણ જો. ૩

પંચાવન અધ્યયન પુણ્ય વિપાકના, પંચાવન પાપનો ફલ વિસ્તાર જો;
વણ પૂછ્યા છત્રીશ સવાલો દાખવે, ઉપદેશે આગમનિગમનો સાર જો. ૪

દિવાળીની રાત્રે છેલ્લા પહોરમાં, સ્વાતિ નક્ષત્રે વર્ધમાન ભગવાન જો;
નાગ કરણમાં સર્વાર્થસિદ્ધ મુર્હૂતમાં, કર્મો તોડી પામ્યા પદ નિર્વાણ જો. ૫

મલ્લકી નવ નવ લચ્છવી ગણનાં રાજવી, અહોરત પૌષધ લઈ સાંભળે ધર્મ રસાળ જો;
ભાવ ઉદ્યોત ગયો ને અંધારૂં થયું, એમ એ જાણી પ્રગટાવે દીપમાળ જો. ૬

પડવે પ્રાતઃકાળે ગૌતમ સ્વામીને, પ્રગટ્યું કેવલ તેણે એ પર્વ પ્રધાન જો;
બીજે જમાડ્યાં બહેને નંદીવર્ધનભાઈને, ભાઈબીજનું પર્વ થયું એ પ્રધાન જો. ૭

ત્યારથી પર્વ દિવાળી પ્રગટ્યું વિશ્વમાં, વીર સંભારણું સ્થિર બન્યુ જગમાંય જો;
લોકેલોકાત્તરમાં છે પર્વ એ મોટકું, ઉજવતાં નરનારી સૌ હરખાય જો. ૮

ધર્મી જીવ દિવાળીનો છઠ્ઠ ઉચ્ચરે, દિવાળીનો પોષહ કરે બહુમાન જો;
વીરપ્રભુને વંદન પૂજન જાપથી, ભક્તિભાવે આરાધે એકતાન જો. ૯

શ્રી મહાવીર સર્વજ્ઞ પારંગત પ્રભુ, ગૌતમ સ્વામી સર્વજ્ઞનો કરે જાપ જો;
ૐ હ્રીં શ્રીં પ્રારંભે ને અંતે ઐં નમઃ, માળા વીસ એ કાપે સઘળાં દુઃખ જો. ૧૦

દિવાળીમાં શુદ્ધ તપ જપ જે કરે; લાખ ક્રોડ ફળ પામે તે ઉજમાળ જો;
નવલે વર્ષે ઉત્સવ રંગ વધામણાં, પદ્મ વિજય કહે ઘરઘર મંગળ માળ જો. ૧૧

卐 ▩ 卐

-: શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન :-

વડા કલ્પ પૂરવ દિને, ઘરે કલ્પને લાવો;
રાત્રિ જાગરણ પ્રમુખે કરી, શાસન સોહાવો. ૧

હય ગય રથ શણગારીને, કુંવર લાવો ગુરુ પાસે;
વડાકલ્પ દિન સાંભળો, વીર ચરિત ઉલ્લાસે. ૨

છઠ્ઠ દ્વાદશ તપ કીજીએ, ધરીએ શુભ પરિણામ;
સ્વામિવત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩

જિન ઉત્તમ ગૌતમ પ્રત્યે, કહેજો એકવીશ વાર,
ગુરુ મુખ પદ્મથી સુણીએ, તો પામે ભવ પાર. ૪

-: શ્રી પર્યુષણ પર્વનું સ્તવન :-

સુણજો સાજન સંત, પજુસણ આવ્યા રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે.

વીર જિણેસર અતિ અલવેસર, વાલા મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટા, અવર ન આવે તસ તોલે રે. પજુ. ૧
ચૌપદમાં જેમ કેસરી મોટો, વા. ખગમાં ગરૂડ તે કહીએ રે,
નદીમાંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ. ૨
ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વાલા મારા દેવમાંહે સુર ઈંદ્ર રે,
તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે. પજુ. ૩
દશેરા દિવાલી ને વળી હોળી, વાલા મારા અખાત્રીજ દિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ. ૪
તે માટે તમે અમર પળાવો, વાલા મારા અઠ્ઠાઈ મહોચ્છવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઈ એ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ. ૫
ઢોલ દદામાં ભેરી નફેરી, વાલા મારા કલ્પ સૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોલી મલી આવો રે. પજુ. ૬
સોના રૂપાને ફૂલડે વધાવો, વાલા મારા કલ્પ સૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રૂજે રે. પજુ. ૭
એમ અઠ્ઠાઇ મહોચ્છવ કરતાં, વાલા મારા બહુ જન જગ ઉદ્ધરિયા રે;
વિબુધ વિમલ વર સેવક એહથી, નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરિયા રે. પજુ. ૮

-: શ્રી પર્યુષણ પર્વની સ્તુતિઓ :-

(૧)

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધે ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણે ધર્મસારથીપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપનપાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિઉડા પૂરો જગીશજી. ૨
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય ન-મીજેજી,
વરશી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સયલ ખામીજેજી,
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાનસુધારસ પીજેજી. ૩
તિરથમાં વિમલાચલ ગિરિમાં, મેરૂ મહીધર જેમજી,
મુનિવરમાંહિ જિનવર મોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સાહમ્મીવચ્છલ્લ, બહુ પકવાન વડાઈજી,
ખીમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈજી. ૪

(૨)

(રાગ - શ્રી શત્રુંજય તીરથ સાર)

વરસ દિવસમાં અષાઢ ચોમાસ, તેહમાં વલી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ,
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, આઈધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ,
વડાકલ્પનો છટ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે,
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિનેસર રાય. ૧

બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીર તણો પરિવાર,
ત્રીજે દિન શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમીસરનો અવદાત,
વળી નવભવની વાત,

ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ,
ધવલ મંગલ ગીતગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત અનુસરીએ,
અટ્ઠમ તપ જય વરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો,
સંવત્સરીદિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારસા સૂત્ર સુણાય;
થિરાવલીને સામાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નર નારી,
આગમસૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તર ભેદી જિન પૂજા રચાવો, નાટકકેરા ખેલ ખેલાવો.
વિધિશું સ્નાત્ર ભણાવો,
આડંબરસું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુન્યભંડાર ભરીજે,
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરુ ઉદાર,
જિણંદસાગર જયકાર. ૪

(૩)

(રાગ - વીર જિનેશ્વર અતિ અલવેસર)

સત્તર ભેદી જિનપૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજે જી,
ઢોલ દદામા ભેરી નફેરી, ઝલ્લરી નાદ સુણીજે જી;
વીરજિન આગે ભાવના ભાવી, માનવભવ ફળ લીજે જી,
પર્વ પજુસણ પૂરવ પુણ્યે, આવ્યા એમ જાણીજે જી. ૧

માસ પાસ વળી દસમ દુવાલસ, ચત્તારી અટ્ઠ કીજે જી,
ઉપર વળી દસ દોય કરીને, જિન ચોવીશે પૂજીજે જી;
વડા કલ્પનો છટ્ઠ કરીને, વીર વખાણ, સુણીજે જી,
પડવે ને દિન જન્મ મહોત્સવ, ધવલ મંગલ વરતીજે જી. ૨

આઠ દિવસ લગે અમર પળાવી, અટ્ઠમનો તપ કીજે જી,
નાગકેતુની પરે કેવલ લહીએ, જો શુભ ભાવે રહીએ જી;
તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધરવાદ વદીજે જી,
પાસ નેમિસર અંતર ત્રીજે, ઋષભચરિત્ર સુણીજે જી. ૩

બારસાસૂત્ર ને સામાચારી, સંવત્સરી પડિક્કમીએ જી,
ચૈત્યપ્રવાડી વિધિસું કીજે, સકલ જંતું ખામીજે જી;
પારણાને દિન સાહમિવત્સલ, કીજે અધિક વડાઈ જી,
માનવિજય કહે સકલ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈ જી. ૪

(૪)

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,
પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ,
એ પર્વ સર્વમાં, જેમ તારામાં ચંદ. ૧

નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરુ મુખ અધિકી લીજે,
દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર. ૨

જે ત્રિકરણે શુદ્ધે, આરાધે નવ વાર,
ભવ સાત આઠ અવ, શેષ તાસ સંસાર,
સહુ સૂત્ર શિરોમણી, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને, સફલ કરો અવતાર. ૩

સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે,
કરી સાહમ્મિવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઈ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ,
ઈમ કરતાં સંઘને, શાસન દેવ સહાઈ. ૪

-: શ્રી પર્યુષણ પર્વની સજ્ઝાય :-

પર્વ પજુસણ આવીયા, આનંદ અંગ ન માય રે,
ઘર ઘર ઉત્સવ અતિ ઘણાં, શ્રી સંઘ આવે ને જાય રે,
પર્વ પજુસણ આવીયા. ૧

જીવ અમારિ પલાવીએ, કીજીયે વ્રત પચ્ચક્ખાણ રે;
ભાવ ધરી ગુરુ વંદીયે, સુણીયે સૂત્ર વખાણ રે; પર્વ.૨
આઠ દિવસ એમ પાલીયે, આરંભનો પરિહારો રે;
ન્હાવણ ધોવણ ખંડણ, લીંપણ પીસણ વારો રે. પર્વ.૩
શક્તિ હોય તો પચ્ચક્ખીએ, અઠ્ઠાઈ અતિ સારો રે;
પરમભક્તિ પ્રીતે વહોરાવીએ, સાધુને ચાર આહારો રે. પર્વ.૪
ગાય સોહાગણ સર્વ મલી, ધવલ મંગલ ગીત રે;
પકવાન્નો કરી પોષિયે, પારણે સાહમ્મિ મન પ્રીતરે. પર્વ.૫
સત્તર ભેદી પૂજા રચી, પૂજો શ્રી જિનરાય રે;
આગળ ભાવના ભાવીયે, પાતક મલ ધોવાય રે. પર્વ.૬
લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણા માંડી રે;
શિર વિલેપન કીજીયે; આલસ અંગથી છાંડી. પર્વ.૭
ગજ ગતિ ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહુંલી, મોતીયે ચોક પૂરાવે રે. પર્વ.૮
કૃપા મહોર પ્રભાવના, કરીયે તવ સુખકારી રે;
શ્રી ક્ષમાવિજય કવિરાયનો, લઘુ માણેક વિજય જયકારી રે. પર્વ.૯



-: શ્રી નવપદજીનું ચૈત્યવંદન :-

પહેલે પદ અરિહંતના, ગુણ ગાઉં નિત્યે;
બીજે સિદ્ધ તણા ઘણા, સમરો એક ચિત્તે. ૧

આચારજ ત્રીજે પદે, પ્રણમો બિહું કર જોડી;
નમીએ શ્રી ઉવજ્ઝાયને, ચોથે મદ મોડી. ૨

પંચમ પદ સર્વ સાધુનું નમતાં ન આણો લાજ;
એ પરમેષ્ઠી પંચને, ધ્યાને અવિચલ રાજ. ૩

દંસણ શંકાદિક રહિત, પદ છઠ્ઠે ધારો;
સર્વનાણપદ સાતમે, ક્ષણ એક ન વિસારો. ૪

ચારિત્ર ચોખું ચિત્તથી, પદ અષ્ટમ જપીયે;
સકળ ભેદ બિચ દાન-ફળ-તપ નવમે તપીયે. ૫

એ સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વાંછિત કોડ;
સુમતિવિજય કવિરાયનો, રામ કહે કર જોડ. ૬

-: શ્રી નવપદજીનું સ્તવન :-

નવપદ ધરજો ધ્યાન ભવિ તુમે ! નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરતાં,
પામે જીવ વિશ્રામ. ભવિ.૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક,
સાધુ સકળ ગુણખાણ. ભવિ.૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ,
તપ તપો બહુમાન. ભવિ.૩
આસો ચૈત્રની સુદી સાતમથી,
પૂનમ લગી પ્રમાણ. ભવિ.૪

એક એકાશી આંબિલ કીજે,
વરસ સાડા ચારનું માણ. ભવિ.૫
પડિકમણાં દોય ટંકના કીજે,
પડિલેહણ બે વાર. ભવિ.૬
દેવવંદન ત્રણ ટંકના કીજે,
દેવ પૂજો ત્રિકાળ. ભવિ.૭
બાર આઠ છત્રીસ પચવીશનો,
સત્તાવીસ સડસઠ સાર. ભવિ.૮
એકાવન સિત્તેર પચાસનો,
કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભવિ.૯
એક એક પદનું ગણણું નિત્યે,
ગણીએ દોય હજાર. ભવિ.૧૦
ઈણ વિધિ જે એ તપ આરાધે,
તે પામે ભવપાર.ભવિ.૧૧
કર જોડી સેવક ગુણ ગાવે,
મોહન ગુણ મણિમાળ. ભવિ.૧૨
તાસ શિષ્ય મુનિ "હેમ" કહે પ્રભુ !
જન્મ મરણ દુઃખ ટાળ. ભવિ.૧૩

-: શ્રી નવપદજીની સ્તુતિ :-

પ્રહ ઊઠી વંદું, સિદ્ધચક્ર સુખદાય.
જપીએ નવપદનો, જપ સદા મનમાંય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાળ,
તે સવિ સુખ પામે, જેમ મયણા-શ્રીપાળ.

નવ સ્મરણમ્

૧. શ્રી નવકારમંત્ર

(પ્રથમ સ્મરણમ્)

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

૨. ઉવસગ્ગહરં સ્તવન

(દ્વિતીયં સ્મરણમ્)

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં. ૧.

વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ મારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨.

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ
નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩.

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪.

ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર-નિબ્ભરેણ-હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવેભવે પાસજિણચંદ. ૫.

૩. સંતિકરં સ્તવન

(તૃતીયં સ્મરણમ્)

સંતિકરં સંતિજિણં, જગસરણં જયસિરિઈ દાયારં;
સમરામિ ભત્ત-પાલગ, નિવ્વાણી-ગરૂડ-કય-સેવં. ૧

ૐ સનમો વિપ્પોસહિ-પત્તાણં સંતિસામિ-પાયાણં;
ઝ્રૌં સ્વાહા-મંતેણં, સવ્વાસિવ-દુરિઅ-હરણાણં. ૨

ૐ સંતિ-નમુક્કારો, ખેલોસહિમાઈ-લદ્ધિપત્તાણં;
સૌં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઈ સિરિં. ૩.

વાણી તિહુઅણ-સામિણિ, સિરિદેવી જક્ખરાયગણિ-
પિડગા; ગહ-દિસિપાલ-સુરિંદા, સયા વિ રક્ખંતુ જિણભત્તે. ૪

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા,
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા-કાલી-મહાકાલી. ૫

ગોરી તહ ગંધારી, મહજ્જલા માણવી અ વઈરુટ્ટા;
અચ્છુત્તા માણસિઆ, મહામાણસિયા ઉ દેવીઓ. ૬

જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરુ કુસુમો;
માયંગ-વિજય-અજિયા, બંભો મણુઓ સુરકુમારો. ૭

છમ્મુહ પયાલ કિન્નર, ગરૂલો ગંધવ્વ તહય જક્ખિંદો,
કુબેર વરૂણો ભિઉડી, ગોમેહો પાસ માયંગા. ૮

દેવીઓ ચક્કેસરિ, અજિઆ-દુરિઆરિ-કાલી-મહાકાલી;
અચ્ચુઅ-સંતા-જ્વાલા, સુતારયા-સોય સિરિવચ્છા. ૯

ચંડા વિજયંકુસિ, પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી;
વઈરટ્ટ છુત્ત ગંધારિ, અંબ પઉમાવઈ સિદ્ધા. ૧૦

ઈઅ તિત્થ-રક્ખણરયા, અન્નેવિ સુરાસુરી ય ચઉહાવિ;
વંતર જોઈણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં. ૧૧

એવં સુદિટ્ઠિસુરગણ, સહિઓ સંઘસ્સ સંતિજિણ-ચંદો;
મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદર-સૂરિ-થુઅ-મહિમા. ૧૨

ઈઅ સંતિનાહ સમ્મ-દિટ્ઠિ રક્ખં સરઈ તિકાલં જો;
સવ્વોવદ્દવ-રહિઓ, સ લહઈ સુહસંપયં પરમં. ૧૩

૪. તિજયપહુત્ત સ્તોત્ર

(ચતુર્થ સ્મરણમ્)

તિજય-પહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર જુત્તાણં;
સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં. ૧

પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણવર સમૂહો;
નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં. ૨

વીસા પણયાલા વિય, તીસા પન્નત્તરી જિણવરિંદા;
ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ, ઘોરૂવસગ્ગં પણાસંતુ. ૩

સત્તરિ પણતીસાવિય, સટ્ઠી પંચેવ જિણગણોએસો;
વાહિ-જલ-જલણ-હરિકરિ, ચોરારિ-મહાભયં હરઉ. ૪

પણપન્નાય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા;
રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા. ૫

ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહય ચેવ સરસુંસઃ
આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓભદ્દં. ૬

ૐ રોહિણી પન્નત્તિ, વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ;
ચક્કેસરી નરદત્તા, કાલી મહાકાલી તહ ગોરી. ૭

ગંધારી મહજ્જાલા, માણવી વઈરૂટ્ટ તહય અચ્છુત્તા;
માણસિ મહામાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮

પંચદસ કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણસયં;
વિવિહ-રયણાઈ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઈ. ૯

ચઉતીસ અઈસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર-કયસોહા;
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦

ૐ વરણય સંખવિદુમ-મરગય-ઘણસન્નિહં વિગયમોહં;
સત્તરિસયં જિણાણં, સવ્વામર-પૂઈઅં વંદે સ્વાહા. ૧૧

ૐ ભવણવઈ વાણવંતર, જોઈસવાસી વિમાણવાસી અ,
જે કેવિ દુટ્ઠ-દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા. ૧૨

ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં;
એગંતરાઈ ગહ-ભૂઅ સાઈણિમુગ્ગં પણાસેઈ. ૧૩

ઈઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ-પડિલિહિઅં;
દુરિઆરિ બિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ. ૧૪



૫. નમિઊણ સ્તોત્ર

(પંચમં સ્મરણમ્)

નમિઊણપણયસુરગણ, ચૂડામણિકિરણરંજિઅંમુણિણો;
ચલણ-જુઅલં મહાભય, પણાસણં સંથવં વુચ્છં. ૧

સડિય-કર ચરણ નહ-મુહ, નિબુડ્ઢ-નાસા વિવન્ન લાયન્ના;
કુદ્ઠમહારોગાનલ, કુલિંગ નિદડ્ઢ-સવ્વંગા. ૨

તે તુહ ચલણારાહણ, સલિલંજલિ-સેયવુડિઢયચ્છાયા;
વણદવ-દડ્ઢા ગિરિ, પામવવ્વપત્તા પુણોલચ્છિં. ૩

દુવ્વાય-ખુબ્ભિય-જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે;
સંભંત-ભય-વિસંઠુલ નિજ્જામય-મુક્ક-વાવારે. ૪

અવિદલિઅ-જાણવત્તા, ખણેણ પાવંતિ ઈચ્છિઅં કૂલં;
પાસજિણ-ચલણજુઅલં; નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫

ખરપવણુદ્ધુય-વણદવ, જ્વાલાવલિમિલિયસયલદૂમગહણે;
ડજ્ઝંત મુદ્ધ-મયવહુ, ભીસણરવ ભીસણંમિ વણે. ૬

જગગુરૂણો કમજુઅલં, નિવ્વાવિઅસયલ-તિહુઅણા-ભોઅં;
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં. ૭

વિલસંત-ભોગભીસણ, ફુરિઆરૂણનયણ-તરલજીહાલં;
ઉગ્ગ ભુઅંગં નવ-જલય, સત્થહં ભીસણાયારં. ૮

મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છૂઢ-વિસમ-વિસવેગા;
તુહ નામક્ખર-કુડસિદ્ધ, મંતગુરૂઆ નરા લોએ. ૯

અડવીસુ ભિલ્લ-તક્કર; પુલિંદ-સદુલ-સદ્દ ભીમાસુ;
ભયવિહુર-વુન્નકાયર-ઉલ્લૂરિય-પહિય સત્થાસુ. ૧૦

અવિલુત્ત-વિહવ-સારા તુહ નાહ પણામ-મત્ત-વાવારા;
વવગય વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઈચ્છિયં ઠાણં. ૧૧

પજ્જલિઆનલ-નયણં, દૂર-વિયારિઅમુહં મહાકાયં;
નહકુલિસ-ઘાય વિઅલિઅગઈદ-કુંભત્થલાભોઅં. ૧૨

પણય-સસંભમપત્થિવ, નહમણિ-માણિક્કપડિઅ-પડિમસ્સ,
તુહવયણ-પહરણ-ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ. ૧૩

સસિ-ધવલદંતમુસલં, દીહ-કરૂલ્લાલ-વુટ્ઠિ-ઉચ્છાહં;
મહુપિંગ-નયણજુઅલં, સસલિલ-નવજલહરારાવં. ૧૪

ભીમં મહાગઈદં, અચ્ચાસન્નંપિ તે નવિગણંતિ;
જે તુમ્હ ચલણ-જુઅલં, મુણિવઈતુંગં સમલ્લીણા. ૧૫

સમરમ્મિ તિક્ખખગ્ગા,-ભિગ્ઘાય-પવિદ્ધ-ઉદ્ધુય-કબંધે;
કુંત-વિણિભિન્ન-કરિકલહ,-મુક્ક-સિક્કાર-પઉરંમિ. ૧૬

નિજ્જિઅ-દપ્પુદ્ધર-રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ. ૧૭

રોગ-જલ-જલણ-વિસહર, ચોરારિ મઈંદગય-રણભયાઈં;
પાસજિણ-નામ-સંકિત્તણેણ, પસમંતિ સવ્વાઈં. ૧૮

એવં મહા-ભયહરં, પાસ-જિણિંદસ્સ સંથવ-મુઆરં;
ભવિય જણાણં-દયરં, કલ્લાણ-પરંપર-નિહાણં. ૧૯

રાયભય-જક્ખ-રક્ખસ્સ-કુસુમિણ-દુસ્સઉણ-રિક્ખ-પીડાસુ;
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦

જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલભુવણ-ચ્ચિય-ચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ, ઝાણાઓ જો ન સંચલિઓ;
સુર-નર-કિન્નર જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨

એઅસ્સ મજ્ઝયારે અટ્ઠારસ-અક્ખરેહિં જો મંતો;
જો જાણઈ સો ઝાયઈ, પરમ-પયત્થં કુડં પાસં. ૨૩

પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠ-હિયએણ;
અટ્ઠુ-ત્તરસય-વાહિ-ભય, નાસઈ તસ્સ દૂરેણ. ૨૪

૬. શ્રી અજિતશાંતિ સ્તવન

(ષષ્ઠં સ્મરણમ્)

અજિઅં જિઅ-સવ્વભયં, સંતિં ચ પસંત-સવ્વ ગયપાવં; જયગુરુ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ॥૧॥ ગાહા.

વવગય-મંગુલભાવે, તે હં વિઉલતવનિમ્મલસહાવે; નિરુવમ મહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. ॥૨॥ ગાહા.

સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતીણં; સયા અજિઅ સંતીણં, નમો અજિઅસંતીણં. ॥૩॥ સિલોગો.

અજિઅજિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ ! નામકિત્તણં; તહય ધિઈમઈપ્પવત્તણં; તવય જિણુત્તમ સંતિ ! કિત્તણં. ॥૪॥ માગહિઆ

કિરિઆ-વિહિ-સંચિઅ-કમ્મ-કિલેસ-વિમુક્ખયરં, અજિઅં નિચ્ચિઅં ચ ગુણેહિં મહામુણિસિદ્ધિગયં; અજિઅસ્સ ય સંતિ મહામુણિણો વિયસંતિકરં, સયયં મમ નિવ્વુઈ-કારણયં ચ નમંસણયં ॥૫॥ આલિંગણયં.

પુરિસા ! જઈ દુક્ખવારણં, જઈય વિમગ્ગહસુક્ખ કારણં; અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા ॥૬॥ માગહિઆ

અરઈ-રઈ તિમિર-વિરહિઅ-મુવરય-જર-મરણં, સુર અસુર ગરૂલ-ભુયગવઈ-પયય-પણિવઈયં; અજિઅમહમવિઅ સુનયનયનિઉણ મભયકરં, સરણ મુવસરિઅ ભુવિદ્દિવિજ મહિઅં સયયમુવણમે ॥૭॥ સંગયયં.

તં ચ જિણુત્તમ-મુત્તમ-નિત્તમ-સત્તધરં; અજજવ મદ્દવ-ખંતિવિમુત્તિ-સમાહિનિહિં; સંતિકરં પણમામિ દમુત્તમ-તિત્થયરં, સંતિમુણિ મમ સંતિસમાહિવરં દિસઉ ॥૮॥ સોવાણયં.

સાવત્થિ-પુવ્વપત્થિવં ચ, વરહત્થિ-મત્થયપસત્થવિચ્છિન્નસંથિયં; થિર-સરિચ્છ-વચ્છં મયગલ-લીલાયમાણ-વરગંધહત્થિપત્થાણપત્થિયં સંથવારિહં; હત્થિ-હત્થબાહું ઘંતકણગરુઅગ-નિરૂવહય-પિંજરં પવર-લક્ખણો-વચ્ચિય-સોમ-ચારુ-રૂવં સુઈસુહ-મણાભિરામપરમ-રમણિજ્જવર દેવદુંદુહિનિનાય-મહુરયરસુહગિરં ॥૯॥ વેઢ્ઢઓ.

અજિઅં જિઆરિગણં, જિઅ સવ્વભયં ભવોહરિઉં; પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. ॥૧૦॥ રાસાલુદ્ધઓ.

કુરુજણવય-હત્થિણાઉર-નરીસરો પઢમં તઓ મહાચક્ક વટ્ટિભોએ મહપ્પભાવો, જો બાવત્તરિ પુરવર-સહસ્સવરનગર નિગમજણવયવઈ, બત્તીસારાયવરસહસ્સાણુયાયમગ્ગો; ચઉદસ વરરયણ-નવમહાનિહિચઉસટ્ઠિસહસ્સપવરજુવઈણ સુંદરવઈ, ચુલસી-હય-ગય રહસયસહસ્સસામી છન્નવઈ-ગામકોડિ સામી આસી જો ભારહંમિ ભયવં. ॥૧૧॥ વેઢ્ઢઓ

તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા; સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે ॥૧૨॥ રાસાનંદિઅયં.

૬	શ્રી હરિગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૭	શ્રી બાહુબલીગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧
૮	શ્રી સહસ્રાદ્રિ ગણધરાય નમઃ	૨૧	૨૧	૨૧
૯	શ્રી કોડિગણધરાય નમઃ	૨૦	૨૧	૨૧

આ છઠ્ઠ-અઠ્ઠમ વખતે બે વખત પડિક્કમણ, બે વખત પડિલેહણ, ત્રણ વખત દેવ વાંદવા, ત્રિકાળ પૂજા કરવી.

૧૪. દરરોજ નવ ખમાસમણ આ રીતે દુહા બોલીને દેવાં.

નવ દુહા

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહિ એનો એળે ગયો અવતાર. ૨
શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ,
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩
એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામું જેહ;
ઋષભ કહે ભવ કોડનાં કર્મ ખપાવે તેહ. ૪
શેત્રુંજા સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ,
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદું તેહ. ૫
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, મુનિવર કોડી અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૭
શત્રુંજયગિરિ મંડણો, મરૂદેવાનો નંદ;
યુગલાધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ. ૮
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિ વંદતાં, શિવરમણી સંયોગ. ૯

(૩) એકવીસ ખમાસમણના દુહા

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨

કાર્તિક શુદિ પૂનમ દિને, દશ કોટિ પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩

તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સકળ પરિવાર;
આદિ જિન સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪

એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુમાન. ૫(૧)

(અહીંયા 'સિદ્ધાચળ સમરૂં સદા' એ દુહે પ્રત્યેક ખમાસમણ દીઠ કહેવો.)

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર. ૬

ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭

તિણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત. ૮(૨)

વીશ કોટીશું પાંડવા, મોક્ષ ગયા ઈણે ઠામ;
ઈમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે ઠામ. ૯(૩)

અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક;
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મળધામ;
અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. ૧૧(૪)

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે; સુરગિરિ નામ ધરાય. ૧૨

અથવા ચૌદે ક્ષેત્રમાં, એ સમો તીર્થ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩(૫)

એંશી યોજન પૃથુલ છે, ઊંચપણે છવીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ૧૪(૬)

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, વિમલાચલ પૂજનીક. ૧૫

વિપ્ર લોક વિષધર સમ, દુઃખીયા ભૂતળ માન;
દ્રવ્યલિંગ કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬

શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ;
પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ. ૧૭(૭)

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મવિયોગે પામીયા, કેવલ લક્ષ્મી નિધાન. ૧૮

લાખ એકાણું શિવ વર્યા, નારદ શું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર. ૧૯(૮)

શ્રી સીમંધરસ્વામીએ, ગિરિ મહિમા વિલાસ;
ઈન્દ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઈન્દ્રપ્રકાશ. ૨૦(૯)

દશ કોટી અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર;
જૈન તીર્થયાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧

તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન. ૨૨(૧૦)

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,
શત્રુંજયમહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. ૨૩(૧૧)

ગૌ નારી બાળક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, રહે ન પાપ લગાર. ૨૪

જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫

ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તેણે દૃઢશક્તિ નામ. ૨૬(૧૨)

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ. ૨૭(૧૩)

ચંદા સૂરજ બેઉ જણા, ઊભા ઈણ ગિરિ શૃંગ;
વધાવીયો વર્ણન કરી, પુષ્પદંતગિરિ રંગ. ૨૮(૧૪)

કર્મ કઠણ ભવજલ તજી, ઈહાં પામ્યા શિવસદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ. ૨૯(૧૫)

શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચીયો સાર;
મુનિવર વર બેઠક ભણી પૃથ્વીપીઠ મનોહાર. ૩૦(૧૬)

શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ;
જલતરૂ રજ ગિરિવરતણી, શીશ ચઢાવે ભૂપ. ૩૧(૧૭)

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ. ૩૨(૧૮)

બીજા નિરવાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર,
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩

પ્રભુ વચને અણસણ કરી; મુક્તિપુરીમાં વાસ,
નામ કદંબગિરિ નમો, તો હોય લીલવિલાસ. ૩૪(૧૯)

પાતાળે જસ મૂળ છે, ઉજ્જવળગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોય સંસાર. ૩૫(૨૦)

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬

વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ષટ્ માસ;
તેજ અપૂરવ વિસ્તરે, પૂરે (પૂગે) સઘળી આશ. ૩૭

ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ. ૩૮

સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રી 'શુભવીરવિજય' પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. ૩૯(૨૧)

(૪) ૧૦૮ ખમાસમણના દુહા

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહોનિશ;
પરમાતમ પરમેશ્વરૂ, પ્રણમું પરમ મુનીશ. ૧

જય જય જગપતિ જ્ઞાનભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. ૨

શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમુદાકર ચંદ. ૩

પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમીએ, ભક્તે જોડી હાથ. ૪

અનંત જીવ ઈણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમીએ, લઈએ મંગળમાળ. ૫

જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમિએ, ઋદ્ધિ સદા સુખવૃંદ. ૬

મહિમા જેહનો દાખવા, સુરગુરુ પણ મતિમંદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પ્રગટે સહજનંદ. ૭

સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડૂર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નાસે અઘ સવિ દૂર. ૮

કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામીજે સુખવાસ. ૯

પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતિક દૂર પલાય. ૧૦

શ્રદ્ધા ભાસન રમણતા, રત્નત્રયીનો હેતુ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ભવ-મકરાકર-સેતુ. ૧૧

મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સુર નર જસ ગુણ ગાય. ૧૨

પુંડરીક ગણધર પ્રમુખ, સિદ્ધા સાધુ અનેક;
તે તીર્થેશ્વર પ્રણમિએ, આણી હૃદય વિવેક. ૧૩

ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામીજે નિજ ઋદ્ધ. ૧૪

જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ભવજલ તારક નાવ. ૧૫

સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, છેદીજે ગતિ ચાર. ૧૬

પુષ્ટિ-શુદ્ધ-સંવેગ-રસ, જેહને ધ્યાને થાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મિથ્યામતિ સવિ જાય. ૧૭

સુરતરૂ સુરમણિ સુરગવી, સુરઘટ સમ જસ ધ્યાવ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮

સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ગાવે જેહના શ્લોક. ૧૯

યોગીસર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીર્થેશ્વર પ્રણમિએ, હુવા અનુભવ રસ લીન. ૨૦

માનું ગગને સૂર્ય શશી, દીયે પ્રદક્ષિણા નિત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહિમા દેખણ ચિત્ત. ૨૧

સુર-અસુર નર-કિન્નરો, રહે જેહની પાસ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામે લીલ વિલાસ. ૨૨

મંગલકારી જેહની, મૃત્તિકા હારી ભેટ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩

કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખી થાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સવિ તસ મહિમા ગાય. ૨૪

સૂરજકુંડના નીર થી, આધિ વ્યાધિ પલાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જસ મહિમા ન કહાય. ૨૫

સુંદર ટૂંક સોહામણી, મેરૂ સમ પ્રાસાદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દૂર ટળે વિખવાદ. ૨૬

દ્રવ્ય ભાવ વૈરી ઘણા, જિહાં આવ્યે હોય શાંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જાયે ભવની ભ્રાંત. ૨૭

જગહિતકારી જિનવરા, આવ્યા ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જસ મહિમા ઉદ્દામ. ૨૮

નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યામળ ધોવાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સવિ જનને સુખદાય. ૨૯

આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જિહાં નવિ આવે કાક. ૩૦

સિદ્ધશિલા તપનીયમય, રત્ન સ્ફટિકની ખાણ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા કેવલનાણ. ૩૧

સોવન રૂપા-રત્નની, ઔષધિ જાત અનેક;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ન રહે પાતક એક. ૩૨

સંયમધારી સંજમે, પાવન હોય જિણ ક્ષેત્ર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દેવા નિર્મળ નેત્ર. ૩૩

શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજન સ્નાત્ર,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પોષે પાત્ર સુપાત્ર. ૩૪

સાહમિવત્સલ પુણ્ય જિહાં, અનંતગણું કહેવાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સોવન ફલ વધાય. ૩૫

સુંદર યાત્રા જેહની, દેખી હરખે ચિત્ત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ત્રિભુવનમાંહે વિદિત. ૩૬

પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, જયે સકલ જંજાલ. ૩૭

મનમોહન પાગે ચઢે પગ પગ કર્મ ખપાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ગુણગુણી ભાવ લખાય. ૩૮

જેણે ગિરિ રૂખ સોહામણા, કુંડે નિર્મળ નીર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઉતારે ભવ-તીર. ૩૯

મુક્તિ મંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, લહિયે શિવપુર રાજ. ૪૦

કર્મ કોટી અઘ વિકટ ભટ, દેખી ધ્રૂજે અંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દિન દિન ચઢતે રંગ. ૪૧

ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સુખે શાસન રીત. ૪૨

કવડજક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજૂર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અસુરા રાખે દૂર. ૪૩

ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન નિવારણહાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સંઘ તણી કરે સાર. ૪૪

સુરવરમાં મઘવા થયા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, તિમ સવિ તીરથઈન્દ. ૪૫

દીઠે દુર્ગતિવારણો, સમયે સારે કાજ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સવિ તીરથ શિરતાજ. ૪૬

પુંડરીક પંચ કોડીશું, પામ્યા કેવલનાણ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, કર્મ તણી હોય હાણ. ૪૭

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ ને વારિખિલ્લ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચઢીયા શિવ નિઃશ્રેણ. ૪૮

નમિ-વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવપુર આથ. ૪૯

ઋષભવંશીય નરપતિ ઘણા, ઈણ ગિરિ પહોતા મોક્ષ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ટાલ્યા પાતિક દોષ. ૫૦

રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઈણે ગિરિ શિવ સંપત્ત. ૫૧

નારદ મુનિવર નિર્મલા, સાધુ એકાણું લાખ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પ્રવચન પ્રગટ એ ભાખ. ૫૨

શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠ કોડી;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પૂરવ કર્મ વિછોડી. ૫૩

થાવચ્ચાસુત સહસશું, અણસણ રંગે કીધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, વેગે શિવપદ લીધ. ૫૪

શુક પરિવ્રાજક વળી, એક સહસ અણગાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવપુર દ્વાર. ૫૫

સેલગસૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અંગે ધરી ઉત્સાહ. ૫૬

ઈમ બહુ સિધ્યા ઈણે ગિરિ, કહેતાં નાવે પાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શાસ્ત્ર માંહે અધિકાર. ૫૭

બીજ ઈહાં સમકિતતણું રોપે આતમ ભોમ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ટાલે પાતક સ્તોમ. ૫૮

બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગો હત્યા, પાપે ભારિત જેહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પહોતા શિવ પુર ગેહ. ૫૯

જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, તીર્થ માંહે ઉક્કિટ્ઠ. ૬૦

ધન્ય ધન્ય સોરઠ જિહાં, તીરથ માનું સાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જિનપદમાં શિરદાર. ૬૧

અહોનિશ આવત ટુકડા, તે પણ જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા શિવવધૂ રંગ. ૬૨

વિરાધક જિન આણના, તે પણ હુઆ વિશુદ્ધ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પામ્યા નિર્મળ બુદ્ધ. ૬૩

મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુઆ ઉપસંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહિમા દેખી અનંત. ૬૪

મંત્રયોગ અંજન સવે, સિદ્ધ હુએ જિણ ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતિકહારી નામ. ૬૫

સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ઉપશમ રસ ઉલસંત. ૬૬

શ્રુતધર નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર,
તે તીર્થેશ્વર પ્રણમિએ, ગ્રહે ગુણયુત શ્રોતાર. ૬૭

પ્રિયમેલક ગુણગણ તણું, કીરતી કમલા સિન્ધુ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, કલિકાલે જગબંધુ. ૬૮

શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, દિન દિન મંગલમાલ. ૬૯

શ્વેત ધ્વજ જસ લહરતી, ભાખે ભવિને એમ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ભ્રમણ કરો છો કેમ ? ૭૦

સાધન સિદ્ધ દશા ભણી, આરાધે એક ચિત્ત,
તે તીર્થેશ્વર પ્રણમિએ, સાધક પરમ પવિત્ત. ૭૧

સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, તસ હોય નિર્મલ ગાત્ર. ૭૨

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જેહનો જસ અભંગ. ૭૩

રાયણવૃક્ષ સોહામણું, જિહાં જિનેશ્વર પાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સેવે સુર નર રાય. ૭૪

પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સમતા પાવન અંગ. ૭૫

વિદ્યાધર જક્ષ મિલે બહુ, વિચરે ગિરિવર શૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચઢતે નવરસ રંગ. ૭૬

માલતી મોંગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પૂજે ભવિ જિન અંગ. ૭૭

અજિત જિનેશ્વર જિહાં રહ્યાં, ચોમાસું ગુણ ગેહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, આણી અવિહડ નેહ. ૭૮

શાંતિ જિનેશ્વર સોળમા, સોળ કષાય કરી અંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ચાતુર્માસ રહંત. ૭૯

નેમિ વિના જિનવર સવે, આવ્યા છે ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શુદ્ધ કરે પરિણામ. ૮૦

નમિનેમિજિન અંતરે, અજિતશાંતિસ્તવ કીધ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નંદિષેણ પ્રસિદ્ધ. ૮૧

ગણધરમુનિ ઉવજ્ઝાયતિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, જ્ઞાન અમૃતરસ ચાખ. ૮૨

નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દુંદુભિ માદલ વાદ. ૮૩

જિણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મણિમય મૂરતિ સાર. ૮૪

ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અક્ષય સુખ દાતાર. ૮૫

ઈણ તીરથ મોટા કહ્યા, સોળ ઉદ્ધાર સફાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, લઘુ અસંખ્ય વિચાર. ૮૬

દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શત્રુંજય સમરંત. ૮૭

તે પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઈણે ઠામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પુંડરીકગિરિ નામ. ૮૮

કાંકરે કાંકરે, ઈણ ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સિદ્ધક્ષેત્ર સમચિત્ત. ૮૯

મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, વિમલાચલ સુખ પૂર. ૯૦

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧

પરવત સહુ માંહે વડો, મહાગિરિ તિણે કહંત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, દરશન લહે પુણ્યવંત. ૯૨

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામ ભલું પુણ્યરાશ. ૯૩

લક્ષ્મીદેવીએ કર્યો, કુંડે કમલ નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પદ્મનામ સુવાસ. ૯૪

સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પર્વત ઈન્દ્ર વિખ્યાત. ૯૫

ત્રિભુવનમાં તીર્થ સવે, તેહમાં મોટો એહ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહાતીરથ જસ રેહ. ૯૬

આદિ અંત નહિ જેહનો, કોઈ કાલે ન વિલાય;
તે તીર્થેશ્વર પ્રણમિએ, શાશ્વતગિરિ કહેવાય. ૯૭

ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામ સુભદ્ર સંભાર. ૯૮

વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, નામે જે દૃઢશક્તિ. ૯૯

શિવગતિ સાધે જે ગિરિ, તે માટે અભિધાન,
તે તીર્થેશ્વર પ્રણમિએ, મુક્તિનિલય ગુણખાણ. ૧૦૦

ચંદ્ર સૂરજ સમકિત ધરા, સેવ કરે શુભ ચિત્ત;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પુષ્પદંત વિદિત. ૧૦૧

ભિન્ન રહે ભવ જલ થકી, જે ગિરિ લહે નિવાસ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, મહાપદ્મ સુવિલાસ. ૧૦૨

ભૂમિ ધરી જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ,
તે તીર્થેશ્વર પ્રણમિએ, પૃથિવીપીઠ અનીહ. ૧૦૩

મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, ભદ્રપીઠ જસ નામ. ૧૦૪

મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહાર;
તે તીર્થેશ્વર પ્રણમિએ, પાતાલમૂલ વિચાર. ૧૦૫

કર્મક્ષય હોયે જિહાં, હુય સિદ્ધ સુખકેલ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, અકર્મક મન મેલ. ૧૦૬

કામિત સવિ પૂરણ હોયે, જેનું દરિશન પામ;
તે તીર્થેશ્વર પ્રણમિએ, સર્વકામ મન ઠામ. ૧૦૭

ઈત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર;
જે સમર્યા પાતક હરે, આત્મ શક્તિ અનુસાર. ૧૦૮

(૫) શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાએ જતાં યાત્રાળુઓને ઉપયોગી વિગત

(૧) શ્રી ગિરિરાજની યાત્રાએ જતાં તલાટીએ તીર્થાધિરાજની સન્મુખ ચૈત્યવંદન કરવું. ત્યાં આજુબાજુ શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ ભગવાનનાં પગલાં છે. સામે લાઈનબંધ દેરીઓમાં શ્રી આદિનાથ ભગવાન તથા શ્રી પુંડરીકસ્વામીજી, શ્રી કુંથુનાથ ભગવાન આદિનાં પગલાં છે. ત્યાં દર્શન કરવાં.

(૨) ઉઘાડે પગે વિવેકપૂર્વક શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાર્થે આગળ વધતાં બીજા વિસામાની સામે ભરત ચક્રવર્તી જેમણે આ

અવસર્પિણીમાં પહેલો સંઘ કાઢ્યો હતો, તેમની પાદુકા છે, તેનાં દર્શન કરી આગળ વધતાં ત્રીજા વિસામે નવાકુંડથી ઉપર ચઢતાં જમણી બાજુ જે દેરી છે, તેમાં શ્રી આદિનાથ, શ્રી નેમિનાથ, તથા નેમિનાથ પ્રભુના ગણધર શ્રી વરદત્તનાં પગલાં છે.

(૩) ત્યાંથી ચોથા પછી પાંચમા વિસામા કુંડની જોડે ઊંચી દેરીમાં શ્રી ઋષભદેવના પગલાંનાં દર્શન કરી હિંગળાજનો હડો ચઢ્યા એટલે નવા રસ્તે જતાં નાકા પર દેરીમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનનાં પગલાં છે. જૂના રસ્તે આગળ વધતાં સમવસરણ આકારે ચોરા પર શ્રી મહાવીરસ્વામીનાં પગલાં છે. ત્યાં દર્શન કરી આગળ વધ્યા એટલે છાલાકુંડની સામે રસ્તા પર શાશ્વતા શ્રી ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અન વર્ધમાન પ્રભુનાં પગલાં છે.

(૪) અહીંથી નવા રસ્તા પર જતાં ગોરજીની દેરીઓ કહેવાય છે ત્યાં એક નાના દેરાસરમાં પદ્માવતી દેવીના મસ્તક પર શ્રી પાર્શ્વનાથ ભગવાનની નાની મૂર્તિ છે. તેનાં દર્શન કરી આગળ ચાલતાં ચઢાણ પૂરું થતાં જૂના નવા રસ્તાના સંગમ પર જે મોટી દેરી આવે છે, તેમાં ચાર કાઉસ્સગીઆ શ્યામ પાષાણના છે તે દ્રાવિડ, વારિખિલ્લ જે ઋષભદેવ સ્વામીના પૌત્રો છે જેઓ કાર્તિકી પૂર્ણિમાના દિવસે ૧૦ કરોડ મુનિઓ સાથે મોક્ષે ગયા છે, ત્રીજા રાજીમતીના ભાઈ શ્રી અઈમુત્તામુનિ અને ચોથા શ્રી નારદ ઋષિ જેઓ ૯૧ લાખ મુનિવર સાથે મોક્ષે પધાર્યા છે, તેમનાં દર્શન વંદન કરી આગળ વધવું.

(૫) આગળ વધતાં રસ્તા પર પાંચ કાઉસ્સગીઆની જે દેરી છે, તે પાંચ રામ ભરત જેઓ ત્રણ ક્રોડ મુનિઓની સાથે અહીં મોક્ષે

ગયા છે અને થાવચ્ચાપુત્ર શુકપરિવ્રાજક અને શેલાકાચાર્યની મૂર્તિઓ છે, આગળ જતાં નાની દેરીમાં શ્રી સુકોશલ મુનિ જેમણે પિતા-પુત્રે સાથે દીક્ષા લીધેલી અને વાઘણે ઉપસર્ગ કર્યો હતો, જેઓ રામચંદ્રજીના પૂર્વજ હતા, તે સુકોશલમુનિનાં પગલાં છે. આગળની દેરીમાં નમિ-વિનમિનાં પગલાં છે. ઉપર જતાં હનુમાનધારા આગળ વડના ઝાડ નીચે શ્રી ઋષભદેવસ્વામીનાં પગલાં છે. આગળ ઠેઠ રામપોળના પગથિયાની પહેલા ઊંચે પહાડની શિલા પર નલી-મયાલી અને ઉવયાલીની મૂર્તિઓ છે. તેનાં દર્શન કરી રામપોળમાં પ્રવેશ કરવો, એટલે શત્રુંજયગિરિભૂષણ શ્રી આદીશ્વર ભગવાનની પવિત્ર છત્રછાયામાં આપણે આવીએ છીએ.

卐 ▩ 卐

શ્રી શત્રુંજયતીર્થના સોળ ઉદ્ધારોની ટૂંક નોંધ

શ્રી શત્રુંજય તીર્થ પ્રાયઃ શાશ્વત તીર્થ છે. અનાદિ કાળથી એ છે, અને અનંત કાળ સુધી રહેશે. અસંખ્ય ઉદ્ધારો થયા પણ આ અવસર્પિણીમાં મોટા ઉદ્ધારો સોળ થયા છે, તેની નોંધ અહીં ટૂંકમાં આપી છે.

(૧) ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના પુત્ર ભરત ચક્રવર્તીએ પહેલો ઉદ્ધાર કરાવ્યો, (૨) તેમની આઠમી પાટે દંડવીર્ય રાજાએ બીજો ઉદ્ધાર કરાવ્યો, (૩) બીજા દેવલોકના ઈન્દ્રે ત્રીજો ઉદ્ધાર કરાવ્યો. (૪) ત્યારબાદ એક કરોડ સાગરોપમ પછી ચોથા દેવલોકના ઈન્દ્ર માહેન્દ્રે ચોથો ઉદ્ધાર કરાવ્યો. (૫) ૧૦ કરોડ સાગરોપમ પછી પાંચમા દેવલોકના ઈન્દ્રે પાંચમો ઉદ્ધાર કરાવ્યો, (૬) એક લાખ કરોડ વર્ષ પછી ભવનપતિ નિકાયના ઈન્દ્ર ચમરેન્દ્રે છઠ્ઠો ઉદ્ધાર કરાવ્યો, (૭) શ્રી અજિતનાથ

ભગવાનના કાળમાં સગરચક્રીએ સાતમો ઉદ્ધાર કરાવ્યો, (૮) શ્રી અભિનંદન સ્વામીના કાળમાં વ્યંતરેન્દ્રે આઠમો ઉદ્ધાર કરાવ્યો, (૯) શ્રી ચંદ્રપ્રભસ્વામીના શાસનમાં ચંદ્રયશ રાજાએ નવમો ઉદ્ધાર કરાવ્યો, (૧૦) શ્રી શાંતિનાથ ભગવાનના પુત્ર ચક્રાયુધે દશમો ઉદ્ધાર કરાવ્યો. (૧૧) શ્રી રામચંદ્રજીએ મુનિસુવ્રત સ્વામીના શાસનમાં અગિયારમો ઉદ્ધાર કરાવ્યો. (૧૨) પાંચ પાંડવોએ બારમો ઉદ્ધાર કરાવ્યો, (૧૩) આ પાંચમા આરામાં વિ.સં. ૧૦૮ માં શ્રી વજ્રસ્વામીની નિશ્રામાં બાવડશાએ તેરમો ઉદ્ધાર કરાવ્યો. (૧૪) કુમારપાળ રાજાના સમયમાં બાહડ મંત્રીએ વિ.સં.૧૨૧૩ માં ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. (૧૫) વિ.સં.૧૪૪૧ માં સમરાશાહે પંદરમો ઉદ્ધાર કરાવ્યો. (૧૬) છેલ્લો ઉદ્ધાર જે આજે ચાલુ છે તે વિ.સં.૧૫૮૭માં વૈશાખ વદિ ૬ના કરમાશાહે સોળમો ઉદ્ધાર કરાવેલ છે અને છેલ્લો સત્તરમો ઉદ્ધાર હવે શ્રી દુપ્પહસૂરિના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે.

નવટુંકના મૂળનાયકનાં નામ

૧. દાદાની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.
૨. મોતીશા શેઠની ટુંકમાં પણ શ્રી આદીશ્વર ભગવાન છે.
૩. શ્રી બાલાભાઈ શેઠની ટુંકમાં શ્રી આદીશ્વર ભગવાન છે.
૪. શેઠ પ્રેમચંદ મોદીની ટુંકમાં શ્રી આદીશ્વર ભગવાન છે.
૫. શેઠાણી ઉજમબાઈની ટુંકમાં શ્રી આદીશ્વર ભગવાન છે.
૬. શેઠ સાકરચંદ પ્રેમચંદની ટુંકમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.
૭. છીપાવસીની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.
૮. શ્રી ચૌમુખજીની ટુંકમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ચૌમુખજી છે.
૯. શેઠ નરસી કેશવજીની ટુંકમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામી છે.

અરિહંત વંદનાવલિ

(હરિગીત છંદ)

જે ચૌદ મહા સ્વપ્નો થકી, નિજ માતને હરખાવતા,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા,
ને જન્મતાં પહેલાં જ ચોસઠ, ઈન્દ્રો જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧

મહાયોગના સામ્રાજ્યમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતા ત્રણ લોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા,
જે જન્મ કલ્યાણક વડે, સહુ જીવને સુખ અર્પતા. એવા. ૨

છપ્પન્ન દિગ્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં, ધારી જગત હરખાવતા,
મેરૂશિખર સિંહાસને, જે નાથ જગના શોભતા. એવા. ૩

કુસુમાંજલિથી સુર-અસુર જે, ભવ્ય જિનને પૂજતા
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા. એવા. ૪

મઘમઘ થતા ગોશીર્ષ, ચંદનથી વિલેપન પામતા
દેવેન્દ્ર દૈવી પુષ્પની, માળા ગળે આરોપતા
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકુટે શોભતા. એવા. ૫

ને શ્રેષ્ઠ વેણુ મોરલી, વીણા મૃદંગતણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની,
હર્ષે ભરી દેવાંગનાઓ, નમન કરતી લળી લળી. એવા. ૬

જયનાદ કરતા દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતાં જનેતાના મહા પ્રાસાદમાં,
જે ઈન્દ્રપૂરિત વરસુધાને, ચૂસતાં અંગુષ્ઠમાં. એવા. ૭

આહાર ને નિહાર જેના, છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના, અંગને સ્પર્શે નહીં,
સ્વર્ધેનુ દુગ્ધસમા રૂધિર ને, માંસ જેના તન મહીં. એવા. ૮

મંદાર પારિજાત સૌરભ, શ્વાસ ને ઉચ્છ્વાસમાં,
ને છત્રચામર જયપતાકા, સ્તંભ તવ કરપાદમાં,
પૂરા સહસ્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતા. એવા. ૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી,
વળી બાલક્રીડા દેવગણના, કુંવરો સંગે થતી. એવા. ૧૦

જે બાલ્યવયમાં પ્રૌઢ જ્ઞાને, મુગ્ધ કરતાં લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને,
ત્રણ લોકમાં વિસ્મય સમા, ગુણરૂપ યૌવનયુક્ત જે. એવા. ૧૧

મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજભાવમાં,
ને ભોગકર્મ નિવારવા, વિવાહ કંકણ ધારતા,
નેં બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં. એવા. ૧૨

મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખચેનમાં,
વળી શુદ્ધ અધ્યવસાયથી, જે લીન છે નિજભાવમાં. એવા. ૧૩

પામ્યા સ્વયંસંબુદ્ધપદ જે, સહજવર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી, ભક્તિ થકી કરતા નમન,
જેને નમી કૃતાર્થ બનતા, ચાર ગતિના જીવગણ. એવા. ૧૪

આવો પધારો ઈષ્ટ વસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા, સાંવત્સરિક મહાદાનને,
ને છેદતા દારિદ્રય સૌનું, દાનના મહાકલ્પથી. એવા. ૧૫

દીક્ષા તણો અભિષેક જેનો, યોજના ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, વિરાજતા ભગવંતશ્રી,
અશોક પુન્નગ તિલક ચંપકવૃક્ષ શોભિત વનમહી. એવા. ૧૬

શ્રી વજ્રધર ઈન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે,
જે પંચ મુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કર વડે. એવા. ૧૭

લોકાગ્રગત ભગવંત સર્વ, સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપ યોગોના કરે પચ્ચક્ખાણને,
જે જ્ઞાન-દર્શનને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે. એવા. ૧૮

નિર્મલ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન સહેજે દીપતા,
જે પંચસમિતિ ગુપ્તિત્રયની, રયણમાલા ધારતા,
દશભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે. એવા. ૧૯

પુષ્કર કમલના પત્રની ભાંતિ નહીં લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે,
આકાશની જેમ નિરાલંબન, ગુણ થકી જે ઓપતા. એવા. ૨૦

ને અસ્ખલિત વાયુ, સમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઈન્દ્રિય દેહ છે,
નિસ્સંગતા ય વિહંગશી, જેનો અમૂલખ ગુણ છે. એવા. ૨૧

ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારિખા, ગુણવાન અને અપ્રમત્ત છે,
વ્રતભાર વહેતા વરવૃષભની, જેમ જેહ સમર્થ છે. એવા. ૨૨

કુંજરસમા શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વળી,
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની. એવા. ૨૩

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરૂણા ઉપેક્ષા મૈત્રીથી,
હરખાવતા જે વિશ્વને, મુદિતાતણા સંદેશથી. એવા. ૨૪

જે શરદઋતુના જળસમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિષે,
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે. એવા. ૨૫

બહુ પુણ્યનો જ્યાં ઉદય છે એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ-અઠ્ઠમ પારણે,
સ્વીકારતા આહાર બેંતાળીસ દોષ વિહીન જે. એવા. ૨૬

ઉપવાસ માસક્ષમણ સમા, તપ આકરા તપતા વિભુ,
વીરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ,
બાવીસ પરિષહને સહંતા, ખૂબ જે અદ્‌ભુત વિભુ. એવાં. ૨૭

બાહ્ય અભ્યંતર બધા, પરિગ્રહથકી જે મુકત છે,
પ્રતિમા વહન વળી શુકલધ્યાને, જે સદાય નિમગ્ન છે,
જે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરતા, મોહમલ્લ વિદારીને. એવા. ૨૮

જે પૂર્ણ કેવળજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું,
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતી, કર્મને છેદી કર્યું. એવા. ૨૯

જે રજત સોના ને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણના નવ પદ્મમાં, પદકમલને સ્થાપન કરી,
ચારે દિશા મુખ ચાર, ચાર સિંહાસને જે શોભતા. એવા. ૩૦

જ્યાં છત્ર પંદર ઉજ્વલાં, શોભી રહ્યા શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર, વીંઝતા કરદ્વય વડે,
દ્વાદશગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજનય છે. એવા. ૩૧

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં,
ચોમેર જાનું પ્રમાણ પુષ્પો, અર્ઘ્ય જિનને અર્પતા. એવા. ૩૨

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામીતણી, સહુએ સુણો શુભદેશના,
પ્રતિબોધ કરતા દેવ, માનવ ને વળી તિર્યંચને. એવા. ૩૩

જ્યાં ભવ્ય જીવોનાં અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંતવાણી દિવ્ય સ્પર્શે, દૂરે થતા મિથ્યા વમળ,
ને દેવ દાનવ ભવ્ય માનવ, ઝંખતા જેનું શરણ. એવા. ૩૪

જે બીજભૂત ગણાય છે, ત્રણ પદ ચતુર્દશ પૂર્વના,
ઉપન્નેઈ વા વિગમેઈ વા, ધુવેઈ વા મહાતત્ત્વના,
એ દાન સુશ્રુતજ્ઞાનનું, દેનાર ત્રણ જગનાથ જે. એવા. ૩૫

જે ચૌદપૂર્વોના રચે છે, સૂત્ર સુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે,
ખોલે ખજાનો ગૂઢ માનવ, જાતના હિત કારણે. એવા. ૩૬

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ, સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુર અસુર સહુ વંદન કરે,
ને સર્વ જીવો ભૂત, પ્રાણી, સત્વશું કરૂણા ધરે. એવા. ૩૭

જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી, પૂજતા ભાવે બહુ,
જેણે અનુત્તર વિમાનવાસી, દેવના સંશય હણ્યા. એવા. ૩૮

જે છે પ્રકાશક સહુ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વરશુકલ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા,
જે અંત આયુષ્યકર્મનો, કરતા પરમ ઉપકારથી. એવા. ૩૯

લોકાગ્રભાગે પહોંચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી, અંતિમ તપસ્યા જે કરે,
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ. એવા. ૪૦

હર્ષે ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગતઘર આંગણે,
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખના. એવા. ૪૧

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુકત પૂરણ, સર્વથા સદ્‌ભાવથી,
રમમાણ જે નિજરૂપમાં તે, સર્વ જગનું હિત કરે. એવા. ૪૨

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતુ,
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસાર સાગરને તર્યા. એવા. ૪૩

શૈલેશી કરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી,
ધનુષ્યથી છૂટેલ બાણ, તણી પરે શિવગતિ લહી.એવા. ૪૪

નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી, નહિ પુનઃ ફરવાપણું,
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે. એવા. ૪૫

આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં, વર્ણવ્યું ભક્તિ બળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના, કો મુનીશ્વર બહુશ્રુતે,
પદ પદ મહીં જેના મહાસામર્થ્યનો મહિમા મળે. એવા. ૪૬

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્‌ગદ્‌ બન્યું,
શ્રીચંદ્ર નાચ્યો ગ્રંથ લઈ, મહાભાવનું શરણું મળ્યું,
કીધી કરાવી અલ્પ ભક્તિ, હોંશનું તરણું ફળ્યું. એવા. ૪૭

જેના ગુણોના સિંધુના બે બિન્દુ પણ જાણું નહીં,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે, નાથ સમ કો છે નહીં,
જેના સહારે ક્રોડો તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહી. એવા. ૪૮

જે નાથ છે ત્રણ ભુવનના, કરૂણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્‌ભાવની સરણી વહે,
આપે વચન 'શ્રી ચંદ્ર' જગને, એ જ નિશ્ચય તારશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૪૯

卐 卐

અઢાર જાતના દૈનિક પાપોની રોજ માફી માગો

જીવહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન,. માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, આળદેવું, ચાડી ખાવી, હર્ષ-શોક, નિંદા, કપટ વિદ્યા, મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનકમાંહિ જે કોઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેને હું મન, વચન અને કાયાથી નિંદુ છું.

વિશ્વના જીવોની હિંસા માટે રોજ ક્ષમા માગો

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, દેવતા, નારકી, તિર્યંચ-પંચેન્દ્રિય અને મનુષ્યો આ પ્રમાણે ચોરાશી લાખ જીવાયોનિમાં વર્તતા જીવોની હિંસા કરી હોય, કરાવી હોય કે અનુમોદિ હોય તે સર્વ જીવોની હું મન, વચન અને કાયાથી ક્ષમા માગું છું.

卐 卐

જિનશાસનના મુનિ ભગવંતોને અનુકુળ થવાથી, તેમની ભક્તિ વિગેરે કરવાથી રાહુ, કેતુ તેમજ શનિ આ ત્રણેય દુષ્ટગ્રહો અનુકુળ બની જાય છે.

શ્રી તીર્થંકર વંદનાવલિ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યકૃત 'સકલાર્હત્સ્તોત્ર' નો ગૂર્જર ભાવાનુવાદ

: ભાવાનુવાદકર્તા :

પૂ. મુનિ શ્રી રાજરત્નવિજયજી મા.

(હરિગીત)

સકલાર્હતોમાં જે મહાજ્યોતિ સ્વરૂપે ઝળહળે,
જેના પ્રભાવે મુક્તિપદની સંપદા આવી મળે;
ત્રણ ભુવનમાંહિ જેહનું સામ્રાજ્ય સુંદર વિસ્તરે,
અમ હૃદય તે **આર્હન્ત્યપદ**નું ધ્યાન શુભ ભાવે ધરે. ૧

સવિ ક્ષેત્રમાં સવિ કાલમાં નિજ નામથી આકારથી,
વળી દ્રવ્યથી ને ભાવથી જે ધર્મરથના સારથિ;
ત્રણ લોકના સવિ જીવને પ્રભુતા ધરી પાવન કરે,
અમ હૃદય તે **અરિહંત**ની શુભ ભાવથી સેવા કરે. ૨

આ કાળના જે પ્રથમ નરપતિ ભૂમિતલ શોભાવતા,
આ કાળના જે પ્રથમ મુનિવર ધર્મપથ અપનાવતા;
આ કાળના જે પ્રથમ તીર્થંકર જગતને સુખકરૂં,
તે નાભિનંદન **ઋષભજિન**ની ભાવથી સ્તવના કરૂં. ૩

આકાશ - ભૂષણ સૂર્યના ઉદયે કમલવન ખીલતું,
તિમ જેમની વાણી-પ્રભાથી વિશ્વ આખું વિકસતું;
અમ્લાન કેવલનાણ - દર્પણમાં જગતને પેખતા,
અરિહંત તે શ્રી **અજિતજિન**ને સ્તવું શીશ નમાવતા. ૪

ભવિજીવના ઉરરૂપ ઉપવનને હરિત કરતાં સદા,
શુભવાણીનાં અમૃત વહે **સંભવજિનેશ્વર**ના મુદા;
જાણે વહી સરવાણી જલની મહેંકતા ઉપવનમહીં,
તે વાણી જિનવર- દેશનાની પામને જય જગમહીં. ૫

સાગરતણી લહેરો વધે જિમ ચન્દ્રના દર્શન થકી,
સ્યાદ્વાદ-સાગર ઉલ્લસે તિમ જેમની વાણી થકી;
ભગવાન **અભિનંદન** સદા ભવકલેશ સઘળા ટાળજો,
ને પરમપદનો પરમ મંગલ અખય આનંદ આપજો. ૬

સુમતિ જિનેશ્વર ! આપ ચરણે દેવ જ્યારે પ્રણમતા,
તેના મુકુટના અગ્ર ત્યારે પાદનખને સ્પર્શતા;
રવિ સમ તદા તેજસ્વી સોહે ચરણના નખ હે વિભુ !
અમ મોહ તમહારી થને તે, ઈષ્ટ આ પૂરો પ્રભુ ! ૭

જાણે કરમરૂપી અરિ પર કોપના આટોપથી,
જે બાલરવિ સમ દીસતી ને દીપતી નિજ તેજથી;
તનુકાંતિ **પદ્મપ્રભ**તણી તે સંપદાને પોષજો,
ને નિખિલ જનના મનતણા સંતાપ સર્વે શોષજો. ૮

જે ચાર ભેદે શોભતા વર સંઘના આકાશને,
મહાસૂર્ય થઈ દીપાવતા ને આપતા ઉદ્યોતને;
જેના ચરણને દેવના ઈન્દ્રો સદાયે પૂજતા,
તે શ્રી **સુપાર્શ્વજિનેશ** નમતાં પાપ કર્મો ધૂજતા. ૯

જાણે શરદપૂનમતણા ઉજ્જવલ શશીકિરણો ન હો,
જાણે શુક્લવર-ધ્યાનની પ્રતિમા અભિનવ એ ન હો;
એવી અતિશય શુભ્ર જેની દેહ - કાંતિ રાજતી,
તે **ચન્દ્રપ્રભજિન**-મૂરતિ કલ્યાણ-માલા આપતી. ૧૦

કરમાં વિલસતા વિમલ જલને, જેમ જગજન પેખતા,
કૈવલ્યના આલોકથી તિમ જેહ જગને દેખતા;
ત્રણ ભુવનનનો અદ્‌ભુત મહિમા જેહમાં વસતો સદા,
તે **સુવિધિ જિનવર** આપજો સદ્‌બોધિની શુભ સંપદા. ૧૧

આષાઢના નવ મેઘ સમ સંતાપ સહુના છેદતા,
ને જેહ પરમાનંદરૂપી કંદને ઉદ્‌ભેદતા;
સ્યાદ્વાદ-અમૃતથી ભરેલા વચન જે વરસાવતા,
શીતલજિનેશ્વર તે સદા અમ ભાવપ્રાણો રક્ષતા. ૧૨

સંસારના મહારોગથી સંતપ્ત થાતાં જીવને,
ધન્વંતરિ સમ જેહનું દર્શન દીયે સુખશાતને;
ત્રિભુવનતણાં મન મોહતી વરમુક્તિરમણી જે વરે,
શ્રેયાંસપ્રભુ શ્રેયસ્કરા માંગલ્ય જીવનનું કરે. ૧૩

જગના અખિલ જીવો પ્રતિ ઉપકારને ફેલાવતી,
અદ્‌ભુત તીર્થંકરપણાની ઋદ્ધિ જેની સોહતી;
સુર-અસુરને નરનાથ જેની ભાવથી પૂજા કરે,
તે દેવ **વાસુપૂજ્ય** વહાલાં અમ હૃદય પાવન કરે. ૧૪

આષાઢ ઋતુમાં જલ નદીનું મલિનતાને પામતું,
પણ ફટકડીના યોગથી તે સ્ફટિક સમ નિર્મલ થતું;
તિમ નિખિલ જગજીવો તણાં જે મલિન મન નિર્મલ કરે,
તે **વિમલજિન**ની વિમલ વાણી વિશ્વમાં વિજયો વરે. ૧૫

સ્પર્ધા કરે સાગર સ્વયંભૂરમણના જે નીરની,
એ પરમ કરૂણાથી કરે હિતકામના જે વિશ્વની;
તે શ્રી **અનંતજિનેશ** નિજ કરૂણા તણા કિરણો વડે,
અજવાળજો અમ ચિત્તને શિવ-શર્મ જેથી સાંપડે. ૧૬

જિમ કલ્પતરૂવર સર્વ જનના મન-મનોરથ પૂરતા,
આ લોક ને શિવલોકના તિમ જે અભીષ્ટો પૂરતા;
વળી ચાર મુખથી જે ચતુર્વિધ ધર્મ પ્રતિપાદન કરે,
તે **ધર્મજિનવર** પદકજે મુજ મનભ્રમર વિલસ્યાં કરે. ૧૭

જિમ ચન્દ્રકેરી ચાંદની આકાશને અજવાળતી,
જિનવચનકેરી ચાંદની તિમ સર્વ દિશિ અજવાળતી;
હરિણાંક પણ અકલંક જે વળી મોહના તિમિરો હરે,
તે **શાંતિજિનવર** સેવતાં ભવિ શ્રેયની સંપદ વરે. ૧૮

ચોત્રીશ વર અતિશય થકી જે પરમ પ્રભુતાને ધરે,
જ્ઞાનાદિ ચાર મહાતિશયથી જેહ વિભુતાને વરે;
સુર અસુરને નરનાથના જે એક શરણાધાર છે,
તે **કુંથુજિન** સંપત્તિદાતા અમ હૃદય આધાર છે. ૧૯

મહાસૂર્ય નિજ કિરણો થકી જિમ ગગનને ભૂષિત કરે,
તિમ જે ચતુર્થારકમહીં આ અવનિને ભૂષિત કરે;
વળી જે ભવિકની મોક્ષરૂપી સંપદા વિસ્તારતા,
તે **અરજિનેશ્વર**ને અમે મનમંદિરે પધરાવતા. ૨૦

નવ મેઘના આટોપથી જિમ મોરલા આનંદતા,
તિમ સુર-અસુર-નર-ઈન્દ્ર જેના દર્શન આનંદતા;
જે કર્મના વિષવૃક્ષને ગજરાજ સમ ઉન્મૂલતા,
સ્તવીએ સદા તે **મલ્લિજિન**ને, સર્વ સંકટ ચૂરતા. ૨૧

મહામોહનિદ્રાથી સકલજનના નિમીલિત નયનને,
જાગૃત કરે જેનાં વચન વરતાં ઉષા-ઉપમાનને;
તે નાથ **મુનિસુવ્રત**તણી શુભ દેશનાના વચનની,
સ્તવના હરે અમ વેદના ભીષણ ભવોના ભ્રમણની. ૨૨

વિનયે ભરેલાં હૃદયથી નમતાં જનોના શિર પરે,
જેના ચરણ-નખના કિરણ જલધાર સમ વરસ્યાં કરે;
ને એ ભવિકના મનતણા સવિ ભાવમલ દૂરે કરે;
જિનરાજ તે **નમિનાથ**ના નખકિરણ અમ રક્ષા કરે. ૨૩

ચદુવંશરૂપી સિંધુને જે ઈન્દુ થઈ હરખાવતા,
ને કર્મરૂપ અરણ્યને જે અનલ થઈને બાળતાં;
તે નાથ **નેમિજિનેશ** વહાલાં અમ હૃદયના અશુભને,
હરનાર થાજો ને વળી પ્રગટાવજો શુભ ભાવને. ૨૪

અતિ ઘોર ઉપસર્ગો કરીને પીડનારા કમઠને,
અતિ ઉચ્ચ ભાવોને ધરીને પૂજનારા ધરણને;
જે તુલ્યભાવે દેખતાં ને નિજસ્વરૂપે રાજતા,
તે **પાર્શ્વપ્રભુ** પરમેશ્વરા અમ આત્મલક્ષ્મી આપતા. ૨૫

ક્રીડા કરતાં રાજહંસો માનસરમાં રાજતા,
મહાનંદરૂપી સરમહી તિમ જેહ અતિશય દીપતા;
અદ્‌ભુત કેવલસંપદાથી નાથ થઈ જે શોભતા,
અરિહંત તે શ્રી **વીરજિન**ને, ભાવથી સહુ વંદતા. ૨૬

ષડ્‌માસ ઉપસર્ગો કરી નિજ ધ્યેય ચૂકી ભાગતા,
સંગમ સુરાધમને પરમ ધ્યાને રહીને પોખતા;
શ્રી વીરના નયને વહ્યો કરૂણાતણો અશ્રુઝરો,
કરૂણાભર્યાં તે નેત્રયુગ આ વિશ્વનું મંગલ કરો. ૨૭

રવિ-ચન્દ્ર કેરાં તેજને નિજ તેજથી જે જીતતા,
ને સુર-અસુરના ઈન્દ્ર જેને ભાવનાથી પૂજતા;
જે કર્મમલથી મુકત છે સંત્રાસથી પણ મુકત છે,
તે ત્રણ-ભુવન-શિરતાજ વહાલાં **વીર** જયશ્રી યુક્ત છે. ૨૮

(શાર્દૂલવિક્રીડત)

જે પૂજાય સુરાસુરેશ્વર થકી, જેને ભજે પંડિતો,
જેણે કર્મ-સમૂહનો ક્ષય કર્યો, જેને નમે સૌ સદા;

જેનાથી પ્રગટ્યું સુતીર્થ શુભ આ, જેના તપો ઘોર છે,
જેમાં શ્રી-ધૃતિ-કીર્તિ-કાંતિ વસતા, તે **વીર** કલ્યાણ દો. ૨૯

(માલિની)

અવનિતલ રહેલી, શાશ્વતી ને અનેરી;
વન ભવન વિષે ને, જ્યોતિષે ને વિમાને;
નર-રચિત અહીંની, દેવરાજે ભજેલી;
જિનવર ભવનોની, મૂર્તિને હું નમું છું. ૩૦

(હરિગીત)

સઘળા ય દેવસમૂહમાં જે, પ્રથમસ્થાને સોહતા,
વળી પંચ પરમેષ્ઠીમહીં જે, પ્રથમ પદ શોભાવતા;
વર્તે અખિલ ભાવો જગતના જેહના વર જ્ઞાનમાં,
તે દેવના પણ દેવ રહેજો વીર મારા ધ્યાનમાં. ૩૧

(શાર્દૂલવિક્રીડિત)

જે છે કેંક ભવોતણા દુરિતને, પ્રજ્વાળતા આગ શા,
જે છે સિદ્ધિવધૂતણા હૃદયને, શોભાવતા હાર શા;
જે અષ્ટાદશ દોષરૂપ ગજને, નિર્ભેદતા સિંહ શા,
ભવ્યોના મનવાંછિતાર્થ કરજો, તે વીતરાગી પ્રભુ. ૩૨

શ્રી અષ્ટાપદ આબું ને શિખરજી, શત્રુંજયાદ્રિ સ્તવું,
વૈભારાદ્રિ તથા સુવર્ણગિરિ ને, શ્રી ચિત્રકૂટ સ્તવું;
શ્રીમાન્ મણ્ડપદુર્ગ ને ગજપદ, શ્રી રૈવતાદ્રિ સ્તવું,
ત્યાંના શ્રી ઋષભાદિ સર્વ જિનજી, કલ્યાણકારી બનો. ૩૩

(હરિગીત)

શ્રી હેમચન્દ્રાચાર્યના સકલાર્હતાભિધ સ્તોત્રને,
ગૂર્જરાગિરામાં વર્ણવ્યું સમ્યક્ત્વ શુદ્ધિ કારણે;
સૂરીશ-સૂર્યોદય-શિશુ મુનિ રાજરત્ને ભાવથી,
જિન ભક્તિરસના રસિક જન તે ધારશે ઉલ્લાસથી. ૩૪

શ્રી રત્નાકર પચ્ચીસી

મંગલાચરણ...!

મંદિર છો, મુક્તિતણા માંગલ્ય કીડાના પ્રભુ,
ને ઈંદ્ર નરને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ॥૧॥

હે દેવાધિદેવ ! આપ તો મુક્તિના મંગલમયગૃહમાં બિરાજો છો! નરેન્દ્રો અને દેવેન્દ્રો આપના ચરણોનું અહર્નિશ ચુંબન કરી રહ્યા છે.

જિનશાસનના મસ્તક પર આપ તો મુગટની જેમ શોભી રહ્યા છો !

આપશ્રીનો સકલ વિશ્વમાં જયઘોષ ફેલાય એવી જ એક મારા અંતરની તમન્ના છે.

અભિધેય સૂચન

ત્રણ જગત ના આધાર ને અવતાર હે કરુણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારનાં દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું. ॥૨॥

બધાજ માલિક પોતાના સેવકની સંભાળ કરેજ એવું નહિ પરંતુ આપશ્રી તો ત્રણ જગતના માલિક ! માટે સંભાળ કરો + કરૂણાના સાગર ! એમાં કંઈજ આશ્ચર્ય નથી. અને + ભાવવૈદ્ય ! છો.

હે યોગ ક્ષેમકારકનાથ ! આપશ્રીના નેત્રરૂપી પર્વતમાંથી કરૂણારૂપી નદી ઝરી રહી હોવા છતાં પણ અમારી જીવરૂપી ભૂમિ પીગળતી જ નથી.

હે પ્રભુ ! આપશ્રીની કરૂણારૂપી નદીથી અમારી જીવરૂપી ભૂમિ ફળદ્રુપ બને અને સાથે સાથે હે ભાવવૈદ્ય ! એ ભૂસામાં રહેલાં વિકારો દૂર થાય એવી જ અંતરની પ્રાર્થના છે. આપશ્રી બધુજ જાણોજ છો છતાં પણ મારા હૃદયની હળવાશ માટે આપને હું નિઃસંકોચભાવે જણાવી રહ્યો છું.

ત્રણ જગતના આધાર, કૃપાના અવતાર, અત્યંત દુઃખથી છૂટે તેવા સંસારના વિકારોને મટાડવામાં વૈદ્ય સમાન, વીતરાગ, બધું જાણવાવાળા એવા હે પ્રભુ ! હું તમારી પાસે બહુ જ મુગ્ધ ભાવથી-ભોળપણાથી કંઈક વિનંતિ કરું છું.

બાળક જેવા નિખાલસપણાથી વિનંતિ

શું બાળકો માબાપ પાસે બાળ ક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે ?
તેમ જ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી.
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી. ॥૩॥

ઓલો નાનો બાલુડો ! કેવો નિર્દોષ ચહેરો !

પોતાની 'મા' ના ખોળામાં રમી રહ્યો છે. બોલતાયં આવડતું નથી છતાં પણ મોઢામાં જે આવે તે બોલી રહ્યો છે.

આવું કાલુંઘેલું બોલતો હોવા છતાં પણ બધાયને આનંદ આપે છે. બસ, પ્રભુ !

હું આપશ્રી પાસે એક નાનકડો બાળક છું. બહુજ અજ્ઞાની છું. બોલતાં તો શું આવડે ? છતાં પણ અત્યારે મારી જેવી સ્થિતિ છે

તે આપશ્રી પાસે કહી રહ્યો છું. (સરળભાવથી) આપ તો મારી 'મા'ના સ્થાને છો. હું બાળક છું. મારી બધી વાત જો તું નહિ સાંભળે તો કોણ સાંભળશે ?

બાળ ક્રીડામાં આનંદ પામનાર બાળક પોતાનાં માબાપ પાસે કોઈ પણ જાતની શંકા રાખ્યા સિવાય (જે મનમાં આવે તે) શું નથી બોલતો? તેવી જ રીતે હે નાથ ! મારો આશય-મારું નિવેદન પશ્ચાતાપપૂર્વક હું આપની પાસે યથાર્થ રીતે કહીશ.

દાન, શીલ, તપ અને ભાવના વિનાનું વ્યર્થ ભવભ્રમણ

મેં દાન તો દીધું નહિ, ને શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈપણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું ? ॥૪॥

સુપાત્ર વિ. ને દાન કરવાથી ભવાંતરમાં જિનશાસનની પ્રાપ્તિ.

શીયળ પાળવાથી સમ્યગ્દ્રષ્ટિદેવનું સાન્નિધ્ય.

તપ કરવાથી દ્રવ્ય-ભાવમાંદગીનો પરિહાર અને ભાવના ભાવવાથી અપૂર્વ ચિત્ત પ્રસન્નતા હે પ્રકૃષ્ટધર્મસાધક નાથ ! તું આ બધાજ ધર્મોની પરાકાષ્ઠાને પામ્યો અને હું કેવો અજ્ઞાની ! કંઈ જ ન કરી શક્યો.

ખરેખર, પ્રભુ ! તારો ધર્મ પામ્યા પછી પણ હું ભવસમુદ્રમાં ડુબી ગયો. કોને કહું ! શું કરૂં ! ક્યાં જઉં !

હે પ્રભુ ! નથી મેં આ ભવમાં દાન દીધું કે નથી મેં શુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું, નથી કર્યો મેં તપ, તેમ નથી અંતરમાં ભાવ્યો સારો ભાવ. અરેરે! મારો આ ભવનો ફેરો નકામો જ થયો !

કષાયના બંધનથી પ્રભુ ભજવાની અશક્તિ

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન, મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ॥૫॥

હે કષાયવિજેતા !

★ ક્રોધનો વૈશ્વાનરે મારી આત્મભૂમિને સત્ત્વહીન બનાવી દીધી છે. એમાં શુભભાવનું ધાન્ય ઉગે જ શી રીતે ?

★ માનનો અજગર તો મારો કોળીયો જ કરી ગયો છે. એના વિશાળ પેટમાંથી હું બહાર શી રીતે નીકળું ?

★ માયાની જાળમાં તો એવો ફસાઈ ગયો છું કે એને તોડવા માટે કોઈ ઉપાય જ નથી જડતો.

★ લોભરૂપી સર્પનું ઝેર તો રગેરગમાં વ્યાપી ગયું છે. હવે એ નીતરે કઈ રીતે ?

હે મનમોહન નાથ ! આ ચારેય ચોરટાઓએ મારા ચેતનને ચગદી નાખ્યો છે.

હવે તો મને તારૂં જ શરણ છે.

ક્રોધરૂપી અગ્નિએ મને બાળ્યો, દુષ્ટ લોભરૂપી મોટા સર્પે મને ડંશ દીધો. અભિમાનરૂપ અજગર મને ગળી ગયો, અને માયારૂપી જાળમાં હું બંધાયો.

તારી ભક્તિ શી રીતે કરૂં !

સત્કર્મને અભાવે ભવોની નિષ્ફળતા

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ॥૬॥

ગોટલો જ ન વાવ્યો હોય તો મીઠો-મધુરો રસદાર આંબો મળે જ શી રીતે ?

સુખ = મીઠો-મધુરો રસદાર આંબો. પરહિતકરણ = ગોટલો.

હે અક્ષયસુખના સ્વામી ! મેં આ ભવમાં કે પૂર્વભવમાં ક્યારેય બીજાનું હિત કર્યું જ નથી લાગતું તેથી આ જન્મમાં વર્તમાનકાળમાં સુખની આશા પણ શી રીતે રખાય !

ખરેખર, મને મળેલ આ મનુષ્યભવ કંઈપણ સાધના કર્યા વિના પૂર્ણ થવા આવ્યો.

ચિંતામણિરત્ન હાથમાં આવ્યું પણ ઓલા અજ્ઞાની ભરવાડની જેમ મેં પણ એ ધર્મરત્નને કાગડો ઉડાડવા માટે (વિષયો માટે) ફેંકી દીધું.

મારા જેવો બીજો મૂર્ખ કોણ હોય !

હે ત્રણ જગતના નાથ ! આ ભવમાં અથવા પરભવમાં મેં કોઈનું પણ હિત કરેલ ન હોવાથી લેશમાત્ર પણ સુખ મને મળ્યું નથી. હે પ્રભુ ! અમારા જેવાનો અવતાર તો જાણે ભવ પૂરો કરવા માટે જ થયો હોય તેમ લાગે છે.

મનની પાષાણથી પણ વિશેષ કઠોરતા.

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું હું તો વિભુ;
પત્થરથકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે. ॥૭॥

વૃષ્ટિનું પાણી માટી ઉપર પડે તો સુગંધ ફેલાય અને વૃષ્ટિનું પાણી જો પત્થરા ઉપર પડે તો નકામું જાય તેમ હે મૃદુતાના ધારક નાથ ! આપશ્રીના મુખચંદ્રમાંથી તો અમૃતનો રસ ઝરી રહ્યો છે.

કેટલાયે મહાપુરુષોએ આ રસનું આસ્વાદન કરીને જગતમાં સંયમની સુવાસ ફેલાવી છે જ્યારે મારા જેવા પત્થરાઓ જરાયે ભીંજાતા જ નથી, હે પ્રભુ ! પછી સુવાસની તો વાત જ ક્યાં ? વાંદરા જેવું ચંચળ અને પત્થરા કરતાં પણ વધારે કઠણ એવું મારૂં મન તો ઉત્તમ અમૃતને લાત મારીને વિષયોના ઝેરનું પાન કરી રહ્યું છે. હવે તો પ્રભુ ! હું આ મનથી હારી ગયો છું.

આનંદદાયક વર્તનવાળા હે પ્રભુ ! તમારા મુખરૂપી ચંદ્રના દર્શનનો લાભ થયા છતાં પણ આનંદરૂપી રસ મારા મનમાંથી ઝર્યો નહિ; તેથી હું ધારું છું કે મારું મન પાષાણથી પણ વધારે કઠોર છે.

દુષ્પ્રાપ્ય રત્નત્રયીનું પ્રમાદવડે ગુમાવવું.

ભમતાં મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરું ? ॥૮॥

હે ભવાબ્ધિમાતા ! અત્યંત દુષ્કર એવાં ત્રણ રત્નો મને મળી ગયાં.

પરંતુ ત્રણ ગારવના પ્રમાદથી પુષ્ટ બનેલા મેં એ ગુમાવી દીધાં!

'રાંડ્યા પછીના ડહાપણ' જેવી મારી સ્થિતિ છે.

મળ્યા ત્યારે ઘોર ઉપેક્ષા કરી અને ગયા પછી પોક મૂકીને રડવા બેઠો

પ્રભુ ! મારો આ અવાજ હવે કોણ સાંભળશે !

હે પ્રભુ ! દુઃખથી પ્રાપ્ત કરી શકાય તેવાં (જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી) ત્રણ રત્નો બહુ ભવોમાં ભ્રમણ કર્યા પછી આપની પાસેથી મેળવ્યાં; પરંતુ તે પણ પ્રમાદ અને નિદ્રાના વશવર્તીપણામાં હું ગુમાવી બેઠો. હવે હું કોની પાસે જઈને પોકાર કરું ?

વૈરાગ્ય, ધર્મ વિદ્યાદિનો દુરુપયોગ

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ॥૯॥

હે જ્ઞાનગર્ભિતવૈરાગ્યધારક નાથ !

મારી કાળી કથની હવે કેટલી કહું ?

લોકોને ચૂસવા વૈરાગ્યના રંગો

લોકોને આકર્ષિત કરવા ધર્મનો ઉપદેશ અને,

બીજાને ખરાબ ચિતરવા વિદ્યાનો અભ્યાસ

આ બધુંજ મારામાં અસ્થિમજ્જાવત્ થયું હોવાને કારણે ફક્ત વેષ સજ્જનનો છે અને અંદર તો દુર્જનને ય શરમાવે એવા દંભે પોતાનું

આસન સ્થિર કરી દીધું છે. 'દુબળો માણસ ત્રણ કોટ પહેરે' એવી હાલત મારી છે.

હે પ્રભુ ! મેં વૈરાગ્યનો દેખાવ કર્યો તે પણ બીજાને ઠગવા માટે, ધર્મનો ઉપદેશ કર્યો તે માત્ર લોકોને ખુશી કરવા માટે; વિદ્યા ભણ્યો તે પણ માત્ર વાદ કરવા માટે, આપને મારી હસવા જેવી કેટલીક વાતો કહું ?

મુખ, ચક્ષુ તથા મનનો દુરુપયોગ

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
નેઃ નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે ચાલાક થઈ ચૂક્યો ઘણું. ॥૧૦॥

હે શુદ્ધ આત્મસ્વરૂપના સ્વામી !
હું કેવો કમભાગી !
તારું શાસન મળ્યા પછી પણ મેં

★ બીજાના દોષો ગાઈને મોઢામાં વિષ્ટા ભરી
★ પરસ્ત્રીમાં લંપટ બનીને મારી જ આંખમાં મેં એસીડ નાખ્યું અને
★ બીજાનું ખરાબ વિચારીને મારા મનને દોષિત કર્યું.

હે પ્રભુ ! 'શરીરના જે અંગનો દુરુપયોગ કર્યો હોય એ અંગ ભવાંતરમાં ન મળે' એ કહેવત પ્રમાણે મુખ, આંખ અને મન મને શું ભવાંતરમાં નહિં મળે ? એ નહિં મળે તો ગુણાનુવાદ, જીવદયાપાલન, જીવાદિતત્ત્વ વિચારણા હું શી રીતે કરી શકીશ ! ચાલાક થઈને પણ હું ઘણું બધું ચૂકી ગયો.

અન્યનું વાંકું બોલીને મેં મારા મુખને, પારકી સ્ત્રીઓને જોઈને

મારી આંખોને, પારકાનું અશુભ ચિંતવીને મારા ચિત્તને, મેં દોષિત કર્યાં છે. હે પ્રભુ ! હવે મારું શું થશે ?

કામાંધ થઈ આત્માને ઊપજાવેલી પીડા

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપતણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને. ॥૧૧॥

હે સમસ્તવિષયના ત્યાગી પરમાત્મન્ ! 'વિષયો એ તો અમૃત કોટેડ પોઈઝન છે.' આવું જાણ્યા પછી પણ હું આંધળો બનીને એનું સેવન કરી રહ્યો છું.

શરીરમાં ઝેર ગયા પછી વિડંબના ન થાય તો બીજું શું થાય?

ભયંકર વિડંબના પામ્યો છું પ્રભુ ! છતાં પણ હવે બધીજ શરમ છોડીને આપશ્રી પાસે હું નિવેદન કરી રહ્યો છું.

મારા બધાજ દોષો તું માફ કરી દે.

કામથી આંધળા બનેલા મેં કામદેવરૂપી રાક્ષસથી મારી જાતને બહુ કદર્થના ઊપજાવી; હે સર્વજ્ઞ ! શરમ આવે છે તો પણ તે બધું હું આપની સન્મુખ પ્રગટ કરું છું, જો કે આપ તો તે સર્વ હકીકત જાણો છો.

મતિભ્રમથી કરેલાં અકાર્યો

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી કર્મો નકામાં આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા. ॥૧૨॥

ચૌદપૂર્વોનું એસેંસ એટલે નમસ્કાર મહામંત્ર. એને છોડીને મેં અન્ય મંત્રો જપ્યા. કુશાસ્ત્રોનું શ્રવણ કરી કરીને આગમોની ભદ્રંકરા વાણીનો મેં નાશ કર્યો. અને સંસારમાં જ રાચનારા દેવોની સેવા કરીને મેં પાપકર્મનું ઉપાર્જન કર્યું.

હે પ્રભુ ! મારી બુદ્ધિ ચકડોળની જેમ ભમતી હોવાને કારણે મને ફીટ આવી ગઈ.

હાથમાં રહેલા રત્નોને ફેંકી દીધા અને બાજુમાં પડેલા કાચના ટુકડાને મેં ખીસ્સામાં ભરી દીધા.

હે પ્રભુ ! 'હાથી' ને વેચીને ઉંટ ખરીદી લાવવા જેવી મારી દશા થઈ ગઈ છે.

(ઐહિક સુખ દેનાર) અન્ય મંત્રો વડે પરમેષ્ઠિ મંત્ર (નવકાર મંત્ર)નો મેં નાશ કર્યો (ત્યજી દીધો.) ખોટાં શાસ્ત્રોના પ્રયોગથી જૈન આગમનાં વાક્યો ઉપર પ્રહાર કર્યો. ખરાબ દેવના સમાગમથી નકામાં (આત્માને હાનિકારક) કર્મો કરવાની મને ઈચ્છા થઈ, હે નાથ ! આ તે મારી કઈ જાતની માનસિક ભ્રમણા !!!

આપને મૂકીને મેં કરેલી સ્ત્રીઓના વિલાસની ભજના

આવેલ દૃષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધિએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્ર બાણો ને પયોધર નાભિ ને સુંદર કટી,
શૃંગાર સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ. ॥૧૩॥

હે પરમયોગીશ્વર ! વીરપ્રભુ !

જ્યારથી તારા દર્શન કર્યા ત્યારથી જ મારા હૃદયરૂપી સમુદ્રમાં આનંદની છોળો ઉછળતી હતી પરંતુ કોઈક પાપકર્મના ઉદયે તારા

દર્શનને છોડી મન ગયું સ્ત્રીઓના શણગાર જોવામાં. કામદેવનાં બાણ મારા ઉપર ધડાધડ છૂટવા લાગ્યાં. હું એનાથી વિંધાઈ ગયો. હે કામવિજેતા ! હવે હું જલ્દીથી તારા દર્શનમાં લીન બની પરમઆનંદને પામું એ જ અંતરની ભાવના છે. એ ભાવના પૂરી કરીશ ને ?

દૃષ્ટિગોચર થયેલા આપને છોડીને મૂઢ બુદ્ધિવાળા મેં અંતરમાં સુંદર આંખોવાળી સ્ત્રીઓના કટાક્ષ સ્તન, નાભિ તથા કટીતટનું જ ધ્યાન ધર્યું.

સ્ત્રીમુખ દર્શનથી ઉત્પન્ન થયેલ રાગની તીવ્રતા

મૃગનયણી સમ નારી તણા મુખ ચંદ્ર ને નીરખાવતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પપણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી ? ॥૧૪॥

હે સકલ જીવસૃષ્ટિ પ્રતિ પ્રેમના સિન્ધુ ! ચોલમજીઠના રંગ જેવો થઈ ગયો છે સ્ત્રીઓ વિષે મારો રાગ !

જ્ઞાનના વિશાળ સમુદ્રમાં એ રાગને ધોવા માટે સતત પ્રયત્નશીલ છું.

છતાં પણ એ રંગ જરાયે ઉખડતો નથી. હે પ્રભુ ! આપ મને આવા શ્યામલ પાપથી બચવાનો ઉપાય પણ નહિ બતાવો ?

(સ્ત્રીઓના) ચપળ ચક્ષુયુક્ત ચહેરાને જોવાથી મનની અંદર જે રાગનો અંશ લાગ્યો છે તે ચોલમજીઠ જેવો થઈ ગયો છે. પવિત્ર શાસ્ત્રરૂપી સમુદ્રમાં ધોયા છતાં પણ તે શી રીતે જાય?

દરિદ્રી છતાં મારું અભિમાન

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતાણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિતણી સંસારમાં ખેલ્યા કરું. ॥૧૫॥

હે જગદીશ્વર !

માનનો કીડો થઈને હું મારા જીવરૂપી કાષ્ઠને કેવો ખોતરી રહ્યો છું !

છે શું મારામાં ?

★ શરીર તો માયકાંગલું

★ દોષવૃંદની કાળાશ

★ સૂરજ જેવું તેજ તો દૂર રહો કિન્તુ આગીયા જેવું પણ હે ભુવનમાં ભાનુ સમાન પ્રભુ ! મારૂં તેજ નથી.

★ મારામાં તો જરાયે પ્રભુતા નથી પણ ચોર-લુંટારાની પ્રભુતા મારા ઉપર ચાલે છે.

પ્રભુ ! ખાવા માટે એક બદામ પણ નથી મળતી અને લોકો પાસે 'હું અબજોપતિ' આવું પ્રખ્યાત કરવા બેઠો છું. પ્રભુ ! તું મને બચાવીશ ને ?

નથી મારું શરીર સુંદર, નથી હું ગુણોનો ભંડાર, નથી વિકાસ પામેલી મારામાં કોઈ કળા, તેમ નથી ઝળકતું જરા પણ તેજ; વળી મારામાં એવી કાંઈ નથી પ્રભુતા; છતાં અહંકાર મને છોડતો નથી. (એ દરેકનો હું અહંકાર કર્યા કરું છું.) અને ચાર ગતિમાં પરિભ્રમણની ચોપાટ રમું છું.

મહામોહથી ગ્રસ્ત થયેલ મારી અવદશા

આયુષ્ય ઘટતું જાય તોપણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાનાં ઘર ચણું. ॥૧૬॥

હે ત્રિભુવનત્રાતા !

ક્ષણે ક્ષણે આયુષ્ય ઘટતું હોવા છતાં પણ પાપ કરવાની મનોવૃત્તિ પ્રતિદિન હરણફાળની જેમ વધી રહી છે.

બધાજ ડોક્ટરોએ હાથ ખંખેરી દીધા હોવા છતાંય વિષયોની ખણજ જરાપણ વિરામ પામતી નથી.

બાહ્યઔષધો માટે સતત પ્રયત્નશીલ છું. પણ ધર્મરૂપી ઔષધ તો યાદ જ નથી આવતું.

હે પ્રભુ ! ખૂંચ્યો છું મોહના કીચડમાં અને રહેવું છે જિનશાસનરૂપી હવેલીમાં ! જ્યાં પાયો જ નથી નાખ્યો ત્યાં ઘરની તો વાત જ શી રીતે થાય !

વાણીની હાજરી છતાં અન્યની વાણીનો કરેલ સ્વીકાર

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તોપણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે. ॥૧૭॥

હે કેવલજ્ઞાનરૂપી સૂર્યથી દેદીપ્યમાન દાદા !

આપશ્રી જેવા નિર્મળજ્ઞાનધારક મહાપુરૂષના અમૃત જેવા મીઠા-

મધુરા વચનો સાંભળતાં મારી રોમરાજી વિકસ્વર ન બની અને ઓલા ધુવડ જેવા મિથ્યાત્વીઓનાં વચનો મેં માથું ડોલાવી-ડોલાવીને સાંભળ્યાં. પ્રભુ ! ધિક્કાર છે મને ! હાથમાં દીવો હોવા છતાં પણ કુવામાં પડ્યો !

મારાથી હારી જવાયેલ મનુષ્ય જન્મ

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી;
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં રાગમાં રડ્યા જેવું થયું;
ધોબીતણા કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું. ॥૧૮॥

હે તત્ત્વદર્શી !

★ તારૂં દર્શન કરવા જિનાલયમાં આવ્યો. દર્શન જેમ તેમ કર્યું અને પૂજા કરનારની ભયંકર નિંદા કરી દીધી.

★ ઘરે પરમ તારક મહાત્મા ગોચરી માટે પધાર્યા, પણ કંઈ વહોરાવવાની ઈચ્છા જ ન થઈ !

★ રસ્તામાં પુણ્યવંત સાધર્મિકનો ભેટો થયો પણ મેં તો એના ઉપર પણ ગાળોનો વરસાદ વરસાવ્યો.

હે પ્રભુ ! મારૂં જીવન તો રણપ્રદેશ જેવું જ્યાં પશુઓનેય પાણી ન મળે ત્યાં મનુષ્યની તો વાત જ શી કરવી ?

મેં ન કરી દેવની પૂજા, તેમ ન કરી પાત્રની પૂજા, (સુપાત્ર દાન દેવું તે) ન કરી શ્રાવકધર્મની ઉપાસના, તેમ ન કરી સાધુધર્મની પ્રતિપાલના; હે પ્રભુ ! જંગલમાં કરાતા રુદનની માફક મેં મનુષ્ય જન્મ નિષ્ફળ ગુમાવ્યો.

જૈનધર્મ પામ્યા છતાં કલ્પવૃક્ષાદિકની કરેલી સ્પૃહા

હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરુણા કંઈ. ॥૧૯॥

હે અસંકલ્પિત કલ્પવૃક્ષ !

હે પ્રભુ ! અધ્યાત્મ માટે નકામી વસ્તુમાં હું મોહી પડ્યો. અને પ્રગટસુખ આપનાર તારા ધર્મની મેં ઘરાર ઉપેક્ષા કરી !

હે કરૂણાસાગર પ્રભુ ! મૂર્ખ એવા મારા પર કરૂણા કર !

કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવી ચીજો અધ્યાત્મ માટે નકામી હોવા છતાં મેં તેના ઉપર આસક્તિ કરી-તે મેળવવા પ્રયાસ કર્યો, પરંતુ પ્રત્યક્ષ સુખ આપી શકનાર જૈનધર્મને વિષે મેં આસક્તિ ન કરી; હે પ્રભુ! મારી મૂર્ખાઈ તો જુઓ !!!

વિપર્યાસ બુદ્ધિ

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છ્યું ધનતણું પણ મૃત્યુને પ્રીછ્યું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો. ॥૨૦॥

હે અધ્યાત્મસુખના સ્વામી ! ઓલું કેવું કિંપાકફલ !

ખાતી વખતે બહુજ મીઠું પણ મહાઝેરીલું તરત જ માણસને ખલાસ કરી દે.

સંસારનાં સમસ્ત સુખો + ધનસંપત્તિ + સ્ત્રીગુણ આ બધુંજ

કિંપાકફલ જેવું છે.

શરૂઆતમાં શરીર જકડાવે પછી મૃત્યુ, અંતે નરકનાં જલિમ દુઃખો હે પ્રભુ ! મધના ટીપાની ઈચ્છામાં (મજામાં) હું નરકનાં દુઃખો પણ ભૂલી ગયો. શું થશે મારૂં !

મારા અંતરમાં સુંદર ભોગને મેં અધર્મે ચિંતવ્યા, પરંતુ રોગની ખાણ તરીકે તેની મેં ચિંતવના ન કરી. ધનપ્રાપ્તિનો મેં વિચાર કર્યો, પરંતુ તે મૃત્યુને બોલાવવા જેવું છે તે ભૂલી ગયો. સ્ત્રીઓનો ઊહાપોહ કર્યો, પરંતુ તે નરકનું બંદીખાનું છે તેવું ભાન અધમ એવા મને કદી પણ ન થયું.

મારા જન્મની નિષ્ફળતા

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ, પુણ્ય ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થનાં ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. ॥૨૧॥

હે શુદ્ધચારિત્રસંપન્ન પરમાત્મા !

★ સંયમના આચારપાલનમાં એટલા તો લોચા માર્યા કે જેથી અન્યને મારી નિંદા કરવાનું મન થઈ ગયું.

★ બીજાનું કામ તો ઘણું કર્યું, પણ બોલીને બગાડી દીધું. ભાઈ ! આ તો હું હતો એટલે તું બચી ગયો નહિંતર રોળાઈ-રોળાઈને મરી જાત. હું આવું બોલ્યો એટલે ચારે બાજુ મારો અપયશ લોકોએ ફેલાવ્યો.

★ ક્રોડોની સંપત્તિ ભેગી કરી પણ કોઈજ તીર્થનો જિર્ણોદ્ધાર કરવાનું મને મન ન થયું. ખરેખર હું ઘાંચીના બળદની જેમ ચોર્યાશીના ચક્કરમાં ફર્યા જ કર્યો, જરાય પ્રગતિ જ નહિ.

સારા વર્તનથી ઉત્તમ પુરુષના હૃદયમાં મેં સ્થાન ન મેળવ્યું, બીજાનું ભલું કરી મેં કીર્તિ પણ પ્રાપ્ત ન કરી, તીર્થોદ્ધારાદિક કાર્યો પણ મેં ન કર્યાં, આમ મારો જન્મ મેં વ્યર્થ ગુમાવ્યો !!

સંસારસમુદ્રનો પાર ઊતરવા માટે સાધનનો અભાવ

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણા વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને;
તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ? ॥૨૨॥

તારક ગુરુભગવંતોના વચન સાંભળીને વૈરાગ્યનો રંગ તો આત્મવસ્ત્ર પર ન જ જામ્યો પરંતુ દુર્જનની વાતો સાંભળી-સાંભળીને રાગનો રંગ ચોલમજીઠ જેવો લાગી ગયો.

હે પ્રભુ ! હવે મને શાંતિ ક્યાંથી મળે ? ઘડો નીચેથી જ તુટેલો હોય તો અંદર પાણી ટકે કઈ રીતે ?

ગુરુમહારાજનાં વચનથી મારા મનમાં વૈરાગ્યનો રંગ જાગ્યો નહિ, તેમ દુર્જનનાં વાક્યો સાંભળી હું શાંતિ રાખી શક્યો નહિ. હે દેવ! અધ્યાત્મજ્ઞાન જેવું તો મારામાં જરા પણ છે જ નહિ, ત્યારે આ સંસારસમુદ્ર મારાથી કેવી રીતે તરી શકાશે ?

હે પ્રભુ ! જ્યાં સુધી આત્મવસ્ત્ર પર વૈરાગ્યનો રંગ ને જામે ત્યાં સુધી દુર્જનનાં વાક્યો સાંભળી સમભાવ શી રીતે પ્રાપ્ત થાય ?

ભૂત, વર્તમાન તથા ભવિષ્ય ત્રણે જન્મ હું તો હાર્યો !!

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી;
ભૂતભાવીને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ॥૨૩॥

હે તારક દેવાધિદેવ ! હું કેવો મૂર્ખ !

સભા પૂરી થઈ ગઈ, લોકો ઘેર જતા રહ્યા, પછી હું ઘંટ વગાડવા બેઠો. પૂર્વભવમાં કંઈજ ન કર્યું.

આ ભવ પણ પૂરો થવા આવ્યો. વર્તમાન ભવની પણ અંતિમ ક્ષણે વિચારું છું કે મને આવતા ભવમાં પુણ્યની સામગ્રી મળશે કે નહિં? ખરેખર, ભૂત, ભાવિ અને વર્તમાન એમ ત્રણેય ભવ હું હારી ગયો. છેલ્લી ક્ષણે મારી ઘંટડી કોણ સાંભળે ?

આગલા ભવમાં મેં કાંઈ પુણ્ય કર્યું નહિ, આ ભવમાં કરતો નથી તેમ હવે ભવિષ્યમાં કરી શકીશ પણ નહિ; હે ત્રણ જગતના નાથ! હું તો આવો હોઈને મારા ભૂત, વર્તમાન તથા હવે પછીના ભાવિ જન્મો વ્યર્થ ગયા-નાશ પામ્યા. (પૂર્વભવે પુણ્ય કર્યું હોત તો અહીં ધર્મ કરી શકત, અહીં ધર્મ કરત તો આગળના ભવમાં સારી સામગ્રી મળત, તેથી ત્યાં પણ ધર્મ કરી શકત, આમ ન થવાથી મારા તો ત્રણે ભવ બગડ્યા.

પ્રભુના સર્વજ્ઞત્વનું સૂચન

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરું શું માત્ર આ ?
જ્યાં કોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ? ॥૨૪॥

હે દેવેન્દ્રવંદિત નાથ !

વધારે શું બડબડ કરું !

'જેનો સ્વભાવ બૂરો એનો થાય ચૂરો' એ કહેવત અનુસાર સ્વરૂપથી હીરા જેવા ઉત્તમ આત્માને બાળીને મેં ભસ્મ જેવો કરી દીધો છે.

આ મારું નગ્ન ચારિત્ર છે. આપ તો બધુંજ જાણોજ છો ! આપશ્રી પાસે કોડાનોય હિસાબ નથી તો એક પૈસા સમાન મારા જેવાની તો

શું વાત કરવી ! છતાંય પાઈ જેવો મૂલ્યહીન છું. આપ સંભાળ કરશો તો પાઈમાંથીય ક્રોડપતિ બનીશ એવો મને દ્રઢ વિશ્વાસ છે.

દેવોને પૂજવા યોગ્ય હે પ્રભુ ! મારું ચરિત્ર આપની સન્મુખ જ છે. હું આથી વધારે નકામું કેટલુંક કહું : કારણ કે આપ તો ત્રણ જગતના સર્વ સ્વરૂપને પ્રત્યક્ષ દેખી શકો છો, તો પછી મારું ચરિત્ર આપ જાણો તેમાં તો શું નવાઈ ?

છેલ્લી આંતરિક વિજ્ઞપ્તિ

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં જેતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળસ્થાન તોય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી! ॥૨૫॥

હે દીનોદ્ધારક !

આપશ્રી સમાન આ ભવાટવીમાંથી બહાર આવનાર બીજો મને કોણ મળશે !

મારા જેવું નમાલું પાત્ર પણ આપશ્રીને બીજે ક્યાં મળશે ! હે મુક્તિના મંગલસ્થાનસ્વરૂપ પ્રભુ !

મને ધનસંપત્તિની ઈચ્છા જરા પણ નથી. ઈચ્છા છે માત્ર રત્નત્રયીરૂપ સંપત્તિની. બસ, એટલું મને આપ પ્રદાન કરો ! હું યમ માટે તૃપ્ત બની જઈશ.

હે જિનેશ્વર ! મારા જેવા રંકને ઉદ્ધારનાર કોઈ પ્રભુ નથી, તેમ મારા જેવું કૃપાનું પાત્ર પણ કોઈ નથી, તોપણ હું કાંઈ આપની પાસેથી ધન માગતો નથી, પરંતુ મોક્ષરૂપ લક્ષ્મીના સમુદ્રસમાન તથા મંગળમય એક સ્થાન એવા હે જિનેશ્વર પ્રભુ ! હું તો ફક્ત સર્વ શ્રેયઃસાધક સમ્યક્ત્વરત્નની જ પ્રાર્થના કરું છું.



શ્રી મહાવીર સ્વામીનું હાલરડું

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રતને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત.
હાલો હાલો હાલો હાલો મ્હારા નંદને. હાલો ૦૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીસમો તીર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃતવાણ હાલો ૦૨

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર;
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. હાલો ૦૩

મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા તરણતારણ જહાજ;
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ. હાલો ૦૪

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હાલો ૦૫

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વિશવાવીશ. હાલો ૦૬

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન બોનઈઓના દેવર છો સુકુમાલ;
હસશે બોનઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો ૦૭

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજ સુકુમાલ,
હસશે હાથ ઉછાળી કહીને ન્હાના ભાણેજ;
આંખ્યો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલો ૦૮

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા,
રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર;
નીલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતિનાં,
પહેરાવશે મામી મારા નંદ કિશોર. હાલો ૦૯

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરવા લાડુ મોતીચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો ૦૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બ્હેન તમારી નંદ;

તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે,
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો ૦૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો ૦૧૨

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કિધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી. હાલો ૦૧૩

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારી, કોટિ કોટિ ચંદ્રમા,
વળી તન પર વાળ્યો ગ્રહગણનો સમુદાય. હાલો ૦૧૪

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું;
સુખડલી લેશું નિશાળીયાને કાજ. હાલો ૦૧૫

નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા સરખી વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હાલો ૦૧૬

પીયર સાસર મ્હારા બેઉ પખ નંદન ઉજળા,
મ્હારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;

મારે આંગણે વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
મારે આંગણે ફલીયા સુરતરૂ સુખના કંદ. હાલો ૦૧૭
ઈણિ પરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ;
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો, દીપવિજય કવિરાજ. હાલો ૦૧૮

શ્રી મહાવીર ભગવાનના સત્તાવીશ ભવનું સ્તવન

દુહા

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય,
ભવ સત્તાવીસ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય,
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહિબો, ભમીયો કાલ અનંત,
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

ઢાળ ૧ લી

(રાગઃ કપૂર હોયે અતિ ઉજલો રે) (હે રામચંદ્ર કહે ગયે સીયા)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર,
કાષ્ઠ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે,
પ્રાણી ધરિયે સમકિત રંગ, જિમ પામીયે સુખ અભંગ રે, પ્રાણી ૦૧
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વંછિત ફલ હોય રે. પ્રાણી ૦૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કીમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિયોગ રે. પ્રાણી ૦૩
હરખભેર તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાથે ભેળાં કરૂં આજ રે. પ્રાણી ૦૪

પગવટીએ ભેળાં કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ,
સંસારે ભૂલા ભમો રે, ભાવ માર્ગ અપવર્ગ રે. પ્રાણી ૦૫
દેવગુરુ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર,
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી ૦૬
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોજાર,
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી ૦૭
નામે મરીચિ યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ,
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભવાસ રે. પ્રાણી ૦૮

ઢાળ : ૨૭

(ચોપાઈની દેશી) (મારે જોવો રે પ્રભુજી)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેષે. ૧
ઘરે ત્રિદંડી લાકડી મ્હોટી, શિર મુંડણ ને ઘરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થુલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચિને પ્રદક્ષિણા દેતાં, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો,
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬
એમ સ્તવના કરી ઘરે જાવે, મરીચિને મન હર્ષ ન માવે;
મારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ માહરૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮

એકદિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચિ લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચિ એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચિ કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજે કહ્યો અવતાર. ૧૨
લાખ ચૌરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગે સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ૧૩

ઢાળ ૩ જી

(અચકો મચકો કારેલી)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨
સૌધર્મ મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીઓ, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ. ૩
મધ્યસ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજઠાણ;
લાખ છપ્પન પૂરવા પૂરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪
ત્રીજે સ્વર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવે રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવનું આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વર્ષનું આય, રાજકુમાર વિશ્વભુતિ થાય. ૭

સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણું ધરી દયા, મથુરામાં ગોચરીયે ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડીયા વસા, વિશાખાનંદી પિતરીયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગગન ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજો બળ ઘણો, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમેં મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

ઢાળ ૪ થી

અઢારમેં ભવે સાત, સુપન સૂચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ, રાણી મૃગાવતી,
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નિપન્યા,
પાપ ઘણું કરી સાતમી, નરકે ઉપન્યા. ૧
વીસમેં ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્યદશા વર્યા,
ત્રેવીસમેં રાજધાની, મૂકાયે સંચર્યા. ૨
રાય ધનંજય ધારિણી, રાણીએ જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે, ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર, દશા પાળી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ, ઈણે ભરતે ચ્યવી,
છત્રિકા નયરીએ જિતશત્રુ રાજવી,
ભદ્રા માય લખ પચવીશ, વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪
અગીયાર લાખને એંશી હજાર છસેં વળી,
ઉપર પીસ્તાલીશ અધિક પણ દિન રૂળી;
વીસસ્થાનક માસખમણે યાવજ્જીવ સાધતાં,
તિર્થંકર નામકર્મ તિહાં નિકાચતાં. ૫

લાખ વરસ દીક્ષા, પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ, પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત, સુખભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર, ભવ સુણજો હવે. ૬

ઢાળ ૫ મી

(બાબુલ કી દુઆ)

નયર માહણકુડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે. ૧

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણૈગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલાકૂખે છટકાય રે. ૨

નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીએ ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ૩

સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વર્ષે હુઆ કેવલી રે, શિવ વહુનું તિલક શિર દીધ રે. ૪

સંઘ ચતુર્વિધ થાપીઓ રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સયંમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ૫

ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. ૬

ત્રીશ વરસ પ્રભુ કેવળી કરે, ગામ નગર તે પાવન કીધ;
બ્હોંતેર વરસનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે ૭

અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂલશું રે, તન મન સુખનો હોય નાશ રે. ૮

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીએ તુમારી આશ રે. ૯

અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહીબા રે, નવિ ભજીએ કુમતિનો લેશ રે. ૧૦
મોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે ૧૧

કળશ

ઓગણીસ એકે, વરસ છેકે, પૂર્ણિમા શ્રવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો,
શુભવિજય પંડિત ચરણસેવક, વીરવિજય જય જય કરો ૧

卐 ■ 卐

શ્રી નેમનાથ ભગવાન સલોકો

સરસ્વતી માતા તુમ પાય લાગું, દેવગુરુ તણી, - આજ્ઞા માંગું;
જિહ્વા અગ્રે તુ બેસજે આઈ, વાણી - તણી તુ કરજે સવાઈ. ૧
આદ્યો પાછો કોઈ અક્ષર - થાવે, માફ કરજો જે દોષ કાંઈ ન આવે;
તગણ સગણ - ને જગણના ઠાઠ, તે આદે દઈ ગણ છે આઠ. ૨
કીયા - સારા ને કીયા નિષેધ, તેનો ન જાણું ઉંડારથ ભેદ;
કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા - સરસ્વતી. ૩
નેમજી કેરો કહીશું સલોકો, એક ચિત્તેથી - સાંભળજો લોકો;
રાણી શિવાદેવી સમુદ્ર રાજા, તસ કુળ આવ્યા કરવા દિવાજા ૪
ગર્ભે કાર્તિક વદી બારસે રહ્યા નવ માસ વળી, આઠ દિન થયા;
પ્રભુજી-જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદ પાંચમ ચિત્રા-વખાણું. ૫
જન્મ્યા તણી તો નોબત વાગી, માતા - પિતાને કીધા વડભાગી;
તરિયા તોરણ બાંધ્યા છે બાર, ભરી મુકતાફલ વધાવે નાર. ૬
અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખા તે - સંગાતે છોરા, લટકે બહૂમૂલા કલગી તોરા. ૭

રમત - કરવા જાય છે તિહાં, દીઠી આયુધશાલા છે. જિહાં;
નેમ પૂછે છે સાંભળો ભ્રાત. આ તે શું છે રે કહો તુમે-વાત. ૮
ત્યારે સરવે સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી - ચતુર સુજાણ;
તમારો ભાઈ કૃષ્ણ જે કહીએ, તેને - બાંધવા આયુધ જોઈએ. ૯
શંખ ચક્ર ને ગદા એ - નામ, બીજો બાંધવ ઘાલે ન હામ; એહવો બીજો;
કોઈ બળીયો જો થાય, આવા આયુધ તેણે બંધાય. ૧૦
નેમ કહે છે ઘાલુ હું હામ, એમાં ભારે શું મ્હોટુ - છે કામ ?
એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી - નાદ કિધો. ૧૧
તે ટાણે થયો મ્હોટો ડમડોલ, સાયરના નીર ચડ્યાં કલ્લોલ;
પરવતની ટુંકો પડવાને - લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી. ૧૨
જબકી - નારીઓ નવ લાગી વાર, તૂટ્યા નવસેરા મોતીના - હાર;
ઘરા ધ્રુજે ને મેંઘ ગડગડીએ, મ્હોટી ઈમારતો - તૂટીને પડીયો. ૧૩
સહુનાં કાળજા ફરવાને લાગ્યાં, સ્ત્રી - પુરૂષ જાય છે ભાગ્યા;
કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આ તે ઉત્પાત ? ૧૪
શંખનાદ તો બીજે - નવ થાય, એહવો બળિયો તે કોણ કહેવાય ?
કાઢો - ખબર આ તે શુ થયું ?, ભાગ્યું નગર કે કોઈ - ઉગરીયું ? ૧૫
તેટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એ તો - તમારો નેમજી ભાઈ;
કૃષ્ણ પૂછે છે નેમને વાત, ભાઈ શો - કીધો આ તેં ઉત્પાત ? ૧૬
નેમજી કહે સાંભળો હરિ, મે તો અમસ્તી રમત કરી;
અતુલી બળ દીઠું - નાનડે વેશે કૃષ્ણજી જાણે એ રાજને લેશે. ૧૭
ત્યારે વિચાર્યું દેવ મોરારિ, એને પરણાવું સુંદર નારી;
ત્યાં બળ એનું ઓછું જો થાય, તો આપણે - અહીં રહેવાય. ૧૮
એહવો વિચાર મનમાં આણી, તેડ્યાં લક્ષ્મીજી આદે પટરાણી;
જળક્રિડા કરવા તમે - સહુ જાઓ, નેમજીને તુમે વિવાહ મનાવો. ૧૯
ચાલી પટરાણી સરવે સાજે, ચાલો દેવરીયા નાવાને - કાજે;
જળક્રિડા કરતાં બોલ્યા રૂકમણી, દેવરીયા પરણો - છબીલી રાણી. ૨૦
વાંઢા નવિ રહીએ દેવર નગીના, લાવો દેરાણી રંગના;
ભીના નારી વિનાનું દુઃખ છે ઘાડુ, કોણ રાખશે બાર ઉઘાડું ? ૨૧

પરણ્યા વિના તો કેમ ચાલે ? કરી લટકો ઘરમાં કોણ મ્હાલે ?
ચુલો ફુંકશો પાણીને ગાળશો, વેલા મોડા તો ભોજન - કરશો. ૨૨
બારણે જશો અટકાવી તાળું, આવી અસુરા - કરશો વાળું;
દીવાબત્તીને કોણ જ કરશે ? લીંપ્યા વિના તો ઉઝેડા વળશે. ૨૩
વાસણ ઉપર તો નહિ - આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ;
પ્રભાતે લૂખો ખાખરો ખાશો. દેવતા લેવા સાંજરે જશો. ૨૪
મનની વાતો કોણે કહેવાશે ? તે દિન નારીનો ઓરતો થાશે;
પરોણા આવીને પાછા જો જશે, દેશ વિદેશ વાતો બહુ થાશે. ૨૫
મ્હોટાના છોરૂં નાનેથી વરિયા, મારૂં કહ્યું તો માનો દેવરીયા;
ત્યારે સત્યભામા બોલ્યા ત્યાં વાણ, સાંભલો નેમ ચતુર સુજાણ. ૨૬
ભાભીનો ભરોસો નાશીને જશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે;
પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝા વાનાં તો તમને કરશે. ૨૭
ઉચાં મન ભાભી કેરાં કેમ સહેશો ? સુખદુઃખની વાત કોણ આગળ કહેશો ?
માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિ આપું નાવાનું પાણી. ૨૮
વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગાવ્હાલામાં હલકા જ થઈએ;
પરણ્યા વિના તો - સુખ કેમ થાશે ? સગાના ઘેર ગાવા કોણ જશે. ૨૯
ગણેશ વધાવા કોને મોકલશો ? તમે જશો તો - શી રીતે કરશો;
દેરાણી કેરા પાડ જાણીશું, છોરૂં - થાશે તો વિવાહ માણીશું. ૩૦
માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો;
ત્યારે રાધિકા - આઘેરે આવી, બોલ્યા વચન તો મોઢું મલકાવી. ૩૧
શી શી વાતો રે કરો છો સખી ? નારી પરણાવાની રમત નથી;
કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા - જોઈએ જાઝેરા દામ. ૩૨
ઝાંઝર નેપુર ને ઝીણી - જવમાળા, અણઘટ વીંછીઆ ઘાટે રૂપાલા;
પગપાને ઝાંઝી ઘુઘરીઓ જોઈએ, મ્હોટી સાંકળે ઘુઘરા જોઈએ. ૩૩
સોના ચુડલો ગજરીના ઘાટ, છલ્લાં અંગૂઠી અરીસા ઠાઠ;
ઘુઘરી પોહોંચી ને વાંક સોનેરી, ચંદન-ચૂંદડીની શોભા ભલેરી. ૩૪

કલ્લા સાંકળા ઉપર - સિંહમોરા મરકત બહુમૂલા નંગ ભલેરા;
તુલસી પાટીયા જડાવ જોઈએ, કાળી ગાંઠીથી મનડું મોહીએ. ૩૫
કાંઠલી સોહીયે ઘુઘરીયાલી, મનડું લોભાયે ઝુમણુ ભાળા;
નવસેરો હાર મોતીની માળા, કાને એરીંગ સોનેરી માળા. ૩૬
મચકણિયા જોઈએ મૂલ ઝાઝાનાં, ઝીણા મોતી પણ પાણી તાજના;
લીલાવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મૂલની ભારી. ૩૭
ચીર ચુંદડી ઘરચોળા સાડી, પીળી પટોળી માંગશે દહાડી;
બાંટ ચુંદડી કસબી જોએ, દશરા દિવાળી પહેરવા જોઈએ. ૩૮
મોંઘા મૂલાના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય;
માટે પરણ્યાની પાડે છે નાય નારીનું પુરૂં શી રીતે થાય. ૩૯
ત્યારે લક્ષ્મીજી બોલ્યા પટરાણી, દીયરના મનની વાત મેં જાણી;
તમારૂં વેણ માથે ધરીશું, બેઉનું પુરૂ અમે કરીશું. ૪૦
માટે પરણો અનુપમ નારી, તમારો ભાઈ-દેવ મોરારી;
બત્રીશ હજાર નાર છે જેહને, એકનો પાડ ચઢશે તેહને. ૪૧
માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો;
એવું સાંભળીને નેમ-ત્યાં હસીયા, ભાભીનો બોલ હૃદયમાં વસીયા. ૪૨
ત્યાં તો કૃષ્ણને ઘેર દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારા ભાઈ;
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી. ૪૩
નેમજી કેરો ત્યાં વિવાહ કીધો, શુભ લગ્નનો દિવસ લીધો;
મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત ફૂલેકા થાય. ૪૪
પીઠી ચોળે ને માનિની ગાય, ધવળમંગળ અતિ વરતાય;
તરીયા તોરણ બાંધ્યાં છે બાર, મળી ગાય છે સોહાગણ નાર. ૪૫
જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે દેવ-મોરારી,
વહુવારૂં વાતો કરે છે છાને, નહી રહીએ ઘેર જઈશું જાને. ૪૬
છપ્પન કોડ જાદવનો સાથ, ભેળા કૃષ્ણ બળભદ્ર ભ્રાત;
ચઢીયા ઘોડલે મ્યાના અસ્વાર, સુખપાળ કેરો લાધે નહી પાર. ૪૭

ક્રોધી પોતાનું તો બગાડે, સાથે રહેનારની શાન્તિને પણ નોખમાં મુકે છે.

ઘોડાવેલોને બગી બહુ જોડી, મ્યાના ગાડીઓ જોતર્યા ઘોરી;
બેઠા યાદવ તે વેડ વાંકડીયા, સોવન મુગટ-હીરલે જડીયા. ૪૮
કડાં પોંચીઓ બાજુબંધ કસીઆ, સાલો દુસાલો ઓઢે છે રસિયા;
છપ્પન કોટી બરાબરીઆ જાણુ, બીજા જાનઈઆ કેટલા વખાણું. ૪૯
જાનડીઓ શોભે બાલુડે વેશે, વિવેક મોતી પરોવે કેશે,
સોળે શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે. ૫૦
લીલાવટ ટીલડી દામણી ઝલકે - જેમ વિજલી વાદલે ચમકે;
ચંદ્રવદની મૃગા જો નેણી, સિંહલંકી જેની નાગશી વેણી. ૫૧
રથમાં બેસીને બાળક ઘવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે;
એમ અનુક્રમે નારી છે ઝાઝી, ગાય ગીત ને થાય રાજી. ૫૨
કોઈ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર;
કોઈ કહે પુણ્ય નેમનું ભારી તે થકી રાજુલ મળિયા નારી. ૫૩
એમ અન્યોન્ય વાદ-વદે છે, મ્હોદું મલકાવી વાતો કરે છે,
કોઈ કહે છે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઈશું પેલી. ૫૪
કોઈ કહે અમારા બળદ છે ભારી, પોંચી ન શકે દેવ મોરારી;
એવી વાતોના ગપોટા ચાલે, પોત પોતાના મનમાં મ્હાલે. ૫૫
બહોંતેર કલા ને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર;
પહેરી પિતાંબર જળકશી જામા, પાસે ઉભા છે નેમના મામા. ૫૬
માથે મુગટ ને હીરલે જડીયો, બહુ મૂલો છે કસબીનો ઘડીયો;
કાને કુંડલ બહુમૂલા મોતી, શેરીની નારીઓ નેમને જોતી. ૫૭
કંઠે નવસેરો મોતીનો હાર, બાંધ્યો બાજુબંધ નવ લાગી વાર;
દશે આંગળીએ વેઢને વીંટી, જાણી દીસે છે સોનેરી લીટી. ૫૮
હીરા બહુજડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પેરે વરરાજા;
મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે. ૫૯
રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી;
કુમકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે. ૬૦

પાન સોપારીને શ્રીફળ જોડે, ભરી પોસને ચઢ્યા વરઘોડે;
ચઢી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારીઓ નેમને વધાવે. ૬૧
વાજા વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકે તોરણે જાય;
ઘુંસળ મુંસળ ને રવૈયો લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા. ૬૨
દેવ વિમાને જુએ છે ચડી, નેમ નહિ પરણે જાશે આ ઘડી;
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ. ૬૩
તમો પરણશો ચતુર સુજાણ, પ્રભાતે જાશે પશુઓના પ્રાણ;
માટે દયાળુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતા રાખો. ૬૪
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યા પશુઓ નેમ દયાળ;
પાછા તો ફરીયા પરણ્યા નહી, કુંવારી કન્યા રાજુલ રહી. ૬૫
રાજુલ કહે છે ન સિધ્યા કાજ, દુશ્મન થયા પશુડા આજ;
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તીહાં ઓળંભા દે છે. ૬૬
ચંદ્રમાને તેં લંછન લગાડ્યું, સીતાનું હરણ તે કરાવ્યું;
મહારી વેળા તો ક્યા થકી જાગી, નજર આગળથી જાને તું ભાગી. ૬૭
કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો નવિ જાણી;
આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવે કુંવારી મેલી. ૬૮
એવું નવ કરીયે નેમ નગીના, જાણું છું મન રંગના ભીના;
તમારા ભાઈ એ રણમાં રઝળાવી, તે તો નારી એ ઠેકાણે ના આવી. ૬૯
તમો કુળ તણો રાખો છો ધારો, આ ફેરા આવ્યો તુમારો વારો;
વરઘોડે ચડી મોટો જશ લીધો, પાછા વળી ફજેતો કીધો. ૭૦
આંખો અંજનવી પીઠી ચોળાવી, વરઘોડે ચડતા શરમ કેમ ના આવી;
મહોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગીતો ગવરાવી. ૭૧
એવા ઠાઠથી સર્વને લાવ્યા, સ્ત્રીપુરૂષોને ભુલા ભમાવ્યા;
ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ અમારૂં કરજો. ૭૨
પાછા ન વળીયા એક જ ધ્યાન, દેવા માંડ્યું તીહાં વરસી જ દાન;
દાન દઈને વિચાર કીધો, શ્રાવણ સુદી છઠ્ઠનો મુહુરત લીધો. ૭૩

દીક્ષા લીધી ત્યાં નવ લાગી વાર, સાથે મુનિવર એક હજાર;
ગિરનારે જઈ કારજ કીધું, પંચાવનમે દહાડે કેવળ લીધું. ૭૪
પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં આંગળું પાણી;
નેમને જઈ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માગી. ૭૫
આપો કેવલ તમારી કહાવું, હું તો શોકયને જોવાને જાવું;
દીક્ષા લઈને કારજ સિધ્યું, ઝટપટ પોતે કેવળ લીધું. ૭૬
મલ્યું અખંડ એ આતમ રાજ, ગયા શિવસુંદરી જોવાને કાજ;
સુદની આઠમ અષાઠ ધારી, નેમજી વરીયા શિવવધૂ નારી. ૭૭
નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાય મારી શી મતિ;
યથારથ કહ્યું બુદ્ધિ પ્રમાણે, બેઉના સુખ તો કેવળી જાણે. ૭૮
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે;
સિદ્ધનું ધ્યાન હૃદય જે ધરશે, તે તો શિવવધૂ નિશ્ચે વરશે. ૭૯
સંવત ઓગણીશ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ;
વાર શુક્રનું ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં. ૮૦
ગામ ગાંગડના રાજા રામસીંગ, કીધો સલોકો મનને ઉછરંગ;
મહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી સલોકો સારો જશ લીધો. ૮૧
શહેર ગુજરાતના રહેવાસી જાણો, વીશા શ્રીમાળી નાત પ્રમાણો;
પ્રભુ કૃપાથી નવવિધિ થાય, બેઉ કર જોડી સુર શશિ ગાય. ૮૨
નામે દેવચંદ પણ સુર શશિ કહીએ, બેઉનો અર્થ એકજ લઈએ;
દેવ સૂર્ય ને ચંદ્ર છે શશિ, વિશેષ વાણી હૃદયમાં વશી. ૮૩

શ્રી નેમીનાથ ભગવાનનું સ્તવન

સખી શ્રવણની છઠ્ઠ ઉજળી, ભલી વિજળીનો ઝબકાર રે,
એતી વેળા પિયુજી રહ્યા, રાણી રાજુલને દરબાર રે.
પિયુજી વસે કૈલાસમાં પિયુજી ૧

પાછા તોરણથી આવી વળ્યા, કરી અમને તે કંતવિયોગી રે,
કંસાર મુજ ચાખ્યા વિના, વાલો હુઓ છે ભિક્ષાનો ભોગી રે. પિયુજી ૨
રૂડી શ્યામ ઘટા ગગને ઘરી, વાલો શામલ સુંદર વાને રે;
સહસાવને સમતા ધરી, રહ્યા મૌન તે ઉજ્જવલ ધ્યાને રે. પિયુજી ૩
કોઈ દોષ વિના દયિતા તજી, મને મેલી છે બાળે વેષ રે;
યૌવનવયમાં એકલી, તજી પિયુજી ચાલ્યા પરદેશ રે. પિયુજી ૪
સહુ યાદવ સાખે નવિ દીયો, જો હાથની ઉપર હાથ રે;
હાથ મેલાવીશ મસ્તકે, દેવદેવી સાખે જગનાથ રે. પિયુજી ૫
ઈમ રાજુલ રાગ વિરાગસેં, નેમ નામનો મંત્ર જપાય રે;
કાલાંતરે પ્રભુ કેવલી, સુણી રાજુલ વંદન જાય રે. પિયુજી ૬
ચરણઘરે નવભવ સુણી, શિવ પહોંચ્યા સલુણી નાહ રે;
ગોત્ર વિનાશે ઉપજ્યો, ગુણ અગુરુ લઘુ અવગાહ રૂ. પિયુજી ૭
સિદ્ધ સાદિ અનંતે ભંગશું, રંગ રીઝે બની ખરી પ્રીત રે;
શ્રી શુભવીર વિનોદશું, નિત્ય આવે છે ખિણ ખિણ ચિત્ત રે. પિયુજી ૮

શ્રી નેમનાથ ભગવાનનાં નવભવની સજ્ઝાય

રાણી રાજુલ જોડી કહે, એ તો જાદવકુલ શણગાર રે વાલા મારા,
આઠ ભવનો નેહલો, પ્રભુ મત મેલો વિસારી રે. વાલા ૧
વારિ હું જિનવર નેમજી, એક વિનતડી અવધાર રે, વાલા
સુરતરૂ સરખો સાહિબો, હું તો નિત્ય નિત્ય ધરૂં દેહાર રે. વાલા ૨
પ્રથમ ભવે ધનવંતીનો, તું ધન નામે ભરથાર રે. વાલા
નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે. વાલા ૩
દીક્ષા લેઈ હરખે કરી, તિહાં દેવ તણો અવતાર રે, વાલા
ક્ષણ વિરહો ખમતાં નહીં, તિહાં પણ ધરતાં પ્યાર રે. વાલા ૪

ત્રીજે ભવે વિદ્યાધરૂં, તિહાં ચિત્રગતિ રાજકુમાર રે, વાલા
ભૂપતિ પદવી ભોગવી, હું રત્નવતી તુજ નાર રે. વાલા ૫
મહાવ્રત પાળી સાધુના, તિહાં ચોથે ભવે સુરદાર રે, વાલા
આરણ્ય દેવલોકે બેઉજણા, સુખ વિલસ્યાં સવિકાર રે. વાલા ૬
પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજિત સાર રે, વાલા
પ્રીતીમતિ હું તાહરી, થઈ પ્રભુ હૈયાનો હાર રે. વાલા ૭
ગ્રહી દીક્ષા હરખે કરી, તિહાં છઠ્ઠે ભવે સુરદાર રે, વાલા
માહેન્દ્ર દેવલોકમાં તિહાં, સુખ વિલસ્યાં વારોવાર રે. વાલા ૮
શંખરાજા ભવ સાતમો, તિહાં યશોમતી પ્રાણ આધાર રે, વાલા
વીશસ્થાનક તિહાં ફરસતાં, જિનવર પદ બાંધ્યું સાર રે વાલા ૯
આઠમે ભવ અપરાજિતે, તિહાં વર્ષ ગયા બત્રીશ હજાર રે વાલા
આહારની ઈચ્છા ઉપની, એતે પુરવ પુન્ય પ્રકાર રે. વાલા ૧૦
હરિવંશ કુળમાં હું ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હાર રે, વાલા
નવમેં ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહાર રે. વાલા ૧૧
એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે, વાલા
હું તમને તેડવા કારણે, કાંઈ આવ્યો સસરાજીને દરબાર રે. વાલા ૧૨
અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જય રે, વાલા
માની વચન રાજીમતી, તિહાં ચાલી પિઉડાની લાર રે. વાલા ૧૩
ધન્ય ધન્ય જિન બાવીશમો, જિણે તારી પોતાની નાર રે, વાલા
ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીઓમાં શિરદાર રે. વાલા ૧૪
સંવત સત્તર ઈકોતરે, તિહાં શુભવાર રે, વાલા
કાંતિવિજય રાજુલનાં, તિહાં ગુણ ગાયા શ્રીકાર રે. વાલા ૧૫



કંકુ છાંટીને લખીએ કંકોતરી

કંકુ છાંટીને કંકોતરી મોકલી,
માંહી લખિયા છે શુભ સંદેશ,
ઓચ્છવમાં પધારજો રે...

વદ દશમ ઓચ્છવ મંડાય છે.
શુભ મુહૂર્તે કુંભ-સ્થાપના થાય, પૂજાઓ ભણાય...
પૂજનમાં પધારજો રે...

વદ તેરશે નવગ્રહ પૂજના રે, કરે ભાવિક,
નર ને નાર ધરી ભાવ ઉદાર,
પૂજનમાં પધારજો રે...

સુદ એકમ માગશરની શોભતી, પ્રભુજીને,
અઢાર અભિષેક કરાય, આશાતના દૂર થાય,
ક્રિયામાં પધારજો રે...

વરઘોડા ચડે બડા ઠાઠથી,
જૈન શાસનની જ્યોત જગાય સમકિત
નિર્મળ થાય,વરઘોડામાં પધારજો રે...

સુદી બીજ અતિ રળિયામણી રે,
જિહાં શાંતિ-સ્નાત્ર ભણાય રે,
લાખેણી આંગી રચાય, પૂજનમાં પધારજો રે...

એમ અઠ્ઠાઈ મહોત્સવ, સંઘ ઊજવે રે...
એમ વરતે જયજયકાર,
મહોત્સવમાં પધારજો રે...

કંકુ છાંટીને કંકોતરી મોકલી,
માંહી લખિયા છે શુભ સંદેશ,
ઓચ્છવમાં પધારજો રે...

આજ વગડાવો

હે આજ વગડાવો વગડાવો, રૂડાં શરણાઈ ને ઢોલ,
હે શરણાઈ ને ઢોલ, નગારાં, શરણાઈ નેં ઢોલ... આજ...
આજ નાચે રે ઉમંગ, અંગ અંગમાં રે લોલ (૨)
હું તો એવો રે રંગાણો પ્રભુ રંગમાં રે લોલ,
હું તો ગાવું ને ગવરાવું રૂડા ભક્તિના બોલ... આજ...
આજ આવ્યો રે અવસર અમ આંગણે રે લોલ (૨)
બાંધો આસોપાલવનાં તોરણિયાં રે લોલ,
હે આજ આનંદ ઉભરાય તનમનમાં... આજ...
આવો આવો સ્નેહીઓ, સહુ આંગણે રે (૨)
અમે વાટલડી જોઈ બેઠા બારણે રે લોલ,
હે પ્રેમે પધારો બોલો પ્રભુજીના બોલ.... આજ...

ધૂમ પડે ધરતી તપે રે

વા વા ધૂમ પડે ધરતી તપે રે, વા વા પડે રે નગારાં રી ઠોર
પ્રભુજી થોરી જોનમાંય રે...
ઘોડીરા ઘુંઘર વાજના રે, રોલે ઝપડે રમઝોળ...પ્રભુ
નાભિરાજા કેરો ચાલણોરે, માતા મરૂદેવી સાથ...પ્રભુ
ઈણરેશત્રુંજયરા મારગેરે, ઝીણો ઝીણો ઉડરે ગુલાલ...પ્રભુ
વા વા ઉડતાં પંખેરૂં ને પૂછીયુંરે, શત્રુંજયકતરોક દૂર...પ્રભુ
પાપીરે કાંટો ભાંગીયોરે, ધર્મી દોડ્યો જાય...પ્રભુ...

પ્રભુ પોંખણાના ગીત

(૧)

શ્રી જિનરાજને પોંખવાએ આવે આવે સૈયરનો સાથ,
જિણંદને પોંખવાએ ગાવે ગાવે સોહાગણ નાર જિણંદનેએ-ટેક
ધ્વજ પૂજન અભિષેકમાંએ, કરો સામઈયામાં સાર,
જિણંદને વલી વરઘોડામાં સાર જિણંદને - ૧
ઈંડી પિંડી ધૂસરને મૂસલએ, રવૈયો સંપૂટ કરાય
જિણંદને-મંગલદ્રવ્ય કરે પુંખણાએ સંઘને મંગલ થાય જિણંદને - ૨
પૂર્વે ઈન્દ્રાણીએ પોંખીયાએ, વિધિ વિનય એક તાર
જિણંદને હેતુ ગુરૂગમ ધારીએએ ટાળવા કર્મ સંભાર જિણંદને - ૩
કુંકુમ અક્ષત વધાવીયાએ, મોતીએ તે મોડ ધરાય જિણંદને
સુંદરી શિર ઘરી ઘાટડીએ લળીલળી પ્રણમે પાય જિણંદને - ૪
કરણી એ ભરણી પુણ્યનીએ, મલીમલી વનિતા વૃંદ જિણંદને
કરશે તરશે અનુક્રમે એ, એમ કહે ખીમચંદ જિણંદને - ૫

(૨)

જીરે ઈંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે શી કરી કરણી તમે એહ,
પ્રભુને કેમ પોંખીયાએ...
જીરે અમે તેમાં સમજ્યા નહીં રે, જીરે કારણ દાખવો તેહ -
પ્રભુને પોંખીયાએ...(૧)
જીરે પહેલું તે ઘોંસરૂં (૧) આદર્યું રે જીરે ઘોંસરૂં ગાડલે હોય -
પ્રભુને એમ પોંખીયાએ
જીરે સંસારે ઘોંસરૂં નાખીયું રે જીરે સંસારથી પાર પામે સોય -
ઘોંસરે એમ પોંખીયાએ (૨)
જીરે ઈન્દ્રાણી પૂછે વેવાણોને રે, જીરે મુસલ(૨) ખાંડણીએ હોય
- પ્રભુને કેમ પોંખીયાએ

જરે મુસલે તંદુલ કાઢીયે રે, અરે સંસારથી જણ કાઢો જોય -
પ્રભુને એમ પોંખીયાએ (૩)
જરે ઈન્દ્રાણી પૂછે વેવાણોને રે, જરે રવૈયો(૩) ગોળીએ હોય-
પ્રભુને કેમ પોંખીયાએ
જરે રવૈયે માંખણ નીપજે રે, જરે સંસાર સાણરસ હોય -
પ્રભુને એમ પોંખીયાએ (૪)
જરે ઈન્દ્રાણી પૂછે છે વેવાણોને રે, જરે ત્રાક(૪) તે રેંટીએ હોય
ત્રાકે કેમ - પોંખીયાએ
જરે ત્રાકે સૂતર નીપજે રે, જરે સંસારથી અર્થ કાઢો ઘોય
ત્રાકે એમ પોંખીયાએ (૫)
જરે ઈન્દ્રાણી પૂછે વેવાણોને રે, જરે સરીયો(૫) કુંડાને હોંય
સરીયે કેમ - પોંખીયાએ
જરે સરીયાથી વસ્તુ સહુ નીપજે રે, જરે મંગલ ધર્મથી
એમ સરીયે એમ - પોંખીયાએ (૬)
જરે પાંચ મંગલ એમ પરવડાં રે, જરે આદરે સઘળા લોક -
પ્રભુને એમ પોંખીયાએ
જરે તેહ કારણ હા કરૂં રે, જરે શું જાણે દેવતા લોક -
પ્રભુને એમ પોંખીયાએ (૭)

(૩)

પ્રાચીન સાહિત્યોદ્ધારક આચાર્યદેવ જિનેન્દ્રસૂરીશ્વર મહારાજ વિરચિત

રાગ - (મીઠા લાગ્યા....યા...રૂડો લાગે છે...)

હોંશે હોંશે જશે પ્રભુજીને પોંખવા, સોદ્ધાગણ હર્ષ ન માય રે,
પ્રેમે પ્રેમે પ્રભુજીને પોંખીએ,

પહેલું પોંખણું ઘોસરૂં જાણીએ, ઘોસરૂં ગાડલે મૂકાય રે પ્રેમે,
ધર્મનું ઘોસરૂં તેમ ઉપાડીએ, સંસારથી પાર પમાય રે પ્રેમે (૧)
બીજે પોંખણે મુસલ જાણીએ, મુસલ ખાંડણીએ મૂકાય રે પ્રેમે,
મુસલથી જેમ તંદુલ કાઢીએ, કમરથી જીવ જુદો થાય રે પ્રેમે (૨)
ત્રીજે પોંખણે રવૈયો જાણીએ, રવૈયો ગોળીએ મૂકાય રે પ્રેમે,
રવૈયે જેમ માખણ નીપજે, મોક્ષ સુખ તેમ લેવાય રે પ્રેમે (૩)
ચોથે પોંખણે ત્રાકને જાણીએ, ત્રાક તે સૂતર થાય રે પ્રેમે,
સંસધાર માંહે પ્રભુજી પોંખી શિવમાલા શીઘ્ર પ્હેરાય રે પ્રેમે (૪)
પાંચમે પોંખણે સરીયો જાણીએ, સરીયે વસ્તુ થાય રે પ્રેમે,
સર્વ મંગલ તેમ ધર્મથી થાયે, કુમકુમ અક્ષતે વધાય રે પ્રેમે (૫)
વરઘોડાને સામૈયા આદિમાં, મંગલ પોંખણા કરાય રે પ્રેમે,
પાંચ મંગલ એમ નારી વૃંદ ગાવે, જિનેન્દ્ર લાગે પાય રે પ્રેમ (૬)

પ્રભાતિયાં (૧)

સરી પરભાતે ઉઠીને સામા રહીયે રે
લઈએ રૂડા દેવોના નામે નમો નમો વીસે રંગે રે
પહેલેરા આદીનાથ જગવીયા રે
બીજેરા અજિતનાથ દેવે નમો નમો વીસે રંગે રે
ત્રીજેરા સંભવનાથ જગવીયા રે
ચોથેરા અભિનંદન દેવે નમો નમો વીસે રંગે થે
ચારેઈ દેવો મે તો જગવીયા રે
રાખ્યો મારા દેરાસરનો રંગે નમો નમો વીસે રંગે રે
સરી પરભાતે ઉઠીને સામા રહીયે રે....
લઈએ રૂડા ગુરુજીના નામે નમો નમો વીસે રંગે રે
પહેલેરા રામસૂરિજી જગવીયા રે
બીજેરા અભયદેવ સૂરિ સૂરિ નમો નમો વીસે રંગે રે

ત્રીજેરા કલાપૂર્ણસૂરિ જગવીયા રે.
ચોથેરા રાજેન્દ્રસૂરિ સુરિ ગુરુ નમો નમો વીસે રંગે રે
ચારેઈ ગુરુ મે તો જગવીયા રે
રાખ્યો મારા ઉપાશ્રયનો રંગે નમો નમો વીસે રંગે રે

પ્રભાતિયાં (૨)

સામી તે ભીંતે લેખ લખાવો રે
અગર ચંદન નાધુપ ઉગેરો રે
અમીરસ મીઠડાં રે લોલ, ચંદન મીઠડાં રે લોલ
અમીરસ પીધાં માતાઓ મરૂદેવી
તેને રે જાયા રૂષભદેવ ધોરી રે
રૂષભદેવ ધોરી એ કુળ અજુવાળ્યા રે
દેહરાસર દીપાવી રંગ રાખ્યો મારા પ્રભુજી
અમીરસ મીઠડાં રે લોલ, ચંદન મીઠડાં રે લોલ

પ્રભાતિયાં (૩)

શેત્રુંજે ઝાલર વાગીયા, જગવો આદીનાથ દેવ કે ઝાલર વાગીયા
ગાયો ના ગાળા છુટીયા બળદોની બેવડ રાસો કે
ઝાલર વાગીયા...
ઘરમેના તાળા ઉઘડ્યા, પાપની ભાંગી ભૂંગળો કે
ઝાલર વાગીયા...
ધાબામાં ઝાલર વાગીયા, જગવો શાંતિનાથ દેવ કે
ઝાલર વાગીયા...
ગાયોના ગાળા છુટીયા, બળદો ની બેવડ રાસો કે
ઝાલર વાગીયા...

ઘરમેના તાળા ઉઘડ્યા, પાપની ભાંગી ભૂંગળો કે
ઝાલર વાગીયા...
ઘાનેરામાં ઝાલર વાગીયા, જગવો શાંતિનાથ દેવ કે
ઝાલર વાગીયા...
ગાયોના ગાળા છુટીયા, બળદોની બેવડ રાસો કે
ઝાલર વાગીયા...
ઘરમેના તાળા ઉઘડ્યા, પાપની ભાંગી ભૂંગળો કે
ઝાલર વાગીયા...
ભોરોલમાં ઝાલર વાગીયા, જગવો નેમિનાથ દેવ કે
ઝાલર વાગીયા...
ગાયોના ગાળા છુટીયા, બળદોની બેવડ રાસો કે
ઝાલર વાગીયા...
ઘરમેના તાળા ઉઘડ્યા, પાપની ભાંગી ભૂંગળો કે
ઝાલર વાગીયા...

પ્રભાતિયાં (૪)

આઠભર કેસર નવભર સુખડ
વરઘે વેલા ઓરસિયા મંગાવજો રે
હું તમને પુછું ઓ માતાઓ મરૂદેવી
તમે કેમ ઋષભદેવ જનમીયા રે
ઘાટ ફાડી ઘર ચોળા રે કીધા
પાણીસાટે દુધ લડે નવરાવ્યા રે
ચોખા સાટે મોતીડે વધાવીયા રે
અમે એમ ઋષભદેવ જનમીયા રે
પાંચમે રે દાડે પાંચમું નવરાવ્યું
છઠ્ઠે દાડે છઠ્ઠડી મેલાવી રે

દશમે દાડે દસમું નવરાવ્યું
છઠ્ઠે દાડે છઠ્ઠડી મેલાવી રે
દશમે દાડે દસમું નવરાવ્યું
બારે દાડે પારણીયે પોઢાડીયા રે
વીસમે રે દાડે વીસમું નવરાવ્યું
ચાલીશ દાડે ચાલીશમું નવરાવ્યું રે
અમે એમ આદેશ્વર જનમીયા રે

દીક્ષા ગીતો

મૈં તો સાસરીયો કોની જાવું

મૈં તો સાસરીયે નહીં જાવું, મોરી માઁ
મારું મન લાગ્યો સંયમમાં,
નાઈલોનની સાડી માતા, મને નહી ગમતી;
ધોલા-ધોલા કપડાં મંગાદો મોરી માઁ.. મારૂં
સ્ટીલનાં વાસણ માતા, મને નહીં ગમતાં,
પાતરાની જોડ મંગાદો મોરી માઁ.. મારૂં
મહેલ ને માલિયાં માતા મ્હારે કામ કોની આવે
ઉપાસરામાં મનડો મારો લાગો મોરી માઁ.. મારૂં
નવસેરો હાર માતા મને નહીં ગમે
નવકાર વાલીયે મનડો મોહ્યો મારી માઁ.. મારૂં
હાથો રા ગોખરું તો કામ કોની આવે.
ધવલી-ધવલી મુંહપત્તિ મંગવા દો મોરી માઁ.. મારૂં
પગોં રી પેંજન માતા મને બંધન લાગે
વિહાર કરવારી મનમેં આઈ મ્હારી માઁ.. મારૂં

ઓઘો છે અનમોલો

(રાગ : હોઠોં સે છુલો)

ઓઘો છે અનમોલો, તેનું ખૂબ જતન કરજો
મોંઘી છે મુંહપત્તિ, તેનું રોજ મનન કરજો.. ઓઘો.

આ ઉપકરણો આપ્યા, તમને એવી શ્રદ્ધાથી
ઉપયોગ સદા કરજો, તમે પૂરી નિષ્ઠાથી
આધાર લઈ એનો, ધર્મારાધના કરજો...ઓઘો.
આ વેષ વિરાગીનો, એનું માન ઘણું જગમાં
મા-બાપ નમે તમને, પડે રાજા પણ પગમાં,
એ માન નથી મુઝને, એવું અર્થ ઘટન કરજો ...ઓઘો.
આ ટુકડા કપડાના, કદી ઢાલ બની રહેશે
દાવાનલ લાગે તો, દીવાલ બની રહેશે
એના તાણા-વાણામાં, તપનું સિંચ કરજો...ઓઘો.
આ ઉજલાં વસ્ત્રો તો, છે કાયાનું ઢાંકણ
બનીં જાયે ના જો જો એ માયાનું ઢાંકણ
ચોખું ને ઝગમગતું દિલનું દર્પણ કરજો...ઓઘો

જા સંયમ પંથે દીક્ષાર્થી

(રાગ : બાબુલ કી દુવાયે લેતી જા -)

જા સંયમ પંથે દીક્ષાર્થી, તારો પંથ સદા ઉજમાળ બને
જંજીર હતી જે કર્મોની, તે મુક્તિની વરમાળ બને.
હોંશે હોંશે તું વેષ ધરે, તે વેષ બને પાવનકારી
ઉજ્જવળતા એની ખૂબ વધે, એને ભાવથી વંદે સંસારી
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દીદાર બને..જા સંયમ.

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું, તે ઉતરે તારા અંતરમાં
રગરગમાં એનો સ્રોત વહે, ને પ્રગટે તારા વર્તનમાં
તારા જ્ઞાન દીપકના તેજ થકી, આ દુનિયા ઝાકઝમાલ બને.. જા સંયમ.

વીતરાગ તણા વચનો વદતી, તારી વાણી હો અમૃતધારા
કોઈ મારગ ઢુંઢે અંધારે, તારા વેણ કરે ત્યાં અજવાળા
વૈરાગ્યભરી મધુરી ભાષા, તારા સંયમનો શણગાર બને.. જા સંયમ.
જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી
જીતે સૌનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થવિહોણા કામ થકી
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને.. જા સંયમ.
અણગાર તણા જે આચારો, એનું પાલન તું દિનરાત કરે
લલચાવે લાખ પ્રલોભન સદા, તું ધર્મ તણો સંગાથ કરે
સંયમનું સાચું આરાધન, તારો તરવાનો આધાર બને.. જા સંયમ.

મુક્તિ પંથે જાતાં

(રાગ : બેના રે...)

મનવા રે... મુક્તિપંથે જાતાં જોજે અટકી ના જવાય,
મુક્તિનો મારગ સાચો કહેવાય.
ભક્તિ જો થાય, પાપ ધોવાય,
મુક્તિનો મારગ સાચો કહેવાય...
મનવા મૂકી દે તું આ માયા સાથ કોઈ નહિ કરશે,
એક દિવસ બધું છોડી અહિંયાં બીજે જાવું પડશે,
મનવા રે... મૃત્યુની આ ઘડીઓ કોઈથી રોકી ન રોકાય.
મુક્તિનો મારગ સાચો કહેવાય...
સુખ થોડું છે આ સંસારે વાત નહિ એ ભૂલજો,
દુઃખને સામે પગલે વધાવી હસતા હસતા રહેજો,
મનવા રે... સુખ દુઃખમાં તું જોજે તારું ભાન ના ભુલાય.
મુક્તિનો મારગ સાચો કહેવાય...

સંયમની મોરલી વાગી રે...

(રાગ : મોરલી વાગી રે... રાજના કુંવર)

સંયમની મોરલી વાગી રે.....લાડકડા કુંવર,
હે.. ચાલોને સુણવા જઈએ મોરલી વાગી રે... લાડકડા કુંવર.

તું તો માયાને મૂકી ચાલ્યો રે.....લાડકડા કુંવર;
તું તો બનવા શુભ અણગાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૧

તને દુનિયા અસાર લાગી રે.....લાડકડા કુંવર;
તારે સજવા સંયમ શણગાર... મોરલી વાગી રે....લાડકડા કુંવર. ૨

તને માત-પિતા ભાઈ વિનવે રે.....લાડકડા કુંવર;
તું ન લે સંયમભાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૩

તું મારા કાળજડાની કોર રે.....લાડકડા કુંવર;
તું તો હૈયા કેરો હાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૪

તું તો ચાલ્યો ઉત્તમ પંથ રે.....લાડકડા કુંવર;
મારી આંખે વહે અશ્રુધાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૫

તને સંસાર લાગ્યો ભૂંડો રે.....લાડકડા કુંવર;
તને સંયમ લાગ્યો પ્યારો... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૬

જન્મ મરણના ફેરા ટાળવા રે.....લાડકડા કુંવર;
તું તો ત્યાગી રહ્યો સંસાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૭

ત્યાગ વિરાગનાં ફૂલો બિછાવજે રે.....લાડકડા કુંવર;
ખિલાવજે અંતરદ્વાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૮

જ્ઞાન દર્શન ચરણને પાળજે રે.....લાડકડા કુંવર;
વંદે હર્ષ શત શત વાર... મોરલી વાગી રે... લાડકડા કુંવર. ૯

હું તો અરિહંત અરિહંત જપું

હું તો અરિહંત અરિહંત જપું મોરી માત,
મારું મન લાગ્યું સંયમમાં.
હું તો સાસરિયે નહીં જાઉં મોરી માત...
મારું મન લાગ્યું સંયમમાં...
બાગ ને બગીચા મને હવે નથી ગમતા,
હે મારે આત્મસ્વરૂપમાં રમવું છે માત...
સિમલા ને માથેરાન મારે નથી જાવું,
હે બધાં તીર્થોની જાત્રા કરીશું મારી માત...
સૂટિંગ ને શર્ટિંગ મારે કામ નહીં આવે,
હે મને ધોળાં ધોળાં કપડાં મંગાવો મારી માત...
વાડી બંગલામાં મને સૂનું સૂનું લાગે,
હે મને વહાલો ઉપાશ્રય લાગે મોરી માત...
એમ.એ.પી.એચ.ડી. મારે નથી કરવી,
મારા આત્માની ડિગ્રી મેળવવી રે મારી માત...
હેરતણી સ્ટાઈલ મારે કામ નહીં આવે,
હે મારે માથે મુંડન કરાવું રે માત...
નોટોનાં બંડલ મારે હે નથી ગણવાં,
હે મને નવકારવાળી આપો મારી માત...
રાત્રિભોજન મારે નથી કરવાં,
અભક્ષ-અનંતકાય મારે નથી ખાવા,
હું તો ઘેર ઘેર ગોચરી ફરીશ મારી માત...
ક્ષણિક સુખમાં નથી લલચાવું,
હું તો ઝંખું છું કાયમનાં સુખ મારી માત...

સોનાનાં પિંજરામાં નથી રે પુરાવું,
હું તો ગગનવિહારી ગરૂડ મારી માત...
બહારની દુનિયાના સિકંદર નથી થાવું,
હે મારો આદર્શ છે પ્રભુ મહાવીર મારી માત...
ઝીણા ઝીણા ઝઘડામાં શહીદ નથી થાવું,
હે મારે સૌની સાથે સંપીને રહેવું મારી માત...
સંસારી સગાવ્હાલાં કામ નહીં આવે,
હે મેં તો ગુરુજીથી બાંધી છે, પ્રીત મારી માત...
જ્ઞાન અને ધ્યાન મારે કામ નહીં આવે,
હે મને ગુરુજીની કૃપા અપાવો મારી માત...
મહાવીરે ચીંધ્યા રાહે બેટો તારો જાય છે.
હે મને હસીને આપજે આશિષ મારી માત...
હે તને વિનવું છું કદી ના રડીશ મારી માત...
હું તો અરિહંત અરિહંત જપું મારી માત...
મારૂં મન લાગ્યું સંયમમાં, મારૂં મન લાગ્યું દીક્ષામાં...

卐 ■ 卐

* ભગવાન તીર્થંકરદેવ વડે ચિંતવન કરવામાં આવેલી અધ્રુવ આદિ બાર-ભાવના વૈરાગ્યની માતા છે, સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે, દુઃખી જીવોને શરણભૂત છે, આનંદ ઉત્પન્ન કરવાવાળી છે, પરમાર્થમાર્ગને બતાવવાવાળી છે, તત્ત્વનો નિશ્ચય કરાવનારી છે, સમ્યક્ત્વ ઉત્પન્ન કરનારી છે, અશુભધ્યાનને નાશ કરનારી છે, આત્મકલ્યાણના અર્થી જીવે હંમેશા ચિંતવન કરવા યોગ્ય છે. *(શ્રી ભગવતી આરાધના)*

સ્તવન માળા

❀ ભાવનાના નૂતન સ્તવનો ❀

(૧)

ઓ પંખીડા ઓ પંખીડા પંખીડા ઓ પંખીડા... ૨
પંખીડા તું ઉડી જજે સિદ્ધાચળ રે. ૨
દાદાને કહેજો રે કે પૂજનમાં આવે રે... ૨
મારા વહાલા રે સોનીડા વીરા તમને વિનવું રે
મારા દાદાને કાજે રે રૂડા મુંગટ લાવજે રે,
હે સારા લાવજે સુંદર લાવજે શોભે તેવા રે... ઓ. પં...
મારા વહાલા રે માલીડા વીરા તમને વિનવું રે
મારા દાદાને કાજે રે સુંદર હાર લાવજે રે,
હે સારા લાવજે સુંદર લાવજે, શોભે તેવા રે. ઓ. પં...
મારા વહાલા રે કંદોઈયા વીરા તમને વિનવું રે
મારા દાદાને કાજે રે સુંદર મિઠાઈ લાવજે રે.
હે સારી લાવજે સુંદર લાવજે શોભે તેવી રે. ઓ પં...

(૨)

હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.
હે સંકટના હરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.
મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોના ભૂલનારા...તારી.
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી;
અવળી ને સવળી કરનારા...તારી.
હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા,
વિષને અમૃત કરનારા...તારી.

કદી છોરૂં કછોરૂં થાયે, તું તો માવિતર કહેવાયે;
શીળી છાયાના દેનારા...તારી.

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો;
મારા સાચા તારણહારા...તારી.

છે મારૂં જીવન ઉદાસી, તું શરણે લે અવિનાશી;
મારા દિલમાં હે રમનારા...તારી.

(૩)

ટહુકા કરતો જાય રે મોરલો, ટહુકા કરતો જાય,
પહેલે ટહુકે ઊડીને આવ્યો, પાલીતાણાને ધામ,
આદીશ્વર દાદાને લઈને તું તો, આવજે આપણે ગામ.
... કે મોરલો ટહુકા કરતો જાય

બીજે ટહુકે ઊડીને આવ્યો, ગિરનારને ધામ.
નેમનાથને લઈને તું તો, આવજે આપણે ગામ
... કે મોરલો ટહુકા કરતો જાય

ત્રીજે ટહુકે ઊડીને આવ્યો, શંખેશ્વરને ધામ.
પારસનાથને લઈને તું તો આવજે આપણે ગામ.
... કે મોરલો ટહુકા કરતો જાય

ચોથે ટહુકે ઊડીને આવ્યો, ઉદેપુર ગામ.
કેસરિયાજીને લઈને તું તો, આવજે આપણે ગામ.
... કે મોરલો ટહુકા કરતો જાય

ટહુકા કરતો ઊડીને આવ્યો, સર્વે પ્રભુને સાથ.
ભવના મુસાફિર ગુણલા ગાતા, પ્રભુજીનાં ગામો ગામ.
... કે મોરલો ટહુકા કરતો જાય

(૪)

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા ...
ઢોલીડા તું ઢોલ ધીમો ધીમો વગાડના,
પ્રભુ ભક્તિનો જે જે મહિમા વહી જાય ના;
હો હો વીરપ્રભુની વાણી મેં અંતરથી એ જાણી.
પ્રભુજીના ગુણલા ગાતા હૈયું આ ઘરાયના;
પ્રભુ ભક્તિનો જે જે મહિમા વહી જાય ના... ઢોલીડા ...
હો હો પલપલ સમરૂં હૈયે આવું હું ઉમંગે,
દર્શન કરતાં કરતાં મારી આંખડી ધરાય ના;
પ્રભુ ભક્તિનો જે જે મહિમા વહી જાય ના... ઢોલીડા ...
હો હો કરવી તો છે મારે આ સંયમની સાધના,
આતમ દર્શન કેરો આ રંગ ઉડી જાય ના;
પ્રભુ ભક્તિનો જે જે મહિમા વહી જાય ના... ઢોલીડા ...
મુક્તિના પંથે મારી એક જ છે ભાવના
આતમ ઝંખે મારી એક જ છે ભાવના,
પ્રભુ ભક્તિનો જે જે મહિમા વહી જાય ના... ઢોલીડા ...

(૫)

ટીલડી રે મારા પ્રભુજીને શોભતી
એવી મેં તો ટીલડી ઘડાવા... ઓ પ્રભુજી મારા...
ટીલડી ઘડાવવા હું તો સોની ઘેર ગ્યો'તો,
સોનીડાએ ઘાટ રૂડા ઘડ્યા... ઓ પ્રભુજી મારા...
ટીલટી ઘડાવવા હું તો ઝવેરી ઘેર ગ્યો'તો,
ઝવેરીએ હીરા મોતી જડીયા... ઓ પ્રભુજી મારા...
એવી રે ટીલડી હું તો શંખેશ્વર લાવ્યો,
શંખેશ્વરા પાર્શ્વને ચઢાવી... ઓ પ્રભુજી મારા...

દાદા તારી ટીલડીએ સૌના મન મોહ્યા,
ભક્ત તણા અંતરીયા ખોલ્યા... ઓ પ્રભુજી મારા...

(૬)

આંખડી મારી પ્રભુ હરખાય છે. ૨
જ્યાં તમારા મુખના દર્શન થાય છે. ૨
પગ અધીરા દોડતા દેરાસર, ૨
દ્વારે પહોંચું ત્યાં અંજપો થાય છે; જ્યાં તમારા...૨
દેવનું વિમાન જાણે ઉતર્યું ૨
એવું મંદિર આપનું સોહાય છે. જ્યાં તમારા...૨
ચાંદની જેવી પ્રતિમા આપની,
તેજ એનું ચોતરફ રેલાય છે. જ્યાં તમારા...૨
મુખડું જાણે પૂનમનો ચંદ્રમા, ૨
દિલમાં તો ઠંડક અનેરી થાય છે, જ્યાં તમારા...૨
બસ તમારા રૂપને નીરખ્યા કરૂં, ૨
લાગણી એવી હૃદયમાં થાય છે. જ્યાં તમારા...૨

(૭)

એક પંખી આવીને ઉડી ગયું - ૨
એક વાત સરસ સમજાવી ગયું - ૨
આ દુનિયા એક પંખીનો મેળો,
કાયમ ક્યાં રહેવાનું છે ?
ખાલી હાથે આવ્યા એવા, ખાલી હાથે જવાનું છે,
જેને તેં તારૂં માન્યું, તે તો અહીંનું અહીં સૌ રહી ગયું,
એક પંખી આવીને...
જીવન પ્રભાતે જન્મ થયો ને, સાંજ પડે ઉડી જાતું
સગા સંબંધી માયા મૂડી, સૌ મૂકી અલગ થાતું

એકલવાયું આતમપંખી, સાથે કાંઈ ન લઈ ગયું
એક પંખી આવીને...

પાંખોવાળા પંખી ઉંચે, ઉડી ગયા આકાશે,
ભાન ભૂલી ભટકે ભવરણમાં, માયા મૃગજળના આશે;
જગતની આંખો જોતી રહીને પાંખ વિના એ ઉડી ગયું.
એક પંખી આવીને...

ધર્મ પુણ્યની લક્ષ્મી ગાંઠે, સત્કર્મોનો સથવારો,
ભવસાગર તરવાને માટે, અન્ય નથી કોઈ આરો;
જતાં જતાં પંખી જીવનનો, સાચો મર્મ સમજાવી ગયું
એક પંખી આવીને...

(૮)

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં;
તું ભક્તિ કરી લે રંગમાં, આદીનાથ તણા એ સંગમાં; ૧

ગિરિવર તણાએ રંગમાં, તું રંગાઈ જાને રંગમાં..
કંચન જેવી કાયા તારી, રાખમાં રોળાઈ જાશે.
પલ પલ પલટા લેતું જીવન, પલમાં ચાલ્યું જાશે;
ભક્તિ સૂરો મળશે ત્યારે, આતમ નિર્મલ થાશે;
તું રંગાઈ જાને રંગમાં. ૨

પાવનપંથના પગ પકડી લે, ખીલશે ભક્તિ જીવનમાં,
સુખડા મળશે દુઃખડા ટળશે, ખૂલશે દ્વાર જીવનના;
તું રંગાઈ જાને રંગમાં. ૩

આદીનાથ તણા દર્શનથી, સિદ્ધાચલ કેરા દર્શનથી,
કર્મ તૂટશે પુણ્ય થાશે, જીવન તરશે સંગમાં;
તું રંગાઈ જાને રંગમાં. ૪

કર્મ સંગાથે ચાલી રહ્યો આ જીવનનો સંગ્રામ;
પાવનભૂમિનો સાથ હશે, ત્યાં સફળ થશે અવતાર,
તું રંગાઈ જાને રંગમાં. ૫
આતમનો નહીં પીછા છોડે, આ પાપોના પડછાયા;
પાપોથી પસ્તાઈને હું, તારે દ્વારે આવ્યો,
તું રંગાઈ જાને રંગમાં. ૬

(૯)

ખાસ નોંધ : ઉપર પ્રમાણે રંગાઈ જાને સ્તવન જે છે તેમાં નીચેના સ્તવનો કોઈ પણ આંતરો તમારી રીતે જોડાણ કરીને તમો ગાઈ શકશો અને તે રીતે સ્તવન ગાઈ શકશો.

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં
આદીનાથ તણા સત્સંગમાં, સિદ્ધાચલ તણા તું સંગમાં. ૧

આજે ભજશું, કાલે ભજશું, ભજશું આદીનાથ
ક્યારે ભજશું ગિરિવર નામ
શ્વાસ ખૂટશે, નાડી તૂટશે, પ્રાણ નહીં રે તારા અંગમાં
તું રંગાઈ જાને રંગમાં. ૨

જીવ જાણતો જાજુ જીવશું, માર છે આ તમામ,
પહેલા અમર કરી લઉં નામ;
તેડું આવશે જમનું જાણજે, જાવું પડશે સંગમાં,
તું રંગાઈ જાને રંગમાં. ૩

સૌ જીવ કહેતા પછી જપીશું, પહેલા મેળવી લ્યોને દામ.
રહેવાના કરી લ્યોને ઠામ; પ્રભુ પડ્યો છે એમ ક્યાં રસ્તામાં,
સૌ જન કહેતા રંગમાં, તું રંગાઈ જાને૦ ૪

ઘડપણ આવશે ત્યારે ભજીશું પહેલા ઘરના કામ તમારા,
પછી ફરીશું તીરથધામ, આતમ એક દી ઉડી જાશે,
તારું શરીર રહેશે પલંગમાં,
તું રંગાઈ જાને રંગમાં. ૫

બત્રીસ જાતના ભોજન જમતો, વેળા કરીને ભામ,
એમાં કયાંથી સાંભળે સિદ્ધાચલ નામ.
દાનપુણ્યથી દૂર રહ્યો, ફોગટ ફરે છે ઘમંડમાં (૨)
તું રંગાઈ જાને રંગમાં. ૬

રંગ-રાગમાં કયારે રટાશે, રહી જાશે આમને આમ,
માટે ઓળખ તું આતમરામ. તું રંગાઈ જાને,
તું રંગાઈ જાને રંગમાં. ૭

(૧૦)

હે ત્રિશલાના જાયા, હું માંગું તારી માયા,
ઘેરી વળ્યા છે મુજને, મારા પાપોના પડછાયા. હે.૧

બાકુળાની ભિક્ષા વહોરી, ચંદનબાળા તારી (૨)
ચંડકોશીના ઝેર ઉતારી, એને લીધો ઉગારી (૨)
રોહિણી જેવા ચોર લૂંટારા, તુજ પંથ પલટાયા. હે.૨

જુદા થઈને પુત્રી જમાઈ, કેવો વિરોધ કરતાં (૨)
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતાં (૨)
ઝેરના ઘૂંટડા ગળી જઈને, પ્રેમના અમૃત પાયા. હે.૩

સુલસા જેવી શ્રાવિકાને, કરૂણા આણી સંભારી (૨)
વિનવું છું હે મહાવીર સ્વામી, લેશો નહિ વિસારી (૨)
સળગંતા સંસારે દેજો, સુખની શીતલ છાયા. હે.૪

(૧૧)

તુમસે લાગી લગન લે લો અપની શરણ
પારસ પ્યારા મેટો મેટોજી સંકટ હમારા...
નિશ દિન તુજકો જપું, પરસે નેહા તજું જીવન સારા,
મેટો મેટોજી સંકટ હમારા... તુમસે લાગી લગન ...૧

અશ્વસેન કે રાજદૂલારે, વામાદેવીકે સુત પ્રાણ પ્યારે
પરસે નેહા તોડા, જગ સે મુંહ મોડા, સંયમ ધારા,
મેટો મેટોજી સંકટ હમારા... તુમસે લાગી લગન ...૨

ઈન્દ્ર ઔર ધરણેન્દ્ર ભી આયે, દેવી પદ્માવતી મંગલ ગાયે.
આશા પુરો સદા, દુઃખ નાહીં આવે કદા સેવક તારા,
મેટો મેટોજી સંકટ હમારા... તુમસે લાગી લગન ...૩

જગ કે દુખ કી પરવાહ નહીં હૈ, સ્વર્ગ સુખ કી ભી ચાહ નહીં હૈ,
મેટો જનમ મરણ, હોવે ઐસા હોવે જતન,
પારસ પ્યારા... તુમસે લાગી લગન ...૪

લાખો બાર તુમ્હેં શીશ નમાવું, જગકે નાથ તુજે કૈસે પાવું
પંકજ વ્યાકુલ ભયા, દર્શન બિન યે જીયા લાગે ખારા,
મેટો મેટોજી સંકટ હમારા... તુમસે લાગી લગન ...૫

(૧૨)

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામા વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું હાર્દ રહે.

દીન ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ શ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તો એ સમતા ચિત્ત ધરું.
વીર પ્રભુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો એ ગાવે.
મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામા વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

(૧૩)

(તર્જ - બહારો ફૂલ બરસાઓ)

બહારો ફૂલ બરસાઓ, મેરે મહાવીર આયે હૈ (૨)
હવાઓ રાગિણી ગાઓ, મેરે પ્રભુવીર આયે હૈં
ખુશી મેં ઝૂમતા સાગર, યે ભક્તોં કા નિરાલા હૈ
જલાયે જ્ઞાન કી જ્યોતિ, કરે જીવન ઉજ્વલા હૈ (૨)
મહાજ્ઞાની હૈ ઉપકારી, દયાસિંધુ હૈ પ્રભુ મેરે
ફૂલ ખિલતે હૈ ફૂલવારી, ગર મિલતી આશિષ પ્યારે
યે બગિયાં આજ મહેકાઓ, મેરે પ્રભુ વીર પધારે હૈ...
અર્જ સુનલે પ્રભુ પ્યારે, કિ સચ્ચા તૂ સહારા હૈ
ભટકતે ભક્ત કે ભગવાન, કિ સચ્ચા તૂ કિનારા હૈ
ચરણ ચૂમકર ભજન ગાઓ, મેરે પ્રભુ વીર પધારે હૈં !

(૧૪)

ઝૂલો રે ઝૂલો થે તો ત્રિશલાના જાયા
થાને ઝૂલાવે આખો મારવાડ રે આખો ગુજરાત રે
થે તો ત્રિશલાના જાયા...

સોનારા પારણીયાં માંહિ, રત્નોની ઘૂંઘરીયા લગાઈ,
ફૂલો સે એને સજવાઈ, મોતીયોરી ઝાંઝરીયા હો,
રેશમરી નીલી પીલી ડોરી હાથ રે...થે તો..ઝૂલો રે...૧
મોમા મોમી થારે કાજે, ઝબલા ટોપી લાવે આજે,
ગાલો મેં ગુલાબ છાટે, આંખોં મેં કાજલીયા લગાયે,
લાડુ મંગાવે થારે મોતીચૂર રે...થે તો...ઝૂલો રે...૨
ત્રિશલા માતા હરખે હરખે, ધીરે ધીરે હલવે હલવે
વીરને પોઢાવે મલકે, હાલરીયા ગાવેને લલકે
જનમીયા રે માની કુખે તારણહાર રે...થે તો...ઝૂલો રે...૩
ધન્ય ધન્ય હો ત્રિશલા માતા, જન્મ્યા જેને ત્રિભુવન નાથ
જુગ જુગ જીવો જગત રા ત્રાતા, સંઘ રે માથે રાખજો હાથ
સંઘ ઝૂલાવે પારણીયે હો...થે તો...ઝૂલો રે...૪

(૧૫)

માઁ ત્રિશલા રે આંગણિયે, સોનારો સૂરજ ઉગ્યો રે
એં...ઉગ્યો સૂરજ ચૈત્ર સુદી તેરસ રે દહાડે રે
કે સૂરજ
સિદ્ધારથ રે ઘર આંગણિયે વીર લાડલો જનમ્યો રે
એ...જનમ્યો જગ હિતકારી મહાવીર, પર ઉપકારી રે
કે સૂરજ
છપ્પન દિક્કુમારી હલી મલીને, પાલણિયે ઝૂલારે રે
એ...સોના કેરા પાલણિયામાં, મહાવીર ઝૂલે રે
કે સૂરજ
ઘર ઘર તોરણ બંધાયા, મંગલ ગીત ગવીજે રે
એ...શહનાઈ સૂર નોબતરી, ઝણકારો બાજે રે
કે સૂરજ

ચૌસઠ ઈન્દ્ર મલી પ્રભુને, મેરૂ ગિરિ નવરાવે રે
એ...દેવી દેવતા વંદન વીરને, કરવા આવે રે
કે સૂરજ
તીન જ્ઞાનસું ઉપન્યા પ્રભુજી, ચાર અતિશય ધારી રે
એ...ત્રિશલા કૂખે અવતર્યા પ્રભુજી, કરૂણાવતારી રે
કે સૂરજ

(૧૬)

અંતરજ્ઞામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો
સાંભલીને આવ્યો હું તીરિ, જન્મ મરણ દુઃખ વારો...
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપોને
આપો આપોને મહારાજ અમને મોક્ષસુખ આપોને ॥૧॥
સહુકોનાં મનવાંછિત પૂરો, ચિન્તા સહુની ચુરો રે,
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દૂરે...સેવક. ॥૨॥
સેવક ને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે,
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો...સેવક. ॥૩॥
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસન દીજે રે,
ધૂમાડે ધીનું નહીં સાહિબ, પેટ પડ્યા પતિજે...સેવક. ॥૪॥
શ્રી શંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારો રે,
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો...સેવક. ॥૫॥

(૧૭)

ચાર શરણ

અરીહા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં વરીએ
ધમ્મો શરણં પામી વિનયે, જિન આણા શિર ધરીએ
અરીહા શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા
સિદ્ધા શરણં મુજને હોજો, રાગ-દ્વેષને હણવા

સાહુ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા
મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા કાપે
ચિદ્‌ઘન કેરી ડૂબતી નૈયા, ભવજલ પાર ઉતારે.

(૧૮)

ધન્ય ધન્ય જીવન મારું કૃપા એની લેખું

આંખ મારી ઉઘડે ત્યાં સિદ્ધાચલ દેખું, મંદિરમાં બેઠા
મારા આદિનાથ દેખું. આદિનાથ દેખું તો મન હરખાતુ,
ધન્ય ધન્ય જીવન મારું કૃપા એની લેખું - ૨
અંતરની આંખોથી દરિશન કરતાં નયન અમારા નિશદિન ઠરતાં - ૨
તારી રે મૂરતિયે મારું મન લલચાણું,
ધન્ય ધન્ય જીવન મારું કૃપા એવી લેખું - ૨
નવણ કરાવીને અંતર પખાળું,
કેશર ચઢાવીને મારા કર્મોને બાળું,
ચંદન ચઢાવી મનને શીતળ બનાવું,
ધન્ય ધન્ય જીવન મારું કૃપા એની લેખું - ૨
સોના રૂપાના ફૂલડે વધાવું, અંતરથી તારી
આરતી ઉતારું, ભવોભવ માંગુ શરણું તમારું,
ધન્ય ધન્ય જીવન મારું કૃપા એની લેખું - ૨
નિશદિન તારા ગુણલા હું ગાવું, શિવમસ્તુ સર્વની ભાવના ભાવું,
જ્યારે જ્યારે યાદ કરું તુઝને હું દેખું, ધન્ય ધન્ય જીવન મારું કૃપા
એની લેખું.

(૧૯)

હું છું અનાથ મારો ઝાલજો રે હાથ
વિનવું છું પ્રભુ ! પારસનાથ
હું છું પ્રવાસી, નથી કોઈનો સંગાથ
વિનવું છું પ્રભુ ! પારસનાથ
સગાંસંબંધી સ્નેહીઓ સૌએ
તો યે હું નિરાધાર
એકલવાયો છું અવનિમાં
તારો છે આધાર
જવું છે દૂર દૂર દેને રે સાથ... વીનવું છું.
ભડભડતી આગમાંથી નાગને ઉગાર્યો
નયનોથી વરસાવી નેહ
સંસાર તાપે હું યે બળું છું
ઉગારી લાવીને નેહ
દીનબંધુ છો દીનોના નાથ...વીનવું છું.
મુક્તિ નગરમાં જવું છે મારે
વચમાં છે સાગર મોટો
આગળ જઉં ત્યાં પાછો પડું છું
મારગ મળ્યો ખોટો
તાર જો રે મને ત્રિભુવનના નાથ...વીનવું છું.

(૨૦)

આ જગની માયા છોડીને વૈભવને તરછોડી
જોગી થઈને જાય મહાવીર... જોગી થઈને જાય
તનડાના સગપણ તોડી... મમતાથી મનડું મોડી
જોગી થઈને જાય મહાવીર
... જોગી થઈને જાય.

રાજપાટથી પરવારીને વાટ લીધી જંગલની
અંગે અંગે ભરી ભાવના દુનિયાના મંગલની
નારીને એણે વિસારી...તજિયા સૌ સંસારી
... જોગી થઈને જાય.

વનવગડાના ઘોર ભયંકર એણે મારગ વંધ્યા
હસતે મુખડે કષ્ટ સહીને એણે વિષડાં પીધાં
અન્ન અને જળ ત્યાગી... એ તો મુક્તિનો અનુરાગી
... જોગી થઈને જાય.

ચંદનબાળા ચંડકોશિયા સહુને લીધા ઉગારી
જીવો અને જીવવા દો મંત્ર રહ્યા લલકારી
સતનું સંગીત ગાયું એણે... પ્રેમનું અમૃત પાયું
... જોગી થઈને જાય.

(૨૧)

આ જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો,
મનને મહેતાજી કરી કામે લગાડજો... આ૦

આજ સુધી જીવ્યા તમે કેટલું ને કેવું,
કેટલી કમાણી કરી કેટલું છે દેવું,
કાઢી સરવૈયું કોઈ સંતને બતાવજો... આ૦

કેટલાં સત્કર્મો કર્યા કેટલી લબાડી,
કયા પાટે ચાલી રહી, જિંદગીની ગાડી,
પ્રભુ પંથ પામવાને પાટા બદલાવજો... આ૦

જમા ને ઉધારનો કાઢજો તફાવત,
કેટલી પ્રભુના નામે કરી છે બનાવટ,
એક એક પાનું ચિંતનથી ચકાસજો... આ૦

કંઠી પહેરીને કંઠ કેટલાનાં કાપિયા,
માળાનાં મણકામાં પ્રભુજીને માપિયા,
તિલકની બુદ્ધિથી શુદ્ધિ વધારજો... આ૦
ધર્મની વાતો તમે કેટલી પચાવી,
કેટલી કુટેવો છોડી, કેટલી બચાવી,
સત્સંગથી જીવનને સુંદર બનાવજો... આ૦

(૨૨)

(રાગ - આવો આવો દેવ મારા...)

મહાવીર સ્વામી મહારા....
મારે જાવું સાગર પાર
મુજને મારગડો દેખાડ...
આડા કંટક અંધકાર ને...
કેમ કરી જવાય...મુઝને
ભવસાગરમાં ભમતાં ભમતાં
હજુ ના આવ્યો પાર...
રાગ-દ્વેષના અનેક બંધન...(૨)
છૂટે ના ભવ પાર...મુજને
નાવડી મારી મઘદરિયે છે
બેઠી ઝોલાં ખાય
સુકાની થઈને મહાવીર આવો
ઉતારો ભવ પાર...મુજને
નાવડી મારી ડૂબી રહી છે
સહાય કરો ભગવાન
અષ્ટકર્મનો ક્ષય કરીને
આવું તમારી પાસ...મુજને

(૨૩)

શ્રી નેમનાથ ભગવાનનું સ્તવન

હો નેમ તમે થોડા થોડા થાઓ વૈરાગી હો નેમ
તારા નામની ધૂન મને લાગી હો ને તમે થોડા થોડા થાઓ...
જન લઈ આવીને શ્યાને સિધાવો
મારા જેવી અબળાને શાને રુલાવો
મારા દીલડામાં અતિ આગ લાગી હો નેમ તમે થોડા....
તમે ધીરે ધીરે છટડો ને દિલડામાં ખટકો
તમે નવભવની પ્રીતિ દીધી ભાગી
હો નેમ તમે થોડા થોડા થાઓ....
આપ જેવા મ્હોટાને આવડી તે રીત શાની
રોતી રોતી રાજુલને રાખોને છાની
પછી અંતે થાશું બેઉં ત્યાગી હો નેમ તમે થોડા થોડા....
ઊંચા ઊંચા પહાડોમાં કેમ સીધાવો
મુક્તિપુરીનો રાહ બતાવો
મ્હારા અંતરના દુઃખ જાય ભાગી હો નેમ તમે થોડા થોડા....
રત્ન કમલની લબ્ધિ લહેરાવો
રામ-લક્ષ્મણની કિર્તી જગમાં ફેલાવો
બન્યા અમે શીવરમણીના રાગી
હો નેમ તેમ થોડા થોડા થાઓ....

(૨૪)

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

તમે માયાની જાળમાં જૂઠા સંસારમાં
રટીલ્યો મહાવીર નામને,
પવન ઝેરી કળીયુગનો આ થાય છે.
તોયે માનવ-માયામાં મલકાય છે.

જરા અંતરના પડદા ખોલી સંસારમાં
રટીલ્યો મહાવીર નામને
બાળપણ તો ગુમાવ્યું રમીરંગમાં
જી ઉભા છો માયાની સંગમાં
હવે ઘડપણમાં સહેજે સંભાળો સંસારમાં
રટી લ્યો મહાવીર નામને
કંઈક મોહ્યા છો રૂપગુન ગાનમાં
કંઈક ભૂલ્યા છો ભાન અભિમાનમાં
એ છે સ્વપ્ન સમાન સહુ સુખો સંસારમાં
રટી લ્યો મહાવીર નામને
જેણે જાણ્યા છે જિન ભગવાનને
તે તો પામ્યા છે અવિચળ ધામમાં
બાળકર જોડી કહે છે તમને સંસારમાં
રટી લ્યો મહાવીર નામને

(૨૫)

મારી એક તમન્ના છે, પ્રભુ દર્શન મુઝને દે - (૨)
તારે શરણે રાખી લે, પ્રભુ દર્શન મુઝને દે - (૨)
મારી એક તમન્ના છે - (૨)
મારા મનમાં કંઈ કંઈ થાય, (૨) તારો વિયોગ ન સહેવાય (૨)
મારા મનમાં કંઈ કંઈ થાય, (૨), ક્યારે ભેટો તારો થાય (૨)
મારી મુંઝવણ એવી છે - (૨) પ્રભુ દર્શન મુઝને દે, (૨)
મારી એક તમન્ના છે - (૨)
મારા ભવના તારણહાર (૨), મારો જાલી લેજે હાથ, (૨)
મારા ભવના હે તું નાથ (૨), મારો કરજે બેડો પાર, (૨)
બસ એકજ કહેવું છે (૨), પ્રભુ દર્શન મુઝને દે, (૨)
મારી એક તમન્ના છે - (૨)

(૨૬)

મારી આ જીવન નૈયા

મારી આ જીવન નૈયા, મારી આ જીવન નૈયા
જોજે ના ડૂબે નૈયા, જોજે ના ડૂબે નૈયા મારી આ જીવન નૈયા...

નાવ ઝોલે ચડી, ઊંચે આંધી ચડી, મારે જવું છે દૂર કાંઈ સુઝે નહીં,
નથી જડતી કડી, રાત કાળી નડી, ઘનઘોર ઘટા જાણે છાઈ રહી,
દશા છે આવી મારી, એને તું લે ઉગારી. (૨) જોજે ના ડૂબે

મેઘ ભીષણ ગરજે, વીજ કળકળ બોલે,
મને એ કે કિનારો જોવા ના મળે
જાણે પાણી તળે, સામું કોઈ ના મળે, તને યાદ કરું છું હું પળે પળે
સાગર છે બહુ તોફાની, પ્રભુ તું છે સુકાની. (૨) જોજે ના...

ચંદ્ર વાદળ છુપાય, તારલીયા ના દેખાય,
રાત અંધારી કેમે કરી ના સહેવાય.
નાવ મારી અથડાય, મોજાં સાથે પછડાય,
નાવ તુટીને અંદરમાં પાણી ભરાય
નૈયા જો ડૂબે મારી, જશે લાજ પ્રભુ તારી. (૨) જોજે ના ડૂબે

મારી જીવનની નાવ, પાર એને લગાવ,
મારા અંતરના ખુણામાં દીપક પ્રગટાવ.
જ્યે જેથી અંધકાર, પહોંચી સાગરને પાર,
'જૈન સંયુક્ત મંડળ' કરે જય જયકાર
પ્રભુ તારા ગીતડાં ગાવા, મારે મન મોટા લ્હાવા (૨)
જોજે ના ડૂબે નૈયા મારી આ જીવન નૈયા...

(૨૭)

મુગટડો ચમકે છે

(તાલ-હીંચ)

તારો સોનાનો વળી રૂપાનો આ મુગટડો ચમકે છે
મુગટની કોરમોર સોહે છે કુંડળ
પ્રભુજીનું મુખડું મલકે છે...આ
મુખડું દેખી હૈયું મારૂં હરખે છે,
તારાં નયણે સદા અમીરસ વરસે છે,
હીરા મોતીની માળ મજાની સોહે છે,
મુખડા કેરી જ્યોત મજાની ચમકે છે...મુગટ
દાદા તુજને ભેટવા દિલ તરસે છે,
ભવના મુસાફર કરૂણાદષ્ટિ ઝંખે છે...મુગટ

(૨૮)

હંસલો ચાલ્યો જવાનો એકલો રે,
ત્યાં નથી કોઈનો રે સંગાથ...હંસલો
રસ્તો વિકટ ઘણેરો આવશે રે,
ભોમિયો લેજો તમે સંગાથ...હંસલો
સદ્‌ગુરુ રસ્તો તમને બતાવશે રે,
જોજો ભુલી ન જાતાં વાટ...હંસલો
માટે સાચા તે સંતને સેવજો રે,
સંત તો મુક્તિના દાતાર...હંસલો
ભાતું ભક્તિ તણું તમે બાંધજો રે,
ત્યાં નથી વાણિયા કેરા હાટ...હંસલો
માટે ભાવે ભજો ભગવાનને રે,
એ તો ઉતારે ભવજલ પાર...હંસલો

(૨૯)

આટલું તો આપજે ભગવન્

(રાગ-વાગેશ્રી)

આટલું તો આપજે ભગવન્ ! મને છેલ્લી ઘડી;
ના રહે માયા તણાં બંધન, મને છેલ્લી ઘડી. (ટેક)
આ જિંદગી મોંઘી મળી, પણ જીવનમાં જાગ્યો નહિ;
અંત સમય મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. આટલું.
જ્યારે મરણશય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી;
તું આપજે ત્યારે પ્રભુમય મન, મને છેલ્લી ઘડી. આટલું.
હાથ પગ નિર્બળ બને ને શ્વાસ છેલ્લો સંચરે;
ઓ દયાળુ ! આપજે દરશન મને છેલ્લી ઘડી. આટલું.
હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં;
તું આપજે શાંતિભરી જાગૃતતા છેલ્લી ઘડી. આટલું.
અગણિત પાપો મેં કર્યા તન-મન-વચન યોગે કરી;
હે ક્ષમાસાગર ! ક્ષમા મને આપજે છેલ્લી ઘડી. આટલું.
અંતસમયે આવી મુજને ના દમે ઘટ દુશ્મનો;
જાગ્રતપણે મનમાં રહે તારૂં સ્મરણ છેલ્લી ઘડી. આટલું.

(૩૦)

મારા મરણ વખતે બધી

મારા મરણ વખતે બધી, મિલકત અહીં પધરાવજો,
મારી જનાજી એજ, કબ્રસ્તાન માંહે લાવજો;
જે બાહૂબળથી મેળવ્યું, તે ભોગવી પણ ના શક્યો,
અબજોની દોલત આપતાં પણ, આ સિકંદર ના બચ્યો. ૧

મારૂ મરણ થતાં બધાં હથિયાર લશ્કર લાવજો,
પાછળ રહે મૃતદેહ આગળ સર્વને દોડાવજો;
આખા જગતને જીતનારૂં, સૈન્ય પણ રડતું રહ્યું,
વિકરાળ દળ ભુપાળને નહિ કાળથી છોડી શક્યું. ૨

મારા બધા વૈદ્યો હકીમોને, અહીં બોલાવજો,
મારો જનાજો એજ વૈદ્યોને ખભે ઉપડાવજો;
કહો દર્દીઓનાં દર્દને દફનાવનારૂં કોણ છે ?
દોરી તૂટી આયુષ્યની તો, સાંધનારૂં કોણ છે ? ૩

બાંધી મુઠ્ઠી રાખીને જીવો, જગતમાં આવતા,
ને ખાલી હાથે આ જગતથી, સૌ જીવો ચાલ્યા જતા;
યૌવન ફના, જીવન ફના, જર ને જગત પણ છે ફના,
પરલોકમાં પરિણામ ફળશે, પુણ્યનાં ને પાપનાં. ૪

(૩૧)

ચીઠ્ઠી રે ફાટશે ઉપરવાળાની

ચીઠ્ઠી રે ફાટશે ઉપરવાળાની, થશે વેળા તારે જવાની,
સગું કુટુંબ તારૂં ભેગુ મળીને, ચમચી પાણી પાવાની,
પાંચ પચીસ જણા ભેળા મળીને, કરશે ઉતાવળ કાઢી જવાની.
લાકડા ભેગો તને બાળી રે દેશે. હશે ઉતાવળ એને નહાવાની.
હાડકા લીને હાલતો થાશે, રાખ તારી ઉડી જવાની.
બાર દિવસ તારી મોકાણ કરીને, પછી મિષ્ટાન ખાવાની.
પ્રાણની સગી છે આ દુનિયા, પછી બધુંય ભૂલી જવાની....
ચીઠ્ઠી રે ફાટશે ઉપરવાળાની, થશે વેળા તારે જવાની.

(૩૨)

મારૂં આયખું ખૂટે જે ઘડીએ

મારૂં આયખું ખૂટે જે ઘડીએ, ત્યારે મારા હૃદયમાં પધારજો,
છે અરજી તમોને બસ એટલી, મારા મૃત્યુને સ્વામી સુધારજો.
જીવનનો નથી કોઈ ભરોસો, દોડાદોડીના આ યુગમાં (૨)
અંતરિયાને જઈને પૂછો, ઓચિંતા મૃત્યુના મુખમાં (૨)
ત્યારે સાચા સ્વજન બની આવજો, થોડા શબ્દો ધર્મના સુણાવજો.
છે અરજી....
જીવવું થોડું ને જંજાળ ઝાઝી, એવી સ્થિતિ છે સંસારની (૨)
છૂટે ના મને મરતી વેળાએ, ચિંતા મને જો પરિવારની (૨)
ત્યારે દીપક તમે પ્રગટાવજો, મારા મોહ તિમિરને હઠાવજો,
છે અરજી....

(૩૩)

પૂનમ અને અમાસ

એક હતી અજવાળી પૂનમ, ને બીજી રાતડી કાળી.
પારસનાથને એવા મળ્યા, ધરણેન્દ્ર અને મેઘમાળી. ૧
ઉપકારી ઉપકાર ભૂલે નહિ, વૈરી ભૂલે ન વેર,
એક ધરે અમૃતની પ્યાલી, બીજો હલાહલ ઝેર;
એક ભાવથી ભક્તિ કરે, ને બીજો રહે જીવ બાળી. ૨
એક દિવસ વટવૃક્ષની નીચે, પાર્શ્વ પ્રભુ ધરે ધ્યાન,
ભાન ભૂલી મેઘમાલી લાવે, આંધી ને તોફાન;
પરભનો ઉપકાર વિચારી, ન-ગ રહ્યો ફેણ ઢાળી. ૩
સમતાસાગર પાર્શ્વપ્રભુને, નહીં માન અપમાન,
હોય મિત્ર કે શત્રુ ભલેને, એને સર્વ સમાન;
સમદૃષ્ટિથી બેઉ જણાને, રહેતા નાથ નિહાળી. ૪

(૩૪)

જીવન થોડું છે

મુઠ્ઠી છોડી દો માયાની જળ, જીવન થોડું છે.
આવી જાશે ઓચિંતો કાળ, જીવન થોડું છે.

એને નિશાનો વાગતાં નગારા નથી,
એને તાર કે ટપાલનાં ખબરો નથી;
પડે હૈયામાં ઓચિંતી ફાળ - જીવન થોડું છે.

મોહ મમતામાં શાને ઘેલા થયાં,
ચાર ચોરો જીવનને લુંટી રહ્યા;
તેના જોર તણા નથી પાર - જીવન થોડું છે.

મોહ માયાને જીતવા સમર્થ બનો,
નહિં જીતો તો લુંટશે જીવન ધનો;
એવી આપદાઓ અંતરથી ટાળ - જીવન થોડું છે.

બાળપણ તો ગુમાવ્યું રમતની મહીં,
જીવ જોબન ફરતો ઘેલો થઈ;
પાણી પહેલા બાંધી લે તું પાળ - જીવન થોડું છે.

થોડું જીવન ને કરવાના કામ ઘણાં,
હવે ભાથાં ભરો પ્રભુ ભક્તિ તણાં;
જગ દીસે છે આળ પંપાળ - જીવન થોડું છે.

અંત ઘડીએ પ્રભુનું નામ લેજો,
આશા એવી જીવનમાં રાખી લેજો;
કહે બાળક આ જીવન ઉજાળ - જીવન થોડું છે.

(૩૫)

ભાવે ભજી લ્યો ભગવાન

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,
કંઈક આત્માનું કરને કલ્યાણ, જીવન થોડું રહ્યું.

એને દીધેલા કોલ તે ભૂલી ગયા,
જુઠ્ઠી માયાના મોહમાં ઘેલા થયા,
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન - જીવન થોડું

બાળપણ ને યુવાનીમાં અડધું ગયું,
નહિં ભક્તિના મારગમાં ડગલું ભર્યું
બનો આજથી પ્રભુમાં મસ્તાન - જીવન થોડું

જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો,
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસના મહેમાન - જીવન થોડું

બધા આળસમાં દિન આમ વીતી જશે,
પછી ઓચિંતું યમનું તેડું થાશે,
નહિ ચાલે તમારૂં તોફાન - જીવન થોડું

એ જ કહેવું આ બાળકનું દિલમાં ધરો,
ચિત્ત રાખી મહાવીરને ભાવે ભજો,
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન - જીવન થોડું

ચડાવાના ગીતો

★ આ વાવણીની વેલા છે વાવી લ્યો ભાઈ વાવી લ્યો
રંગમાં રંગ જમાવી લ્યો રગ-રગ રંગ લગાવી લ્યો આ.

★ જો ખોલે ના તીજોરી કા તાલા,
ઉસકા પરભવમેં નિકલે દીવાલા, તુનતુના
ક્યા લેકર તૂં આયા થા, ક્યા લેકર તૂં જાયેગા
ખાલી હાથ આયા થા, ખાલી હાથ જાયેગા
જો ખોલેગા તીજોરી કા તાલા,
ઉસકા પરભવ મેં પ્રભુ રખવાલા

★ લે જાયેંગે લે જાયેંગે દિલવાલે ચઢાવા લે જાયેંગે
રહ જાયેંગે રહ જાયેંગે, પૈસેવાલે દેખતે રહ જાયેંગે
રહ જાયેંગે રહ જાયેંગે, નોટોં કે બંડલ અહીં રહ જાયેંગે

★ અવસર આવા નહીં મલે તમે લાભ સવાયા લેજો
તમે પડોસીના કાનમાં કહેજો રે અવસર આવા નહી મલે
તમે દાટ્યું હોય તો કાઢજો રે,
કાલે કોણે દીઠી છે, અવસરિયો વહી જાય છે રે,
કાલે કોણે દીઠી છે

★ ચુપચુપ બૈઠે હો જરૂર કોઈ બાત હૈ
બોલિયાઁ બોલોગે તેરા હી દેગા પ્રભુ સાથ હૈ

★ કામ એસા કરિયો, ધન્ના શેઠને કિયા
રાણકપુર બનવા કે, જગમેં નામ કર દિયા.

★ હાથ મેં આયો હીરો મત જાવણ દીજે રે
ઈણ આયોડા અવસરીયા રો લ્હાવો લીજે રે.

★ બોલવું હોય તો બોલો, જેને લગની પ્રભુની નામની જય બોલી
મહાવીરની તમે.

★ તમે જિંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાલો માંડજો
સમજુ સજ્જન ને શાણા રે, જરા સરવાલો માંડજો
મોટર વસાવી તમે બંગલા બંધાવ્યા, ખૂબ કીધા ઈકટ્ઠા નાણા રે...

★ સંતો સે સુના હૈ, જ્ઞાનીને કહા હૈ મૈંને યહી કહા હૈ-૨
ક્યા ? બોલી બોલને વાલે કભી ડરતે નહીં,
જો ડરતે હૈ વો બોલી બોલતે નહીં...

★ શેઠ ચૂપ બૈઠે હૈ જરૂર કોઈ બાત હૈ
તિજોરી કી ચાવી ક્યા શેઠાની કે પાસ હૈ.

★ કાંઈ પડ્યા થે બંગલા મેં, એક દિન જના લકડોં મેં, છોડો ઈણરો મોહ, જ્ઞાની બાત કહે.

★ માયા ન સાથ દેગી, દૌલત ન સાથ દેગી,
ભક્તિ બિના યે જીવન, મુક્તિ મના ન દેગી.

આજનો લ્હાવો

આજનો લ્હાવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે,
અવસરીયાં વહી જાય છે... રે કાલ..
નાળું મળશે ટાણું નહિ મલે... રે કાલ..
તમે સંઘપતિ થઈને આવજો રે કાલ
તમે નવી નવી પૂજાઓ ભણાવજો રે...કાલ

વાવણીની વેળા

આ વાવણીની વેળા છે, વાવી લ્યો, વાવી લ્યો,
રંગમાં રંગ જમાવી લ્યો, રગ રગ રંગ લગાવી લ્યો,
શ્રી જિનવરની ભક્તિ કરતાં, તન મન પાવન થાય,
ધન કમાયું પુણ્ય ખર્ચતાં, પ્રભુ ચરણે ધન થાય.
ધન ને ધન્ય બનાવી લ્યો...

શ્રી સિદ્ધાચલ તીર્થની ભાવયાત્રા

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ.
પ્રભુજી સંઘ ઘણેરા આવે કે એ ગિરિ ભેટવા રે લોલ.

શાશ્વત ગિરિને ભેટવાનાં ભાવભર્યા હૃદયે પાલીતાણા નગરે પહોંચ્યાં. ગામનાં ચૈત્યોને જુહારી તળેટી રોડ પરનાં ચૈત્યોને જુહારતા આપણે સાચા શ્રી સુમતિનાથ ભગવંતના જિનાલયે આવ્યાં સાચા શ્રી સુમતિનાથ ભગવંતનાં દર્શન કરીએ છીએ... "નમો જિણાણં".

આગળ ચૈત્યોને જુહારતાં કેશરીયાજી નગરમાં આવ્યાં ત્યાં રહેલ શ્રી આદીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ. "નમો જિણાણં".

જંબુદ્વીપનાં જિનાલયમાં બિરાજમાન શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવંતને નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવંતનાં પગલાને નમસ્કાર કરીને આગમ મંદિરમાં રહેલા શાશ્વતા ચૌમુખજીને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં" ત્યાં રહેલા ભૂત-ભવિષ્ય વર્તમાનના તીર્થંકર ભગવંતોને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

અત્યંત પવિત્ર એવી ગિરિરાજની તળેટીએ આપણે પહોંચ્યા.

અનંતા આત્મા જ્યાં મુક્તિને વરેલા છે. તેવા પવિત્રતમ ગિરિરાજની સ્પર્શના પણ મારા ભવોભવનાં સંચિત કર્મોને ખપાવી દેવા સમર્થ છે. તે મહાન ગિરિરાજની સ્પર્શના કરવાનું સદ્‌ભાગ્ય આપણને સાંપડ્યું છે. તેવા અંતરનાં ઉમળકા ભેર આપણે તળેટીએ શ્રી આદીનાથ દાદાનાં પગલાંને નમસ્કાર કરીએ છીએ. જમણી બાજુ રહેલા શ્રી પુંડરીક સ્વામીનાં પગલાં તથા નાની-મોટી બધી દેરીમાં રહેલા સર્વ પગલાંને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

અહિંયા નવટુંકોના પ્રતિક રૂપે નવ દેરી બનાવી છે. અહિંયા હીરા-માણેક-મોતીના થાળ ભરી ભરત મહારાજાએ ગિરિરાજને વધાવ્યો હતો. અન્ય સંઘો અને યાત્રિકો પણ જે ભૂમિને વધાવે છે. તે પુનિત ભૂમિને યથાશક્તિ આપણે પણ વધાવીએ.

બોલો બોલો શ્રી આદીનાથ ભગવંતની જય. જય જય શ્રી આદીનાથ અહીં આપણે તળેટી સન્મુખ પહેલું ચૈત્યવંદન કરીશું.

(તળેટીનાં દર્શન કરી સ્તુતિ બોલવી)

(૧) શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, હૈયુ માફું હર્ષ ઘરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતાં તનડું નૃત્ય કરે,
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, પાવન એ ગિરિ દુઃખડા હરે,
એ તીરથનું શરણું હોજો. ભવોભવ બંધન દૂર કરે...૧

(૨) જ્યાં સિદ્ધભૂમિમાં અનંતા, આત્મા મૂક્તિ વર્યા
જ્યાં નાથ આદીશ્વર નવ્વાણું, પૂર્વ વાર સમોસર્યા,
તાર્યા ભવિ ભવ સિંધૂથી, દઈને અનુપમ દેશના
દર્શન થકી ભવ સિંધૂથી, દઈને અનુપમ દેશના
દર્શન થકી પાવન કરે તે, વિમલગિરિને વંદના...૨

હવે આપણે તળેટી સામે પ્રથમ ચૈત્યવંદન કરીએ છીએ.

ચૈત્યવંદન :-

શ્રી શંત્રુજય સિદ્ધક્ષેત્ર દીઠે દુર્ગતિ વારે
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય
પૂર્વ નવ્વાણું ઋષભદેવ જ્યાં ઠવિયા પ્રભુ પાય
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ
નાભીરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ.

સ્તવન :- *(રાગ:- પણ જ શાસન અતિ ભલું)*

ત્રિભુવન તારક તીર્થ તલાટી, ચૈત્યવંદન પરિપાટીજી, મિથ્યા મોહ ઉલંઘી ઘાટી, આપદા અળગી નાઠીજી ...ત્રિભુવન. ૧.

જિનવર ગણધર, મુનિવર નરવર, સુરનર કોડાકોડીજી, ઈહાં ઉભા ગિરિવરને વંદે, પૂજે હોડાહોડીજી ...ત્રિભુવન. ૨.

ગુણઠાણાની શ્રેણી જેહવો, ઉંચો પંથ ઈહાંથીજી, ચઢતે ભાવે ભવિ આરાધો, પૂન્ય વિના મળે કિહાંથીજી ...ત્રિભુવન. ૩.

મેરૂ સરસવ તુજ-મુજ અંતર, ઉંચો જોઈ નિહાળુંજી, તો પણ ચરણ સમીપે બેઠો, મનનો અંતર ટાળુંજી ...ત્રિભુવન. ૪.

સેવન કારણ પહેલી ભૂમિકા, અમલ અદ્વેષ અખેદજી, ધર્મરત્ન પદ તે નર સાધે, ભૂગર્ભ રહસ્યનો ભેદજી ...ત્રિભુવન. ૫.

સ્તુતિ:-

શ્રી વિમલાચલ ગિરિવર કહીએ, મોક્ષતણો અધિકારજી,
ઈણગિરિ હુંતિ ભવિજન નિશ્ચે, પામ્યા કેવળ સારજી,
કાંકરે કાંકરે સાધુ અનંતા, સિધ્યા ઈણગિરિ આયાજી,
કર્મ ખપાવીને કેવળ પામ્યા, થઈ અજરામર કાયાજી...

(ખમાસમણ)

તળેટીથી આગળ વધતાં ગોવિંદજી ખોનાનાં નવા દેરાસરમાં રહેલા મૂળનાયક શ્રી ધર્મનાથ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી આગળ વધતાં નુતન ધનવશી-ટુંક આવી, ત્યાં સહસ્રકુટ, રત્નમંદિર, જલમંદિર તેમજ નાની મોટી દેરીમાં રહેલ અનેક જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

મૂળનાયક દાદા શ્રી આદીનાથજી તથા આસપાસમાં રહેલાં શ્રી પાર્શ્વનાથ સ્વામીને તથા શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં'' કહી (ત્રણ ખમાસમણ – એક નવકારનો કાઉસગ્ગ સ્તુતિ બોલી આપણે જઘન્ય ચૈત્યવંદન કર્યું.)

બાબુનાં દેરાસરમાંથી બહાર નીકળી જમણી બાજુ ઉપર ચડતાં શ્રી ગૌતમ સ્વામીજીનાં પગલાં છે તથા શ્રી આદીનાથ ભગવાન તથા શ્રી અજીતનાથ ભગવાનની પગલાંની દેરી છે ત્યાં નમસ્કાર કરીને થોડું ઉપર ચડતાં દુર ગુફામાં આપણે હંસવાહિની સરસ્વતી દેવીને પ્રાર્થના કરીએ છીએ કે અમને શ્રુતજ્ઞાન આરાધનામાં સહાયક થાઓ.

ત્યાંથી થોડે ઉપર જતાં શ્રી ૧૦૮ તીર્થમંદિરમાં રહેલા સર્વે જિનેશ્વરોને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણાં''. ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતને તથા શ્રી અષ્ટાપદજીની રચનાકારે રહેલા ચોવીસ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં'' (જઘન્ય ચૈત્યવંદન કર્યું).

ત્યાંથી પાછા ફરી ગિરિરાજ ઉપર આગળ વધતાં પ્રથમ વિસામો છે. ત્યાં ઘોળી પરબ સામે પ્રથમ ઉદ્ધાર કરાવનાર ભરત ચક્રવર્તીનાં પગલાંને આપણે નમસ્કાર કરીએ. ''નમો સિદ્ધાણં''.

ત્યાંથી સપાટ જમીન પર ચાલતાં પ્રથમ કુંડ... ''ઈચ્છા કુંડ'' આવ્યો. ત્યાં રહેલા બીજા વિસામા પર શ્રી નેમીનાથ ભગવાન અને શ્રી આદીનાથ ભગવંતનાં પગલાંને નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં'' તથા શ્રી વરદત્ત ગણધરનાં પગલાને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો સિદ્ધાણં''.

ત્યાંથી આગળ ચાલતાં ત્રીજો વિસામો આવ્યો. લીલી પરબની બાજુમાં ઉંચા ઓટલા પર દેરીમાં શ્રી આદીનાથ ભગવંતનાં પગલાં છે. તેને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં''.

લગભગ અડધે આવતાં... પ્રભુજી આવ્યો હિંગળાજનો હડો, કેડે હાથ દઈ ચડો રે''.

ત્યાં નાની દેરીમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવંતનાં પગલાંને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં''.

જુના રસ્તે સમવસરણ આકારની દેરીમાં.... શ્રી મહાવીર સ્વામી ભગવંતનાં પગલાંને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

જુનો નવો રસ્તો થાય ત્યાં...છાલાકુંડ પાસે શ્રી ઋષભ, શ્રી ચંદ્રાનન - શ્રી વારિષેણ, શ્રી વર્ધમાન આ ચાર શાશ્વતા જિનેશ્વર ભગવાનનાં પગલાંને આપણે વંદન કરીએ છીએ... ''નમો જિણાણં''.

નૂતન માર્ગે આગળ વધતાં શ્રી પૂજ્યની દેરીમાં રહેલા પદ્માવતી દેવી મને સમ્યક્ આરાધનામાં સહાયક થાઓ. તેમનાં મસ્તક પર રહેલા શ્રી પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં'' તથા ત્યાં કુંડની ચારે તરફ શ્રી પાર્શ્વનાથ ભગવંતનાં, શ્રી આદીનાથ ભગવંતનાં તથા ગૌતમ સ્વામી ભગવંતનાં પગલાંને આપણે વંદન-નમસ્કાર કરીએ છીએ. સર્વે પાદુકાને અમારા નમસ્કાર થાઓ.

આગળ ચાલતાં સીધા રસ્તે... શ્યામ રંગની ચાર મૂર્તિ શ્રી દ્રાવીડ મુનિ, શ્રી વારિખિલ્લ મુનિ, શ્રી અઈમુત્તા મુનિ અને શ્રી નારદ મુનિ તે સર્વેને અમારી ભાવભરી વંદના હોજો...

શ્રી દ્રાવીડ - શ્રી વારિખિલ્લ મુનિ કાર્તિકી પૂર્ણિમાને દિવસે ૧૦ કરોડ મુનિ સાથે મોક્ષે સિધાવ્યા છે... ''નમો સિદ્ધાણં'' શ્રી અઈમુત્તાવ મુનિ આ સિદ્ધગિરિ પર મોક્ષે સિધાવ્યા... ''નમો સિદ્ધાણં''.

શ્રી નારદમુનિ ૯૧ લાખ મુનિ સાથે આ સિદ્ધગિરિ પર મોક્ષ ગયા... તે સર્વને મારી વંદના હોજો... ''નમો સિદ્ધાણં''.

ત્યાંથી આગળ વધતાં... એક દેરીમાં પાંચ મૂર્તિઓ બિરાજમાન

છે. તેમાં પહેલી-બીજી ભરતની એક ક્રોડ મુનિ સાથે મોક્ષે જનારા આ બંને મુનિઓને અમે ભાવભરી વંદના કરીએ છીએ... "નમો સિદ્ધાણં".

ચોથી મૂર્તિ - શ્રી શુક પરિવ્રાજકની છે. ૧૦૦૦ મુનિ સાથે કેવળજ્ઞાન પામી સિદ્ધગિરિ પર મોક્ષે જનાર આ આચાર્ય ભગવંતને આપણે ભાવભરી વંદના કરીએ છીએ... "નમો સિદ્ધાણં".

પાંચમી મૂર્તિ શ્રી શેલકાચાર્યની છે. આ ગિરિરાજ પર ૫૦૦ શિષ્યો સાથે અનશન કરી મોક્ષે ગયા છે. તે સર્વેને આપણે કોટી-કોટી વંદના કરીએ છીએ... નમો સિદ્ધાણં.

ત્યાંથી આગળ વધતાં શ્રી નમિ-વિનમિનાં પગલાં છે. શ્રી નમિ-વિનમિ મુનિ ફાગણ સુદ-૧૦નાં બે કરોડ મુનિ સાથે આ ગિરિવર પર મોક્ષે ગયા છે. તે બંને મુનિનાં ચરણ કમળમાં આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો સિદ્ધાણં".

ત્યાંથી આગળ ડુંગરની ભેખડમાં જાલી-મયાલી-ઉવયાલિની ત્રણ મૂર્તિ છે. તે ત્રણે મુનિવરોને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો સિદ્ધાણં".

રામપોળ પાસે... પહોંચતાં આનંદથી હૈયુ ડોલી રહ્યું... જય જય શ્રી આદીનાથ... કેટલા કષ્ટથી દાદા તારી પાસે આવ્યો છું. રામપોળમાં પ્રવેશતાં સામે શ્રી વિમલનાથ ભગવંતનું જિનાલય છે. તે વિમલનાથ ભગવંત તથા બીજા જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં" બાજુમાં શ્રી સુમતિનાથ ભગવંતનાં જિનાલયમાં સર્વે જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી થોડા આગળ વધતાં મોતીશાની ટુંકથી આગળ કેશવજી નાયકની ટુંક આગળ આવી ત્યાં પાંચ મહાતીર્થની રચના કરેલી છે. ત્યાં રહેલા સર્વે જિનબિંબોને હું નમસ્કાર કરૂં છું. "નમો જિણાણં".

ત્યાંથી શ્રી નેમીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાં ડાબી બાજુમાં શ્રી શાંતિનાથ ભગવંતનું જિનાલય રહેલું છે. ત્યાં રહેલા શ્રી શાંતિનાથ પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. અહીં આપણે શ્રી શાંતિનાથ દાદાની ભાવપૂર્વક સ્તુતિ કરશું.

સ્તુતિ : સુધાસોદર વાગ્જ્યોત્સના, નિર્ભ્મલીકૃતદિઙમુખઃ
મૃગલક્ષ્મા તમઃ શાન્ત્યૈ, શાન્તિનાથ જિનોસ્તુ વઃ ॥
શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિ વિધાયિને
ત્રૈલોકસ્યા-ઽમરાધીશ, મુકુટાભ્યર્ચિતાંઘ્રયે... ॥

સ્તુતિ : જેના ગુણોનાં સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ
પણ એક શ્રદ્ધા દિલમાંહે, નાથ સમ કો છે નહિ
જેના સહારે ક્રોડ તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહી
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું ॥

શાંતિનાથ ભગવંતનું ચૈત્યવંદન :-

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરા સુત વંદો,
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ...૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વર્ષ પ્રમાણ,
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ ...૨
ચાલીસ ધનુષની દેહડી એ, સમચઉરંસ સંઠાણ,
વદન પદ્મ જયું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ...૩

શાંતિનાથ ભગવંતનું સ્તવન:-

મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ ! સલૂણાં !
અચિરાજીના નંદન તોરે, દરિસન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મારો. ૧

દુઃખ ભંજન છે બિરૂદ તમારું, અમને આશ તુમારી;
તુમે નીરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી ? મારો. ૨
કહેશે લોક 'ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;'
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે. મારો. ૩
મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું. મારો. ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મારો. ૫

શાંતિનાથ ભગવંતની સ્તુતિ :-

શાન્તિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧

ખમાસમણ...

આગળ કવડયક્ષની દેરી આવે...

આપણે કવડયક્ષનેં પ્રાર્થના કરીએ છીએ કે યાત્રા માટે આવેલા સર્વ યાત્રિકોને સુખપૂર્વક યાત્રા કરવામાં સહાયક બને.

શ્રી શાંતિનાથ ભગવંતના દેરાસરજીથી થોડા પગથિયા ઉતરતાં ડાબી બાજુ શ્રી ચક્રેશ્વરી માતાની દેરી છે. બહારના ભાગમાં શ્રી પદ્માવતી - નિર્વાણી - સરસ્વતી અને લક્ષ્મીજીની દેરી છે. પાસે દેરીમાં વાગ્વેશ્વરી અને પદ્માવતીની મૂર્તિ છે. આ સર્વે દેવીઓને શાસન રક્ષા માટે અને આરાધનામાં સહાયક થવા માટેની આપણે પ્રાર્થના કરીએ. સર્વ દેવીઓને પ્રણામ.

ત્યાંથી આગળ વધતાં જમણી અને ડાબી બાજુ હારબંધ મંદિરો

આવેલા છે. આ સર્વે મંદિરોમાં રહેલા જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી આગળ ચોરીવાળા દેરાસરે 'નમો જિણાણં". શ્રી વિમલનાથ ભગવાન અને શ્રી અજિતનાથ ભગવાનનાં દેરાસરે "નમો જિણાણં" પાછળ નાની દેરીઓમાં સર્વે જિનબિંબોને "નમો જિણાણં".

ત્યાંથી આગળ વધતાં સહસ્રફણાં પાર્શ્વનાથના મંદિરે શ્રી પાર્શ્વનાથ ભગવંતને નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી આગળ ધર્મનાથ ભગવંતના દેરાસરે, ચંદ્રપ્રભ સ્વામીના દેરાસરે તથા ફરી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવંતનાં દેરાસરે રહેલા સર્વે જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

શ્રી કુમારપાળ રાજાએ બનાવેલા દેરાસરમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ.

વાઘણપોળની ડાબી બાજુ યાત્રા કર્યા પછી જમણી બાજુની યાત્રા:-

કેશવજી નાયકના મંદિરેથી ચાલતાં સમવસરણનું દેરાસર આવ્યું. ત્યાં બિરાજતાં શ્રી મહાવીર સ્વામીજીને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

ત્યાંથી આગળ શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવંતને નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

ત્યારબાદ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનાં જિનાલયે તથા શ્રી સંભવનાથ પ્રભુના જિનાલયે રહેલી સર્વે જિનપ્રતિમાને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

ત્યાર પછી... આરસની છત્રી આકારે બનેલ જિનાલયમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ.... "નમો જિણાણં".

ત્યાંથી ચાલતાં શ્રી આદીનાથ ભગવંતના દેરાસરે, શ્રી ધર્મનાથ સ્વામીનાં દેરાસરે, શ્રી મહાવીર સ્વામીના દેરાસરે આસપાસ રહેલી નાની નાની દેરીઓમાં... શ્રી શ્રેયાંસનાથ ભગવંતના જિનાલયે... સર્વે જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં".

ત્યાંથી આગળ ઈશાન ખૂણામાં ચતુર્મુખ જિનાલયમાં... તથા બે શ્રી સંભવનાથ ભગવંતના જીનાલયમાં શ્રી ઋષભદેવ સ્વામીના જિનાલયમાં ઘણા પ્રતિમાજી બિરાજમાન છે. તે સર્વેને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી આગળ આવવા નીચે શ્રી ધનેશ્વરસૂરીજીની વિશાળ મૂર્તિ છે ત્યાં તે આચાર્ય ભગવંતને અમે વંદના કરીએ છીએ.

હવે અમે હાથી પોળે પહોંચ્યા. ત્યાં જમણી બાજુએ જ્યાં સૂરજ કુંડ, ભીમ કુંડ, બ્રહ્મ કુંડ, ઈશ્વર કુંડ આવેલા છે. ત્યાં સૂરજ કુંડ પાસે સુંદર વિસામા આગળ શ્રી ઋષભદેવના પગલાંની દેરી છે. એ પગલાંને અમે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

હવે આપણે રતનપોળમાં પ્રવેશ કરીએ છીએ. સામે વિશાલ જિનાલય દેખાય છે. તે જિનાલય ભોંયતળીયેથી 'બાવન' હાથ ઉંચુ છે. શિખરમાં ૧૨૪૫ કુંભો છે. ૨૧ સિંહોના વિજય ચિન્હો છે. ચાર દિશામાં ચાર યોગીની, દશ દિક્પાલના પ્રતિકો છે. ગભારાની આસપાસ રંગમંડપમાં ૭૨ દેવકુલિકા છે. ૩૨ પૂતળી અને ૩૨ તોરણોથી મંડપ શોભી રહ્યો છે. સામે કર્માશાએ ભરાવેલી દાદાની ભવ્ય મૂર્તિના દર્શન થાય છે. બોલો બોલો "શ્રી આદીનાથ ભગવાન કી જય."

અહીં આપણે દાદાના ભાવપૂર્વક દર્શન વંદન અને ચૈત્યવંદન કરીએ...

સ્તુતિ :-

(રાગઃ મંદિર કો મુક્તિ તણા)

ધર્મની સ્થિતિ તણી શુભ કલ્પવલ્લી લોભકાં,
રોપી હતી પૂર્વેજ જેણે વિશ્વ કેરા ચોકમાં,
વિવિધ ફળ આપી રહી અદ્યાવધિ સવિ જીવને,
આપો પ્રભુ તે નાભિનંદન ! આત્મ લક્ષ્મી વિશ્વને ...૧

લેખે લાગ્યો ગિરિવર તને જોવતાં જન્મ મારો,
તારા સ્પર્શે નિર્મળ થયો, દેહ આજ મારો;
પાપો મારાં ભવોભવ તણાં, સર્વ દૂરે પલાયાં,
પૂર્વે કીધાં સયલ સુકૃતો, સાર્થ મારા કહાયાં ...૨

ક્યારે સિદ્ધગિરિ પવિત્ર શિખરે, જઈ શાંત વૃત્તિ સજી,
સિદ્ધોના ગુણનો વિચાર કરશું. મિથ્યા વિકલ્પો ત્યજી,
વાશી ચંદન કલ્પ થઈ પરિષહો સર્વે સહીશું મુદા
આવી શાંત થશે અહો અમ કને, શત્રુ સમુહો કદા ...૩

દીઠો જે ગિરિરાજ પાપ સઘળાં, તત્કાળ દૂર હરે,
સ્પર્શ્યો દઈ સુખ સંપદા, ભવિકને જે પરગામી કરે,
આવ્યા પૂર્વ નવ્વાણું વાર ઋષભ સ્વામી પ્રભુ જ્યાં પુરા,
વંદુ તે વિમલાદ્રિને, વિનયથી જેને નમે સૌ સુરા ...૪

પૂર્ણાનન્દમયં મહોદયમયં, કૈવલ્ય ચિદ્ધુગ્મર્યં,
રૂપાતીતમય સ્વરૂપ-રમણં, સ્વાભાવિકી શ્રીમયમ્
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદ વિદ્યાલયં,
શ્રી સિદ્ધાચલ તીર્થરાજ મનીશં, વન્દેઽહમાદીશ્વરમ્ ...૫

ચૈત્યવંદન :-

વિમલ કેવલ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિજિનેશ્વરં...૧
વિમલ ગિરિવર શૃંગમંડણ, પ્રવરગુણગણ ભૂધરં,
સુર અસુર કિન્નર કોડી સેવિત, નમો આદિજિનેશ્વરં...૨
કરતી નાટક કિન્નરી ગુણ, ગાય જિન ગુણ મનહરં,
નિર્જરાવલી નમો અહોનિશ, નમો આદિજિનેશ્વરં...૩
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધીત, કોડી પણ મુનિ મનહરં,
શ્રી વિમલગિરિવર શૃંગ સિધ્યા, નમો આદિજિનેશ્વરં...૪
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડીનંત એ ગિરિવરં,
મુકિત રમણી વર્યા રંગે, નમો આદિજિનેશ્વરં...૫
પાતાલ નર સુર લોકમાંહે, વિમલ ગિરિવર તો પરં,
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિજિનેશ્વરં...૬
એમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈએ.
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમ જ્યોતિ નિપાઈએ, ...૭
જિત-મોહ-ક્રોહ-વિછોહ નિદ્રા પરમ પદ સ્થિતિ જયકરં,
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં...૮

સ્તવન :-

શેત્રુંજય ગઢના વાસી રે, મુજરો માનજો રે, સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે,
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મુને ઉપન્યો હરખ અપાર, સાહિબાની સેવા રે,
ભવ દુઃખ ભાંગશે દાદાજીની સેવા રે, શિવસુખ આપશે રે...૧

એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે, ચોરાશી લાખ ફેરા રે દૂર નિવારજો રે,
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, પ્રભુ મને દરિસન વહેલું દાખ સાહિબા...૨

દોલત સવાઈ રે સોરઠ દેશની રે, બલિહારી જાઉં રે પ્રભુ તારા વેશની રે,
પ્રભુ તારું રૂડું દીઠું રૂપ, મોહ્યા સુરનર વૃંદને ભૂપ...સાહિબા...૩

તીરથ કો નહી રે, શેત્રુંજા સારિખું રે, પ્રવચન પેખીને કીધું મેં પારખું રે,
ઋષભને જોઈ જોઈ હરખે જેહ. ત્રિભુવન લીલા પામે તેહ સાહિબા...૪
ભવોભવ માંગુ રે પ્રભુ તારી સેવનારે, ભાવઠ ન ભાંગેરે જગમાં જે વિનારે,
પ્રભુ મારા પુરો મનના કોડ, એમ કહે ઉદયરતન કર જોડ...સાહિબા...૫.

થોય :

શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિનેશ્વર દેવ સુરનર વિદ્યાધર, જેહની સારે સેવ.
સિદ્ધાચલ શિખરે, સોહંકર શૃંગાર, શ્રીનાભિ નરેશ્વર, મરૂદેવીનો મલ્હાર.

કરૂણા અને પ્રશમ રસથી ભરપુર પ્રભુની દ્રષ્ટિ સાથે દ્રષ્ટિ મેળવવાનો મંગળ અવસર આપણને પ્રાપ્ત થયો છે. પ્રભુની પ્રશાન્ત દ્રષ્ટિના પ્રભાવે આપણાં હૃદયના ભાવો અપૂર્વ ઉલ્લાસને પામે છે. પ્રભુ પૂર્વ પુણ્યોદયે... તારાં દર્શન મને મળ્યાં છે. શુદ્ધ ધર્મની ભૂમિકામાં મારે આગળ વધવું છે. પ્રભુ તારી કૃપાનાં કિરણે આત્મનિંદા પૂર્વ ગુણોમાં આગળ વધું હવે આગળ.

દાદાના દરબારમાં રહેલા તમામ પ્રતિમાજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

હવે ડાબી બાજુથી નીકળી દાદાને પ્રદક્ષિણા આપુ છું.

પ્રથમ ૧૦૨૪ જિનબિંબોને સહસ્રકૂટમાં આપણે ભાવભરી વંદના કરીએ છીએ. ''નમો જિણાણં''.

રાયણ પગલે રહેલા ભગવંતના ચરણ કમલમાં શીશ ઝુકાવું છું.

ત્યાંથી આગળ ચાલતાં ૧૪૫૨ ગણધરના પગલાનું દેરાસર આવે છે તેમાં

૧. ઋષભદેવ ભ.ના	-	૮૪	૧૩. વિમલનાથ ભ. ના	-	૫૭
૨. અજિતનાથ ભ.ના	-	૯૫	૧૪. અનંતનાથ ભ. ના	-	૫૦

૩.	સંભવનાથ ભ.ના -	૧૦૨	૧૫.	ધર્મનાથ ભ. ના -	૪૩
૪.	અભિનંદન ભ.ના -	૧૧૬	૧૬.	શાંતિનાથના ભ. -	૩૬
૫.	સુમતિનાથ ભ.ના -	૧૦૦	૧૭.	કુંથુનાથ ભ. ના -	૩૫
૬.	પદ્મપ્રભના -	૧૦૭	૧૮.	અરનાથ ભ. ના -	૩૩
૭.	સુપાર્શ્વનાથ ભ.ના -	૯૫	૧૯.	મલ્લિનાથ ભ. -	૨૮
૮.	ચંદ્રપ્રભ સ્વામીના -	૯૩	૨૦.	મુનિસુવ્રત ભ. ના -	૧૮
૯.	સુવિધિનાથના -	૮૮	૨૧.	નમિનાથ ભ. ના -	૧૧
૧૦.	શીતલનાથ ભ. ના -	૮૧	૨૨.	નેમિનાથ ભ. -	૧૭
૧૧.	શ્રેયાંસનાથ ભ. ના -	૭૬	૨૩.	પાર્શ્વનાથ ભ. ના -	૧૦
૧૨.	વાસુપૂજ્ય ભ. ના -	૬૬	૨૪.	મહાવીર સ્વામી ભ. ના -	૧૧

એવા ૧૪૫૨ ગણધરના પગલાંને ભાવભરી વંદના કરું છું.

ત્યાંથી ચાલતાં શ્રી સીમંધર સ્વામી દેરાસરના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવંતને મારા નમસ્કાર. બહાર મંડપમાં રહેલા સર્વે પ્રતિમાજીને વંદના કરીએ છીએ "નમો જિણાણં".

હવે બીજી પ્રદક્ષિણામાં પ્રથમ નવા શ્રી આદીનાથ પ્રભુને તથા સર્વ જિનબિંબોને "નમો જિણાણં".

ત્યાંથી બહાર નીકળતા ચોકીયાળાના બાજુમાં પગલાંની દેરીઓ છે. તે સર્વે પગલાંજીને આપણે નમસ્કાર કરીએ છીએ.

દેરીઓની બાજુમાં નાના ખાંચામાંથી જતા મેરૂ તથા ત્રણ વન યુક્ત એવા સુંદર આરસ પહાણના આ મેરૂની ચુલિકા પર રહેલા ચાર જિનબિંબોને આપણાં નમસ્કાર હો...! "નમો જિણાણં"

ત્યાંથી ભમતિમાં દર્શન કરતાં કરતાં આગળ વધતાં સમવસરણ દેરાસરજીમાં રહેલા જિનબિંબોને "નમો જિણાણં".

બાજુમાં રહેલા સમેતશિખરજીના દેરાસરમાં આઠે દિશામાં રહેલા ૨૦ પ્રતિમાજીને આપણે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

ત્યાંથી આગળ રાયણવૃક્ષને વંદન કરી, ગણધર પગલાંને નમસ્કાર કરી દાદર ઉપર ચઢી શ્રી આદિશ્વરદાદાના મંદિર પર રહેલા સર્વે જિનબિંબોને જુહારૂં છું. "નમો જિણાણં".

સીડીથી ઉતરી શ્રી સીમંધર સ્વામીના મંદિરના શિખરમાં રહેલા ચૌમુખજીને નમસ્કાર કરૂં છું. "નમો જિણાણં."

ત્યાંથી આગળ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજી ભગવંતને અને નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં"

હવે ત્રીજી પ્રદક્ષિણામાં પાંચ ભાઈઓના દેરાસરમાં વિશાળ એવા પાંચ જિનબિંબોને નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

ત્યાંથી આગળ શ્રી સુમતિનાથ ભગવાનના દેરાસરના જિનબિંબોને નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

પ્રદક્ષિણામાં આગળ વધતાં શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કરીએ છીએ. શ્રી વીસ વિહરમાન દેરાસરમાં રહેલા સર્વ જિનબિંબોને નમસ્કાર કરીએ છીએ.

પ્રદક્ષિણામાં રહેલી નાની મોટી દેરીઓમાં રહેલા સર્વ જિનબિંબોને અમે નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં."

ત્યાંથી આગળ ચાલતાં શ્રી અષ્ટાપદજીના દેરાસરમાં રહેલા ૨૪ તીર્થંકર ભગવંતોને આપણે ભાવથી નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં."

ત્યાંથી આગળ નાની મોટી દેરીએ દર્શન કરી રાયણવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈ શ્રી આદીશ્વર ભગવંતના ભવ્ય પગલાંના આપણે દર્શન કરીએ છીએ. ત્યારબાદ ચૈત્યવંદન કરીશું.

સ્તુતિ :- નેત્રાનન્દકરી ભવોદધિ તરી, શ્રેયસ્તરોર્મંજરી,
શ્રી-મદ્ધર્મ મહા નરેન્દ્ર નગરી, વ્યાપલ્લતા ધૂમરી,
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવ લહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહીનામ્...૧

સ્તુતિ :- જે અમર શત્રુંજય ગિરિ છે, પરમજ્યોતિર્મય સદા,
ઝળહળ થતી જેની અવિરત, મંદિરોની સંપદા,
ઉત્તંગ જેના શિખર કરતા, ગગન કેરી સ્પર્શના
દર્શન થકી પાવન કરે તે વિમલગિરિને વંદના...૨

સ્તુતિ :- આનંદ આજે ઉપન્યો, પગલાં જોયા જે આપના.
અંતર તલેથી ભાગતા જે, સુલટો રહ્યાં પાપના.
જે કાલને વિષે પ્રભુજી, આપ આવી સમોસર્યા,
ધન જીવ તે ધન જીવ તે, દર્શન લહી ભવજલ તર્યા...૩

સ્તુતિ :- પૂર્વ નવ્વાણું વાર પધારી, પાવન કીધું જે ભૂમિતળને,
દર્શન કરતાં ભવ્ય જીવોના, દૂર કરે અંતર મલને,
ત્રીજે આરો સ્મરણ કરતાં, ઋષભદેવ સાક્ષાત્ ધરે,
પ્રણમું ભાવે તે પગલાંને, પાતિક મારા દૂર કરે...૪

સ્તુતિ :- રાયણ રૂખ તળે બિરાજી જગને, સંદેશ જે આપતાં,
આદીશ્વર જિનરાયના જે પગલા, પાપો સવિ કાપતા,
ઋષભસેન પ્રમુખ સેવી પગલા, શાશ્વત સુખે મહાલતા,
વંદુ એવા ઋષભ જિન પગલા, જંજાળ જાળ જે ટાળતા...૫

રાયણ પગલાંનું ચૈત્યવંદન

આદી જિનેશ્વર રાયના, છે પગલાં મનોહર,
ભાવ સહિત ભક્તિ કરે, પહોંચાડે ભવપાર ...૧

રાયણ રૂખ તળે બિરાજી, દીએ જગને સંદેશ,
ભવિયણ ભાવે જુહારીએ, દૂર કરે સંકલેશ ...૨

પગલે પડીને વિનવું, પુરજો મારી આશ,
જ્ઞાન તણી વિનતિ સુણો દેજો શિવપદ વાસ ...૩

સ્તવન :-

નીલુડી રાયણ તરૂ તળે, સુણસુંદરી, પીલુડા પ્રભુજીના પાય રે ગુણમંજરી
ઉજ્જવલ ધ્યાને ધ્યાઈ એ સુણ સુંદરી, એહીજ મુક્તિ ઉપાય રે ગુણ...૧

શીતલ છાયાએ બેસીએ. સુણસુંદરી, રાતડો કરી મન રંગ રે ગુણ.
પૂજીએ સોવન ફૂલડે. સુણસુંદરી, જેમ હોય પાવન અંગ રે. ગુણમંજરી...૨

ખીર ઝરે જેહ ઉપરે, સુણસુંદરી, નેહ ધરીને એહ રે ગુણ.
ત્રીજે ભવે તે શિવલહે સુણસુંદરી, થાયે નિર્મળ દેહ રે. ગુણ...૩

પ્રીત ધરી પ્રદક્ષિણા સુણસુંદરી, દીએ એહને જે સાર રે ગુણ
અભંગ પ્રીતિ હોય જેહને સુણસુંદરી, ભવો ભવ તુમ આધાર રે ગુણ...૪

કુસુમ પત્ર ફળ મંજરે, સુણસુંદરી, શાખા થડને મૂળ રે. ગુણ.
દેવ તણા વાસાય છે સુણસુંદરી, તિરથ ને અનુકુળ રે. ગુણ...૫

તિરથ ધ્યાન ધરો મુદા સુણસુંદરી, સેવો એહની છાંય રે. ગુણ.
જ્ઞાન વિમલ ગુણ ભાખીઓ સુણસુંદરી, શત્રુંજય માહાત્મ્ય માંહીરિ ગુણ...૬

થોય :-

શ્રી શત્રુંજય મંડણ આદિ દેવ, હું અહોનિશ સારૂં તસ સેવ.
રાયણ તલે પગલાં પ્રભુજી તણાં, સફલ ફૂલે પૂજીશ
સોહામણા....૧....ખમાસમણ.

ત્યાંથી આગળ વધતાં એક દેરીમાં રહેલ શ્રી ભરત-બાહુબલી તથા શ્રી નમિ-વિનમિને અમે વંદન કરીએ છીએ. આગળ વિજય શેઠ તથા વિજયા શેઠાણીને વંદન કરીએ છીએ.

ત્યાંથી આગળ વધતાં સર્વ દેરીઓમાં દર્શન કરતાં કરતાં ચૌદ રતનના દેરાસરમાં રહેલ ૧૪ પ્રતિમાજીને નમસ્કાર કરીએ છીએ. 'નમો જિણાણં.'

ત્યાંથી આગળ નીકળ્યા પછી ૨૪ તીર્થંકર ભગવંતોને ખોળામાં લઈ બેઠેલા તેમની માતાને તથા ૨૪ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીએ છીએ.

પ્રદક્ષિણાને અંતે ગંધારિયા ચૌમુખજીના દેરાસરમાં આવેલા ચાર વિશાલ જીનબિંબોને અમે નમસ્કાર કરીએ છીએ. 'નમો જિણાણં.'

હવે શ્રી પુંડરિક સ્વામીજીના દેરાસરમાં પાંચ ક્રોડ મુનિ સાથે મુક્તે ગયા તેવા મહામુનિવર શ્રી પુંડરિક સ્વામીજીને અમે કોટી કોટી પ્રણામ કરીએ છીએ. ''નમો જિણાણં.'' અહીં આપણે શ્રી પુંડરીક સ્વામીજીના દર્શન-વંદન-ચૈત્યવંદન કરશું.

સ્તુતિ :- દર્શનાત્ દુરિત-ધ્વંસી, વંદનાત્ વાંછિત-પ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ॥
ભાવોલ્લાસ ભરીને મુજ મનમાં, આવી ઉભો તુજ કને,
ઉછળે ભાવતરંગ રંગ હૃદયે, મૂર્તિ વસી મુજ મને,
પામ્યા ભાવિક ભક્ત ભાવ ધરીને, વિમુક્તિ જે નામથી,
એવા શ્રી પુંડરીક સ્વામી ચરણે, વંદુ સદા ભાવથી...૧

પુંડરીક સ્વામીનું દર્શન કરતાં, હૈયું અતિ હરખાય,
પુંડરીક સ્વામીનું મુખડું જોતાં, આનંદ હૈયે અતિ ઉભરાય,
પુંડરીક સ્વામીનું નામ જપંતા, પાપ કર્મ સવિ દૂર પલાય,
પુંડરીક સ્વામીને ચરણે વંદુ, શાશ્વત સુખને જેમ પમાય...૨

જેના પુણ્ય-પ્રભાવથી, ભવિકનાં, સૌ કષ્ટ દૂરે ટળે,
જેનાં મંગલ નામ સ્મરણથી, સૌ ઈષ્ટ આવી મળે,
જેનું પાવનકારી દર્શન સદા, દુષ્કર્મને સંહરે,
તે પુંડરીક સ્વામી આશા સઘળી, પૂરો અમારી ખરે...૩

જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે તે, દ્રષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે,
પીએ મુદા વાણી સુધા તે, કર્ણયુગને ધન્ય છે.
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે.

ચૈત્યવંદન :-

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર,
પુંડરીક નામે થયો, ભવિજનને સુખકાર . . . ૧

ચૈત્રી પુનમને દિને, કેવલસિરિ પામી,
ઈણગિરિ તેહથી પુંડરીક, ગિરિ અભિધા પામી . . . ૨

પાંચ કોડી મુનિશું લહ્યા, કરી અનશન શિવઠામ,
જ્ઞાન વિમલ કહે તેહનાં, પંચ પ્રણમો અભિરામ. . . ૩

સ્તવન :-

એક દિન પુંડરિક ગણધરૂં રે લાલ, પુછે શ્રી આદી જિણંદ સુખકારી રે,
કહીએ તે ભવજલ ઉતરે લાલ, પામીશ પરમાનંદ ભવપારી રે.
એક દિન ૧

કહે જિન ઈણગિરિ પામશો રે લાલ, નાણ અને નિર્વાણ જયકારી રે,
તિરથ મહિમા વધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે.
એક દિન ૨

ઈમ નિસુણીને તિહાં આવીઆ રે લાલ, ઘાતિ કરમ કર્યા દૂર તમ વારી રે,
પાંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવપારી રે.
એક દિન ૩

ચૈત્રી પૂનમ દીન કીજીએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે,
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે.
એક દિન ૪

દશ, વીશ, ત્રીશ, ચાલીશ ભલા રે લાલ, પચાશ પુષ્પની માળ અતિ સારી રે,
નરભવ લ્હાવો લીજીએ રે લાલ જેમ હોય જ્ઞાન વિશાળ મનોહરી રે
એક દિન ૫

સ્તુતિ :-

પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી લહીયે અવિચલ રિદ્ધ,
પંચમગતિ પહોંચ્યા મુનિવર ક્રોડાક્રોડ,
એણે તિરથે આવી કર્મ વિપાક વિછોડ. ...ખમાસમણ

નવટુંકની ભાવયાત્રા :- પ્રથમ દિવસે દાદાની ટુંકની ભાવયાત્રા કર્યા પછી બીજે દિવસે અમે બીજી આઠ ટુંકોની ભાવયાત્રાનો આરંભ કરીએ છીએ.

તળેટીએથી હનુમાનધારા પાસે પહોંચ્યા બાદ બે રસ્તા ફંટાયા તેમાં આગળ વધતાં સર્વ પ્રથમ અંગારશા પીરનું સ્થાન બાદ નરસિંહ કેશવજીની ટુંક આવી... ત્યાં મધ્યમાં મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામીજીને આપણે નમસ્કાર કરીએ છીએ... "નમો જિણાણં". તથા ફરતી ૩૪ દેરીમાં રહેલ સર્વ પ્રતિમાજીને નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં". ત્યાંથી બહાર નીકળી સંપ્રતિ મહારાજાએ બનાવેલા દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવંતને

તથા અન્ય સર્વે જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ત્યાર પછી અનુક્રમે ચાલતાઃ

બાબુ પ્રતાપસિંહનાં દેરાસરજીમાં રહેલા શ્રી સુમતિનાથ પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

શ્રી સંભવનાથ પ્રાસાદમાં રહેલા શ્રી સંભવનાથ પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ઋષભદેવ પ્રાસાદમાં રહેલા શ્રી ઋષભદેવ પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

કુંડીવાળાનાં દેરાસરજીમાં રહેલા શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

નરસિંહ નાથાના મંદિરમાં રહેલા શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ભરૂદેવી માતાનાં પ્રાસાદમાં હાથી પર બિરાજમાન શ્રી ભરૂદેવી માતાને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

બાબુભાઈ કચ્છીનાં મંદિરમાં રહેલા ચૌમુખજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

બાબુ હરખચંદનાં દેરાસરમાં રહેલા શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

કાલિદાસ ચુનીલાલનાં દેરાસરમાં રહેલા શ્રી અજીતનાથ ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

હિંમતલાલ લુણીયાનાં દેરાસરમાં રહેલા શ્રી કુંથુનાથ ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

અન્ય તમામ જિનબિંબોને આપણે ભાવથી જુહારીએ છીએ... ''નમો જિણાણં''.

હવે સૌથી પ્રથમ ચૌમુખજીની (સવાસોમાની અથવા ખરતરવસહી) ટુંકમાં પ્રવેશતાં જ સામે ચૌમુખજી જિન પ્રાસાદમાં રહેલા શ્રી આદીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ... ''નમો જિણાણં'' ... (જઘન્ય ચૈત્યવંદન કરવું).

૯૭ ફુટ ઉંચા શિખર ધરાવતાં આ ચૈત્યની આજુબાજુ રહેલી દેરીમાં સર્વ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ચૌમુખજીની સામે રહેલા શ્રી પુંડરિક સ્વામીજીને કોટી કોટી વંદના કરીએ છીએ.

સહસ્રકુટ મંદિરમાં ૧૦૨૪ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ત્યાં સુંદરદાસ રતનદાસનાં દેરાસરમાં રહેલા શ્રી શાંતિનાથ ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

બીજા દેરાસરમાં રહેલા શ્રી શાંતિનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

પાર્શ્વનાથ પ્રાસાદે રહેલા શ્રી પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ખીમજી સોમજીનાં મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

કરમચંદ હીરાચંદનાં દેરાસરે શ્રી સીમંધર સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ભણશાલીનાં દેરાસરમાં શ્રી અજીતનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ગણધર પગલાં તથા સર્વ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

પાછલી બારીમાંથી નીકળી ૨૦ ક્રોડ સાથે મોક્ષે ગયેલા પાંચ પાંડવોને આપણે નમસ્કાર કરીએ છીએ.

પાંડવનાં દેરાસરની પાછળ સહસ્રકુટનાં ૧૦૨૪ જિનને આપણે નમસ્કાર કરીએ છીએ.

બીજી છીપાવસહીની ટુંક :- (ભાવસારની ટુંક) ત્યાં મૂળનાયક શ્રી ઋષભદેવ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''. ગઢને અડીને રહેલા દેરાસરમાં શ્રી શ્રેયાંસનાથ પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં'' (જઘન્ય ચૈત્યવંદન).

બહારનાં ઢોળાવ પર - શ્રી અજીતનાથ તથા શ્રી શાંતિનાથની દેરીમાં બંને પરમાત્માને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ત્રીજી સાકરવસહીની ટુંક :- આ ટુંકમાં ત્રણ દેરાસર :-

ત્યાં મૂળ દેરાસરમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં'' (જઘન્ય ચૈત્યવંદન).

બીજા દેરાસરમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ત્રીજા દેરાસરમાં શ્રી પદ્મપ્રભ સ્વામીને ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

નાની-મોટી દેરીમાં રહેલ સર્વ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ચોથી નંદીશ્વર દ્વીપની (ઉજમ ફઈ) ટુંકે અમે પહોંચ્યા :-

ત્યાં રહેલાં સર્વ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''. ત્યાંથી બહાર ડાહ્યાભાઈનાં દેરાસરમાં શ્રી કુંથુનાથ ભગવંતને તથા પરસનબાઈનાં દેરાસરમાં શ્રી શાંતિનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

પાંચમી હેમાવસહીની ટુંકમાં - ચાર દેરાસરમાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

બીજા દેરાસરમાં પુંડરીક સ્વામીને તથા સાકરચંદ શેઠે બનાવેલ ચૌમુખજી તથા હેમાભાઈ શેઠે બનાવેલ ચૌમુખજી ભગવંતને તથા અન્ય જિનબિંબો આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

હવે યાત્રા કરતાં આપણે છઠ્ઠી મોદીની ટુંકે (પ્રેમાવસહી) આવ્યા. અહિંયા બિરાજમાન મૂળનાયક શ્રી ઋષભદેવ પરમાત્માને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

શ્રી પુંડરિક સ્વામીને અને અન્ય દેરીમાં બિરાજમાન જિનપ્રતિમાજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં'' આ ટુંકમાં રહેલા સર્વ ગણધર પગલાંને ચરણે મારૂં મસ્તક ઝુકાવું છું.

આ ટુંકમાં રતનચંદ શેઠનાં દેરાસરમાં રહેલા શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

આ ટુંકમાં પ્રેમચંદ શેઠનાં દેરાસરમાં રહેલા શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

આગળ મોદીનાં દેરાસરમાં શ્રી અજીતનાથ પ્રભુને તથા વિશા નીમાનાં બંધાવેલા દેરાસરમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

આ ટુંકથી ઉતસ્તાં માણેકબાઈની મૂર્તિ તથા અદબદજી દાદાનું દેરાસર આવે. ૧૮ ફુટ ઉંચા અને ૧૪॥ ફુટ પહોળા વિશાળ કાય પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

સાતમી બાલાભાઈની ટુંક આપણે પહોંચ્યા.

ત્યાં મૂળનાયક શ્રી આદીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''. આ ટુંકમાં શ્રી પુંડરીક સ્વામીજીને ચૌમુખજીનાં દેરાસરે ચાર જિનબિંબને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

તથા મિઠાભાઈના દેરે શ્રી વાસુપૂજ્ય સ્વામીને માનચંદ શેઠના દેરાસરે શ્રી અજિતનાથ સ્વામીને, પુનાવાળાનાં દેરાસરે શ્રી શાંતીનાથ સ્વામીને તથા બીજા સર્વ જિનપ્રતિમાજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

આઠમી મોતીશાની ટુંક :-

મધ્યના દેરાસરમાં મૂળનાયક શ્રી આદીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''. શ્રી પુંડરીક ગણધરને ભાવભરી વંદના કરીએ છીએ.

૧) હઠીભાઈ શેઠનાં દેરાસરમાં શ્રી ધર્મનાથ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૨) અમીચંદ દમણીનાં દેરાસરમાં શ્રી ધર્મનાથ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૩) પ્રતાપમલ જોધતાનાં દેરાસરમાં શ્રી ચૌમુખજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૪) વીરચંદ ભાયચંદના દેરાસરમાં શ્રી ચૌમુખજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૫) કીકાચંદ કુલચંદનાં દેરાસરમાં શ્રી ઋષભદેવ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૬) નાનજી ચીનાઈનાં દેરાસરમાં શ્રી ચૌમુખજીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૭) ગલાલભાઈનાં દેરાસરમાં શ્રી આદીનાથ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૮) પ્રેમચંદ શેઠનાં દેરાસરમાં શ્રી પદ્મપ્રભ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૯) તારાચંદ નથ્થુના દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૧૦) ખુશાલચંદ તારાચંદના દેરાસરમાં શ્રી ગણધર પગલાંને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૧૧) જેઠાલાલ શાહના દેરાસરમાં શ્રી સહસ્રકુટનાં ૧૦૨૪ જિનને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૧૨) કરમચંદ પ્રેમચંદના દેરાસરમાં શ્રી સંભવનાથ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૧૩) સ્વરૂપચંદ હેમચંદના દેરાસરમાં શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

૧૪) જેચંદ પારેખના દેરાસરમાં શ્રી મહાવીર પ્રભુને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

તે સિવાય તમામ જિનપ્રતિમાઓને આપણે ભાવભર્યા નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

હવે દાદાની ટુંકની બાજુમાંથી... ઘેટીએ જવાનાં રસ્તેથી આપણે ઘેટીએ ગયા...

ત્યાં ઘેટીનાં પગલે ભાવભર્યા નમસ્કાર કરીએ છીએ.

નૂતન એવી શ્રી બુદ્ધિસાગરજી ટુંક તથા નૂતન એવી શ્રી સિદ્ધાચલ શણગાર ટુંકે તમામ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

ઘેટીનાં પગલે પ્રભુજીનાં વિશાળ કાય પગલાંને ભાવથી નમસ્કાર કરીએ છીએ.

સ્તુતિ :- શ્રી સિદ્ધાચલ નિરખી હરખે, આંખડીં એની પાવન થાય,
પગલે પગલે આગળ વધતાં, કાયા એની નિરમલ થાય,
ઘેઈ જઈને પગલા પૂજે, આનંદ હૈયે અતિ ઉભરાય,
સુષમ દુષમ આરે રહેલા, આદી પ્રભુનું સ્મરણ થાય.

આતપરની તળેટીથી, જે ભવિ યાત્રા કરે
ઘેટી પગલે શિશ નમાવી, સિદ્ધગિરિ પર ફરે
નવ્વાણુંની યાત્રા કરતાં, નવ વખત નિશ્ચે કરે
ઘેટી પગલે ભાવ ભક્તિ, પુણ્ય ભાથું તે ભરે...॥

આદી પ્રભુનું દર્શન કરીને, ઘેટી પાયે જે નર જાય
તન મન કેરા જે સંતાપો, પ્રભુ પગલે સવિ દૂર જ થાય
એવા પગલે આવી પ્રભુજી, અરજ કહું છું હે જિનરાય
આદીનાથનું ધ્યાન ધરતાં, જન્મ મરણના ફેરા જાય.

અને છેલ્લે ઉતરતાં... શ્રી શંત્રુજય ગિરિરાજ ઉપર ગોખલે માળીએ, જળીએ જ્યાં જ્યાં જે જે પ્રતિમાજી હોય ત્યાં મારા કોટી કોટી વંદના... "બોલો નમો જિણાણં".

ત્રણ ગાઉ, છ ગાઉ, બાર ગાઉ, શત્રુંજય નદી હસ્તગિરિ કદમ્બગિરિ તળાજામાં સાચા સુમતિનાથ, મહુવામાં મહાવીર સ્વામી, ઘોઘામાં નવખંડા પાર્શ્વનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, ભ. ને નમસ્કાર કરીએ છીએ. "નમો જિણાણં".

આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર.
પાંચે તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ વર્યા તેને કરું પ્રણામ.

ભરત ક્ષેત્રમાં જેટલા તીર્થો હોય, ચૈત્યો હોય, પ્રતિમા હોય... ત્યાં મારી કોટી કોટી વંદના. "નમો જિણાણં".

વીતરાગ શાસનનું શરણ હોજો. શુદ્ધ મન-વચન-કાયાથી ભાવના ભાવું છું. જરૂર મારી ભાવના સફળ થાય. ઝળહળતી ક્ષાયિક સમકિત રૂપી દિવા જેવી જ્યોત મારા આત્માની અંદર પ્રગટાવજો. આંખ મીંચતા સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. મુમુક્ષુ જે કોઈ આ તીર્થનું સ્મરણ કરશે, તેને ભણશે, સાંભળશે, તેનાં ભવોભવનાં પાતિક ગળશે. નવ નવકાર મંત્ર ગણીને યાત્રાનું ફળ મેળવશો. હે દાદા જ્યાં સુધી મારે ભવાંતરો કરવા પડે ત્યાં સુધી અખંડ અવિચ્છિન્ન પણે તથા નિર્વિઘ્ને આપનાં ચરણ કમળની સેવા ચાહું છું. દૂર બેઠા તમારા સેવકો આપની યાત્રા તથા દર્શન માટે તલસી રહ્યા છે, "હે દાદા વહેલા વહેલા દર્શન "દેજો".

ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર કુલ ૩,૫૦૭ નાના-મોટા જિનાલયો છે. કુલ ૨૭,૦૦૭ જિનબિંબો બિરાજે છે. કુલ ૧,૫૦૦ ચરણ પાદુકાની જોડ છે.

કુલ ૩,૩૬૪ પગથિયા છે. ગિરિરાજની ઉંચાઈ કુલ ૨૦૦૦ ફુટ છે.
ગિરિરાજનો ઘેરાવો કુલ ૭॥ માઈલ છે. અને
ગિરિરાજનો યાત્રા માર્ગ કુલ ૨ માઈલ ૨ ફર્લાંગનો છે.

શ્રી શત્રુંજયનાં સોળ ઉદ્ધાર :-

ક્રમ	ઉદ્ધારક	સમય
૧.	ભરત ચક્રવર્તી	પ્રથમ તીર્થંકરનાં શાસનમાં કરાવ્યો.
૨.	દંડવીર્ય રાજા	૬ ક્રોડ પૂર્વ થયા બાદ.
૩.	ઈશાનેન્દ્ર	૧૦૦ સાગરોપમ બાદ.
૪.	માહેન્દ્ર	૧ ક્રોડ સાગરોપમ બાદ.

૫.	બ્રહ્મેન્દ્ર	૧૦ ક્રોડ સાગરોપમ બાદ.
૬.	ચમરેન્દ્ર	લાખ કોટી સાગરોપમ બાદ.
૭.	સગર ચક્રવર્તી	શ્રી અજીતનાથનાં શાસનમાં
૮.	વ્યન્તરેન્દ્ર	શ્રી અભિનન્દન સ્વામીનાં શાસનનાં
૯.	ચંદ્રયશા રાજા	શ્રી ચન્દ્રપ્રભ સ્વામીનાં શાસનમાં
૧૦.	ચક્રાયુધ રાજા	શ્રી શાન્તિનાથ પ્રભુનાં શાસનમાં
૧૧.	રામચંદ્રજી	શ્રી મુનિસુવ્રત પ્રભુનાં શાસનમાં
૧૨.	પાંચ પાંડવ	શ્રી નેમનાથ પ્રભુનાં શાસનમાં
૧૩.	જાવડશા	વિ.સં.૧૦૦ મતાંતર વિ.સં.૧૦૮
૧૪.	બાહડમંત્રી	વિ.સં.૧૨૧૩
૧૫.	સમરાશા ઓસવાલ	વિ.સં.૧૩૭૧
૧૬.	કરમાશા	વિ.સં.૧૫૮૭
૧૭મો	ઉદ્ધાર શ્રી દુપ્પસહ સૂરિનાં ઉપદેશથી	વિમલવાહન રાજા કરાવશે.

સિદ્ધાચલ સિદ્ધિ વર્યા:-

	કોની મુક્તિ	કેટલાની સાથે
૧	શ્રી પુંડરિક ગણધર	૫ ક્રોડ
૨	દ્રાવિડ અને વારિખિલ્લજી	૧૦ ક્રોડ
૩	શાંબ અને પ્રદ્યુમ્ન	૮॥ ક્રોડ
૪	પાંચ પાંડવ	૨૦ ક્રોડ
૫	નમિ વિનમિ	૨ ક્રોડ
૬	નારદજી	૯૧ લાખ
૭	ભરત	૧ હજાર
૮	વાસુદેવની પત્ની	૩૫ હજાર
૯	ભરત મુનિ	૫ ક્રોડ

૧૦	અજિતનાથ પ્રભુના સાધુઓ	૧૦ હજાર
૧૧	વૈદર્ભી	૪૪૦૦
૧૨	બાહુબલીના પુત્રો	૧૦૦૮
૧૩	થાવચ્ચા પુત્ર	૧ હજાર
૧૪	થાવચ્ચા ગણધર	૧ હજાર
૧૫	કદમ્બ ગણધર	૧ કરોડ
૧૬	સેલકાચાર્ય	૫૦૦
૧૭	રામ-ભરત	૩ ક્રોડ
૧૮	સોમયશા રાજા	૧૩ ક્રોડ
૧૯	સાગર મુનિ	૧ ક્રોડ
૨૦	અજિતસેન	૧૭ ક્રોડ
૨૧	શ્રી સારમુનિ	૧ ક્રોડ
૨૨	આદિત્યયશા	૧ લાખ
૨૩	દમિતારી	૧૪ હજાર
૨૪	શુક પરિવ્રાજક	૧ હજાર
૨૫	કાલિક	૧ હજાર
૨૬	સુભદ્ર મુનિ	૧ હજાર

ભરત ચક્રવર્તિની પાટે અસંખ્ય રાજાઓ અને શ્રી શાંતિનાથ પ્રભુનાં ચોમાસામાં ૧,૫૨,૫૫,૭૭૭ તે સર્વ મુનિ ભગવંતોને આપણે કોટીશઃ કોટીશઃ વંદન કરીએ છીએ.

સિદ્ધગિરિનું ધ્યાન અને અનંત સિદ્ધ આત્માઓ સાથે પોતાના આત્માની એકતાનો અનુભવ :-

આ રીતે અનંતા સિદ્ધ ભગવંતોને આપણે નમસ્કાર કરીએ છીએ...ત્યાં યોગ્ય સ્થળે આપણે ધ્યાનસ્થ બની આત્મલીન થઈએ છીએ.

સિદ્ધગિરિ એ ચૈતન્ય શક્તિનો ભંડાર છે. અનંતા આત્માઓએ અહિં પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કર્યું છે. તે સિદ્ધ પરમાત્માની સાથે આપણા આત્માની એકતાનો અનુભવ કરીએ છીએ.

જેવું સિદ્ધ ભગવંતોનું આત્મદ્રવ્ય છે તેવું જ આપણું આત્મદ્રવ્ય છે. આપણે જે ક્ષેત્ર પર બેઠા છીએ ત્યાંથી જ અનંતા સિદ્ધ થયા છે. સિદ્ધશિલા ઉપર અને ... બધે વર્તમાન ક્ષણ એકજ છે. સ્વરૂપમાં સ્થિરતા રમણતા આનંદ વગેરે ભાવ સિદ્ધ પુરૂષોનાં સ્પર્શથી આપણામાં ઉત્પન્ન થયા છે આ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એકતા આપણે સાધી રહ્યા છીએ.

સિદ્ધગિરિ પર ચૈતન્યનો મહાસાગર...શુદ્ધ સ્વરૂપી દેખાય છે.
''જ્યોતિ સ્વરૂપી તું જિન દીઠો, તેને ન ગમે બીજું કાંઈરે
જ્યાં જઈએ ત્યાં પૂરણ સઘળે, દીસે તુંહીજ તુંહી રે...''

આ રીતે હૈયામાં ...આનંદ ...આનંદ ફેલાઈ રહ્યો છે. આ આનંદનો અનુભવ કરી ત્યાંથી આગળ ...ભારે હૃદયે નીચે ઉતરવા લાગ્યા કેવો અપૂર્વભાવોલ્લાસ હતો ...?

હવે ફરીથી ક્યારે આવો દિવ્ય અનુભવ થશે ...? ક્યારે મારો આત્મા કષાય રહિત પ્રશાન્ત બનશે ...? આ રીતે ભાવના ભાવતાં ભાવતાં નીચે ઉતરી રહ્યાં ... હવે આ યાત્રા બાદ મનોમન આપણે સંકલ્પ કરીએ છીએ કે;

હે દેવાધિદેવ ...ભાવયાત્રા દ્વારા દિન-પ્રતિદિન ...મારા ભાવોને નિર્મળ બનાવી શુદ્ધ ધર્મ દ્વારા સમ્યક્ત્વને પ્રારંભ કરૂં ... આત્મનિંદા દ્વારા મારા અનાદિનાં અશુભ સંસ્કારોથી ખરડાયેલા આત્માને શુદ્ધ બનાવું.

આમ શુભ ભાવના પૂર્ણ હૃદયે ... સૌ સૌનાં સ્થાને પહોંચ્યાં.

આદીશ્વર ભગવંતને વિનંતિરૂપ સ્તવન :-

સુણ જિનવર શેત્રુંજા ધણીજી દાસ તણી અરદાસ
તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂ વૈખાસ રે ...જિનજી મુજ પાપીને તાર
તું તો કરૂણારસ ભર્યોજી, તું સહુનો હિતકાર રે ...જિનજી મુજ પાપીને તાર ૧.

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહિ લવલેશ
પરગુણ પેખી નવી શકુંજી, કેમ સંસાર તરીશ રે ...જિનજી મુજ ૨.

જીવ તણાં વધ મેં કર્યાજી, બોલ્યા મૃષાવાદ
કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદ રે...જિનજી ૩

હું લંપટ હું લાલચુજી, કર્મ કીધા કેઈ ક્રોડ
ત્રણ ભુવનમાં કો નહિ જી, જે આવે મુજ જોડ રે...જિનજી ૪

છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતાં રહું જગનાથ
કુગતિ તણી કરણી કરીજી, જોડ્યો તેહશું સાથ...જિનજી ૫

કુમતિ કુટીલ કદાગ્રહી, વાંકી ગતિમાં મુજ,
વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજ રે...જિનજી ૬

પુન્ય વિના મુજ પ્રાણીયોજી, જાણે મેલું રે આથ
ઉંચા તરૂવર મોરીયાજી ત્યાંહી પસારે હાથ રે...જિનજી ૭

વિણ ખાધા વિણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય
આર્તધ્યાન મીટે નહિજી, કીજે કવણ ઉપાય...જિનજી ૮

કાજળથી પણ શામળાજી, મારા મન પરિણામ
સોણમાંહી તાહરૂં, સંભારૂ નહીં નામ રે...જિનજી ૯

મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ
કુડ કપટ બહુ કેળવીજી, પાપ તણો હું સંચ રે...જિનજી ૧૦

મન ચંચળ ન રહે કિમેજી, રાચે રમણીરે રૂપ,
કામ વિડંબણા શી કહું જી, પડીશ હું દુર્ગતિકુપ રે...જિનજી ૧૧

કિસ્યા કહું ગુણ માહરાજી, કિસ્યા કહું અપવાદ
જેમ જેમ સંભારૂ હૈયેજી, તેમ તેમ વધે વિખવાદ રે...જિનજી ૧૨

ગિરૂઆ તે નવિ લેખવેજી, નિગુણ સેવકની વાત
નીચ તણે પણ મંદિરેજી, ચંદ્ર ન ટાળે...જ્યોત ...જિનજી ૧૩

નિગુણો તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ
કૃપા કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશ રે...જિનજી ૧૪

પાપી જાણી મુજ ભણીજી, મત મુકો રે વિસાર,
વિષ હળાહળ આદર્યોજી, ઈશ્વર ન તજે તાસ રે...જિનજી ૧૫

ઉત્તમ ગુણકારી હુ અંજી, સ્વાર્થ વિના સુજાણ
કરસણ સિંચે સરભરે, મેહ ન માંગે દાણ રે...જિનજી ૧૬

તું ઉપકારી ગુણનીલોજી, તું સેવક પ્રતિપાળ
તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળ રે...જિનજી ૧૭

તુજ ને શું કહીએ ઘણુંજી, તું સહુ વાત રે જાણ
મુજને થાજો સાહિબાજી, ભવ ભવ તાહરી આણ રે...જિનજી ૧૮

નાભિરાયા કુળ ચંદલોજી, મરૂદેવીનો નંદ
કહે જિનહર્ષ નિવાજજોજી, દેજો પરમાનંદ રે...જિનજી ૧૯

શ્રી સિદ્ધાચલનું સ્તવન:-

મારૂ ડુંગરીયે મન મોહી રહ્યું, મારૂં ગિરીવરીયે મન મોહી રહ્યું
જગજીવન આદિજિણંદ હો... માતા મરૂદેવીનાં લાડલા
સાથી સુનંદા હીરલાનો હાર હો મારૂં ડુંગરીયે...૧

લાલન ચાલોને ચતુર ઉતાવળા, સુંદર સજવાડા જોડાવા હો,
લાલન લાહો લીજે લક્ષ્મીતણો મને સિદ્ધાચલ ભેટાડ હો માડું...૨

લાલન સેંથે તે નીતરે કુલે ભર્યો, સોના ચુડલાની નથી મને ચાહ હો,
લાલન જોતા હવે હું વાટડી, મને વિમલાચલ ભેટાડ હો માડું...૩

લાલન નવસેરો હાર હું શું કરૂં હું શું કરૂં ચરમ ચીર હો
લાલન શું કરૂં બાજુબંધ બેરખાં, મારી કાંકણિયે નિર્મળ હીર હો માડું...૪

લાલન પાંચ ક્રોડ પુંડરીકશું, એ તો સિધ્યા સાધુ અનંત હો,
લાલન દ્રવિડ વારિખિલ્લ બિહું મળી, દશ કોડી મુનિનો સાથ હો માડું...૫

લાલન ઈણગિરિ ઋષભ સમોસર્યા, નેમ વિના ત્રેવીશ હો,
લાલન પાંચ પાંડવ વીશ ક્રોડશું, તે તો પામ્યા પદ નિર્વાણ હો માડું...૬

લાલન ધન ધન દહાડો ધન્ય ઘડી, નાભિ નરિંદ મલ્હાર હો.
લાલન અલબેલા આદિશ્વર ભેટશું, અર્ચિશું જગત આધાર માડું...૭

લાલન ઈક્ષુવંશના જિનવરા, ભરતાદિક પેઢી અસંખ હો
લાલન વળી થાવચ્ચા સહસશું ઋષભાદિક મુનિ સહસનો સંઘ હો માડું...૮

લાલન નમિ વિનમિ વિદ્યાધરા, બિહું કોડી વસ્તીનો સાથ હો,
લાલન ઈણ તીરથે ભવનિસ્તરે, એતો પામ્યા શિવપુર રાજ હો માડું...૯

લાલન એકાણું લાખ તે મુનિવરા, ગયા નારદ સાથે સિદ્ધ હો,
લાલન રામ-ભરત ત્રણ કોડ શું, એ તો પામ્યા અવિચલ સિદ્ધ હો માડું...૧૦

લાલન ઈણગિરિ જિનજી સમોસર્યા, એ તો પૂર્વ નવ્વાણું વાર હો.
લાલન સિધ્યાને વળી સિદ્ધશે, તેનો કહેતાં ન આવે પાર હો માડું...૧૧

લાલન સાડી આઠ ક્રોડ સાધુ શું, એ તો પામ્યા અવિચલ રાજ હો.
લાલન શામ્બ પ્રદ્યુમ્ન હોય ચેલ્લણાં, એતો શિવપુર પાત્ર પ્રશંસ હો માડું...૧૨

શ્રી ભાવ વિજય કવિરાયનો, તિહાં સિદ્ધિ વિજય શુભ પાસ હો.
લાલન જે ફરસે શ્રી સિદ્ધાચલે, તેનો જન્મ સફળ સવિઆશાં હો માડું...૧૩

-: શ્રી સિદ્ધાચલનું સ્તવન :-

સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ, ગિરિ ભેટી પાવન થઈએ
સોરઠ દેશે યાત્રાનું મોટું ધામ છે...
જ્યાં ધર્મશાળાઓ બહુ સોહે, પહેલાતો મનડાં મોહે
એવું સુંદર પાલીતાણા ગામ છે. સૌ ।૧।

જ્યાં તળેટી પહેલી આવે. ગિરિદર્શન વિરલા પાવે
પ્રભુના પગલાં પુનિતને અભિરામ છે. સૌ ।૨।

જ્યાં ગિરિ ચડતાં સમીપે દેવાલય દિવ્ય જ દીપે
બંગાળી બાબુનું અવિચલ એતો નામ છે. સૌ ।૩।

જ્યાં કુંડ વિસામા આવે, થાકયાનો થાક ભુલાવે
પરબો રૂડી પાણીની ઠામોઠમ છે. સૌ ।૪।

જ્યાં હડો આકરો આવે કેડે દઈ હાથ ચડાવે
એવી દેવી હિંગલાદે જેનું નામ છે. સૌ ।૫।

જ્યાં ગિરિવર ચડતાં ભાવે, રામપોળ છેલ્લે આવે.
ડોલીવાળાનું વિસામાનું ઠામ છે. સૌ ।૬।

જ્યાં નદી શેત્રુંજી વહે છે, સૂરજ કુંડ શોભા દે છે;
ન્હાયો નહીં જે એનું જીવન બે બદામ છે. સૌ ।૭।

જ્યાં સોહે શાન્તિદાદા સોલમા જિન ત્રિભુવનભ્રાતા
પોળે જતાં સૌ પહેલા પ્રણામ છે. સૌ ।૮।

જ્યાં ચક્રેશ્વરી છે માતા વાઘેશ્વરી દે સુખશાતા;
કવડ જક્ષાદી દેવતા તમામ છે. સૌ ।૯।

જ્યાં આદિશ્વર બિરાજે, જે ભવની ભાવઠ ભાંજે;
પ્રભુજી પ્યારા નિરાગી નિષ્કામ છે. સૌ ।૧૦।

જ્યાં સોહે પુંડરીક સ્વામી, ગિરૂઆ ગણધર ગુણગામી;
અંતરભર્યો આતમના આરામ છે. સૌ ।૧૧।

જ્યાં રાયણ છાંળા નિલુડી, પ્રભુ પગલાં પરે રૂડી;
શીતળ કારી એ વૃક્ષનો વિરામ છે. સૌ ।૧૨।

જ્યાં નિરખીને નવ ટૂંકો, જબ થાયે પાતિકનો ભુકો
દિવ્ય દહેરાનાં અલૌકિક કામ છે. સૌ ।૧૩।

જ્યાં ગૃહિલીંગ સિધ્યા અનંતા, સિદ્ધિપદ પામ્યા સંતા;
પંચમકાલે એ મુક્તિનું મુકામ છે. સૌ ।૧૪।

શ્રી કમલસૂરીગુણગાવે, તે લાભ અનંતો થાવે;
જાત્રા કરવા મનડાંની મોટી હામ છે. સૌ ।૧૫।



... મંથન ...

તીર્થ યાત્રાનું સ્મરણ ભવભ્રમણનો નાશ કરનારૂં છે.

વિષય સુખ માટેની દોડધામ, માનવ જીવનનું અધઃપતન છે.

જેમ જેમ જ્ઞાનની ભૂખ જાગે તેમ તેમ ભોગની ભૂખ શમતી જાય.

ભોગની ભૂખ અને ખાવાનો રસ આ બે ભયંકર દુર્ગુણ છે.

શ્રાવક શ્રાવિકા કર્મ જનિત સુખ ભોગવે પણ સુખને કદી સારૂં ન માને.



ત્રણ લોકનાં તીર્થની ભાવયાત્રા

"નમો અરિહંતાણં"

ત્રણ લોકનાં તીર્થોની ભાવયાત્રા પૂર્વે :-

ત્રણે કાળમાં જંઘાચારણ વિદ્યાચારણ લબ્ધિધર મુનિઓ જે તીર્થોની યાત્રા કરી રહ્યા છે, દેવોથી જે તીર્થો પૂજાઈ રહ્યા છે, એવા મહાન શાશ્વત તીર્થોની મનોમન ભાવભર્યા હૃદયે યાત્રા કરવાનો સુઅવસર આપણને પ્રાપ્ત થયો છે. ભલે ચર્મચક્ષુથી સાક્ષાત્ દર્શન કરવાનું ભાગ્ય નથી... પણ શ્રુતજ્ઞાનના બળે... જાણે સાક્ષાત પ્રભુને ભેટવા જઈ રહ્યા છીએ સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરી રહ્યા છીએ એવા ભાવ હૈયામાં ઉભરાઈ રહ્યા છે.

સર્વ જીવો પ્રત્યે આત્મીયતાના ભાવ કેળવી, વિષય-કષાયને મંદ કરી, આપણે પરમાત્માને હૃદયમાં સ્થાપન કરીએ છીએ. હે દેવાધિદેવ...તારા દર્શને આવનાર ભવ્યો... અને તારા દર્શનને પામનાર ભવ્યો ખરેખર બડભાગી છે. થોડા વખતમાં સંસારનો (ભવોનો) અંત કરનાર છે. અમારા હૃદયમાં પણ હે પ્રભુ "તારી સ્થાપના જ્યાં સુધી અમારા ભવનો અંત ન થાય ત્યાં સુધી હોજો."

શાશ્વત પ્રતિમાજીની ભવ્યતા પણ કેવી મહાન છે...? ૫૦૦ ધનુષની ઉંચાઈવાળા, સુવર્ણનાં પ્રતિમાજી... તેમનાં હોઠ... તાળુ... હાથ પગનાં તળીયા ભૂકુટી નખ... આદિ અવયવો તે તે વર્ણનાં રત્નોનાં બનેલા છે. મુખ ઉપરનું તેજ કાંઈ ઝગમગતું શોભી રહ્યું હોય છે. આ પ્રતિમાજીને કોઈ બનાવતું નથી. અને અંત પણ નથી. આવી શાશ્વત પ્રતિમાજીને આપણી ક્રોડ ક્રોડ વંદના હોજો.

જંબુદ્વિપમાં જે શાશ્વત જિનાલયો છે તેનાં કરતાં ઘાતકીખંડમાં

અને પુષ્કરાર્ધદ્વીપમાં શાશ્વત જિનાલયો ડબલ (બે-બે) છે. કારણકે ધાતકીખંડમાં અને પુષ્કરાર્ધદ્વીપમાં તે-તે ક્ષેત્રો અને વર્ષધરપર્વતો.. સ્થાનો આદિ જંબુદ્વિપથી ડબલ છે. તેથી જંબુદ્વીપમાં શાશ્વત જિનાલયો ૬૩૫ થાય છે. ધાતકી ખંડનાં અને પુષ્કરાર્ધદ્વીપનાં જિનાલયો ૧૨૭૦ થાય.

આ શાશ્વત પ્રતિમાજી ઋષભ - ચંદ્રાનન - વારિષેણ અને વર્ધમાન નામનાં ચાર પ્રતિમાજી હોય છે. કોઈ જિનાલયોમાં ૧૨૪ પ્રતિમાજી હોય છે. કોઈ જિનાલયોમાં ૧૨૦ પ્રતિમાજી હોય છે.

આપણે ત્રણ લોકમાં પ્રથમ તિચ્છાલોકનાં ચૈત્યોની યાત્રા કરીએ... તેમાં પણ પ્રથમ ભરતક્ષેત્રનાં હાલનાં... અશાશ્વતા... જિનાલયોની યાત્રા કરી આગળ વધીએ.

ત્રણે લોકનાં તીર્થની ભાવયાત્રા :-

(આંખ બંધ કરી લીન બનો)

આપણે ભારતભરનાં અમુક તીર્થો સિવાય બીજા શાશ્વત તીર્થોની યાત્રા કરવા સાક્ષાત્ જઈ શકવા માટે સમર્થ નથી. આ ભવમાં એવું કાંઈ ભાગ્ય દેખાતું નથી... પણ જ્યારે અંતરાત્મામાં આ શાશ્વત તીર્થોની યાત્રા કરવા માટે ભાવો ઉલ્લાસિત થાય છે: અને મન-મયુર નાચી ઉઠે છે. ત્યારે આપણને... મનોમન તે પરમાત્મા મિલનની ઝંખના થાય છે.

ચાલો આપણે ...ત્રણે લોકનાં તીર્થોની ભાવયાત્રા શરૂ કરીએ.

જે તીર્થોમાં શાશ્વત પરમાત્માની પ્રતિમાજી બિરાજમાન છે...

જે તીર્થો ... નિરંતર દેવોથી પૂજાઈ રહ્યાં છે.

જે તીર્થો મઘમઘાટ અને પવિત્ર વાતાવરણોથી ભરપૂર છે.

જે તીર્થોની કોઈ કાળે નાશ થવાનો નથી.

એવા શાશ્વત તીર્થોને ભાવ ભરી કોટીશઃ કોટીશઃ વંદના કરીએ છીએ.



મૃત્યુલોકમાં રહેલાં જ્યોતિષ દેવલોકમાં અસંખ્ય જિનબિંબને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

શ્રી સિદ્ધાલય તીર્થમાં બિરાજમાન શ્રી ઋષભદેવ ભગવંતને આપણે નમસ્કાર કરીએ છીએ. ''નમો જિણાણં''.

(ગામ)	(મૂળનાયક)
તળાજામાં	સાચા સુમતિનાથ ભ.ને નમો જિણાણં
કદંબગિરિ	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
ગિરનાર તિર્થમાં	શ્રી નેમીનાથ ભ.ને નમો જિણાણં
મહુવામાં	જીવિત સ્વામી શ્રી મહાવીર ભ.ને નમો જિણાણં
ઘોઘા	શ્રી નવખંડા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભાવનગર	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
વલ્લભીપુર	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
પ્રભાસપાટણ	શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમો જિણાણં
ઉનામાં	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
અજરા	શ્રી અજરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
દીવ	શ્રી નવલખા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
માંગરોળ	શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ચોરવાડ	શ્રી હસમુખા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
કલિકુંડ	શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
દેલવાડામાં	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
આબુ	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
અચલગઢ	શ્રી શાંતિનાથ ભ.ને નમો જિણાણં
કુંભારીયાજી	શ્રી નેમીનાથ ભ.ને નમો જિણાણં
મોટા પોસીનાજી	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
જીરાપલ્લી	શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
સાચોર	શ્રી જીવિતજી સ્વામી મહાવીર ભ.ને નમો જિણાણં

રાણકપુર	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
વરકાણા	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
નાડોલ	શ્રી પદ્મપ્રભ સ્વામીને નમો જિણાણં
નાડલાઈ	શ્રી નેમનાથ ભગવાનને નમો જિણાણં
મૂછાળા મહાવીર	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
બામણવાડા	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
નાંદીયા	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
લોટાણા	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
દીયાણા	શ્રી જીવિત સ્વામી ભ.ને નમો જિણાણં
નીતોડા	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
નાણા	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
સુવર્ણગિરિ	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
કોરટા	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
નાકાડોજી	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
કાપરડાજી	શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ફલોધી	શ્રી ફલોધી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
એશીયાજી	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
જેસલમેર	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
લોદ્રવાજી	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
કેશરીયાજી	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
કેરડા	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
માંડવગઢ	શ્રી સુપાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
લક્ષ્મણી તીર્થ	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
કુન્દપુર	શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ઉજ્જૈન	શ્રી અવંતી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભોપાવરમાં	શ્રી શાંતિનાથ ભ.ને નમો જિણાણં

નાગેશ્વર	શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભ.ને આપણે નમસ્કાર
	કરીએ છીએ બોલો નમો જિણાણં
શંખેશ્વરમાં	શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભોયણી	શ્રી મલ્લીનાથ ભ.ને નમો જિણાણં
પાનસર	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
સેરીસા	શ્રી સેરીસા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ઉપરીયાળાજી	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
પાટણ	શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ચારૂપ	શ્રી શામળા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
કંબોઈ	શ્રી મનમોહન પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
તારંગાજી	શ્રી અજીતનાથ ભ.ને નમો જિણાણં
મહેસાણા	શ્રી સીમંધર સ્વામી ભ.ને નમો જિણાણં
મોઢેરા	શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ગાંભુ	શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ચાણસ્મા	શ્રી ભટેવા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
મેત્રાણા	શ્રી આદીનાથ ભ.ને નમો જિણાણં
ભીલડીયાજી	શ્રી ભીલડી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ટીંટોઈ	શ્રી મુહરી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભોરલ	શ્રી નેમનાથ ભ.ને નમો જિણાણં
ઈડરથી દુર	શ્રી નાગફણી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ડભોઈ	શ્રી લોઢણ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભરૂચ	શ્રી મુનિસુવ્રત સ્વામી ભ.ને નમો જિણાણં
સુરત	શ્રી સુરજમંડન પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
	શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ખંભાત	શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ગાંધાર	શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં

કાવી	શ્રી ધર્મનાથ ભ.ને નમો જિણાણં
માતર	શ્રી સુમતિનાથ ભ.ને નમો જિણાણં
પારોલીતીર્થ	શ્રી સાચા સુમતિનાથ ભ.ને નમો જિણાણં
પાવાગઢ	શ્રી અભિનંદન સ્વામીને નમો જિણાણં
ખેડા	શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
રાંતેજમાં	શ્રી નેમનાથ ભ.ને નમો જિણાણં
પાલનપુર	શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
મહુડી	શ્રી પદ્મપ્રભ સ્વામીને નમો જિણાણં
અમદાવાદ હઠીસિંગની વાડી	શ્રી ધર્મનાથ સ્વામીને નમો જિણાણં
અમદાવાદ પતાસાપોળ	શ્રી મહાવીર સ્વામીને નમો જિણાણં
ભદ્રેશ્વર તીર્થ	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
અંજાર	શ્રી વાસૂપૂજ્ય સ્વામી ભ.ને નમો જિણાણં
મુંદ્રા	શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભુજ	શ્રી શાંતિનાથ ભ.ને નમો જિણાણં
સુથરી	શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
કટારીયા	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
જખ્ખૌ	શ્રી સુવિધિનાથ ભ.ને નમો જિણાણં
નળીયા	શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમો જિણાણં
તેરા	શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ગેડી	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
	અંતરીક્ષજી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ભદ્રાવતી	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ચંપાપુરી	શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમો જિણાણં
વાણારસી	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ક્ષત્રીયકુંડ	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
કર્ણાટક કુલપાકજી	શ્રી માણિક્ય સ્વામીને નમો જિણાણં

કુંભોજતિર્થ	શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
ઋજુવાલિકા	શ્રી પાર્શ્વનાથ ભ.ને નમો જિણાણં
પાવાપુરી	શ્રી મહાવીર સ્વામી ભ.ને નમો જિણાણં
સમેતશિખર	શ્રી પાર્શ્વનાથ ભ.ને આપને નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"

અષ્ટાપદ પર્વત પર સિંહ નિષદ્યા જિનાલયમાં, રત્નનાં, ભરત મ. ભરાવેલાં સરખી નાસિકાવાળા...ચોવીસે જિનેશ્વરભગવંતોને કોટીશઃ વંદના હોજો બોલો "નમો જિણાણં".

આબુ, અષ્ટાપદ, ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર પાંચે તીરથ ઉત્તમ ઠામ. સિદ્ધિ ગયા તેને કરૂ પ્રણામ.

૩૨૫૯, તીર્છા લોકમાં ચૈત્યનો પાઠ

જીનાલય	પ્રતિમાજી	પ્રતિમાજી	
નંદીશ્વર દ્વિપ	૫૨ X ૧૨૪	૬૪૪૮	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
કુંડલ દ્વિપ	૪ X ૧૨૪	૪૯૬	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
રૂચક દ્વિપ	૪ X ૧૨૪	૪૯૬	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
ઈક્ષુકાર	૪ X ૧૨૦	૪૮૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
માનુષોત્તર	૪ X ૧૨૦	૪૮૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
સૌધર્મની ૮ પટરાણી	૮ X ૧૨૦	૯૬૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
પટરાણી ઈશાનેન્દ્રની	૮૮ X ૧૨૦	૯૬૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"

૧૬	પાંચ મેરૂવનના	૮૦ X ૧૨૦	૯૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૧	ચુલિકા	૫ X ૧૨૦	૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૪	ગજદંત	૨૦ X ૧૨૦	૨૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૨	કુરુક્ષેત્ર	૧૦ X ૧૨૦	૧૨૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૧૬	વક્ષસ્કાર	૮૦ X ૧૨૦	૯૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૬	કુલગિરિના	૩૦ X ૧૨૦	૩૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૮	કરિકૂટ (દિફ્ગજકૂટ)	૪૦ X ૧૨૦	૪૮૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૩૪	દીર્ઘ વૈતાઢ્ય	૧૭૦ X ૧૨૦	૨૦,૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૨૩૪	જંબુવનના	૧૧૭૦ X ૧૨૦	૧,૪૦,૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૨૦૦	કંચનગીરી	૧૦૦૦ X ૧૨૦	૧,૨૦,૦૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૧૬	દ્રહના	૮૦ X ૧૨૦	૯૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૭૬	કુંડ	૩૮૦ X ૧૨૦	૪૫,૬૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૧૪	મહાનદીના	૭૦ X ૧૨૦	૮૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૪	યમક-ચિત્ર વિચિત્ર	૨૦ X ૧૨૦	૨૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"



૪	વૃત્ત વૈતાઢ્ય	૨૦ X ૧૨૦	૨૪૦૦	ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં"
૬૩૫			૩૨૫૯	૩,૯૧,૩૨૦

તિર્છાલોકનાં ૩૨૫૯ જિનાલયોનાં ત્રણ લાખ એકાણું હજાર ત્રણસો વીસ જિનબિંબને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

અધોલોકમાં - સાતક્રોડ ને બહોતેર લાખ ભવનપતિ નિકાયમાં રહેલા જિનાલયોના સર્વ જિન બિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

વ્યંતર નિકાયમાં રહેલા અસંખ્ય જિનાલયોના જિનબિંબને આપણે નજર સમક્ષ લાવી નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

ઉર્ધ્વલોકમાં :- પ્રથમ દેવલોકમાં બત્રીશલાખ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

બીજા દેવલોકમાં - ૨૮ લાખ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

ત્રીજા દેવલોકમાં - ૧૨ લાખ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

ચોથા દેવલોકમાં - ૮ લાખ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

પાંચમાં દેવલોકમાં - ૪ લાખ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

છઠ્ઠા દેવલોકમાં - ૫૦,૦૦૦ હજાર જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

સાતમા દેવલોકમાં - ચાલીસ હજાર જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ "નમો જિણાણં".

ધીરજવાન ધાર્યું મેળવી શકે છે.

આઠમા દેવલોકમાં - છ હજાર જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

નવમાં અને દસમાં દેવલોકમાં - ચારસો જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

અગ્યારમાં અને બારમાં દેવલોકમાં - ત્રણસો જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

નવગ્રૈવેયકમાં - ત્રણસો અઢાર જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

પાંચ અનુત્તરમાં દેવલોકમાં - પાંચ જિનાલયો ત્યાં રહેલા સર્વ જિનબિંબોને ને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

સર્વ મળી ચોરાશી લાખ સત્તાણું હજાર અને ત્રેવીસ જિનાલયોનું પ્રમાણ :-

સો યોજન લાંબા પચાસ યોજન પહોળા અને બહોતેર યોજન ઉંચા છે. તેમાં ૧૮૦ શાશ્વત જિનેશ્વર ભગવંતની પ્રતિમાજી...બાર દેવલોક સુધીના જિનાલયોમાં છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરના જિનાલયોમાં ૧૨૦ પ્રતિમા છે. તે સર્વને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

ત્રણ લોકમાં સર્વે મળી શાશ્વત જિન ચૈત્યોની સંખ્યા; આઠ ક્રોડ સત્તાવન લાખ બસો ને બ્યાસી શાશ્વત જિનબિંબોની સંખ્યા :- પંદર અબજ બેતાલીસ ક્રોડ અઠ્ઠાવન લાખ છત્રીસ હજાર એંસી જિનબિંબોને આપણે નમસ્કાર કરીએ છીએ ''નમો જિણાણં''.

હવે...ભક્તિના ઉલ્લાસથી થનગની રહેલા હૃદયે આપને સર્વ પરમાત્માની સ્તુતિ કરીએ છીએ.

સ્તુતિ :-

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જીનેશ્વરે ...! તું મળ્યો
પણ પાપ કર્મ કરેલ મેં સેવા સરસ નવ આદરી
શુભ યોગને પામ્યા છતાં મેં મુર્ખતા બહુએ કરી ...૧

નિઃસીમ કરૂણાધાર છો, છો આપ શરણ પવિત્ર છો.
સર્વજ્ઞ છો, નિર્દોષ છો સર્વ જગના નાથ છો.
હું દીન છું હિંમત રહિત થઈ શરણે આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને, રક્ષો મને ...૨

જે ભવ્ય જીવો આપને, ભાવે નમે સ્તોત્રે સ્તવે
ને પુષ્પની માલા લઈને, પ્રેમથી કંઠે ઠવે,
તે ધન્ય છે કૃતપુણ્ય છે. ચિન્તામણી તેને કરે,
વાવ્યો પ્રભુ ! બીજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે ...૩

ચૈત્યવંદન :-

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિષ્ઠ,
જય જગ ગુરૂ દેવાધિદેવ, નયણે મેં દિટ, ...૧

અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ,
જગત જન આધાર એક, નિષ્કારણ બંધુ ...૨

ગુણ અનંત પ્રભુ તાહરાએ, કિમહી કહ્યા ન જાય
રામ પ્રભુ જિન ધ્યાનથી ચિદ્દાનંદ સુખ થાય ...૩

સ્તવન :-

શત્રુંજય ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યાએ
સિધ્યા સાધુ અનંત, તિરથ તે નમું રે...

તીન કલ્યાણક તિહાં થયાં, મુગતે ગયા રે, નેમી સર ગિરનાર...તિરથ (૧)
અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે, ભરતે ભરાવ્યા બિંબ...તિરથ તે નમું રે.
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવન તિલો રે, વિમલ વસઈ વસ્તુપાલ...તિરથ (૨)
સમેત શિખર સોહામણો, રળીયામણોરે, સિધ્યા તિર્થંકર વીસ...તિરથ તે નમું રે.
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિધ્યા શ્રી વાસુપૂજ્ય...તિરથ (૩)
પૂર્વદિશે પાવાપુરી, ઋદ્ધે ભરી રે, મુકિત ગયા મહાવીર...તિરથ તે નમું રે.
જેસલમેર જુહારીયે, દુઃખ વારીએ રે, અરિહંત બિંબ અનેક...તિરથ (૪)
બિકાનેર જ વંદીએ, ચિર નંદીયે રે, અરિહંત દેહરા આઠ...તિરથ તે નમું રે.
સેરિસરો - શંખેશ્વરો, પંચાસરોરે, ફલોધિ થંભણ પાસ...તિરથ (૫)
અંતરીક્ષ અજ્જહરો અમીઝરો રે, જીરાવલો જગનાથ...તિરથ તે નમું રે.
ત્રૈલોક્ય દીપક દેહરો, જાત્રા કરી રે, રાણકપુર શિર સેહરા...તિરથ (૬)
શ્રી નાડુલાઈ જાદવો ગોડી સ્તવો રે, શ્રી વરકાણો પાસ...તિરથ તે નમું રે.
નંદીશ્વરનાં દેહરાં બાવન ભલારે, રૂચક કુંડલે ચાર ચાર...તિરથ (૭)
શાશ્વતી, અશાશ્વતી પ્રતિમા છતી રે, સ્વર્ગ મૃત્યુ પાતાળ...તિરથ તે નમું રે.
તિરથ જાત્રા ફળ તિહાં, હોને મુજ ઈહાં રે, સમય સુંદર કહે એમ...તિરથ (૮)

સ્તુતિ :- ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી.
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચારજી
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચારનામ ચિત્ત ધારેજી
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમીયે નિત્ય સવારેજી...!

(આવ્યો શરણે...) ભવોભવ તુમ ચરણોની સેવા આદિ સ્તુતિ બોલી ભાવ ભરેલા હૈયે આપણે છુટા પડ્યા.

શ્રી સમ્મેતશિખરજી તીર્થ ભાવયાત્રા

સમ્મેતશિખર સમરૂં સદા, પૂર્વભારત મોઝાર ।
વીસ તીર્થંકર પામીયા મુક્તિનગર મનોહાર ॥

જૈનશાસનમાં દ્રવ્ય અને ભાવ બંને ને ધર્મની અનિવાર્યતા બતાવી છે, પણ દ્રવ્યધર્મ ત્યારે જ સાર્થક બને છે જ્યારે તેમાં ભાવ ભળે છે. *''ઘી વગરની રોટલી સુકી, ભાવ વગરની ભક્તિ લુખી''* ઘી સ્વરૂપ ભાવ ભક્તિમાં ભળે નહીં તો ભવની ભાવઠ ભાંગે નહીં. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન ।
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવલજ્ઞાન ॥

ભાવ સાથેની ભક્તિમાં ભક્ત અને ભગવાનનું અદ્વિતીય મિલન થાય છે. ભાવપૂર્વક કરાયેલી સાધના જ સાધનાનું સંપૂર્ણ ફળ આપે છે.

પૂર્વ ભારત સ્થિત બિહાર ક્ષેત્રની પુણ્યવંતી ભૂમિ ઉપર રહેલ શ્રી સમ્મેતશિખર તીર્થનો અપરંપાર મહિમા છે. જ્યાંથી ૨૦-૨૦ તીર્થંકર પરમાત્મા મુક્તિનગરને પામ્યા છે, તે ભૂમિની સ્પર્શના કરવી તે જીવનનો એક વિશિષ્ટ લહાવો છે. પ્રતિવર્ષ તો આ ભૂમિની સ્પર્શના કરી શકતા નથી પણ ભાવપૂર્વક મનથી તો પ્રતિદિન સ્પર્શના કરી જ શકીયે છીએ, એકવાર તો અવશ્ય શ્રી શિખરજી તીર્થની તન-મનથી સ્પર્શના કરવી જ જોઈએ. તન જ્યાં નથી પહોંચતું ત્યાં મન પહોંચી શકે છે. મનથી આ મહાન તીર્થની યાત્રા કરવા માટે ભાવયાત્રા અત્રે રજૂ કરી છે, તો આવો શ્રી શિખરજી તીર્થની પ્રતિદિન યાત્રા કરી અનંતાનંતગણા પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી બનીએ, કે જે પુણ્ય મુક્તિ

ન પામીયે ત્યાં સુધી જૈનશાસનની પ્રાપ્તિ કરાવી જ આપે. અને ઉત્તરોત્તર નિર્વાણપદ પણ અપાવી દે. સર્વ પ્રથમ બાર નવકાર આંખ બંધ કરીને ગણો. હવે તમે સાક્ષાત્ શિખરજી તીર્થમાં આવી ચૂક્યા છો. શ્રી શિખરજી તીર્થના અધિષ્ઠાયક શ્રી ભોમિયાજી દેવના દર્શન કરી યાત્રાનો પ્રારંભ કરીયે છીએ. ભાવપૂર્વક પરમાત્માનું નામ સ્મરણ કરતાં કરતાં ગિરિરાજ ચઢતાં ચઢતાં સર્વ પ્રથમ શ્રી ગૌતમસ્વામીજી ટુંક પાસે આવી પહોંચશું. આ અવસર્પિણી કાળના ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર.....

(૧) શ્રી ગૌતમસ્વામી ટુંક :-

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર ।
શ્રી ગુરુ ગૌતમ સમરીયે, વાંછિત ફલ દાતાર ॥

શ્રી ૨૪ તીર્થંકર પરમાત્માના ચરણોમાં તથા ગૌતમસ્વામી સમેત ૧૧ ગણધર ભગવંતોના ચરણમાં ભાવપૂર્વક વંદના. તેમજ આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધાત્માઓના ચરણોમાં કોટિ કોટિ વંદન. 'નમો જિણાણં-નમો સિદ્ધાણં''.

બોલો શ્રી ગૌતમ સ્વામી ભગવાન કી જય.....

(૨) શ્રી જ્ઞાનધર ગિરિ ટૂંક :-

અવસર્પિણી કાળના સત્તરમા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાન.

શ્રી કુંથુનાથો ભગવાન્, સનાથોઽતિશયર્દ્ધિભિઃ ।
સુરાસુરનૃનાથાના - મેકનાથોઽસ્તુ વઃ શ્રિયે ॥

શ્રી જ્ઞાનધર ગિરિ ટુંક પર ચૈત્ર વદ ૧ ના ૧ હજાર મુનિ ભગવંતોની સાથે નિર્વાણ પામેલ શ્રી કુંથુનાથ ભગવાનના ચરણોમાં તેમજ આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૬ કોડાકોડી, ૯૬ ક્રોડ, ૩૨ લાખ ૯૬ હજાર, ૭૪૬ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રાથી એક કરોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો કુંથનાથ ભગવાન કી જય.....

(૩) શ્રી ઋષભાનન સ્વામી શાશ્વતજિનની ટુંક :-

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ શાશ્વતા જિન વંદુ તેહ ।
ઋષભ ચન્દ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥

શ્રી શાશ્વત નામ જિન શ્રી ઋષભાનન સ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી સિદ્ધ ગતિને પામેલા સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી ઋષભાનન સ્વામી ભગવાન કી જય.....

(૪) શ્રી ચંદ્રાનન સ્વામી શાશ્વત જિનની ટુંક :-

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતાજિન વંદુ તેહ ।
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥

શ્રી શાશ્વત નામ જિન શ્રી ચંદ્રાનન સ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી સિદ્ધિગતિને પામેલા સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી ચંદ્રાનન સ્વામી ભગવાન કી જય.....

(૫) શ્રી ચિત્રધર ટુંક :-

અવસર્પિણીકાળના એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવાન

લુઠંતો નમતાં મૂર્ધ્નિ, નિર્મલીકાર કારણમ્ ।
વારિપ્લવા ઈવ નમેઃ પાન્તુ પાદ નખાંશવઃ ॥

શ્રી મિત્રધર ટુંક ઉપર ચૈત્ર વદ-૧૦ના ૧ હજાર મુનિ ભગવંતો સાથે નિર્વાણ પામેલ શ્રી નમિનાથ ભગવાનના ચરણોમાં તેમજ આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧ કોડાકોડી, ૪૫ લાખ, ૪૯ હજાર ૯૦૦ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં.

આ ટુંકની યાત્રાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો નમિનાથ ભગવાન કી જય.....

(૬) શ્રી નાટિકાગિરિ ટુંક :-

અવસર્પિણીકાળના અઢારમા તીર્થંકર શ્રી અરનાથ ભગવાન.

અરનાથસ્તુ ભગવાંશ્ચતુર્થારનભોરવિઃ ।
ચતુર્થ પુરૂષાર્થશ્રી-વિલાસં વિતનોતુ વઃ ॥

શ્રી નાટિકગિરિ ટુંક ઉપર માગસર સુદ-૧૦ના ૧ હજાર મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી અરનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૯ ક્રોડ, ૯૯ લાખ, ૯૯ હજાર, ૯૯૯ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં.

આ ટુંકની યાત્રાથી ૯૬ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી અરનાથ ભગવાન કી જય.....

(૭) શ્રી સબલગિરિ ટુંક :-

અવસર્પિણીકાળના ઓગણીશમા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાન

સુરાસુરનરાધીશ-મયૂરનવવારિદમ્ ।
કર્મદ્રુન્મૂલને હસ્તિ-મલ્લં મલ્લિમભિષ્ટુમઃ ॥

શ્રી સબલગિરી ટુંક ઉપરથી ફાગણ સુદ-૧૨ના ૫૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી મલ્લિનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૬ કરોડ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન. "નમોજિણાણં - નમો સિદ્ધાણં.

આ ટુંકની યાત્રાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી મલ્લિનાથ ભગવાન કી જય.....

(૮) શ્રી સંકુલગિરિ ટુંક :-

અવસર્પિણીકાળના અગ્યારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ ભગવાન.

ભવરોગાર્ત્તજંતૂના-મગદંકાર દર્શનઃ ।
નિઃશ્રેયસશ્રીરમણઃ શ્રેયાંસઃ શ્રેયસેઽસ્તુ વઃ ॥

શ્રી સંકુલગિરિ ટુંક ઉપરથી અષાઢ વદી-૩ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૬ કોડાકોડી, ૯૬ ક્રોડ, ૯૨ લાખ, ૯૦ હજાર, ૫૪૨ મુનિભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"નમોજિણાણં - નમો સિદ્ધાણં."

આ ટુંકની યાત્રાથી ૧ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી શ્રેયાંસનાથ ભગવાનકી જય.....

(૯) શ્રી સુપ્રભગિરિ ટુંક :-

અવસર્પિણીકાલના નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ ભગવાન.

કરામલકવદ્વિશ્વં, કલયન્ કેવલશ્રિયા ।
અચિન્ત્ય માહાત્મ્યનિધિઃ, સુવિધિર્બોધયેઽસ્તુ વઃ ॥

શ્રી સુપ્રભગિરિ ટુંક ઉપર ભાદરવા સુદ-૯ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી સુવિધિનાથ પ્રભુના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૯ ક્રોડ, ૯ લાખ, ૭ હજાર ૭૮૦ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદના.

''નમો જિણાણં - નમો સિદ્ધાણં''

આ ટુંકની યાત્રાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી સુવિધિનાથ ભગવાનકી જય.....

(૧૦) શ્રી મોહનગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન.

પદ્મપ્રભપ્રભોર્દેહ-ભાસઃ પુણ્ણન્તુ વઃ શ્રિયમ્ ।
અન્તરંગારિમથને, કોપાટોપાદિવારુણાઃ ।।

શ્રી મોહનગિરિ ટુંક ઉપર કારતક વદ-૧૧ ના ૩૦૮ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી પદ્મપ્રભસ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૯ ક્રોડ, ૮૭ લાખ, ૮૩ હજાર, ૭૨૭ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન. ''નમો જિણાણં - નમો સિદ્ધાણં''.

આ ટુંકની યાત્રાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન કી જય.....

(૧૧) શ્રી નિર્જરાગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના ૨૦માં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન.

જગન્મહામોહનિદ્રા-પ્રત્યૂષસમયોપમમ્ः ।
મુનિસુવ્રતનાથસ્ય, દેશનાવચનં સ્તુમः ।।

શ્રી નિર્જરાગિરિ ટુંક ઉપર વૈશાખ વદ-૯ ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી મુનિસુવ્રતસ્વામીજીના ચરણોમાં તથા આ ટુંક

ઉપરથી નિર્વાણ પામેલ ૯૯ કોડાકોડી, ૯૭ ક્રોડ, ૯ લાખ ૯૯૯ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૧ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન કી જય.....

(૧૨) શ્રી લલિતઘટ ટુંક :-

અવસર્પિણીકાલના આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન.

चंद्रप्रभ प्रभोश्चंद्र-मरिथिनिचयोज्जवला ।
मूर्तिर्मूर्त सित ध्यान-निर्मितेव श्रियेऽस्तु वः ॥

શ્રી લલિતઘટ ટુંક ઉપર શ્રાવણ વદ-૭ ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૮૪ અરબ, ૭૨ ક્રોડ, ૮૦ લાખ, ૪ હજાર ૫૫૫ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન !

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૧૬ લાખ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો ચંદ્રપ્રભસ્વામી ભગવાન કી જય .....

(૧૩) શ્રી આદિનાથ ટુંક :-

અવસર્પિણીકાલના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાન.

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥

શ્રી અષ્ટાપદ ગિરિ ઉપર પોષ વદ-૧૩ના ૧૦૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી આદિનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી આદિનાથાય નમઃ.....

(૧૪) શ્રી સ્વયંભૂગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાન.

स्वयंभूरमणस्पर्धि, करुणारसवारिणा ।
अनंतजिदनन्तां वः, प्रयच्छतु सुखश्रियम् ॥

શ્રી સ્વયંભૂગિરિ ટુંક ઉપર ચૈત્ર સુદ-૫ના ૭૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી અનંતનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯૬ કોડાકોડી ૧૭ ક્રોડ, ૧૭ લાખ, ૧૭ હજાર ૭૦૦ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૧ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી અનંતનાથ ભગવાન કી જય.....

(૧૫) શ્રી વિદ્યુતગિરિ ટુંક :-

અવસર્પિણીકાલના દશમા તીર્થંકર શ્રી શીતલનાથ ભગવાન.

सत्त्वानां परमानन्द, कन्दोद्भेद नवांबुदः ।
स्याद्वादामृत निस्यन्दी, शीतलः पातु वो जिनः ॥

શ્રી વિદ્યુતગિરિ ટુંક ઉપર ચૈત્ર વદ-૨ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી શીતલનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧૮ કોડાકોડી, ૪ ક્રોડ, ૩૨ લાખ, ૪૨ હજાર, ૯૭૫ મુનિવરોના ચરણોમાં કોટીકોટી વંદન.

(૧૬) શ્રી દત્તધવલગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવાન.

विश्वभव्यजनाराम, कुल्यातुल्याजयंति ताः ।
देशना समये वाचः श्री संभव जगत्पतेः ॥

શ્રી દત્તધવલગિરી ટુંક ઉપર ચૈત્ર સુદ-૫ ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી સંભવનાથ ભગવાનના ચરણોમાં તથા ૯ કોડાકોડી, ૭૨ લાખ ૪૨ હજાર, અને ૫૦૦ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન. "નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૪૨ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી સંભવનાથ ભગવાન કી જય.....

(૧૭) શ્રી વાસુપૂજ્ય સ્વામી ટુંક :-

અવસર્પિણી કાલના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન

विश्वोपकारकी भूत-तीर्थकृत्कर्म-निर्मितिः ।
सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥

શ્રી ચંપાપુરી તીર્થમાં અષાઢ સુદ-૧૪ના ૬૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનકી જય.....

(૧૮) શ્રી આનંદગિરિ ટુંક :-

અવસર્પિણીકાલના ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામી ભગવાન.

अनेकान्तमतांभोधि-समुल्लासनचन्द्रमाः ।
ददादमन्दमानन्दं, भगवानभिनंदनः ॥

શ્રી આનંદગિરિ ટુંક ઉપર વૈશાખ સુદ-૮ના ૧૦૦૦ મુનિભગવંતો સાથે નિર્વાણ પામેલ શ્રી અભિનંદનસ્વામી ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૭૩ કોડાકોડી, ૭૦ ક્રોડ, ૧૭ લાખ, ૪૨ હજાર, ૭૦૦ મુનિભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદન.

"नमो जिणाणं-नमो सिद्धाणं"

આ ટુંકની યાત્રા કરવાથી એક લાખ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી અભિનંદનસ્વામી ભગવાનકી જય.....

(૧૯) શ્રી પાર્શ્વનાથ ટુંક :-

શ્રી જલમંદિર-સમ્મેતશિખર પાર્શ્વનાથ ભગવાન

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्य मनोवृत्ति, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥

શ્રી જલમંદિર જિનાલયમાં પ્રતિષ્ઠિત સર્વે જિન પ્રતિમાઓના તથા આ ભૂમિ ઉપરથી નિર્વાણ પામેલ સર્વે સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટી વંદન.

"नमो जिणाणं-नमो सिद्धाणं"

શ્રી જિનેશ્વર પરમાત્માના દર્શનથી અનંતગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ ભગવાન કી જય....

(૨૦) શ્રી શુભસ્વામીજી ટુંક :-

શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી શુભસ્વામીજી.

अज्ञानतिमिरान्धानां, ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्री गुरवे नमः ॥

શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી શુભસ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદના. "નમો સિદ્ધાણં-નમો ગુરુણાં"

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી શુભગણધર સ્વામી કી જય.....

(૨૧) શ્રી દત્તવરગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથ ભગવાન.

कल्पद्रुम सधर्माण-मिष्टप्राप्तौ-शरीरिणाम् ।
चतुर्द्धाधर्मदेष्टारं, धर्मनाथ मुपास्महे ॥

શ્રી દત્તવરગિરિ ટુંક ઉપર ૧૦૮ મુનિવરો સાથે જેઠ સુદ-૫ના દિવસે નિર્વાણ પામેલ શ્રી ધર્મનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧૯ કોડાકોડી ૧૯ ક્રોડ, ૯ લાખ, ૯ હજાર ૭૦૦ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૧ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી ધર્મનાથ ભગવાન કી જય.....

(૨૨) શાશ્વત જિન ટુંક :-

શ્રી વારિષેણ સ્વામી શાશ્વત જિન

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદુ તેહ ।
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥

શ્રી શાશ્વત નામ જિન શ્રી વારિષેણ સ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટી વંદના.

"નમો જિણાણં-નમો સિદ્ધાણં"

બોલો શ્રી વારિષેણ સ્વામી ભગવાન કી જય

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.....

(૨૩) શાશ્વત જિન ટુંક :-

શ્રી વર્ધમાન સ્વામી શાશ્વત જિન !

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદુ તેહ ।
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણ સેણ ॥

શ્રી શાશ્વત નામજિન શ્રી વર્ધમાનસ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટી વંદના.

"નમોજિણાણં-નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી વર્ધમાન સ્વામી ભગવાન કી જય....

(૨૪) શ્રી અચલગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ ભગવાન.

द्युसत्किरीट शाणाग्रो-त्तेजिताङ्घ्रिनखावलिः ।
भगवान् सुमतिस्वामी तनोत्वभिमतानि वः ॥

શ્રી અચલગિરિ ટુંક ઉપરથી ચૈત્ર સુદ-૯ના ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી સુમતિનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧ કોડાકોડી, ૮૪ ક્રોડ, ૭૨ લાખ, ૮૧ હજાર ૭૦૦ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદના.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી સુમતિનાથ ભગવાન કી જય...

(૨૫) શ્રી પ્રભાસગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના સોલમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન.

सुधासोदर वाग्ज्योत्स्ना, निर्मली कृतदिङ्मुखः ।
मृगलक्ष्मा तमः शान्त्यै शान्तिनाथ जिनोऽस्तु वः ॥

શ્રી પ્રભાસગિરિ ટુંક ઉપરથી વૈશાખ વદ ૧૩ના દિવસે ૯૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી શાન્તિનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૯ કોડાકોડી, ૯ લાખ ૯ હજાર, ૯૯૯ મુનિભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદના.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી એક કોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી શાંતિનાથ ભગવાન કી જય.....

(૨૬) શ્રી મહાવીર સ્વામી ટુંક :-

અવસર્પિણી કાલના ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાન.

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ ભૂતશ્રિયા ।
મહાનન્દસરોરાજ, મરાલાયાર્હતે નમઃ ॥

શ્રી પાવાપુરી તીર્થમાં આસો વદ અમાસના દિવસે નિર્વાણ પામેલ શ્રી મહાવીર સ્વામીના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી મહાવીર સ્વામી ભગવાન કી જય.....

(૨૭) શ્રી પ્રભાસગિરિ ટુંક :-

અવસર્પિણીકાલના સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાન.

શ્રી સુપાર્શ્વજિનેન્દ્રાય, મહેન્દ્ર મહિતાંઘ્રયે ।
નમશ્ચતુર્વર્ણ સંઘ, -ગગનાભોગ ભાસ્વતે ॥

શ્રી પ્રભાસગિરિ ટુંક ઉપરથી મહાવદ-૭ના દિવસે ૫૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી કોડાકોડી ૮૪ ક્રોડ, ૭૨ લાખ, ૭ હજાર મુનિ ભગવંતોનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૩૨ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી સુપાર્શ્વનાથ ભગવાન કી જય....

(૨૮) શ્રી નિર્મલગિરિ ટુંક :-

અવસર્પિણી કાલના તેરમા તીર્થંકર શ્રી વિમલનાથ ભગવાન

વિમલસ્વામિનો વાચ; કતકક્ષોદ સોદરાઃ ।
જયન્તિત્રિજગચ્ચેતો, જલનર્મલ્ય હેતવઃ ॥

શ્રી નિર્મલગિરિ ટુંક ઉપરથી જેઠ વદ-૭ ના ૬ હજાર મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી વિમલનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧ ક્રોડ, ૭૬ લાખ ૬૦હજાર ૭૪૨ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી એક ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી વિમલનાથ ભગવાન કી જય....

(૨૯) શ્રી સિદ્ધવર ટુંક :-

અવસર્પિણી કાલના બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાન

अर्हन्तमजितं विश्व-कमलाकर भास्करम् ।
अम्लान केवलादर्श संक्रान्त जगतं स्तुवे ।।

શ્રી સિદ્ધવર ટુંક ઉપર ચૈત્ર સુદ-૫ ના દિવસે ૧૦૦૦ મુનિવરો સાથે નિર્વાણ પામેલ શ્રી અજિતનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પામેલ ૧ અબજ ૮૦ ક્રોડ, ૮૪ લાખ મુનિ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદના. "નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૩૨ ક્રોડ પોષધોપવાસનો લાભ મળે છે.

બોલોશ્રી અજિતનાથ ભગવાન કી જય....

(૩૦) શ્રી નેમનાથ ટુંક :-

અવસર્પિણીકાલના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન

यदु वंश समुद्रेन्दुः, कर्मकक्ष हुताशनः ।
अरिष्टनेमिर्भगवान् भूयाद्वोऽरिष्ट-नाशनः ।।

શ્રી ગિરનાર તીર્થ ઉપર અષાઢ સુદ-૮ના દિવસે ૫૩૬ મુનિવરો

સાથે નિર્વાણ પામેલ શ્રી નેમિનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પ્રાપ્ત સિદ્ધ ભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદના.

"નમો જિણાણં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી અનેક ગણું પુણ્ય બંધાય છે.

બોલો શ્રી નેમિનાથ ભગવાન કી જય.

(૩૧) મેઘાડંબર (સુવર્ણભદ્ર) ટુંક :-

અવસર્પિણી કાલના તેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન

કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥

શ્રી મેઘાડંબર ટુંક ઉપરથી ૩૩ મુનિવરો સાથે શ્રાવણ સુદ-૮ના દિવસે નિર્વાણ પ્રાપ્ત શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણોમાં તથા આ ટુંક ઉપરથી નિર્વાણ પ્રાપ્ત ૨૪ લાખ મુનિભગવંતોના ચરણોમાં કોટિકોટિ વંદના.

"નમો જિણાણાં - નમો સિદ્ધાણં"

આ ટુંકની યાત્રા કરવાથી ૧ ક્રોડ પૌષધોપવાસનો લાભ મળે છે.

બોલો શ્રી પાર્શ્વનાથ ભગવાન કી જય.

કોડા કોડી સંખ્યાની સમજ :- ૧ ક્રોડ X ૧ ક્રોડ = ૧ કોડાકોડી
૧ પૌષધોપવાસનો લાભ :- ૨૭૭૭,૭૭,૭૭,૭૭૭
૧ પલ્યોપમ = અસંખ્ય વર્ષ.
ભાવ યાત્રા બાદ ૧૨ નવકાર ગણવા.

બોલો શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ કી જય

શ્રી ગૌતમસ્વામીનો રાસ

ઢાળ પહેલી

વીર જિણેસર ચરણકમળ, કમલા કયવાસો,
પણમવિ પભણિશું સામિ, સાર ગોયમ ગુરુ રાસો;
મણ તણુ વયણ એકંત કરવી, નિસુણો ભો ભવિયા,
જિમ નિવસે તુમ્હ દેહગેહ, ગુણગણ ગહગહીયા. ૧

જંબૂદ્વીપ સિરિભરહ ખિત્ત, ખોણીતલ મંડણ,
મગધ દેશ સેણિય નરેશ, રિઉદલ બલ ખંડણ;
ધણવર ગુવ્વર નામગામ, જહિં ગુણગણ સજ્જા,
વિપ્પ વસે વસુભૂઈ તત્થ, તસુ પુહવી ભજ્જા. ૨

તાણ પુત્ત સિરિઈંદભૂઈ, ભૂવલય પસિદ્ધો;
ચઉદ્દહ વિજ્જા વિવિહ રૂવ, નારીરસ વિદ્ધો (લુદ્ધો),
વિનય વિવેક વિચાર સાર, ગુણગણહ મનોહર;
સાત હાથ સુપ્રમાણ દેહ, રૂપે રંભાવર. ૩

નયણ વયણ કર ચરણ જિણવિ, પંકજ જળ પાડિય.
તેજે તારા ચંદ સૂર, આકાશે ભમાડિય;
રૂવે મયણ અનંગ કરવિ, મેલ્હિઓ નિરધાડિય,
ધીરમેં મેરૂ ગંભીર સિંધુ, ચંગિમ ચય ચાડિય. ૪

પેખવિ નિરૂવમ રૂવ જસ, જણ જંપે કિંચિય;
એકાકી કલિ ભીતે ઈત્થ, ગુણ મેહલ્યા સંચિય,
અહવા નિશ્ચે પુવ્વ જમ્મે, જિણવર ઈણે અંચિય;
રંભા પઉમા ગૌરી ગંગા, રતિ હા વિધિ વંચિય. ૫

નહિ બુધ નહિ ગુરુ કવિ ન કોઈ, જસુ આગલ રહિઓ,
પંચસયા ગુણપાત્ર છાત્ર, હિંડે પરિવરિયો;
કરે નિરંતર યજ્ઞકર્મ, મિથ્યામતિ મોહિય,
ઈણે છલિ હોશે ચરણનાણ, દંસણ વિસોહિય. ૬

વસ્તુ છંદ

જંબુદ્દીવહ જંબુદ્દીવહ, ભરહવાસંમિ, ભૂમિતલમંડણ મગધદેશ,
સેણિય નરેસર; ધણવર ગુવ્વર ગામ તિહાં, વિપ્પ વસે
વસુભૂઈ સુંદર, તસુ ભજ્જા પુહવી સયલ;
ગુણગણ રૂવ નિહાણ; તાણ પુત્ત વિજ્જનિલો, ગોયમ
અતિહિ સુન્નાણ. ૭

ઢાળ ૨ જી (ભાષા)

ચરણ જિણેસર કેવલનાણી, ચઉવ્વિહ સંઘ પઈઠ્ઠા જાણી;
પાવાપુરી સામી સંપત્તો, ચઉવ્વિહ દેવનિકાય જુત્તો. ૮

દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યામતિ ખીજે;
ત્રિભુવનગુરુ સિંહાસણે બેઠા, તત્ખિણ મોહ દિગંતે પઈઠ્ઠા. ૯

ક્રોધ માન માયા મદ પૂરા, જાયે નાઠા જિમ દિન ચૌરા;
દેવદુંદુભિ આકાશે વાજે, ધર્મ નરેસર આવ્યા ગાજે. ૧૦

કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચોસઠ ઈંદ્ર જસુ માગે સેવા;
ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપે જિણવર જગ સહુ મોહે. ૧૧

ઉપશમરસભર ભરી વરસતાં, જોજનવાણી વખાણ કરંતાં;
જાણિઅવદ્ધમાણજિણપાયા, સુર નર કિન્નર આવે રાયા. ૧૨

કાંડતિસમૂહે ઝલઝલકંતા, ગયણવિમાણે રણરણકંડતા;
પેખવિ ઈંદભૂઈ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩

તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પહુતા ગહગહતા;
તો અભિમાને ગોયમ જંપે, તિણે અવસર કોપે તણુ કંપે. ૧૪

મૂઢ લોક અજાણીઉં બોલે, સુર જાણંતા ઈમ કાંઈ ડોલે;
મૂ આગલ કો નાણ ભણીજે, મેરૂ અવર કિમ ઉપમા દીજે. ૧૫

વસ્તુ છંદ

વીર જિણવર વીર જિણવર નાણસંપન્ન, પાવાપુરી સુરમહિઅ પત્તનાહ સંસારતારણ; તિહિં દેવેહિં નિમ્મવિય, સમવસરણ બહુ સુખકારણ. જિણવર જગ ઉજ્જોઅ કરે, તેજે કરી દિનકર. સિંહાસણે સામિય ઠવ્યો, હુઓ સુજય જયકાર. ૧૬

ઢાળ ૩ જી (ભાષા)

તવ ચઢિયો ઘણ માન ગજે, ઈંદભૂઈ ભૂદેવ તો,
હુંકારો કરી સંચરિયો, કવણસુ જિણવર દેવ તો; ૧૭

જોજન ભૂમિ સમોવસરણ, પેખે પ્રથમારંભ તો,
દહદિસિ દેખે વિબુધવધૂ, આવંતી સુરરંભ તો. ૧૮

મણિમય તોરણ દંડ ધ્વજ, કોસીસે નવ ઘાટ તો,
વૈર વિવર્જીત જંતુગણ, પ્રાતિહાર જ આઠ તો; ૧૯

સુર નર કિન્નર અસુરવર, ઈન્દ્ર-ઈન્દ્રાણી રાય તો,
ચિત્ત ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુપાય તો. ૨૦

સહસકિરણ સમ વીરજિણ, પેખવી રૂપ વિશાળ તો,
એહ અસંભવ સંભવે એ, સાચો એ ઈન્દ્રજાળ તો; ૨૧

તવ બોલાવે ત્રિજગગુરુ, ઈન્દભૂઈ નામેણ તો,
શ્રીમુખ સંશય સામિ સવે, ફેડે વેદપએણ તો. ૨૨

માન મેલ્હી મદ ઠેલી કરી, ભગતે નામે સીસ તો,
પંચસયાંશું વ્રત લીયો એ, ગોયમ પહિલો સીસ તો; ૨૩

તવ બંધવ સંજમ સુણવી કરી, અગ્નિભૂઈ આવેઈ તો,
નામ લેઈ આભાસ કરે, તે પણ પ્રતિબોધેઈ તો. ૨૪

ઈણ અનુક્રમે ગણહર રયણ, થાપ્યા વીરે અગ્યારે તો,
તવ ઉપદેશે ભુવનગુરુ, સંજમશું વ્રત બાર તો; ૨૫

બિહું ઉપવાસે પારણું એ, આપણ તે વિરહંત તો,
ગોયમ સંજમ જગ સયલ, જય જયકાર કરંત તો. ૨૬

(વસ્તુ છંદ)

ઈન્દભૂઈઅ ઈન્દભૂઈઅ, ચડિય બહુમાને, હુંકારો કરી સંચરિઓ, સમવસરણે પહુંતો તુરંત; હ સંસય સામિ સવે, ચરમનાહ ફેડે કુરંત, બોધિબીજ સજ્ઝાય મને, ગોયમ ભવહ વિરત્ત; દિક્ખ લેઈ સિક્ખા સહિય, ગણહરપય સંપત્ત. ૨૭

ઢાળ ૪ થી (ભાષા)

આજ હુઓ સુવિહાણ, આજ પચેલીમાં પુણ્ય ભરો,
દીઠા ગોયમસામિ, જે નિયનયણે અમિય ભરો. ૨૮

સિરિ ગોયમ ગણહાર, પંચસયા મુનિ પરવરિયા,
ભૂમિય કરય વિહાર, ભવિયણને પડિબોહ કરે;
સમવસરણ મઝાર, જે જે સંશય ઉપજે એ,
તે તે પરઉપગાર, કારણ પૂછે મુનિપ્રવરો. ૨૯

જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવલ ઉપજે એ,
આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ; ૩૦

ગુરુ ઉપરિ ગુરુભક્તિ, સામિ ગોયમ ઉપનીય,
એણિ છલ કેવલનાણ, રાગજ રાખે રંગભરે.... ૩૧

જો અષ્ટાપદ શૈલ, વંદે ચઢી ચઉવીશ જિણ,
આતમલબ્ધિવસેણ, ચરમશરીરી સોય મુનિ; ૩૨

ઈઅ દેસણ નિસુણેઈ, ગોયમ ગણહર સંચલિઓ,
તાપસ પન્નર સએણ, તો મુનિ દીઠો આવતો એ. ૩૩

તવ સોસિય નિય અંગ, અમ્હ શક્તિ નવિ ઉપજે એ,
કિમ ચઢશે દઢકાય, ગજ જિમ દીસે ગાજતો એ; ૩૪

ગિરુઓ એણે અભિમાન, તાપસ જો મન ચિંતવે એ,
તો મુનિ ચઢીયો વેગ, આલંબવિ દિનકર કિરણ. ૩૫

કંચન મણિ નિષ્પન્ન, દંડ કલશ ધજ વડ સહિય,
પેખવિ પરમાણંદ, જિણહર ભરતેસર વિહિત; ૩૬

નિય નિય કાયપ્રમાણ, ચઉદિસિ સંઠિઅ જિણહ બિંબ,
પણમવિ મન ઉલ્લાસ, ગોયમ ગણહર તિહાં વસિય. ૩૭

વયરસામીનો જીવ, તિર્યક્જૃંભક દેવ તિહાં,
પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી; ૩૮

વળતા ગોયમ સામી, સવિ તાપસ પ્રતિબોધ કરે,
લેઈ આપણે સાથ, ચાલે જેમ જુથાધિપતિ. ૩૯

ખીર ખાંડ ઘૃત આણી, અમિઅ વુઠ અંગુઠ ઠવે,
ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવે; ૪૦

પંચસયાં શુભભાવ, ઉજ્જવળ ભરિયો ખીરમીસે,
સાચા ગુરુ સંજોગો, કવળ તે કેવળરૂપ હુવો. ૪૧

પંચસયા જિણનાહ, સમવસરણે પ્રાકારત્રય,
પેખવિ કેવલનાણ, ઉપ્પન્નું ઉજ્જોય કરે. ૪૨

જાણે જિણવિ પીયૂષ, ગાજંતી ઘણ મેઘ જિમ,
જિનવાણી નિસુણેવિ, નાણી હુઆ પંચસયા. ૪૩

વસ્તુ છંદ

ઈણે અનુક્રમે ઈણે અનુક્રમે નાણસંપન્ન,
પન્નારહ સય પરિવરિય હરિય, દુરિય જિણનાહ વંદઈ;
જાણેવિ જગગુરુવયણ, તિહ નાણ અપ્પાણ નિંદઈ;
ચરણ જિણેસર તવ ભણે, ગોયમ મ કરિસ ખેઉ,
છેડે જઈ આપણે સહી, હોસું તુલ્લા બેઉ. ૪૪

ઢાળ ૫ મી (ભાષા)

સામિઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિઅ,
વિહરિઓ એ ભરહવાસમ્મિ વરસ બહુંત્તેર સંવસિઅ;
ઠવંતો એ કણય પઉમેસુ, પાયકમળ સંઘહિ સાહિઅ,
આવિઓ એ નયણાનંદ, નયર પાવાપુરી સુરમહિય. ૪૫

પેખિયો એ ગોયમ સામી, દેવશર્મા પ્રતિબોધ કરે,
આપણો એ ત્રિશલાદેવી, નંદન પહોતો પરમપએ;
વલતા એ દેવ આકાશ, પેખવિ જાણિય જિણ સમે એ,
તો મુનિ એ મન વિખવાદ, નાદ ભેદ જિમ ઉપનો એ. ૪૬

કુણ સમો એ સામિય દેખી, આપ કન્હે હું ટાલિઓ એ,
જાણંતો એ તિહુઅણનાહ, લોકવવહાર ન પાલીઓએ;
અતિ ભલું એ કીધલું સામી, જાણીયું કેવળ માગશે એ,
ચિંતવ્યું એ બાલક જેમ, અહવા કેડે લાગશે એ.૪૭

હું કીમ એ વીર જિણંદ, ભગતે ભોળો ભોળવ્યો એ,
આપણો એ અવિહડ નેહ, નાહ ન સંપે સાચવ્યો એ;
સાચો એહ તુંહી વીતરાગ, નેહ ન જેણે લાલિઓ એ,
ઈણ સમે એ ગોયમ ચિત, રાગ વૈરાગે વાળિઓ એ. ૪૮

આવતું એ જે ઉલટ્ટ, રહેતું રાગે સાહિઉં એ,
કેવલ એ નાણ ઉત્પન્ન ગોયમ સહેજે ઉમ્માહિઓ એ;
ત્રિભુવન એ જય જયકાર, કેવલ મહિમા સુર કરે એ,
ગણધર એ કરે વખાણ, ભવિયણ ભવ ઈમ નિસ્તરે એ. ૪૯

વસ્તુ છંદ

પઢમ ગણહર પઢમ ગણહર, વરિસ પચ્ચાસ,
ગિહિવાસે સંવસિય, તીસ વરિસ સંજમ વિભૂસિય;
સિરિ કેવલનાણ પુણ, બાર વરિસ તિહુયણ નમંસિય,
રાજગૃહી નયરી ઠવીઓ, બાણુંવઈ વરિસાઉ;
સામી ગોયમ ગુણનીલો, હોશે શિવપુર ઠાઉં. ૫૦

ઢાળ ૬ ઠી (ભાષા)

જિમ સહદકારે કોયલ ટહુકે,
જિમ કુસુમહ વને પરિમલ મહકે,
જિમ ચંદન સુગંધનિધિ; ૫૧

જિમ ગંગાજલ લહેરે લહકે,
જિમ કણયાચલ તેજે ઝલકે,
તિમ ગોયમ સૌભાગ્યનિધિ. ૫૨

જિમ માન સરોવર નિવસે હંસા,
જિમ સુરતરૂવર કણય વતંસા,

જિમ મહુયર રાજીવવને; જિમ રયણાયર રયણે વિલસે,
જિમ અંબર તારાગણ વિકસે,
તિમ ગોયમ ગુણ કેવલિને. ૫૪

પૂનમ દિન નિશિ જિમ સસહર સોહે,
સુરતરૂ મહિમા જિમ જગમોહે,
પૂરવ દિસિ જિમ સહસકરો; ૫૫

પંચાનન જિમ ગિરિવર રાજે,
નરવઈ ઘર જિમ મયગલ ગાજે,
તિમ જિનશાસન મુનિપવરો. ૫૬

જિમ સુરતરૂવર સોહે શાખા,
જિમ ઉત્તમ મુખે મધુરી ભાષા,
જિમ વન કેતકી મહમહે એ; ૫૭

જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે,
જિમ જિનમંદિર ઘંટા રણકે,
તિમ ગોયમ લબ્ધે ગહગહે એ. ૫૮

ચિંતામણી કર ચઢિયો આજ,
સુરતરૂ સારે વાંછિત કાજ,
કામકુંભ સવિ વશ હુઆ એ, ૫૯

કામગવી પૂરે મનકામિય,
અષ્ટ મહાસિદ્ધિ આવે ધામિય,
સામિ ગોયમ અણુસરો એ. ૬૦

પ્રણવાક્ષર પહેલો પભણીજે,
માયાબીજ શ્રવણ નિસુણીજે,
શ્રીમુખે શોભા સંભવે એ; ૬૧

દેવહધુરિ અરિહંત નમીજે,
વિનય પહુઉવજ્ઝાય થુણિજે,
ઈણ મંત્રે ગોયમ નમો એ: ૬૨

પરઘર વસતાં કાંઈ કરીજે,
દેશદેશાંતર કાંઈ ભમીજે,
કવણ કાજ આયાસ કરો; ૬૩

પ્રહ ઉઠી ગોયમ સમરીજે,
કાજ સમગ્ગહ તતખણ સિઝે,
નવનિધિ વિલસે તાસ ઘરે. ૬૪

ચઉદહ સય બારોત્તર વરસે,
ગોયમ ગણહર કેવલ દિવસે,
(ખંભ નયર પ્રભુ પાસ પયાઓ)
કિયો કવિત્ત ઉપગાર પરો. ૬૫

આદિ મંગલ એહ પભણીજે,
પરવ મહોચ્છવ પહેલો લીજે,
ઋદ્ધિવૃદ્ધિ કલ્યાણ કરો. ૬૬

ધન્યમાતા જેણે ઉદરે ધરિયા,
ધન્ય પિતા જેણે કુલ અવતરીયા,
ધન્ય સદ્‌ગુરુ જિણે દિકિખયા એ; ૬૭

વિનયવંત વિદ્યાભંડાર,
જસ ગુણ પુહવિ ન લભ્ભે પાર;
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો (વડ જિમ શાખા વિસ્તરો એ) ૬૮

ગૌતમસ્વામીનો રાસ ભણીજે,
ચઉવિહ સંઘ રલીયાયત કીજે,
સકલ સંઘ આણંદ કરો; ૬૯

કુમકુમ ચંદ છડો દેવરાવો,
માણેક મોતીના ચોક પૂરાવો,
રયણ સિંહાસણ બેસણું એ. ૭૦

તિહાં બેસી ગુરુ દેશના દેશે,
ભવિક જીવના કારજ સરસે,
ઉદયવંત મુનિ એમ ભણે એ; ૭૧

ગૌતમસ્વામી તણો એ રાસ,
ભણતાં સુણતાં લીલ વિલાસ,
સાસય સુખ નિધિ સંપજે એ. ૭૨

એહ રાસ જે ભણે ભણાવે,
વર મંગલ લચ્છી ઘર આવે,
મનવંચ્છિત આશા ફલે એ. ૭૩

પ્રભાતે શુદ્ધતાથી એક માળા હંમેશા ગણવી.
ૐ હ્રીં અરિહંત ઉવજ્ઝાય ગૌતમસ્વામિને નમઃ

卐 ■ 卐

મંથન

- મિથ્યાત્વ મંદ પડ્યા વગર ધર્મ સારી રીતે થઈ શકે જ નહીં.
- તમારે દુઃખ જોઈતું નથી, તો પાપ શા માટે કરો છો ?
- ભવ સાગરમાં ભટકતાં જીવો માટે અરિહંત પરમાત્મા દીવાદાંડી સ્વરૂપ છે.
- સંસારમાં સુખી થવાનો રસ્તો, 'આવકનો વધારો' નહીં પણ 'જરૂરતનો ઘટાડો' છે.

શ્રી ગૌતમસ્વામીનો વિલાપ

(રાગ : એક પ્યારકા નગમાં)

(૧)

વીર વહેલા આવો રે, ગૌતમ કહીને બોલાવો રે;
દરિસણ વહેલા દીજીએ હો જી.
પ્રભુ તું નિઃસ્નેહિ, હું સસનેહી અજાણ હે વીર. વીર. ૧

(સાખી)

ગૌતમ ભણે હો નાથ ! તેં, વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી, તું મુક્તિરમણીને વર્યો.
હે પ્રભુજી ! તારા, ગુપ્ત ભેદોથી અજાણ રે વીર. ૨

(સાખી)

શિવનગર થયું શું સાંકડું કે, હતી નહિ મુજ યોગ્યતા,
જો કહ્યું હોત તો મુજને, શું કોઈ કોઈને રોકતા ?
હે પ્રભુજી ! હું, શું માગત ભાગ સુજાણ રે. વીર. ૩

(સાખી)

મમ પ્રશ્નનાં ઉત્તર દેઈ, ગૌતમ કહી કોણ બોલાવશે,
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી ક્યાં જશે,
હે પુન્ય કથા કહી, પાવન કરો મમ કાન રે. વીર. ૪

(સાખી)

જિન ભાણ અસ્ત તિમિર થતાં, મિથ્યાત્વ સઘળે જાગશે;
કુમતિ કૌશિક જાગશે, વળી ચોર યુગલ વધી જશે.
હે ત્રિગડે બેસી, દેશના દીઓ જિનભાણ. વીર. ૫

(સાખી)

મુનિ ચૌદ સહસ છે તાહરે, વીર માહરે તું એક છે;
રડવડતો મુજને મૂકી ગયા, પ્રભુ ક્યાં તુમારી ટેક છે.
હે સ્વપ્નાંતરમાં, અંતર ધરો ન સુજાણ. વીર.૬

(સાખી)

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, ન મળે કોઈ અવસરે;
હું રાગવશ રખડું નીરાગી, વીર શિવપુર સંચરે;
હું વીર વીર કરું, વીર ન ધ્યાન ધરે. વીર.૭

(સાખી)

કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઈ કોઈ કોઈનું કદા;
એ રાગ ગ્રંથી છૂટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં,
હે સુરતરું મણિ સમ, ગૌતમ નામે નિધાણ. વીર.૮

(સાખી)

કાર્તિક માસ અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દીપક મળે;
ભાવ દીપક જ્યોત પ્રગટે, લોકો દેવ દિવાળી ભણે.
હે વીર વિજયના નરનારી ધરે ધ્યાન. વીર.૯

અમૃતવાણી

- કરેલાં સત્કર્મની પ્રશંસા કરવાથી પુણ્ય ધોવાઈ જાય છે. કરેલાં પાપોનો પશ્ચાતાપ કરવાથી પાપ ધોવાઈ જાય છે.
- ગુનો કબૂલ કરનારને પોલીસ રીમાન્ડ નથી તેવી રીતે દોષ કબૂલનારને કર્મસત્તા સજા ફટકારતી નથી.

ગૌતમ પૃચ્છા

પ્રશ્ન ૧. *હે કરુણાસાગર ! ક્યા કર્મના લીધે જીવ નરકે જાય છે ?*
જવાબ : જે જીવ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, પરસ્ત્રીનું સેવન કરે છે, ઘણા પ્રકારના પાપ પરિગ્રહમાં આસક્ત હોય છે, એ રીતે પાંચ અણુવ્રતને વિરાધે છે. તેમ જ અતિ ક્રોધી, અભિમાની, ધૃષ્ટ, માયાવી, રૌદ્ર સ્વભાવી, પાપી, ચાડી ખાનાર, અતિ લોભી, સાધુની નિંદા કરનાર, અધર્મી, અસંબદ્ધ વચન બોલનાર, દુષ્ટ બુદ્ધિવાળો, કૃતઘ્ન હોય તે જીવ અત્યંત દુઃખ અને શોક પામીને નરકમાં જાય છે.

પ્રશ્ન ૨. *હે ક્ષમાસાગર ! આ જ જીવ સ્વર્ગલોકમાં ક્યા કારણોથી જાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે જીવ તપમાં, સંયમ-ચારિત્રમાં અને દાનમાં રૂચિવાળો હોય, જે સ્વભાવથી ભદ્ર-સરળ પરિણામી, દયાવંત હોય તથા ગુરુવચનમાં શ્રદ્ધાવાળો હોય, જ્ઞાન, દર્શન અને ચારિત્રનો આરાધક હોય તે જીવ મૃત્યુ પામીને હંમેશાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૩. *હે દયાસાગર ! જીવ મરીને તિર્યંચપણે શાથી ઉત્પન્ન થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે માણસ પોતાના સ્વાર્થ માટે મિત્રને સેવે, પોતાનું કાર્ય સર્યા પછી મિત્રનો ત્યાગ કરે. મિત્રને દુઃખમાં નાખે અને મિત્રનું અશુભ બોલે, પોતાની ગુપ્ત વાત મિત્રને જણાવે નહિ, જે નિર્દય હોય, માયાવી હોય તે જીવ મરીને તિર્યંચપણે પશુપણે ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૪. *હે ભગવાન ! ક્યા કારણથી જીવ મરીને ફરીવાર મનુષ્ય થાય?*

જવાબ : જે જીવ સરળ ચિત્તવાળો હોય, નિરાભિમાની હોય, મંદ ક્રોધાદિ કષાયવાળો હોય, સુપાત્રને દાન આપનારો હોય, મધ્યસ્થ ભાવનાવાળો હોય, ન્યાયી હોય, સાધુના ગુણોની પ્રશંસા કરતો હોય, થોડો પરિગ્રહ રાખે, સંતોષી હોય વળી દેવગુરુનો ભક્ત હોય તે જીવ મરીને મનુષ્ય થાય.

પ્રશ્ન ૫. *હે ભગવાન ! સ્ત્રી મરીને પુરુષ શાથી થાય ?*
જવાબ : હે ગૌતમ ! જે સ્ત્રી સંતોષી હોય, વિનયવાળી હોય, સરળ ચિત્તવાળી અને સ્થિર સ્વભાવવાળી હોય, વળી જે સ્ત્રી હંમેશાં સત્ય બોલે તે સ્ત્રી મરીને પુરુષ થાય.

પ્રશ્ન ૬. *હે દયાળુ પ્રભુ ! પુરુષ મરીને સ્ત્રી ક્યારે થાય ?*
જવાબ : હે ગૌતમ ! જે પુરુષ ચપળ સ્વભાવવાળો, મૂર્ખ, કદાગ્રહી હોય, વળી માયા અને કુડ-કપટ વડે સ્વજનને ઠગતો હોય, કોઈનો વિશ્વાસ ન કરે અને વિશ્વાસઘાત કરે તે પુરુષ મરીને સ્ત્રી થાય છે.

પ્રશ્ન ૭. *હે દયાળુ પ્રભુ ! આ જીવ ક્યા કર્મથી નપુંસક થાય છે ?*
જવાબ : ગૌતમ ! જે પુરુષ ઘોડાને, વૃષભને, બકરા વગેરે પશુને છેદન કરી નિર્લાંછન (પુરુષચિહ્નથી રહિત) કરે છે, તેઓના ગલકંબલ વગેરે છેદે છે, કાન વગેરે અવયવોને કાપે છે, જીવહિંસા કરે છે, તે જીવ સર્વ અંગો વડે હીન થાય છે અને નપુંસકપણાને પામે છે.

પ્રશ્ન ૮. *હે કૃપાના સાગર ! ક્યા કારણથી જીવ અલ્પ આયુષ્યવાળો થાય છે ?*
જવાબ : જે પુરુષ નિર્દયપણે જીવોને મારે છે, પરલોક જેવું કાંઈ માનતો નથી. અતિ સંકલેશ કરે છે તે જીવ મરીને શીવકુમાર અને યજ્ઞદત્તની જેમ અલ્પ આયુષ્યવાળો થાય છે.

પ્રશ્ન ૯. *હે દયાના ભંડાર ! ક્યા કર્મના ઉદયથી જીવ લાંબા આયુષ્યવાળો થાય છે ?*

જવાબ : જે જીવોને મારતો નથી, જે દયાળુ હોય છે, જે જીવોને અભયદાન આપીને જ સંતોષ માને છે, તે જીવ મરીને પરભવમાં દીર્ઘ આયુષ્યવાળો થાય છે.

પ્રશ્ન ૧૦. *હે દયાળુ ! જીવ અભોગી-ભોગ વિનાનો શાથી થાય છે?*

જવાબ : જે પુરુષ પોતાની વસ્તુ કોઈને આપતો નથી, વળી કોઈને વસ્તુ આપી દે તો, તે માટે મનમાં ખેદ કરે-અગર પાછી માગી લે છે, કોઈ સુપાત્રે દાન આપતાં હોય, તેને આપતાં જે નિવારે-અંતરાય કરે છે. આવાં કર્મ-વડે જીવ ભોગ સુખ-વિનાનો થાય છે.

પ્રશ્ન ૧૧. *હે કૃપાસાગર ! જીવ શાથી સૌભાગી થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે મનુષ્ય હૃદયમાં હર્ષપૂર્વક સાધુ-મુનિરાજોને ખપે એવા શયન, આસન, વસ્ત્ર, પાટ, સંથારો, પગ પુછણું-દંડાસન, કંબલ વગેરે તેમ જ આહાર-ભોજન પાત્રા તથા પાણી આપે છે તે મનુષ્ય ભોગવાળો અને સુખી થાય છે.

પ્રશ્ન ૧૨. *હે કૃપાસિંધુ ભગવાન્ ! જીવ ક્યા કર્મના ઉદયથી સૌભાગી-સુખી થાય છે ?*

જવાબ : જે પુરુષ ગુરુનો, દેવનો અને સાધુઓનો વિનય કરે, કડવાં વચન બોલે નહિ, આવા પ્રકારનો પુરુષ સજ્જનોને પણ દર્શનીય હોય છે, તે સુભગ-સૌભાગ્યશાલી થાય છે, સર્વ લોકોમાં પ્રિય થાય છે.

પ્રશ્ન ૧૩. *હે દયાના ભંડાર પ્રભુ ! ક્યા કર્મ વડે જીવ દુર્ભાગી થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ ગુણરહિત હોવા છતાં ગુણવાન તરીકે અહંકારી હોય, જે ગુણવાન ધૈર્યવાન એવા તપસ્વીઓની નિંદા કરે, જે વિષયી હોય, જાતિ વગેરેના મદ કરે, બીજા જીવોને પીડા કરે, તે જીવ મરીને ભોજદેવની જેમ જે દેખવોય કોઈને ન ગમે તેવો દુર્ભગ-દુર્ભાગી થાય છે.

પ્રશ્ન ૧૪. *હે કૃપાસાગર ! ક્યા કર્મ વડે જીવ બુદ્ધિશાળી થાય છે?*
જવાબ : હે ગૌતમ ! જે જીવ શાસ્ત્રનો પાઠ કરે, તેનું ચિન્ત્વન કરે, શાસ્ત્ર સાંભળે, બીજાને શાસ્ત્ર ભણાવે, ધર્મોપદેશ આપે, વળી જે શાસ્ત્રની ભક્તિ કરે અને ગુરુની ભક્તિ કરે, તે જીવ મરીને બુદ્ધિશાળી થાય છે.

પ્રશ્ન ૧૫. *હે દયાના ભંડાર ! ક્યા કારણથી જીવ દુર્બુદ્ધિ બુદ્ધિ વિનાનો થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે જીવ તપસ્વીની, જ્ઞાનવંતની અને ગુણવંતની અવજ્ઞા-અપમાન કરે, જેમકે આ શું જાણે છે ? આ પ્રમાણે જે મુખથી બોલે તે મરીને કુબુદ્ધિવાળો, અધન્ય અને લોકોમાં નિંદનીય થાય છે.

પ્રશ્ન ૧૬. *હે દયાના સાગર ! ક્યા કર્મથી જીવ-પુરુષ પંડિત થાય?*
જવાબ : હે ગૌતમ ! જે પુરુષ વૃદ્ધ અને વડીલ જનોની સેવા કરે છે, ભક્તિ કરે છે, વળી જે પુણ્યનું અને પાપનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા રાખે છે, જે શ્રુતજ્ઞાનની અને ગુરુ મહારાજની ભક્તિ કરે છે તે જીવ મરીને પંડિત થાય છે.

પ્રશ્ન ૧૭. *હે કૃપાળુ ભગવાન્ ! ક્યા કર્મથી જીવ મરીને મૂંગો અને મૂર્ખો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે જીવ બીજા જીવોને કહે તમે જીવોને મારો, માંસ-મદિરાનું ભક્ષણ કરો, ભણવાથી શો લાભ થવાનો છે ? ધર્મ કરવાથી શું થવાનું ? આવાં વચનો બોલતો અને ચિંતવતો જીવ મરીને મૂક, મૂર્ખ થાય છે.

પ્રશ્ન ૧૮. *હે દયાસાગર ! જીવ ધીર શાથી થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે જીવ કોઈ પણ જીવોને ત્રાસ આપતો નથી, અને બીજાની પાસે ત્રાસ અપાવતો નથી, જે બીજા જીવોની પીડાને વર્જે છે, મનુષ્યસેવા અને પરોપકાર કરે છે, તે પુરુષ સાહસિક ધૈર્યવંત-'ધીર' થાય છે.

પ્રશ્ન ૧૯. *હે ભગવાન ! ક્યા કર્મથી જીવ બીકણ થાય છે ?*
જવાબ : જે પુરુષ કૂતરાં, તેતર વગેરેનાં બચ્ચાંઓને તથા ભૂંડ, હરણ વગેરે જીવોને પાંજરામાં પૂરી રાખે, સર્વ જીવોને દુઃખ આપે, તે પુરુષ મરીને હંમેશાં 'બીકણ' થાય છે.

પ્રશ્ન ૨૦. *હે દયાસમુદ્ર ! ક્યા કર્મને લીધે મનુષ્ય-જીવની ભણેલી વિદ્યા નિષ્ફળ થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે પુરુષ કપટયુક્ત વિનય વડે ગુરુની પાસેથી વિદ્યા અથવા વિજ્ઞાન ગ્રહણ કરે છે, પછી ગુરુની અવજ્ઞા કરે છે, ગુરુનો અપલાપ કરે છે-ગુરુના નામને છુપાવે છે, તેની વિદ્યા નિષ્ફળ થાય છે.

પ્રશ્ન ૨૧. *હે કૃપાવંત ! જીવને ભણેલી વિદ્યા સફળ શાથી થાય તે જણાવશો ?*
જવાબ : જે પુરુષ ગુરુનું બહુમાન કરે છે, ગુરુનો વિનય કરે છે, ગુણવાળો હોય છે, તેને ગ્રહણ કરેલી વિદ્યા લોકમાં સફળ થાય છે. જેવી રીતે મહારાજા શ્રેણિકે વિનયપૂર્વક ગ્રહણ કરેલી આકર્ષિણી વિદ્યા સફળ થઈ.

પ્રશ્ન ૨૨. *હે કૃપાના સાગર ! ક્યા કર્મથી મનુષ્યનું દ્રવ્ય નાશ પામે છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ દાન આપીને પછી મનમાં વિચારે, અરે ! આ દાન મેં શા માટે આપ્યું ? એમ પશ્ચાત્તાપ કરે તેના ઘરમાંથી નિશ્ચય કરીને લક્ષ્મી થોડા જ વખતમાં પાછી ચાલી જાય છે.

પ્રશ્ન ૨૩. *હે દયાના ભંડાર ! ક્યા કારણથી માણસને લક્ષ્મી ફરીથી આવી મળે છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ પોતાની પાસે થોડું ધન હોય તો પણ પોતાની શક્તિ અનુસાર સુપાત્રને દાન આપે છે અને બીજાની પાસે પણ દાન અપાવે છે તેને પરભવમાં ફરીથી ઘણી લક્ષ્મી આવી મળે છે.

પ્રશ્ન ૨૪. *હે દીનદયાળ ! ક્યા કર્મથી જીવને લક્ષ્મી મળે અને સ્થિર થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે જે વસ્તુ આપણને પોતાને ગમતી હોય તે વસ્તુ સારી ભાવનાથી જો સાધુઓને આપવામાં આવે, આપ્યા પછી પશ્ચાતાપ કરે નહિ, પણ મનમાં ઘણો રાજી થાય તેની લક્ષ્મી શાલિભદ્રની લક્ષ્મીની જેમ સ્થિર થાય છે.

પ્રશ્ન ૨૫. *હે કરુણાસમુદ્ર ભગવંત ! ક્યા કર્મથી મનુષ્યને ત્યાં પુત્ર જીવતો નથી ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ પશુ, પક્ષી અને મનુષ્યોનાં બાળકોને વિયોગ કરાવે છે વળી પાપી હોય છે તે પુત્ર વિનાનો થાય છે, તેને ત્યાં બાળકો થતાં નથી, કદાચ બાળકો થાય તો જીવતાં નથી.

પ્રશ્ન ૨૬. *હે સર્વજ્ઞ પ્રભુ ! ક્યા કર્મથી જીવ ઘણા પુત્રવાળો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ પરમ કૃપાળુ હોય તો ઘણા પુત્રોવાળો થાય છે - તે પુરુષને ત્યાં ઘણા પુત્રો થાય છે.

પ્રશ્ન ૨૭. *હે કરુણાસાગર ભગવન્ ! ક્યા કર્મથી માણસ બહેરો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે માણસે કાંઈ સાંભળ્યું ન હોય તે છતાં તે કહે કે મેં અમુક સાંભળ્યું છે તે ગપ મારે છે તે માણસ પરભવમાં બહેરો થાય છે.

પ્રશ્ન ૨૮. *હે પરમ કૃપાળુ ભગવન્ ! ક્યા કર્મથી માણસ જાત્યંધ-જન્માંધ થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે માણસે કોઈ વસ્તુ જોઈ નથી તે છતાં મેં અમુક વસ્તુ જોઈ છે એમ કહે, વળી જે પુરુષ ધર્મની અપેક્ષા વિનાનું વચન નિશ્ચયપૂર્વક કહે તે પુરુષ પોતાનાં કર્મના દોષે જાત્યંધ એટલે જન્માંધ થાય છે.

પ્રશ્ન ૨૯. *હે પરમ કૃપાળુ ભગવન્ ! ક્યા કર્મને લીધે ખાધેલું અન્ન પચતું નથી તે આપ કૃપા કરી જણાવશો.*

જવાબ : હે ગૌતમ ! પોતાને કોઈ પણ કામમાં નહિ આવે એવું ખરાબ ભોજન અને એઠું ભોજન કે અશુદ્ધ પાણી જે જીવ સાધુઓને વહોરાવે છે, તેને ખાધેલું અન્ન પચતું નથી અને તેને અજીર્ણનો રોગ થાય છે.

પ્રશ્ન ૩૦. *હે દયાનિધિ ભગવન્ ! ક્યા કર્મથી જીવ રોગી થાય છે?*

જવાબ : હે ગૌતમ ! જે મનુષ્ય મધમાખીઓના મધપૂડા પાડે છે, જે વનમાં દવ-આગ લગાડે છે, બળદ વગેરે પ્રાણીઓને આંકે છે, જે નાના બાગ-બગીચાનાં વૃક્ષોનો વિનાશ કરે છે, વગર કારણે વનસ્પતિ તોડે છે, પુષ્પાદિક ચૂંટે છે તે ભવાંતરમાં કોઢનો રોગી થાય છે.

પ્રશ્ન ૩૧. *હે કરુણાસાગર ભગવંત ! જીવ ક્યા કર્મને લીધે કુબડો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ લોભ વડે ગાય-બળદ, પાડા, ગધેડાં તથા ઊંટ ઉપર ઘણો ભાર ભરીને તેમને પીડા કરે છે, તે પાપકર્મના ઉદયથી તે જીવ કુબડો-ખુંધો થાય છે.

પ્રશ્ન ૩૨. *હે કૃપાસાગર ભગવન્ ! ક્યા કર્મ વડે જીવને દાસત્વ પ્રાપ્ત થાય છે. જીવ દાસ-નૌકર થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ જાતિના મદથી ઉન્મત્ત મનવાળો આત્મા તે પુરુષ નીચ ગોત્ર કર્મ બાંધીને મરી દાસપણાને પામે છે, વળી જે મનુષ્ય પશુ-પક્ષી વગેરે પ્રાણીઓને વેચે-ક્રયવિક્રય-વેપાર કરે છે અને કૃતઘ્ની હોય-કોઈએ કરેલા ઉપકારને ગણતો નથી તે જીવ મરીને દાસપણું પામે છે.

પ્રશ્ન ૩૩. *હે ત્રણે જગતના આધાર પ્રભુ ! ક્યા કર્મને લીધે જીવ દરિદ્ર થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ વિનયરહિત હોય, ચારિત્રરહિત હોય, ધર્મ-નિયમરહિત હોય, દાન, ગુણ વિનાનો હોય, ત્રણ દંડે સહિત હોય એટલે કે મન વડે આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન કરતો હોય, વચન વડે દુષ્ટ શબ્દ બોલતો હોય, કાયા વડે કુચેષ્ટાઓ કરતો હોય અને લોકોને કુબુદ્ધિ આપતો હોય તે પુરુષ મરીને દરિદ્રી થાય છે.

પ્રશ્ન ૩૪. *હે દયાસાગર ભગવંત ! ક્યા કર્મને લીધે જીવ ઋદ્ધિવાળો થાય છે ?*

જવાબ : જે પુરુષ દાન આપનારો, વિનયવાન, ચારિત્રના સેંકડો ગુણોવાળો હોય, તે પુરુષ જગતની અંદર પ્રસિદ્ધ થઈને લોકોમાં મોટી ઋદ્ધિવાળો થાય છે.

પ્રશ્ન ૩૫. *હે સર્વજ્ઞ ભગવાન ! ક્યા કર્મથી જીવ રોગી થાય છે ?*
જવાબ : હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! જે પુરુષ વિશ્વાસ પમાડીને વિશ્વાસઘાત કરી જીવને મારે છે, મનથી શુદ્ધ આલોચના ગ્રહણ કરતો નથી. તે પુરુષ મરીને અન્ય જન્મમાં રોગી થાય છે.

પ્રશ્ન ૩૬. *હે જગવત્સલ પ્રભુ ! જીવ ક્યા કર્મથી રોગરહિત-નીરોગી થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે જીવ વિશ્વાસ રાખનાર જીવનું રક્ષણ કરે છે અને પોતાનાં સર્વ પાપસ્થાનકોની આલોચના કરે છે અને ગુરુ મહારાજે આપેલ પ્રાયશ્ચિત પૂર્ણ કરે છે, તે પુરુષ મરીને અન્ય ભવમાં રોગરહિત નીરોગી થાય છે.

પ્રશ્ન ૩૭. *હે દયાના સાગર ! આ જીવ હીન અંગવાળો શાથી થાય છે ?*
જવાબ : જે પુરુષ કપટ વડે, હસ્તલાઘવ કળા વડે, ખોટાં તોલ વડે અને ખોટા માપ ભરવા વડે તથા કંકુ, કપૂર, મંજિષ્ઠ વગેરે પદાર્થોનો ભેળસેળ કરીને વેપાર કરે છે, વળી માયા-કપટ કરે છે, આવા પ્રકારના પાપ કરવા વડે તે પુરુષ મરીને ભવાંતરમાં મનુષ્ય થાય તો પણ ઈશ્વર શેઠના પુત્ર દત્તની જેમ હીન અંગવાળો થાય છે.

પ્રશ્ન ૩૮. *હે ત્રણ જગતના નાથ ! ક્યા કર્મને લીધે જીવ મૂંગો થાય છે ?*
જવાબ : હે ગૌતમ ! જે પુરુષ સંયમવાળા, ગુણવાળા અને શુદ્ધ શીલવાળા પૂજ્ય સાધુઓની નિંદા કરે છે, તે બીજા ભવમાં મૂંગો અને બોબડો થાય છે.

પ્રશ્ન ૩૯. *હે ત્રણ જગતના નાથ ! ક્યા કર્મના ઉદયથી જીવ ઠુંઠો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ સાધુ ઉપર (દ્વેષ ધારણ કરી) પાદપ્રહાર કરે છે-લાત મારે છે. તે અગ્નિશર્માની જેમ ઠુંઠો થાય છે.

પ્રશ્ન ૪૦. *હે કૃપાવતાર પ્રભુ ! ક્યા કર્મથી જીવ પગરહિત-પાંગળો થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ નિર્દયપણે ભૂખ્યા, થાકી ગયેલા, બળદ, ઘોડા વગેરે જીવોના ઉપર ભાર લાદે છે, પછીથી તેઓને મારે છે, તેમનાં અંગોને છેદે છે અને શરીરના સાંધાઓમાં મર્મઘાત કરે છે, તે પુરુષ મરીને કર્મણની જેમ પાંગળો થાય છે.

પ્રશ્ન ૪૧. *હે કરુણાસમુદ્ર ભગવંત ! ક્યા કર્મથી જીવ સુરૂપ થાય છે?*

જવાબ : હે ગૌતમ જે પુરુષ છત્રના દંડની જેમ સીધો-સરળ સ્વભાવવાળો હોય છે, વળી જેનું મન ધર્મ કાર્યમાં લાગેલું હોય છે, તેમ જ જે જીવ દેવની, શ્રી સંઘની અને ગુરુ ભગવંતની ભક્તિ કરે છે તે જીવ સુંદર રૂપવાળો થાય છે.

પ્રશ્ન ૪૨. *હે દીનબન્ધો પ્રભુ ! ક્યા કર્મના ઉદયથી જીવ કુરૂપ થાય છે ?*

જવાબ : હે ઈન્દ્રભુતિ ગૌતમ ! જે પુરુષ કપટી સ્વભાવવાળો હોય છે, વળી જે જીવને પાપ કરવાનું પ્રિય લાગે છે, વળી જે જીવહિંસા કરવામાં તત્પર રહે છે અને દેવ-ગુરુ પ્રત્યે દ્વેષ રાખે છે તે જીવ મરીને અતિ કુરૂપ થાય છે.

પ્રશ્ન ૪૩. *હે કૃપાનિધિ ભગવંત ! જીવ ક્યા કર્મને લીધે ઘણી વેદનાથી પીડાય - દુઃખી થાય છે ?*

જવાબ : જે પુરુષ પ્રાણીઓને લાકડી-દંડ વડે, હાથ વડે, ચાબુક વડે, તલવાર વડે અને ભાલા કે યંત્ર વડે મારે છે, તેમને પીડા કરે છે, વળી જાળ વગેરે વડે જીવોને વેદના પમાડી દુઃખી કરે છે તે પાપી-કરુણારહિત પુરુષ પરભવમાં બહુ વેદના-દુઃખ પામે છે.

પ્રશ્ન ૪૪. *હે કૃપાસાગર ભગવંત ! ક્યા કર્મથી જીવ વેદનાથી મુક્ત-સુખી થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જે પુરુષ બીજા પુરુષો વડે દુઃખમાં સપડાયેલા એટલે બેડીમાં અથવા બંધાયેલા જીવોને બંધનમાંથી અથવા મરણમાંથી મુકાવે છે, વળી જે દયાળુ હોય છે, તે જીવને કદાપિ અશુભ વેદના થતી નથી.

પ્રશ્ન ૪૫. *હે દીનબંધુ ભગવંત ! જીવ ક્યા કર્મને લીધે પંચેન્દ્રિય હોય છતાં એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ?*

જવાબ : હે ગૌતમ ! જ્યારે જીવને મોહનીય કર્મનો તીવ્ર ઉદય થાય છે, વળી તે જ્ઞાનમાં સમજતો નથી. મહાભયથી વ્યાકુળ થાય છે, જેને સાતા વેદનીય કર્મ થોડું હોય છે અને જે કુટુંબ ઉપર બહુ જ મૂર્છા રાખે છે, તે જીવ મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ઘણો કાળ સંસારમાં ભમે છે.

પ્રશ્ન ૪૬. *હે દયાળુ ભગવન્ ! ક્યા કર્મથી જીવને સંસાર સ્થિર થાય છે?*

જવાબ : હે ગૌતમ ! જે નાસ્તિકવાદી-જીવ એવું માને અને એવું કહે કે ધર્મ નથી, જીવ પણ નથી અને કોઈ સાચા ગુરુ પણ નથી. તેવા નાસ્તિકવાદી પુરુષને ઘણો સંસાર વૃદ્ધિ પામે છે. તે મોક્ષને મેળવતો નથી.

પ્રશ્ન ૪૭. *હે પરમકૃપાળુ ભગવન્ ! જીવ ક્યા કર્મથી અલ્પસંસારી-તેનો સંસાર સંક્ષિપ્ત થાય છે ?*

જવાબ : હે ગૌતમ ! જગતની અંદર ધર્મ છે, અધર્મ પણ છે, સર્વજ્ઞ પરમાત્મા છે, તથા ઋષિ-મુનિઓ પણ છે. આ પ્રમાણે જે શ્રદ્ધાપૂર્વક માને છે, તે જીવ અલ્પસંસારી થાય છે અને તે જીવ થોડા જ વખતમાં સર્વ કર્મ ખપાવી મોક્ષમાં જાય છે.

પ્રશ્ન ૪૮. હે ત્રણ જગતના આધાર કરુણાસિન્ધુ ભગવંત ! ક્યા કારણથી જીવ સંસારસમુદ્રને તરીને મોક્ષ નગરીમાં પહોંચે છે ?
જવાબ : હે ગૌતમ ! જે પુરુષ નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણવાળો હોય તે સંસાર સમુદ્રને તરીને થોડા જ વખતમાં મોક્ષે જાય છે.

અનંત લબ્ધિ ભંડાર શ્રીગૌતમસ્વામીજીએ જે કાંઈ પુણ્ય-પાપનાં ફળ પૂછ્યાં તે સર્વ પ્રશ્નોના શ્રીમહાવીર પરમાત્માએ જવાબો ફરમાવ્યા છે;

હે ભવ્ય જીવો ! તમે પણ ભગવાને ફરમાવેલ ઉત્તરોને ધર્મ-અધર્મનાં ફળને પ્રગટપણે જોઈ વિચારી ધ્યાનમાં લઈ હંમેશાં જીવનમાં ધર્મને આદરો-આદરજો, અધર્મને પરિહરજો.

મેળવવા જેવા મોક્ષની તાલાવેલી કેળવો !
લેવા જેવા સંયમની સદાય ઝંખના રાખો !
સંયમ પ્રાપ્ત થયા બાદ અપ્રમત બનો.
છોડવા જેવા સંસારમાં મન ન પરોવો !

સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીના આરાધકનું સદા કલ્યાણ થાય છે, એટલું જ નહિ, પણ તે મહાન આત્મા બીજા અનેક આત્માઓને કલ્યાણકારી તે માર્ગમાં જોડીને નિજ જીવનને સાર્થક કરે છે.

"જીવનની સાર્થકતા મુક્તિદાયક ધર્મની આરાધનામાં જ છે."

એ સૂત્ર આપણું જીવનસૂત્ર બનો !



ૐ હ્રીં એં નમઃ શ્રી આદિનાથાય નમઃ શ્રી સુરેન્દ્રસૂરિગુરવે નમઃ

શ્રી સુયશ પીયૂષ તત્વજ્ઞાન

સામાયિક શિબિર

નિશ્રા :- પૂજ્યપાદ આ.શ્રી. વિ. યશોભદ્ર સૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

સામાયિક સૂત્ર રહસ્ય પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧ સામાયિક એટલે શું ? સામાયિક શા માટે કરવી જોઈએ ? સામાયિકનું ફળ શું ?

જ-૧. જેના દ્વારા સમતાનો લાભ થાય તે સામાયિક, પરભાવમાંથી સ્વભાવદશામાં આવવા માટે, આત્મસ્વરૂપમાં લીનતા પ્રાપ્ત કરવા માટે સામાયિક કરવાની છે. સામાયિક કરવાથી ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમનું વૈમાનિક કલ્પના દેવનું આયુષ્યનો બંધ થાય છે; અથવા તો કોઈ વ્યક્તિ દરરોજ એક લાખ ખાંડી સુવર્ણનું દાન આપે, તેના દ્વારા જે પુણ્ય બાંધે તેનાથી કંઈગણું પુણ્ય એક સામાયિક કરનાર બાંધે છે. સામાયિકનું શ્રેષ્ઠ ફળ તો આત્મ સ્વરૂપની પ્રાપ્તિ જ રહેલું છે.

પ્રશ્ન ૨ સામાયિકનો સમય ૪૮ મિનિટનો જ શા માટે ?

જ-૨. જીવનો ઉપયોગ વધુમાં વધુ ૪૮ મિનિટ જ ટકી રહે છે, ત્યારબાદ એક ક્ષણ પણ વિચાર પરિવર્તન થાય છે માટે, વળી ૪૮ ને ઉલટાવતાં ૮૪ થાય, ૮૪ લાખ જીવાયોનિની ભવ પરંપરા તોડવા માટેના ઉદ્દેશરૂપ ૪૮ મિનિટ છે, વળી ૪૮, ૪+૮=૮ ૪ સંખ્યાથી ઘાતીકર્મ ૪ છે, (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયકર્મ) ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન-કેવલદર્શન પામી જવા માટે; તથા ૮ સંખ્યાથી આઠેકર્મનો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય,

આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય ૮ કર્મ) નાશ કરી આઠ મહાગુણની પ્રાપ્તિ કરવા માટે તેમજ સિદ્ધ સ્વરૂપી બનવા માટે ૪૮ મિનિટ બતાવી છે. વળી ૪૮ = ૪ x ૮ = ૩૨ મનના ૧૦ દોષ + વચનના ૧૦ દોષ + કાયાના ૧૨ દોષ= ૩૨ દોષોનો ત્યાગ કરવા રૂપ વિશુદ્ધિવાળું સામાયિક કરવાનું જણાવવા ૪૮ મિનિટ રાખી છે.

પ્રશ્ન ૩ સામાયિક ધર્મને વધારે મહત્વ શામાટે આપો છો ?

જ-૩. પરમાત્માએ પાંચ પ્રકારના ચારિત્ર બતાવ્યા છે, તેમાં પહેલું ચારિત્ર સામાયિક બતાવ્યું છે, શ્રાવકના ૧૨ વ્રતોના વિભાગમાં ચાર શિક્ષાવ્રત બતાવ્યા છે, તેમાં પહેલું સામાયિક શિક્ષાવ્રત છે, પ્રતિદિન ફરજીયાત શ્રીસંઘે છ આવશ્યક કરવાના બતાવ્યા છે, તેમાં પહેલું આવશ્યક સામાયિક છે, શ્રેણિક મહારાજાને તેની પોતાની નરકગતિ નિવારવાના ઉપાયરૂપે પ્રભુ મહાવીરે સામાયિક બતાવી હતી. (પુણિયા શ્રાવકના સામાયિકનું ફળ લાવવાનું કહ્યું સામાયિક (સમતા)ની સાધના વગર કોઈનો ય પણ મોક્ષ થયો નથી.

પ્રશ્ન ૪ સામાયિક સાધના વખતે ગુરુનિશ્રા શામાટે આવશ્યક છે?

જ-૪. ગુરુ ભગવંતની ગેરહાજરીથી સાધના સાધ્યરૂપ બનતી નથી, જિનશાસનનો પ્રવેશ દ્વાર વિનય છે, વિનયથી જ આત્મા વીતરાગ બની શકે છે, આત્માના ગુણોની પ્રાપ્તિ માટે વિનય ઉત્તમ માર્ગ છે, વિનય એ સમકિતનો પ્રાણ છે, ગુરુ ભગવંતનો ઉત્કૃષ્ટ વિનય કરવાથી જ આરાધના અર્થકારી બની શકે છે. ગુરુદેવની.અનન્ય કૃપા અને આશીર્વાદ, પ્રેરણા અને માર્ગદર્શન એ સાધકને માટે ઉત્તમ બળ છે. આ બળના સહારે જ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરી ભવસાગર તરી જાય છે, માટે.

પ્રશ્ન ૫ ગુરુ ભગવંતની હાજરી ન હોય તો શું કરવું ?

જ -૫. સામાયિક સાધના કરવાને ઈચ્છુક આરાધકે પોતાની સન્મુખ સાપડા ઉપર પુસ્તિકા મૂકી, અવળો હાથ કરી નવકારમંત્ર અને પંચિંદિય સૂત્ર બોલી ગુરુની સર્વ પ્રથમ સ્થાપના કરવી જોઈએ અને ત્યાર પછી જ સામાયિક કરવા ઉદ્યત થવું જોઈએ. કલ્પનાથી શ્રી સુધર્માસ્વામી ગુરુની સ્થાપના કરી છે તેમ વિચારવું.

પ્રશ્ન ૬ ગુરુ સ્થાપના તો પંચિંદિય સૂત્રથી થાય છે, તો પહેલાં નવકારમંત્ર શામાટે બોલવો ?

જ -૬. વિનય વિના સાધના અધુરી છે, નવકાર મંત્ર સૌથી પહેલો શબ્દ નમો છે, જે વિનયવાચક છે, વિનય ધર્મ લક્ષ્યમાં રહેવો જોઈએ. શ્રી નવકારમંત્રમાં બિરાજિત પંચ પરમેષ્ઠિ ભગવંતો સાધનામાં અપ્રમત્તપણું ટકાવવામાં અને મોક્ષમાર્ગ ઉપર સ્થિરતા પ્રાપ્ત કરાવવામાં પરમ સહાયભૂત છે; સાધના દરમ્યાન બાહ્ય રોગાદિ આફતોથી તથા અભ્યંતર ક્રોધાદિ અંતરંગ શત્રુઓથી રક્ષણ કરાવવા શ્રી નવકારમંત્ર શ્રેષ્ઠ મંગલ સ્વરૂપ છે. નવકારના પ્રથમ બે પદે બિરાજિત અરિહંત અને સિદ્ધ ભગવંતો જેવી સાધનાથી સિદ્ધિ પામવાની છે, તેવા લક્ષ્ય બદ્ધ થવાનું છે; નવકાર મંત્રમાં બિરાજિત પંચ પરમેષ્ઠિ ભગવંતો જેવા પ્રબલ પુરૂષાર્થી બનવાનું છે. આ બધા કારણસર શ્રી નવકારમંત્ર પ્રથમ બોલાય છે.

પ્રશ્ન ૭ ગુરુસ્થાપનારૂપ શ્રી પંચિંદિય સૂત્ર બોલવાનો ઉદ્દેશ શું છે?

જ -૭. સાચા ગુણવાન ગુરુની ઓળખાણ કરવામાં ન આવે, અને ભળતા કુગુરુની નિશ્રામાં આરાધના થઈ જાય તો સાધના

નિષ્ફળ જાય છે. પંચિંદિય સૂત્ર એ ગુરુનું ઓળખપત્ર છે, આ સૂત્રમાં બતાવેલા ઉત્તમ ૩૬ ગુણો જેનામાં હોય તે જ સાચા ગુરુ, આવા ગુણવાન ગુરુ જીવને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે, ગુણોના પર્વત ઉપર ચઢાવે છે. દુર્ગતિની ભયંકર ખાઈથી બચાવી સદ્‌ગતિ-સિદ્ધિગતિના દ્વારે પહોંચાડે છે. માટે પંચિંદિય સૂત્ર ગુરુ સ્થાપનારૂપે બોલવાનું છે.

પ્રશ્ન ૮ ગુરુસ્થાપના કર્યા બાદ શું કરવાનું ? શા માટે ?

જ -૮. ગુરુસ્થાપના કર્યા બાદ ગુરુને વંદન વિધિ ખમાસમણ સૂત્ર, ઈચ્છકાર સૂત્ર અને અબ્ભુટ્ઠિઓ સૂત્રથી કરવાની છે. પ્રથમ બે ખમાસમણ નિર્વિકારી, નિષ્પાપકાયા વડે વંદન કરવાની ઈચ્છા વ્યક્ત કરવારૂપ છે, મસ્તક, બે હાથ, બે ઢીંચણ નમાવવાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરવાનું છે, ત્યારબાદ ગુરૂદેવની તબિયતની સુખશાતા પૂછવા ઈચ્છકાર સૂત્ર બોલવાનું છે, ત્યારબાદ પદસ્થ ગુરુદેવને વિનયભાવરૂપ એક ખમાસમણ વધારે આપી, ગુરુદેવનો જાણે અજાણે વિનયાદિ કરતાં અપરાધ-આશાતના થઈ હોય તો તેનો "મિચ્છામિદુક્કડં" આપવા માટે અબ્ભુટ્ઠિઓ સૂત્ર બોલવાનું છે.

પ્રશ્ન ૯ ગુરુવંદન બાદ ખમાસમણ આપી શ્રી ઈરિયાવહિયા સૂત્ર, શ્રી તસ્સઉત્તરી સૂત્ર, તથા શ્રી અન્નત્થ સૂત્ર શામાટે બોલવાનું છે ?

જ-૯. સામાયિક સાધનાની શરૂઆત કરતાં ગુરુનો પુનઃ વિનય કરવા ખમાસમણ દેવાનું છે. ત્યારપછી ઈરિયાવહિયા સૂત્ર જયણા ધર્મને પુષ્ટ કરવા માટે બોલાય છે. જૈન શાસનનો પ્રાણ જયણા છે. પ્રત્યેક ક્રિયા કરતાં કોઈપણ જીવની વિરાધના ન થાય તેનું લક્ષ્ય રાખવાનું છે, માટે જ જયણા ધર્મની પુષ્ટિ

માટે બાર વ્રતોમાં પ્રથમ વ્રત શ્રી પ્રાણાતિપાત વિરમણ વ્રત બતાવ્યું છે. શ્રમણ જીવનના પાંચ મહાવ્રતમાં પ્રથમ મહાવ્રત પાણાતિપાત વિરમણ મહાવ્રત છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં પૂ.આ.શ્રી શય્યંભવ સૂરિ મહારાજાએ અહિંસા-સંયમ-તપ રૂપ ધર્મ કહ્યો છે. આમાં પણ પ્રથમ અહિંસા બતાવી છે, વળી પાપ સ્થાનકોમાં પહેલું પાપસ્થાનક પ્રાણાતિપાત (હિંસા) નું જ બતાવ્યું છે, તે પણ એજ સૂચવે છે કે હિંસાનો ત્યાગ કરી અહિંસા અપનાવો.

જયણા ધર્મ એ જ સાધનાનું મુખ્ય અંગ છે. નાનામાં નાની ક્રિયા પણ જયણાધર્મથી યુક્ત છે. કોઈપણ ક્રિયાની શરૂઆત આ સૂત્રથી થાય છે.

સામાયિક સાધના કરતાં પણ આ જયણા ધર્મ પુષ્ટ કરવા આ સૂત્ર બોલાય છે. ચાલુ ક્રિયામાંથી ઉઠ્યા બાદ પાછા ભળવા માટે પણ આ સૂત્ર બોલાય છે.

કુલ ૫૬૩ જીવભેદોમાંથી કોણ પણ જીવની વિરાધના (હિંસા) થઈ હોય તો તેનો મિચ્છામિ દુક્કડં શ્રી ઈરિયાવહિયા સૂત્રથી આપવાનો છે. આ સૂત્ર દ્વારા ૧૮,૨૪,૧૨૦ ભેદે કરીને મિચ્છામિ દુક્કડં આપવાનો છે. કર્મમેલ દૂર કરી આત્મવસ્ત્ર છે તેને સાફ કરે તે ઈરિયાવહિયા સૂત્ર મન-વચન-કાયાના યોગરૂપ વસ્ત્રને શુદ્ધ કરે તે ઈરિયાવહિયા સૂત્ર. યોગવસ્ત્રની શુદ્ધિ વિના આત્મશુદ્ધિ અશક્ય છે. આ સૂત્ર દ્વારા સવિશેષ પરદયા ચિંતવાય છે, તેમજ મિચ્છામિ દુક્કડં ના ભાવથી સમસ્ત જીવરાશિ સાથે મૈત્રી ભાવ સર્જાય છે. ઈરિયાવહિયાનું આ ફળને શ્રી ઈરિયાવહિયા સૂત્રના ૧૮,૨૪,૧૨૦ ભાંગા જીવના કુલ ૫૬૩ ભેદ :- દેવના ૧૯૮, મનુષ્યના ૩૦૩, તિર્યંચના ૪૮, નરકના ૧૪ (એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય,

પંચેન્દ્રિય) ૫૬૩ જીવોની વિરાધના કુલ ૧૦ ભેદથી થાય છે. ૫૬૩ x ૧૦ = ૫૬૩૦ (૧૦ વિરાધના :- અભિહયા - લાતેથીમરાયા, વત્તિયા - ધૂળથી ઢંકાયા, લેસિયા - જમીનથી ઘસાયા, સંઘાઈયા - શરીર અરસ પરસ અફળાવ્યા, સંઘટ્ટીયા - સ્પર્શ કઢાયા, પરિયાવિયા - દુઃખ ઉપજાવ્યા, કિલામિયા - ખેદપમાડ્યા, ઉદ્દવિયા - બીવડાવ્યા, ત્રાસ પમાડ્યા, ઠાણાઓઠાણં સંકામિયા - એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફેરવાયા, જીવિયાઓ વવરોવિયા - મારી નંખાયા હોય. તે) વિરાધના રાગ અને દ્વેષપૂર્વક થાય છે. = ૫૬૩૦ x ૨ = ૧૧૨૬૦ રાગદ્વેષ-મન-વચન-કાયાના ત્રણયોગથી થાય = ૧૧૨૬૦ x ૩ = ૩૩૭૮૦ ત્રણયોગ દ્વારા કરણ-કરાવણ-અનુમોદનથી થાય = ૩૩૭૮૦ x ૩ = ૧૦૧૩૪૦ વિરાધનાનો સમય ભૂતકાળ-ભવિષ્યકાળ-વર્તમાનકાળ = ૧૦૧૩૪૦ x ૩ = ૩૦૪૦૨૦ વિરાધનાની ક્ષમા છ વ્યક્તિની અવગણના કરવી - અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આત્મા ઉપરોક્ત ૧૮,૨૪,૧૨૦ ભેદે કરીને જીવોની ઈરિયાવહિયા સૂત્રથી ક્ષમા મંગાય છે.

સવા વસા જીવદયા વિષે સમજ

પંચમહાવ્રતધારી ગુરુભગવંતો વીશ (વસા) ટકા જીવદયા પાળે છે. ગૃહસ્થ શ્રાવક સવા (વસા) ટકા જ જીવદયાનું પાલન કરી શકે છે. મુખ્ય જીવોના બે ભેદે કરીને :- ત્રસ જીવોના ૧૦ વસા + સ્થાવર જીવોના ૧૦ વસા ગૃહસ્થો છ કાયના કૂટામાં રહે છે, તેથી સ્થાવર જીવોની દયા પાળી શકતા નથી. એટલે સ્થાવર જીવના ૧૦ ટકા ઓછા થયા.

ત્રસ જીવોની દયા આરંભ સમારંભના ત્યાગથી અને સંકલ્પથી પળાય છે. ગૃહસ્થોને રસોઈ કપડા ધોવા વિગેરેનો આરંભ

સમારંભ હોવાથી આરંભ સમારંભના પાંચ ટકા ઓછાથયા. (આરંભ સમારંભ ત્યાગના ૫ ટકા અને સંકલ્પના પાંચ ટકા) સંકલ્પ-વિચારોથી ત્રસ જીવોની દયા પાળે છે. ત્રસ જીવોમાં પણ જે જીવોની અપેક્ષા છે તેના દ્વારા પોતાના બધા કામ કરાવે છે, તેથી ત્રસ જીવોમાંના અપેક્ષા (સાપેક્ષ જીવો) વાળા જીવોની દયા ન પાળી શકવાથી તેના અઢી ટકા ઓછા થયા (સાપેક્ષ જીવોના અઢી ટકા અને નિરપેક્ષ (કામવગરના) જીવોના અઢી ટકા) હવે જે જીવોએ અપરાધ કર્યો હોય તેને ગૃહસ્થ દંડ કરે, શિક્ષા આપે છે. તેથી નિરપેક્ષ જીવોમાંના અપરાધીને દંડ આપવાથી તેના સવા ટકા ઓછા થાય છે. (નિરપેક્ષ જીવોમાં અપરાધીને પણ સજા ન કરવાના સવા ટકા અને નિરપરાધી જીવોના સવા ટકા)

એટલે સાર એ આવ્યો કે, ગૃહસ્થો ત્રસજીવોની સંકલ્પથી નિરપેક્ષ એવા નિરપરાધી જીવોની સવા ટકા (વસા) જ જીવદયા પાળી શકે છે, તથા આદરી શકે છે; તેથી ડાહ્યા જીવે વધુને વધુ વખત વિરતિના ભાવમાં આવી પ્રાણાતિપાત વિરમણ વ્રત પાળવું જોઈએ.

પ્રશ્ન ૧૦ શ્રી ઈરિયાવહિયા સૂત્ર બાદ શ્રી તસ્સઉત્તરી સૂત્ર શામાટે બોલાય છે ?

જ -૧૦ શ્રી તસ્સઉત્તરીસૂત્ર સ્વદયા ચિંતવવારૂપ સૂત્ર છે; તસ્સ ઉત્તરીસૂત્ર શ્રી પાપ કર્મોનું (નિર્ઘાતન) નાશ થાય છે. પાપના નાશથી જ આત્મા શુદ્ધ બને છે, આત્મશુદ્ધિ કરવા માટે આ સૂત્રમાં ચાર પ્રકારના કરણ (ક્રિયા) બતાવ્યા છે. (૧) **ઉત્તરિકરણ** :- ઉત્તર એટલે પછી, પૂર્વ એટલે પહેલાં, પહેલાં ક્રિયા સારી ન હતી, પણ હવે પછીની ક્રિયા સુંદર

કરીશ, પહેલાં પાપની ક્રિયા હતી, હવે પાપને અટકાવવા રૂપ સુંદર ક્રિયા કરીશ આવા નિર્ણય રૂપ પહેલું કરણ તે ઉત્તરિ કરણ. (૨) **પ્રાયશ્ચિતકરણ :-** પૂર્વમાં થયેલ પાપોની ગુરૂદેવ પાસે આવી સમાલોચના કરી, ગુરૂ જે દંડ આપે તે દંડ સ્વીકારવો તે પ્રાયશ્ચિતકરણ. (૩) **વિશુદ્ધિકરણ :-** પ્રાયશ્ચિતથી કાયાનું દમન કરવાની સાથે ચિત્તનું શોધન કરવું જોઈએ., ચિત્તમાં ચાલતા દુર્વિચારો પણ દૂર કરવા, કોઈપણ દોષનું શોધન રહી નથી ગયું ને તેની ચોકસાઈ કરવી તે વિશુદ્ધિકરણ. (૪) **વિશલ્લિકરણ :-** શલ્યો રહિત થવું તે, પાપને છુપાવવું તે શલ્ય છે, આવા શલ્ય ત્રણ પ્રકારના છે. (૧) માયાશલ્ય:- કપટ કરીને પોતે કરેલું પાપ છૂપાવવું, (૨) નિદાનશલ્ય :- ધર્મ કરતાં સંસારના સુખની માંગણી કરવી (૩) મિથ્યાત્વશલ્ય:- ભગવાને કહેલું ન માનવું, ન આદરવું. આ ત્રણે શલ્ય આત્માનું ભયંકર અહિત કરે છે, આ ત્રણેય શલ્યથી રહિત થવાની ઉત્તમ ક્રિયા તે વિશલ્લીકરણ. કાયોત્સર્ગમાં સ્થિર થવાના નિર્ણયરૂપ તસ્સ ઉત્તરીસૂત્ર છે.

પ્રશ્ન ૧૧ અન્નત્થ સૂત્રનું રહસ્ય શું રહેલું છે ?

જ -૧૧ અન્નત્થ સૂત્ર એ કાયોત્સર્ગ સૂત્ર છે, કાયોત્સર્ગનું વિધાન પાપના નાશ માટે, કર્મનું શોધન કરવા માટે બતાવ્યું છે, કાયોત્સર્ગ દ્વારા ઈન્દ્રિયો, કષાયો, મન જીતી શકાય છે. યોગો સ્થિરતા પામે છે. સમત્વ પમાય છે. અન્નત્થસૂત્ર દ્વારા મુખ્યત્વે ચાર બાબતો, કાયોત્સર્ગ માટે બતાવાઈ છે.

૧) **પ્રતિજ્ઞા :-** ''અપ્પાણં વોસિરામિ'' પદથી કાયાના વ્યાપારનો ત્યાગ કરવારૂપ પ્રતિજ્ઞા કરવાની છે. ૨) **સ્વરૂપ:-** ''ઠાણેણં, મોણેણં, ઝાણેણં'' પદથી સ્થાન થકી કાયાથી,

મૌન થકી વચનથી, ધ્યાન થકી મનથી સ્થિર થવાનું છે. ૩) **સમય** :- ''જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ'' પદ જ્યાં સુધી ''નમો અરિહંતાણં'' બોલીયે નહી ત્યાં સુધી કાઉસગ્ગમાં સ્થિર રહેવું. ૪) **આગાર** :- ''અન્નત્થ ઊસસિએણંથી હુજ્જમે કાઉસ્સગ્ગો'' પદથી ૧) ઊંચો શ્વાસ લેવો ૨) નીચો શ્વાસ મૂકવો ૩) ખાંસી ખાવી ૪) છીંક આવવી ૫) બગાસુ ખાવુ ૬) ઓડકાર ખાવા ૭) વાછૂટ થવી ૮) ચકરી આવવાથી ૯) મૂર્ચ્છા આવવાથી ૧૦) સુક્ષ્મ અંગ (ગાત્ર કંપનાદિ) હાલવાથી ૧૧) સૂક્ષ્મ થુંક ગળવાથી ૧૨) સૂક્ષ્મ રીતે દૃષ્ટી હાલવાથી આ બાર પ્રકારની નૈસર્ગિક ક્રિયા તથા અગ્નિભય, ચોરભય, સર્પદંશ ભય, પશુભય આ ચાર ઉપસર્ગ. કુલ ૧૬ (આગાર) બાબતની છૂટ (રજા) આપી છે, જે ક્રિયાથી કાઉસ્સગ્ગ સાધનાનો ભંગ થતો નથી. કાયોત્સર્ગની અખંડિતતા માટે કુદરતી જ થતા કાયવ્યાપારના આગારો અન્નત્થ સૂત્રમાં બતાવ્યા છે.

પ્રશ્ન ૧૨ કાયોત્સર્ગ કેટલા સમયનો કરવો ? કાઉસ્સગ્ગમાં લોગસ્સ શામાટે ગણવો ?

જ-૧૨. કાયોત્સર્ગ ૨૫ શ્વાસોશ્વ્વાસ પ્રમાણનો કરવાનું વિધાન છે, તેના માટે લોગસ્સ સૂત્રનું (''ચંદેસુ નિમ્મલયરા'' સુધી) સ્મરણ કરવાનું છે. લોગસ્સના ૨૮ પદ છે. તેથી કાઉસગ્ગનું પ્રમાણ સાચવવા ચંદેસુ નિમ્મલયરા સુધીનો જ કાઉસ્સગ કરવાનો છે. લોગસ્સ સૂત્રનાં ચિંતનથી ૨૪ તીર્થંકર પ્રભુની સ્તવના રૂપ સ્મરણ થાય છે. તીર્થંકર પ્રભુના ધ્યાનથી કર્મમળ બળીને ખાખ થઈ જાય છે. પરમાત્માના વિસ્મરણે જ પાપરૂપ વિરાધના થાય છે, તેથી કાઉસ્સગ્ગમાં પરમાત્માના નામ સ્મરણનું જ વિધાન બતાવાયું છે.

પ્રશ્ન ૧૩ કાઉસ્સગ બાદ પ્રગટ લોગસ્સસૂત્ર બોલવામાં આવે છે, શામાટે ?

જ-૧૩. લોગસ્સ સૂત્રથી ચોવીશ તીર્થંકર પ્રભુની સ્તુતિ કરવાથી જીવને દ્રવ્યથી શરીરનું આરોગ્ય, ભાવથી આત્માનું આરોગ્ય, બોધિ (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ તથા બોધિની શુદ્ધિ, તથા સમાધિમરણની પ્રાપ્તિ થાય છે. શારીરિક વાત-પિત્ત કફાદિ રોગો દૂર થાય, માનસિક સમતોલપણું આવે અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગરૂપ ભાવરોગ દૂર થાય, આવા પ્રકારનું ઉત્તમ આરોગ્ય મળે છે. લોગસ્સસૂત્રથી પરમાત્માનું ગુણકીર્તન થાય છે. તે પાંચ પ્રકારે છે. **(૧) સામાન્ય ગુણકીર્તન :-** ભગવાનના ગુણોનું પ્રગટપણે વર્ણન કરવું. **(૨) હાસ્યભાવ પ્રેરિત ગુણ કીર્તન:-** ''તું છે મારો સાહિબો, ને હું છું તારો દાસ'' આ ભક્તિભાવના, હાસ્યભાવ પ્રેરિત છે. **(૩) સખ્યભાવપ્રેરિત ગુણકીર્તન:-** ''બાલપણે આપણ સસનેહી'' આ ભક્તિ સખ્યભાવ પ્રેરિત છે. **(૪) સ્વાનિંદાપ્રેરિત ગુણકીર્તન:-** મુજ અવગુણ મત દેખો'' આ ભક્તિ સ્વનિંદા પ્રેરિત ગુણકીર્તન છે. **(૫) આત્મ સ્વરૂપાનુભાવ પ્રેરિત કીર્તન:-** ''હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં'' આ ભક્તિ આત્મ સ્વરૂપાનુભાવ પ્રેરિત ભક્તિ છે. પરમાત્મ ભક્તિના ત્રણ વિભાગ છે.

૧) **તામસી ભક્તિ:-** દુશ્મનના દમન માટે, વૈરની વસુલાત કે શત્રુ સમામણી માટે કરે તે.

૨) **રાજસી ભક્તિ:-** ધનવૈભવ, સંપદા, પુત્ર પરિવારની ઝંખના માટે કરે તે

૩) **સાત્ત્વિકી ભક્તિ:-** આત્મકલ્યાણ, પરમાનંદની પ્રાપ્તિ

માટે ભક્તિ આત્માની પવિત્રતા, પ્રકાશ તરફ, ને પ્રગતિની આશા કરીને, ગુણોથી વિભૂષિત, આદર્શ કલ્યાણ કર, આત્મા એ પ્રભુની ભક્તિ કરવી એજ મહાન કર્તવ્ય છે.

પ્રશ્ન ૧૪ આ સૂત્રના શ્રવણથી લાભ પ્રાપ્ત કેમ શું થાય ?

જ -૧૪. આ સૂત્રનું પ્રતિપલ સ્મરણ કરવાથી દર્શન મોહનીય નામનું કર્મ અને અનંતાનુબંધી નામના કર્મનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ થવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષય થવાથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. પરમાત્માના શુદ્ધ આલંબનથીજ જીવ નિરાલંબી બની શકે છે. સાત્ત્વિક ગુણોની પ્રાપ્તિ માટે આ સાત્ત્વિક આરાધના છે.

પ્રશ્ન ૧૫ લોગસ્સ સૂત્રબાદ ખમાસમણ આપવા પૂર્વક મુહપત્તિની પડિલેહણનો આદેશ શા માટે મંગાય છે ? મુહપત્તિ વિષેનું માહિતી સમજાવો ?

જ-૧૫. કોઈપણ વિધિ કરવાથી અનુજ્ઞા ગુરુદેવશ્રીની લેવાની છે. તેથી ગુરુના વિનયરૂપ ખમાસમણ આપીને જ અન્ય આદેશો માંગવાનો અધિકાર છે.

મુહપત્તિની માહિતી :-

મુહપત્તિ એ મોક્ષમાર્ગની બત્તિ (લાઈટ) છે, મુહપત્તિ ૧૬ આંગળ (પોતાનું માપ) ની હોય છે, કારણ કે કષાય ૧૬ છે; અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ (૪), અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ (૪) = ૧૬. આ ૧૬ કષાયની નિવૃત્તિ (સમાપ્તિ) માટે અને સમતોપયોગની

પ્રાપ્તિ માટે જ ૧૬ આંગળનું માપ છે. મુહપત્તિની ચાર બાજુમાં એક બાજુ (કિનાર) બંધ હોય છે, કારણકે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકમાંથી (ગતિમાંથી) એકજ મનુષ્યગતિની એ તાકાત છે કે ચારગતિરૂપ સંસારનો અંત કરી શકે, મોક્ષમાં જવાનો પરવાનો મનુષ્યગતિનો જ છે. માટે મનુષ્યગતિરૂપ એક કિનાર બંધ છે. ત્રણ ભાગ (કિનાર) ખુલ્લો દોરો કાઢેલો હોય છે. મુહપત્તિના કુલ આઠ પદ કરવામાં આવે છે. જેમાં ચાર પદ મોટા છે, અને ચાર નાના છે; કારણ કે આઠે આઠ કર્મ મોક્ષ માટે બાધક (પ્રતિબંધક) છે, તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ એ ચાર ઘાતિકર્મનો ઘાત (નાશ) કરવો અત્યંત કઠિન છે. આ ચારના નાશથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે ચાર મોટા છેડા છે. મુહપત્તિમાં આમ બે ભાગ થાય છે, જે રાગ અને દ્વેષરૂપ કર્મબંધના (૫૬) કારણને દબાવવાનું, વશમાં રાખવાનું સૂચવે છે.

હવે મુહપત્તિની પડિલેહણા વખતે શું બોલવાનું ? શા માટે?

મુહપત્તિના બોલ:- સૂત્ર - અર્થ-તત્ત્વ કરી સદ્દહું (૧) સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં (૪) કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં (૭) સુદેવ સુગુરુ સુધર્મ આદરૂં (૧૦) કુદેવ કુગુરુ કુધર્મ પરિહરૂં (૧૩) જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરૂં (૧૬) જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરૂં (૧૯) મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં (૨૨) મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં (૨૫) હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં (૨૮) ભય, શોક, દુર્ગંચ્છા પરિહરૂં (૩૧) કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં (૩૨) રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ

પરિહરૂં (૩૭) માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં (૪૦) ક્રોધ, માન પરિહરૂં (૪૨) માયા, લોભ પરિહરૂં (૪૪) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની જયણા કરૂં (૪૭) વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં (જયણા કરૂં) (૫૦)

સુચના:- બહેનોને મસ્તકના ૩ બોલ, ખભા તથા કાંખના ૪ બોલ અને છાતીના ૩ બોલ બોલવાના હોતા નથી.

(નિશાનવાળા બોલ બહેનોએ બોલવા નહિં.)

ઉપરોક્ત બોલ એટલા માટે બોલવાના છે, કે જેનાથી મુહપત્તિ હાથમાં લેવાનું સાર્થક ગણાય છે, હેય (છોડવા લાયક) ભાવો અને ઉપાદેય (આદરવા લાયક) ભાવોનું સાધના કરતી વેળા ભાન થાય તે કારણથી મુહપત્તિના બોલ અવશ્ય બોલવા જોઈએ.

પ્રશ્ન ૧૬ મુહપત્તિના પડિલેહણબાદ ખમાસમણપૂર્વક ઈચ્છા. સંદિ. ભગ. સામાયિક સંદિસાહુ ? અને ઈચ્છા. સંદિ. ભગ. સામાયિક ઠાઉં આદેશા માટે માંગવાના ? સામાયિક દંડકરૂપ કરેમિભંતે સૂત્ર બોલતાં પૂર્વે નવકાર શા માટે બોલવાનો ? કરેમિભંતે સૂત્રનો તાત્પર્યાર્થ સમજાવો ?

જ-૧૬. ગુરુ ભગવંતાનો વિનય કરવારૂપ ખમાસમણ દઈ સામાયિકની ઈચ્છા ગુરુભગવંત પાસે પ્રગટ કરવારૂપ પ્રથમ આજ્ઞા લેવાની છે, ત્યારબાદ સામાયિકમાં સ્થિર થવા માટે બીજી આજ્ઞા લેવાની છે. તે પછી પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય તેવા મજબૂત ભાવને પામવા મંગલ સ્વરૂપે, વિઘ્નોના નાશ માટે એક નવકાર ગણવાનો છે. પછી ગુરુદેવને સામાયિક દંડક (નિયમ) આપવા માટે વિનંતિ કરવામાં આવે છે; વિનંતિનો સ્વીકાર કરી ગુરુદેવશ્રી કરેમિ ભંતે સૂત્ર પાદથી સામાયિકમાં

સાવદ્ય (હિંસા) પ્રવૃત્તિ (સાંસારિક વાતચીત, નિંદા, કે તે સંબંધિ કાર્ય) કરવી નહિં અને કરવા માટે કોઈને પણ કહેવું નહિ, ઈશારાથી પણ ન કહેવું, આવી ભીષ્મ પ્રતિજ્ઞા લેવડાવે છે, તેમજ તે પાપ નિંદનીય છે, ગર્હણ કરવારૂપ પાપનો એકરાર કરી (અશુભ પ્રવૃત્તિ કરનાર એવા કષાય આત્માનો) અશુભ પ્રવૃત્તિ કરતી કાયાને વોસિરાવું છું, આવા પ્રકારે ૪૮ મિનિટ (જ્યાં સુધીનો નિયમ હોય ત્યાં સુધી) સુધીની મક્કમ પ્રતિજ્ઞા કરાવે છે. કરેમિભંત્તે સૂત્રને પ્રતિજ્ઞા સૂત્ર પણ કહેવાય છે. કરેમિભંતે સૂત્રથી છ આવશ્યક કરવા જેવો મહાન લાભ પ્રાપ્ત થાય છે. કરેમિભંતે સૂત્રમાં પ્રથમ ભંતે સૂત્ર દ્વારા ચઉવિસત્થો આવશ્યક થાય છે. (ભંતે એટલે ભગવાન, તીર્થંકર પ્રભુ દીક્ષા લે ત્યારે કરેમિ ભંતે સૂત્રથી ભંતે બોલતા નથી, કારણ કે સ્વયં પોતે ભગવાન છે) બીજી વખત તસ્સભંતે પદ દ્વારા વાંદણા આવશ્યક થાય છે (આ ભંતે પદ ગુરુતત્ત્વરૂપ છે.) કરેમિભંતે સામાઈયં પદ દ્વારા સામાયિક આવશ્યક થાય છે. સાવજ્જં જોગં પચ્ચક્ખામિ પદ દ્વારા પચ્ચક્ખાણ આવશ્યક થાય છે. તસ્સભંતે પડિક્કમામિ પદ દ્વારા પ્રતિક્રમણ આવશ્યક થાય છે. અપ્પાણંવોસિરામિ દ્વારા કાઉસ્સગ્ગ આવશ્યક થાય છે.

સામાયિકમાં શ્રાવકને મનથી પાપ કરવું નહિ, કરાવવું નહિ, વચનથી પાપ કરવું નહિ, કરાવવું નહિ, કાયાથી પાપ કરવું નહિ કરાવવું નહિ આમ છ પ્રકારે પ્રતિજ્ઞા આપવામાં આવે છે. સાધુ ભગવંતોને પાપની અનુમોદના પણ મન, વચન, કાયાથી કરવી નહિ તેવા નિયમ સાથે ૯ પ્રકારે પ્રતિજ્ઞા અપાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર જેમ ચૌદ પૂર્વનો સાર છે, તેમ શ્રી કરેમિ સૂત્ર દ્વાદશાંગીનો સાર કહ્યો છે. શ્રી નવકાર મંત્રનો

ન અને કરેમિભંતેનો ક ત્યારેજ સાંભળવા મળે છે. જ્યારે આયુષ્ય કર્મ સિવાય સાતેય કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી એક કોડાકોડિ સાગરોપમની થઈ હોય.

પ્રશ્ન ૧૭ "કરેમિ ભંતે" સૂત્રથી પ્રતિજ્ઞા લીધા બાદ લેવામાં આવતા આદેશોની સમજ આપો.

જ-૧૭. પ્રતિજ્ઞા લીધા બાદ ખમાસમણ આપી ઈચ્છા. સંદિ. ભગ. બેસણે સંદિસાહું ? આદેશ માંગી સામાયિકમાં મન-વચન-કાયાની સ્થિરતા રાખવાપૂર્વક બેસવા માટે રજા માંગવાની છે. તે પછી ઈચ્છા. ભગ. સંદિ. બેસણે ઠાઉં ? આદેશ માંગી કટાસણાની બેઠક ઉપર તેમજ સાધનામાં સ્થિર થવા (આત્માને સ્થાપિત કરવા) આજ્ઞા માંગવાની છે. ત્યારબાદ ઈચ્છા. સંદિ. ભગ. સજ્ઝાય સંદિસાહુ અને સજ્ઝાય કરું ? આ બે આદેશ દ્વારા ગુરુ પાસે સ્વાધ્યાય કરવાની અનુજ્ઞા માંગવાની છે. આ સ્વાધ્યાયની શરૂઆત રૂપે ત્રણ નવકાર ગણવામાં આવે છે.

૪૮ મિનિટની આ સામાયિકમાં ગણધર ભગવંતો દ્વારા રચિત સૂત્રોનો, પૂર્વાચાર્યો દ્વારા રચિત સૂત્રોનો સ્વાધ્યાય કરવો, નવા સ્તવન-સજ્ઝાય-થોય તેમજ સૂત્રોની નવી ગાથાઓ કરવી. નમસ્કાર મહામંત્રનો જાપ કરવો, ધ્યાન કરવું, વિગેરે સાધના કરી સામાયિકનો સમય સફલ કરવો.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે, સામાયિક-પૌષધમાં વ્યતીત થયેલો સમય જ સફલ છે, બાકીનો બધો જ કાલ સંસારવૃદ્ધિનું કારણ છે. માટે શ્રાવકે વારંવાર સામાયિક લઈ સમયને સાર્થક કરવો જોઈએ.

દેવ-ગુરુની અસીમ કૃપાથી ગુરુની નિશ્રામાં સામાયિક સાધના

કરીને (સામાયિકમાં જ કાયમ રહેવામાં નિર્બળ હોવાથી) સામાયિક પારવામાં આવે છે. સામાયિક પારવાની વિધિમાં પ્રથમ ઈરિયાવહિયા કરી મુહપત્તિનું પડિલેહણ કરી ગુરુ દેવ પાસે ઈચ્છા. સંદિ.ભગ. સામાયિક પારું ? આદેશ માંગતા છતાં ગુરુદેવ ''પુણોવિકાયવ્વં'' કહીને ઉપદેશ આપે છે કે, સામાયિક ફરીથી કરવાયોગ્ય કર્તવ્ય છે. ત્યારે સાધક ફરી ઈચ્છા. સંદિ. ભગ. સામાયિક પાળ્યું ? એમ આજ્ઞા માંગતા ગુરુદેવ કહે. ''આયારો ન મોત્તવ્વો'' કહીને ''આ આચાર મૂકશો નહિ.''

''પુણોવિકાયવ્વં'' ઉપદેશ ગુરુમુખે શ્રવણ કરતાં ''યથાશક્તિ'' બોલીને ફરીથી સામાયિક લેવામાં અસક્તિ દર્શાવાય છે, અને ''આયારો ન મોતવ્વો'' શ્રવણ કરીને ''તહત્તિ'' બોલીને ગુરુના વચનનો સ્વીકાર કરાય છે.

ચરવલા ઉપર અવળો હાથ સ્થાપીને સાધનાની સમાપ્તિ નિર્વિઘ્ન થવાના મંગલરૂપ નવકારમંત્ર ગણી ''સામાઈય વય જુત્તો'' સૂત્ર બોલવામાં આવે છે, આ સૂત્ર દ્વારા સામાયિકનું ફળ બતાવવામાં આવે છે કે, સામાયિક સાધનાથી ''અશુભ કર્મોનો નાશ થાય છે.'' સામાયિકમાં શ્રાવક સાધુ જેવો ગણાય છે. એ કારણથી મન-વચન-કાયાના ત્રિકરણ યોગથી સામાયિક વારંવાર કરવાનું વિધાન કર્યું છે. છેલ્લે મનના ૧૦, વચનના ૧૦ અને કાયાના ૧૨ કુલ ૩૨ દોષોમાંથી કોઈપણ દોષ લાગ્યો હોય તેનો ''મિચ્છામિ દુક્કડં'' માંગવાનો છે. ત્યારબાદ સ્થાપિત કરેલા ગુરુની ઉત્થાપના માટે સવળો હાથ કરી નવકાર ગણવો જોઈએ.

જૈનં જયતિ શાસનમ્.

ભવાલોચના

ભવ આલોચનાના મુદ્દા

જ્ઞાનાચાર સંબંધી

અકાલે અધ્યયન કર્યું. ગુરુ તથા જ્ઞાનનો વિનય કર્યા વિના અધ્યયન કર્યું. ઉપધાન કર્યા નહિ. સૂત્ર અને અર્થ વિપરીત રીતે ગ્રહણ કર્યા. કાગળ પુસ્તક... વગેરે જ્ઞાનનાં સાધનોને પગ લગાડ્યો - બાળ્યાં. તે ઉપર બેઠા. આહાર-નિહાર કર્યો. તેની આશાતના કરી. ભણનારને અંતરાય કર્યો. જ્ઞાનીની નિંદા કરી. અંતરાયમાં જ્ઞાનનાં સાધનોનો ઉપયોગ કર્યો, અધ્યયન કર્યું. તોતડા-બોબડા વગેરે અજ્ઞાનની અવહેલના મશ્કરી કરી. જ્ઞાનાદિ દ્રવ્યનું ભક્ષણ કર્યું. છતી શક્તિએ તેની રક્ષા ન કરી.

દર્શનાચાર સંબંધી

શ્રી જિનેશ્વર દેવના વચનમાં શંકા કરી. એનાથી વિપરીતપણે પ્રરૂપણા કરી. દેવ-ગુરુ-ધર્મ તથા સાધર્મિકની નિંદા કરી. છતી શક્તિએ તેમની ભક્તિ-સેવા બહુમાન કર્યું નહીં. અન્ય ધર્મની ઈચ્છા કરી, તેને સારો માન્યો. મિથ્યાત્વીઓને પોષ્યા. તેમનો પરિચય કર્યો. તેમને ઉત્તેજન આપ્યું. પાસત્થાદિની જાણી જોઈને ભક્તિ કરી. બીજાઓ ધર્મથી વિમુખ બને એવી પ્રવૃત્તિ કરી. પ્રતિમાજી પડી ગયા. તેની સાથે કળશ વગેરે ઉપકરણો અથડાયાં. અશુદ્ધ વસ્ત્ર તેમ જ અશુદ્ધ દ્રવ્યોથી પૂજા કરી. મુખકોશ બાંધ્યા વિના પૂજા કરી. અવિધિથી પૂજા કરી. વાળાકુંચી વગેરેનો અયોગ્ય રીતે ઉપયોગ કર્યો. સૂક્ષ્મ રીતે દેવદ્રવ્યાદિનો ઉપયોગ કર્યો. દેરાસરમાં નાક-કાન આદિનો મલ નાખ્યો. થૂંક પડ્યું, ખાનપાન કર્યું, હાંસી મશ્કરી કરી. વગેરે આશાતના કરી. દેરાસરમાં ઘરની-વ્યાપારની વાત કરી અંતરાયવાળા થયા. તીર્થભૂમિમાં ડુંગર ઉપર આહાર-નિહાર કર્યો, અંતરાયવાળા થયા. સાધુ-સાધ્વી પાસે પોતાનું

કામ કરાવ્યું. ગુર્વાદિકને પગ લગાડ્યો. તેમના આસન વગેરેને પગ લગાડ્યો. ગુર્વાદિકની સાથે અયોગ્ય રીતે બોલ્યા. સ્થાપનાજી પડી ગયા. પડિલેહણ ન કર્યું. સ્થાપનાજીને પગ લાગ્યો. દેવ-દેવીની માનતા કરી. નદી-કુંડાદિમાં સ્નાન કર્યું. હોળી વગેરે લૌકિક પર્વો માન્યા-ઉજવ્યા. પ્રયોજન વિના સાધુ-સાધ્વીને અશુદ્ધ આહાર વહોરાવ્યો.

પ્રથમ અણુવ્રત સંબંધી

અનંતકાય એકેન્દ્રિય - વિકલેન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોની હત્યા કરી, થઈ. તેનો સ્પર્શ કર્યો, તેને પીડ્યા. અણગળ પાણી વાપર્યું. ખારું મીઠું, કાચું, પાકું, ગરમ, ઠંડું પાણી ભેગું કર્યું. છાણાં, કોલસા, લાકડાં વગેરેનો પૂંજ્યા વિના ઉપયોગ કર્યો. જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યો. માખી, મચ્છર, કીડી આદિની વિરાધના કરી. ખેતી કરી-કરાવી. જીવથી યુક્ત ખાટલા-ગાદી, ગોદડાં વગેરે તડકે નાખ્યાં. ગર્ભપાત કર્યો-કરાવ્યો. પંખીઓના માળા-જળા પાડ્યાં તેની જયણા ન કરી. પર્વતિથિએ કપડાં ધોયાં વગેરે આરંભ-સમારંભનાં કાર્યો કર્યાં. સડેલાં ધાન્ય તડકે રાખ્યાં. ખાંડ્યા પીસ્યાં. ઉકરડા બાળ્યા. ઘંટી, સાંબેલાં, ચૂલા આદિ સાધનોનો જયણા વિના ઉપયોગ કર્યો. ઘાસ પર બેઠા. બગીચો વિકસાવ્યો. રાત્રે સ્નાન કર્યું. કૂવા, તળાવ આદિમાં કપડાં ધોયાં. કૃમિ, જૂ, માખી, ઉધેઈ વગેરેની વિરાધના કરી. મનુષ્યાદિ અંગ કાપ્યાં. વાસી ભોજન વાપર્યાં, રાખ્યાં. નોકર ચાકરાદિને નિર્દય રીતે માર માર્યો, મરાવ્યો. તેમની પાસે અતિશય કામ કરાવ્યું. જલક્રીડા કરી. ગાય, બળદ, ઘોડા વગેરે જનાવરોને નિર્દય માર માર્યો-મરાવ્યો. અતિશય ભાર વહન કરાવ્યો. ચારો-પાણી રોક્યા.

દ્વિતીય અણુવ્રત સંબંધી

ક્રોધાદિના કારણે અસત્ય બોલ્યા. ભૂમિ, કન્યા, ધનાદિ સંબંધી અસત્ય બોલ્યા. ઝઘડો કર્યો. ખોટા આરોપ કર્યા, શાપ દીધા. ખોટા

દસ્તાવેજ કર્યા. બીજાની ગુપ્ત વાતો કરી. ખોટી સાક્ષી આપી. અયોગ્ય રીતે શિક્ષા કરી. વિશ્વાસઘાત કર્યો, છેતર્યા. કલંક આપી કોઈને મારી નખાવ્યા. પક્ખી આદિના દિવસે ક્ષમાપના ન કરી.' છતી વસ્તુનો અપલાપ કર્યો.

તૃતીય અણુવ્રત સંબંધી

કોઈની પણ વસ્તુ પૂછ્યા વિના લીધી. નાની-મોટી ચોરી કરી-કરાવી. ટેક્ષની ચોરી કરી. ખોટાં માન માપ કીધા. ભેળસેળ કરી. ચોરીનો માલ-લીધો વેચ્યો. રાજદંડ યોગ્ય ચોરી કરી.

ચતુર્થ અણુવ્રત સંબંધી

જાણતાં અજાણતાં સ્વસ્ત્રી સ્વપુરુષ સંબંધી વ્રતનો ભંગ કર્યો. જાણતાં કે અજાણતાં પરસ્ત્રી-વેશ્યાદિ સંબંધી વ્રતનો ભંગ કર્યો. રખાત રાખી. બળાત્કાર કર્યો. સમ્મતિપૂર્વક પરસ્ત્રી સેવી. હાસ્યાદિથી વ્રતનો ભંગ કર્યો. સ્વપ્નમાં શીલભંગ થયો. સ્વપ્નદોષ થયો. સ્વ પર, સ્ત્રી પુરુષની સાથે હસ્તમૈથુન કર્યું. પરસ્ત્રી-વેશ્યાદિના અંગોપાંગને સ્પર્શ્યા, રાગથી નીરખ્યા, દબાવ્યા. સૃષ્ટિ વિરુદ્ધ કર્મ કર્યું. સંતાનોને પરણાવ્યાં. બીજાના વિવાહ કરાવ્યાં. કુમારાવસ્થામાં શીલભંગ કર્યો. વિધવાનો ઉપભોગ કર્યો. અતિ વિષય સેવન કર્યું. ચોથાવ્રત સંબંધી ગ્રહણ કરેલા નિયમનો ભંગ કર્યો. પ્રસૂતિકર્મ કર્યું-કરાવ્યું.

પંચમાણુવ્રત સંબંધી

જાણતાં કે અજાણતાં નવ પ્રકારના પરિગ્રહ પરિમાણનો ભંગ કર્યો. પરિમાણથી અધિક દ્રવ્યને પુત્રાદિના નામે ચઢાવ્યું.

પ્રથમ ગુણવ્રત સંબંધી

જાણતાં કે અજાણતાં દિગ્વ્રતમાં ધારેલી મર્યાદાનો ભંગ કર્યો, એક દિશાનું પરિમાણ ઘટાડીને બીજામાં વધાર્યું.

દ્વિતીય ગુણવ્રત સંબંધી

સૂર્યાસ્તની લગભગ વેળાએ ભોજન કર્યું. રાત્રિભોજન કર્યું. જાણતાં કે અજાણતાં રાત્રિભોજન સંબંધી નિયમનો ભંગ કર્યો. જાણતાં કે અજાણતાં માંસ, મદિરા, માખણ વગેરેનું ભક્ષણ કર્યું. સડેલાં શાક ભાજી વાપર્યા. અભક્ષ્ય અનંતરાય અથાણા વગેરે વાપર્યા. દ્વિદલ વાપર્યા. બે રાતથી અધિક કાળનું દહીં વાપર્યું. મદિરાદિ સંબંધી નિયમનો ભંગ કર્યો. ચૌદ નિયમનો ભંગ કર્યો. કર્માદાનનો ધંધો કર્યો. ભોગોપભોગની સામગ્રી અધિક રાખી. શસ્ત્ર, ભાંગ, અફીણ આદિનો શ્રાવક માટે અયોગ્ય એવો ધંધો કર્યો. બરફ, આઈસક્રીમ તથા અપેય પીણાં વાપર્યાં. વાસી રોટલી વગેરે વાપરી. અચિત્ત પાણી સંબંધી નિયમનો ભંગ કર્યો. વનસ્પતિનો અયોગ્ય રીતે ઉપયોગ કર્યો.

તૃતીય ગુણવ્રત સંબંધી

અનર્થદંડ વિરમણ વ્રત સંબંધી નિયમનો જાણતાં અજાણતાં ભંગ કર્યો. મારા શત્રુ વગેરે મરી જાય તો સારું મને રાજ્યાદિ સુખો મળો, ભવાંતરમાં દેવ વિદ્યાધરની ઋદ્ધિ વગેરે મળો....ઈત્યાદિ દુષ્ટ ચિંતવ્યું. બળદગાડા વગેરે જોડ્યા. હળ, મુશળ, કોદાળી વગેરે હિંસાનાં સાધનો બીજાને આપ્યાં. છરી-ચપ્પુ વગેરે ખોવાઈ ગયાં. સીનેમા, નાટક, ટી.વી. સરકસ જોયાં. એના સાધનો વસાવ્યાં, એનો વ્યાપાર કર્યો. મંત્ર-તંત્રનો પ્રયોગ કર્યો-કરાવ્યો. પાપોપદેશ આપ્યો. વિકથા કરી. જુગાર-પાનાં ક્રિકેટ વગેરે રમતો રમ્યા. તે જોવા ગયા. કામાદિ વિકાર વધારનારી દુષ્ટચેષ્ટાઓ કરી. કુતૂહલવૃત્તિ દાખવી.

પ્રથમ શિક્ષાવ્રત સંબંધી

સામાયિક વ્રત સંબંધી નિયમનો ભંગ કર્યો. તેમાં વ્યવહાર સંબંધી વાતો કરી. ચરવળો - મુહપત્તિની આડ પડી. મુહપત્તિ વગેરે ઉપકરણો ખોવાઈ ગયાં. સમય પૂર્વે સામાયિક પાળ્યું. સામાયિકમાં સ્થંડિલ માત્રું

જવું પડ્યું. સચિત્તનો સંઘટ્ટો થયો. ઉજેઈ પડી. સ્ત્રીનો સંઘટ્ટો થયો. વિકથા કરી. નવકારવાળી પડી. તૂટી ગઈ. સામાયિકમાં નિદ્રા આવી. સામાયિકમાં સંડાસ-બાથરૂમનો ઉપયોગ કર્યો.

દ્વિતીય શિક્ષાવ્રત સંબંધી

દેસાવગાસિક વ્રત સંબંધી નિયમોનો ભંગ કર્યો. એમાં અતિચાર લગાડ્યા. ઉપયોગ રાખ્યો નહિ.

તૃતીય શિક્ષાવ્રત સંબંધી

પૌષધ વ્રત સંબંધી નિયમોના ભંગ કર્યો. સૂર્યોદય પછી પૌષધ લીધો - સૂર્યોદય પૂર્વે પાડ્યો. દિવસે ઊંઘ્યા. પૌષધમાં કાજો-દેવવંદન પોરિસી, ચૈત્યવંદન, પડિલેહણ આદિ ક્રિયાઓ બરાબર કરી નહિ. સ્વાધ્યાય કર્યો નહિ. સચિત્તાદિની વિરાધના કરી. વાડામાં ઠલ્લે ગયા. રાત્રે ઠલ્લે ગયા. પરઠતાં જયણા પાળી નહી. પેસતાં-નિકળતાં નિસીહિ આવસ્સહિ કહેવામાં ઉપયોગ રાખ્યો નહિ. પરઠવતાં અણુજાણહ જસ્સુગ્ગહો વોસિરે વોસિરે કીધું નહિ. સ્ત્રીનો સંઘટ્ટો થયો. પચ્ચક્ખાણ પાડવાનું રહી ગયું. પારણાની ચિંતા કરી. દેરાસર જવાનું રહી ગયું. ગુરુવંદનાદિ રહી ગયું.

ચતુર્થ શિક્ષાવ્રત સંબંધી

અતિથિ સંવિભાગ વ્રતનો ભંગ કર્યો. અશુદ્ધ આહાર વહોરાવ્યો. આદર બહુમાનથી રહિતપણે વહોરાવ્યું. દાતાની નિંદા કરી.

સંલેષણાદિ સંબંધી

પાક્ષિકાદિ સંબંધી ઉપવાસાદિ તપ કર્યો નહિ. પચ્ચક્ખાણનો ભંગ થયો, પારવાનું ભૂલી ગયા. અભિગ્રહ ભાંગ્યા. નિયાણું કર્યું. આલોક-પરલોકના સુખ ઈચ્છયા. એકાશનાદિમાં ઊઠતાં પચ્ચક્ખાણ કર્યું નહિ. વાચનાદાતાનો વિનય ન કર્યો, અવિનય કર્યો. તપની નિંદા કરી.

પ્રતિક્રમણમાં ઊંઘ આવી. બેઠા પ્રતિક્રમણ કર્યું. વાંદણાદિ અવિધિપૂર્વક દીધા. છતી શક્તિએ દાનાદિ ધર્મ કર્યો નહિ. જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો નહિ. તપ, વિનય, વૈયાવચ્ચ આદિ ધર્મ કાર્યોમાં પ્રમાદ અવિધિ કરી. આત્મહત્યાના વિચારો આવ્યા....ઈત્યાદિ.

વિશેષ ગુરુગમને મેળવી જાણવું.

પર્યન્તારાધના

માંદો મનુષ્ય નમસ્કાર કરીને આ પ્રમાણ કહે છે :-

"હે ભગવન્ ! હવે અવસરને ઉચિત ફરમાવો"

ત્યારે ગુરુ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે :-

૧. અતિચારને આલોવવા જોઈએ, વ્રતો ઉચ્ચરવા જોઈએ; જીવોને ક્ષમા આપવી જોઈએ અને ભવ્ય આત્માએ અઢારે પાપસ્થાનો વોસિરાવવાં જોઈએ. ૨. ચાર શરણ ગ્રહણ કરવાં જોઈએ; દુષ્કૃત (પાપ)ની નિંદા કરવી જોઈએ; અને સારાં કામોની અનુમોદના કરવી જોઈએ, અનશન કરવું જોઈએ અને પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા જોઈએ. ૩. જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, વીર્યમાં એ રીતે પંચવિધ આચારમાં લાગેલા અતિચારો આલોવવા જોઈએ. ૪. સામર્થ્ય છતાં પણ જ્ઞાનીઓને વસ્ત્ર-અન્ન વગેરે ન આપ્યું હોય અથવા તેમની અવજ્ઞા કરી હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૫. પાંચ પ્રકારના જ્ઞાનની નિંદા કરી હોય અથવા ઉપહાસ (મશ્કરી) કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૬. જ્ઞાનનાં ઉપકરણ પાટી પોથી વગેરેની જે કોઈ આશાતના થઈ હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૭. નિઃશંકા વગેરે આઠ પ્રકારના ગુણસહિત જે સમ્યક્ત્વ રૂડે પ્રકારે મેં પાળ્યું ન હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૮. જિનેશ્વરની યા જિનપ્રતિમાની

ભાવથી પૂજા કરી ન હોય અથવા અભક્તિથી પૂજા કરી હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૯. દેવદ્રવ્યનો મેં જો વિનાશ કર્યો હોય અથવા બીજાને નાશ કરતો જોઈ ઉપેક્ષા કરી હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૦. જિનેન્દ્રમંદિર વગેરેમાં આશાતના કરનારને પોતાની શક્તિ છતાં ન નિષેધ્યો હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૧. પાંચ સમિતિ સહિત અથવા ત્રિગુપ્તિ સહિત નિરંતર ચારિત્ર ન પાળ્યું હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૨. કોઈ પણ રીતે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયાદિ એકેંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૩. કીડા, શંખ, છીપ, પુરા, જલો, અળસિયાં વગેરે બેઈંદ્રિય જીવોનો વધ થયો હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૪. કોડી વિ. તેઈંદ્રિય જીવોનો વધ થયો હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૫. વીંછી, માખી, ભ્રમર વગેરે ચતુરિંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૬. પાણીમાં વસનાર, જમીન ઉપર વસનાર કે આકાશમાં ઉડનાર કોઈ પણ પંચેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭. ક્રોધથી, લોભથી, ભયથી હાસ્યથી અથવા પરવશપણાથી મેં મૂઢ થઈને જે અસત્ય વચન કહ્યું હોય તે હું નિંદું છું તેની ગર્હા કરું છું. ૧૮. કપટકળાથી બીજાને છેતરીને થોડું પણ નહિ આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય તો તે હું નિંદું છું, તેની ગર્હા કરું છું. ૧૯. રાગ સહિત હૃદયથી દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી અથવા તિર્યંચ સંબંધી જે મૈથુન મેં આચર્યું હોય તેની હું નિંદા ને ગર્હા કરું છું. ૨૦. ધન, ધાન્ય, સુવર્ણ વગેરે નવ પ્રકારના પરિગ્રહ સંબંધમાં જે મમત્વભાવ મેં ધારણ કર્યો હોય તેની હું નિંદા-ગર્હા કરું છું. ૨૧. જુદીજુદી જાતનાં રાત્રિ-ભોજન ત્યાગના નિયમોમાં મારાથી જે ભૂલ થઈ હોય તેની હું નિંદા ને ગર્હા કરું છું. ૨૨. જિનેશ્વર ભગવાને કહેલો બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનો તપ જે મારી શક્તિ પ્રમાણે ન કર્યો હોય તેની

નિંદા ને ગર્હા કરું છું. ૨૩. મોક્ષપદને સાધવાવાળા યોગમાં, મન, વચન અને કાયાથી સદા જે વીર્ય ન ફોરવ્યું તેની હું નિંદા અને ગર્હા કરું છું. ૨૪. પ્રાણાતિપાત વિરમણવ્રત વગેરે બાર વ્રતોનો સમ્યક્ વિચાર કરી જ્યાં ગ્રહણ કરેલામાં ભંગ થયો હોય તે હવે જણાવું, તું ક્રોધરહિત થઈને સર્વ જીવોને ક્ષમા આપ, અને પૂર્વનું વૈર દૂર કરીને સર્વે મારા મિત્રો હોય છે તેમ ચિન્તવ. ૨૫. પ્રાણાતિપાત - મૃષાવાદ, મિથ્યાત્ત્વશલ્ય, આ મોક્ષ માર્ગની સન્મુખ જતાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણભૂત અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કર. ૨૬. જે ચોત્રીશ અતિશય યુક્ત છે અને જેમણે કેવળજ્ઞાનથી પરમાર્થને જાણ્યો છે અને દેવતાઓએ જેમનું સમોવસરણ રચ્યું છે, એવા અરિહંતોનું મને શરણ હોજો. ૨૭. જે આઠ કર્મથી મુક્ત છે, જેમની આઠ મહા-પ્રાતિહાર્યોએ શોભા કરી છે અને આઠ પ્રકારના મદના સ્થાનકોથી જે રહિત છે, તે અરિહંતોનું મને શરણ હોજો. ૨૮. સંસારરૂપી ક્ષેત્રમાં જેમને ફરી ઊગવાનું નથી, ભાવ શત્રુઓનો નાશ કરવાથી જેઓ અરિહંત બન્યા છે અને જે ત્રણ જગતને પૂજનીય છે તે અરિહંતોનું મને શરણ હોજો. ૨૯. ભયંકર દુઃખરૂપી લાખો લહરીઓથી દુઃખે તરી શકાય એવો, સંસારસમુદ્ર જે તરી ગયા છે અને જેઓને સિદ્ધિસુખ મળ્યું છે, તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૦. તપરૂપી મુદ્ગરથી જેમણે ભારે કર્મરૂપી બેડીઓ તોડી નાખી મોક્ષસુખ મેળવ્યું છે, તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૧. ધ્યાનરૂપી અગ્નિના સંયોગથી સકળ કર્મરૂપ મળ જેમણે બાળી નાખ્યો છે અને જેમનો આત્મા સુવર્ણ જેવો નિર્મળ થયો છે તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૨. જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી, તેમ જ ચિત્તનો ઉદ્વેગ નથી, ક્રોધાદિ કષાય નથી તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૩. બેંતાલીસ દોષરહિત અન્નપાણી (આહાર) જે ગ્રહણ કરે છે તે મુનિઓનું મને શરણ હોજો. ૩૪. પાંચ ઈંદ્રિયોને વશ રાખવામાં તત્પર, કામદેવના અભિમાનનો પ્રચાર જીતનારા, બ્રહ્મચર્યને ધારણ

કરનારા મુનિઓનું મને શરણ હોજો. ૩૫. જે પાંચ સમિતિઓ સહિત છે, પાંચ મહાવ્રતનો ભાર વહન કરવામાં જે વૃષભ સમાન છે અને જે પંચમ ગતિ (મોક્ષ)ના અનુરાગી છે, તે મુનિઓનું મને શરણ હોજો. ૩૬. જેમણે સકળ સંગનો ત્યાગ કર્યો છે, જેમને મણિ અને તૃણ, મિત્ર અને શત્રુ સમાન છે, જે ધીર છે અને જે મોક્ષમાર્ગને સાધવાવાળા છે, તે મુનિઓનું મને શરણ હોજો. ૩૭. કેવળજ્ઞાનને લીધે દિવાકર સરખા તીર્થંકરોએ પ્રરૂપેલા અને જગતના સર્વ જીવોને હિતકારી એવા ધર્મનું મને શરણ હોજો. ૩૮. ક્રોડોના કલ્યાણને ઉત્પન્ન કરનારી અને અનર્થ રચનાનો નાશ કરનાર જીવદયાનું જેમાં વર્ણન થાય છે, એવા ધર્મનું મને શરણ હોજો. ૩૯. પાપના ભારથી દબાયેલા જીવને કુગતિરૂપી કૂવામાં પડતાં જે ધારણ કરી રાખે છે, તેવા ધર્મનું મને શરણ હોજો. ૪૦. સ્વર્ગ અને મોક્ષરૂપ નગરે જવાના માર્ગમાં ગુંથાયેલા લોકોને માટે જેઓ સાર્થવાહરૂપ છે અને સંસારરૂપી અટવી પસાર કરાવી આપવામાં જે સમર્થ છે, તે ધર્મનું મન શરણ હોજો. ૪૧. આ પ્રમાણે ચાર પ્રકારના શરણને ગ્રહણ કરનાર અને સંસારના માર્ગથી વિરક્ત ચિત્તવાળા મેં જે કાંઈ પણ દુષ્કૃત કર્યું હોય તેની હમણાં આ ચાર (અરિહંત, સિદ્ધ સાધુ અને સર્વજ્ઞભાષિત ધર્મ)ની સમક્ષ હું નિંદા કરું છું. ૪૨. મિથ્યાત્વથી વ્યામોહ પામીને ભમતાં મેં મન, વચન કે કાયાથી કુતીર્થ (અસત્ય મત)નું સેવન કર્યું હોય તે સર્વની હમણાં હું નિંદા કરું છું. ૪૩. જિનધર્મ માર્ગને જો મેં પાછળ પાડ્યો હોય અથવા તો અસત્ય માર્ગને પ્રગટ કર્યો હોય અને જો હું બીજાને પાપના કારણભૂત થયો હોઉં તો તે સર્વની હમણાં હું નિંદા કરું છું. ૪૪. જંતુઓને દુઃખ આપનારા હળ, સાંબેલું વગેરે જે મેં તૈયાર કરાવ્યાં હોય અને પાપી કુટુંબનું જે મેં ભરણ-પોષણ કર્યું હોય તે સર્વની હમણાં હું નિંદા કરું છું. ૪૫. જિનભુવન, પ્રતિમા, પુસ્તક અને (ચતુર્વિધ) સંઘરૂપ સાત ક્ષેત્રમાં જે ધન બીજ મેં વાવ્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરું

છું. ૪૬. આ સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન જ્ઞાન, દર્શન અને ચારિત્રને જે સમ્યગ્ રીતે પાળ્યાં હોય તે સુકૃતની હું અનુમોદના કરું છું. ૪૭. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને જૈન સિદ્ધાંતને વિષે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરું છું. ૪૮. સામાયિકમાં ચતુર્વિંડશતિ સ્તવન (ચોવીશ ભગવાનની સ્તુતિ) અને છ આવશ્યકમાં મેં જે ઉદ્યમ કર્યો હોય તે સર્વ સુકૃતની હું અનુમોદના કરું છું. ૪૯. આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય પાપ એ જ સુખ દુઃખનાં કારણો છે અને બીજું કોઈ પણ કારણ નથી એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૦. પૂર્વે નહીં ભોગવાયેલાં કર્મનું ભોગવવાથી જ છૂટકારો છે, પણ ભોગવ્યા વિના છૂટકારો નથી, એમ જાણી ને શુભ ભાવ રાખવો. ૫૧. જે ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીલ વગેરે સર્વ આકાશના ફૂલની માફક નિરર્થક છે, તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૨. મેં નરકનું નારકીપણે તીક્ષ્ણ દુઃખ અનુભવ્યું તે વખતે કોણ મિત્ર હતો ! તેમ માનીને શુભ ભાવ રાખો.

૫૩. સુરશૈલ (મેરૂ પર્વત)ના સમૂહ જેટલો આહાર ખાઈને પણ તને સંતોષ ન વળ્યો, માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૪. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, આ ચાર ગતિમાં મનુષ્યને આહાર સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે, એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૫. કોઈ પ્રકારના જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઈ શકે નહિ, તેથી ભવમાં ભ્રમણ કરવારૂપ દુઃખના આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૫૬. જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઈન્દ્રપણું પણ હાથના તળિયામાં હોય તેવું થાય છે અને મોક્ષસુખ પણ સુલભ થાય છે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કર. ૫૭. જુદાજુદા પ્રકારના પાપ કરવામાં પરાયણ એવો જીવ પણ નમસ્કાર મંત્રને અન્ત સમયે પણ પામીને દેવપણું પામે છે તે નમસ્કાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૫૮. સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું

પામવું સુલભ છે, પણ દુર્લભમાં દુર્લભ નવકાર મંત્ર પામવો તે છે, તેથી મનની અંદર નવકાર મંત્રનું સ્મરણ કર. ૫૯. એક ભવમાંથી બીજા ભવમાં જતાં ભાવિકોને જે નવકાર મંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ સંભવે છે, તે નવકાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૬૦. જે નવકાર મંત્રને પામવાથી ભવરૂપી સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે અને જે મોક્ષના સુખને સત્ય કરી આપે છે, તે નમસ્કાર મંત્રને મનની અંદર તું સ્મરણ કર. ૬૧. આ પ્રકારની ગુરુએ ઉપદેશેલી પર્યન્તારાધના સાંભળીને સકલ પાપ વોસિરાવીને આ નમસ્કાર મંત્રનું સેવન કર. ૬૨. પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઈંદ્રપણું પામ્યો. ૬૩. તેની સ્ત્રી રત્નવતી પણ તે જ પ્રકારે આરાધીને જ પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી આવીને બન્ને મોક્ષે જશે. ૬૪. આ સંવેગ ઉત્પન્ન કરનાર સોમસૂરિએ રચેલી આ પર્યન્તારાધના જે રૂડી રીતે અનુસરશે, તે મોક્ષસુખ પામશે.

"પર્યન્તારાધના" સમાપ્ત

卐 ■ 卐

આત્મ મંથન

- પાપની સ્વીકૃતિ એ શુદ્ધિનું પહેલુ પગથિયું છે.
- જીવનમાં જિનભક્તિ વધશે એટલે વાસનાનો વંટોળ આપોઆપ શાન્ત થઈ જશે.
- જેનું કામ ધર્મરત છે તેને દેવ પણ નમન કરે છે.
- શ્રી જિનેશ્વર દેવના ભક્ત માતા-પિતા મળવા તે પણ પરમપુણ્યની નિશાની છે.

શ્રી પુન્યપ્રકાશનું સ્તવન

દુહા

સકળ સિદ્ધિ દાયક સદા, ચોવીશે જિનરાય;
સદ્‌ગુરુ સ્વામીની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

અતિચાર આલોઈએ, વ્રત ધરીએ ગુરુ સાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫

વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬

શુભ કરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ;
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭

શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

ઢાળ પહેલી

(કુમતિ, એ છિંડી કીહાં રાખી-એ દેશી)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર;
એહ તણા ઈહ ભવ પરભવના, આલોઈએ અતિચાર રે.

પ્રાણી જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણી રે. પ્રા.જ્ઞા૧

ગુરુ ઓળવીએ નહીં ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે. પ્રા.જ્ઞા.૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. પ્રા.જ્ઞા.૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ મિચ્છા મિ દુક્કડં તેહ રે. પ્રા.જ્ઞા.૪

સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે, પ્રા.સ.

જીન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ નરા ખરે. પ્રા.સ.૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ;
સાહમ્મીને ધર્મે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે. પ્રા.સ.૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા.સ.૭

ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પર ભવ વળી રે ભવોભવ, મિચ્છા મિ દુક્કડં તેહ રે પ્રા.સ.૮

ચારિત્ર લ્યો ચિત્ત આણી. વીર ભદે એમ વાણી રે પ્રા.ચા.

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાયરે પ્રા.ચા.૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળીરે. પ્રા.ચા.૧૦

ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોલ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છા મિ દુક્કડં તેહ રે પ્રા.ચા.૧૧

બારે ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શક્તે;
ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતે રે. પ્રા.ચા.૧૨

તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા.ચા.૧૩

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ;
વીર જિણેસર વયણ સુણીને, પાપ મલ સવી ધોઈએ રે. પ્રા.ચા.૧૪

ઢાળ બીજી

(પામી સુગુરુ પસાય-એ દેશી)

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યા એ;
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં, કુવા તલાવ ખણાવીયાં એ. ૧

ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરાં, મેડી માળ ચણાવીઆ એ;
લીંપણ ગુંપણ કાજ, એણીપરે પરે, પૃથ્વીકાય વિરાધીઆ એ. ૨

ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતિ ધોતિ કરી દુહવ્યા એ;
ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા વિહાલાંગરા એ. ૩

તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતી એ;
એણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાઉ વિરાધીયા એ. ૪

વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાં એ;
પોંક પાપડી શાક, શેક્યાં સુકવ્યાં, છેદ્યાં છુંદ્યાં આથીયાં એ. ૫

અળશીને એરંડ, ઘાણી ઘાણીને, ઘણા તિલાદિક પીલીયા એ;
ઘાલી કોલુ માંહે, પીલી, રોલડી, કંદ મૂળ ફળ વેચીયાં એ. ૬

એમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવીયા, હણતાં જે અનુમોદિયા એ;
આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૭

કૃમી કરમીયા કીડા, ગાડર ગંડોલા, ઈયલ પોરા અલશીયાં એ;
વાળા જળો ચુડેલ, વિચલિત રસ તણાં, વળી અથાણાં પ્રમુખનાં એ. ૮

એમ બેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ;
ઉધેહી નું લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કુંથુઆ એ. ૯

ગદ્વૈહિઆં ધીમેલ, કાનખજુરડા, ગીંગોડા ઘનેરીયાં એ;
એમ તેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યાં, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૦

માખી મત્સર ડાંસ, મસા પતંગીયાં, કંસારી કોલિયાવડા એ;
ઢીંકણ વિંછુ તીડ, ભમરા ભમરીઓ, કોતાં બગ ખડમાંકડી એ. ૧૧

એમ ચૌરિંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ;
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયા એ. ૧૨

પીંજ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૩

ઢાળ ૩ જી

(વાણી વાણી હિતકારીજી-એ દેશી)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે;
જિનજી મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે,
જિનજી દેઈ સારૂં કાજ રે, જિનજી મિચ્છામિ દુક્કડં આજ. ૧

દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહ રે. જિનજી. ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ;
જે જીહાં તે તિહાં રહીજી, કોઈ ન આવે સાથ રે. જિનજી. ૩

રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ;
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે. જિનજી. ૪

વ્રત લેઈ વિસારીયાજી, વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે. જિનજી. ૫

ત્રણ ઢાલ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે. જિનજી. ૬

ઢાળ ચોથી

(સાહેલડીની દેશી)

પંચ મહાવ્રત આદરો, સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી, સા. પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ, સા. હૈડે ધરીએ વિચાર તો;
શિવગતિ આરાધન તણો, સા. એ બીજો અધિકાર તો. ૨

જીવ સર્વે ખમાવીએ, સા.યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં, સા. કોઈશું રોષ ન રાખ તો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો, સા. કોઈ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરો, સા. કીજે જન્મ પવિત્ર તો. ૪

સ્વામી સંઘ ખમાવીએ, સા. જે ઉપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કસી ખામણાં, સા. એ જિન શાસન રીત તો. ૫

ખમીએ ને ખમાવીએ, સા. એહ જ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધન તણો, સા. એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષ વાદ. હિંસા ચોરી, સા. ધન મૂચ્છાં મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા. પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ, સા. કુડાં ન દીજે આળ તણે;
રતિ અરતિ મિથ્યા તજે, સા. માયા મો જંજાળ તો. ૮

ત્રિવિધે વોસરાવિએ, સા. પાપસ્થાન અઢાર તો;
શિવગતિ આરાધન તણો, સા. એ ચોથો અધિકાર તો. ૯

ઢાળ પાંચમી

(હવે નિસુણો ઈંહાં આવીયા એ. એ દેશી)

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જિનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઈ લાખ તો;
આત્મ સાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરુ સાખ તો. ૪

મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫

ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણા એ, ઘંટી હળ હથીયાર તો;
ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬

પાપ કરીને પોષીયાં એ, જનમ જનમ પરિવાર તો;
જન્માંતર પોહોંચ્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭

આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮

દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

ઢાળ ૬ ઠ્ઠી

(આઘે તું જોયને જીવડા એ દેશી)

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન.૧

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્રા;
જુગતે જિનવર પૂજિયા, વળી પોષ્યાં પાત્ર. ધન.૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનહર જિન ચૈત્યઃ
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન. ૩

પડિક્કમણાં સુપેરે કર્યાં, દિધાં અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવઝાયને, દીધાં બહુમાન. ધન. ૪

ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન. ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધન. ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન. ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન. ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન. ૯

ઢાળ ૭ મી

(રેવતગિરિ હુઆં, પ્રભુનાં તણ કલ્યાણક. એ દેશી.)

હવે અવસર જાણી, કરી સંલેખન સાર;
અણસણ આદરીયે, પચ્ચક્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક,
દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર;
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર;
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર;
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર;
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર;
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર;
આ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રત્નવતી બેહુ, પામ્યાં છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ;
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળ;
શિવકુમરે જોગી, સોવન પુરુસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭

એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો;
આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાંહિ રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો;
જિન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

ઢાળ ૮મી

(નમો ભવિ ભાવશું એ. એ. દેશી)

સિદ્ધારથ રાય કુળ તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનિ તળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર.
જયો જિન વીરજીએ ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણીએ, તારે તો તારનો. જયો. ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ જયો. ૩

કરમ અલુંજણ આકરાં એ, જન્મ મરણ જંજાળ તો;
હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ. જયો. ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તુઠ્યો જિન ચોવીશમો એ, પ્રગટ્યાં પુન્ય કલ્લોલ. જ્યો. ૫

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય. જ્યો. ૬

કળશ

ઈમ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જ્યો;
શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧

શ્રી વિજય દેવસૂરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે;
તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે, ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, શ્રી કીર્તિવિજય સુરગુરુ સમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો ૩

સયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચૌમાસ એ;
વિજયા દશમ વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુન્ય પ્રકાશ એ. ૫

卐 ■ 卐

આત્મ વિચાર

- કિસ્મતના ક્યા પાના ઉપર શું લખ્યું છે એ કોને ખબર છે? માટે પળપળનો સદુપયોગ કરી લો.
- સુખ પતંગીયા જેવું છે જેમજેમ એનો પીછો કરીએ તેમ એ વધારે દૂર ભાગે પણ જો બીજી વાતોમાં આપણે ધ્યાન પરોવીએ તો એ આવીને આપણા ખભા ઉપર બેસી જાય છે.

પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે;
જાણપણું જગતે ભલું, ઈણ વેળા આવે. ૧

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ;
જે મેં જીવ વિરાધીયા, ચઉરાશી લાખ. તે મુજ. ૨

સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય;
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે. ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બિ ત્રિ ચઉરિંદ્રી જીવના, બે-બે લાખ વિચાર. તે. ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે. ૫

ઈણ ભવ પરભવે સેવિયાં, જે પાપ અઢાર;
ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરું, દુર્ગતિના દાતાર. તે. ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે. ૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ. તે. ૮

કલહ કરી જીવ દુહવ્યા, દીધા કૂડા કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે. ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે. ૧૦

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે. ૧૧

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક જબ્બે કીયા, કીધા પાપ અઘોર. તે. ૧૨

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ. તે. ૧૩

કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ;
બંદીવાન મરાવિયા, કોરડા ઝડી દંડ. તે. ૧૪

પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિક્ષ્ણ. તે. ૧૫

કુંભારને ભવે મેં કીયા, નીભાડા પચાવ્યા;
તેલી ભવે તિલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે. ૧૬

હાલી ભવે હળ ખેડિયાં, ફાડ્યાં પૃથ્વીપેટ;
સુડ નિદાન ઘણાં કીધાં, દીધા બળદ ચપેટ. તે. ૧૭

માળીને ભવે રોપિયાં, નાનાવિધ વૃક્ષ;
મૂળ પત્ર ફળ ફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે. ૧૮

અધોવાઈઆને ભવે, ભર્યા અધિકા ભાર;
પોઠી પુંઠે કીડા પડ્યા, દયા નાણી લગાર. તે. ૧૯

છીપાને ભવે છેતર્યા, કીધાં રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધા ઘણાં, ધાતુવાદ અભ્યાસ. તે. ૨૦

શૂરપણે રણ ઝૂઝતાં, માર્યા માણસ વૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે. ૨૧

ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિ ઘણાં, પોતે પાપ જ સંચ્યાં. તે. ૨૨

કર્મ અંગાર કીયા વળી, ઘરમે દવ દીધા;
સમ ખાધા વિતરાગના, કૂડા કોશ જ કીધા. તે. ૨૩

બિલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી;
મૂઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે. ૨૪

ભાંડભૂંજ તણે ભવે, એકેંદ્રિય જીવ;
જવારી ચણા ગહું શેકિયા, પાડંતા રીવ. તે. ૨૫

ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક;
રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક. તે. ૨૬

વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઈષ્ટ વિયોગ પાડ્યા ઘણા, કીયા રુદન વિખવાદ. તે. ૨૭

સાધુ અને શ્રાવકતણાં, વ્રત લેઈને ભાંગ્યાં;
મૂળ અને ઉત્તરતણાં, મુજ દૂષણ લાગ્યાં. તે. ૨૮

સાપ, વીંછી, સિંહ, ચીતરા, શકરા ને સમળી;
હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે. ૨૯

સુવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ધોળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યાં. તે. ૩૦

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે.૩૧

ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે. ૩૨

ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે. ૩૩

ઈણિ પરે ઈહભવે પરભવે, કીધાં પાપ અખત્ર;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરું જન્મ પવિત્ર. તે. ૩૪

એણિ વિધે એ આરાધના, ભવિ કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે. ૩૫

રાગી વૈરાગી જે સુણે, એહ ત્રીજી ઢાળ;
સમયસુંદર કહે પાપથી, છૂટે તત્કાળ. તે. ૩૬

આત્મ મંથન

- પંડિતાઈ ત્યારે જ આવે કે જ્યારે આત્મામાં અધ્યાત્મ આવે.
- પંડિતાઈ વિનાનો પંડિત એ તો એક જાતનો નાટકીયો જ ગણાય.
- પંડિત ઓછા બનાય તેનો વાંધો નહિ પણ પંડિતાઈ પૂરી જોઈએ.
- આ શાસનમાં અધ્યાત્મની કેવળ વાતો જ કરનારા ઢોંગીઓને કોઈ સ્થાન જ નથી.
- જ્ઞાની પુરૂષ તે છે, જેનાથી કોઈને ઉદ્વેગ થતો નથી, જે કદી ઉદ્વેગ પામતો નથી.

સંપૂર્ણ ભારત જૈન તીર્થ દર્શન

શું તમારે તીર્થયાત્રા કરવા જવું છે. ?

શું તમારે કયું તીર્થ કઈ જગ્યાએ અને ક્યા જીલ્લામાં આવેલું છે, તે જાણવું છે ?

કેટલાં તીર્થો ક્યા રાજ્યમાં આવેલાં છે. શું તે માહિતી તમારે જાણવી છે ?

તે તીર્થમાં ભોજનશાળા-ધર્મશાળા છે કે નહીં તે માહિતી તમારે જાણવી છે ?

શું તમારે તે તીર્થની વિશેષતા જાણવી છે ?

શું તમારે તીર્થના કિલોમીટરના અંતરોની જાણકારી મેળવવી છે ?

સમગ્ર ભારતમાં કેટલા જૈનતીર્થો આવેલા છે,

તેની જાણકારી તમારે મેળવવી છે ?

ઉપરોક્ત તમામ માહિતી સાથે તથા સરનામાં સહિત વિવિધ જાણકારી મેળવવા માટે હવે તમારે બીજા કોઈને પૂછવું નહીં પડે.

તમામ માહિતિ તમને અહિંથી મળશે...

આપશ્રીના કાળમાં, આપશ્રીનો દરબાર; સંપત્તિ લાવે સામટી, મહામંત્ર મનોહર.

ગુજરાતના પ્રાચીન તીર્થસ્થાન

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૧.	કુરાલ	વડોદરા	૩૭	શ્રી શ્રેયાંસનાથ			-/-	મુ. કુરાલ તા. પાદરા, જિ. વડોદરા.
૨.	વણછરા	વડોદરા	૪૨	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ			છે/છે	મુ. વણછરા, તા. પાદરા, જિ. વડોદરા.
૩.	કાવી	ભરૂચ	૮૦	શ્રી ઋષભદેવ, શ્રી ધર્મનાથ.	૧૪૦	સામુ-વહુના ભવ્ય જિનાલય	છે/છે	રિખવદેવજી મહારાજ જૈન પેઢી, શ્રીમાળી પોળ, મુ. કાવી-૩૮૨૧૭૦., જિ. ભરૂચ.
૪.	સુરત	સુરત	-	શ્રી મહાવીર સ્વામી		આગમ મંદિર	છે/છે	શ્રીમતી રૂક્મણીબેન દલીચંદ વીરચંદ ઝોફ ચે. પૂ. જૈન ધર્મશાળા, રેલ્વે સ્ટેશન સામે, સુરત.
૫.	ઓસિયાજી નગર	સંખણ	-	શ્રી સીમન્ધર સ્વામી			છે/છે	શ્રી સિમંધર સ્વામી જૈન કાર્યાલય પો. નંદિગ્રામ, વાયા-ભિલાડ ૩૯૨૧૦૫.
૬.	ધામણ	સુરત	૧				છે/છે	શ્રી ધામણ તીર્થ, મુ. ધામણ, વા. સુરત
૭.	ઝઘડીયા	અંકલેશ્વર	૨૫	શ્રી ઋષભદેવ	૧૪૦	ગુરુકુળ	છે/છે	શ્રી રીખવદેવજી મહારાજની પેઢી, મુ. ઝગડિયા, જિ. ભરૂચ, વાયા : અંકલેશ્વર.
૮.	ભરૂચ	ભરૂચ હાઈવે.	૧૫	શ્રી મુનિસુવ્રત સ્વામી		સમડી વિહાર-દેરાસર	-	શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર પેઢી, શ્રીમાળી પોળ, ભરૂચ, પીન કોડ ૩૯૨૦૦૧.

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૯.	ગંધાર	ભરૂચ	૫૫	શ્રી અગીઝરા પાર્શ્વનાથ	-	પુરાતન દેરાસર	છે/છે	અગીઝરા પાર્શ્વનાથ મહાજનની પેઢી - ગંધાર, તા. વાગરા, જિ. ભરૂચ, પીન કોડ ૩૯૨૧૪૦
૧૦.	આમોદ	-	-	શ્રી મુનિસુવ્રત સ્વામી	-	-	-	શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર, સળીયા પોળ, આમોદ.
૧૧.	ડભોઈ	વડોદરા	૩૨	શ્રી લોઢણ પાર્શ્વનાથ	૧૦૨	રેતીનાં બનેલાં પ્રાચીન પ્રતિમા જળગર્ભમાંથી મળી આવેલ.	છે/છે	દેવચંદ ધરમચંદની પેઢી, શામળાજી-ની શેરી મુ. ડભોઈ. પીન કોડ ૩૯૧૧૧૦., જિ. વડોદરા.
૧૨.	બોડેલી	વડોદરા	૭૦	શ્રી મહાવીરસ્વામી	૬૦૪	-	છે/છે	શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા, બોડેલી. જિ. વડોદરા પીન ૩૯૧૧૩૫
૧૩.	અણસ્તુ	કરજણ	૪	શ્રી રાંભેશ્વર પાર્શ્વનાથ	-	-	છે/છે	મુ. અણસ્તુ, વાયા : નિપાગામ-કરજણ, જિ. વડોદરા.
૧૪.	પરોલી	ગોધરા	૧૦	શ્રી નેમિનાથ	-	સાચા નેમિનાથ ભગવાન	છે/છે	શ્રી પરોલી જૈનતીર્થની પેઢી, મુ. પરોલી, જિ. પંચમહાલ
૧૫.	ખંભાત	વડોદરા	૮૦	શ્રી સ્થંભન પાર્શ્વનાથ	૨૩	અતિપ્રાચીન પ્રતિમા	છે/છે	શ્રી સ્થંભન પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ખારવાડા, ખંભાત પીન કોડ ૩૮૮૬૨૦.

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૧૬.	વાવ	ખંભાત	૬	શ્રી પાર્શ્વનાથ	-	શ્રી રાજચંદ્ર આશ્રમ	-	શ્રી રાજચંદ્ર આશ્રમ મુ. વાવ. વાયા : ખંભાત.
૧૭.	નાપાડ	બોરસદ	૧૦	શ્રી શાંતિનાથ	-	આરતીના સમયે છત્ર ફરે છે.	-	મુ. નાપાડ, વાયા : આસોદર, જિ. ખેડા.
૧૮.	માતર	ખેડા	૧૦	શ્રી સાચા સુમતિનાથ	-	ભાવન જિનાલય, ચમત્કારીક પ્રતિમાજી	છે/છે	સાચાદેવ કરખાના પેઢી, જૈનવાસ, મુ. માતર,જિ. ખેડા, પીન કોડ ૩૮૭ ૫૩૦.
૧૯.	કલીકુંડ	ધોળકાથી	૨	શ્રી કલીકુંડ પાર્શ્વનાથ	-	ભવ્ય દેરાસર, પ્રતિમાજી ભવ્ય ચમત્કારિક અને કલાત્મક છે.	છે/છે -	શ્રી વસ્તુપાળ તેજપાળની પેઢી, મદલીપુર ચાર રસ્તા, મુ. ધોળકા, જિ.અ. વાદ, પીન કોડ ૩૮૭૮૧૦
૨૦.	ઉપરીયાળા	વિરમગામ	૨૦	શ્રી આદિનાથ	૭૬	કાચનું દેરાસર : ૮૬ વર્ષથી અખંડજ્યોતમાં કેસર	છે/છે	શ્રી આણંદજી કલ્યાણની પેઢી, મુ. ઉપરીયાળા, વાયા : વિરમગામ. જિ. સુરેન્દ્રનગર (પાટડી)
૨૧.	શંખેશ્વર	-	-	શ્રી પાર્શ્વનાથ	૧૦૨	આગમ મંદિર, ૧૦૮ પાર્શ્વનાથ દેરાસર ચમત્કારિક શંખેશ્વર પાર્શ્વનાથ	છે/છે -	શ્રી જીવનદાસ ગોડીદાસની પેઢી, મુ. શંખેશ્વર, જિ. મહેસાણા-૩૮૪૨૪૧
૨૨.	સમી	હારીજ	-	શ્રી મહાવીર સ્વામી	૧૮૨	ભવ્ય પ્રતિમા	-	સમી જૈન દેરાસર, મુ. સંઘ સમી. તા: હારીજ, જિ. મહેસાણા.
૨૩.	કંબોઈ	ચાણસ્મા	૧૬	શ્રીમનમોહન પાર્શ્વનાથ	૭૬	દેવવિમાન જેવું સંપ્રતિરાજાના સમયનું દેરાસર	છે/છે	શ્રી મનમોહન પાર્શ્વનાથ તીર્થની પેઢી મુ.કંબોઈ જિ. મહેસાણા.

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૨૪.	ચારૂપ	પાટણ	૧૦	શ્રી શામળા પાર્શ્વનાથ	૧૨૦	અષાઢી શ્રાવકે ભરાવેલ પ્રતિમા	છે/છે	શ્રી ચારૂપ જૈન તીર્થની પેઢી, મુ. ચારૂપ, તા. પાટણ, જિ. મહેસાણા.
૨૫.	પાટણ	મહેસાણા	૩૦	શ્રી પંચાસરા પાર્શ્વનાથ	૪૧	હેમચંદ્રાચાર્ય જ્ઞાન મંદિર ચિંગડમલ્લ પાર્શ્વનાથ દેરાસર	છે/છે -	શ્રી જૈન અતિથિગૃહ, શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસરની ગલી, પીન ૩૮૪ ૨૬૫.
૨૬.	જમણપુર	હારીજ	૮	શ્રી ચંદ્રપ્રભુ સ્વામી	-	વિક્રમની ૧૩મી સદીનું તીર્થ સ્થાન	-/-	શ્રી જૈન દેરાસર પેઢી, મુ. જમણપુર, તા. હારીજ, જિ. મહેસાણા.
૨૭.	ચાણસ્મા	મહેસાણા	૩૨	શ્રી ભટેવા પાર્શ્વનાથ	૨૩	રેતીના પ્રતિમાજી, દેવલોકમાં પૂજાએલ છ લાખ વર્ષ પ્રાચીન પ્રતિમાજી	છે/-	શ્રી ચાણસ્મા જૈન સંઘની પેઢી માટી વાણિયાવાડ, ચાણસ્મા પીન કોડ ૩૮૪૨૨૦.
૨૮.	મોઢેરા	ચાણસ્મા બહુચરાજી	૨૫ ૧૩	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ	૪૫	સૂર્ય મંદિર, પ્રાચીન અવશેષો	-	શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પેઢી, મુ. મોઢેરા, જિ. મહેસાણા-૩૮૪૨૨૧.
૨૯.	મહેસાણા	-	-	શ્રી સિમંધર સ્વામી	૩૬	ભવ્ય દેરાસર	છે/છે	શ્રી સિમંધર સ્વામી જૈન મંદિર પેઢી, ને.હાઈવે નંબર-૬, મુ. મહેસાણા, પીન ૩૮૪૦૦૨
૩૦.	ગાંભુ	મહેસાણા	૧૬	શ્રી ગંભીરા પાર્શ્વનાથ	૪૬	૯મી સદીની પ્રાચીન મૂર્તિ સંપ્રતિ રાજાના સમયની	છે/-	શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, બજારમાં, મુ. ગાંભુ, વાયા : બેચરાજી, તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૩૧.	પાનસર	ક્લોલ	૪	શ્રી મહાવીર સ્વામી	૯૧	વિશાળ મંદિર	છે/છે	મહાવીર સ્વામી મહારાજની પેઢી, મુ. પાનસર, જિ. મહેસાણા-૩૮૨૭૪૦
૩૨.	સાચોર	નવાદીસા	-	શ્રી મહાવીર સ્વામી	-	-	-	-
૩૩.	વામજ	ક્લોલ	૧૬	શ્રી આદિશ્વર	૧૦૭	ચમત્કારીક પ્રતિમાજી	-	આણંદજી કલ્યાણજી પેઢી, વામજ, વાયા : ક્લોલ.
૩૪.	સેરીષા	ક્લોલ	૮	શ્રી શેરીષા પાર્શ્વનાથ	૧૬૫	અતિ પ્રાચીન ભવ્ય પ્રતિમાજી	છે/છે	શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, મુ. શેરીષા, તા. ક્લોલ.
૩૫.	કર્ણાવતી	અમદાવાદ	-	શ્રી ધર્મનાથ	૬૩	અમદાવાદ શહેરના પ્રાચીન મંદિરો	-	ધર્મનાથ ભ. જૈન મંદિર શ્રી હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ પેઢી, દિલ્લી દરવાજા, મરચીપોળ જૈન ધર્મશાળા, રતનપોળ, અમદાવાદ. પીન કોડ ૩૮૦૦૦૧.
૩૬.	ભોયણી	ક્લોલ કડી	૨૮ ૮	શ્રી મલ્લીનાથ	૧૦૪	ભૂગર્ભમાંથી મળી આવેલ ભવ્ય અને શોભાયમાન પ્રતિમાજી	છે/છે	મલ્લીનાથ મહારાજ કારખાના, મું. ભોયણી, તા. વીરમગામ, જિ. અમદાવાદ. પીન કોડ ૩૮૧૧૪૫ (દેત્રોજ)
૩૭.	ડુઆ	ધાનેરા પાલનપુર	૨૦	જુના પ્રાચીન પ્રતિમાજી શ્રી અમીઝરા પાર્શ્વનાથ	-	મહાન જૈનાચાર્ય પ.પૂ. બપ્પભટ્ટ સૂરિજી-ની જન્મભૂમિ	છે/છે	શ્રી અમીઝરા પાર્શ્વનાથ સંઘ, ડુઆ, ધાનેરા, પાલનપુર જિ. બનાસકાંઠા

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	પર્વતયાત્રા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
૩૮.	રામસણ	ધાનેરા પાલનપુર	૨૦	જુના પ્રાચીન પ્રતિમાજી શ્રી આદિશ્વર ભગવાન	-	પ્રાચીન ઐતિહાસિક તીર્થ	છે/છે	શ્રી આદિશ્વર જૈન દેરાસર પેઢી, રામસણ, ધાનેરા, પાલનપુર જિ. બનાસકાંઠા
૩૯.	વિજાપુર	મહેસાણા	૫૦	શ્રી સ્ફુલીંજ પાર્શ્વનાથ	-	આ. શ્રી બુદ્ધિસાગરજી મ. ની સમાધિ પ્રતિમાજી સુંદર, સૌમ્ય છટાદાર અને ભવ્ય છે.	છે/છે	શ્રી વિજાપુર જૈન દેરાસર સંઘ, વિજાપુર, જિ. મહેસાણા, પીન કોડ - ૩૮૨૮૭૦.
૪૦.	આગલોડ	વિજાપુર	૧૧	શ્રી મણિભદ્રવીરનું સ્થાનક	-	-	છે/છે	શ્રી આગલોડ મણીભદ્રવીર જૈન પેઢી, આગલોડ, વાયા : વિજાપુર.
૪૧.	કોબા	-	-	-	-	-	-	મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા પીન ૩૮૨૦૦૯, જિ. ગાંધીનગર.
૪૨.	મહુડી	વિજાપુર	૧૨	શ્રી પદ્મપ્રભ સ્વામી	૫૩	૨૦૦૦ વર્ષ પુરાણી, ૨૪ દેવ પ્રતિમા, કુલિકાઓ.	છે/છે	શ્રી મધુપુરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કારખાના પેઢી, મહેસાણા. (વિજાપુર)
૪૩.	વાલમ	ઉંઝા વીસનગર	૧૧ ૧૦	શ્રી નેમિનાથ	૮૦	અષ્ટાદ્રીશ્રાવક દ્વારા ભરાયેલી	છે/છે	જૈન શ્વે.મૂ. દેરાસર, વાલમ, વાયા : વિજાપુર. જિ. મહેસાણા. (વીસનગર)-૩૮૪૩૧૦.
૪૪.	તારંગાજી	મહેસાણા	૭૨	શ્રી અજિતનાથ	૨૭૫	૧૪૩ ફૂટ ઉંચુ, ૧૫૦ ફૂટ લાંબુ કુમારપાળ મહારાજા દ્વારા નિર્મિત	છે/છે	શ્રી આણંદજી કલ્યાણજી પેઢી, તારંગાજી, તા. ખેરાળુ, જિ. મહેસાણા. પીન ૩૮૪ ૩૫

ક્રમ નંબર	તીર્થનું નામ	મુખ્ય શહેરથી તીર્થનું અંતર (કિ.મી.)		મૂળનાયક ભગવાન પ્રતિમાનું કદ (સે.મી.)		ધાર્મિક તથા ઐતિહાસિક વિશેષતાઓ	ધર્મશાળા/ ભોજનશાળા	પેઢીનું નામ તથા સરનામું
જેનું સેવન કરવાથી પાપનો બંધ થાય તેવા ૧૮ સ્થાનકો (સ્થળો) છે. તેમાં ૧૮મું 'મિથ્યાત્વશલ્ય' ઘણું મહત્વનું છે. એના કારણે જીવ વિપરીત માન્યતાવાળો થાય છે. અને એ માન્યતાઓને પોષવા જીવનમાં દુષણ યા દુર્ગુણ પ્રવેશ કરે છે. તેથી બાકીના ૧૭ પણ પાપસ્થાનકોને આંખ મીચીને આદરપૂર્વક આત્મા સેવે છે. એટલું જ નહીં "પાપં અસ્માકં બાપં" એવા વિચારોથી પાપ બાંધી તેમાં પોતાની હોશિયારી માની ચિકણા (ચઉઠાણિયા સુધીના) કર્મ બાંધે છે.





शालिभद्र और धनाजी










शालिभद्रजी धर्मा माटे कुर्बो पाम नं.८२०




ચિત્રકાર








મેઘકુમાર વાર્તા માટે જુઓ પાના નં.૮૨૩





સમ્રાટ સંપ્રતિ વાર્તા માટે જુઓ પાના નં.૮૨૪






ચક્રી સનતકુમાર વાર્તા માટે જુઓ પાના નં.૮૨૪










६



७















કામવિજેતા મહામુનિ સ્થૂલભદ્રજી

વાર્તા માટે જુઓ પાના નં.૮૨૬









જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી અને બાદશાહ અકબર

વાર્તા માટે જુઓ પાના નં.૮૨૯




कर बन्द
जजिया कर बन्द
हिंसा बन्द


































૧
૨
૩


३






४

મહાત્મા ગજસુકુમાલ વાર્તા માટે જુઓ પાના નં.૮૨૮






કૂરગડુ નાગદત્ત વાર્તા માટે જુઓ પાના નં.૮૩૧
૧ - ૩


રાજા મુંજ વાર્તા માટે જુઓ પાના નં.૮૩૧
૪ - ૭




৪
৫
৬
৭

જંબૂ સ્વામી વાર્તા માટે જુઓ પાના નં.૮૩૨





નળ-દમયંતિ વાર્તા માટે જુઓ પાના નં.૮૩૩












કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાય વાર્તા માટે જુઓ પાના નં.૮૩૪




४ वीरसं.२४९२.


પરમાર્હત્ રાજા કુમારપાલ વાર્તા માટે જુઓ પાના નં.૮૩૫










કથા
વિભાગ

શ્રી અમરકુમારની કથા


વાર્તા માટે જુઓ પાના નં.૮૩૮



ધનના લોભે વેચીઓ, માત-પિતા મુજ આજ;
કેવા અનરથ ધન કરે, છોડી નિજ કુળ-લાજ.



અમર વિચારે ગુરુએ શીખવ્યો, મંત્ર ભલો નવકાર;
જાપ જપંતા સંકટ ટળશે, નહી બીજો આધાર.



નવકાર મંત્રના પ્રભાવે અમરકુમાર બચી ગયો,
અને રાજા શ્રેણિક સિંહાસન પરથી ગબડી પડ્યો.



રાજઋદ્ધિ સઘળી ગ્રહો, વિનવે શ્રેણિક રાય;
પ્રાણ બચાવ્યા સર્વના, મુજથી કેમ ભુલાય.


ચાલી ઝપટ મસાણ માંહી, આવી બાલક પાસ;
પાળીએ કરી પાપિણી મારે, પૂરે મનની આશ !
મુનિહત્યા કરી પાપિણી એ, નિજઘર દોડી જાય;
વાઘણ વચ્ચમાં મળતાં એને, પાળી ફાડી ખાય.

શ્રી નંદિષેણ મુનિની કથા

વાર્તા માટે જુઓ પાના નં.૮૬૫




શ્રી નંદિષેણમુનિએ ધર્મલાભ આપ્યો પણ વેશ્યા કહે અહીં તો અર્થલાભ જોઈએ. ત્યાં જ મુનિએ લબ્ધિથી કરોડો સોનામહોરો વર્ષાવી.

ભોગ કરમના તીવ્ર ઉદયથી, ભોગવતાં એ ભોગ;
અંતરથી ન્યારા રહેનારા, માને કર્મનો રોગ.
જળ કમળ જિમ રહી નિર્લેપ, વસતા વેષ્યા દ્વાર;
દશ નર દિનપ્રતિપ્રતિ બુઝવતાં, વીત્યા વર્ષો બાર.



પ્રતિ બોધ્યા નવ નર એક વેળા, બુઝે ના સોનાર;
ભોજનની વેળા જાય વીતી, વિનતી કરે તે વાર.
ધસમસતી હસતી તવ વદતી, ઉભી ગણિકાનાર;
દશમા આજે આપ જ સ્વામી, શ્યાને કરો છો વિચાર.



વ્યાપ્ત સુણી વેશ્યા વનીતાના, ઉઠ્યા મુનિ તે વાર;
આવી સદ્‌ગુરુ સંગે રંગે, સંયમ લે ફરી વાર.
તપ જપ સંયમ ક્રિયા સાધી, કરતા નિજ ઉદ્ધાર;
સંલેખરંગ તણે ક્રીલતા, પહોંચ્યા સ્વર્ગ દુવાર.

પ્રતિલેખ લટકાળી રાખેલો ઓઘો ધ્રુમકી ચાંપો
ચાલવા માટે છે ભાર વેશ પોષાય પછી વિનય છે
પણ ધ્રુમકી તો કલ્યાણના માર્ગે રાખેલી બાલ


મહર્ષિ મેતારજ મુનિની કથા
વાર્તા માટે જુઓ પાના નં.૮૪૮
મુનિ મલ વસ્ત્રની ઘૃણા કરતા, નીચગોત્ર બંધાય,
ઉપન્યા કુલ ચંડાલે તોયે, બાજી ગઈ બદલાય,
ભાગ્યવશે પરિવર્તન થયુ તસ, શ્રેષ્ઠી-કુલ મોઝાર.
રાજા લજ્જિત થઈને માફી માંગે છે,
"મહારાજ મારી ભૂલ થઈ, ગુનો માફ કરો !
હું જરૂર એમને સમજાવીશ, પરંતુ અત્યારે તો
આપ તેમના પ્રાણ બચાવો."


જવલાં ઘડતો સોની ઉઠ્યો, હૈયે હર્ષ અપાર;
પ્રતિલાભી મોદકને માને, ધન્ય સફલ અવતાર.
શિર પર લીલી વાઘર વીંટી, ખૂબ કસી સોનાર;
તડકે ઊભા રાખ્યા તોયે, રૂઠ્યા નહીં અણગાર.
બે લોયણ નીકલી પડ્યા, ફટફટ ફૂટે હાડ;
છટ છટ છૂટી રહી નસો, તોય ન પાડે રાડ.

ઈલાચીકુમારની કથા

વાર્તા માટે જુઓ પાના નં.૮૫૫



અદ્‌ભુત નૃત્ય નિહાળીને રે, મોહ્યો ઈલાચીકુમાર;
એવી નાર મળે જો મુજને, તો થાય સફળ અવતાર.

મોહી તાતને કારણે, કીધો દુર્જન સંગ;
સંગરંગ ખૂબ લાગતાં, કર્મ મચાવે જંગ.

મોદક લો લો કહી રહી છે, નથી લેતા અણગાર;
વાંસ ઉપરથી નટવર જોતો, દિંગ થયો તે વાર!


જો વાંસ ઉપરથી નાચંતો, નટ જાય પડી નટ જાય મરી;
તો નટડી મુજને આવી મળે, મુજ આશ ફળે મુજ આજ ફળે.

શાસનદેવી આવી સહુને, આપે સાધુ-વેશ;
ઉત્તમ ચારે આતમા રે, ટાળ્યા ભવના કલેશ.


(નટ, નટી, રાજા અને રાણી)

શ્રી વજસ્વામીજીની કથા


વાર્તા માટે જુઓ પાના નં.૮૮૬





ઘર ઘર ગોચરી ફરતા ફરતા,
સુનંદા ગૃહે પગલા કરતા;
ધર્મ લાભ દઈ મુનિવર ઉભા,
ગોચરી વ્હોરણ કાજ.
બોલી સુનંદા લ્યો બાળકને,
રડી રડી થકવી નાંખી મુજને,
કંટાળેલી, માતા અર્પે,
બાળકને ગુરૂરાજ.



બાળવયે વૈરાગિયા, એવા વજકુમાર;
ઓઘો મુહપત્તિ લઈ, નૃત્ય કરે તે વાર.



દુષ્કાળને જાણી સૂરી, પક્ષ કર્યો વિશાળ;
સંઘ સકળ બેસાડીને, લાવે નગર સુકાળ.
જઈ રથાવત પર્વત ઉપર, આદરે વ્રત અણશન;
પ્રદક્ષિણા પર્વતને આપી, ઈંદ્ર કરે વંદન.


જીભથી તરણું કાઢે સુભદ્રા, શિરથી શિર મિલાય;
સુભદ્રાના શિરનું તિલક, મુનિ શિર ચોંટી જાય.
મુનિ શિર તિલક નીરખી સાસુ, કરતી રોષ અપાર;
નિજ સુતને ભંભેર્યો ભારે, એ છે કુલટા નાર.
ચંપાપુરીની ચારે દિશે, દેવીએ જડ્યાં દ્વાર;
પ્રજા પોકારે નૃપતિ પાસે, દુઃખ તણો નહિ પાર.
પશુડાઓ પોકાર કરે છે, પોકારે નરનાર;
રાજા રોષે ચઢીને કહેતો, વણથી તોડો દ્વાર.
સતી સુભદ્રાની કથા
વાર્તા માટે જુઓ પાના નં.૮૬૯


સસરો, સાસુ, રાજા ને પ્રજા, દેખે વળી ભરથાર;
સૂતર તાંતણે ચાલણી બાંધી, નાંખી ! કૂપ મોઝાર,
ચાલણીયે જળ કાઢી છાંટ્યું, ઉઘાડ્યા ત્રણ દ્વાર.
મિથ્યાત્વ તજી સમકિત લીધું, સૌએ જાણી સાર રે.
સંયમ ગ્રહીને કેવળ પામી, સુભદ્રા મુક્તિ સીધાય રે.

કુબેરદત્તાની કથા

વાર્તા માટે જુઓ પાના નં.૮૭૮




સુંદર વસ્ત્ર સજી યુગલને, ઘાલ્યા પેટીમાંય;
નામાંકિત વીંટી પહેરાવી, મૂકી યમુનામાંય.

ખેલે સોગઠાબાજી બેઉ જણા;
દીઠી નામાંકિત મુદ્રિકા તિહાં.
પડ્યો રંગમાં ભંગ, પામી ખૂબ અચંભ

નિજ માતશું નિત પ્રેમે રમતાં, વિષયારસ આનંદમાં ઝીલતાં;
સત જન્મ થયો સુખ ભોગવતાં, બહુ કાળ ગયો રમતા રમતા



નિજ માતશું નિત પ્રેમે રમતાં, વિષયારસ આનંદમાં ઝીલતાં;
સુત જન્મ થયો સુખ ભોગવતાં, બહુ કાળ ગયો રમતા રમતા
પાલણિયે પોઢ્યો બાલુડો, ગાવે રૂડાં ગીત;
સાઘવીજી હાલરડાં ગાવે, તારે મારે પ્રીત.


શ્રી અષાઢાભૂતિની કથા
વાર્તા માટે જુઓ પાના નં.૮૬૭
આ મોદક સૂરિવર વાપરશે મન મોહ કરે એવો મોદક
પણ મુજને તો એ નહિ મળશે.
ઈમ ચિંતવી રૂપ વિકુર્વિને નટ ગૃહ ફરી મુનિ આવે છે
મુનિ વિવિધ રૂપ વિકુર્વિને નટ મંદિર ફરી ફરી આવે છે.



હાવભાવ અને રંગરાગપૂર્વક બન્ને યુવતીઓ અષાઢા
ભૂતિમુનિને ચલાયમાન કરવા પ્રયત્ન કરે છે.

શીત તાપ પીડા વળી, સુણવાં કડવાં વેણ;
લો ઓઘો આપનો, વીંધ્યો નટડી નેણ.



માંસ મદિરાનું પાન એ કરતી, મુખ માખીઓ બણબણ કરતી;
કરી વમન નગન પડી એ, હવે રહેવું ન અહીંયાં ઘડીયે.

નારકી ચિત્રાવલી

કેવળી ભગવંતોના બતાવેલ માર્ગ મૂજબ મનુષ્યજીવને ચારેગતિઓમાં (દેવગતી, મનુષ્યગતી, તિર્યંચગતી તથા નરકગતી) દુઃખ જ દુઃખ રહેલું છે.

अतः जड़ कर्मों की जंजीर, पड़ी मेरे सर्वात्म प्रदेश ।
और फिर नरक निगोदों बीच, हुए सब निर्णय हे सर्वेश ॥

घटा घन विपदा की बरसी, कि टूटी शंपा मेरे शीश ।
नरक में पारद-सा तन टूक, निगोदों मध्य अनंती मीच ॥

करें क्या स्वर्ग सुखों की बात, वहाँ की कैसी अद्भुत टेव !
अंत में बिलखे छह-छह मास, कहें हम कैसे उसको देव !

दशा चारों गति की दयनीय, दया का किन्तु न यहाँ विधान ।

ઉપરની પંક્તિઓમાં ગીતકારે આ ચારેગતિઓના દુઃખને સચોટ અને ભાવવાહી રીતે વર્ણવ્યું છે.

'નારકી ચિત્રાવલી' નામના પુસ્તકમાં નરકગતીઓના દુઃખોનું વર્ણન રેખાચિત્ર દ્વારા દર્શાવેલ છે. જે આપણને એવા બધા પાપોથી નિવર્તવા મજબૂર કરે તેવા છે. તો આવા ભયંકર દુઃખોથી બચવા માટે દરેક મનુષ્ય જીવે 'રત્નત્રયી' (દેવ-ગુરુ-શાસ્ત્ર)ની આરાધના નિરંતર કરવા યોગ્ય છે.



(૧) ૨-૩-૪-૫ ઇંદ્રિયવાળા જીવો
(૨) અગ્નિની અસહ્ય વેદના.
(૩) શીતની ભારે વેદના.
(૪) વૈરથી સ્વપર ઘાત કરનાર.
(૫) નરકમાં પણ વૈરની પરંપરા.

'નારકી ચિત્રાવલી' શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા - જામનગરના સૌજન્યથી







(૧) મોટા થઈ અન્યાય કરવો
(૨) અન્યાયનું ફળ
(૩) નારદપ્રકૃતિથી કલહ કરાવે
(૪) તેનું ફળ
(૫) કામાંધ નારીથી અમર્યાદ ચેષ્ટા
(૬) તેનું ફળ

(૭) વૃદ્ધપણામાં અતિશય કામસેવન
(૮) તેનું ફળ
(૯) શેઠ બની સેવક પર અન્યાય કરે
(૧૦) તેનું ફળ
(૧૧) અગ્નિના ભઠ્ઠા વિગેરે કર્માદાન સેવે
(૧૨) તેનું ફળ

(૧૩) માલ ઓછો આપી ઠગનાર
(૧૪) તેનું ફળ
(૧૫) કામકથામાં નિશદિન ચકચૂર
(૧૬) તેનું ફળ
(૧૭) મહા આરંભથી વૃક્ષો વગેરે કાપવા
(૧૮) તેનું ફળ








(૧) માતાપિતાને કુવચન કહી અવગણે
(૨) તેનું ફળ
(૩) માબાપને મૂઢ માની અભિમાનથી મારે
(૪) તેનું ફળ

(૫) પતિને કુવચન કહેવાં
(૬) તેનું ફળ
(૭) પતિને મારવા ઊઠે
(૮) તેનું ફળ
(૯) નિજ સંતાન પાળે, શોક વિગેરેના સંતાન પીડે
(૧૦) તેનું ફળ

(૧૧) પર ધન હનાર
(૧૨) તેનું ફળ
(૧૩) ચોરીનો માલ લેનાર ચોર દલાલ
(૧૪) તેનું ફળ
(૧૫) સત્તાના મદથી ચંડ
(૧૬) તેનું ફળ








(૧) લીલાં ઝાડ ઝંઝેડે વનસ્પતિ વિરાધે
(૨) તેનું ફળ
(૩) ધાન્યનો અતિ સંગ્રહ કરે
(૪) તેનું ફળ
(૫) ડાકુગીરી કરે (૬) તેનું ફળ

(૭) પરનિન્દા અને ચાડી-ચુગલી કરે
(૮) તેનું ફળ
(૯) ભોળા લોકને દંભી બની ઠગે
(૧૦) તેનું ફળ
(૧૧) ખોટા ચોપડા લખી ગરીબ લાચારને છેતરે
(૧૨) તેનું ફળ

(૧૩) માલ દેખાડે બીજો અને આપે બીજો
(૧૪) તેનું ફળ
(૧૫) હલકો માલ આપી પૈસા વધુ લે
(૧૬) તેનું ફળ
(૧૭) ધર્મસ્થાનનો વહીવટ કરતા તેનું ધન ભક્ષણ કરે
(૧૮) તેનું ફળ







(૧) અસત્ય-જુઠ્ઠુ બોલનાર
(૨) તેનું ફળ
(૩) વચન આપી તોડે-વિશ્વાસઘાત કરે
(૪) તેનું ફળ
(૫) વ્યાપારીને ઠગીને માલ લે
(૬) તેનું ફળ

(૭) જોયા વિના ખાંડવું વિગેરે કાર્યો કરે
(૮) તેનું ફળ
(૯) સોની અગ્નિ-આરંભ અને ઠગાઈ કરે
(૧૦) તેનું ફળ
(૧૧) પરધન હનાર
(૧૨) તેનું ફળ

(૧૩) મહાપરિગ્રહ કરનાર
(૧૪) મહાપરિગ્રહનું ફળ.
(૧૫) દાન ન દેનાર તથા નિષેધ કરનાર
(૧૬) તેનું ફળ
(૧૭) અભક્ષ્યનું ભક્ષણ
(૧૮) તેનું ફળ







(૧) કુટસાક્ષી પુરનાર
(૨) તેનું ફળ
(૩) સત્તાથી પરને પીડનાર
(૪) તેનું ફળ
(૫) હાંસી કરી વૈર બાંધનાર
(૬) તેનું ફળ

(૭) શક્તિ છતાં ઘમંડથી દીન દુઃખીને પીડે
(૮) તેનું ફળ
(૯) બેફામ અણગળ પાણી વાપરવું
(૧૦) તેનું ફળ
(૧૧) કંદમૂળ અનંતકાય ખાનાર
(૧૨) તેનું ફળ

(૧૩) થાપણ ઓળવનાર
(૧૪) તેનું ફળ
(૧૫) ચાડીચુગલી કરનાર
(૧૬) તેનું ફળ
(૧૭) જુગાર આદિનો વ્યસની
(૧૮) તેનું ફળ







(૧) જંતુનાશક ઔષધોથી ભયંકર હિંસા
(૨) તેનું ફળ
(૩) માંકડ, જુ લીખ મારનાર
(૪) તેનું ફળ
(૫) સાપ વિંછી વિગેરે મારનાર
(૬) તેનું ફળ

(૭) જાળથી પકડી પક્ષીની હિંસા કરનાર
(૮) તેનું ફળ
(૯) કુતરાં દ્વારા પક્ષીની હિંસા
(૧૦) તેનું ફળ
(૧૧) સાસુની વહુ પ્રત્યે રંજાડ
(૧૨) તેનું ફળ

(૧૩) ગાંડા દુઃખી દીનને પીડે
(૧૪) તેનું ફળ
(૧૫) નારીને સળગાવી દે
(૧૬) તેનું ફળ
(૧૭) રાત્રિભોજન કરે
(૧૮) તેનું ફળ








(૧) કજીયા કરી અન્યને પીડનાર
(૨) તેનું ફળ
(૩) પશુને નાથવા ખસી કરવી
(૩) તેનું ફળ
(૪) અતિશય ભાર ભરે
(૫) તેનું ફળ
(૬) ગર્ભપાત કરનાર કરાવનાર

(૭) તેનું ફળ
(૮) પશુઓને હલાલ કરનાર
(૯) તેનું ફળ
(૧૦) માછલીને પકડનાર, ખાનાર
(૧૧) તેનું ફળ
(૧૨) ધૂમ્રપાનના વ્યસની

(૧૩) તેનું ફળ
(૧૪) આત્મઘાત - આપઘાત કરનાર
(૧૫) તેનું ફળ
(૧૬) ગુંડાગીરી કરનાર
(૧૭) તેનું ફળ







(૧) દારૂ વિગેરે માદક પીણા પીનાર
(૨) તેનું ફળ
(૩) માંસ ભક્ષણ કરનાર
(૪) તેનું ફળ
(૫) મધ પાડનાર
(૬) તેનું ફળ

(૭) પક્ષીઓનો શિકાર કરે
(૮) તેનું ફળ
(૯) પશુઓનો શિકાર કરે
(૧૦) તેનું ફળ
(૧૧) માંસનો વેપાર કરે
(૧૨) તેનું ફળ

(૧૩) નિર્દોષ પશુને કાપનાર
(૧૪) તેનું ફળ
(૧૫) મત્સ્ય કુકડાનો વ્યાપાર કરે
(૧૬) તેનું ફળ








(૧) વિષયો ખેલનાર, નિર્દોષને પીડનારને ફળ.
(૨) ઘાંચીનું નિર્દય યંત્રપિલણકર્મ.
(૩) ઘણી ઘરટ્ટ ઘંટીના નિર્દય કર્મોનું ફળ.

(૪) જર, જમીન, જોરૂ - સ્ત્રીનો લોભ, તેને માટે યુદ્ધ વિગેરેથી રૌદ્ર ધ્યાન.
(૫) નરકમાં તેનું ફળ.
(૬) હાડ માંસલોહી અને અશુચિથી ભરપુર વૈતરણી-નદીમાં દુઃખ.

(૭) જુઠ્ઠુ બોલવું, કઠોર રીતે પીડા કરવી, હુકમ કરવા વિગેરેનું નરકમાં ફળ.
(૮) વૈર કરનારને ફળ.
(૯) બીજાને બિવડાવનાર, સળગાવનારને ફળ.









(૧) વિકારી દ્રષ્ટિ દોષનું ફળ.
(૨) નિર્લજ વિષયાકિતનું ફળ.
(૩) સેવકોને મુઝવનારને ફળ.
(૪) અભિમાનીને ફળ.
(૫) વિષયાસકત દંપતીને ફળ.
(૬) ભયથી કંપાવનારને ફળ.

(૭) શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં પ્રવિણ છતાં હિંસા કરનારને ફળ.
(૮) જીવાને ઠંડી આપનાર, કાપનાર, શૂળ ભોંકનાર, પછાડનારને તથા હિંસાના જ વિચાર કરનારને ફળ.

(૯) યુવાનીના જુસ્સામાન હિંસા કરવાની ટેક રખનારને ફળ.
(૧૦) બીજાને ઝેર પાનાર, વિષયના ચિંતક તથા વિષયાધીન કામીને સપડાવનારને ફળ.








(૧) અવળા લટકાવનારને ફળ.
(૨) હાથ-પગના પાપનું ફળ.
(૩) દેહભ્રષ્ટનું ફળ.
(૪) બીજાને તુચ્છ ગણી પીડનારને ફળ.
(૫) પેય અપેય વિવેક હીનતાનું ફળ.

(૬) મદમાં ભરેલાને ફળ.
(૭) વનસ્પતિ છેદનભેદનનું ફળ.
(૮) દેવ ગુરુદર્શન ન કરવાનું ફળ.
(૯) અભક્ષ્ય પાનનું ફળ.
(૧૦) નિર્લજ ચાળાનું ફળ.
(૧૧) મિથ્યાત્વ ને કષાયનું ફળ.

(૧૨) મુક્કે પ્રાણ લેનારને ફળ.
(૧૩) ત્રાસ આપનારને ફળ.
(૧૪) કેર વર્તાવનારને ફળ.
(૧૫) જીવોને ભેદનારને ફળ.
(૧૬) ન્હાતાં વિષમ-પ્રપંચનું ફળ.
(૧૭) વ્યસનો, કર્માદાનોનું ફળ.







(૧) અપહેલના ને મિથ્યાત્વનું ફળ.
(૨) શિકારના કાર્યનું ફળ.
(૩) ગંધની આસક્તિનું ફળ.
(૪) પ્રમાદનું ફળ.
(૫) દાન ન દેનાર, ના પાડનારને ફળ
(૬) સર્પને પીડનારને ફળ.

(૭) પાપ કરે, ધર્મમાં વિઘ્નો કરે તેનું ફળ.
(૮) મનુષ્ય ભવ પામી અધર્મ કરી દુરુપયોગ કરે તેનું ફળ.
(૯) નરકમાં અનેક દુઃખ
(૧૦) કુદૃષ્ટિનું ફળ.

(૧૧) જીભ છુટી મૂકનારને ફળ.
(૧૨) નિરંતર પાપીને ફળ.
(૧૩) હોડમાં પશુને પીડનારને ફળ.
(૧૪) પાપોપદેશ દેનારને ફળ.
(૧૫) જીવ પીલનારને ફળ.
(૧૬) સાતે વ્યસનનાં ફળ.







(૧) રાગી દ્વેષી મોહી દેવસેવા
(૨) તેનું ફળ
(૩) મિથ્યાવાદી પરિગ્રહી આરંભી ગુરૂસેવા
(૪) તેનું ફળ
(૫) કુશાસ્ત્ર પ્રીતિ અને શ્રવણ
(૬) તેનું ફળ

(૭) વેશ્યાગન
(૮) વેશ્યામનનું ફળ
(૯) ગણિકાનું કાર્ય
(૧૦) ગણિકાના કાર્યનું ફળ.
(૧૧) વિષયાભિલાષિનો સ્વચ્છંદી આચાર
(૧૨) તેનું ફળ


(૧૩) અતિશય વિષયાસક્તિ
(૧૪) તેનું ફળ
(૧૫) પરપુરૂષગમન કરનાર નારી
(૧૬) તેનું ફળ
(૧૭) પરસ્ત્રીગમન
(૧૮) તેનું ફળ


विनय
वैयावच्च
प्रायश्चित्त
अभ्यंतर तप
काउस्सग्ग
स्वाध्याय
ध्यान


ऊणोदरि
अनशन
बाह्यतप
वृत्तिसंक्षेप
रसत्याग
संलीनता
कायक्लेश

इरियावहिय







इरियावहियाए
विराहणाए
गमणागमणे

जे मे जीवा विराहिया

एगिंदिया 

बेइंदिया 

तेइंदिया 

चउरिंदिया 

पंचिंदिया 

पाणक्कमणे 

बीयक्कमणे 

हरियक्कमणे 

ओसा-उत्तिंग 

पणग-दगमट्टी 

मक्कडा-संताणा
संकमणे 

अभिहया 

संघाइया 

वत्तिया 

संघट्टिया 

लेसिया 

परियाविया 

किलामिया 

उद्दविया 

ठाणाओ ठाणं संकामिया
जीवियाओ ववरोविया 

तस्स मिच्छामि दुक्कडं 





જૈન શારદાપૂજન વિધિ

સ્વચ્છ અને પ્રભાવશાળી ફોટાની અથવા મૂર્તિની વંદના કરી બહુમાનપૂર્વક સ્થાપના કરવી. વિદ્યાની દેવી શ્રી સરસ્વતી માતા, અનંત લબ્ધિનિધાનશ્રી ગુરુ ગૌતમ સ્વામી, શુભલક્ષ્મીની દેવીશ્રી લક્ષ્મીમાતા અને આપને જેના પર અતૂટ શ્રદ્ધા હોય તે પરમકૃપાળ પરમાત્માના ફોટાનું સ્થાપન કરવું. અને તેની શુદ્ધ કેશર-સુખડથી પૂજા કરી, ગુલાબી ગુલાબના ફૂલનો હાર ચડાવવો. સુગંધી સાચા તથા લાલ ફૂલ ચડાવવા. સુગંધી ધૂપ તથા દિપક પૂજન પૂર્ણ થાય ત્યાં સુધી સતત ચાલુ રાખવા. ગુલાબનું અત્તર છાંટવું. ગુલાબજળનો ચારે બાજુ છંટકાવ કરવો.

જૈન વિધિથી જે કરે, પૂજન ચિત્ત ધરંત;
લાભ સવાયો તેહથી, ગૃહી નિશદિન લહંત. ૧

લક્ષ્મી આવે તે ઘરે, મહાવીર નામ ધરંત;
ગૌતમનામ સ્મરણ થકી, મન પ્રહ્લાદ રહત. ૨

શુભ મુહૂર્ત્તે (સારા ચોઘડીયે) પ્રથમ ચોપડો સારા બાજોઠ ઉપર પૂર્વ અગર ઉત્તર દિશા તરફ સ્થાપવો. સર્વ પૂજકના લલાટમાં કંકુનો ચાંદલો કરી ઉપર ચોખા ચોડવા. પડખે ઘીનો દીપક તથા ધૂપ રાખવો. પૂજા કરનારે પોતાના જમણા હાથે નાડાછડી બાંધવી અને પછી નાડાછડી બાંધેલી મનોહર લેખણ લઈ, ત્રણ નવકાર ગણી નીચે લખ્યા મુજબ નવા ચોપડામાં લાલ અક્ષરથી લખવું.

"શ્રી પરમાત્મને નમઃ, શ્રી ગુરુભ્યો નમઃ, શ્રી સરસ્વત્યૈ નમઃ, અનંતલબ્ધિ નિધાનશ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હોજો. શ્રી કેશરીયાજીનો ભંડાર ભરપૂર હોજો, શ્રી ભરત ચક્રવર્તીની ઋદ્ધિ હોજો, શ્રી બાહુબલીનું બળ હોજો, શ્રી અભયકુમારની બુદ્ધિ હોજો, શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો, શ્રી રત્નાકરસાગરની લહેર હોજો, શ્રી જિન-શાસનની પ્રભાવના હોજો."

આટલું લખ્યા પછી નવી સાલ, મહિનો, તિથિ, વાર, તારીખ વગેરે લખવું. બાદ તેની નીચે એકથી નવ સુધી નીચે બતાવ્યા મુજબ 'શ્રી' લખી શિખરની જેમ નીચે મુજબ આકાર કરવો.

ગોળ ધાણા શેર ૧। કંકુ સોપારી શેર ૧।

શ્રી શુભ **શ્રી લાભ**

શ્રી

શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

ચોપડો સાંકડો હોય તો સાત કે પાંચ (શ્રી) કરવા. ત્યારબાદ નીચે સ્વસ્તિક (સાથીયો) કંકુથી કરવો અને સ્વસ્તિક ઉપર અખંડ નાગરવેલનું પાન મુકવું અને તે ઉપર સોપારી, એલચી, લવીંગ, રૂપાનાણું વિગેરે મુકવું પછી પુષ્પની કુસુમાંજલિ હાથમાં લઈ નીચેનો શ્લોક બોલી ચોપડા ઉપર તે કુસુમાંજલિ ક્ષેપવવી.

सर्वा-रिष्ठ प्रणाशाय सर्वा-भिष्टार्थ-दायिने
सर्व लब्धिनिधानाय श्री गुरु गौतमस्वामीने नमः १

मंगलं भगवान वीरो, मंगलं गौतमप्रभुः
मंगलं स्थूलभद्राद्या, जैन धर्मोऽस्तु मंगलम् २



લક્ષ્મીપૂજનની વિધિ

બાજોઠ ઉપર કપડું પાથરી ચોખાનો સાથિયો કરી ઉપર કળશ શ્રીફળ મુકવું. બાજુમાં ધૂપ-દીપ કરવા તથા ચાંદીની મૂર્તિ લક્ષ્મીયંત્ર અથવા રૂપિયો, પંચામૃત, શુદ્ધ જળથી સ્નાન કરવું-આસન, સ્નાન, વસ્ત્ર, ઉપવસ્ત્ર, ચંદન, કંકુ, સિંદુર, ચોખા, ફૂલ, ઘરો, ગુલાલ, અબીલ, સુગંધ (અત્તર), ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, પાન આદિથી પૂજન કરવું. શાહીનો ખડીયો તથા કલમને નાડાછડી બાંધી પૂજનમાં મૂકવાં. પછી હાથમાં ચોખા (કંકુ અને કેસરવાળી કરી) નીચે પ્રમાણે બોલીને ચડાવવા.

(૧) આદ્યલક્ષ્મ્યૈ નમઃ (૨) વિદ્યાલક્ષ્મ્યૈ નમઃ
(૩) સૌભાગ્યલક્ષ્મ્યૈ નમઃ (૪) અમૃતલક્ષ્મ્યૈ નમઃ
(૫) કામલક્ષ્મ્યૈ નમઃ (૬) સત્યલક્ષ્મ્યૈ નમઃ
(૭) ભોગલક્ષ્મ્યૈ નમઃ (૮) યોગલક્ષ્મ્યૈ નમઃ

પછી ચોખા અને ફૂલ લઈ કુબેરનું પૂજન કરીને કળશ ઉપર ચડાવવું.

આહ્યાયામિ દેવ ત્વામ્, ઈહાયાહિ કૃપાં કુરૂ,
કોશં વર્દ્ધયે નિત્યં, ત્વં પરિરક્ષ સુરેશ્વર.
ધનાધ્યક્ષાય દેવાય, નરયાનોપવેશિને,
નમસ્તે રાજરાજાય, કુબેરાય મહાત્મને.

પછી કાંટા-બાટ હોય તો ત્રાજવામાં સાથિયો કરી ફૂલ ચડાવવાં અને કાંટે લીંબુ લટકાવવું.

નમસ્તે સર્વદેવાનાં, શાંતિત્વે સત્યમાશ્રિતા,
સાક્ષિભૂતા જગદ્ધાત્રી, નિર્મિતા વિશ્વયોનિના. ૧

પછી હાથ જોડી મહાલક્ષ્મી સ્તોત્રનો પાઠ કરવો.

(૬) વિદળ એટલે શું અને તેમાં શું ન ખવાય ?

જૈન ધર્મમાં કંદમૂળ ભક્ષણ અને રાત્રિભોજન જેમ બહુ પાપનું કારણ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે તે જ રીતે કોઈપણ જાતના કઠોળ (મગ-મઠ-અડદ-વાલ-ચણા વગેરે) સાથે કાચા (એટલે ગરમ કર્યા વગરના) દૂધ-દહીં કે છાશ ન ખવાય અને તે કઠોળની બનાવેલી વાનગીઓ પણ કાચા દૂધ-દહિં-છાશમાં ન ખવાય. કારણ કે કઠોળ સાથે કાચા દૂધ-દહિં-છાશનો સંયોગ થતાં જ જીવોત્પત્તિ થાય છે અને તેથી તે રીતે ખાનાર પાપનો ભાગીદાર બને છે અને આરોગ્યની દૃષ્ટિએ પણ આવો ખોરાક શરીરને નુકશાન કરનાર બને છે. જેને ભાંગવાથી સરખા ફાડચાં થાય અને જેને પીલવા છતાં તેલ નથી નીકળતું તેને વિદળ (કઠોળ) કહેવાય છે. ભાવિકે આ વિવેક ખાસ જાળવવો.

જૈન શાસનના ઉગ્ર તપસ્વીઓ

૧.	ભગવાન આદિનાથ	૧૩ મહિનાને ૧૦ દિવસ ઉપવાસ
૨.	બાહુબલીજી	૧૨ મહિના ચૌવિહાર ઉપવાસ
૩.	સુંદરી	૬૦,૦૦૦ વર્ષ આયંબિલ
૪.	ગૌતમ સ્વામી	૩૦ વર્ષ છઠ્ઠના પારણે છઠ્ઠ
૫.	ધન્ના શાલીભદ્ર	૧૨॥ વર્ષ માસક્ષમણ
૬.	ધન્નાકાકંદી	જીવન પર્યંત છઠ્ઠના પારણે આયંબિલ
૭.	જંબુસ્વામી	૧૨॥ વર્ષ છઠ્ઠના પારણે આયંબિલ
૮.	નંદિષેણ	૫૪,૦૦૦ વર્ષ છઠ્ઠ (વૈયાવચ્ચ)
૯.	વીરાચાર્ય	જીવનપર્યંત અઠ્ઠાઈ, છ વિગઈ ત્યાગ
૧૦.	જગતચંદ્રાચાર્ય	૧૨॥ વર્ષ આયંબિલ
૧૧.	સિદ્ધસેન દિવાકરસૂરિ	૮ વર્ષ સુધી ઘોર તપ
૧૨.	ચંપા શ્રાવિકા	૬ મહિનાના ઉપવાસ
૧૩.	વિષ્ણુમુનિ	૬ હજાર વર્ષ ઘોર વીર તપ
૧૪.	નંદન મુનિ	૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ

મરણ સમયે શુભ ભાવના

આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય-પાપ એ જ સુખ દુઃખના કારણે છે અને બીજું કોઈ પણ કારણ નથી એમ જાણીને શુભ ભાવના રાખે.

પૂર્વે નહિં ભોગવાયેલા કર્મનો ભોગવવાથી જ છુટકારો છે પણ ભોગવ્યા વિના છુટકારો થતો નથી એમ જાણીને શુભ ભાવ રાખો.

ભાવ વિનાના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીયળ વગેરે સર્વે આકાશના ફુલની માફક નિરર્થક છે, તેમ માનીને શુભ ભાવ રાખો. તપ-દાન વિ. થી જ ભાવ આવશે.

મેં નરકનું નારકીપણે તીક્ષ્ણ દુઃખ અનુભવ્યું છે, તે વખતે કોણ મિત્ર હતો તેમ માનીને શુભ ભાવના રાખો.

સુરશૈલ (મેરૂ પર્વત) ના સમૂહ જેટલો આહાર ખાઈને પણ તને સંતોષ ન વળ્યો. માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, આ ચાર ગતિમાં પ્રાણીને આહાર સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે, એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

કોઈ પ્રકારના જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઈ શકે નહિ, તેથી ભવમાં ભ્રમણ કરવારૂપ દુઃખના આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર.

જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઈંદ્રપણું પણ હાથના તળીયામાં છે, અને મોક્ષસુખ પણ સુલભ થાય છે, તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર.

જુદા જુદા પ્રકારના પાપ કરવામાં પરાયણ એવો જીવ પણ નમસ્કાર મંત્રને અંત સમયે પણ પામીને દેવપણું પામે છે તે નમસ્કાર મંત્રનું મનની અંદર સ્મરણ કર.

સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે, પણ દુર્લભમાં દુર્લભ નમસ્કાર મહામંત્ર પામવો અતિ દુર્લભ છે, તેથી મનની અંદર નમસ્કાર મંત્રનું સ્મરણ કર.'

એક ભવમાંથી બીજા ભવમાં જતાં જતાં ભાવિકોને નમસ્કાર મંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ સંભવે છે, તે નમસ્કાર મંત્રનું મનની અંદર તું સ્મરણ કર.

જે નમસ્કાર મંત્રને પામવાથી ભવરૂપ સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે, અને જે મોક્ષના સુખને સત્ય કરી આપે છે તે નમસ્કાર મંત્રને મનની અંદર તું સ્મરણ કર.

આ પ્રકારની ગુરૂએ ઉપદેશેલી પર્યન્તારાધના સાંભળીને સકલ પાપ વોસીરાવીને આ નમસ્કાર મંત્રનું તું સેવન કર.

પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઈંદ્રપણું પામ્યો હતો.

તેની સ્ત્રી રત્નવતી પણ તે જ પ્રકારે આરાધીને જ પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી. ત્યાંથી ચ્યવીને બન્ને મોક્ષે જશે. મરણ સમયની શુભ ભાવના આ છે.

શુભ ચિંતવન કરવાની ભલામણ

''મારો દેહ પડી જાય તે સમયે મારી પછવાડે કોઈ રૂદન કરે, અગર શોક પાળે-પળાવે, પાણી ઢોળે, છ કાયની વિરાધના કરે, તેમાં મારે લેવા દેવા નથી, મારા શરીરનો સંસ્કાર કરે તેમાં પણ મારે દેવા નથી. વ્યવહારથી જે કોઈ કરે તે તેઓ જાણે.''

કુટુંબીઓને રડવા-કુટવાની ના પાડવી, શોક પાળવાની ના પાડવી. મરણ પછવાડે જે જે આરંભાદિક કાર્યો મોહના પ્રભાવથી કરે તેનો નિષેધ કરવો. તે છતાં કદાચ પાછલા કુટુંબીઓ કરે તો પછી મરનારને દોષ કે પાપબંધન થાય નહિ, અને તેમ ન કહેવામાં આવે તો તેની ક્રિયા મરનારને લાગે. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે - અવિરતિપણાને લીધે એકેન્દ્રિય જીવોને પણ અઢાર પાપસ્થાનક લાગે છે. માટે તમામ વસ્તુ વોસિરાવીને પાછળ પણ પોતાના નિમિત્તે કર્મબંધનની જે - જે ક્રિયાઓ કરવામાં આવે તેમ હોય તો તેની ના પાડવી.

જે જીવોનું ચિત્ત સંસારના પદાર્થોમાં આસક્તિવાળું છે અને પોતાના સ્વરૂપને જે જાણતા નથી, તેવા જીવોને મૃત્યુ ભયમય છે, પરંતુ જેઓ પોતાના સ્વરૂપમાં રમણતા કરનારા છે અને સાંસારિક પદાર્થોમાં વૈરાગ્યવાળા છે, તેવા જીવોને તો મૃત્યુ એ એક હર્ષનું નિમિત્ત છે. તેઓ તો એમ જ વિચારે છે કે આયુષ્યકર્મના નિમિત્તથી જ આ દેહનું ધારણ કરવાપણું છે, અને તેની સ્થિતિ પૂર્ણ થયે તે કર્મના પુદ્ગલો નાશ પામશે ત્યારે મારે બીજી ગતિમાં ઉત્પન્ન થવું પડશે, મારો આત્મા તો અનાદિકાળથી મરણ પામ્યો નથી અને મરશે પણ નહિ; પરંતુ પુણ્યશાળી આત્માને તો આ સાત ધાતુમય મહા અશુચિના કોથળા જેવા અને વિનશ્વર સ્વભાવવાળા દેહનો ત્યાગ કરવો. અને શુભ કર્મોનાં પ્રભાવથી સમાધિના પ્રભાવથી બીજી ગતિમાં નવીન સુંદર શરીર ધારણ કરવું જેને મરણ કહેવાય છે. તેમાં શોક શાનો હોય ? તેમાં તો આનંદ જ માનવાનો છે.

જેમ કોઈ માણસને એક સડી ગયેલી ઝુંપડીને છોડી દઈ બીજા નવીન મહેલમાં જઈને વસવું હોય, તો તે માણસને શોક નહિ થતાં આનંદના ઉભરા હોય છે. તેવી જ રીતે આ આત્માને આ ખંડેર જેવા સડી ગયેલ દેહરૂપ ઝુંપડીનો ત્યાગ કરી નવા દેહરૂપ મહેલને પ્રાપ્ત કરવો, એ મહા ઉત્સવનો અવસર છે. તેમાં કોઈ પ્રકારની હાનિ છે જ નહિ

કારણ કે જો આવા પ્રકારનું ઉત્તમ સમાધિ મરણ થાય તો હે ચેતન! તે મરણ ઉત્તમ ગતિને આપનાર છે. બાકી વિચાર કર. અત્યાર સુધી સમાધિ વિના પરવશ પણે અનંતીવાર નરક તિર્યંચાદિક ગતિમાં મરણો કર્યા છે. અસહ્ય દુઃખો સહન કર્યા છે, માટે આવા ઉત્તમ પ્રકારના સમાધિ મરણથી આનંદ માની તમામ વસ્તુ વોસિરાવી પાછળના સંબંધી જીવો રાગના જોરથી કર્મબંધન ન કરે તે માટે પાકી ભલામણ કરજે પછી કદાચ મોહના જોરથી તેઓ જે કાંઈ કરશે તેમાં તને તે પાપની ક્રિયાઓ લાગશે નહિં. તે ચોક્કસ લક્ષમાં રાખજે.

મનની પ્રસન્નતા એ જ ચિત્તની શુદ્ધિનું મુખ્ય સાધન છે.

ચારે ગતિના જીવોનાં ખામણાં

હું ધન્ય છું, કેમકે અપાર ભવસમુદ્રમાં ભટકતાં મને ચિંતામણિ રત્ન સમાન જિનેન્દ્ર ભગવંતના ધર્મની પ્રાપ્તિ થઈ. ૧

નરક, તિર્યંચ મનુષ્ય અને દેવ આ ચાર ગતિમાં ભવ (જન્મમરણ) રૂપચક્ર મધ્યમાં ભમતાં મેં મોહના વશથી જે કોઈ જીવને દુઃખ દીધું હોય તેને હું મન-વચન-કાયાએ કરી ખમાવું છું. ૨

સાતે નારકીની પૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થઈને મેં નારકીના ભવમાં કોઈપણ નારકી જીવને દુઃખ દીધું હોય તો તેને પણ હું ખમાવું છું. ૩

વળી નારકીના ભવમાં મેં કર્મના વશથી નારકીના જીવોને પરસ્પર મસળવું, ચુરવું, ફેંકવું, મારવું આદિથી દુઃખ દીધું હોય તે જીવોને પણ હું ખમાવું છું. ૪

નિર્દય પરમાધામીના રૂપને ધારણ કરનાર (પરમાધામીના ભવમાં) મૂઢ અજ્ઞ મારા જીવે નારકી જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ૫

હા ! હા ! પરમાધામીના ભવમાં મૂઢ મારે જીવે ક્રીડા નિમિત્તે કરવત, તલવાર, ભાલાદિથી છેદન, ભેદન, તાડન; મારણ યંત્રપીલન, વૈતરણીતારણ, કુંભીપાચન રૂપ ઘણા દુઃખ નારકી જીવોને દીધાં તે દુઃખોને હું જાણતો નથી. ૬

પરમાધામીના ભવમાં તામસભાવમાં પ્રાપ્ત થયેલાં મેં જે કાંઈ નારકી જીવને દુઃખ દીધું હોય તેને પણ હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું. ૭

તિર્યંચને વિષે ક્ષારાદિ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયના ભવોમાં મેં સ્વ, અન્ય અને પરસ્પર શસ્ત્રથી પૃથ્વીકાયાદિક જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૮

શંખ પ્રમુખ બેઈંદ્રિય, જુ પ્રમુખ તેઈંદ્રિય, માખી પ્રમુખ ચૌરિંદ્રિયના ભવોમાં મેં જે જીવોનું ભક્ષણ કર્યું હોય અને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ૯

ગર્ભજ, સંમૂર્ચ્છિમ જલચર પંચેંદ્રિયના ભવોમાં મચ્છ, કાચબા, સુસુમાર આદિ અનેક રૂપને ધારણ કરનાર મેં આહારને માટે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૧૦

વળી જલચર જીવના ભવોમાં ગયેલા મેં ઘણા પ્રકારના જીવોને દેખીને ઘણીવાર છેદન-ભેદન કીધાં હશે તેને પણ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. ૧૧

ગર્ભજ-સંમૂર્ચ્છિમ સર્પ પ્રમુખ ઉરપરિસર્પ-ઘો, વાનર પ્રમુખ ભુજપરિસર્પ-કુતરા, બિલાડા પ્રમુખ સ્થલચર પંચેંદ્રિય તિર્યંચના ભવોમાં

મેં જે જીવોને છિન્ન ભિન્ન કરી દુઃખી કીધા અને ખાધા તેને પણ હું ખમાવું છું. ૧૨

જીવ ઘાતકાદિ અશુભકર્મથી શાર્દુલ, સિંહ, સંડ્ય, વાઘ, ચિત્તા, ગેંડા, રીંછ આદિ હિંસક શ્વાપદ જાતિમાં ઉત્પન્ન થયેલ મારા જીવે જે જીવોને છિન્નભિન્ન-વિનાશ કીધા તેને પણ હું ખમાવું છું. ૧૩

હોલા, ગીધ, કુકડા, હંસ, બગલા, સારસ, કાગડા, બાજ, કાબરી, ચકલાદિ સંમૂર્ચ્છિમ ગર્ભજ ખેચર પંચેદ્રિય ભવોને વિષે, મેં ભૂખને વશ થઈ કીમીયા પ્રમુખ જીવોના ભક્ષણ કીધાં તેણે પણ હું ખમાવું છું. ૧૪

મનુષ્યના ભવોમાં રસેંદ્રિય લંપટ મુઢ પારધીની ક્રીડા (શીકાર) ને કરનારા મેં જે જીવોનો નાશ કીધો તેને પણ હું ખમાવું છું. ૧૫

વળી રસમાં ગૃદ્ધ થયેલા મેં શરીરની પુષ્ટિના લોભથી મધ, માંસ સેત (મધ, માખણ, અથાણું, વાસી રોટલી આદિ અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવાથી તેમાં રહેલા બે ઈન્દ્રિયાદિક જીવોનો વિનાશ કીધો હોય તેને પણ હું ખમાવું છું. ૧૬

વયી સ્પર્શેંદ્રિયમાં લંપટ થયેલાં મેં કન્યા, સધવા, કે વિધવારૂપ પરસ્ત્રી અને વેશ્યાદિકને વિષે ગમન કરવાથી જે જીવોને દુઃખી અને વિનાશ કીધા હોય તેને પણ હું ત્રિવિધ મન વચન કાયાએ ખમાવું છું.૧૭

વળી ચક્ષુઈંદ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેંદ્રિયના વશમાં પડેલા મેં જે જીવોને દુઃખને વિષે પાડ્યા હોય તે જીવોને પણ હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. ૧૮

વળી મારે જીવે માનભંગથી, ક્રોધના વશથી, આક્રમણ (દબાવી) કરીને જે જીવોને મારી આજ્ઞા મનાવી તેને પણ ત્રિવિધે ખમાવું છું. ૧૯

સ્વામિ (રાજ્યાદિ અધિકારી) પણું પામીને મેં અપરાધી અને નિરપરાધી જીવોને બાંધ્યા, ઘાયલ કર્યા, માર્યા તેને પણ ત્રિવિધે હું ખમાવું છું. ૨૦

દુષ્ટ એવા મેં ક્રોધથી અથવા લોભથી કોઈપણ મનુષ્યને કુડું કલંક દીધું હોય તેને પણ ત્રિવિધે હું ખમાવું છું. ૨૧

હમણાં ઈર્ષ્યાભાવમાં પ્રાપ્ત થયેલા મેં કોઈ પણ જીવ સાથે પરપરિવાદાદિ કીધાં હોય; કોઈની ચાડી ચુગલી કીધી હોય તેને પણ હું ત્રિવિધે ખમાવું છું. ૨૨

અનેક મ્લેચ્છ જાતિઓમાં રૌદ્ર અને ક્ષુદ્ર સ્વભાવવાળા મેં જ્યાં ધર્મ એ શબ્દ કાનોથી પણ નથી સાંભળ્યો. ૨૩

વળી પરલોકની પિપાસાવાળા મેં અનેક જીવોનો ઘાત કર્યો હોય કે જેથી હું અનેક જીવોના દુઃખનો હેતુભૂત થયો હોઉં તેને પણ હું ખમાવું છું. ૨૪

આર્યદેશમાં પણ કસાઈ, પારધી, ડુંબ ધીવરાદિ માછીમાર હિંસક જાતિમાં ઉત્પન્ન થયેલા મેં જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ ત્રિવિધે હું ખમાવું છું. ૨૫

મિથ્યાત્વથી મોહિત અધિકરણના કારણભૂત મેં ધર્મની બુદ્ધિએ જે જીવોના વધ કરાવ્યા હોય તેને પણ હું ખમાવું છું. ૨૬

વેલડી આદિ વનને દાવાગ્નિ દઈને જે જીવોને મેં બાળ્યા હોય, તેને પણ હું ખમાવું છું. ૨૭

મેં ઉલંઠપણે કર્મભૂમિને અંતરદ્વીપાદિને વિષે જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૨૮

દેવના ભવોને વિષે પણ મેં ક્રીડાના પ્રયોગથી, લોભ બુદ્ધિથી જે જીવોને દુઃખી કીધા હોય તેને પણ ત્રિવિધે હું ખમાવું છું. ૨૯

ભવનપતિને વિષે તામસભાવમાં વર્તતો છતો નિર્દયપણાંથી હણાયેલા એવા મેં જે જીવોને દુઃખી કીધા હોય તેને પણ હું ખમાવું છું. ૩૦

વ્યંતરના ભવમાં પણ મેં ક્રીડાના પ્રયોગથી જે જીવોને દુઃખ ઉત્પન્ન કીધાં હોય તેને પણ હું ખમાવું છું. ૩૧

જ્યોતિષમાં ગયેલો પણ વિષયમાં મોહિત-મૂઢ મેં જે કોઈ જીવને દુઃખી કીધા હોય તેને પણ હું ખમાવું છું. ૩૨

આભિયોગિક દેવમાં પ્રાપ્ત થયેલી પરરિદ્ધિમાં મત્સરવાળા, લોભથી પરાભવ પામેલા, મોહમાં વશીભૂત મેં જે જીવોને દુઃખ દીધું હોય તેને. પણ હું ખમાવું છું. ૩૩

આ ચાર ગતિમાં મેં જે કોઈ જીવને પ્રાણ થકી મુક્ત કીધા, દુઃખમાં પાડ્યા હોય તે બધાને હું ખમાવું છું. ૩૪

મેં જે જે અપરાધ કીધા છે તે તે બધા અપરાધોને હે જીવો ! મધ્યસ્થ થઈને, વેર મૂકીને ખમો અને હું પણ ખમાવું છું. ૩૫

આ સંપૂર્ણ જીવલોકમાં મારો કોઈ પણ દોષ નથી, હું જ્ઞાનદર્શન-સ્વભાવવાળો છું, એક છું. મમત્વભાવ રહિત છું. ૩૬

મને અરિહંત અને સિદ્ધનું શરણ થાઓ; સાધુ અને કેવલી ભાષિત ધર્મ મને પરમ મંગલિક થાઓ, કર્મક્ષયનું કારણ એવા પંચ પરમેષ્ઠિનું શરણ મને થાઓ. ૩૭

આ ખામણા ચાર ગતિમાં રહેલા જીવોને ભાવશુદ્ધિ અને મહાકર્મક્ષયનું કારણ છે.

વીતરાગ સ્તોત્ર-પ્રકાશ

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાનુમોદયન્;
નાથ ! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ૧

હે નાથ ! મેં કરેલાં દુષ્કર્મની ગર્હા કરતો અને સુકૃતની અનુમોદના કરતો સહાય વગરનો હું આપના ચરણનું શરણ અંગીકાર કરૂં છું.

મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ,
મિથ્યા મે દુષ્કૃતં ભૂયાદ્-પુનઃ ક્રિયાન્વિતમ્. ૨

કરણ-કરાવણ અને અનુમોદનથી મન-વચન અને કાયા વડે થયેલાં મારાં પાપો નિષ્ફલ થાઓ, અને તેવાં પાપો ફરીથી નહિં કરીશ તેવી ધારણા કરૂં છું.

યત્કૃતં સુકૃતં કિંચિદ્, રત્નત્રિતયગોચરમ્,
તત્સર્વમનુમન્યેઽહં, માર્ગમાત્રાનુસાર્યપિ. ૩

હે પ્રભુ ! આપના માર્ગને અનુસરનાર એવા જ્ઞાનાદિક રત્નત્રયીના વિષયવાળું મેં જે સુકૃત કર્યું હોય, તેની અનુમોદના કરૂં છું.

સર્વેષા મર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણ;
અનુમોદયામિ તં તં, સર્વં તેષાં મહાત્મનામ્. ૪

સર્વે અરિહંત, સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ એ પાંચેના અરિહંતપણું વગેરે જે જે ગુણો મહાત્માઓમાં રહેલાં હોય તેમનાં સર્વ ગુણોની અનુમોદના કરૂ છું.

ત્વાં ત્વત્ફલભૂતાન્, સિદ્ધાંસ્ત્વચ્છાસનરતાન્ મુનીન્
ત્વચ્છાસનં ચ શરણં, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ૫

હે વીતરાગ પ્રભુ ! હું આપનું, આપની બતાવેલી ક્રિયાના ફળરૂપ

સિદ્ધ ભગવાનનું, આપના શાસનમાં રક્ત થયેલ મુનિવરોનું અને આપના શાસનનું અંતઃકરણથી શરણ પામ્યો છું.

ક્ષમયામિ સર્વાન્, સત્ત્વાન્, સર્વે ક્ષામ્યન્તુ તે મયિ,
મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ, ત્વદેક શરણસ્ય મે. ૬

હે વીતરાગ ભગવાન્ ! હું ચોરાશી લાખ યોનિના સર્વ જીવોને ખમાવું છું. અને સર્વ જીવો મને ખમો, આપના શરણમાં રહેલાં મને સર્વ જીવોપર મૈત્રી હો.

એકોઽહં નાસ્તિ મે કશ્ચિન્ન-ચાહમપિ કસ્યચિદ્;
ત્વદંઘ્રિશરણસ્થસ્ય, મમ દૈન્યં ન કિંચન. ૭

હે વીતરાગ ભગવંત ! હું એકલો જ છું, મારૂં કોઈ નથી, હું પણ કોઈનો નથી, આપના શરણમાં રહેલો હોવાથી મને જરાય દીનતા નથી.

યાવન્નાપ્નોમિ પદવીં, પરાં ત્વદનુભાવજામ્;
તાવન્મયિ શરણ્યત્વં, મા મુંચ શરણંશ્રિતે.

હે પ્રભુ ! આપની કૃપાથી શ્રેષ્ઠ જે મહાપદવી અથવા મુક્તિ જ્યાં સુધી ન પામું ત્યાં સુધી તમારા શરણે આવેલા મારા પર વાત્સલ્યભાવ ન છોડશો.

અંતિમ સાધના

શ્રી જિન કથિત જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા વીર્યની આરાધના તત્પર મારો અંતરાત્મા એક જ છે. એ જ મારો છે. આ સિવાય સર્વને મેં ત્યજી દીધાં છે. રાગ-દ્વેષ મહામોહ અને કષાયને ધોઈને હું અત્યારે નિર્મલ બન્યો છું. આ કારણે હું સાચો છું વળી સર્વ જીવો મને ક્ષમા આપો. કારણ કે હું સર્વ જીવોને ખમાવું છું. મારો આત્મા હાલ શાન્ત

છે. મારે કોઈના પ્રત્યે વૈર વિરોધ નથી. જે કોઈ કાલે વાસ્તવિક રીતિએ મારા ચેતન સ્વરૂપ આત્માના સંબંધ રાખી શકે તેમ નથી એવી પર વસ્તુઓને અત્યાર સુધી નજીકની માની લીધી. પોતાપણાની બુદ્ધિથી મેં એ વસ્તુઓને માની હતી. હાલ તે પૌદ્‌ગલીક પર વસ્તુઓને હું વોસિરાવી દઉં છું. મહાત્મા શ્રી તીર્થંકર દેવો, પાપમલથી સર્વથા રહિત શ્રી સિદ્ધ ભગવંતો તથા શ્રી જિનેશ્વર પ્રણીત ધર્મ અને શ્રી સાધુપુરૂષ તમે મંગલ રૂપ બનો. ત્રણેય લોકમાં આ ચાર જ વસ્તુઓ શ્રેષ્ઠતમ છે ચાર તત્ત્વો જ શરણ સ્થાન છે. આથી ભવના ભ્રમણથી ડરેલો હું શરણાને સ્વીકારૂં છું.

હું અત્યારે સર્વ લાલસાઓથી નિવૃત્ત છું. મનના દુષ્ટ વિચારો મેં એકદમ રોકી લીધા છે. હું જગતના સર્વ પ્રાણી વર્ગને મિત્ર રૂપ ગણું છું. સર્વ સ્ત્રીઓ મારે મન માતા સમાન છે. તેઓનો પુત્ર છું. સર્વ પ્રકારના યોગોનો નિરોધ કરનાર હું શુદ્ધ સમાધિમાં રહું છું અને સર્વ ચેષ્ટાઓ છોડી દેનારા હે સિદ્ધ ભગવંતો ! કરૂણાદષ્ટિથી મને નિહાળો. આ ભવમાં કે અન્ય ભવમાં મેં જે કાંઈ દુષ્કૃત આચર્યું હોય તે સર્વે દુષ્કૃતને સંવેગભાવથી ભાવિત બનેલો એવા હું આ અવસરે વારંવાર નિંદું છું.

સર્વ પ્રકારના પરિગ્રહને મૂકીને હું વિશુદ્ધ બન્યો છું. અત્યારે મારી મનોવૃત્તિ (ભાવના) આ છે. મારી વર્તમાન સ્થિતિના તત્ત્વને કેવળજ્ઞાની ભગવંતો સાક્ષાત્ જાણી શકે છે. કેવળ મોક્ષની જ એક ઈચ્છાથી હું સંસારના સર્વ સંબંધોથી અળગો બન્યો છું. જન્મમરણરૂપ મહાદુઃખોનો નાશ કરનારા શ્રી જિનેશ્વરદેવોના શરણે મેં મારા આત્માને સોંપી દીધેલ છે. તેથી તેઓ મને કર્મના નાશમાં સહાયભૂત બનો.

અંત સમયની અણમોલ આરાધના

(માંદગીના સમયે લાંબી આરાધના કરી શકે તેવું ન હોય, તેવી આરાધના કરાવનાર પણ ન હોય તો આ ટૂંકી (નાની) આરાધના આરાધક આત્માને ઉપયોગી નીવડશે.)

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં.

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગીયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન ચૌદમે પૈશૂન્ય, પંદરમે રતિ-અરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયા- મૃષાવાદ અઢારમે મિથ્યાત્વશલ્ય, આ અઢારે પાપસ્થાનકોમાંથી મારા જીવે જે કોઈ પાપસ્થાનકો સેવ્યાં હોય, બીજા કોઈ પાસે કરાવ્યાં હોય, કોઈ કરતાં હોય તેને સારો માન્યો હોય તે સર્વેનો હું મન, વચન, કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં આપું છું.

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચઉરેન્દ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ

લાખ મનુષ્ય, આ ચૌરાશી લાખ જીવાયોનિના કોઈપણ જીવની મેં વિરાધના કરી હોય, બીજા કોઈની પાસે કરાવી હોય, કોઈ કરતાને સારો માન્યો હોય, તે સર્વેનો હું મન, વચન, કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે મિચ્છામી દુક્કડં માંગું છું.

ગયા ભવમાં કે આ ભવમાં મેં જે કોઈ પાપ કરવાના સાધનો, હથિયારો, (સૂડી, કાતર, ચપ્પુ, તલવાર, છરી વગેરે) વસાવ્યા હોય તેને હવે હું વોસિરાવું છું. તેની સાથે હવે મારે કોઈ સંબંધ નથી.

હું એકલો છું. મારો આત્મા શાશ્વત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણવાળો છે. તે સિવાયના બીજા ભવો મને મળ્યાં છે તે બધાંય નાશવંત છે. પત્ની, પુત્ર, પૈસો, પરિવાર, બંગલો, મોટર વગેરે અને આ ભેગા કરેલા સુખના સાધનો જેનો સંયોગ છે તેનો વિયોગ જરૂર છે. અત્યાર સુધીમાં મારા આત્માએ જે કાંઈ દુઃખની પરંપરા ભોગવી છે, તેનું કારણ એક જ છે કે સંયોગ. માટે હવે હું સર્વ સંયોગોને સંબંધોને, માયાને, મમતાને દરેક વસ્તુમાં કરેલા મારાપણાને વોસિરાવું છું.

હવે હું સારો થઈને આ પથારીમાંથી (પલંગમાંથી) ન ઉઠું ત્યાં સુધી હવે મારે આ કાયાને પલંગ સિવાય કોઈનો સંબંધ નથી. તે બધાને હું વોસિરાવું છું. અને હવે હું મારા જીવનમાં દેવ ગુરૂ અને ધર્મને ધર્મ તરીકે સ્વીકારૂં છું.

चत्तारि मंगलं - અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં, અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, મુનિરાજ અને કેવળી ભગવંતે કહેલા ધર્મને આ ચારને હું મારા જીવનમાં મંગલ તરીકે સ્વીકારૂં છું.

चत्तारि लोगुत्तमा - अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलि पन्नत्तो धम्मो लोगुत्तमो, અરિહંત ભગવાન્, સિદ્ધ ભગવાન્, મુનિરાજ અને કેવલી ભગવંતે કહેલો ધર્મ આ વસ્તુ જગતમાં ઉત્તમોત્તમ છે તેને હું સ્વીકારું છું.

चत्तारि शरणं पवज्जामि - અરિહંતે शरणं पवज्जामि, સિદ્ધે शरणं पवज्जामि, साहू शरणं पवज्जामि, केवलि पन्नत्तं धम्मं शरणं पवज्जामि, અરિહંત ભગવાન્, સિદ્ધ ભગવાન્, મુનિરાજ અને કેવલી ભગવંતે પ્રરૂપેલો ધર્મ આ ચારને હું મારા જીવનમાં શરણાં તરીકે સ્વીકારું છું.

अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहूणो गुरुणो,
जिन पन्नत्तं तत्तं, ईअ सम्मत्तं मअे गहिअं.

આ ગાથા ત્રણવાર સંભળાવવી.

खमिअ खमाविअ मई खमिअ सव्वह जीवनिकाय,
सिद्धह साख आलोयणह, मुज्झह वैर न भाव.
सव्वे जीवा कम्मवस, चउदह राजह भमंत,
ते मे सव्व खमाविआ, मुज्झवि तेह खमंत.
जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं,
जं जं काएण कायं, मिच्छामि दुक्कडं तस्स.
सर्व मंगल मांगल्यं, सर्व कल्याण कारणम्.
प्रधानं सर्व धर्माणां, जैनं जयति शासनम्.

(પછી ધીમા અવાજે "સમરો મંત્ર" આ ગીત પણ સંભળાવવું.)

નમસ્કાર-મહામંત્ર-છંદ

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત ઉદાર. સમરો. ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત,
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાત. સમરો. ૨

યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે દાનવ સમરે, સમરો સૌ નિઃશંક. સમરો. ૩

અડસઠ અક્ષર એહના જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર. સમરો. ૪

નવપદ એહના નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે,
વીર વચનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે. સમરો. ૫

મરણ પાછળની રીત

હમણાં હમણાં આપણા જૈનોમાં મૃતક (મડદા) ને લઈ જતાં જૈનેતરોની જેમ "રામ બોલો ભાઈ રામ", "ૐ નમો અરિહંતાણં", "સમરો મંત્રની ધૂન" અથવા "અરિહંતે શરણં પવજ્જામિ" વગેરે બોલવાની પરંપરા શરૂ થયેલ છે. તેનું અનુકરણ પણ ઘણાં લોકો કરવા માંડ્યા છે. પણ જૈનધર્મની ઝીણવટભરી દૃષ્ટિએ જોતાં અક્ષરની આશાતના ન થાય માટે આવું કાંઈ પણ બોલવાનું જરૂર નથી. મૌન પણે જ જવાનું છે. મનમાં માનસીક રીતે નવકારમંત્ર ગણી શકાય છે. વગર બોલે અથવા સંસારની અનિત્યતા વિચારી શકાય. વૈરાગ્ય થવાનો પ્રસંગ આનાથી વધુ બીજો ક્યો મળી શકે તેમ છે ? આમાંથી ઘણું મેળવી શકાય તેવું છે.

વાર્તા વિભાગ

૧. વસ્તુપાલ-તેજપાલ (દાન-સંઘભક્તિ)

૧-૨ મહાગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાલના નિવાસસ્થાને પ્રતિદિન પાંચસો સાધુઓને સુપાત્રદાન અને પંદરસો સન્યાસીઓને ઉચિત દાન અપાય છે. વસ્તુપાલના ભાઈ તેજપાલનાં ધર્મ પત્ની અનુપમાદેવી એક ઉત્તમ આત્મા હતો, તે જાતે સુપાત્રદાન આપતાં.

૩ શત્રુંજયતીર્થના સંઘમાં સંઘપતિ વસ્તુપાલ સ્વયં યાત્રીઓના સાધર્મિકોના પગ ધોવે છે. જે ધર્મને સમજે તે સાધર્મિકનું મૂલ્ય સમજે, સાધર્મિકની સેવાથી તેનામા રહેલા ધર્મની સેવા થાય છે અને શાસન પ્રભાવનાનું મહાન કાર્ય થાય છે એમ સમંજતા વસ્તુપાલ મહાઅમાત્ય છતાં ભક્તિથી સાધર્મિકના પગ ધોતા સંકોચાતા નથી.

૪ તીર્થયાત્રાનો મહિમા સમજી વસ્તુપાલે શત્રુંજય ગિરિરાજના મોટા તેર સંઘો કાઢ્યા.

૫ મુખ્ય મુખ્ય શહેરોમાં જ્ઞાનભંડારો કરવા આગમ-શાસ્ત્રો લખાવે છે.

૬-૭ આબુતીર્થ પર કરોડોના ખર્ચે અદ્‌ભુત કારિગિરી પૂર્ણ ભવ્ય જિનાલય બંધાવ્યું. તેની તુલનામાં આવે એવું કોઈ મંદિર આજની દુનિયામાં નથી. આજે પણ તેની યાત્રા કરનાર તે મંદિરની ભવ્યતા જોઈ મુક્ત કંઠે પ્રશંસા કરે છે. ક્રોડો રૂપિયાનો વિવિધ પુણ્યકાર્યોમાં ખર્ચ કર્યો, ધન્ય એ ધનવીરને અને એના શાસનપ્રભાવક જીવનને !

૨. શાલિભદ્રજી (વૈરાગ્ય)

૧ ભારે પુણ્યશાળી શ્રી શાલિભદ્ર. તેમના પિતા દેવ થયા પછી દિવ્ય ખાન-પાન અને વસ્ત્રાભૂષણની ૯૯ પેટીઓ રોજ શાલિભદ્રને

મોકલતા. એવાં સુખ ભોગવનાર છતાં એક પ્રસંગે માતાએ કહ્યુ કે રાજા શ્રેણીક આપણા સ્વામી છે એથી તુર્ત વૈરાગ્ય થયો. દીક્ષા લેવા રોજ એકે એક સ્ત્રીને છોડવા લાગ્યા.

૨ શાલિભદ્રની બહેન સુભદ્રા ધન્નાજીનાં પત્ની હતાં, તે પતિને સ્નાન કરાવે છે. ભાઈના સ્નેહથી સુભદ્રાને રડતી જાણી ધન્નાજીએ કારણ પૂછ્યું. સુભદ્રાએ શાલિભદ્રજીને એક એક પત્નીના ત્યાગની વાત કહી. ધન્નાજી બોલ્યા કાયર છે, છોડવી છે તો એક સાથે કેમ ન છોડે ? સુભદ્રા કહે બોલવું સહેલું, કરવું કઠિન છે. ધન્નાજી તુર્ત બધું છોડી શાલિભદ્રને ત્યાં ગયા.

૩ ધન્નાજીએ કહ્યું, શાલિભદ્ર ! છોડવું હોય તો એક સાથે છોડો, ચાલો આજે જ દીક્ષા લઈએ

૪ બન્ને પ્રભુ મહાવીર પાસે ગયા અને દીક્ષા લીધી.

૫ શાલિભદ્ર ભિક્ષા લેવા ચાલ્યા, પ્રભુએ કહ્યું આજે તમારી માતા ભિક્ષા આપશે, પણ ઘેર જવા છતાં તપથી કૃશ બનેલા તેમને કોઈ ઓળખી ન શક્યું, ભિક્ષા વિના પાછા ફરતાં વચ્ચે પૂર્વ ભવની માતા મળ્યાં તેણે સ્નેહ ઉભરાવાથી દહીં વહોરાવ્યું.

૬ વૈભારગિરી પર અંતિમ અનશન કરી અનુત્તર વિમાનમાં દેવ થયા. માતા, પુત્રના સ્નેહથી શોકાતુર થયાં, રાજા શ્રેણિકે આશ્વાસન અને ધન્યવાદ આપી શાન્ત કર્યાં. ધન્ય હો મહાત્મા શાલિભદ્રના વૈરાગ્યને !

૩. ધન્નાકાકંદી (ત્યાગ-તપ)

૧ કાકંદી નગરીમાં ભદ્રા શેઠાણીનો પુત્ર ધન્યકુમાર પૂર્વોપાર્જિત પુણ્યથી બત્રીસ ક્રોડ સોનૈયાનો માલિક હતો. માતાથી નિશ્ચિંત બની બત્રીશ પત્નીઓ સાથે ભોગ-વિલાસમાં મગ્ન રહેતો.

૨ એકદા પ્રભુ મહાવીરના ઉપદેશથી વૈરાગી બની દીક્ષા લીધી. જીવતાં

સુધી છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલનો તપ કરવાની પ્રતિજ્ઞા કરી. કેવું પુણ્ય ભોગવવા છતા આસક્તિ નહીં, છોડતાં લેશ વાર નહીં, ધન સહિત સ્ત્રીઓને છોડી અને શરીરની મમત્તાને પણ તોડી.

૩ છઠ્ઠના પારણે પણ આયંબિલમાં સૂક્કો લૂખો માખી પણ ન ઈચ્છે તેવો નિરસ-વિરસ વાલ વગેરે આહાર લે છે.

૪ આઠ મહિનામાં તો ધન્નાની કાયા તપથી સુકાઈ ગઈ. એકદા શ્રેણિકે પૂછવાથી પ્રભુએ ધન્નાજીને નિત્ય ચઢતા ભાવવાળા ચૌદ હજાર મુનિઓમાં શ્રેષ્ઠ આરાધક જણાવ્યા. તે સાંભળી રાજા શ્રેણિકે વનમાં જઈ તેઓનું દર્શન-વંદન કરી જીવન કૃતાર્થ કર્યું. નરેન્દ્રો અને દેવેન્દ્રો પણ જેને નમે તે ત્યાગ વૈરાગ્ય એજ આત્માનું સાચું ધન છે. ધન્નાજી અંતે વૈભારગિરી પર એક માસનું અનશન કરી સમાધિથી મરી અનુત્તર વિમાનમાં દેવા થયા. ધન્ય એ ધન્ના અણગારને, ક્રોડો પ્રણામ તેઓના ત્યાગ, તપ અને વૈરાગ્યને !!

૪. પુણીયો શ્રાવક (સંતોષ-સાધર્મિક ભક્તિ)

૧-૨ રાજગૃહિમાં પુણીયો શ્રાવક, લાભાન્તરાય કર્મનો તીવ્ર ઉદય, રોજ સાડાબાર દોકડાથી વધુ ન મળે તેથી તે અને તેની ધર્મપત્ની વારા ફરતી એકાન્તર ઉપવાર કરી રોજ એક સાધર્મિકને જમાડતા.

૩ પ્રતિદિન નિર્ધનપ્રાયઃ છતાં જિનપૂજા કરતા અને અલ્પધન છતાં સંતોષથી રહેતા. એટલું જ નહિ, સંતોષ એ આત્માનું સાચું ધન છે, એમ સમજી ધર્મધ્યાનમાં મગ્ન રહેતા અને સમાધિ પૂર્વક સામાયિક કરતા.

૪ એકદા શ્રેણિકે પ્રભુ મહાવીરને પોતાની નરક તોડવાનો ઉપાય પૂછ્યો, પ્રભુએ કહ્યું-પુણીયા શ્રાવક પાસેથી તેના સામાયિકનું ફળ મેળવે તો તારી નરક તૂટે.

૫ શ્રેણિકે પુણિયા પાસે જઈ એક સામાયિકનું ફળ માગ્યું. પુણીયાએ

કહ્યું પૈસાથી તે નહીં મળે, પ્રભુને સામાયિકનું મૂલ્ય પછી જુઓ! પ્રભુએ કહ્યું સમગ્ર રાજલક્ષ્મીથી પણ તેના સામાયિકનું મૂલ્ય અધિક છે કારણ કે રાજ્યલક્ષ્મી જડ છે, નાશવંત છે, સામાયિક આત્મધર્મ છે, આત્માનું સ્વરૂપ છે, તેની તુલના જડ વસ્તુ સાથે શી રીતે થાય ! આવી નિર્ધનતામાં પણ કેવી સમાધિ ! ધન્ય પુણીયાને; તેના સામાયિકને, તેના સંતોષને અને તેની સમતાને !

૫. મેઘકુમાર (જીવદયા)

(૧) શ્રેણિકનો પુત્ર મેઘકુમાર પૂર્વ જન્મમાં હાથી હતો. દાવાનળના ભયથી બચવાં જંગલનાં તૃણ-ઘાસ ઉખેડીને તેણે અમુક જમીન સાફ કરી. એકદા દાવાનળ સળગવાથી નાસીને તે હાથી અને જંગલનાં બીજાં પશુઓ પણ ત્યાં આવી એ જમીનમાં ભરાઈ ગયા પછી હાથીએ શરીર ખંજવાળવા પગ ઊંચો કર્યો ત્યારે ખાલી પડેલી તે પગની જમીનમાં સંકડામણથી પીડાતું એક સસલું આવી ભરાઈ ગયું, તેની રક્ષા માટે હાથીએ પોતાનો પગ ઊંચોજ રાખ્યો, ત્રણ પગે ઉભો રહ્યો.

૨ અઢી દિવસ ઊંચો રાખેલો પગ અકડાઈ જવાથી પશુઓના ગયા પછી પગને નીચો મુકતાં હાથી પડી ગયો, ઉભો ન થઈ શક્યો અને ભૂખ-તરસથી પીડાઈને મરણ પામ્યો.

૩ સસલાની ધ્યાના ફળ સ્વરૂપે તે મગધરાજ શ્રેણિકનો પુત્ર મેઘકુમાર થયો, ભગવાન મહાવીરનાં ઉપદેશથી વૈરાગી થયો અને શ્રેણિકે રાજગાદી આપવા કહ્યું ત્યારે રજોહરણ અને પાત્રા માગ્યાં.

૪ રાજ્ય તજીને પ્રભુ પાસે દીક્ષા લીધી.

૫-૬ પ્રભુની પાસે પૂર્વ ભવ સાંભળી પૂર્વભવની દયાનું પ્રત્યક્ષ ફળ જોઈ શરીરની પણ મમતા છોડી અને અનશન સ્વીકાર્યું. શુભ ધ્યાન પૂર્વક મરીને અનુત્તરમાં દેવ થયા, ધન્ય મેઘકુમાર !

૬. સમ્રાટ સંપ્રતિ (જિનેન્દ્ર ભક્તિ)

૧ સમ્રાટ સંપ્રતિ પૂર્વજન્મમાં ક્ષુધા પીડિત એક ભિખારી હતો, સાધુઓ પાસે આહાર જોઈ ખાવા માગ્યું, સાધુઓએ કહ્યું આ ભિક્ષા પર અધિકાર અમારા ગુરુનો છે, તેથી તે ગુરુ પાસે આવ્યો.

૨ ત્યાં ગુરુશ્રી આર્યસુહસ્તિસૂરિએ તેની યોગ્યતા જ્ઞાનથી જાણી દીક્ષા આપી. પછી તેની ઈચ્છા પ્રમાણે ખાવા આપ્યું. રાત્રે અજીર્ણથી ઝાડા-ઉલટી થવા લાગ્યાં, સાધુઓએ સેવા કરી, ચારિત્રના મહિમાની અનુમોદના કરતાં તે મૃત્યુ પામ્યો.

૩ તે રાજા અશોકને પોતરો (પૌત્ર) નામે સંપ્રતિ, ઉજ્જયિનીનો રાજા થયો. એકદા ત્યાં આવેલા પૂર્વભવના ગુરુને જોઈ પૂર્વભવનું જ્ઞાન થયું, કૃતજ્ઞતાથી ગુરુના ચરણમાં નામી પડ્યો અને ઉપકારના ઋણમાં રાજ્ય લેવા ગુરુને વિનવ્યા. ગુરુએ કહ્યું સાધુને રાજ્ય ન કલ્પે. તું આ રાજ્યલક્ષ્મીથી શાસનની પ્રભાવના કરી.

૪ તેથી સમ્રાટ સંપ્રતિએ દાનશાળાઓ ખોલી.

૫ જિનમંદિરો બંધાવવા માંડ્યાં, નિત્ય નવમંદિરના પ્રારંભના શુભ સમાચાર આપનારને સંપ્રતિ ઝવેરાતનું પણ દાન આપતા.

૬ મંદિરો અને મૂર્તિઓ તૈયાર થાય છે.

૭ સવા લાખ જિનમંદિરો અને સવાક્રોડ જિનપ્રતિમાઓ ઠેર ઠેર પૂજાય છે. ધન્ય શાસનપ્રભાવક સમ્રાટ સંપ્રતિને અને તેની દેવ-ગુરુ ભક્તિને!

૭. ચક્રી સનતકુમાર (સમ્યક્ત્વ)

૧ ચક્રી સનત પૂર્વજન્મમાં દૃઢસમકિતી શ્રાવક હતા. એક મિથ્યાદ્રષ્ટિ તાપસનું સન્માન ન કરવાથી ગુસ્સે થયેલો તાપસ પોતાના ભક્ત રાજા દ્વારા તેની પીઠ ઉપર અતિઉષ્ણ ભોજન મૂકાવી જમ્યો. સનતના જીવને ઘણી પીડા થઈ, પીઠ પર ફોલ્લા પડ્યા.

૨ નાશવંત સુખ અને શરીરનો મોહ છોડી તે શ્રાવકે અનશન કર્યું અને પ્રત્યેક દિશામાં પંદર પંદર દિવસ ધ્યાન ધર્યું માંસાહારી પક્ષીઓ તેની પીઠનું માંસ ખાતા રહ્યાં, પણ તેણે સમતા ન છોડી.

૩ સમાધિથી મરીને તે શ્રાવક દેવોનો ઈન્દ્ર થયો.

૪ પછી તે સનતકુમાર નામે અતિ સૌદર્યવાન ચક્રી થયા. રૂપ જોવા બ્રાહ્મણ વેશે આવેલા બે દેવો ચક્રીનું રૂપ જોઈ આશ્ચર્ય પામ્યાં ચક્રીને રૂપનો ગર્વ થયો. તેથી દેવોને પોતાનું શણગારેલું રૂપ જોવા દરબારમાં આવવા કહ્યું.

૫ ત્યાં બ્રાહ્મણવેશે દેવોએ ચક્રીના શરીરને સોળ રોગથી ઘેરાયેલું જોઈ મોં બગાડ્યું. ચક્રીએ પૂછવાથી દેવોએ કહ્યું કે કુડીકાયાવાળા રોગી તું અભિમાન ન કર ! તુર્ત ચક્રીએ થૂંકદાનીમાં થૂંકીને જોવાથી રોગોત્પત્તિ જાણી.

૬ વૈરાગ્યથી તુર્ત દીક્ષા લીધી, સ્નેહથી છ મહીના સુધી પરિવારે પાછળ ફરી કરૂણ વિનંતિ કરી. પણ દ્રઢવિરાગી ચક્રીએ તેમની સામે પણ ન જોયું.

૭ સાતસો વર્ષ રોગ પીડિત શરીરથી ઊગ્ર તપ કર્યા, ધાતુઓ રોગ નાશક બની પુનઃ તે દેવો વૈદ્યના વેશે ઔષધ કરવા આવ્યા. મહામુનિએ પોતાના થૂંકથી આંગળીના કોઢનો નાશ કરી આંગળીનું સૌદર્ય બતાવ્યું, દેવો તપલબ્ધિથી આશ્ચર્ય પામી સ્વરૂપે પ્રગટ થઈ નમી પડ્યા. મુનિએ કહ્યું - રોગ તો કર્મનાશક મિત્ર છે તેને રોકવો શા માટે ? એક લાખ વર્ષ સંયમ પાળી કલ્યાણ સાધ્યું. ધન્ય દ્રઢતા!

૮. મહાસતી સીતાજી (શિયળમહિમા)

૧ રાવણ સીતાજીનું અપહરણ કરીને ભોગ માટે મનાવે છે, ઝવેરાતની લાલચો આંપે છે, મંદોદરી વગેરે રાવણની રાણીઓ પણ સીતાજીને દાસીઓ બનવા તૈયાર થાય છે. પણ સીતાજી રાવણને આંખથી જોવામાં પણ પાપ માને છે. ધન્ય સતીપણું!

૨ લંકાને જીત્યા બાદ અયોધ્યામાં આવેલાં સીતાજી ઉપર લોકો કલંક ચઢાવે છે, ત્યારે રામચંદ્રજી કપટથી ગર્ભવતી સીતાનો જંગલમાં ત્યાગ કરાવે છે, ત્યારે સીતાજી સંદેશો મોકલે છે કે હે આર્યપુત્ર! લોકોની વાતોથી ભ્રમિત થઈ મને તજી દીધી, તેમ વીતરાગના ધર્મનો ત્યાગ કરશો તો મોક્ષ નહીં મળે. કેવી પતિભક્તિ !

૩ સીતાજીના પુત્રો લવ અને કુશ માતાનું પિતાથી અપમાન થયેલું જાણીને રામ-લક્ષ્મણની સાથે યુદ્ધ કરે છે, રામ તેમને અજેય જાણી ચકિત થાય છે. લોકોમાં સીતાજીની સતીપણાની ખાત્રી કરાવવા રામ સીતાજીને અગ્નિમાં પ્રવેશ કરાવે છે, શિયળના મહિમાથી અગ્નિકુંડ પાણીની વાવ બની જાય છે અને વચ્ચે સુવર્ણકમળ ઉપર સીતાજી બિરાજે છે.

૪ રામ-લક્ષ્મણ અને લવ-કુશ સીતાજીને મહેલમાં પધારવા અત્યંત આગ્રહ કરે છે, પણ કર્મની વિષમતા અને સ્નેહની અનિત્યતા જાણી કર્મક્ષય માટે દીક્ષા લેતાં સીતાજી કેશનો લોચ કરે છે, તે જોઈ રામચંદ્ર મૂર્છા પામે છે.

૫ સિંહ સમા બે પુત્રોનો, પતિનો, મહારાણી પદનો ત્યાગ કરી દીક્ષિત થયેલાં સીતાજી, તપ સંયમનું પાલન કરી બારમા દેવલોકમાં ઈન્દ્ર બને છે. ધન્ય સીતાજી !

૯. કામવિજેતા મહામુનિ સ્થૂલભદ્રજી (કામવિજય)

૧ બાર વર્ષથી કોશા વેશ્યાને ત્યાં રહેલા સ્થૂલભદ્રને રાજા નંદે મંત્રી બનાવવા મુદ્રા આપવા માંડી, ત્યારે સ્થૂલભદ્રે કહ્યું વિચાર કરીને લઈશ. રાજા ત્યાંજ વિચારવા કહે છે.

૨ સ્થૂલભદ્રજી મંત્રીપદમાં સંસારનું બંધન સમજી વિરાગથી ત્યાંજ સ્વયં મુનિ બન્યા અને.

૩ સાધુવેશે ધર્મલાભ આપી ચાલી નીકળ્યા, રાજાએ પરીક્ષા કરી, સાચા વૈરાગી જાણી આશ્ચર્ય થયું. સ્થૂલભદ્રએ આર્યસંભૂતિ ગુરુ પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી.

૪ આર્ય ભદ્રબાહુ પાસે ૧૪ પૂર્વો ભણ્યા અને કામનો વિજય કરવા ગુરુ આજ્ઞા લઈ પૂર્વ પરિચિત કોશા વેશ્યાની રંગ મહેલમાં ચોમાસું રહ્યા. રાગી વેશ્યા વિવિધ હાવભાવ, નાચગાન અને ષડ્રસ ભોજનથી સ્થૂલભદ્રજીને લલચાવે છે. આખર નિરાશ બને છે.

૫ સ્થૂલભદ્ર મુનિનો વ્રતની દઢતા જોઈ વેશ્યા તેમના બાર વ્રતધારી મહાશ્રાવિકા બને છે.

૬ સિંહગુફાના દ્વારે ચાર માસ ચૌવિહારા ઉપવાસથી ચોમાસું કરનાર એક મુનિ,

૭ સર્પના દર પાસે ચાર માસ ચૌવિહાર ઉપવાસથી ચોમાસું કરનાર એક મુનિ.

૮ કુવાના કાષ્ટ ઉપર ચાર માસ ચૌવિહાર ઉપવાસ કરતા એક મુનિ.

૯ ચોમાસું પૂર્ણ થતાં ચારે મહાત્માઓ ગુરુના ચરણમાં હાજર થયા, ત્યારે ગુરુએ ત્રણેને દુષ્કર કારક કહી સત્કાર્યા, અને સ્થૂલભદ્રજીને દુષ્કર દુષ્કર કારક કહી સત્કાર્યા. જેનું નામ ૮૪ ચોવિશી સુધી અમર રહેશે તે મહાત્મા સ્થૂલભદ્રજીને કોટી કોટી પ્રણામ !

૧૦. દાનવીર જગડુશાહ (ઉદારતા)

૧ વિક્રમની ચૌદમી સદીમાં કચ્છના નરરત્ન જગડુશાહને કોઈ મુનિ ગુજરાતમાં થનારા ભાવિ દુષ્કાળમાં અન્નદાન કરી લક્ષ્મી સફળ કરવા ઉપદેશ કરે છે. મુનિના વચન પ્રતિ અટલ શ્રદ્ધાવાળા જગડુશાહને મુનિનો ઉપદેશ પૂર્ણ સત્ય લાગ્યો, તેથી દુષ્કાળમાં ભૂખપીડિત લોક અન્નવિના કેવાં ટળવળશે ? તેનું ચિત્ર જગડુશાહના અંતરમાં ખડું થયું.

૨ દુષ્કાળ પડવા પૂર્વે વર્ષો સુધી જગડુશાહે કચ્છ અને ગુજરાતમાં પુષ્કળ અનાજનો સંગ્રહ કરાવ્યો અને દુષ્કાળમાં ગરીબોને તેનું દાન કર્યું.

૩ તે પ્રસંગે મહાગુજરાતના રાજા વિશાળદેવના કોઠારોમાં પણ ધાન્ય ખૂટવા લાગ્યું, તેથી તેણે જગડુશાહ પાસે અનાજની માગણી કરી, પણ આ અનાજ ગરીબો માટે છે. એ જગડુશાહનું કથન જાણી

રાજા આશ્ચર્ય પામ્યો અને જગડુશાહની ઉદારતા, માનવપ્રેમ, નિરાભિમાનતા વગેરે ગુણો જોઈ પ્રસન્ન થયો.

૪ પછી ઔચિત્યના સાગર જગડુશાહે કચ્છના અન્નકોઠારમાંથી રાજાને અન્ન આપ્યું. દાન એ ધર્મનો પાયો છે. તેમાંપણ અન્નદાન વૈરીને વ્હાલા બનાવે છે. સૈકડો વર્ષો થવા છતાં જેનું નામ આજે પણ લોકોની જીભે ગવાઈ રહ્યું છે તે દાનવીર જગડુશાહને ક્રોડો ધન્યવાદ:

૧૧. મહાત્મા ગજસુકુમાલ (ક્ષમા)

૧ ગજસુકુમાલના પિતા વસુદેવજી, માતા દેવકી, ભાઈ કૃષ્ણજી અને બીજા અનેક સામંત રાજાઓ વિગેરે સ્નેહથી આતુર નયને ગજસુકુમાલની રાહ જોતા બેઠા છે. તેટલામાં સહેલગાહથી પાછા આવતા ગજસુકુમાલને જોઈ સૌ આનંદમાં આવી ગયા, કેટલું સન્માન ! કેટલો વૈભવ ! નથી કોઈ સંસારની મુસીબતનું નામ નિશાન !

૨ ગજસુકુમાલની સગાઈ થઈ ચુકી હતી, પણ ભગવાન શ્રી નેમિનાથના ઉપદેશથી તેઓ વિરાગી થયા અને દીક્ષા લીધી. ધન્ય વૈરાગ્ય !

૩ દીક્ષા પછી નેમિનાથ પ્રભુની આજ્ઞા લઈને તેઓ સ્મશાનમાં જઈ કાઉસગ્ગ ધ્યાને રહ્યાં. ગજસુકુમાલનો સસરો સોમિલ ક્રોધથી જમાઈના માથા ઉપર ભીની માટીની પાળ બાંધીને તેમાં સ્મશાનના સળગતા અંગારા ભરે છે, પણ મુનિ સમતાનું શરણ લઈ બળે છે. તે શરીર મારૂં નથી એવી ભાવનાએ ચઢ્યા, વળી હાલવાથી અંગારા નીચે પડે તો કોઈ જીવ બળી જાય એ વિચારથી સ્થિર ઉભા રહ્યાં, આવી પાઘ બંધાવનાર સસરાને કર્મ ખપાવવામાં સહાયક માની શુભ પરીણામે કેવળજ્ઞાન પામી મુક્તિને પામ્યા.

૪ સવારે કૃષ્ણજી પ્રભુ પાસે ગયા, ગજસુકુમાલ ક્યાં છે ? એમ પૂછ્યું, પ્રભુએ કહ્યું – તમને શહેરમાં જતાં દરવાજે જે મળશે તેની સહાયથી ગજસુકુમાલ મુક્તિને પામ્યા. એ સાંભળી શ્રી કૃષ્ણ મુનિઘાતકને શિક્ષા કરવા તુર્ત શહેર તરફ ચાલ્યા.

૫ દરવાજામાં જ કૃષ્ણને સામે આવતા જોઈ સોમિલનું હૃદય ભયથી બંધ પડી ગયું. પાપી પોતાના પાપે મર્યો.

૧૨. જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી અને બાદશાહ અકબર (અમારીપાલન)

આ છે અકબરની ક્રુરતા :

અ) ચિત્તોડનો કિલ્લો સર કરતી વખતે અકબરે લાખો સ્ત્રી પુરૂષો અને પશુઓનો સંહાર કર્યા હતો. તે વખતે ૭૪॥ મણ જનોઈનો ઢગલો થયેલો.

આ) લાહોરના જંગલમાં ૧ લાખ પશુઓની કતલ કરાવી હતી.

ઇ) ૧૯૨૦ની સાલમાં ગોંડવાણાની રાણી દુર્ગાવતી સાથે ભયંકર ક્રુરતા આચરી હતી.

ઈ) શિકાર કરવા માટેના રસાલા તરીકે તેની પાસે પાંચ હજાર પાડા, વીસ હજાર કૂતરાં, વીસ હજાર વાઘરી, ૫૦૦ ચિત્તા, હજારો બાજ પક્ષી તથા શકરા પક્ષીઓ હતાં.

ઉ) નાનાકડી ભૂલનાં કારણે બાર વર્ષના (નોકરને) અકબરે મહેલની બારીમાંથી બહાર ફેંકી દીધો હતો. જે, તરત જ ખોપરી ફાટી જતાં મૃત્યુ પામ્યો હતો.

ઊ) પિતાની ખુશામત નહીં કરનાર કવિ ગંગને હાથીના પગ તળે કચડાવી નાખ્યો હતો.

એ) માંસાહારી અકબરને રોજ ચકલાની સવાશેર જીભો ખાવાનું વ્યસન હતું, તેથી તે ડાબર નામે સરોવરમાં હજારો પક્ષીઓને રખાવતો.

આવા ક્રૂર અકબરને **પૂજ્ય હીરસૂરીશ્વરજી**એ સાવ અહિંસક બનાવી દીધો હતો.

૧ દિલ્હીમાં ચંપા નામે શ્રાવિકા છ મહિનાના ઉપવાસ દેવગુરુના ધ્યાનથી કરી ચુકી છે, એ વાત બાદશાહ અકબરે જાણી, તપથી પ્રભાવિત થઈ ચંપાને પૂછ્યું - આટલા ઉપવાસ કેમ કરી શકાય? ચંપાએ કહ્યું -

દેવાધિદેવ શ્રી અરિહંત અને ગુરુદેવ શ્રી વિજય હીરસૂરીશ્વરજીની કૃપાથી થયા. અકબરને ગુરુદેવના દર્શનની ઉત્કંઠા જાગી.

૨ બાદશાહના આમંત્રણથી આચાર્યદેવ ગુજરાતથી પગે ચાલી દીલ્હી પધાર્યા, મહોત્સવથી નગર પ્રવેશ કરાવ્યો. રાજમહેલમાં જતા નીચે પાથરેલો ગાલિચો જોઈ અટક્યાં. અટકવાનું કારણ પૂછતાં કહ્યું કે ગાલિચા ઉપર ચાલવાનો અમારો ધર્મ નથી. શ્રદ્ધા નહિ છતાં ગાલિચો ઉપડાવ્યો, નીચે કીડીઓ જોઈ બાદશાહ ગુરુના જ્ઞાનથી પ્રભાવિત થયો.

૩ કંઈ માંગવા કહ્યું, ત્યારે ગુરુદેવે સમગ્ર ભારતમાં પર્યુષણના દિવસોમાં અહિંસા પાળવાનું માગ્યું, તેથી મોગલ સમ્રાટ અકબરે રાજ્યની મુદ્રાવાળાં અહિંસાનાં ફરમાન લખાવી ગુરુદેવને ભેટ કર્યા.

★ હીરસૂરિશ્વરજી ★

(અ) આ આચાર્યે અકબર રાજાને પ્રતિબોધ પમાડેલ પોતાના જીવન દરમ્યાન ૮૧ અઠ્ઠમ, ૨૨૨ છઠ્ઠ, ૩૬૦૦ ઉપવાસ, ૨૦૦૦ આંયબિલ, અને ૪૦૦ ચોથ ભક્ત કરેલ, જ્ઞાનની આરાધના માટે ૨૨ મહિના સુધી તપ કરેલ ૧૨ પ્રતિમાઓ વહન કરેલ, દરરોજ ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરતા.

(આ) ગુરુદેવે જીવદયાનો ઉપદેશ કરવાથી સર્વ પક્ષીઓને છોડી મૂક્યાં અને જીવદયા પ્રેમી બન્યો. ધન્ય ઉપદેશ !

(ઇ) ગુરુદેવના ઉપદેશથી મોગલ સમ્રાટ શત્રુંજયતીર્થનું મહેસુલ (મુંડકા) અને હિંદુઓ ઉપરનો જજીયાવેરો માફ કર્યો.

(ઈ) ઢંઢેરો પીટાવી હિંસા બંધ કરાવી.

૧૩. અતિમુક્તક (અઈમુત્તા) (પૂર્વસંસ્કાર)

૧ છ વર્ષનો અતિમુક્ત ગૌતમ સ્વામીને લાડુ વ્હોરાવે છે.

૨ અતિમુક્તક ગૌતમ સ્વામીની સાથે જાય છે. રસ્તામાં વધુ વજન ઊચકતા જોઈ, અતિમુક્તક ગૌતમસ્વામીને પાત્રા પોતાને ઊચકવા દેવા વિનંતિ કરે છે. ગૌતમ સ્વામી કહે છે કે દીક્ષા લીધા પછી તને પાત્રા ઊપાડવા આપીશ.

૩ દીક્ષા લઈ સ્થંડિલ ગયા ત્યાં વરસાદનું વહેતું પાણી જોઈ, માટીની પાળ બાંધી, નાના પાત્રા પાણીમાં તરતા મૂકી બાળદીક્ષાધારી અતિમુક્તક હર્ષથી નાચવા-કુદવા લાગ્યો, સાધુઓએ એમ કરવાની ના પાડી તથા ભગવાન પાસે જઈ, કહેવા લાગ્યા કે આ અપકાયના જીવોની રક્ષા કેમ કરશે ? ત્યારે ભગવાને કહ્યું કે તેનો તિરસ્કાર ન કરો, આ બાળક તમારી પહેલાં કેવળી થશે. આ સાંભળી બધાંએ ક્ષમા માંગી.

૪ એક વખત સ્થંડિલથી પાછા ફરતા, બાળકોને પાણીમાં કાગળની હોડી બનાવી ખેલતા જોઈ, અતિમુક્તકને પોતાની જળક્રિડા યાદ આવી અને...

૫ સમવસરણમાં ઈરિયાવહિય (પણગ દગ મટ્ટી) બોલી, તીવ્ર પશ્ચાતાપ થતાં, બાળક અતિમુક્તકે નવમે વર્ષે કેવળજ્ઞાન પામી, મુક્તિ પ્રાપ્ત કરી.

૧૪. કૂરગડુ નાગદત્ત (આત્મનિંદા)

૧ કૂરગડુ મુનિ ભૂખ સહન ન કરી શકવાથી, રોજ સવારે આહાર-પાણી કરતાં અને સાથેના ઉગ્ર તપસ્વીઓની સેવા ભક્તિ કરતા. તપસ્વીઓ કૂરગડુની નિંદા કરતા.

૨ આહાર પાણી લાવી, ગુરુદેવ અને અન્ય મુનિઓને બતાવે છે. બધાં તેનો તિરસ્કાર કરે છે અને થૂંકે છે. છતાં કૂરગડુ મુનિ તો આહાર પાણી કરતાં સ્વનિંદા અને તપસ્વીઓની પ્રશંસા કરતા.

૩ પરિણામે કૂરગડુ મુનિને કેવળજ્ઞાન થાય છે તે જાણી, બીજા તપસ્વી મુનિઓએ પણ તીવ્ર પશ્ચાતાપપૂર્વક તેમની ક્ષમા માગી, કેવળજ્ઞાનના અધિકારી થયા.

૧૫. રાજા મુંજ (સ્ત્રી લંપટતા)

૧ ભોજ રાજ્ય લઈ લેશે એવા ભયથી, મુંજ રાજા ભોજને મારવા પ્રયત્ન

કરે છે, પણ રાજ્યાદિની અનિત્યતા સૂચક ભોજનો લખેલ શ્લોક વાંચી, મુંજ ભોજને રાજ આપી દે છે.

૨ યુદ્ધમાં પરાજિત મુંજ તૈલંગ રાજાનો કેદી બને છે ત્યાં તૈલંગની બહેન મૃણાલવતીથી આસક્ત થાય છે.

૩ મુંજને છોડાવવા, ભોજ ગુપ્ત ભોંયરું બનાવી તેને ભાગી છૂટવા કહે છે.

૪ મૃણાલવતીના પ્રેમમાં અંધ મુંજ મૃણાલવતીને અને મૃણાલવતી રાજાને એ વાત કહે છે. મુંજના હાથ પગમાં જંજીર બાંધી, તેને ભીખ માંગી ખાવાનો હુકમ કરે છે. 'સ્ત્રીના પ્રેમમાં ફસાઈને મારી આ દશા થઈ છે તેવી જ બીજા લોકોની થાય' એવું કહેતો મુંજ ભીખ માગતો ફરે છે.

૧૬. જંબૂ સ્વામી (દાક્ષિણ્ય)

૧ ભવદેવ (જંબૂનો જીવ) ને ભાઈ ગુરુ પાસે લઈ જઈ, ભવદેવની ઈચ્છા ન હોવા છતાં 'આને દીક્ષા લેવી છે' એમ કહે છે.

૨ દાક્ષિણ્ય ભાવનાથી ભવદેવે દીક્ષા લીધી તેમજ પાળી પણ ખરી. ભાઈના સ્વર્ગવાસ પછી, ભવદેવ પોતાના ગામે જઈ પત્નિ નાગિલાને મળે છે.

૩ નાગિલાએ એની વિષયલાલસા જોઈ, સંયમધર્મમાં સ્થિર કર્યા અને દીક્ષા પાળી સ્વર્ગે ગયા.

૪ શિવકુમારના ભવમાં સાધુને જોઈને તીવ્ર વૈરાગ્ય ઉપજે છે. માબાપે દીક્ષા લેવા ન દેતાં, જીવનભર છઠ્ઠ કરતાં અને પારણાના દિવસે આયંબિલ કરતા રહ્યા.

૫ દેવના ભવ પછી, જંબૂ કુમારના ભવમાં સુધર્માસ્વામીની દેશના પામી વૈરાગ્ય પામે છે.

૬ લગ્નની રાત્રે જ પોતાની સ્ત્રીઓને ઉપદેશ આપ્યો. ચોરોએ પણ એ ઉપદેશ સાંભળ્યો. તેમના અને સ્ત્રીઓના માતા પિતા સહિત ૫૨૭ જણાંએ દીક્ષા લીધી. જંબૂસ્વામી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષે સિધાવ્યા.

૧૭. નળ-દમયંતિ (મુનિપીડા)

૧ પૂર્વભવમાં દમયંતિ રાજા સાથે શિકાર પર જતાં, નોકરો મારફત સાધુને પકડી દુઃખ આપે છે.

૨ બાર ઘડી પછી, તીવ્ર પશ્ચાતાપ થતાં, સાધુને ઘર લાવી, ક્ષમા માગી, ભક્તિ કરી.

૩ જિન પ્રતિમાઓને રત્નતિલક લગાવતા, દમયંતિના ભવમાં જન્મથી કપાળમાં પ્રકાશિત કુદરતી તિલક હતું.

૪ સ્વર્ગના ભવ પછી, બન્ને ગોવાળિયા બન્યા અને વરસાદથી અટકી ગયેલા મુનિ પર છત્રી ધરી.

૫ ત્યારબાદ બન્ને દૂધ વ્હોરાવી, દિક્ષિત થાય છે.

૬ નળ નિદ્રાધીન દમયંતિને જંગલમાં છોડી જાય છે.

૭ ગુફામાં શાંતિનાથ ભગવાનની દમયંતિ તપપૂર્વક પૂજા ભક્તિ કરે છે.

૮ દેવ બનેલા નળના પિતા સર્પ બની, કરડે છે પરિણામે નળનું રૂપ બદલી જાય છે. પૂર્વરૂપ પ્રાપ્ત કરવા, વસ્ત્ર, રત્ન, શ્રીફળ અને અલંકારનો ડબ્બો આપે છે.

૯ નળ, દધિપર્ણની સાથે દમયંતિના સ્વયંવરમાં જાય છે.

૧૦ સૂર્યપાક રસોઈ દ્વારા દમયંતિને નળની પહેચાન થાય છે.

૧૧ નળ પૂર્વરૂપ ધારણ કરે છે. ભીમરથ નળને રાજ સોંપે છે. જુગારમાં કુબેરને જીતી, પોતાનું હારેલું રાજ્ય પણ પાછું મેળવે છે. નળદમયંતિ દીક્ષા લઈ, સ્વર્ગે જાય છે.

૧૮. સુદર્શન શેઠ (વ્રતનિશ્ચલતા)

૧ કપિલા માયા કપટનો આશ્રય લઈ, સુદર્શનને પોતાના ઘેર બોલાવી, વિષય સેવવા કહે છે. 'પરસ્ત્રી માટે હું નપુંસક છું' કહી સુદર્શન છટકી જાય છે.

૨ ધ્યાનસ્થ સુદર્શનને મૂર્તિના બહાને દાસી ઊઠાવી લાવે છે. પણ સુદર્શનની દૃઢતાથી નિરાશ થઈ, રાણી બલાત્કારનો ઢોંગ રચી, બરાડા પાડે છે.

૩ ધ્યાનસ્થ સુદર્શનને દેહાંત દંડની સજા. દૈવીપ્રભાવથી શૂળી સિંહાસનમાં બદલી જાય છે. રાજા તેનું બહુમાન કરે છે. સત્ય કથન અને કલંક દૂર થતાં મનોરમાના ધ્યાનની સમાપ્તિ.

૪ વર્ષો સુધી રોજ છ પુરુષ અને એક સ્ત્રીનો ઘાતક યક્ષાવેશમાં અર્જુનમાલી.

૫ મારવા આવેલ યક્ષ પણ સુદર્શનના નવકારના સ્મરણથી ચાલ્યો જાય છે. અર્જુન સુદર્શનના પગમાં પડે છે; અને ભગવાનના સમવરણમાં જાય છે.

૬ અર્જુન દીક્ષા ધારણ કરે છે. જેને તેણે માર્યા હતા તેના સંબંધીઓ તેને મારે છે. સમતાથી સહન કરતાં અર્જુન કેવળજ્ઞાન પામી મુક્તિ પ્રાપ્ત કરે છે. સુદર્શન પણ દીક્ષા ધારી વ્યંતરી બનેલ રાણીનો ઉપસર્ગ સહન કરી મોક્ષ જાય છે.

૧૯. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય (શાસન પ્રભાવના)

૧ જન્મ વિ.સં.૧૧૪૫ નામ ચાંગદેવ. દીક્ષા ૧૧૫૪ – સોમદેવ નામ રાખ્યું. વિ.સં.૧૧૬૬ માં આચાર્યશ્રી હેમચંદ્રસૂરી બન્યા.

૨ પંડિતોની સભામાં ભૂલથી અમાસને બદલે 'આજે પૂનમ છે' કહ્યું. ખ્યાલ આવતા ઉપાશ્રયમાં જઈ ધ્યાનસ્થ થયા. સાંજે શાસનદેવીએ

આકાશમાં ચંદ્ર બતાવ્યો.

૩ દેવબોધીએ કુમારપાળને શૈવધર્મી બનાવવા તેની સાત પેઢી બતાવી ત્યારે હેમચંદ્રાચાર્યે સાત પાટ પર બેસી, એક પછી એક કઢાવી. આધાર વિના અદ્ધર બેસી વ્યાખ્યાન આપ્યું.

૪ ચોમાસામાં પાટણ બહાર ન જવાની પ્રતિજ્ઞાવાળા કુમારપાળ પર તુર્ક બાદશાહ હુમલો કરે છે. હેમચંદ્રાચાર્ય મંત્રબળથી બાદશાહને પલંગ સહિત ઉપાશ્રયમાં લઈ આવે છે. કુમારપાળ અને બાદશાહ મિત્ર બને છે.

૫ હેમચંદ્રાચાર્ય તાડપત્રો પર સિદ્ધ હેમ વ્યાકરણ આદિ કેટલાંય ગ્રંથોની રચના કરે છે.

૬ વિ.સં.૧૨૨૯માં હેમચંદ્રાચાર્યનો સ્વર્ગવાસ થાય છે.

૭ પટ્ટધર બનવાના લોભી ગુરુદ્રોષી મુનિ બાલચંદ્ર, 'કુમારપાળ પ્રતાપમલને રાજ્ય દેશે' એવું કહી, અજયપાલને ઝેર આપવા સલાહ આપે છે.

૮ બાલચંદ્રને પટ્ટધર બનાવો અથવા લોઢાની ગરમ શિલા પર સૂઈ જવા, અજયપાલ મુનિ રામચંદ્રને આદેશ આપે છે. રામચંદ્ર ગુરુઆજ્ઞા મુજબ બાલચંદ્રને પટ્ટધર ન બનાવી, મૃત્યુને સ્વીકારી, સ્વર્ગારોહણ કરે છે.

૨૦. પરમાર્હત્ રાજા કુમારપાલ (જીવદયા)

૧ પ્રજાપીડનકારી નરવીર (કુમારપાળનો જીવ) નો પિતા દ્વારા દેશ નિકાલ.

૨ જંગલમાં મુનિને ધમકાવે છે. મુનિના ઉપદેશથી સપ્તવ્યસનનો ત્યાગ કરે છે.

૩ પોતાની પાંચ કોડીના ફૂલોથી જિનપૂજા

૪ હેમચંદ્રાચાર્ય પાસે શ્રાવકના બાર વ્રતનો સ્વીકાર

૫ કુમારપાળના રાજમાં ઘોડાઓને પણ ગાળેલું પાણી પીવરાવાતું હતું.

૬ ઘોડા પરનું જીન પણ દુપટ્ટાથી મૂંજી પછી જ કુમારપાળ બેસતા.

૭ સામાયિક દરમ્યાન કરડતા કીડાને પણ મરી જશે એ ડરથી ખેંચીને ન કાઢતા, પોતાની ચામડી કાપી, કીડાને દૂર કર્યો.

૮ પોતાના ૧૮ દેશમાં હિંસા ન કરવાનો ઢંઢેરો પીટાવ્યો.

૯ દેવીના માગવા છતાં બલિ ન ચઢાવતા, દેવીના પ્રકોપથી કુમારપાળને કોઢ

નીકળ્યો. હેમચંદ્રાચાર્યની કૃપાથી રોગનું શમન થયું.

૧૦ માથાની જૂની હિંસાના બદલે જિનમંદિર બનાવવાની સજા.

૧૧ તાડપત્રની ત્રુટિ, ખરતાડ (લખવા માટે અયોગ્ય) પત્રના વૃક્ષોની પૂજાથી, તે શ્રીતાડ (લખવા યોગ્ય) બન્યા.

૧૨ અજયપાલે કુમારપાલને ઝેર દીધું અને વિષનાશક સીપ પણ ન મળે એ માટે કોષાધ્યક્ષને ધમકાવી ચાવી લઈ લીધી. કુમારપાળનો સ્વર્ગવાસ.

૧૩ રાજા બનતા, જિનમંદિર તોડાવવાના ઉગ્ર પાપથી અજયપાલ અને ગુરુદ્રોહના પાપથી બાલચંદ્ર મુનિ દુર્ગતિમાં ગયા.

૨૧. રામાયણ (૧) (પિતૃવચનપાલન)

૧ કૈકેયીએ દશરથના ગળામાં વરમાળા પહેરાવી, આથી બધાં રાજાઓ દશરથ સામે લડવા તૈયાર થયા. કૈકેયી દશરથની સારથી બની અને દશરથરાજાએ જીત મેળવતા, કૈકેયીને વચન માગવા કહ્યું. અવસર આવ્યે કૈકેયીએ ભરતને રાજ્ય તેમ જ રામને વનવાસ મોકલવાનું વચન માંગ્યું.

૨ પિતાને વચન પાલન કરાવવા રામે વનવાસ સ્વીકાર્યો સાથે સીતા અને લક્ષ્મણ પણ વનવાસ ગયા.

૩ અયોધ્યા પાછા ફરવા ભરતની રામને આગ્રહપૂર્વક વિનંતિ.

૪ સીતા હરણ, જટાયુ પક્ષી રાવણને ચંચૂ પ્રહાર કરે છે ત્યારે રાવણ તેની પાંખો કાપી નાખે છે. જટાયુનું મૃત્યુ.

૫ તરફડી રહેલા મરણાસન્ન જટાયુને જોઈને રામને સીતાહરણની ખબર પડે છે.

૬ હનુમાનજી રામચંદ્રજીની વીંટી સીતાને આપે છે ત્યારે સીતા ૨૧ દિવસના ઉપવાસ પછી પારણાં કરે છે.

૭ લંકામાં ભારે ઉલ્કાપાત મચાવી, રાવણનો મુકુટ તોડી, લંકામાં આગ લગાવી, હનુમાન ચાલ્યા જાય છે.

૨૨. રામાયણ (૨) (અભિમાન તપપ્રભાવ)

૧ હનુમાન સીતાજીનું ચૂડીરત્ન રામને આપે છે.

૨ સીતાજીને પાછા સોંપી દેવાનું કહેનાર વિભીષણનું ઈન્દ્રજીત દ્વારા અપમાન.

૩ વિભીષણ રામચંદ્રજીના આશ્રયમાં જાય છે.
૪ લક્ષ્મણ અને રાવણ - વાસુદેવ અને પ્રતિવાસુદેવનું ઘોર યુદ્ધ.
૫ રાવણની અમોઘ વિજયશક્તિથી લક્ષ્મણજી બેભાન. પૂર્વભવની તપસ્વીની કુમારીકા વિશલ્યાના સ્પર્શથી લક્ષ્મણજી સચેત થાય છે.
૬ રાવણની વિદ્યા સાધના, મંદોદરીની ચોકી. બલાત્કાર કરવાની રાવણની ધમકી સાંભળી સીતાજીને મૂર્ચ્છા. રાવણનો પશ્ચાતાપ.
૭ લક્ષ્મણજીના ચક્રથી રાવણનું મૃત્યુ. ધિક્કાર છે અભિમાન તથા પરસ્ત્રી લંપટતાને.
૮ એક હજાર રાજાઓ સાથે ભરતજીની દીક્ષા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

૨૩. રામાયણ (૩) (કીર્તિલાલસા-વૈરાગ્ય)

૧ બે અષ્ટપદ મૃગનું સીતાજીને સ્વપ્ન અને ગર્ભધારણ
૨ માલણને ધમકાવી રહેલા માળીના વચનથી વેશબદલો કરી સાંભળી રહેલા રામચંદ્રજીને સીતાજી વિશે ચાલતી અફવા સત્ય હોવાનું જણાતા, કપટથી સીતાજીનો ત્યાગ.
૩ વજ્રજંઘ રાજાની વિનંતિથી સીતાજીનું તેમના મહેલમાં જવું. તથા લવણાંકુશ અને મદનાંકુશ એ જોડકા પુત્રોનો જન્મ.
૪ રામ-લક્ષ્મણ સામે લડવા ઉતરેલા બન્ને કુમારોનો નારદજી દ્વારા પરિચય.
૫ સીતાજીના મહાસતીત્વની પરીક્ષા, દીક્ષિત થવું તથા સ્વર્ગ ગમન.
૬ સૂર્યાસ્ત જોઈને વૈરાગ્ય થતાં હનુમાનજી બે પત્નિઓ તેમજ ૭૫૦ રાજાઓ સાથે દીક્ષા ગ્રહણ કરી, મોક્ષ પધારે છે.
૭ રામચંદ્રજીની દીક્ષા, અવધિજ્ઞાન, સીતેન્દ્ર દ્વારા ઉપસર્ગ.
૮ રામ મુનિને કેવળજ્ઞાન પ્રાપ્તિ. રાવણ, લક્ષ્મણજી હાલ ચોથી નરકમાં. ત્યાંથી નીકળી બન્ને તીર્થંકર, તમે 'રાવણના ભાવી ગણધર'.
૯ બન્નેને સ્વર્ગમાં લઈ જવા, સીતેન્દ્રનું ચોથી નારકીમાં જવું. ઉપાડતા જ અપાર વેદના અને પારાની માફક નીચે પડી વિખરાઈ જવું.

કથા વિભાગ

★ શ્રી અમરકુમારની કથા ★

વિશ્વોદ્ધારક પ્રભુ મહાવીરનાં પુનિત પગલાંથી જ્યારે આ પૃથ્વીતલ પાવન બની રહ્યું હતું, ત્યારની આ વાત છે. તે કાળે રાજગૃહી નગરી ઉન્નતિની ટોચે પહોંચેલી હતી. ઋદ્ધિ-સિદ્ધિથી છલોછલ ભરેલી હતી. અભયકુમાર જેવા મહામાત્યો, શાલિભદ્ર જેવા લક્ષ્મીનંદનો અને જંબુકુમાર, સુદર્શન શેઠ, મહાશતક શ્રાવક, નંદિષેણ, મેઘકુમાર, કયવન્ના શેઠ જેવાં અનેક મહારત્નોનાં અનેરા તેજથી ઝળહળી રહી હતી. આ નગરીના નાલંદા પાડામાં પ્રભુ મહાવીરે ચૌદ ચૌદ ચાતુર્માસ વ્યતીત કર્યા હતાં, એટલે તેની ધર્મભાવનાનું વર્ણન કરવું એ સોનાને ઢોળ ચઢાવવા જેવું છે. મહાપુરૂષો રાજગૃહીની પ્રશસ્તિ ગાતાં જણાવે છે કે-

"ધર્મ અને ધન નાલંદે પાડે"

શ્રેણિક મહારાજા અનાથી મુનિના સમાગમમાં આવ્યા પછી સમ્યક્ત્વને પામ્યા, એ હકીકત ઈતિહાસ પ્રસિદ્ધ છે, તે પહેલાની આ વાત છે. તેમને એક ભવ્ય અને આલિશાન ચિત્રશાળા બંધાવવાના કોડ જાગ્યા. તેમની એ ઈચ્છા હતી કે-દેશ દેશના લોકો એ ચિત્રશાળા નિહાળવા મારી નગરીમાં આવે અને મારૂં ગૌરવ વધે. તેમણે શિલ્પ શાસ્ત્રમાં નિષ્ણાત દેશ વિદેશના કળાકારોને નોતર્યા, સેંકડો શિલ્પીઓ કામે લાગ્યા, જોતજોતામાં ચિત્રશાળા તૈયાર થઈ ગઈ અને તેને અનુરૂપ ભવ્ય દરવાજો તૈયાર થયો, પણ એ એકાએક તૂટી પડ્યો. શિલ્પીઓ વિચારમાં પડ્યા: 'આમ કેમ બન્યું ? પણ કારણ કંઈ સમજાયું નહિ, એટલે તેમણે બીજીવાર દરવાજો ખડો કર્યો અને તેને પ્રથમ જેવો જ મનોહર બનાવ્યો, પરંતુ તે દરવાજો પણ જોતજોતામાં તૂટી પડ્યો અને ચિત્રશાળા ખંડિત થઈ. શિલ્પીઓનાં વિમાસણનો પાર રહ્યો નહિ.

રાજા વિચાર કરે છે: 'દરવાજો બબ્બે વાર કેમ તૂટી ગયો ?' મંત્રીઓ વિચારે છે: નિષ્ણાત શિલ્પીઓનો ઉભો કરેલો દરવાજો આમ બબ્બેવાર તૂટી પડે એ તો ભારે નવાઈ !' લોકો તરેહ તરેહની વાતો કરે છે અને જણાવે છે કે 'નક્કી આમાં કંઈ રહસ્ય છે, નહિ તો આવું બને નહિ.'

રાજાએ મોટા મોટા જોશીઓને બોલાવ્યા અને પૂછ્યું કે 'જોશી મહારાજ? દરવાજો વારંવાર કેમ તૂટી પડે છે ? શું મુહૂર્તમાં કંઈ કસર છે કે બીજી કઈ નડતર છે ?' જોશીઓએ ટીપણાં કાઢ્યા, જોશ જોયા, આંગળીના વેઢે ઘન-મકરની ગણના કરી અને સહુ પરસ્પર ચર્ચા કરવા લાગ્યા. છેલ્લે એકમત થઈ, તેમાંના અગ્રેસર જોશીએ જણાવ્યું કે 'મહારાજ ! વસ્તુ બહુ વિચારણીય છે. જેવી તેવી આફત નથી. આ તો ભયંકર દૈવી કોપ છે. એની શાંતિ કર્યા વગર દરવાજો ખડો રહેશે નહિ.' જોશીઓની આ વાત સાંભળીને મહારાજા ખુબ વિસામણમાં પડ્યા: 'માનવીને તો પહોંચી શકાય પણ દૈવી કોપને શી રીતે પહોંચવું ?' તેમણે કહ્યું: 'જોશી મહારાજ ! આનો કંઈ ઉપાય છે કે નહિ ?' જોશી મહારાજ માથું ખંજવાળતાં બોલ્યા: 'રાજન્ ! ઉપાય તો છે, પણ જરા કઠણ છે', રાજાએ કહ્યું: 'તેની ફીકર નહિ, જે ઉપાય હોય તે વિના સંકોચે બતાવો.'

ત્યારે જોશીએ કહ્યું: 'મહારાજ ! આ સ્થળે એક બત્રીસ લક્ષણાં બાળકનો હોમ કરવો પડશે. તે વગર કોઈ ઉપાયે દરવાજો ટકશે નહિ.' જોશીની વાત સાંભળી મહારાજાએ માથું ધુણાવ્યું. 'ઠીક છે પંડિતજી !' અને એક બાળકનું બલિદાન દેવાનું નિશ્ચિત થયું. પણ બાળક લાવવો ક્યાંથી ? એ કંઈ વૃક્ષનું ફળ નથી કે ઝટ લઈને તોડી લેવાય.

મંત્રીઓની સલાહથી નગરીમાં ઢંઢેરો પીટવાનું નિશ્ચિત થયું. સાથે એ પણ જણાવવામાં આવ્યું કે 'જે કોઈ પોતાનો બાળક આપશે. તેને બાળકના ભારોભાર સોનું તોલી આપવામાં આવશે.'

સર્વત્ર ઢંઢેરો પીટાય છે, પણ કોઈ બીડું ઝડપવા તૈયાર નથી. સુવર્ણના લોભે બાળકને વેચે એવા હૈયાફૂટા કોણ મળે ? પરંતુ આ ઢંઢેરો ઋષભદત્ત બ્રાહ્મણના કાને અથડાયો અને તેની બુદ્ધિમાં પરિવર્તન થયું.

'બાળક ભારોભાર સોનાથી તો કંઈક વર્ષનું દારિદ્ર ફીટી જાય અને નિરાંતે રોટલો મળે. ઘરમાં છ જણ છે, પણ પરાણે પેટ ભરાય છે. તેમાંથી એકને આપી દઈએ તો શું વાંધો ? બીજા પાંચનું જીવન સુખેથી ચાલ્યા કરે. પણ આ વાતમાં પત્નીની સલાહ લેવી જોઈએ. તે માને તો જ કામ આવે ! એમ વિચારી તેણે પત્ની ભદ્રાની સલાહ લીધી. પત્ની તેના કરતાં સવાઈ હતી. તેણે કહ્યું: 'વાત બહુ સારી છે. તેમાં વિલંબ કરવાની જરૂર નથી. વખતે બીજો કોઈ ફાવી

જશે, માટે પેલા અમરાને જલ્દી રવાના કરો. રોયો રોજ ખાઉં ખાઉં કરે છે અને હેરાન હેરાન કરી નાંખે છે.'

ભદ્રાને ચાર પુત્રો હતા, તેમાં અમરકુમાર સૌથી નાનો હતો. અગર મોટાને વેચે તો ધન વધારે આવે પણ પૂર્વનું વૈર એટલે તેને જ આપી દેવાનું નક્કી કર્યું અને ઢંઢેરો પીટનારને કહી દીધું કે અમે અમારા એક છોકરાને આપવા તૈયાર છીએ.' રાજસેવકે મહારાજાને વધામણી આપી કે 'મહારાજ ! ઋષભદત્ત બ્રાહ્મણ પોતાનાં બત્રીશ લક્ષણા બાળકને આપવા તૈયાર છે.'

સેવકનાં મુખેથી આ વાત સાંભળી મહારાજા ખુબ રાજી થયા અને કહ્યું કે-તેને જલ્દી મારી સામે હાજર કરો. સેવક દોડતો દોડતો ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં ગયો. આ તરફ અમરકુમારે સાંભળ્યું કે મારા માતા-પિતા મને વેચી દેવાની વાત કરે છે, એટલે તે વિચારમાં પડ્યોઃ 'શું આ સાચું હશે ? માતાપિતા પોતાનાં બાળકને વેચે ખરાં ? અને તે પણ અગ્નિમાં પધરાવવા માટે ! હરગીઝ એ બને જ નહિ.'

પણ એણે ઢંઢેરો પીટનાર રાજાના સેવક સાથે પિતાને વાત કરતા જોયા એટલે એના પેટમાં ફાળ પડી કે 'જરૂર દાળમાં કંઈ કાળુ છે, એટલે તે માતાને પૂછવા લાગ્યોઃ 'માતા ! શી વાત ચાલે છે ? શું મને વેચવાનો છે ? અમરકુમારનો આ પ્રશ્ન સાંભળતાં જ માતા ત્રાડુકી ઉઠીઃ 'હા વાત સાચી છે. તારા જેવાના તો એ જ હાલ થવાના રોયા આખો દિવસ ખા-ખા કરે છે, મને તો તું કાળ જેવો લાગે છે ! પેટે પથ્થર પાકયો હોત તો કપડાં ધોવા કામ આવત.'

અમરકુમાર વિચાર કરે છેઃ 'માતા આ શું બોલી રહી છે ? શું તે ખરેખર મને વેચી દેવાના નિર્ણય પર આવી ગઈ છે ? નહિ, નહિ, એમ બને જ નહિ. તેણે માતાને ફરી પૂછ્યુંઃ 'માતા ! સાચું કહો તમે મને વેચી દેવાના છો ?' પરંતુ માતાએ તેને ઉધડો લીધો અને અત્યંત કઠોર વચનો સંભળાવ્યાં.

અમરે કહ્યુંઃ 'માતા ! ''છોરૂં કછોરૂં થાય પણ-માવતર કમાવતર થાય નહિ'' માતા ! મારો ગુનો માફ કર ! હવે હું ભૂલ નહિ કરૂં, ત્હારા કહ્યા પ્રમાણે વર્તીશ, પણ ભલી થઈને મને વેચીશ નહિ, એમ કહીને એ માતાના ચરણમાં પડ્યો, ચરણ ચૂમવા લાગ્યો, અત્યંત આજીજી કરવા લાગ્યો, આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી, પણ તે એકની બે થઈ નહિ.

જ્યારે માનવી સ્વાર્થી બને છે, ત્યારે દાનવથીય ભૂંડો બને છે, પાશવ

વૃત્તિઓનો ભોગ બને છે, તેનાં વિવેક ચક્ષુઓ બીડાઈ જાય છે, એટલે તે ગમે તેટલું અધમ કૃત્ય કરતાં અચકાતો નથી. અમરકુમારે વિચાર્યું: 'પિતાજીને પાસે જઈ વિનંતિ કરૂં ! તેઓ મને જરૂર બચાવશે' અને તેણે પિતાની પાસે જઈ પ્રાર્થના કરી: 'પિતાજી ! આ આફતથી મને બચાવો !'

ત્યારે પિતાએ જણાવ્યું-બેટા ! 'તું મને ઘણો વ્હાલો છે, શું હું તને વેચું ? પણ તારી મા તને વેચવા તૈયાર થઈ છે અને તે કોઈનું માને તેમ નથી એટલે શું કરૂં ?' પિતાનો આ જવાબ સાંભળી અમરકુમારનું હૈયું છેક જ ભાંગી ગયું અને વીજળીનો ગ્લોબ ઉપરથી નીચે પડતાં શતશઃ સહસ્ત્રશઃ ટુકડા થઈ જાય તેમ ટુકડે ટુકડા થઈ ગયું. હશે ! પિતાએ પોતે જ બીડું ઝડપ્યું છે અને ઉપરથી કહે છે કે હું તને વેચું ? તું તો મને પ્રાણથી પ્યારો છે. કેવી ઠગારી દુનિયા ! કેવા સ્વાર્થી લોકો !

ઋષભદત્ત અને ભદ્રા પોતાનો બાળક વેચવા તૈયાર થયા છે એ વાતની ગંધ આવતાં મામા, મામી, માસા, માસી, ફોઈ, ફૂઆ, કાકા, કાકી સહુ ત્યાં આવી પહોંચ્યા. અમરકુમારે તે સહુને બે હાથ જોડીને પ્રાર્થના કરી કે 'મને બચાવો! મને બચાવો !' પણ જ્યાં માતા પિતા જ પોતાનાં બાળકને વેચવા તૈયાર હોય, ત્યાં બીજાનું શું ચાલે ?

આ જોઈ અમરકુમાર અત્યંત હતાશ બની ગયો, એનું હૃદય ભાંગીને ભુક્કો થઈ ગયું. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યોઃ 'હે પ્રભુ ! શું આ લોકો મને અગ્નિમાં હોમવા માટે વેચી નાખશે ?' તે વારંવાર નિસાસા મૂકે છે, ચોધાર આંસુએ રડે છે અને ચીસો પાડી હૈયાફાટ રૂદન કરે છે પણ કોઈ તેને બચાવવા તૈયાર થતું નથી. એના માતાપિતા તો વજ્રથી પણ વિશેષ કઠોર બન્યા હતા. એટલે લીધી વાતને મૂકે શેના ?

કરૂણ વિલાપ કરતા એ બાળકને લેવા માટે રાજસેવકો હજર થયા. બાળક તો જોતા જ ગભરાયો. જાણે યમદૂત જ આવ્યા.

સેવકોએ અમરકુમારનો હાથ પકડ્યો. અમરકુમારે ચીસ પાડીઃ 'મને કોઈ બચાવો. મને કોઈ બચાવો.' પણ કોઈએ તેને બચાવ્યો નહિ. અરે ! બચાવવાની વાત તો દૂર રહી પણ આશ્વાસન સરખુંય આપ્યુ નહિ. જેમ કોઈ કસાઈ બકરાનો કાન પકડીને લઈ જાય, તેમ રાજસેવકો અમરકુમારને પકડીને લઈ ગયા. સર્વત્ર હાહાકાર મચી ગયો. હાટે ને વાટે, ચોરે ને ચૌટે લોકો ટોળે

વળીને કહેવા લાગ્યા: 'પેટની ખાતર પેટ જણ્યાને શું વેચી દેવાય ? શું બિચારાના આ હાલ થાય ? કમળ જેવા કોમળ બાળકની આ દશા !'

રાજમાર્ગમાં ઊભેલી પ્રજાને અમરકુમારે હાથ જોડીને પ્રાર્થના કરી: 'હે લોકો ! મને કોઈ બચાવો, મને કોઈ બચાવો.' અમરકુમારનાં હૃદયદ્રાવક રૂદનથી એક શેઠનું હૈયું દ્રવી ગયું. તેણે કહ્યું: 'અમરકુમાર ! તને બચાવવા માટે મારાથી થાય તેટલું કરવા તૈયાર છું, ધનની મને પરવા નથી, પણ લાચાર છું, કારણ કે રાજાએ તને અગ્નિમાં હોમવા માટે ખરીદી લીધો છે, ત્યાં કોઈનો ગજ વાગે તેમ નથી. મારા હૈયામાં પારાવાર વેદના થાય છે પણ શું કરૂં ?' શેઠના આ શબ્દો સાંભળી અમર ભારે હતાશ બની ગયો, બસ હવે આવી જ બન્યું. રાજા જરૂર મને હોમી નાંખશે. એ નિર્ણય તેના અંતરમાં પાકો થયો. થોડી જ ક્ષણમાં રાજસેવકો અમરકુમારને લઈને રાજદરબાર પાસે આવી પહોંચ્યા.

મહારાજા શ્રેણિક સિંહાસન ઉપર બિરાજ્યા છે. મોટા મોટા ભટજી લાંબી લાંબી જનોઈ લટકાવતા, મૂછનો વાળ મરડતા, ટીલા ટપકા તાણીને ચોમેર ગોઠવાઈ ગયા છે. વચ્ચે અગ્નિકુંડમાં ધખધખ અગ્નિ ધખી રહ્યો છે, તેમાંથી ભડભડ જ્વાળાઓ ઉછળી રહી છે. આ ભયંકર દશ્ય નિહાળવા અનેક નરનારીઓ જમા થયા છે. લોકમુખેથી વિવિધ ઉદ્‌ગારો સરી રહ્યા છે. કોઈ રાજાને, કોઈ માતાપિતાને તો કોઈ આ પાપી પેટને ધિક્કારે છે, સેવકોએ અમરકુમારને મહારાજા સમક્ષ હાજર કર્યો. મહારાજા આ સિરિષ પુષ્પ જેવા સુકોમળ બાળકને નિહાળી બોલી ઊઠ્યા: 'અરે ભટજી ! જુઓ ! જુઓ ! આ બાળક કેવો સુંદર છે, ખરેખર તે બત્રીસ લક્ષણો છે, એટલે આપણું ધાર્યું કાર્ય જરૂર સિદ્ધ થશે.'

ભટજીએ કહ્યું: 'મહારાજ ! બાળક તો આપણે જોઈતો હતો તેવો જ મળ્યો છે, હવે વિલંબ કરવાની જરૂર નથી. જલ્દી કરો, જલ્દી કરો.'

અમરકુમારે વિચાર્યું: ખરેખર ! આ તો બધા યમદૂતો જ ભેગા થયા લાગે છે, તેમણે મોટાં મોટાં ટીલાં ટપકાં જ તાણ્યા છે, પણ હૃદયમાં દયા કે દર્દ જેવું કંઈ દેખાતું નથી. છતાં હજી એક તક છે તે અજમાવી જોઉં. તેણે તે જ ક્ષણે બે કર જોડી મહારાજાને પ્રાર્થના કરી: 'પ્રભુ ! મેં શું એવો ગુન્હો કર્યો છે કે જેથી મને આ ભડભડતા અગ્નિમાં હોમવા માટે અહીં આણ્યો છે? આપ તો પ્રજાપાલ છો, પ્રજાનું પાલન કરવું એ આપનો ધર્મ છે, પ્રજા આપની

પાસે રક્ષણ માંગે છે. આપ આપનું નામ સાર્થક કરો અને મને બચાવો. મહારાજ! મને બચાવો નહિતર અન્યાય કહેવાશે.'

અમરનાં હૃદયભેદક વચનો કર્ણગોચર કરી મહારાજા બોલી ઉઠ્યા: 'અમર! એમાં મારો અન્યાય નથી. તારા માતાપિતાએ જો તને વેચ્યો ન હોત તો તને અહીં હાજર કરવામાં ન જ આવત. મોં માગ્યા દામ આપીને અમે તને ખરીદ્યો છે, એમાં અમારો ક્યાં અન્યાય છે ?'

અમરે વિચાર્યું કે પ્રજાના પાલક પણ આમ આબાદ રીતે છૂટી જાય છે. હવે બચવાનો આરો નથી. શું હું અગ્નિમાં ભસ્મીભૂત થઈ જઈશ ? શું મને બચાવનારૂં હવે આ જગતમાં કોઈ જ નથી ? અને તેનાં હૃદયના ધબકારા વધી ગયા. અગ્નિની જ્વાળાઓ નિહાળી એ અત્યંત કંપી ઉઠ્યો. એનાં અંગે અંગમાં ધ્રૂજારી વછૂટી. તેટલામાં તો સેવકોએ તેને ન્હવડાવ્યો, ધોવડાવ્યો, સુંદર વસ્ત્ર-અલંકાર પહેરાવ્યા, કંઠમાં ફૂલની માળા નાંખી અને કપાળે કંકુનું તિલક કર્યું.

જો આ સમય વરરાજા બનવાનો હોત તો તો અમરકુમારનું હૈયું હરખથી ગજગજ ઉછળત, પરંતુ આ શણગાર અને સત્કાર પાછળ ભયંકર મૃત્યુ સરજાયું છે, એમ એ બરાબર જાણતો હતો, એટલે તે થરથર ધ્રૂજી ઉઠ્યો.

ભટ્ટજીએ બાળકને ઉંચક્યો, વેદોચ્ચારના ધ્વનિ જોરશોરથી ચાલવા માંડ્યાં. રાજા મનમાં મલકાય છે: 'હવે જરૂર દરવાજો તૈયાર થઈ જશે.' ભટ્ટજીના હરખનો પાર નથી, બસ ઘડીઓ ગણાતી હતી. અરે ! પળ વિપળની જ વાર હતી. પરંતુ પ્રજાજનોનાં હૈયામાં પારાવાર વેદના હતી.

'એક ચિત્રશાળાની ખાતર, એક દરવાજાની ખાતર એક નિર્દોષ બાળકનો આ રીતે હોમ થાય છે' એ વિચારથી જ અનેક નાગરિકો ફિટકાર અને તિરસ્કાર વર્ષાવી રહ્યા હતા. તે જ ક્ષણે અમરકુમારનાં હૃદયમાં એક વિચાર સ્ફુર્યો અને તે ધ્યાનસ્થ બની ગયો. વાત એમ હતી કે-એક વખત સદ્‌ગુરુનો યોગ થતાં તેમની પાસેથી નવકાર મંત્ર સાંભળ્યો હતો. ગુરુ મહારાજે તેનો મહિમા વર્ણવતાં જણાવ્યું હતું કે-ગમે તેવા કપરા કાળમાં પણ તે સૌનું રક્ષણ કરે છે. તેનો પ્રભાવ અદ્‌ભૂત છે, અચિંત્ય છે, તેના સ્મરણથી દેવો હાજર થાય છે, ભયંકર ઉપદ્રવો દૂર સુદૂર ભાગી જાય છે અને પ્રાણનાશક-ખતરનાક રોગો પણ

મટી જાય છે. અરે ! આત્મા અજર અમર બની જાય છે.

અમર એ મહામંત્રનાં માંગલિક પદોનું સ્મરણ કરવા લાગ્યો, તેમાં લયલીન બની ગયો. એને હવે જીવન મરણની પરવા નહોતી.શું બની રહ્યું છે તે જાણવાની દરકાર ન હતી. હું કયાં છું ? તે પણ તે ભૂલી ગયો હતો. મન, વચન અને કાયા એમ ત્રિકરણયોગથી જ્યારે આત્મા પરમાત્માનાં ધ્યાનમાં લીન બને, એકાગ્ર બને, ત્યારે તે ધાર્યું કરી શકે છે. બસ એવું જ અહીં બન્યું. સઘળા બ્રાહ્મણો ભેગા મળી 'ૐ ફટ્ સ્વાહા,' 'ૐ ફટ્ સ્વાહા,' આદિ વેદધ્વનિથી વાતાવરણ ગુંજતું કરી જ્યાં બાળકને હોમવાની તૈયારી કરે છે, ત્યાં તો બનાવ કંઈ ઔર જ બન્યો. અગ્નિકુંડ સુવર્ણનું સિંહાસન બની ગયું અને અમરકુમાર તેના પર બેઠેલો સહુનાં જોવામાં આવ્યો. તે જ વખતે 'ૐ ફટ્ સ્વાહા,' 'ૐ ફટ્ સ્વાહા, ઉચ્ચારનારાં બ્રાહ્મણો પોતે જ ૐ ફટ્ સ્વાહા થઈ ગયાં, બધા લાંબા થઈને ધરણી પર ઢળી પડ્યા.

બનાવ એ બન્યો કે અમરકુમારનાં નવકાર-મંત્રનાં ધ્યાનથી તેના અધિષ્ઠાયક દેવનું સિંહાસન ડોલી ઉઠ્યું. અવધિજ્ઞાનથી નિહાળતાં એ દેવને જણાયું કે એક નિર્દોષ બાળકને પોતાના સ્વાર્થની ખાતર અગ્નિકુંડમાં હોમવામાં આવે છે, એટલે તે જ ક્ષણે ત્યાં આવી ચઢ્યો અને અગ્નિકુંડને સુવર્ણનું સિંહાસન બનાવી દીધું તથા બ્રાહ્મણોને ચત્તાપાટ ઢાળી દીધા. તેણે મહારાજાને પણ ચમત્કાર બતાવ્યો. તેને સિંહાસન નીચે પટકી પાડ્યા અને લોહી વમતા કર્યા. આ જોઈ પ્રજાજન બોલી ઊઠ્યાઃ 'જુઓ જુઓ, પાપનાં ફળ પ્રત્યક્ષ મળે છે. પાપનો ઘડો ફૂટ્યા વગર રહેતો નથી, જે બીજાનું બૂરું કરે છે, તેનું જ બૂરું થાય છે. જે બીજાને માટે ખાડો ખોદે છે તે પોતે જ તેમાં પટકાઈ પડે છે. જોયું? રાજા કેવા પટકાઈ પડ્યા ? અરે ! આ બ્રાહ્મણોની શી વલે થઈ ? જુઓ, જુઓ, આ બાળક કેટલો પુણ્યશાળી છે ? અરે લોકો ! તેનાં ચરણકમળની પૂજા કરો, નહિતર બધાય મર્યા સમજો. આ કંઈ સામાન્ય બાળક નથી.' પછી સહુની વિનંતીથી અમરકુમારે નવકાર-મંત્રનું સ્મરણ કરી રાજાના અંગ ઉપર પાણી છાંટ્યું અને તે આળસ મરડીને ઊભો થયો અને આસપાસ જોવા લાગ્યો.

અમરકુમારની પરોપકારપરાયણતા નિહાળી સૌ તેને સેંકડો ધન્યવાદ આપવા લાગ્યા.

સજ્જનની એ જ સજ્જનતા છે કે 'બૂરું કરનારનું પણ ભલું કરવું.' એક વખત એ હતો કે અમરકુમાર નમ્રવદને કાલાવાલા કરી અશ્રુ સારતો સૌને વિનવી રહ્યો હતો, 'અરે મને કોઈ બચાવો, મને કોઈ બચાવો' પણ કોઈએ ન બચાવ્યો. પરંતુ તે બધા અત્યારે અમરને વિનંતી કરી રહ્યા હતા કે 'હે કુમાર! સહુના પ્રાણ બચાવો, સહુનો ગુનો માફ કરો.' આ વખતે અમરકુમારે પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરી લાંબા ટાટ થઈને ઠુંઠની જેમ પડેલા બ્રાહ્મણોનાં અંગ ઉપર પાણી છાંટ્યું કે તે પણ ઊભા થઈ ગયા અને સર્વત્ર જય જયકાર વર્તાયો.

મહારાજા શ્રેણિકે વિચાર્યું : 'જો આ બાળક ન હોત તો આજે બધાનુ આવી બન્યું હતું, સૌ યમધામે સીધાવી ગયા હોત. ખરેખર ! તેણે બધાને નવું જીવન આપ્યું છે અને તેમણે બે હાથ જોડી ઉપકારનો ચત્કિંચિત બદલો વાળવાની ઈચ્છાથી અમરકુમારને વિનંતિ કરી કે 'કુમાર ! હવે આ રાજપાટ તમે-ગ્રહણ કરો, તમારા ઉપકારનો બદલો વાળ્યો વળે તેમ નથી. અમારો ગુનો માફ કરો.'

પરંતુ ઉત્તરમાં અમરકુમારે જણાવ્યું કે 'મહારાજ' રાજપાટની મને જરૂર નથી. મેં સમગ્ર વિશ્વનું સ્વરૂપ જોઈ લીધું છે. આવા સ્વાર્થી સંસારમાં હવે ખૂંચી રહેવું મને એક ક્ષણ પણ ઉચિત લાગતું નથી. આ બધી માયા ક્ષણિક છે, વિનશ્વર છે. સૌ સ્વાર્થનાં સગાં છે. સાચો તારણહાર ને આધાર એક જ ધર્મ છે, માટે તેનું શરણું ગ્રહી હવે હું મારા આત્માનું કલ્યાણ કરીશ.'

જ્યારે આત્માને સંસારની સાચી સ્થિતિનું ભાન થાય છે ત્યારે હીરાના હાર, મોતીની માળા, દેવાંગના જેવી રૂપવતી લલનાઓ અને ઝાકઝમાળ રાજમહાલયો, આ બધુંય તુચ્છ ભાસે છે. એટલે તે જ ક્ષણે અમરકુમાર ત્યાંથી ચાલી નીકળે છે અને પંચમુષ્ટિ લોચ કરે છે. આ વખતે તેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે કે જેના પ્રભાવથી પૂર્વ ભવો જોઈ શકાય છે. અમરકુમાર સાચો અણગાર બને છે, સાચો ત્યાગી બને છે, હવે એને જીવન-મરણની પરવા નથી, હવે એને કશીય ઈચ્છા નથી. માત્ર તમન્ના છે આત્માનું હીર પ્રગટાવવાની, આત્માનું જવાહીર ચમકાવવાની. અમરકુમાર સ્મશાનભૂમિ ભણી સીધાવ્યા અને ત્યાં ધ્યાનમાં લીન બન્યા. હવે એમને ભૂત, પીશાચ કે ક્રૂર જંગલી જાનવરોનો ભય નથી, ડર નથી. એ નિર્ભય બન્યા છે, અડગ બન્યા છે અને પોતાની સાધનામાં તત્પર બન્યા છે.

અમરકુમારના માતાપિતા બાળકને વેચીને ભારોભાર સુવર્ણ લઈ આવ્યા. તેમની ખુશીનો પાર નથી. ઉજાણી માટે સૌ સ્વજનો ભેગા થયા છે. આનંદકલ્લોલ કરી રહ્યા છે. ધન્ય ભાગ્ય અને ધન્ય ઘડી ગણાવતા તેઓ થોડું સુવર્ણ સ્વજનોને વ્હેંચી આપે છે અને ઘણું ખરું જમીનમાં દાટે છે.

એવામાં 'મા ! મા !' પોકારતો એક બાળક ત્યાં દોડી આવ્યો અને કહેવા લાગ્યો કે-મા ! મા ! અમરો તો જીવતો છે, રાજા પ્રજા સૌ એનાં ચરણે આળોટે છે. અગ્નિ બુઝાઈ ગયો અને એ તો ચાલી નીકળ્યો; પણ માતાને ગળે એ વાત કેમ ઉતરે ? તેણે તપાસ કરી તપાસના અંતે બનેલી સર્વ હકીકત જાણી લીધી અને તેના હૈયામાં શૂળ ભોંકાય તેમ અપાર વેદના થવા લાગી. 'હાય ! પીટયાને અગ્નિમાં હોમવા મોકલ્યો, તો ય જીવતો રહ્યો. હવે આ બધું સોનું રાજા પાછું માંગશે તેનું શું ?'

એને તો ધનની પડી હતી, બાળકની પડી ન હતી. હૃદયમાં દયા કે કરૂણાનો અંશ પણ ન હતો, એટલે પોતાનાં ધનને જ રડી રહી હતી. એમ કરતાં રાત્રિ પડી, બરાબર બાર વાગ્યાનો સમય થયો. સર્વત્ર ઘોર અંધકાર છવાઈ ગયો. એવી કાળી રાત્રિએ અમરકુમારની માતા કાળું કૃત્ય કરવા તૈયાર થઈ. હાથમાં છરી લીધી, તેને ઘસીને બરાબર અણીદાર કરી અને સ્મશાન ભણી પગલાં માંડ્યાં.

આમ તો સ્ત્રીઓ ધોયે દહાડે એક કાગડાના સ્વરથી ડરીને દૂર ભાગે છે અને આવી ભયંકર ઘોર અંધારી રાત્રિએ નિર્જન જંગલ ભણી ચાલી નીકળવું, એ કેવું સાહસ ! ખરેખર સ્ત્રીઓનાં ચરિત્રને મોટા મોટા માંધાતાઓ પણ કળી શક્યા નથી ! એ તો કમ્મર કસી નિડર થઈ. સ્મશાનમાં પહોંચી ગઈ કે જ્યાં અમરકુમાર ધ્યાનસ્થ ઊભા હતા. તેમને જોતાં જ તે હુંકાર કરવા લાગીઃ 'રોયા અહીં ઢોંગ કરે છે ? ઠીક છે, તેનું પરિણામ તને હમણાં જ બતાવું ! એમ કહેતી છરીને ચુંબીને અમર મુનિના ગળા ઉપર ફેરવવા લાગી. પરંતુ તેઓ અપૂર્વ ધ્યાન સાગરમાં ઝૂલી રહ્યા છે ! તેમને શત્રુ-મિત્ર ઉપર સમભાવ છે, જીવન મરણની પરવા નથી ! એ ત્યાગી અણગાર સર્વ જીવોને ખમાવે છે અને પરમાત્માનાં ધ્યાનમાં મશગુલ બને છે. માતાએ ગરદન ઉપર છરી ફેરવી તેથી તેમનું પ્રાણપંખેરૂં ઉડી ગયું પણ શુભ ધ્યાનનાં બળે તેઓ બારમાં દેવલોકમાં ઉત્પન્ન થયા કે જ્યાં બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ છે, જ્યાંના વૈભવો અને સુખો અપાર છે. ત્યાંના દૈવી સુખોને અસંખ્ય વર્ષો સુધી ભોગવી

અમરકુમારનો આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, મનુષ્યજન્મ મેળવી, ચારિત્ર અંગીકાર કરી, ઘાતિકર્મોને ખપાવી, કેવળજ્ઞાન અને કેવળદર્શન વરી, અંતે શાશ્વત ધામમાં બિરાજશે. તેમને આપણી ભૂરિ ભૂરિ વંદના હો !

ધનની ખાતર બાળકના, અરે ! એક ત્યાગી અણગારના પ્રાણ લઈ મલકાતી માતા ઘર ભણી દોડી જાય છે કે મને કોઈ જોઈ ન લે, પણ પાપ પીપળે ચઢીને પોકારે છે. દાબી દુબી આગ કદી છૂપતી નથી એ ન્યાયે રસ્તેથી પસાર થતાં ભૂખી ડાંસ વાઘણ મળે છે, ફાળ મારી ભદ્રાને પકડી પાડે છે અને ફાડી ખાય છે. આ રીતે તેનાં મનની મુરાદ મનમાં જ રહી જાય છે અને ઘોર પાપના પરિણામે એ છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થાય છે કે જ્યાં બાવીશ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ આયુસ્થિતિ છે અને પ્રત્યેક ક્ષણ અતિ ભયંકર છે. સાંભળનાર પણ ધ્રુજી ઉઠે એવા ઘોર દુઃખના સ્થાનમાં અસંખ્ય વર્ષો સુધી એ આત્મા છેદાશે, ભેદાશે, યાવત્ અનંત દુઃખો ભોગવશે. માટે હસતાં હસતાં અનેક પ્રકારના પાપકર્મો કરતાં વિચાર કરો કે જેથી પાછળથી પસ્તાવું ન પડે. એક મહાપુરૂષે ઠીક જ કહ્યું છે કે –

"બંધ સમય ચિત ચેતીએ
ઉદયે શો સંતાપ ?"

નવકાર મંત્રનો અપૂર્વ મહિમા બતાવતી આ કથા અહીં પૂરી થાય છે અને આપણને ભવ્ય સંદેશો આપતી જાય છે કે જો જીવનને સફળ બનાવવું હોય તો સદા નવકાર મંત્રનું સ્મરણ કરો. આ જગતમાં તેના જેવો પ્રતાપી અન્ય કોઈ મંત્ર નથી, આ વિશ્વમાં તેના જેવું કોઈ સબળ સાધન નથી.

नवकार-इक्क अक्खर पावं फेडेइ सत्त अयराणं,
पन्नासं च पयेणं पणसय सागर समग्गेणं ॥

સાત સાગરોપમ સુધી નરકમાં નારકીનો આત્મા જેટલા પાપ કર્મોને ખપાવે, તેટલા પાપો નવકાર મંત્રનો એક અક્ષર જપવાથી ખપે છે અને એક પદના જપથી પચાસ સાગરોપમ જેટલાં અને સંપૂર્ણ નવકાર મંત્રના જાપથી પાંચસો સાગરોપમ જેટલાં પાપ ખપે છે.

★ મહર્ષિ મેતારજ મુનિની કથા ★

અઢી હજાર વર્ષ પૂર્વે રાજગૃહીનાં વૈભવની ગૌરવગાથા સમસ્ત ભારતવર્ષમાં ગવાતી હતી.

ધનાઢ્યો અને ધર્માઢ્યોથી અલંકૃત આ નગરીમાં એક દંપતી સુખેથી કાળ નિર્ગમન કરતા હતા. કેટલોક કાળ વ્યતીત થતાં શેઠાણીએ એક પુત્રને જન્મ આપ્યો પરંતુ તે મરેલો હતો. આમ શેઠાણીનાં ઉદરે જેટલાં બાળકો જન્મતાં તે બધાં જ મરેલાં જન્મતાં હતાં, આથી શેઠાણી હંમેશા ઉદાસીન રહેતાં હતાં.

એક વખત ત્યાં કામ કરવા આવનારી ચંડાળણીએ પૂછ્યું : શેઠાણી તમે તો દૂધ-ચોખાનાં ઘણી છો, ગાડી વાડીના માલીક છો, છતાં આમ ઉદાસીન કેમ બેઠા છો ?' શેઠાણીએ કહ્યું: 'હું બધી વાતે સુખી છું પણ એક વાતનું દુઃખ છે, તેથી દિલ નારાજ રહે છે.'

ચંડાળણીએ પૂછ્યું: 'શેઠાણી ! એવું તે શું દુઃખ છે ? જો વાંધો ન હોય તો જણાવો.'

શેઠાણીએ કહ્યું ખોળાના ખુંદનાર વગર આ આલીશાન મકાન સ્મશાન જેવું સુનું લાગે છે, કોણ જાણે પૂર્વે કેવા કર્મો કર્યાં હશે ! જરૂર પરભવે કોઈનાં બાળકને મારી નાંખ્યા હશે ! કોઈના દીકરાનો વિયોગ કરાવ્યો હશે ! યા પશુ પક્ષીનાં ઈંડાને ફોડી નાંખ્યા હશે ! નહિતર બધાં બાળક મરેલા કેમ જન્મે !

શેઠાણીની વાત સાંભળી ચંડાળણીને ઘણું દુઃખ થયું. તેણે કહ્યું: 'શેઠાણી ! એક રસ્તો છે, મારી વાત માનો તો. મારે ઘેર ઘણાં ય બાળકો છે, હવે મને સંતોષ છે, હવે જે બાળક જન્મશે તે હું તમને ગુપ્ત રીતે આપી દઈશ અને તમારો મરેલો બાળક હું લઈ જઈશ, જેથી તમારી ઈચ્છા કંઈક અંશે પૂર્ણ થશે.' ભવિતવ્યતાના યોગે થયું પણ એવું કે જ્યારે શેઠાણીને ગર્ભ રહ્યો ત્યારે ચંડાળણીને પણ ગર્ભ રહ્યો અને બન્નેએ પુત્રને એક સાથે જન્મ આપ્યો એટલે સંકેત પ્રમાણે તેની અદલાબદલી કરવામાં આવી. શેઠશેઠાણીએ ખુશી મનાવી યાચકોને દાન દીધા, બાળકોને મીઠાઈઓ વહેંચી, સગાં સ્નેહીઓને ઘેર બોલાવી ભાતભાતનાં જમણ જમાડ્યાં અને એ પુત્રનું નામ મેતાર્ય-મેતારજ પાડ્યું.

ભાગ્યનું કેવું અજબ પરિવર્તન ! ચંડાળને ત્યાં જન્મેલો એક બાળક આમ એક શ્રીમંતને ત્યાં સોનાનાં ઘુઘરે રમવા લાગ્યો.

પૂર્વભવે એક રાજકુમાર અને રાજપુરોહિતના પુત્રને ગાઢ સ્નેહ હતો. બન્ને મિત્રો સાથે જ રમતા અને સાથે જ જમતા હતા, પણ તેમનામાં એક મોટું અપલક્ષણ હતું. તેઓ જૈન મુનિઓની ઠેકડી ઉડાડવામાં આનંદ માણતા હતા. આ કારણે જ આ નગરીમાં જૈન મુનિઓનું આગમન બંધ થયું હતું. એકવાર સાગરચંદ્ર નામના મહાત્માએ ગુરુઆજ્ઞા લઈ અવંતી ભણી વિહાર કર્યો. લોકોએ ઘણા વાર્યા, 'મહારાજ ! રાજમહેલમાં ન જશો. છોકરાઓ બહુ દુષ્ટ અને પાખંડી છે, આપની આશાતના કરશે અને ધર્મની હીલના થશે.'

સાગરચંદ્ર મુનિએ જવાબમાં જણાવ્યું: 'મહાનુભાવો ! એ બાળકોને બોધ આપવા જ હું અહીં આવ્યો છું, તમે ગભરાશો નહિ, હું યોગ્ય કરીશ.' અને તેઓ રાજમહેલમાં પહોંચી ગયા. બન્ને મિત્રો ચોકમાં રમી રહ્યા હતા. મુનિને જોતાં જ તેઓ દોડી આવ્યા અને જેમ આવે તેમ બોલવા લાગ્યા. મુનિ શાંતિપૂર્વક સાંભળતા જ રહ્યા. છેવટે રાજપુત્રે કહ્યું: 'મહારાજ ! આવો ! આવો ! આપણે ખેલીએ અને તેઓ મુનિ સાથે ક્રીડા કરવા લાગ્યા. મુનિને તો પરચો જ બતાવવો હતો, એટલે તેમણે લાગ જોઈને બન્નેને એવી રીતે પડકયા કે તેમનાં સાંધેસાંધા ઉતરી ગયા અને કરૂણ ક્રંદન કરવા લાગ્યા. ત્યાંથી મુનિ એક ઉદ્યાનમાં આવી કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બન્યા. બન્ને મિત્રોનો આ કરૂણ વિલાપ રાજાને કાને અથડાયો, એટલે તે તરત જ નીચે આવ્યો અને બન્નેની આવી વિચિત્ર સ્થિતિ નિહાળી અત્યંત કોપાયમાન થયો. જાણે તપેલો લોખંડનો ગોળો જ જોઈ લ્યો. રાજાને ખબર પડી કે આ કૃત્ય મુનિએ આચર્યું છે, એટલે તેણે સેવકોને હુકમ કર્યો કે 'જાવ, જલ્દી જાવ, કુમારોની આ દશા કરનાર મુનિને શોધી લાવો.'

રાજાજ્ઞા થતાં જ સેવકો દોડી ગયા અને તેમણે તપાસ કરી રાજાને નિવેદન કર્યું: 'મહારાજ ! તેઓ બહારનાં ઉદ્યાનમાં કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઊભા છે.' એટલે રાજા પોતે ત્યાં ગયો અને મુનિને તોછડાઈથી કહેવા લાગ્યો મુનિએ જણાવ્યું કે 'હે રાજન્ ! મેં પાપ કર્યું નથી, પણ તમને હિતશિક્ષા આપી છે! તમારાં બાળકો પવિત્ર સાધુ સંતોની ગમે તેવી ઠેકડી કરે અને તમે એને કંઈ કહો નહિ, એ કેવો ભયંકર અન્યાય ! તમારે એ બાળકોને શિક્ષા કરવી જોઈએ, ઠેકાણે લાવવા જોઈએ. તમે એ કાર્ય ન કર્યું, એટલે અમારે આ કાર્ય કરવું પડ્યું.' મુનિનાં આ વચનો સાંભળી રાજા લજ્જિત થયો. તેણે કહ્યું: 'મહારાજ ભૂલ થઈ, ગુનો માફ કરો ! હવે જરૂર એમને હું સમજાવીશ, પરંતુ અત્યારે તો તેમના પ્રાણ બચાવો.' ત્યારે મુનિએ કહ્યું: 'રાજન્ ! સાધુઓની હીલના કરવી,

આશાતના કરવી, એ કંઈ નાનીસૂની વાત નથી ! આવું મહાપાપ આત્માને નરક ગતિનાં મહેમાન બનાવે છે, જનમ જનમમાં જીભ મળતી નથી અને ઘોર દુઃખી થવું પડે છે.'

રાજાએ કહ્યું: 'ગુરુદેવ ! ફરી એવું નહિ બને પણ હાલ તો એમના પ્રાણ બચાવો.' મુનિએ સાફ જણાવી દીધું કે 'રાજન્ ! હવે તો એ બન્ને ચારિત્ર અંગીકાર કરે તો જ બચી શકે, અન્યથા બચવાનો કોઈ ઉપાય નથી.'

મુનિનાં આ વચનો શ્રવણ કરી મહારાજા ઘેરા વિચારમાં પડી ગયા: 'હવે શું કરવું ? બાળકો ચારિત્ર લેશે નહિ અને એમના પ્રાણ બચશે નહિ.'

રાજાએ મુનિને ઘણાં સમજાવ્યાં પણ તેઓ એકના બે ન થયા, કારણ કે તેમને તો ઘોર હીલના કરનારને બોધપાઠ આપવો હતો..

રાજા નિરાશ થઈ વિલે મુખે પાછો ફર્યો અને પોતાના પુત્રને તથા રાજપુરોહિતના પુત્રને સમજાવ્યું કે 'અરે બાળકો ! બચવાનો માત્ર એક જ ઉપાય છે, તે એ કે તમે સંસારનો ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કરો.' નહિતર આમને આમ તમારા પ્રાણ ચાલ્યા જશે.' આ વાત સાંભળી બંને જણે ચારિત્ર લેવાનું સ્વીકાર્યું અને મુનિએ તેમના ઉતારી નાંખેલા સાંધા ફરી પાછા બરાબર કરી દીધા. પછી તેમણે શરત મુજબ ચારિત્ર અંગીકાર કર્યું-દીક્ષા લીધી. જો કે આ દીક્ષા બંને જણે બલાત્કારે લીધી હતી, પણ વસ્તુ સારી છે. આત્માનું કલ્યાણ કરનારી છે, એવો વિચાર કરી તેઓ સારી રીતે ચારિત્રનું આરાધન કરવા લાગ્યા. પુરોહિતના પુત્રને થયું: 'બધું સારું, પણ આમ મેલુંઘેલું રહેવું એ ઠીક નહિ ! મુનિનાં મલ વસ્ત્ર ઉપર એને ઘૃણા થઈ. આમ બંને જણા ચારિત્રનું પાલન કરી દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમણે અવધિજ્ઞાનથી ઉપયોગ મૂક્યો: કોના પ્રતાપે આપણને આ સ્વર્ગસુખો અને ઋદ્ધિ મળી ! ત્યારે જાણ્યું કે 'અહાહા ! આ તો ચારિત્રનો પ્રભાવ છે. અરે અમે તો બલાત્કારે, ભાવ વિના જબર-જસ્તીથી દીક્ષા અંગીકાર કરી, તેનું ફળ આવું મોટું મળ્યું તો જે ભાવથી દીક્ષા પાળે તેને કેવાં રૂડાં ફળ મળે ?'

એ વખતે બંને જણે નિશ્ચય કર્યો કે હવે જો આપણે મનુષ્ય થઈશું તો અવશ્ય ભાવથી દીક્ષા અંગીકાર કરી કલ્યાણ સાધીશું. હવે બંને જણમાંથી પુરોહિતનો પુત્ર જે દેવ થયો છે, તે ત્યાંથી ચ્યવી, આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયો અને ચંડાળને ત્યાં જન્મ્યો. પૂર્વભવે મુનિનાં મલ-વસ્ત્રની ઘૃણા કરી હતી,

તે કર્મના પ્રભાવે નીચ ગોત્રમાં જન્મવું પડ્યું. પરંતુ ચારિત્રના પ્રભાવે જન્મતાંની સાથે જ તેનું શેઠનાં ઘેર પરિવર્તન થયું. તે અનેક જાતનાં લાડ કોડમાં મોટો થયો. ત્યારે ઉપર રહેલો દેવ તેને પ્રતિબોધ કરવા આવ્યો, પરંતુ તે સમજ્યો નહિ.

તેના પિતાએ સારા સારા ઘરની-દેવાંગના સમી આઠ કન્યાઓ સાથે તેના વિવાહ કર્યાં. લગ્ન મહોત્સવ મંડાયો, ભવ્ય મંડપ ઉભો કરવામાં આવ્યો. મેતારજ હર્ષઘેલો બન્યો કે 'હવે તો હું વરઘોડે ચડીશ, આમ કરીશ, તેમ કરીશ,' એમ મનમાં મોદક ઉડાડવા લાગ્યો. આઠે કન્યાઓ પણ પ્રમુદિત બની અને સાસુ-સસરાના હર્ષનો પાર રહ્યો નહિ. વાજાના મધુર સૂરો ગુંજી ઉઠ્યા, ગૌરીઓએ ગીતરસની જમાવટ કરી. વરઘોડો નગરીમાં ફરી રહ્યો છે, નગરજનો વરઘોડાની શોભાને નિહાળી અવનવી વાતો કરે છે, એમ કરતાં વરઘોડો મધ્ય ભાગે આવી પહોંચ્યો. ભારે રંગ જામ્યો છે, સૌનાં હૈયામાં હર્ષ માતો નથી. આ બધું અદ્‌ભુત દશ્ય નિહાળી એક ચંડાળ પોતાની સ્ત્રીને કહે છે કે 'શું ગજબ શોભા છે ! અગર આપણો પુત્ર જીવતો હોત તો આપણે પણ ભારે ઠાઠમાઠથી આવો જ વરઘોડો કાઢત.' આ વાત સાંભળતાં ચંડાળણી બોલી ઉઠી: 'અરે આ તો આપણો જ પુત્ર છે ! મેં જ શેઠાણીને આપ્યો છે. આ સાંભળતાં જ ચંડાળના મગજનો પારો ચઢી ગયો. 'તો તે આપણા કુળમાં જ એને પરણાવવો રહ્યા !'

પૂર્વના મિત્ર દેવે તેને પ્રતિબોધ કરવા મેતારજના સાચા પિતાના દેહમાં પ્રવેશ કર્યો અને બરાબર ભર બજારે એ ચંડાળે રંગમાં ભંગ કર્યો. મેતારજને હાથ પકડી ઘોડેથી ઉતારી નાંખ્યો અને કહેવા લાગ્યો કે 'બેટા ? ચલ, ચલ, તને તો આપણા કુળની કન્યા શોભે.' આ દશ્ય જોઈ બધા આભા બની ગયા. શું આ ચંડાળનો પુત્ર છે ? છટ છટ !! તે જ ક્ષણે વરઘોડો વિખરાઈ ગયો, માતપિતા વિલખા પડ્યા, સાસુ સસરા શરમથી મોઢું નીચું નાંખી ગયા અને કન્યાઓની મનોવેદનાનો પાર રહ્યો નહિ.

કોઈની પૂછવાની તાકાત નહોતી કે - 'અલ્યા ! તેં આ શું કર્યું ?' ચંડાળ તો મેતારજનો હાથ પકડી ઘર તરફ ચાલી નીકળ્યો. તે જ વખતે પૂર્વભવનો મિત્ર દેવ મેતારજ સમક્ષ હાજર થયો અને કહેવા લાગ્યો કે હવે તો 'બોધ પામ! બોધ પામ !' ચારિત્રનું પ્રત્યક્ષ ફળ અનુભવવાં છતાં સંસારમાં કેમ પડી રહ્યો છે ?'

મેતારજે કહ્યું: 'મિત્ર ! તારી વાત સત્ય છે, પરંતુ ભર બજારે મારી આબરૂ લૂંટાઈ, હવે મારે કોને મો બતાવવું ? જો તું મારૂં કલંક ઉતારીશ તો હું બાર વર્ષ સંસારમાં રહીને ભોગ ભોગવીને અવશ્ય દીક્ષા લઈશ. માટે તું મારી આટલી ઈચ્છા પૂર્ણ કર ! આ પ્રમાણે મેતારજનાં દીન વચન શ્રવણ કરી દેવે તેના ઉપર પ્રસન્ન થઈ રત્નોના સમૂહને આપે તેવો એક બોકડો આપ્યો અને તે અદશ્ય થયો. હંમેશા દેવાધિષ્ઠિત બોકડો રત્ન આપે છે. એ રત્નોને થાળમાં ભરી મેતારજનો પિતા રાજા શ્રેણિકને ભેટ કરે છે અને પોતાના પુત્રને માટે કન્યાની માગણી કરે છે. રાજાને રત્નો ખૂબ ગમે છે, પરંતુ કન્યા આપવાની વાતથી મુખ મચકોડે છે, કારણ કે લોકનિંદા થવાનો ભય બહુ મોટો છે. આમ ઘણા દિવસ સુધી મેતારજના પિતાએ રાજા શ્રેણિકને રત્નો ભેટ કર્યાં. રાજાએ વિચાર્યું કે જરૂર આમાં કંઈ દૈવી સંકેત લાગે છે, યા તેને ત્યાં કોઈ પ્રભાવશાળી વ્યક્તિ હોવી જોઈએ કે જેના પ્રભાવે આવા બહુમૂલ્ય રત્નો ચંડાળ ભેટ કરે છે. બોકડાની પરીક્ષા કરવા રાજાએ ચંડાળને હુકમ કર્યો કે 'બોકડાને રાજદરબારમાં હાજર કરો!' ચંડાળે બોકડાને રાજદરબારમાં હાજર કર્યો. પણ બોકડાએ તો રત્નોને બદલે ત્યાં વિષ્ટા કરી. વાતાવરણ દુર્ગંધમય બનાવી દીધું. રાજાએ નિશ્ચય કર્યો કે જરૂર આ બોકડો દેવાધિષ્ઠિત છે, નહિતર આમ ન બને. રાજાએ બુદ્ધિચાતુર્યથી તેની પાસે માંગણી કરી કે વૈભારગિરિનો માર્ગ સ્વચ્છ નિષ્કંટક કરી સુંદર સડક તૈયાર કરે અને આ નગરી ફરતો સુવર્ણનાં કાંગરાવાળો સુંદર કોટ તૈયાર કરી, અને દરિયાને ખેંચી લાવી, સૌના દેખતાં તેમાં જો સ્નાન કરી પવિત્ર થાય તો જરૂર તેને રાજપુત્રી પરણાવવામાં આવશે. આમ થવાથી લોકનિંદાનો ભય દૂર થાય, એ જ રાજાનો આશય હતો. મેતારજના પિતાએ દેવના પ્રભાવથી ત્રણે કાર્યો વિના વિલંબે પૂર્ણ કર્યાં. લોકો ભારે આશ્ચર્ય પામ્યા. રાજાએ વચન મુજબ પોતાની પુત્રી આપી. પેલી આઠ કન્યાઓ ચાલી ગઈ હતી, તે પણ પાછી વરવા તૈયાર થઈ.

'ભરતીમાં ભરતી અને ઓટમાં ઓખ' એ ન્યાય પ્રસિદ્ધ છે.

મેતારજ નવ-નવ યૌવના સાથે વિવાહિત થઈ રાજ મહેલમાં યથેચ્છ ભોગ ભોગવે છે. આમ ભોગવિલાસમાં બાર-બાર વર્ષનાં વહાણા વાયા છતાં તે ચારિત્ર લેવા તૈયાર થતો નથી, તેથી પૂર્વભવનો દેવમિત્ર પ્રતિબોધ કરવા ત્યાં હાજર થાય છે અને મેતારજને કહે છે કે 'આમ મોહાધીન બની દેવદુર્લભ માનવભવ શા માટે નિરર્થક ગુમાવી રહ્યો છે ?' આ સાંભળતાં જ તેને વૈરાગ્ય

થાય છે અને તે જ ક્ષણે સઘળી ઋદ્ધિસિદ્ધિ છોડી રંગરાગને તિલાંજલી આપી, સંપૂર્ણ સાહ્યબીને-સર્પ જેમ કાંચળીને તજી દે તેમ તજી દઈ મેતારજ સાધુપણું અંગીકાર કરે છે. અણગાર બને છે અને શરીર પરનો મમત્વભાવ છોડી મહીના મહીનાના ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા આદરે છે.

એકવાર માસક્ષમણનાં પારણે તેઓ ધર્મલાભ આપી એક સોનીનાં ઘરમાં પ્રવેશ કરે છે. આવા મહાન ત્યાગી તપસ્વી મુનિને નિહાળી સોનીનું હૈયું હર્ષના હિલોળે ચઢે છે, તેનાં રોમાંચ ખડા થઈ જાય છે અને પધારો, પધારો કહી, શુદ્ધ મોદક તૈયાર હતા તે અનેરા ભાવથી મુનિને વહેરાવે છે. મુનિ ધર્મલાભ આપી ત્યાંથી ચાલ્યા જાય છે, પરંતુ ત્યાં તો કંઈક ઓરજ ઘટના બની. જ્યારે મુનિ વહોરવા પધાર્યા, ત્યારે સોની સોનાનાં જવલા ઘડી રહ્યો હતો. તે ભક્તિના આવેશમાં ત્યાં જ પડતાં મૂકી મુનિને વહોરાવવા માટે ઉઠ્યો હતો, પણ આવીને જોયું તો પેલાં સોનાનાં જવલાં જોવામાં આવ્યા નહિ. ત્યારે સોનીનાં હૃદયમાં ફાળ પડી કે આ શું ? જવલાં ક્યાં ગયાં ? અહીં બીજુ તો કોઈ આવ્યું નથી, માત્ર પેલા મુનિ આવ્યા હતા, તેણે લાગ જોઈને ઉપાડી લીધા લાગે છે. ખરેખર એ મુનિ નથી પણ ધૂર્ત છે. એ ઢોંગીનું જ આ કામ છે, નહિતર જવલાં જાય ક્યાં ? તેણે મુનિની પાછળ પડી તેમને પકડી પાડ્યા અને ક્રોધના આવેશમાં અંગારા જેવા લાલચોળ બની ધમકી આપતાં જણાવ્યું કે 'મહારાજ જવલા મૂકી દો ! મૂકો છો, કે નહિ ? સાધુના લીબાશમાં આવા કાળા કૃત્યો કરો છો તે શું શરમાવા જેવું નથી ?' આમ સોનીએ તુચ્છતાભર્યા વાક્યોનો વરસાદ વરસાવ્યો. જ્યારે માણસને સંદેહ કે શંકા ઉત્પન્ન થાય છે, ત્યારે માણસનું મગજ ગુમ થઈ જાય છે અને હું શું બોલું છું ? તેનું ભાન રહેતું નથી. મુનિ તો સમતા ભાવથી સાંભળતાં રહ્યા. જરાય રોષ કે દ્વેષનો લેશ પણ ન આણ્યો. એટલું જ નહિ પણ તેમણે પોતાનો બચાવ કરવા એક અક્ષર પણ ન ઉચ્ચાર્યો. એમ કરતાં એક જીવની હત્યા થાય તેમ હતું. મુનિ જાણતા હતા કે એનાં જવલાં એક પક્ષી ચણી ગયું છે. પણ એમ કહેવાથી સોની તેના પ્રાણ જ લઈ લે. માટે તેઓ મૌન રહ્યા અને સમભાવપૂર્વક બધું ય સહન કરતા રહ્યા. ક્રોધના આવેશમાં સોનીએ મુનિનાં મસ્તક ઉપર લીલી વાઘરી વીંટાણી અને તેમને તડકામાં ઉભા રાખ્યા. મુનિ અડગપણે અપૂર્વ સમતાભાવમાં ત્યાં ઉભા રહ્યાં. સખત તાપ લાગવાથી વાઘરી સુકાવા લાગી, ઘોર વેદના થવા લાગી, છતાં તેમને સોની પર જરાય રોષ થયો નહિ. તેઓ બીજાનો દોષ ન કાઢતાં પોતાના આત્માની નિંદા-

ગર્હા કરતાં ત્યાં જ ઉભા રહ્યા. તેઓ પાપનો પશ્ચાતાપ કરે છે. સર્વ જીવરાશિને ખમાવે છે અને અપૂર્વ સમતા સાગરમાં ઝૂલે છે. આ બાજુ વાઘરીનો ખુબ સંકોચ થવાથી તેમની નસો ખેંચાઈ અને આંખોના ડોળા બહાર નીકળી પડ્યા, છતાં તેઓ સમભાવથી જરાપણ ચલાયમાન થયા નહિ. જ્યાં આવો સમભાવ વર્તતો હોય ત્યાં કર્મોનો બંધ ફટોફટ તૂટી જાય એ સ્વાભાવિક છે. મેતારજ મુનિને કેવળજ્ઞાન પેદા થયું, તેઓ અંતકૃત કેવળી બન્યા અને સિદ્ધશિલામાં બિરાજી સદાને માટે શાશ્વત આનંદ માણવા લાગ્યા.

હવે સોની તરફ દષ્ટિ દોડાવીએ. તે મનમાં જ મલકાય છે કે આવા અધમને તો આવી જ શિક્ષા થવી જોઈએ. એવામાં એક કઠીઆરાએ કાષ્ઠની ભારી નીચે નાંખી, તેના અવાજથી અથવા મુનિશ્રીનું કલેવર ધબ લઈને નીચે પડ્યું તેના ભયથી ક્રૌંચ પક્ષી ખુબ ડરી ગયું અને ચરકી પડતાં પેલા સોનાના જવલા બહાર નીકળી પડ્યા. સોનીની દષ્ટિ તેના ઉપર પડી. તેણે જવલા જોયાં. જોતાં જ તેના હૃદયમાં ફાળ પડી કે 'અરે ! આ શું ? જવલાં તો આ પક્ષી ચણી ગયું હતું ને મેં નિર્દોષ એવા મુનિની હત્યા કરી. કેવી મૂર્ખતા ? હવે મારૂં શું થશે ? આ પાપથી ક્યારે છૂટીશ ! રાજાને ખબર પડશે તો મારો અને સમગ્ર કુટુંબનો નાશ કરશે અને તે જ વખતે સોનીએ મુનિનું રજોહરણ લઈ ભાવથી દીક્ષા અંગીકાર કરી.

રાજાને ખબર પડી કે અમુકે મુનિના પ્રાણ લીધા છે, એટલે તરત જ સેવકોને આજ્ઞા કરી કે, જાવ એને જનથી મારી નાંખો, સેવકો હુકમ થતાં જ ત્યાં દોડી આવ્યા પણ સોનીને અણગાર દશામાં નિહાળી વિચારમાં પડી ગયા. તેમણે પાછા આવી રાજાને તમામ હકીકત કહી સંભળાવી. તેથી રાજા પોતે ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો કે 'જો દીક્ષા છોડી દઈશ તો તારો ઘાત કરાવીશ. તેં દીક્ષા લીધી છે, માટે છોડી દઉં છું.'

ત્યારબાદ સોનીએ ભગવાન મહાવીરદેવ પાસે સહકુટુંબ દીક્ષા લીધી અને આત્મકલ્યાણ સાધ્યું.

ક્ષમાનો આદર્શ પૂરો પાડી જગતને અપૂર્વ બોધપાઠ આપનાર મહામુનિ મેતાર્યને હજારો વંદન હો !



★ ઈલાચીકુમારની કથા ★

સારા નિમિત્તો, સુંદર આદર્શો અને ઉચ્ચ આલંબનો જીવનમાં કો'ક ઘડી-પળે એવી ગજબની અસર કરી નાંખે છે કે આત્મા ક્ષણવારમાં પરમાત્મા બની જાય છે; માટે જ સંસારી આત્માઓને ડગલે ને પગલે સારા આલંબનોની જરૂર છે. સ્ફટિકરત્નની પાસે જેવા રંગની વસ્તુ ધરવામાં આવે તેવા રંગનો તેમાં પ્રતિભાસ થાય છે. તેવી જ રીતે આત્મા જેવા નિમિત્તોમાં આવે છે, તેવા નિમિત્તોમાં તે તદ્રુપ બની જાય છે; માટે જ કહેવાય છે કે, 'સંગ તેવો રંગ' 'સોબત તેવી અસર.'

ક્રૂરમાં ક્રૂર ચંડકૌશિક સર્પ પણ પ્રભુ મહાવીરના બે શબ્દોથી જાગી ઉઠે છે. દૃઢપ્રહારી અને અર્જુનમાલી જેવા હત્યારા આત્માઓ પણ પરમપદને પામી ગયા છે. કાળા માથાનો માનવી શું ન કરી શકે ? અધમ એ હંમેશનો અધમ નથી, પાપી એ હંમેશનો પાપી નથી. પળવારમાં આત્માનું પરિવર્તન થઈ જાય છે, માટે જ પાપી યા અધમ આત્મા પ્રત્યે તિરસ્કાર ન દાખવતા માધ્યસ્થભાવ રાખવા શાસ્ત્રકારો ફરમાવી રહ્યા છે.

ઈલાચીકુમારના જીવનમાં પણ આમ જ બન્યું છે. વાત ઈતિહાસ પ્રસિદ્ધ છે.

તે કાળે તે સમયે ઈલાવર્ધનપુરમાં ન્યાયનિષ્ઠ જિતશત્રુ રાજાનું શાસન ચાલતું હતું. નગરીમાં અનેક ધનાઢ્યો, કળાકારો, વ્યાપારીઓ, વિદ્વાનો અને મુત્સદ્દીઓ વસતા હતા. ધનાઢ્યોમાં ધનદત્ત શેઠનું નામ મોખરે હતું. શેઠ પોતાની પત્ની ધારિણી સાથે આનંદ-ચમન કરતા વૈભવ-વિલાસમાં જીવન વ્યતીત કરી રહ્યા હતાં, પરંતુ મોટી ખોટ એ હતી કે-ઘરને દીપવનાર એકે પુત્ર ન હતો. પુત્ર-વિહુણી એ શેઠાણી કો'ક પળે એવી તો ઉદાસ બની જતી કે જાણે મસ્તક પર મોટો પહાડ તૂટી પડ્યો હોય.

એક વખત શેઠાણીએ ઈલાદેવીની આરાધના કરી. ઈલાદેવી પ્રસન્ન થયા અને શેઠાણી એક પુત્રની માતા બન્યાં. ઈલાદેવીની આરાધનાથી પુત્રપ્રાપ્તિ થવાથી પુત્રનું નામ ઈલાચીકુમાર રાખવામાં આવ્યું. તે બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામ્યો. તેને બાળપણથી જ વિદ્યાભ્યાસ, સાધુ સંત અને ધર્મ આ બધું પ્યારું લાગતું હતું. તેનામાં યુવાનીનો ઉન્માદ ન હતો. એ તો એકાંતપ્રિય બની

શાસ્ત્રાધ્યાનમાં અવિરત મશગુલ રહેતો હતો.

માતા-પિતા પુત્રની આ પ્રમાણે રીતભાત નિહાળી ભારે ખિન્ન થયા. આટઆટલું ભણ્યો ગણ્યો પણ વ્યવહારમાં તો ઢ છે. એ કંઈ પણ સમજતો નથી, વ્યવહારીને વ્યવહારનું જ્ઞાન હોવું એ આવશ્યક છે. વ્યવહારથી અનભિજ્ઞ આ ઈલાચીનો સંસાર કેમ ચાલશે ! લોકોની દૃષ્ટિએ એ ભોટ ગણાશે, માટે એને એવી સોબતમાં રાખું કે જેથી તેને દુનિયાનું ભાન થાય. આ પ્રમાણે વિચારી પિતાએ ઈલાચીકુમારને લુચ્ચાઓની ટોળીમાં રાખ્યો. બૂરી સોબત તરત અસર કરે છે, 'સંગ તેવો રંગ' એ કહેવત અનુસાર ઈલાચી સંસ્કારી હોવા છતાં અસંસ્કારીની જેમ જ્યાં ત્યાં ભમવા લાગ્યો. તે એટલે સુધી કે ઘણી વખત ભટકી ભટકી મોડી રાતે ઘરનાં બારણા ખખડાવતો, માતાપિતા પણ કંટાળ્યા, પણ આ તો 'હાથના કર્યાં હૈયે વાગ્યાં' જેવું બન્યું.

એક અસંસ્કારી, વ્યસની અને બૂરી સંગતમાં પડેલા પુત્રને માતા-પિતા સંસ્કારી બનાવવા સારી સોબત કરાવે છે. ત્યારે અહીં એથી ઉલટું જ બન્યું: એક સંસ્કારી બાળકને ખુદ માતા-પિતા બૂરી સંગતમાં જોડે, એ કેટલું આશ્ચર્યજનક !

ઈલાચીના માતા-પિતા ચિંતાતુર બન્યા. તેમને લાગ્યું કે ખરેખર આપણે ઠીક ન કર્યું. પણ રાંડ્યા પછીનું ડહાપણ કામ ન આવે તેમ ઈલાચી હવે હાથથી ગયો. હાથની વાત ન રહી. એક વખત બનાવ એ બન્યો કે, લંખીકાર નામનો એક પ્રસિદ્ધ નટકાર પોતાની રૂપરૂપના અંબાર સમી પુત્રી અને પરિવાર સાથે નગર બહાર ભારે નાટક ભજવી રહ્યો હતો. એના નાટકને નિરખવા હજારો નરનારીઓ ચોમેરથી આવી ચઢ્યા હતાં. ઈલાચીકુમાર પણ લુચ્ચાઓની ટોળી સાથે ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો. નટ અને નટડીની અદ્‌ભુત કળાએ લોકોને મુગ્ધ બનાવી દીધા. સૌ તાલીઓ પીટતા હતાં. 'શું નટકારની કળા ! શું નટડીનું રૂપ ? અહાહા ! એમ સૌ કોઈ એકી અવાજે નટ-નટડીના ગુણગાન કરી રહ્યા હતા. ઈલાચીકુમાર તો જોવામાં એવો તલ્લીન બની ગયો કે ન પૂછો વાત. સૌ કરતાં એ કંઈક નવીન જ અનુભવી રહ્યો હતો. નાટક સમાપ્ત થતાં સૌ ટપોટપ ઘર ભણી ચાલવા માંડ્યાં, પણ ઈલાચીકુમાર તો નટડીનાં અંગોપાંગ નિહાળતો ચિતરેલાં પૂતળાની જેમ ત્યાં જ સ્થિર થઈ ગયો. ભોજનની વેળા વીતી ગઈ, મિત્રોએ ઘણું ઘણું સમજાવ્યો, ત્યારે માંડમાંડ ઘેર આવ્યો. ઘેર તો આવ્યો પણ

એને જરાય ચેન પડતું નથી. એ તો નટડી-નટડીના જાપ જપતો હતો, પલંગ-ગાદી-તકીયા કે સુખ સાહ્યબીના સઘળા ય સાધનો એને ઝેર જેવા લાગતા હતાં. એની નજર સમક્ષ ફક્ત એક જ નટડી તરવરી રહી હતી.

'અહાહા !! કેવી એ રૂપાળી ! શું એનું નૃત્ય ! શું એની કળા ! સોળે કળાએ ખીલતું શું એનું યૌવન ! સકળ કળામાં ખરેખર એ અબળા પ્રવીણ છે. એ છે અબળા છતાં ય મારા જેવા સબળા પણ એની આગળ નિર્બળ બની જાય છે. બસ પરણું તો એને જ પરણું. એના વગર મારૂં જીવતર ધૂળ છે.' આમ વિચારતો ઈલાચી ખાતો નથી, પીતો નથી અને બોલતો પણ નથી. મા-બાપ પૂછે છે : 'અરે બેટા ઈલાચી ! તને શું થયું છે ? કેમ બોલતો નથી ? તને શું દુઃખ છે ? આપણે ત્યાં કશી જ કમી નથી. અઢળક પૈસો, નોકર-ચાકર, વૈભવ વગેરે બધી વાતે આનંદ છે. બોલ તારે શું જોઈએ ? પણ ભાઈ શું બોલે ? કયા મોઢે બોલે કે મારે પેલી રખડતી નટડીને પરણવું છે ! એને લાજ સતાવે છે. મિત્રોના કહેવાથી શેઠને ખબર પડી કે, કુમારનું ચિત્ત પેલી નટડીમાં પડ્યું છે, એને નટડી સાથે લગ્ન કરવા છે.

'અરે ! શું બોલો છો ? એને નટડી સાથે લગ્ન કરવા છે ? આપણી જ્ઞાતિમાં કયાં કન્યાનો તોટો છે કે વળી નીચ નટડી સાથે લગ્ન કરીએ. સારા સારા શ્રીમંતોની વૈભવશાળી રૂપાળી કન્યાઓ ઘણી છે, ઘણાંના કહેણ આવે છે.' શેઠે પુત્રને કહ્યું-તું કહે તો એક નહિ પણ આઠ કન્યાઓ પરણાવવા હું સમર્થ છું. ઉઠ ઉઠ બેઠો થા. આમ શું કરે છે ?'

'પિતાજી ! પરણીશ તો નટ પુત્રીને જ ! એ નટડીને જ ! મારે મન બીજી બધી ધૂળ બરાબર છે. એના વગર જીવન ફોક છે. બસ મારે તો નટડી સાથે જ લગ્ન કરવા છે.' ઈલાચી બોલ્યો.

પિતા તો આ સાંભળીને આભાં જ બની ગયા. કુમાર શું બોલી રહ્યો છે ? કયાં આપણી નાત-જાત અને કયાં આ નીચ કુળની કન્યા ? આમ તો બેનો મેળ કેમ મળે ? એક તરફ શેઠને વ્યવહાર સતાવતો હતો, બીજી તરફ પુત્રની આ પ્રકારની અવદશા સતાવતી હતી. શેઠ વિચારમાં પડ્યા : 'શું કરવું? છોકરો માને તેમ નથી. એકનો એક લાડકવાયો પુત્ર, એને દુઃખ થાય એ પણ શેઠને મન ન ગમતી વાત હતી. ઈલાચીને ઘણું ઘણું સમજાવ્યો, છતાં તે તો એકનો બે ન થયો. પોતાના વિચારમાં તે મક્કમ હતો. એના અંતરમાં નટડી-

વિરહની આગ ભભૂકતી હતી. નટડી એજ એને મન સર્વસ્વ હતું. નટડી વગરનો સંસાર એને મન આગ અને ઝેર સમો લાગતો હતો.

વ્યાપારીઓને ધન મેળવવામાં અને યુવાનોને રૂપવંતી સ્ત્રીઓ પર જેવો રાગ હોય છે, તેવો જ રાગ જો જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મની આરાધનામાં થઈ જાય તો મુક્તિ હાથમાં છે. માણસો ધન કમાવવામાં કેવા એકતાર અને તન્મય બની જાય છે ? કેટકેટલી દોડધામ મચાવે છે ? અને યુવાનો યુવતી સ્ત્રીઓના રાગમાં જીવનને કેવું ફના કરી નાખે છે ? તેવી જ તન્મયતા જો જીવનની સાર્થકતામાં અને ધર્મની આરાધનામાં થઈ જાય તો મુક્તિ જરાએ દૂર નથી.

જ્યારે ઈલાચી કોઈપણ ભોગે નટડીને જ પરણવા ઈચ્છતો હતો, ત્યારે તેના મા-બાપે નટડીના પિતા લંખીકાર નટને પોતાને ત્યાં બોલાવ્યો અને નટને કહ્યું કે 'તારી પુત્રી મારા પુત્રને આપ.' તને જોઈએ તેટલું ધન આપવા હું તૈયાર છું. આ સાંભળી નટ ચકિત થઈ ગયો. અને શેઠ શું બોલી રહ્યા છે, એ વિચારવા લાગ્યો.

નટે કહ્યું-'શેઠજી ! શું બોલો છો ? ક્યાં અમારી નાત-જાત અને ક્યાં તમે ?'

પરંતુ શેઠે પોતાની માગણી આગ્રહપૂર્વક ચાલુ રાખી.

જ્યારે નટ કહે : 'શેઠજી ! આ પુત્રી વડે તો જગતમાં હું જ્યાં ત્યાં પૂજાઈ રહ્યો છું, જે છે તે આ પુત્રી છે. તમારી સાથે સંબંધ બાંધતાં મારી પુત્રી વટલાય, ભાતકુભાત ન થાય. શેઠ સાહેબ ! આ વાત પડતી મૂકી બીજું જે કંઈ કામ હોય તે જણાવો.' પરંતુ શેઠ એકના બે ન થયા. તેમણે પોતાની મૂળ માંગણી જ આગળ ધરી. ત્યારે લંખીકાર નટે શેઠને કહ્યું: 'તે માટેની મારી શરત સાંભળી લ્યો. શેઠ સાહેબ ! મારી પુત્રી સાથે જો તમારા પુત્રના લગ્ન કરવા જ હોય તો પુત્રને નટવિદ્યા શીખવી પડશે, નૃત્ય કરવું પડશે, જ્યાં ત્યાં જવું પડશે, ટાઢ-તડકા વેઠવા પડશે, વૈભવ-વિલાસ છોડવા પડશે, બોલો તે માટે છો તૈયાર ?''

શેઠે ઈલાચી તરફ નજર કરી.

શેઠ કંઈ બોલી ઉઠે તે પહેલા જ ઈલાચી બોલી ઉઠ્યો : નટરાજ ! જેમ કહો તેમ કરવા હું તૈયાર છું.'

માનવી કામાંધ બની કેવાં-કેવાં કામો કરવાં તૈયાર થાય છે ! ઈલાચી ભાન ભૂલી આજે કેવું અધમ કાર્ય કરવાની હામ ભીડે છે !

નટે આગળ જણાવ્યું: 'શેઠજી આ કન્યા પરણીને તમારે ઘેર નહિ આવે. પણ તમારા છોકરાને ઘરજમાઈ થઈને રહેવું પડશે. બોલો, છે કબૂલ ?' શેઠે કહ્યું: 'ભાઈ સાત વાર કબૂલ.'

શેઠ સમજતા હતા કે, છોકરો એકનો બે થાય તેમ નથી. જો નટડી નહિ પરણાવું તો આગમાં પડી બળી મરશે અને એના પ્રાણ ચાલ્યા જશે. નટે વિશેષ ખુલાસો કરતાં કહ્યું: 'શેઠજી ! બીજી વાત પણ જણાવી દઉં. મારી પુત્રી કંઈ રસ્તામાં નથી પડી. તમારો છોકરો નટવિદ્યામાં પ્રવીણ થશે, કોઈ મોટા રાજાને રીઝવી દાન લઈને આવશે, ત્યારે હું મારી નાતને જમાડીને પછી તમારા પુત્ર સાથે મારી પુત્રીને પરણાવીશ, સમજ્યા !

શેઠને બધુંય કબૂલ કરવું પડ્યું. ન કરે તો જાય ક્યાં ? ઈલાચીકુમારને પોતાની આશા કંઈક અંશે ફળી રહી છે, એમ જણાતાં આનંદ થયો. એક નટડી કાજે માબાપ-ઘરબાર-સ્વજન-પરિવાર અને સુખ-સાહ્યબી, વગેરે બધુંય છોડવા તે તૈયાર થયો. ઝીણાં વસ્ત્રો ફગાવી દીધાં, માર્યો કચ્છોટો, હાથમાં લીધો વાંસ ને ઢોલ, અને નટની સાથે એ ચાલી નીકળ્યો.

માતા-પિતાને પારાવાર દુઃખ થયું, પણ કરે શું ? 'હાથનાં કર્યાં હૈયે વાગ્યાં' એમ એ સમજતા હતા.

ઈલાચીએ ટૂંક સમયમાં જ નટવિદ્યા શીખી લીધી. તે એક કુશળ કલાકાર બન્યો, હવે વાત રહી એક રાજાને રીઝવવાની. અનુક્રમે નટ મંડળી સાથે તે બેનાતટ નગરે આવ્યો.

ઈલાચીની ખ્યાતિ એક કુશળ નટ તરીકે ચોમેર પ્રસરી ચૂકી હતી. બેનાતટના અધિપતિ મહારાજા મહીપાળે પણ તેની ખ્યાતિ સાંભળી હતી. નટકાર લંખીકારે મહારાજાને પ્રાર્થના કરી: 'મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે એક નાટક ભજવી બતાવીએ !' મહારાજાએ હુકમ આપ્યો: 'ભલે ખુશીથી ભજવો. રાજમહેલના વિશાળ ચોકમાં ઊંચો વાંસ નાંખવામાં આવ્યો. ચારે બાજુ દોરડા બાંધ્યા. વાંસ ઉપર એક પાટિયું અને પાટિયા ઉપર એક ખીલો ઠોકયો.

ઈંદ્રાણીના રૂપને મહાત કરે તેવી રૂપાળી નટડીએ હાથમાં ઢોલ લીધો,

પગમાં ઘુઘરા બાંધ્યા, નાટક શરૂ થયું. હજારો લોક જમા થઈ ગયા. ઘડીક તલવારની ધાર ઉપર, ઘડીક ઊંધે મસ્તકે, અને ઘડીક ખીલા ઉપર ડુંટી ટેકવીને ઈલાચી નાચે છે, નટની અદ્‌ભૂત કળા નિહાળતાં લોકો મુખમાં આંગળાં નાંખવાં મંડ્યા. અરે શું ગજબ કળા ! આ તે કંઈ જાદુ છે કે મેસ્મેરીઝમ ! આ તો ભારે કળાબાજ છે ! અરે ! જુઓ, જુઓ, પેલી નટડી કેવી સુંદર નાચી રહી છે ! આવી તો રાજાની રાણી ય નહી હોય. અપ્સરાને પણ શરમાવે તેવું એનું રૂપ છે. આમ સૌ વાતો કરતા હતાં, જય-જયના પોકારો કરતા હતાં, અને ઉત્સાહમાં આવીને તાળીઓ પીટતા હતાં. આ રમત-આ ખેલ કંઈ નાનોસૂનો ન હતો. એક જ વાંસ ઉપર, અદ્ધર, માત્ર એના ખીલાના આધારે નાચવું, એ તો જાન સાથેની રમત હતી. આવી અદ્‌ભૂત કળા ને નાટક ભજવી ઈલાચી વાંસથી નીચે ઉતર્યો. તેમાં પણ આશ્ચર્ય ઉપજાવે તેવું એ હતું કે બન્ને પગમાં પાવડીઓ પહેરી હતી. એક હાથમાં ઢાલ અને બીજા હાથે તલવાર ગ્રહી હતી. આમ બીલકુલ નિરાધાર ચઢવું અને ઉતરવું, એ તો ખરેખર લોકોને આશ્ચર્ય પમાડે તેવું હતું. જરાક ચૂકે, તો હાડકા ખોખરાં.

'ઈલાચી નીચે ઉતર્યો. રાજા સિંહાસન પર બેઠો હતો ત્યાં જઈ તેણે ઈનામ લેવા હાથ ધર્યો. લોકો તો તેને ધરેણાં-ગાંઠા, રૂપિયા, પૈસા આપવા અધીરા અને તલપાપડ થઈ ગયા હતા, પણ જ્યાં સુધી મહારાજા દાન ન આપે, ત્યાં સુધી કોઈથી ય પહેલ ન થાય, આ એક મર્યાદા છે. રાજા નટડીનું રૂપ જોઈને મોહિત થયો હતો અને તે કોઈ પણ પ્રકારે પોતાના હાથમાં આવે એવું વિચારી રહ્યો હતો, એટલે તેણે કહ્યું: 'અરે નટરાજ ! મારૂં ધ્યાન તો રાજકાજમાં હતું. મેં તો નાટક જોયું જ નથી, ફરી ભજવી બતાવો.

નટરાજ ફરી વાર વાંસ ઉપર ચઢ્યો અને નટડીએ ગાયન લલકાર્યું અને પ્રભુને પ્રાર્થના કરી: 'પ્રભુ ! પૂરો એની આશ ! મારી ખાતર જેણે ઘરબાર ત્યજી, માતપિતાને ત્યજી, ધનમાલને ત્યજી, ઝીણાં વસ્ત્રો અને અવનવી રસવતીના સ્વાદને તરછોડી આ લંગોટી વાળી છે, મારે માટે જેણે પ્રાણ પાથર્યા છે, મારા માટે જેણે આટઆટલું કર્યું છે, પ્રભુ ! શું તેની આશા નહિ પૂરો !' ઈલાચીકુમારે બીજીવારનો ખેલ પૂરો કર્યો અને નીચે ઉતરી મહારાજા પાસે જઈને પુનઃ હાથ ધર્યો.

એક વખતનો વૈભવ-વિલાસ ભોગવતો કુમાર આજે આ રીતે એક

નટડી માટે ભિખ માંગે છે ! ખરેખર ! કર્મની ગતિ ન્યારી છે !

રાજાએ વિચાર્યું: 'નટ તો જીવતો નીચે ઉતર્યો. મારી ઈચ્છા તો પૂરી થઈ નહિ.' નટ પડે અને નટડી હાથ આવે એ એની ઈચ્છા હતી. કામવાસના તેને સતાવી રહી હતી, તે એના રૂપમાં પાગલ બન્યો હતો, ભાન ભૂલ્યો હતો. તેણે કહ્યું: 'અરે નટ ! મેં તો તારૂં નાટક જોયું જ નથી. હું તો અમુક વિચારમાં હતો.' એમ બ્હાનું કાઢી રાજાએ દાન આપ્યું નહિ ! લોકો કળી ગયા કે જરૂર રાજાની દાનત બગડી છે, દાળમાં કંઈક કાળું છે, નહિ તો આવા અદ્‌ભૂત ખેલ કરનારને દાન કેમ ન આપે ? નટ પણ સમજી ગયો. નટડી વિચારે છે – કસોટીનો સમય છે, નટ જો થાકી જશે તો બાજી બગડી જશે. તેણે ઈલાચીને ઉત્સાહ આપ્યો. આમ ત્રીજી ચોથી અને પાંચમી વાર ઈલાચી વાંસ ઉપર ચઢ્યો. રાજા મનમાં મલકાય છે. જરૂર નટ થાકયો છે. આ વખતે તો પડી જ જશે અને નટડી મારા હાથમાં આવશે.

રાજમહેલની સામે જ એક શેઠની મોટી હવેલી છે, વૈભવની તો જાણે છોળો ઉછળી રહી છે. શેઠાણી ઘરમાં એકલા હતા. નવયૌવના શેઠાણીનાં શા વખાણ કરવા ? જાણે સ્વર્ગની દેવી જ જોઈ લ્યો. રંગબેરંગી ઝીણાં-ઝીણાં રેશમી વસ્ત્રોમાં સજ્જ શેઠાણીએ દૂરથી એક મુનિવરને જોયા. મુનિશ્રી ઘર ઘર ગોચરી ફરી રહ્યા હતા. તેમને શેઠાણીએ વહોરવા માટે આમંત્રણ આપ્યું: 'પધારો ! ગુરુદેવ પધારો ! અમારૂં આંગણું પાવન કરો, લાભ આપો.'

મુનિશ્રીનું લલાટ ચમકી રહ્યું હતું. ચહેરો તેજ મારી રહ્યો હતો. વય યુવાન હતી. મુનિશ્રી શેઠાણીની વિનંતીને માન આપી લાભ આપવા માટે પધાર્યા. શેઠાણીએ વંદના કરી સુખશાતા પૂછી હાથમાં મોદકને થાળ લીધો. શેઠાણી મુનિશ્રીને વિનવવા લાગ્યા. 'ગુરુદેવ ! લાભ આપો !'

વાંસ ઉપરથી નાચતા-નાચતા ઈલાચીકુમારની દૃષ્ટિ સામેની હવેલી ઉપર પડી. તેણે દૂરથી ત્યાગી સાધુને નિહાળ્યા. શેઠાણી મોદકનો થાળ લઈ વળી વળી, લળી લળી પ્રાર્થના કરી રહ્યાં હતાં. આ દૃશ્ય ઈલાચીકુમારે નિહાળ્યું અને એને ઘણો અચંબો થયો, અરે ! આ સાધુની વય યુવાન છે, ચહેરો તેજસ્વી છે, શેઠાણી પણ જુવાન છે; રૂપાળી તેમજ વૈભવશાળી છે, સ્થાન એકાંત છે, આમ છતાં તે કેવા નિર્વિકાર, નીચી દૃષ્ટિ રાખીને ઊભેલા છે ! ચહેરા પર કેટલી સૌમ્યતા છે ! શેઠાણી પણ કેવા ભાવમાં ચઢ્યા છે ! લાડવાનો થાળ લઈ ઊભેલા

શેઠાણી લ્યો, લ્યો કહી રહ્યા છે. છતાં મુનિશ્રી ના, ના કહી રહ્યા છે. નહિ જોઈએ ! નહિ જોઈએ ! ભારે આશ્ચર્ય ! ઈલાચીનાં જીવનપરિવર્તન માટે આ દશ્ય બસ હતું. ઈલાચી વિચારે છે કેઃ 'મારામાં ને આ મુનિશ્રીમાં આસમાન-પાતાળ જેટલું અંતર છે, હું માંગ-માંગ કરૂં છું, તો ય રાજા દાન આપતો નથી અને મુનિવરને લ્યો, લ્યો કહેવા છતાં લેતાં નથી. અ...હા...હા કેટલી નિર્વિકાર દશા ! કેવી નિર્લોભતા ! કેવો ગજબ ત્યાગ ! માટે જ કહ્યું છે ને 'વણમાંગ્યા મોતી મળે, માંગી મળે ન ભીખ.'

ખરે જ મને શતશઃ સહસ્રશઃ ધિક્કાર હો ! સાચે જ આ મુનિરાજ કોટિ-કોટિવાર ધન્યવાદને પાત્ર છે, ક્યાં હું અને ક્યાં આ ત્યાગી અણગાર ! મારામાં ને એમનામાં સરસવ ને મેરૂ જેટલું અંતર છે ! હું કેવો અધમ છું ! હું કેવો નિર્લજ્જ છું ! એક નટડીની ખાતર ઘરબાર તજ્યા, માત-પિતાને દુઃખી કર્યા, કુળની લાજ-શરમ છોડી, અને જ્યાં ત્યાં ભમી રહ્યા છું. આમ છતાંય મારી ઈચ્છા પૂરી થઈ નહિ. રાજા દાન આપતો નથી અને દાન લીધા વગર નટ, નટડી પરણાવવાનો નથી. કદાચ આ નિરાધાર વાંસ ઉપર નાચતા-નાચતા જો જરાક ગબડ્યો-ચૂક્યો તો મારી શી દશા ! હાડકાના ચૂરેચૂરા ! નટડી એને ઠેકાણે રહી જાય અને પરલોકમાં આત્માની દુર્ગતિ થાય એ જુદી. વારંવાર એ ત્યાગી મુનિની પ્રશંસા કરે છે. પોતાને ધિક્કારે છે, પશ્ચાત્તાપ કરે છે, અનિત્ય ભાવનામાં ચઢે છે, તન્મય બની જાય છે. અને ક્યારે હું આ પવિત્ર ચારિત્રમાર્ગ અંગીકાર કરી મારા આત્માનું કલ્યાણ કરીશ ? એવી ભાવધારાની અભિવૃદ્ધિ થઈ રહી છે, નગરજનો નટનું નાટક નિહાળી આફ્રીન થઈ ગયા છે, રાજા સમજે છે 'હમણાં પડશે.' નટડી સમજે છે : 'બસ હવે વાર નથી. મારા પ્રાણપ્રિય ભરથારની આશા ફળીભૂત થશે.'

તેટલામાં તો બનાવ કંઈક ઓર બન્યો. વાતાવરણે જબ્બર પલટો આણ્યો. વાંસ ઉપર નાચતા નાચતા અનિત્ય ભાવના ભાવતા નટ ઈલાચીકુમાર ચાર ઘાતી કર્મનો ચૂરો કરી તત્ક્ષણ વાંસ ઉપર જ કેવળજ્ઞાન પામ્યા. વાંસ વાંસ મટી સુવર્ણમય સિંહાસન બની ગયો છે અને તે સિંહાસન ઉપર કેવળી ભગવાન ઈલાચીકુમાર બેઠા છે.

દેવો કેવળજ્ઞાનનો મહિમા કરવા આવ્યા. 'આ શું ? આ શું ?' લોકો તો છક થઈ ગયા. શું આ તે ઈંદ્રજાળ ! શું જાદુ ! ખરે જ આપણે શું જોઈ

રહ્યા છીએ ! અરે આ ઈંદ્રજાળ નથી ! ત્યારે શું ઈલાચીકુમાર પરમાત્મા બન્યા? લોકો તો ભારે આશ્ચર્ય પામ્યા, જય-જયના ગુંજારવોથી ગગન ગુંજી ઉઠ્યું.

માટે જ કહ્યું છે કે - 'જીવનમાં અજબ ઘડી એક આવે.'

મહારાણી બધું નિહાળી રહ્યાં હતાં. મહારાણીને મહારાજા ઉપર ભારે તિરસ્કાર છૂટ્યો: 'અંતે ઉરમાં આટઆટલી રૂપાળી રાણીઓ હોવા છતાં મહારાજા આ નટડીમાં મુગ્ધ બન્યા છે. ધિક્કાર છે ! ફીટકાર છે ! આ સંસાર ખરે જ અસાર છે. નાહક આવા અમૂલ્ય માનવદેહને આત્મા વિષય-વિકારમાં વેડફી રહ્યો છે. રાણી ભાવના ભાવે છે કે ક્યારે હું આ સંસારનો ત્યાગ કરી પવિત્ર ચારિત્ર અંગીકાર કરીશ? રાણીને સંસાર ઝેર જેવો લાગ્યો. પવિત્ર ભાવનામાં ચઢતા તે જ ક્ષણે રાણીના કર્મપડલ છૂટી ગયા તે કેવલજ્ઞાન અને કેવલદર્શનને વર્યા.

આ દશ્યો નોતાં જ મહારાજાનું હૃદય પલાટાયું. 'ખરે ! જ હું અધમ છું, પાપી છું, મારી કેવી બૂરી ભાવના ! આ નટને મારી નાંખવા સુધીની ભાવના. 'નટ પડે, નટડી મળે અને મારા મનોરથ ફળે', એ જ હું ઈચ્છતો હતો, આટઆટલી રાણીઓ અંતેઉરમાં હોવા છતાં એક નીચ નટડીમાં હું મુગ્ધ બન્યો! ધિક્કાર છે મને! મારા શા હાલ થશે ? હું પણ આ સંયમમાર્ગે પ્રયાણ કરી આત્મકલ્યાણ સાધું. મહારાજા મહીપાળ પણ ભાવનારસમાં ચઢ્યા. ભાવના સાચી હતી. સંસાર અસાર લાગ્યો: ચારિત્ર સાર લાગ્યું. પોતાને ધિક્કારતા મહારાજાએ કર્મમળને પવિત્ર ભાવના-જળથી ખાળી નાંખ્યાં. મહારાજા નિર્મળ બન્યા. ઘાતિકર્મની બેડી તૂટી અને મહારાજા તે જ ક્ષણે કેવળજ્ઞાન પામ્યા. કેવી ગજબ ઘટના !

જનતા તો વાતોના રસમાં ચઢી. આ અજબ ગજબ આશ્ચર્ય સૌ કોઈ નિહાળી રહ્યાં હતાં. કોઈ કંઈ, કોઈ કંઈ એમ પરસ્પર સૌનાં મુખથી અવનવી વાતો વ્હેતી થઈ રહી હતી.

હવે રહી નટડી, નટડીએ પણ વિચાર્યું: 'સાચે જ મારા રૂપનો વાંક છે. હું આવી રૂપાળી છું. માટે જ આ મહારાજા અને આ ઈલાચી મારા રૂપમાં મોહાણા. ધિક્કાર હો મારી જાતને ને મારા રૂપને ! મારા રૂપની ખાતર આ નટે ઘરબાર તજ્યાં અને લંગોટી વાળી જીવનું જોખમ ખેડ્યું. રાજાની ભાવના બગડી આ બધાનું કારણ હું પોતે જ છું. હું જ ન હોત તો આમ ન બનત. બસ, આ સંસાર કારમો ઝેર જેવો છે. હું પણ એ પવિત્ર ચારિત્રમાર્ગે સંચરી ક્યારે આત્મકલ્યાણ કરીશ ?' પોતાના રૂપ ઉપર તિરસ્કાર છૂટ્યો. એને સંસાર કારાગૃહ

લાગ્યો. સંસારની અસારતા વિચારતા અને અનિત્ય ભાવનામાં લીન બનતાં બનતાં તે જ પળે નટડીને પણ કેવળજ્ઞાન થયું.

કેવળજ્ઞાની ઈલાચીકુમારે અમોઘ દેશના આપી. પોતાનો પૂર્વભવ જણાવ્યો. નટડી સાથેનો પૂર્વનો સંબંધ અત્યારના અનુરાગનું કારણ હતો. માનવી એક નકલી નાટક નિહાળવા ખાતર પૈસા ખરચીને ઉજાગરા વેઠીને દોડાદોડ કરે છે, પણ જન્મ-જન્મમાં આત્મા પોતેજ નાટક ભજવી રહ્યો છે, એ પોતાના નાટકને કેમ નિહાળતો નથી ? વગેરે, વગેરે દેશના રૂપ અમૃતનાં ઝરણાં વહાવી શ્રોતાજનોનાં હૃદય ભીંજવી નાખ્યાં. કેંક આત્માઓ તરી ગયા.

ભાવધર્મની પ્રધાનતા ઉપર શાસ્ત્રકારોએ આ દૃષ્ટાંત આપ્યું છે. આમ ઉચ્ચ આલંબન એક ક્ષણમાં જીવનમાં કેવું અનોખું પરિવર્તન આણે છે ? ચાર ચાર ઉત્તમ આત્માઓ કેવળજ્ઞાન પામી ઠેઠ મુક્તિપુરીમાં સીધાવી જાય છે. આપણને સત્સંગ, સારા આલંબન, ઉચ્ચ આદર્શો, શિષ્ટ સાહિત્ય, દેવ-ગુરુ અને ધર્મની ઉપાસના-આ બધી વસ્તુની જીવનમાં ડગલે ને પગલે જરૂર છે. ક્ષણિક પ્રલોભનોમાં ફસાઈ આત્મા જીવનની બરબાદી કરે તે પહેલાં જાગવાની જરૂર છે.

—: જ્ઞાનગોષ્ઠી :—

ભાવના એટલે શું ? તે કેટલી ?

આત્માને શુભ ભાવમાં રાખે તે ભાવના.

ભાવના ૪ પ્રકારની -

મૈત્રીભાવના *- સર્વે જીવોની સાથે મિત્રતા રાખવી.*

પ્રમોદભાવના *- ગુણી જનોના ગુણ દેખીને હર્ષ પામવો.*

કારુણ્ય ભાવના *- દુઃખી જીવો, ધર્મહીન, જીવો ઉપર દયા રાખવી.*

મધ્યસ્થ ભાવના *- અજ્ઞાની અથવા મૂઢપ્રાણીઓ પર મધ્યસ્થ ભાવ રાખવો.*

★ શ્રી નંદિષેણ મુનિની કથા ★

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ્યારે આ પૃથ્વીતલને પાવન કરતા રાજગૃહીનગરીમાં પધાર્યા ત્યારે તેમની અમીસમી મીઠી વાણી શ્રવણ કરવા નગરની જનતા ટોળે વળી ઉમટી હતી. મગધાધિપતિ રાજા શ્રેણિક પણ પોતાના વિશાળ પરિવાર સાથે આવ્યા હતાં, પ્રભુની એક એક દેશનામાં કૈંક આત્માઓ ભવ સાગર તરી જતાં હતાં. રાજપુત્ર નંદિષેણ પણ પ્રભુની મધુરી વાણી સાંભળી વૈરાગી બન્યો અને દીક્ષા લેવા તૈયાર થયો. શાસન દેવીએ ના પાડી કે દીક્ષા ના લેશો કારણ કે તમારૂં ભોગાવલી કર્મ હજી બાકી છે. પણ રણે ચઢ્યો લડવૈયો જેમ પાછો ન ફરે તેમ વૈરાગી બનેલા નંદિષેણે પણ આ વાત ધ્યાનમાં લીધી નહિ અને ખુદ ભગવાન મહાવીરના વરદહસ્તે દીક્ષા અંગીકાર કરી એમના શિષ્ય બન્યા, દીક્ષા લીધા પછી તેમણે ઉગ્ર તપશ્ચર્યા આદરી એટલું જ નહિ પણ કાયાની માયાને તિલાંજલી આપવા એમણે પહાડ જેવા નિર્જન પ્રદેશમાં વિહરવા માંડ્યું. તેઓ આત્મ સાધનામાં ન બન્યા, આમ છતાં એમનું મન કાબૂમાં નહોતું આવતું. છેલ્લે તેમણે આપઘાત કરવાનો વિચાર કર્યો, પણ પાછો વિચાર ફર્યો, અને તેઓ એકદા છઠના પારણે નગરીમાં વહોરવા પધાર્યા, એક ઉંચો પ્રાસાદ નિહાળી તેમણે ધર્મલાભ આપી ત્યાં પ્રવેશ કર્યો, પણ સામો અવાજ અથડાયો કે અહીં તો અર્થ લાભની જરૂર છે, ધર્મલાભની જરૂર નથી. મુનિ પણ મહા સમર્થ હતાં, લબ્ધિ ધારી હતાં અને તેમણે પોતાની શક્તિનો પરચો આપ્યો, તરણાના ટૂકડા કર્યા અને સાડા બાર ક્રોડ સોનૈયાનો વરસાદ થયો. આ પ્રાસાદ હતો એક નિપુણ વેશ્યાનો, વેશ્યા તો આ જોતાં જ દિંગ બની ગઈ, મુનિશ્રી તો ધર્મ લાભ આપી ચાલવા માંડ્યા, ત્યાં તો વેશ્યા ઉંબરામાં આડી ઉભી રહી અને બે કરજોડી વિનવવા લાગી કે મહારાજ ! આ ધન મારે કામ નહિ આવે. ગાડા-ઊંટ ભરી, થેલા ભરી આપ લઈ જાવો, કાં આપ અહીં રહી જાઓ.

વેશ્યા પછી પૂછવું જ શું ? એને તો હાવ ભાવ અને ચાળા ચસ્કા દ્વારા મુનિનું મન આકર્ષી લીધું. અને મુનિ નંદિષેણ ઓઘો અને મુહપત્તિ ખીંટીએ લટકાવી વેશ્યાના આવાસમાં વસવા લાગ્યા. ભોગાવલી કર્મ ઉદયમાં આવ્યું. ભોગ ભોગવવા છતાં, જળમાં કમળ જેમ નિર્લેપ રહે એમ અંતરથી તેઓ ન્યારા હતા. એમની એ પ્રતિજ્ઞા હતી કે રોજ દસ જણને પ્રતિબોધ કરી પછી જ ભોજન

લેવું. આ ક્રમ વર્ષ-બે વરસ નહિ પણ, લાગ લાગટ ૧૨ વર્ષ ચાલુ રહ્યા. એક દિવસ નવ જણા પ્રતિબોધ પામ્યા પણ દસમો કેમે ય સમજતો નહોતો, એ હતો સોનાર.

ભોજનનો સમય થતાં વેશ્યા વનિતા વિનંતી કરે છે પધારો સ્વામીનાથ! ભોજન આરોગવા પધારો. આ દશમો તો મહાકામી છે. બુઝે એવો નથી. અને બોલતા બોલાઈ ગયું, કે "આજે દસમા તમે જ સહી" નંદિષેણનો આત્મા ફક્ત વેશ્યાના આટલા શબ્દથી જાગી ઉઠ્યો અને ઓઘો અને મુહપત્તિ લઈ તેઓ પુનઃ સદ્‌ગુરુના સમીપે આવ્યા. હૃદયના પારાવાર પશ્ચાત્તાપ પૂર્વક-વૈરાગવાસિત ભાવનાથી પુનઃ તેમણે સંયમ અંગીકાર કર્યું અને તેઓ તપ-જપ, ક્રિયાકાંડ, જ્ઞાન-ધ્યાન દ્વારા પાપને પખાળવા લાગ્યા. અંતે કાળ કરી સ્વર્ગ લોકમાં સીધાવ્યા. મુનિ નંદીષેણની આ કથા આપણને અનેરી પ્રેરણા આપે છે.

ફટાકડા ફોડવાથી બંધાતા આઠકર્મ

૧.	*કાગળ બાળવાથી*	- **જ્ઞાનાવરણીય કર્મ**
૨.	*જીવોના અંગોપાંગ છેદાતા*	- **દર્શનાવરણીય કર્મ**
૩.	*જીવોને વેદના આપતા*	- **વેદનીય કર્મ**
૪.	*ફોડતા આનંદ મનાવતાં*	- **મોહનીય કર્મ**
૫.	*એ વખતે આયુનો બંધ પડે તો*	- **આયુષ્ય કર્મ**
૬.	*દાઝીને બળી મરીએ તો*	- **નામ કર્મ**
૭.	*ફોડવામાં મદ થવાથી*	- **ગોત્ર કર્મ**
૮.	*ઊંઘ તથા ભણવામાં અંતરાયથી*	- **અંતરાય કર્મ**

જિનપૂજાથી આઠ કર્મનો નાશ

૧.	**ચૈત્યવંદન**	- *જ્ઞાનાવરણીય કર્મનો નાશ*
૨.	**પ્રભુદર્શનથી**	- *દર્શનાવરણીય કર્મનો નાશ*
૩.	**જયણા પાળવાથી**	- *વેદનીય કર્મનો નાશ*
૪.	**પ્રભુ ગુણ ગાવાથી**	- *મોહનીય કર્મનો નાશ*
૫.	**રૂપસ્થ અવસ્થા ભાવવાથી**	- *નામ કર્મનો નાશ*
૬.	**પ્રભુ આજ્ઞા દાસપણું સ્વીકારવાથી**	- *ગોત્રકર્મનો નાશ*
૭.	**વિધિપૂર્વક પૂજા કરવાથી**	- *અંતરાયકર્મનો નાશ*
૮.	**આત્માનું અવિનાશીપણું વિચારવાથી**	- *આયુષ્યકર્મનો નાશ*

★ શ્રી અષાઢાભૂતિની કથા ★

રાજગ્રહી નગરીમાં જ્યારે સિંહરથ રાજાનું શાસન ચાલતું હતું ત્યારનો આ પ્રસંગ છે.

એકદા મહાજ્ઞાની સૂરિપુંગવ શ્રી ધર્મરૂચિ મહારાજના પુનીત પગલાથી આ નગરી પાવન બની. મધ્યાહ્ન સમયે મહા બુદ્ધિનિધાન અને લબ્ધિનિધાન એવા શ્રી અષાઢાભૂતિ મુનિવર ગોચરી લેવા પધાર્યા. શેરી શેરી ઘૂમતા એક નટકારના આંગણે ધર્મલાભ આપી તેમણે પ્રવેશ કર્યો. નટકારે ખૂબ ભાવભક્તિથી સુગંધથી મઘમઘતા સુંદર મોદક વહોરાવ્યા. મોદકની અનેરી સુગંધે મુનિશ્રીના મનને જીતી લીધું. તેમને થયું કે આ મોદક તો ગુરુદેવ વાપરશે. મને તો નહિ જ મળે, માટે તેઓ પુનઃ નટકારને ત્યાં મોદક લેવા પધાર્યા. અષાઢાભૂમિ મુનિવર રૂપ પરાવર્તન કરવાની અનેરી શક્તિ ધરાવતા હતા. તેમણે આ શક્તિનો ઉપયોગ કર્યો અને ફરીવાર મોદક લઈ આવ્યા. એમ ત્રણ ચાર વાર વિવિધરૂપો વિકુર્વી મુનિશ્રી નટકારને ત્યાં મોદક વહોરવા પધારતા, નટકાર કળી ગયો કે આ મહાત્મા કોઈ અનોખી શક્તિ ધરાવે છે. જો આવી વ્યક્તિ મારે ત્યાં હોય તો ખરે જ મારૂં આંગણું ધન-વૈભવથી છલોછલ ઉભરાઈ જાય. નટકારે મુનિશ્રીને પ્રાર્થના કરી કે ગુરુદેવ ! રોજ અત્રે પધારજો. નટકારે પોતાની જય સુંદરી અને ભુવનસુંદરીને જણાવી દીધું કે યેન-કેન મુનિનું મન હરી અને તમે તેમને પોતાના બનાવો. અને ખરેખર તેમણે મુનિવરના હૃદયમાં પોતાનું સ્થાન જમાવી લીધું.

અષાઢાભૂતિ મુનિ ઉપાશ્રયે પાછા ફર્યા અને ગુરુદેવને કહ્યું ગુરુદેવ ! આ આપનો ઓઘો અને મુહપત્તિ સંભાળો. હું તો નટપુત્રીઓમાં આસક્ત થયો છું. ગુરુદેવે ઘણું સમજાવ્યા છતાં મુનિશ્રી ન સમજ્યા અને સાધુ મટી સંસારી બન્યા, અને નટકારની બન્ને પુત્રીઓ સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને આનંદ વિનોદમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા.

અષાઢાભૂતિમાં રૂપ પરાવર્તન કરવાની વિશિષ્ઠ શક્તિ હોવાના કારણે ચારેકોર તેમના યશોગાન થવા લાગ્યા.

નટકારે પોતાની પુત્રીઓને શિખામણ આપી કે ભૂલે ચૂકે તમે માંસ મદિરાનું પાન કરતા નહિ. નહિતર આ મહાપુરૂષ હાથમાંથી છટકી જશે.

પ્રેમ અને પ્રમાણિકતા પૈસા વડે કદી ખરીદી શકાતા નથી.

એકદા અષાઢાભૂતિ રાજદરબારમાં નાટક ભજવવા માટે સીધાવ્યા છે. પણ રાજાને અચાનક કામ આવી પડવાથી નાટક બંધ રાખવામાં આવ્યું, એટલે અષાઢાભૂતિ ત્યાંથી પાછા ફર્યા.

ઘરમાં પગ મૂક્યો અને સ્ત્રીઓની નિર્લજ્જ દશા નિહાળી એમનું હૈયું હચમચી ઊઠ્યું. મુખ પર માખીઓ બણબણ કરી રહી હતી. દુર્ગંધ-દુર્ગંધ પ્રસરી રહી હતી.

આમ તો અષાઢાભૂતિ મહાવૈરાગી હતા. તેમનો અંતરાત્મા જાગૃત હતો. અને વળી આ દશ્યે તેમને વધુ જાગૃત કર્યા.

એક વખત રાજસભામાં રાષ્ટ્રપાળ યાને ભરતેશ્વરનું ભવ્ય નાટક ૫૦૦ રાજકુમારો સાથે અષાઢાભૂતિ ભજવી રહ્યા છે. ભરત મહારાજાનો એક એક પ્રસંગ હૂબહૂ રજૂ થઈ રહ્યા છે. પ્રેક્ષકો આનંદમગ્ન બની તાલીઓથી વધાવી રહ્યા છે. છેલ્લે આરિસાભુવનમાં ૫૦૦ રાજપુત્રો સાથે અષાઢાભૂતિ આંગળીમાંથી મુદ્રિકા સરી પડતાં ભરત મહારાજાએ જેમ અનિત્ય ભાવના ભાવતાં કેવળજ્ઞાન મેળવ્યું, તેવી રીતે અષાઢાભૂતિ પણ આબેહૂબ એજ પ્રસંગને રજૂ કરે છે. અનિત્ય ભાવનામાં ચઢે છે અને પાંચસો રાજપુત્રોની સાથે અષાઢાભૂતિ પણ કેવળજ્ઞાન મેળવે છે. દેવોએ અર્પણ કરેલ સાધુવેશને ગ્રહણ કરી ધર્મલાભ આપી ત્યાંથી વિદાય લે છે અને અવનિતલ પર અગાધ ઉપકાર કરી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે.

આ કથા 'ભાવે ભાવના ભાવીએ ને ભાવે કેવળ થાય' યાને ભાવ ધર્મની મહત્તા દર્શાવી આપણને ભાવનાનો અપૂર્વ પાઠ શીખવી જાય છે.

-: શંકા - સમાધાન :-

★ ***આરતી અને મંગલદીવો કેવી રીતે ઉતારવાના ?***

આરતી તથા દીવો ડાબી બાજુથી ઊંચે લઈ જઈ જમણી બાજુ ઉતારવા નાભિની નીચે તથા મસ્તકથી ઉપર ન જવો જોઈએ. આશાતના થાય.

★ ***ફાગણસુદ ૧૩ ના દિવસે છ ગાઉની યાત્રા કેમ ?***

એ દિવસે શાંબ અને પ્રદ્યુમ્ન ૮॥ કરોડ મુનિ સાથે ભાંડવાજીના પહાડ ઉપર મોક્ષે પધાર્યા માટે.

★ સતી સુભદ્રાની કથા ★

અસંખ્ય વર્ષોના કાળના મોજાં ફરી વળવા છતાં ય જે મહાપુરૂષો અને મહાસતીઓની શુભ નામાવલી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ પ્રતિદિન વહેલી સવારે આવશ્યક વેળાએ ભરહેસરની સજ્ઝાય ભણતાં સ્મરણ કરે છે અને પોતાની જીહ્વા પાવન કરે છે, તેમનું જીવન કેટલું ઉચ્ચ અને આદર્શ હશે ? કેટલું નિર્મળ અને કેટલું પવિત્ર હશે ?

એ પવિત્ર આત્માઓના જીવન-ચરિત્રો શ્રવણ કરતા ભવ્યાત્માઓને અદ્‌ભુત પ્રેરણા મળે છે અને તે દ્વારા તેમનાં જીવન ઉન્નત અને ઉર્ધ્વગામી બને છે અને તેથી જ એ વારંવાર કહેવાય છે અને વિવિધરૂપે, વિવિધ સ્વરૂપે રજૂ થાય છે. અહીં સતી સુભદ્રાનું ચરિત્ર એ જ રીતે રજૂ કરીએ છીએ.

તે સમયની આ વાત છે, જ્યારે વસંતપુર નગરમાં રાજા જીતશત્રુની આણ પ્રવર્તતી હતી અને જિનદાસ નામનો મહાબુદ્ધિશાળી મહામાત્ય તેનું રાજતંત્ર અવ્યાબાધ રીતે ચલાવતો હતો, એ મહામંત્રીને તત્ત્વમાલિની નામની તત્ત્વજ્ઞા પત્ની હતી, તેની કૂક્ષીએ સુભદ્રાનો જન્મ થયો હતો. રૂપ રૂપના અંબાર સમી સુભદ્રા બુદ્ધિએ તીક્ષ્ણ હતી, જીવાજીવાદિ તત્ત્વોની ભારે જાણકાર હતી. દેવ-ગુરુ અને ધર્મની આરાધના એ એનું જીવનવ્રત હતું.

પ્રાતઃકાલના પદ્મની જેમ એનું યૌવન ખીલી ઉઠ્યું. સાથે લજ્જા, સંસ્કારિતા અને વિનયાદિગુણો પણ વિકાસ પામ્યા. જળથી ભરેલા સરોવરમાં જેમ પક્ષીઓનું આકર્ષણ સ્વાભાવિક જ થાય છે, તેમ રૂપલાવણ્ય અને સંસ્કારનો સુમેળ જામ્યો હોય ત્યાં લોકોનું આકર્ષણ થાય તેમાં નવાઈ નથી. મોટાં-મોટાં ઘરોમાંથી સુભદ્રાને માટે માગાં આવ્યાં. ખાનદાન ગણાતાં કુટુંબોએ પોતાના પુત્ર માટે સુભદ્રાની માંગણી કરી, પણ મહામંત્રી જિનદાસને કોઈની વાત ધ્યાનમાં ન બેઠી, કારણ કે પોતે ચૂસ્ત શ્રાવક હતા, જૈનધર્મના અનન્ય ઉપાસક હતાં, તેથી તેઓ જેની તેની સાથે પોતાની પુત્રીને પરણાવવા ઈચ્છતા નહોતા. તેઓ સુશીલ અને ધર્માનુરાગી યોગ્ય વર મળે તે માટે તીવ્ર ઉત્કંઠા રાખતા હતાં.

એવામાં ચંપાનગરીના બુદ્ધદાસ નામના એક યુવાને સુભદ્રાનાં વખાણ સાંભળ્યાં, તેના રૂપગુણની પ્રશંસા સાંભળી, એટલે તેને થયું કે-પરણવું તો સુભદ્રાને જ પરણવું; પરંતુ તેણે સાથે એ પણ સાંભળ્યું હતું કે તેના માતા-

પિતા અત્યંત ધર્મચુસ્ત છે અને તે જૈન સિવાય બીજાની સાથે પોતાની પુત્રીને પરણાવવા ઈચ્છતા નથી, એટલે કામ પણ કપરું હતું, કારણ કે પોતે બુદ્ધનો અનુયાયી હતો અને આખું કુટુંબ બૌદ્ધ ધર્મ પાળતું હતું, પરંતુ તે મુશ્કેલીથી ડરી જાય તેમ ન હતો. ગમે તેવી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને આગળ વધવું એ સિદ્ધાંતનો હતો. એટલે તેણે ઉપાયો વિચારવા માંડ્યાં અને તેમાં એક ઉપાય આબાદ હાથ આવી ગયો !

'જૈનધર્મના' આચાર-વિચારનું જ્ઞાન મેળવી લેવું, એક ચુસ્ત જૈન તરીકે દેખાવ કરવો અને મુરાદ બર લાવવી.' એ રીતે થોડાક દિવસમાં બુદ્ધદાસે જૈનધર્મના આચાર-વિચાર જાણી લીધા અને એ ચુસ્ત શ્રાવક બન્યો.

'દગલબાજ દુના નમે' એ ન્યાયે માયાવી શ્રાવક બની બુદ્ધદાસે સુભદ્રાના માતાપિતાનું ચિત્ત હરી લીધું. મંત્રીએ તેને જમવાનું આમંત્રણ આપ્યું, ત્યાં બુદ્ધદાસે ખૂબ ત્યાગવૃત્તિ દાખવી, મારે અમુક દ્રવ્યનો ત્યાગ છે, અમુક વસ્તુનાં પચ્ચક્ખાણ છે વગેરે.

આ પ્રકારની બાહ્ય રીત-ભાતથી જિનદાસ મંત્રી આકર્ષાયા અને પોતાની પુત્રી સુભદ્રાને તેની સાથે પરણાવવાનો નિર્ણય કર્યો.

શુભ મુહૂર્તે સુભદ્રાનાં લગ્ન લેવાયાં. પતિ સાથે સુભદ્રા સાસરે સિધાવી. સુભદ્રાના માતા-પિતા મનમાં ખૂબ હરખાયા કે ઠીક યોગ્ય વર મળી ગયો. માથેથી મોટી ચિંતા ટળી.

રાખ ઢાંક્યો અગ્નિ કયાં સુધી છાનો રહે ? જરાક પવનના ઝપાટાથી જેમ રાખ ઉડે અને અગ્નિ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે તેમ સૌએ પોત પ્રકાશ્યું. સુભદ્રાને એ વાતની ખબર પડી કે-આ બધા તો મિથ્યાત્વી છે, ખરેખર ! હું ઠગાણી, મારા માત-પિતા પણ ઠગાણા, પણ હવે થાય શું ? કહ્યું છે કે -

सकृत् जल्पन्ति राजानो, सकृत् वल्गन्ति साधवः ।
सकृत् कन्याः प्रदीयन्ते, त्रिण्येतानि सकृत् सकृत् ॥

(રાજાનું વચન એક હોય છે, સાધુઓ પણ એક વાર જ બોલે છે અને કન્યા પણ એક જ વાર અપાય છે.)

સતી સ્ત્રી મનથી પણ બીજા પતિને ચાહતી નથી. સુભદ્રા હંમેશા પોતાની ધર્મક્રિયામાં, આરાધનામાં લીન-તલ્લીન રહેતી હતી.

આ બધું સાસુથી ન સહેવાયું. તે સુભદ્રાના છિદ્રો નિહાળ્યા જ કરતી અને મનમાં બબડતી હતી કે આ વળી ઢોંગ શા ? વાતવાતમાં ધર્મ, ધર્મ ને ધર્મ ! ઓહો જુઓને ઘરમની ઢીંગલી ન જોઈ હોય તો !

વાતે વાતે સાસુ સુભદ્રાને ધમકાવે. ઘડીએ ઘડીએ છણકા કરે. પરંતુ આ બધું અમૃતના ઘૂંટડાની જેમ સુભદ્રા ગળી જતી અને સાસુનાં વિનય-સેવા વગેરે કાર્યોમાં સતત તત્પર રહેતી હતી. એની ફરજનું એને સંપૂર્ણ ભાન હતું.

આમ દિવસો અને મહિનાઓ વીત્યા. એક વખત ચંપા નગરીમાં એક મહાન તપસ્વી સંતના પગલાં થયાં. જેઓ માસખમણનાં પારણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા દ્વારા જીવનને નિર્મળ અને પવિત્ર બનાવી રહ્યા હતા. પારણાના દિવસે તેઓ ગૌચરી માટે ગામમાં પધાર્યા. એવામાં ભારે વંટોળ ચઢ્યો અને એ તપસ્વીની આંખમાં એક તીક્ષ્ણ તણખલું ખુંચી ગયું.

તેઓ મહા ત્યાગી હતાં, શરીરની પરવા કરે તેવા ન હતાં, તેથી તેમણે આંખમાંથી તણખલું કાઢવાની દરકાર ન કરી. તેઓ ફરતાં-ફરતાં સુભદ્રાને ઘેર આવ્યા અને તેમણે ધર્મલાભ કહીને ઘરમાં પ્રવેશ કર્યો. પોતાને આંગણે ભિક્ષા માટે એક મહાતપસ્વી સંતને જોઈ સુભદ્રાને અત્યંત આનંદ થયો. તેણે વિનયપૂર્વક વંદના કરી અને સૂઝતો આહાર વહોરાવવાની તૈયારી કરી. એવામાં એની નજર મુનિનાં મુખ પર પડી. અને તેણે જાણી લીધું કે મુનિશ્રીની આંખમાં કંઈક પડ્યું છે જેથી તેમની આંખને નુકશાન થશે ! અરે આંખ તો કાયાનું મહાન રત્ન છે !

સુભદ્રા ઘણી ચતુર હતી. તેણીએ તરત જ લઘુલાઘવી કળા દ્વારા પોતાની જીભથી મુનિશ્રીની આંખમાંથી તરણું કાઢી નાખ્યું. આ કાર્ય તેણે એટલી ઝડપથી કર્યું કે જાણે કંઈ જ બન્યું નથી.

મુનિશ્રીને તો કંઈ ખબર જ ન પડી.

સુભદ્રાનું હૃદય હર્ષથી પુલકિત બન્યું કે મેં ઠીક સેવા બજાવી. પછી તેણે સૂઝતો આહાર વહોરાવ્યો, એટલે મુનિ ત્યાંથી ધર્મલાભ આપી ઘરની બહાર નીકળ્યા. ત્યાં સુભદ્રાની સાસુએ મુનિને જોયા અને જોતાં જ એ તો ચમકી ઉઠી: 'આ શું ? મુનિના કપાળમાં તિલક કેમ ?'

વાત એમ હતી કે, સુભદ્રાએ જ્યારે જીભ દ્વારા મુનિની આંખમાંથી

તણખલું કાઢ્યું, ત્યારે તેના કપાળમાં રહેલું કુંકુમનું તિલક મુનિશ્રીનાં કપાળે ચોંટી ગયું હતું.

મિથ્યાત્વના રંગથી રંગાયેલી સુભદ્રાની સાસુ સુભદ્રાનાં દૂષણો જ ખોળતી હતી અને આજે આ તક મળી ગઈ એટલે પૂછવું જ શું ? જ્યાં પોતાના પુત્રે ઘરમાં પગ મૂક્યો કે તેણીએ ધમપછાડા શરૂ કર્યા અને 'જોયાં તારી સ્ત્રીનાં ચરિત્ર ? રાંડે આપણા કુળને કલંકિત કર્યું ! એ અભાગણી કોઈને સુખે રહેવા નહીં દે !' વગેરે પ્રલાપો કરવા માંડ્યાં.

બુદ્ધદાસે કહ્યું: 'માતાજી ! શી હકીકત છે ?' માતાએ કહ્યું : 'અરે બેટા ! શું કહું ? એ વાત કહેતાં મારી તો જીભ ઉપડતી નથી, એવું અધમ કામ આ રાંડે કર્યું છે ! રાંડને લાજ શરમે ય નથી ! હું તો બહાર જ બેઠી હતી, ધોળા દહાડે આવા દુષ્કૃત્ય ! અરે ધિક્કાર છે એના જનમારાને !'

'બેટા ! વાત એમ બની કે હું ઘર બહાર બેઠી હતી અને એક જૈન સાધુ આપણે ત્યાં વહોરવા માટે આવ્યા તેની સાથે એણે કાળું કામ કર્યું.'

'મને તો કહેતાં ય લાજ આવે છે. એ સાધુ ગયા ત્યારે એનાં કપાળમાં કુંકુમનું તિલક હતું ! મેં મારી સગી આંખે જોયું. દીકરા ! શું કહું ? તારી સ્ત્રી આવી અધમ અને કુલટા છે, એ નીચ સ્ત્રી આપણા ઘરમાં ન જોઈએ. ઘરમનો દેખાવ કરે છે અને કામો આવાં કાળાં કરે છે.'

સાસુએ બુદ્ધદાસનો પારો બરાબર ચઢાવ્યો. પછી કંઈ બાકી રહે ? બુદ્ધદાસ આ વાત સાંભળી સળગી ઉઠ્યો, એને ભારે કોપ ચઢ્યો. તેણે સુભદ્રા સાથે બોલવાનું બંધ કર્યું. એટલું જ નહિ પણ તે તેને તિરસ્કારની નજરે જોવા લાગ્યો.

સુભદ્રા સતી હતી, પવિત્ર હતી, એના રૂંવાડામાં ય ખરાબ ભાવના નહોતી. એણે તો શુદ્ધ બુદ્ધિથી સેવાભાવે આ કાર્ય કર્યું હતું, પણ ભવિતવ્યતાએ પોતાનું તિલક મુનિના કપાળે ચોંટ્યું અને પોતાના શિરે આળ આવ્યું.

વધારામાં પોતાના નિમિત્તે એક ત્યાગી, તપસ્વી સાધુને કલંક લાગ્યું, એનું પણ એને અપાર દુઃખ હતું, એટલે તરત જ એણે અન્નપાન તજી દીધાં અને એવો નિર્ણય કર્યો કે જ્યાં સુધી આ કલંક ન ઉતરે ત્યાં સુધી કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહેવું, એ તો કાઉસ્સગ્ગ-ધ્યાનમાં લીન બની. એનાં શિયળના

પ્રભાવે શાસનદેવીનું આસન કંપી ઉઠ્યું. શાસનદેવીએ અવધિજ્ઞાનથી નિહાળ્યું કે એક પવિત્ર સતી ઉપર કલંક આવ્યું છે, તે મારે સત્વર દૂર કરવું જોએ. શાસનદેવી તે જ ક્ષણે સુભદ્રા સમક્ષ હાજર થઈ અને જણાવ્યું કે-સુભદ્રા ! પારણું કરી લે, કાલે જ તારૂં કલંક ઊતરી જશે.

દેવીના આગ્રહથી સુભદ્રાએ પારણું કર્યું.

આ તરફ ચંપાનગરીના ચારે દિશાના ચાર મોટા દરવાજાઓ અચાનક બંધ થઈ ગયા. નગરીમાં હાહાકાર મચ્યો. અવરજવર બંધ થઈ. વાહનવ્યવહાર બંધ થયો. હરતા ફરતા અને ચરતા જાનવરો ત્રાસી ઉઠ્યાં, પ્રજામાં બૂમરાણ મચી. સૌ ત્રાસી ઉઠ્યાં અને-તોબા પોકારવા લાગ્યા. પ્રજાએ રાજા પાસે પોકાર કર્યો, 'મહારાજ ! જુલમ !જુલમ ! નગરીના ચારે દરવાજા બંધ થઈ ગયા છે ! જનાવરો ભૂખે મરે છે, જવું-આવવું ક્યાંથી ? કેમે ય ઉઘડતાં નથી.'

રાજા તો આ ફરીયાદ સાંભળતાં જ આભો બની ગયો, 'શું થયું, શું કોઈ દુશ્મન રાજા ચઢી આવ્યો ! જુઓ, જુઓ, મંત્રીરાજ ! તપાસ કરો. મોટા મોટા સુભટોને લોખંડના ઘણ દ્વારા દરવાજા તોડવાનો હુકમ અપાયો. એક-બે નહિ, સંખ્યાબંધ સુભટો દરવાજા તોડવા કટિબદ્ધ થયા, પણ કોની મગદૂર છે કે દરવાજો તોડી શકે ? મૂછે હાથ ફેરવનારા સુભટો ઢીલાઢસ બની ગયા. સૌનું પાણી ઉતરી ગયું. વાત ગઈ મહારાજા પાસે; 'મહારાજ ! દરવાજો કેમે ય તૂટતો નથી.' રાજા-પ્રજા સૌ વગર આમંત્રણે દરવાજા પાસે આવીને ઉભા. હજારો નરનાભરીઓ કીડીયારાની જેમ ઉભરાણા. સૌનાં મુખ નિસ્તેજ બની ગયાં. આ વળી શી આફત ? ઓહ ! જરૂર કોઈ દૈવીકોપ હશે, નહિતર આમ ન બને. સૌ ચિંતા-ગ્રસ્ત બન્યા અને દુઃખસાગરમાં ડૂબી ગયા. કોઈને કંઈ જ ઉપાય ન સૂઝ્યો. તેવામાં આકાશવાણી થઈ કે 'સાંભળો ! સાંભળો ! આવેલાં દુઃખને દૂર કરવાનો માત્ર એક જ ઉપાય છે અને તે એ કે-મન, વચન અને કાયાથી શિયળવ્રત પાળનારી સ્ત્રી જો કાચા સુતરનાં તાંતણે ચાળણી બાંધી-કૂવામાંથી પાણી કાઢીને દરવાજાને છાંટશે તો દરવાજો ઉઘડશે.'

આ પ્રકારની આકાશવાણી સાંભળી લોકોને આશા બંધાણી કે હવે આપણું દુઃખ દૂર થશે. કારણ કે, આવી સ્ત્રીઓ તો જરૂર આ નગરમાં અનેક મળી રહેશે. સમસ્ત નગરમાં ધમાલ મચી ગઈ. રાજાની રાણીઓ પોતાનું સતીત્વ

બતાવવા તૈયાર થઈ, શેઠાણીઓ અને મોટા ઘરની વહુઓએ પણ કમ્મર કસી અને નગરની વચ્ચે કૂવો હતો ત્યાં સહુ આવવા લાગી. પ્રથમ રાજાની માનીતી રાણીએ ચાળણીને કાચા સૂતરથી બાંધીને કૂવામાં ઉતારી, પણ સૂતરના તાર તટ તટ તૂટી ગયા ને ચાળણી પાણીનાં તળીયે જઈને બેઠી. બિચારીની ભોંઠપનો પાર રહ્યો નહિ. મોં છુપાવીને તે ચાલતી થઈ. પછી બીજી રાણી આવી. તેણે ચાળણીને કાચા સૂતરના તાંતણે બાંધીને પાણીમાં ઉતારી, તો તેના પણ તે જ હાલ થયા. એ બિચારી પણ વિલે મોઢે વિદાય થઈ, પછી ત્રીજી રાણી આવી, ચોથી રાણી આવી પણ કોઈ કૂવામાંથી ચાળણી ભરીને જળ કાઢી શક્યું નહિ. ત્યારબાદ શેઠાણીઓ અને મોટા ઘરની વહુઓએ પ્રયત્ન કર્યો, પણ તેમાં કોઈને ય સફળતા મળી નહિ. ખરેખર ! મન, વચન અને કાયાથી તો વિરલ સ્ત્રીઓ જ શિયળવ્રત પાળી શકે છે.

હજારો નરનારીઓ એક નજરે આ દશ્યને નિહાળી રહ્યા છે અને અંદર અંદર વાતો કરે છેઃ 'ભારે ભઈ, અલ્યા ! ગામમાં કોઈ સતી નથી કે શું ? રાજાના ખેદનો પાર ન રહ્યો. તે વિચારવા લાગ્યોઃ 'શું બધી રાણીઓ અસતી જ છે? મારાં અંતે ઉરમાં કોઈ સતી જ નથી ?

આખરે રાજાએ મંત્રીની સલાહથી નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે-જે કોઈ સ્ત્રી કાચા સૂતરનાં તાંતણે ચાળણી બાંધી કૂવામાંથી જળ કાઢી તેના છંટકાવ વડે નગરીનો દરવાજો ઉઘાડશે, તેને અડધું રાજ્ય અને ધનનો ભંડાર આપવામાં આવશે.'

આ પ્રમાણે રાજાની આજ્ઞાથી ચોરે ને ચૌટે, ગલીએ અને શેરીએ સર્વત્ર ઢંઢેરો પીટાવા લાગ્યો. પણ કોઈએ દરવાજો ઉઘાડવાની હામ ભીડી નહીં. એમ કરતાં સુભદ્રાનાં આંગણામાં ઢંઢેરો પીટવામાં આવ્યો, સુભદ્રાએ તે સાંભળ્યો એટલે તેને થયું કે - 'હું દરવાજો ઉઘાડું. પણ આ મહાન કાર્યમાં સાસુની સંમતિ મેળવવી જોઈએ. સુભદ્રાએ સાસુજીને નમસ્કાર કરી પૂછ્યુંઃ 'સાસુજી ! આપની આજ્ઞા હોય તો નગરીનાં દ્વાર ઉઘાડું !'

સાસુ તો સાંભળતાં જ ત્રાડુકી ઉઠીઃ જોઈ તું હવે ! તારાં ચરિત્ર કંઈ મારાથી અજાણ્યા નથી. તું વળી શું ઉઘાડતી હતી ? શું મોં લઈને પૂછવા આવી છે ? જા જા મોં ઢાંક.'

તપેલું સીસું જાણે કાનમાં ન રેડતી હોય તેવી કટુ વાણીથી સાસુએ સુભદ્રાને તિરસ્કારી હાંકી કાઢી.

છતાં ય જેના દીલમાં સચ્ચાઈ છે, જેનું હૃદય પવિત્ર છે, જેને પોતાના ઉપર વિશ્વાસ છે અને જે નિર્મળ અને પવિત્ર છે, તેને કોઈ વાતનો ડર નથી હોતો, તેને કોઈનો ય ભય નથી હોતો. એ તો શાંત ચિત્તે બધુંય ગળી જતી હતી અને ફરી પાછી હાથ જોડીને કહેવા લાગીઃ 'સાસુજી ! જરા જુઓ તો ખરા !'

'રાંડ પાછી બોલી ? તને ભાનબાન છે કે નહીં ? શું આખી નગરીમાં ઢોલ પીટીને તારે એ બતાવવું છે કે-હું આવી કુલટા છું ? શું આખી નગરીમાં ફજેત થવું છે ? બેસ-બેસ છાનીમાની.' સાસુએ પોતાની રીતે જવાબ આપ્યો.

સાસુએ ન સંભળાવવાનું સંભળાવ્યું, છતાં ય હિંમત ન હારતાં, સુભદ્રાએ ફરી વાર કહ્યુંઃ 'આપ કહો તો આકાશને પૂછી જોઉં ?

'ઓહ ! આકાશમાંથી તે વળી જવાબ આવાનો છે ? જુઓને સો ચુહે માર કે-બીલ્લી હજ કરનેકું ચલી ! અલી તારૂં કાળજુ ઠેકાણે છે કે નહીં? ઘેલી થઈ છે, ઘેલી ! જા જા પૂછ આકાશને, તને જવાબ આપશે.' સાસુએ ઠાવકા મોઢે જણાવ્યું.

સુભદ્રા મહાસતી હતી. એને પોતાનાં શિયળવ્રત ઉપર દઢ વિશ્વાસ હતો. તેણે ઘરની બહાર જઈ આકાશને પૂછ્યું :

'કેમ દ્વાર ઉઘાડું ?'

તરત આકાશમાંથી જવાબ આપ્યો : 'જલ્દ, જલ્દ, દ્વાર ઉઘાડો અને સૌને આફતમાંથી બચાવો.' કેવી અદ્‌ભૂત વાત ! કેવી આશ્ચર્યકારક ઘટના !

આ પ્રકારની આકાશવાણી કર્ણગોચર કરી સૌ સુભદ્રાનાં આંગણે આવ્યાં. રાજા અને પ્રજાએ વિનંતિ કરીઃ બચાવો નગરીના પ્રાણ !' સાસુ તો મનમાં બબડવા લાગીઃ 'રાંડ આખા ગામમાં ફજેત થવાની છે. ઠીક-થવા દો, જે થાય તેજ સારાને માટે.

રાજા ને પ્રજા પાછળ ચાલી રહ્યા છે, સુભદ્રા આગળ ચાલે છે, સૌને કંઈક આશા બંધાણી કે જરૂર દરવાજા ઉઘાડશે.

સતી સુભદ્રાએ પરમાત્માનું સ્મરણ કરી, હાથમાં ચાળણી લીધી, કાચા સૂતરના તાંતણે બાંધી અને કૂવામાં નાંખી. સડડડડ સૌનાં જોતાં ચાળણીમાં પાણી ભરીને કાઢ્યું. દેવોએ ફૂલોની વૃષ્ટિ કરી. રાજા અને પ્રજા સૌ કોઈ જય-જયના પોકાર કરવા લાગ્યા. પછી સુભદ્રાએ તે જળ દરવાજાને છાંટ્યું, અને દરવાજા ફડોફડ ઉઘડી ગયા, રાજા-પ્રજા સૌ પ્રસન્ન થયા.

સુભદ્રાના ભરથારને પણ ભારે આશ્ચર્ય થયું, 'હમણાં ફજેતી થશે' એમ સાસુ માળા જપી રહી હતી, એના ય હોશકોશ ઉડી ગયા. ભારે કરી, આ શું આશ્ચર્ય ? જે કામ કોઈએ ન કર્યું, એ આ સુભદ્રાએ કર્યું ? સાસુ તો વિલખી પડી ગઈ.

સૌ નગરજનો સુભદ્રાનાં ગુણગાન કરે છે, તેનાં શિયળના વખાણ કરે છે : 'કેવી સતી ! ધન્ય છે એને !' લોકમુખથી તરહ તરહના ભવ્ય ઉદ્‌ગારો નીકળી રહ્યા છે. સતી સુભદ્રાએ સૌને જૈનધર્મનો મર્મ સમજાવ્યો, સુદેવ-સુગુરુ અને સુધર્મનું સ્વરૂપ સમજાવ્યું. પરિણામે રાજા-પ્રજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. કંઈક આત્માઓએ મિથ્યાત્વને તજી સમકિત અંગીકાર કર્યું.

સતી સુભદ્રાનાં શિયળના પ્રતાપે નગરીના દરવાજા ઉઘડી ગયા, તેનું કલંક દૂર થયું. આ બધું નિહાળી સૌ શિયળ વ્રતમાં દૃઢ બન્યા અને જૈનધર્મનો જય જયકાર થયો.

સુભદ્રાએ નગરીના ચાર દરવાજા-પૈકી ત્રણ દરવાજા ઉઘાડ્યા. એક બાકી રાખ્યો, તે એટલા માટે કે-કોઈ સ્ત્રી સતીત્વનો ડોળ કરતી હોય તો તે આવી જાય અને ચોથો દરવાજો ઉઘાડે, એ ચોથો દરવાજો કોઈએ ન ઉઘાડ્યો, તે અત્યાર સુધી બંધ જ રહ્યો છે એમ સંભળાય છે.

કાયાથી શિયળ પાળનારા ઘણા મહાનુભાવો મળી આવશે, પણ મન-વચન અને કાયક એમ ત્રિકરણ શુદ્ધ શિયળ વ્રત પાળનારા પવિત્ર અને શુદ્ધ તો લાખ્ખો કરોડોમાં કોઈ વિરલા જ હોય છે.

સુભદ્રાએ સૌને સાધુજીની આંખમાં તણખલું ખૂંચ્યાની વાત જણાવી. સૌનો ભ્રમ ભાંગ્યો. સાસુ-સસરા-ભરથાર અને સૌ કોઈના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. હવે તો સૌ સુભદ્રાનાં સો સો મુખે વખાણ કરવા લાગ્યા. અંતે સુભદ્રાએ ચારિત્ર અંગીકાર કર્યું, ઘોર અને ઉત્કૃષ્ટ તપ દ્વારા, ક્ષમા અને શાંતિ દ્વારા

ચીકણાં કર્મોનો ચૂરો કરી ઘાતિકર્મનો વિનાશ કરી કેવળજ્ઞાન પામી, અને જગતના જીવોને ઉદ્ધારનો માર્ગ ચીંધ્યો. કેંક આત્માઓ કલ્યાણ સાધી ગયા. અંતે અઘાતી કર્મોનો વિનાશ કરી સતી સુભદ્રા મુક્તિપુરીમાં હંમેશ માટે સીધાવી ગયા. જ્યાં શાશ્વત આનંદને લુંટવા લાગ્યા.

શિયળનો મહિમા અપરંપાર છે, એ વાતને આ કથા કહી જાય છે. વંદન હો સતી સુભદ્રાને !

વસ્તુપાલ તેજપાલે કરેલી જિન ભક્તિ

★ વસ્તુપાલ તેજપાલે આબુની ધરતી ઉપર ૧૨,૫૩૦૦,૦૦૦ દ્રવ્ય ખર્ચી જિનનાલય બંધાવ્યું જેનું નામ 'લુણિગવસહી' છે.

★ શત્રુંજય ઉપર ૧૮ કરોડ ૮૬ લાખ દ્રવ્ય વાપર્યું.

★ ગીરનાર ઉપર ૧૨ કરોડ ૮૦ લાખ દ્રવ્ય વાપર્યું સર્વ તીર્થોમાં સોનાના અલંકારો ભેટ આપ્યા.

★ પેથડમંત્રીએ ૮૪ જિનમંદિર બનાવ્યા તથા ૫૬ ઘડીસોનું ગિરનાર ઉપર અને ૨૧ ઘડીસોનું શત્રુંજય ઉપર ચડાવો લઈ પૂજા કરી હતી.

★ થરાદના આભુ સંઘવી એ શત્રુંજયના સંઘમાં ૧૨ ક્રોડ સોના મહોરો ખર્ચી હતી. ૬ લાખ ૩૦ હજાર પુસ્તકો લખાવ્યા. તથા ૩૦૦ સાધર્મિકોને પોતાના સરખા બનાવ્યા.

વસ્તુપાળ તેજપાળના સુકૃતો

૩૦૦-શિખરબંધી જિનાલય, ૩ લાખ દ્રવ્ય ખર્ચી શત્રુંજય પર તોરણ બાંધ્યું. ૩૨૦૩-જીર્ણોદ્ધાર વર્ષમાં ૩ વાર સંઘ પૂજન તથા ૧,૦૫૦૦૦-નવીન સ્વામી વાત્સલ્ય કરતાં જિનબિંબો ભરાવ્યા.
૯૮૪-પૌષધશાળા, ૧૦૦૦-સિંહાસન મહાત્માઓ માટે કરાવ્યા.
૮૮૨-વેદશાળા, ૨૧ મુનિને આચાર્ય પદથી વિભૂષિત કર્યા.
૭૦૧-તપસ્વીને રહેવાના મઠો, ૧૦૦૦-દાનશાળાઓ બંધાવી ૩૫ લાખ દ્રવ્ય ખર્ચી જ્ઞાન ભંડાર બનાવ્યો, ૪૦૦-પાણીની પરબ બંધાવી, ૩ લાખ દ્રવ્ય ખર્ચી ખંભાતમાં જ્ઞાન ભંડાર, ૩૫-ગઢ કરાવ્યા ૫૦૦-સિંહાસન હાથી દાંતના ૧૮ વર્ષ સુધી વ્યાપાર કર્યો. ૭૦૦-નિશાળ ભણવા માટે ૧૨-શત્રુંજયગઢ સંઘ લઈ ગયા ૧૦૦૦ વખત સંઘપૂજન કરી,

★ કુબેરદત્તાની કથા ★

વિશ્વમાં અનેકવિધ વિચિત્ર ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. એમાં કંઈ નવાઈ પામવાં જેવું નથી. કર્મની લીલા અકળ છે. ભલભલા માંધાતાઓ એના પાશમાં પટકાઈ પડ્યા, ત્યાં સામાન્ય માનવીનું શું ગજું ?

સૈકાઓ પૂર્વની જુગજુની આ એક ઐતિહાસિક ઘટના છે. તે કાળે મથુરા નગરીની જાહોજલાલી મધ્યાહ્નના સૂર્યની જેમ તપી રહી હતી, તે નગરીમાં કુબેરસેના નામે પ્રસિદ્ધ ગણીકા હતી, જેના નામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે ! રૂપના પૂજારીઓ અને કામવાસનાના ભૂખ્યા માનવીઓ તેના આંગણે આળોટતા હતાં, એકદા કુબેરસેનાના પેટમાં શૂળ ઉપડ્યું, જેથી કુશળ વૈદ્યોને બોલાવવામાં આવ્યા, કુશળ વૈદ્યોએ નાડી પરીક્ષાથી વ્યથાનું નિદાન જાણી લીધું અને કહ્યું કે શૂળનું બીજુ કંઈ કારણ નથી. તેને ગર્ભ રહ્યો છે, તેના કારણે જ આ પીડા ઉત્પન્ન થઈ છે. આ વાત સાંભળી તેની કુટ્ટિનીએ કુબેરસેનાને કહ્યું: બેટા ! કુબેરસેના ! હજી તો બાળક ગર્ભમાં છે છતાંય આઠ-આઠલી વેદના સહવી પડે છે, તેથી અધિક તો પ્રસવપીડાનું દુઃખ સામે જ છે અને જન્મ્યા પછી પણ બાળકોની સાર સંભાળ-આળ પંપાળ કરવી એટલે પારાવાર દુઃખ અનુભવવું પડશે, આપણો ધંધો રૂપ અને યૌવનને આભારી છે. રૂપ અને યૌવન કરમાઈ જતાં કોઈ આપણો ભાવ પણ નહિ પૂછે, બાળકના જન્મથી રૂપ અને યૌવન ઓસરી જશે અને એક ભયંકર જંજાળ ઉભી થશે માટે આ ગર્ભને તું પાડી નાખ. ચિંતા કરીશ નહિ, હું બધુંય સંભાળી લઈશ, કુબેરસેનાને કુટ્ટીનીની આ વાત હૃદયમાં વજ્રઘાત જેવી લાગી. તેણીને અપત્યપ્રેમ ઉભરાયો. ભલે એનો ધંધો નીચ હતો, પણ હૃદય નીચ નહોતું. હૃદયનાં ઉંડાણમાં વાત્સલ્યનો ઝરો વહેતો હતો અને તેણે એ પણ સાંભળ્યું હતું કે આમ ગર્ભપાત કરવા કે ભ્રૂણ હત્યા કરવી એ મહાપાપ છે એટલે એનું હૃદય કંપતું હતું જેથી તેણે સાફ ના પાડી દીધી અને કહી દીધું કે ભલે ગમે તેટલી વેદના થશે તે હું સહી લઈશ પણ બાળકનું મુખ મને જોવા દે. કુબેરસેનાની આ વાતથી કુટ્ટીની ચૂપ થઈ પણ એનું અંતર તક શોધી રહ્યું હતું.

નવ માસ પૂર્ણ થયે તેણે એક સાથે બે બાળકને જન્મ આપ્યો. જેમાં એક પુત્ર અને એક પુત્રી હતી. બન્ને દેવકુમાર જેવા દેદીપ્યમાન અને રૂપાળા

લાગતા હતા. એને નિરખી નિરખીને કુબેરસેનાનાં હૃદયમાં હર્ષની ઉર્મિઓ ઉછળી રહી હતી, પરંતુ કુટ્ટીની તો પાછળ પડી હતી. તેણે કહ્યું 'કે જો આ બાળકો તારા રૂપ અને યૌવનનો વિનાશ કરશે. મારી વાત માન, સૌંદર્ય એ જ આપણું ધન છે. જેમ સુગંધ વગરનાં ફૂલને કોઈ અડતું નથી, તેમ સૌંદર્ય વિહીનની સામે કોઈ નજર પણ નહિ કરે. આજીવિકાનો આધાર યૌવન પર નિર્ભર છે. તેણે હઠ લીધી અને એ હઠમાં કુટ્ટીનીની જીત થઈ. છેવટે દશ દિવસ સુધી કુબેરસેનાએ સ્તનપાન કરાવવાની માગણી કરી, ત્યારબાદ એ નક્કી થયું કે બન્ને બાળકોને ક્યાંક મૂકી દેવાં. એના ભાગ્ય એની પાસે. બાળકને મૂકી દેવાની આ વાત સ્મરણમાં આવતાં કુબેરસેનાના હૃદયમાં પુનઃ વેદના થઈ: અરે ! આવા ફૂલ જેવા સુકોમળ અને સુંદર બાળકોને શું આમ ત્યજી દેવા પડશે ?' હૈયું ના પાડે છે, દીલ બળી જાય છે. ચિત્ત, આકુળવ્યાકુળ થાય છે. છેવટે નિર્ણય મુજબ એક સુંદર પેટી તૈયાર કરી, જેમાં મખમલની ગાદી બીછાવી અને બન્ને બાળકોને સુવાડી દીધા. પછી બે મુદ્રિકાઓ બન્નેની આંગળીએ પહેરાવવામાં આવી. તેમાં પુત્રની મુદ્રિકા પર કુબેરદત્ત અને પુત્રીની મુદ્રિકા પર કુબેરદત્તા એવું નામ કોતરાવવામાં આવ્યું હતું. છેવટનું આલિંગન દઈ ચુંબનોથી બાળકને ન્હવડાવી દીધા. આંખમાંથી તો બોર જેવડાં ઉનાં આંસુ સરી રહ્યા હતાં, હૃદય ફાટફાટ થઈ રહ્યું હતું. રડતાં હૃદયે પેટી બંધ કરી નગર બહાર જઈ તેને યમુના નદીમાં મૂકી દીધી. પાછા વળતાં એનાં પગ ઉપડતા ન હતા. હૈયું ભાંગીને ભુક્કો થઈ ગયું હતું.

લાકડાની પેટી યમુના નદીના પ્રવાહમાં તણાતી તણાતી સવારના સમયે સૌરીપુરી નગરીએ આવી પહોંચી. ત્યાં સ્નાન કરવા આવેલા બે નાગરિકોએ જોઈ અને તેમના આનંદની અવધિ ન રહી. એ બોલી ઉઠ્યા કે: 'અરે ! આજ તો ન્હાલ થઈ ગયા સમજો, કારણ કે પેટીના રૂપ-રંગ જ કહી આપતા હતા કે એમાં હજારો લાખ્ખોની મીલ્કત ભરી હશે ! બન્નેએ નિર્ણય કરી લીધો કે સરખે ભાગે વહેંચી લેવું. પરોપકારના કામમાં માણસો આનાકાની કે હા ના કરે છે પણ આ તો ધનનો ડલ્લો નજર સામે હતો. એટલે તેમાંના એક જણે લંગોટી મારી અને નદીમાં પડતું મૂક્યું.

જો ક્ષણનો પણ વિલંબ થાય તો પેટી ક્યાંની ક્યાં વહી જાય. તરત જ તેણે પેટી હાથ કરી. કિનારે આવી, એને ઉઘાડી જોતાં જ તેમાં બે બાળકો

ટળવળી રહ્યાં હતાં, જેને દેદાર જોઈ બન્નેને ભારે ખુશી થઈ. ઘણા છોકરા છોકરી હોય તેના ઉપર એક વધારે આવે એમાં ખુશી શી ? પણ એકને ત્યાં ધન તો બેશુમાર હતું પણ પુત્ર નહોતો અને બીજાને ત્યાં ધન-પુત્ર બધુંય હતું પણ એકેય પુત્રી નહોતી એટલે બન્નેય હર્ષના માર્યા ડોલવા લાગ્યા. જેને પુત્રી નહોતી તેણે પુત્રી લીધી અને જેને પુત્ર નહોતો તેણે પુત્ર લીધો. છાની રીતે ઘરમાં ખબર આપી અને થાળી વગાડી કે જેથી લોકોને જાણ થાય કે અમુકને ત્યાં પુત્ર પુત્રીનો જન્મ થયો છે. બાળકને મીઠાઈ વહેંચી, ભિક્ષુકોને અન્નદાન દીધાં અને ખુશાલી મનાવી. મુદ્રિકા અનુસાર તેના પાલક પિતાએ પુત્રનું નામ કુબેરદત્ત રાખ્યું અને પુત્રીનું નામ કુબેરદત્તા રાખ્યું.

ક્રમે ક્રમે બન્ને બાળકો મોટાં થયાં. કોઈ વાતની ઉણપ નહોતી, એટલે એ અનેરા આનંદથી ઉછરવા લાગ્યા. ધીરે ધીરે મોટા થયા, વિદ્યાભ્યાસ કર્યો અને વિવિધ કળામાં પ્રવીણતા પ્રાપ્ત કરી. તે વખતે બન્નેની વય લગભગ સોળ વર્ષની હતી, એટલે યુવાનીમાં પગરણ મંડાઈ ચૂક્યાં હતાં.

પુત્રીના પાલક પિતાએ પુત્રીના માટે યોગ્ય વરની તપાસ કરી તો કોઈના દેદારમાં દેવાળું હતું, કોઈનું નાક બુચું હતું, તો કોઈ ઠીંગણો કદરૂપો હતો અને કોઈ રૂપે રૂડો હતો તો બુદ્ધિમાં ઢ હતો, એટલે આખી સૌરીપુરીમાં કોઈ વર પસંદ ન પડ્યો. આ તરફ કુબેરદત્તનો પાલક પિતા પણ સારી કન્યા શોધવામાં પડ્યો હતો, ત્યાં પણ એમ જ બન્યું. કોઈ કન્યા રૂપાળી ત્યારે કોઈ બુદ્ધિમાં ગોળી હતી, કોઈ બુદ્ધિશાળી હતી તો રંગે શામળી હતી. બીજીમાં બુદ્ધિ અને રૂપ બન્ને હતા પણ દેખાવ બેડોળ હતો. એટલે એકેય કન્યા તેને પસંદ ન પડી. બન્નેને ચિંતા થઈ પડી. સરખે સરખી જોડી હોય તો જ શોભે. લાકડે માંકડું વળગાડી દેવામાં કઈ મજા નહિ, એવી બન્નેયની માન્યતા હતી. રૂપ બુદ્ધિ અને કળા આ બધી વસ્તુનો મેળ મળવો એ બહુ કઠીન હોય છે.

કુબેરદત્તના પિતાએ વિચાર કર્યો કે કુબેરદત્તા જ એને માટે યોગ્ય છે. રંગે રૂપાળી અને બુદ્ધિશાળી છે, તેણે કુબેરદત્તાના પાલક પિતાને વાત કરી. તે પણ તે જ ચિંતામાં હતો. તેણે કહ્યું: 'હું પણ યોગ્ય વરની તપાસમાં હતો. પણ હજી સુધી આ ચતુર કન્યાને યોગ્ય કોઈ વર મારા જોવામાં નથી આવ્યો. સારૂં થયું તમે આવી પહોંચ્યા.' તેજ વખતે નક્કી કરવામાં આવ્યું. ગોળ ધાણા વહેંચાયા અને ચાંલ્લા કર્યા. કુબેરદત્તનો વિવાહ કુબેરદત્તા સાથે કરવામાં આવ્યો.

લગ્નઉત્સવની તડામાર તૈયારીઓ થઈ. વરવહૂની સરખે સરખી જોડી નિહાળી નગરવાસીઓ બન્નેના ખૂબ વખાણ કરવા લાગ્યા. ભારે આડંબરની સાથે લગ્નમહોત્સવ પૂર્ણ થયો. કુબેરદત્તાને સારા દિવસે સાસરે વળાવવામાં આવી. નવદંપતી આનંદ ક્રીડા કરે છે, સોગઠાબાજી ખેલે છે, પણ ભવિતવ્યતા કંઈક જુદી જ નિર્માણ થઈ હતી, એટલે રંગમાં ભંગ પડે છે. બનાવ એ બને છે કે સોગઠા ખેલતાં ખેલતાં કુબેરદત્તે જરા જોરથી સોગઠી મારી અને એની આંગળીમાંથી મુદ્રિકા-વીંટી સરી પડી. અને તે સામે બેઠેલી કુબેરદત્તાના ખોળામાં જઈ પડી. કુબેરદત્તાએ વીંટીને ધારી ધારીને જોઈ અને તેનાં હૃદયમાં સંદેહ ઉત્પન્ન થયો કે બન્ને વીંટી સરખી જ છે, કોઈ એક જ કારીગરના હાથે તૈયાર થઈ લાગે છે. અમારા બન્નેની આકૃતિ પણ સરખી જ છે. ગમે તેમ હો પણ મને પતિના ઉપર પતિ બુદ્ધિ જ થતી નથી, એટલે આમાં કંઈ ઓર સંકેત લાગે છે.

કુબેરદત્તે કહ્યું: 'કેમ ? આમ વિચારમાં પડી ગઈ ? બાજી રમતા હારી પણ જવાય, એમાં શું મુંઝાય છે ? ચાલ તૈયાર થા ! વિષાદ ન કર ! કુબેરદત્તાની હૃદયવ્યથાને તે સમજી ન શક્યો. કુબેરદત્તા તો ત્યાંથી ચાલતી થઈ અને પોતાની માતાને પૂછવા લાગી: 'માતા ! સાચું કહે. મને જેની સાથે પરણાવવામાં આવી છે એ કોણ છે ? મને એમાં સંદેહ લાગે છે. રૂપે રંગે અને આકૃતિએ અમે સરખા લાગીએ છીએ, તેમ જ બન્નેની મુદ્રિકા પણ સરખી જ છે. તું આ કોયડાનો ઉકેલ કર. મા તો આ વાત સાંભળતાં જ સ્તબ્ધ બની ગઈ. તેણે ચતુરાઈથી ઉત્તર આપ્યો: 'બેટા ! હું નથી જાણતી, તારા પિતાને પૂછ !' આ વચનો શ્રવણ કરતાં જ કુબેરદત્તાને દૃઢ નિશ્ચય થયો કે જરૂર અમે બન્ને ભાઈ બહેન છીએ. પિતાની પાસે જઈ વાત કરી. એણે તો હઠ પકડી, એટલે પાલક પિતાએ સઘળી સત્ય હકીકત તેણીને કહી સંભળાવી.

આ સાંભળતાં જ કુબેરદત્તાનાં હૃદય ઉપર જાણે દસ મણનો પત્થર પડ્યો હોય તેવી વ્યથા થઈ, તેનું હૈયું ભાંગીને ભુક્કો થઈ ગયું. અમારા પાલક માતાપિતાએ અમારા ઉપર ભારે જુલમ કર્યો ! અમે ભાઈ-બહેન છીએ એમ જાણવા છતાં અમને પરણાવી દેવામાં આવ્યા !

કુબેરદત્તને પણ આ વાતની જાણ થઈ એટલે તેણે પણ અત્યંત દુઃખ અનુભવ્યું. અમારા પાલક માતા પિતાએ કેવી મોટી ભૂલ કરી ? અમને ભાઈબહેન જાણવા છતાં પરણાવી દીધા ! કુબેરદત્ત વિચારે છે કે 'હવે આ નગરીમાં રહેવું

ઉચિત નથી, એટલે તે પોતાના પાલક માતાપિતાને સમજાવી દૂર દેશ જવાની તૈયારી કરે છે. સાથે સારી એવી રકમ લઈ અને તે ત્યાંથી ચાલી નીકળ્યો. ગામ-નગર-પુર પાટણ વગેરે ફરતા ફરતા વ્યાપાર-વ્યવસાયાર્થે તે મથુરા નગરીમાં આવ્યો. ત્યાં તેનો વ્યાપાર પૂરજોશમાં ચાલ્યો. પુષ્કળ ધન મેળવ્યું એક વખત વાતમાં વાત નીકળતાં મિત્રોએ જણાવ્યું: 'અરે ! મિત્ર ! જેણે કુબેરસેના વેશ્યાનું મુખ નિહાળ્યું નથી તેનો જન્મારો ફોગ છે. શું એનું રૂપ ! શું એનું લાવણ્ય! ખરેખર દેવલોકની દેવાંગના જ જોઈ લ્યો !'

યુવાન વય, મિત્રોની પ્રેરણા અને વિપુલ ધન આ બધી વસ્તુએ તેનું હૃદય કુબેરસેના તરફ વળ્યું. તે ત્યાંથી તરત વારાંગનાને ત્યાં પહોંચ્યો. વારાંગનાના રૂપને જોતાં જ કુબેરદત્ત મુગ્ધ બની ગયો અને એનાં આંગણે આળોટવા લાગ્યો. કુબેરદત્ત પણ ભર યુવાનીમાં હતો. તેનું રૂપ પણ ઉતરે તેવું નહોતું. આવા મનમોહક યુવાનને મેળવી કુબેરસેના પણ આફરીન બની ગઈ. એકદા તેના હૃદયમાં એ ભાવ ઉત્પન્ન થયો હતો કે હું પણ ગૃહિણી બનું તો સારૂં. બન્નેનો પરસ્પર ગાઢ સ્નેહ બંધાયો. દૂધ પાણીની જેમ બન્ને એક મેક બની ગયા. આમ વિષયક્રીડા કરતા, આનંદ-પ્રમોદમાં મહાલતા, મહીનાઓ અને વર્ષો પાણીના રેલાની માફક વહી ગયા. તેવામાં તેણે એક પુત્રને જન્મ આપ્યો.

કર્માધીન આત્માઓની કર્મ બળે કેવી કેવી વિચિત્ર ઘટનાઓ બને છે? કુબેરદત્તને ખબર નથી કે જેને હું પ્રાણપ્યારી માનું છું તે મારી જનેતા છે. આમ અજ્ઞાન વશ આત્મા કેવાં કેવાં કુકર્મો કરી પાપની પોઠ શિર પર લાદે છે !' કર્મની લીલા અપરંપાર છે ! કર્મની ગતિ અકળ છે !

આ તરફ કુબેરદત્તાને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તે ચારિત્ર અંગીકાર કરે છે અને પોતાની ગુરુણીની સાથે વિહાર કરે છે. આમ જ્ઞાનધ્યાન અને તપત્યાગમાં વિહરતાં તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. જે જ્ઞાનનાં બળે તેને જગતના રૂપી પદાર્થો પ્રત્યક્ષ થયાં. તે જ ક્ષણે એણે ઉપયોગ મૂકીને જોયું કે મારો સંસારી બંધુ કયાં છે ! જ્ઞાન બળે નિહાળતાં તેનું હૈયું ચીરાઈ ગયું. 'ધિગ્ ધિગ્ ! આ શું ! કેવી વિચિત્રતા ! મોહાધીન બનેલ આત્માઓ કર્મવશ કેવા અધમ કૃત્યો આચરે છે ? આ વિષયવિલાસો આત્માને કયાં કેવી રીતે પટકે છે ! કેવું વિચિત્ર દૃશ્ય ! પોતાના પુત્ર સાથે માતા ભોગવિલાસમાં આસકત બની છે. એક તો ભગિની સાથે લગ્ન કર્યા અને હવે માતા સાથે સંસાર માંડ્યો !

આ બધું જ્ઞાનથી સાક્ષાત્ નિરખતાં તેનાં હૈયામાં પારાવાર વેદના જન્મી. તેને થયું કે ત્યાં જઈને એમને હું સમજાવું અને સન્માર્ગે વાળું. ગુરુણીની આજ્ઞા લઈ કુબેરદત્તા સાધ્વી મથુરા પ્રતિ પ્રયાણ કરે છે. થોડા દિવસમાં જ ત્યાં પહોંચી જાય છે. એ તો જ્ઞાની હતા એટલે કોઈને પૂછવાની જરૂર નહોતી કે કુબેરસેના વેશ્યાનું ઘર ક્યાં છે ! સઘળો સાધ્વીસમુદાય એ જ શેરીમાં કુબેરસેનાનાં ઘર સમીપ પહોંચી ગયો. આ સમયે કુબેરસેના ઝરૂખામાં ઉભી ઉભી પોતાના પ્રાણનાથની રાહ જોઈ રહી હતી કે ક્યારે મારા પ્રાણનાથ આવે ! ત્યાં તો તેને આ અવનવું દશ્ય જોવા મળ્યું. સાધ્વીગણ તો તેના ઘરની નીચે આવી ઉભો અને પૂછ્યું કે 'અહીં અમને ઉતરવા માટે જગ્યા મળશે ?' કુબેરસેનાને ભારે આશ્ચર્ય થયું. એણે મનમાં જ વિચાર્યું કે એમને ખબર નહિ હોય કે આ તો વારાંગનાનું ઘર છે ! આ કોઈ વણિકનું ઘર નથી ! તેણે જણાવ્યું. 'અહીં આપને ઉતરવામાં કંઈ હરકત નથી, પણ આ વેશ્યાગૃહ છે !'

આ વાત સાંભળી સાધ્વીજી-મહારાજે કહ્યું: 'ભલે ! અમને કંઈ હરકત નથી, અગર તમને કંઈ હરકત ન હોય તો ! કુબેરસેના તો અત્યંત રાજી થઈ કે આવા પુણ્યાત્માઓ આપણાં આંગણે ક્યાંથી ? ભલે પધારો' તેમના માટે તેણે જુદો નિવાસ આપ્યો. અને તેમને જોઈતી સગવડ આપી. તેમની મીઠી વાણી સાંભળી કુબેરસેનાનું હૃદય ઉલ્લસિત બન્યું. આમ કેટલાય દિવસ વ્યતીત થયા. સાધ્વીજી મહારાજ તો જ્ઞાની અને ગંભીર હતા. એમ થોડા જ ઉતાવળા થાય ?

એમ ઉતાવળે આંબા ન પાકે. એ તક જોઈને સમજાવવા માંગતા હતા. કુબેરસેનનો પુત્ર ઘોડીયા-પારણામાં ઝુલી રહ્યો હતો અને રડી રહ્યો હતો. સાધ્વીજીએ એ તક સાધી અને કહ્યું:

'અરે ! બાળક ! તું શા માટે રડે છે ? અમે તો તારા સંબંધી છીએ. તું રડીશ નહિ. એમ તેમણે તો બાળકને છાના રાખવાનાં બહાને મધુર હાલરડાં ગાવા માંડ્યાં અને એ હાલરડામાં જે કંઈ કહેવાનું હતું તે શરૂ કર્યું: અરે ! ભાઈ! તારે અને મારે છ પ્રકારના સંબંધ છે. જો સાંભળ.

૧ તારી અને મારી માતા એક છે, એટલે તું મારો **ભાઈ** છે.

૨ તું મારા ભર્તારનો પુત્ર છે એટલે મારો **પુત્ર** છે.

૩ મારા ભર્તારનો લઘુ બંધુ છે, એટલે મારો **દિયર** થાય છે.

૪ તું મારા ભાઈનો પુત્ર છે, એટલે મારો **ભત્રીજો** થાય છે.
૫ તું મારી માતાના પતિનો ભાઈ છે, એટલે મારો **કાકો** છે,
૬ મારી શોકનો પુત્રનો પુત્ર હોવાથી તું મારો **પૌત્ર** છે. વળી તેણે આગળ જણાવતાં કહ્યું કે તારા પિતા સાથે પણ મારે છ પ્રકારના સંબંધ છે. જો સાંભળ.
૭ તારો પિતા અને હું એક જ માતાના ઉદરે જન્મેલા છીએ, એટલે તે મારો **ભાઈ** છે.
૮ અને તે મારી માતાનો ભર્તાર થવાથી મારો **પિતા** થાય છે.
૯ અને તે મારા કાકાનો પિતા છે તેથી મારો **વડદાદો** થાય છે.
૧૦ અને તે પ્રથમ મને પરણેલો છે, તેથી મારો **ભર્તાર** પણ થાય છે.
૧૧ અને મારી શોક્યનો પુત્ર છે, તેથી મારો પણ **પુત્ર** છે.
૧૨ વળી મારા દિયરનો પિતા થાય છે તેથી મારો **સસરો** છે. હવે તારી માતા સાથે પણ છ પ્રકારનો મારો સંબંધ છે, તે સાંભળ.
૧૩ જે તારી માતા છે તે મને પણ જન્મ આપનારી છે; માટે મારી પણ **જનેતા-માતા** છે.
૧૪ અને વળી મારા કાકાની માતા છે તેથી મારી **દાદી** થાય છે.
૧૫ વળી મારા-ભાઈની સ્ત્રી છે, તેથી મારી **ભોજાઈ** થાય છે.
૧૬ અને તે મારા શોક્યના પુત્રની સ્ત્રી હોવાથી મારી **પુત્રવધુ** થાય છે.
૧૭ અને તે મારા ભર્તારની માતા છે. તેથી મારી **સાસુ** પણ થાય છે.
૧૮ તેમ જ મારા ભાઈની બીજી સ્ત્રી થઈ માટે મારી **શોક્ય** છે.

આ રીતે તારે ને મારે ૧૮-૧૮ પ્રકારના સંબંધ છે. તું શા માટે રડે છે ! કેમ રડે છે ! આ વાત બીજા ખંડમાં રહેલી કુબેરસેનાએ સાંભળી અને તેને થયું કે સાધ્વીજી આમ અનુગતું કેમ બોલી રહ્યા છે ? સાધ્વીજી થઈને અસત્ય કેમ બોલે છે ? તરત જ તે ત્યાં આવી અને સાધ્વીજીને પૂછવા લાગી: 'સાધ્વીજી મહારાજ ! આમ અનુગતું કેમ બોલો છો ! કુબેરસેનાની વાત સાંભળી સાધ્વીજી મહારાજે કહ્યું: 'બહેન ! આ સંસારમાં શું નથી બનતું ? એમાં કંઈજ અનુગતું નથી.' પછી અથથી ઈતિ સુધી તમામ કથની અને બનેલી તમામ હકીકત સાધ્વીજીએ કહી સંભળાવી.

આ કથની સાંભળતાં કુબેરસેનાનાં હૈયાના તાર તૂટી ગયા અને એને ભારે વ્યથા થઈ: 'અરે ! મેં કેવું ભયંકર પાપ કર્યું ! કેવું અધમ કૃત્ય આચર્યું! હવે મારી શી ગતી થશે ? તે પારાવાર પશ્ચાતાપ કરવા લાગી. કુબેરદત્તને પણ જાણ થઈ અને તેને પણ અત્યંત દુઃખ થયું; અત્યંત પશ્ચાતાપ થયો અને દીલમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. જેથી તેણે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર એ એક ઉત્તમમાં ઉત્તમ વસ્તુ છે. અધમ અને મહાપાપીઓ પણ તેના પ્રતાપે ભવસાગરથી પાર પામ્યા છે. હિંસક, ક્રૂર અને દુરાચારી આત્માઓનો પણ ચારિત્રથી ઉદ્ધાર થયો છે.

કુબેરસેના પણ શ્રાવિકા બની અને ચારિત્રની ભાવના રાખી જીવનને ઉજ્જવળ બનાવવા લાગી.

આ ત્રણે આત્માઓમાં અંતે જે ઉત્તમ ભાવનાઓ પ્રગટી, તે આપણામાં પણ પ્રગટે અને જીવન સદાચારથી પવિત્ર અને નિર્મળ બને, તેમ આત્મા જલ્દી પરમાત્મ પદને પામે એ જ એક અભિલાષા.

ન બોલવામાં નવગુણ

૧. કલેશની પરંપરા વધે નહીં.
૨. મૌન કરવાથી કર્મબંધ અટકી જાય.
૩. ઓછું બોલવાથી વૈર વિરોધ થાય નહિ.
૪. ઓછું બોલવાથી વાદ વિવાદ થાય નહિ.
૫. મૌન ધારણ કરનારે અસત્ય ભાષાનો દોષ લાગતો નથી.
૬. મૌનથી ક્રોધ કરનારને અસત્ય ભાષાનો દોષ લાગતો નથી.
૭. ન બોલવાથી મર્યાદા જળવાય મોટા નાનાનો વિવેક જળવાય.
૮. જે માણસ બોલતો નથી તેને પસ્તાવાનો વખત આવતો નથી.
૯. સમજદાર માણસ કારણ વગર બોલે નહિ અને કોઈને સાથ બગાડે નહિ.

ચક્રવર્તીના ચૌદ રત્નના નામ ?

૧) ચક્ર, ૨) છત્ર, ૩) દંડ, ૪) મણિ, ૫) કાગિણી, ૬) સેનાપતિ, ૭) ગાથાપતિ, ૮) પુરોહિત, ૯) સુત્રધાર, ૧૦) સ્ત્રી, ૧૧) ઘોડા, ૧૨) હાથી, ૧૩) ચર્મ, ૧૪) તલવાર.

આ ૧૪ રત્નો ૧૦૦૦ યક્ષોથી અધિષ્ઠિત હોય છે. એઓનો સ્પર્શ પણ આરોગ્ય આપનાર હોય છે.

★ શ્રી વજ્રસ્વામીજીની કથા ★

માલવ દેશના તુંબવન ગામમાં ધનગિરિ નામે એક સદ્‌ગૃહસ્થ વસતા હતાં. તેઓ ધનવાન, રૂપવાન અને ગુણવાન હતાં. તેમની રગેરગમાં વૈરાગ્ય ભાવના ઠાંસી ઠાંસીને ભરી હતી. લગ્ન કરવાની ઈચ્છા ન હતી. પણ ભવિતવ્યતાના યોગે ધનપાલ શેઠની સુપુત્રી સુનંદા સાથે તેમનાં લગ્ન થયા હતાં. એક દિવસ ગર્ભના પ્રભાવથી સુનંદાએ એક સુંદર સ્વપ્ન જોયું. દેવલોકમાંથી. એક તેજસ્વી પુણ્યાત્મા તેની કુક્ષિમાં અવતર્યો.

ધનગિરિએ સુનંદાને જણાવ્યું ! સુનંદા ! તને સંતાનની પ્રાપ્તિ થશે એટલે હવે હું સંયમના પંથે સંચરીશ અને સાચે જ તેઓ સાધુ બન્યા.

સુનંદાએ શુભ ઘડી પળે પુત્રને જન્મ આપ્યો. સગા-સ્નેહીઓ અને સખી વર્ગ સૌ સુનંદાના આંગણે મંગળ ગીતો ગાય છે અને અનેરો જન્મ મહોત્સવ ઉજવાય છે. તેમાં એક બ્હેન બોલ્યા કે જો આ બાળકના પિતાએ દીક્ષા ન લીધી હોત તો આજનો મહોત્સવ કોઈ અનેરો ઉજવાત. આ શબ્દો જન્મેલા બાળકના કાનમાં પડતાંની સાથે તેને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને જાણ્યું કે મારા પિતાએ દીક્ષા લીધી તો મારે પણ ચારિત્ર લઈ જીવનને સાર્થક કરવું જોઈએ. પણ મારી માતા મારા જેવા બાળકને શી રીતે છોડશે. તેથી બાળકે મનમાં સંકલ્પ કર્યો અને તેણે રડવું શરૂ કર્યું, છ-છ મહિનાં સુધી એકધારૂં રડતો જોઈ માતા કંટાળી ગઈ.

એટલામાં ગુરુદેવની સાથે ધનગિરિ મહારાજ પણ વિચરતા વિચરતા આજ નગરીમાં આવી ચઢ્યા અને ગામમાં ગોચરી લેવા પધાર્યા. કંટાળેલી સુનંદાએ બાળકને મુનિશ્રી ધનગિરિને વહોરાવી દીધો. ગુરુદેવ તો બાળકની તેજસ્વિતા જોઈ ખૂબ જ હર્ષિત થયા અને તેનું નામ વજ્ર પાડ્યું. વજ્રકુંવરને સાધ્વીજી મહારાજ પાસે આવતી શ્રાવિકાઓને સોંપવામાં આવ્યા. ઘોડીયા-પારણામાં ઝુલતા ત્રણ વર્ષની નાની વયમાં સાધ્વીજી મહારાજના મુખથી સાંભળતાં સાંભળતાં તેઓ અગ્યાર અંગના જ્ઞાતા બન્યા. આવા દિવ્ય બાળકને લેવા માતાનું વાત્સલ્ય ઊભરાયું. અને તે ન્યાયાલયમાં ગઈ. રાજાએ ન્યાય કર્યો કે-બાળક જે બાજુ જશે તેને સોંપવામાં આવશે. માતાએ વિવિધ જાતના રમકડાં ને જાત જાતની મીઠાઈ લાવીને તેની સમક્ષ મૂકી અને ગુરુદેવે ઓઘો અને મુહપત્તિ મૂક્યાં. બાળકને વચ્ચે ઊભો રાખ્યો. સૌ ટગર ટગર જોઈ રહ્યા. પણ બાળક રમકડામાં ન લોભાતાં ઓઘો અને મુહપત્તિ લઈ નાચવા લાગ્યો અને સર્વત્ર

જયજયકાર વર્તાયો. છેવટે સુનંદાએ પણ દીક્ષા લીધી. વજ્રસ્વામીજી દેવોની પરીક્ષામાં પાસ થયા. અને દેવે પ્રસન્ન થઈ તેમને આકાશગામિની વિદ્યા અને વૈક્રિય લબ્ધિ અર્પણ કરી. જેમણે શ્રી ભદ્રગુપ્ત ગુરુ મહારાજની પાસે દશ પૂર્વનો અભ્યાસ કર્યો હતો. અને શ્રી આર્યરક્ષિત સૂરિજીને સાડા નવ પૂર્વ સુધીનો અભ્યાસ કરાવ્યો હતો.

રૂખમણી નામની મહાનધની ધનપાળ શેઠની કન્યાએ સાધ્વજી પાસે વજ્રસ્વામીના રૂપ-ગુણની પ્રશંસા સાંભળીને નિશ્ચય કર્યો કે મારે લગ્ન કરવા તો વજ્રસ્વામી સાથે જ નહિતર આજીવન કુમારી રહીશ. ક્રોડ સોનૈયા સાથે રૂખમણીને શણગારીને તેના પિતા વજ્રસ્વામીજી પાસે આવ્યા અને ગુરુદેવને વિનંતિ કરી કે મહારાજ ! આ ક્રોડ સોનૈયા સાથે હું મારી પુત્રીને અર્પણ કરૂ છું. આપ તેમનો સ્વીકાર કરો અને એનાં મનોરથ પૂર્ણ કરો. પરંતુ વજ્રસ્વામીએ સંસારની અસારતા દર્શાવી અને જેમણે વૈરાગ્યનો અંચળો પહેર્યો છે એવા મુનિશ્રીએ બોધ આપ્યો જેથી તેણી પ્રતિબોધ પામી અને દીક્ષા અંગીકાર કરી નિજનું કલ્યાણ કર્યું.

આ મહાપુરૂષ નગરીમાં ભયંકર દુકાળ હોવાના કારણે સાધુસંઘને પટ પર બેસાડી આકાશગામિની વિદ્યા દ્વારા જ્યાં સુકાળ હતો એવી પુરી નગરીમાં લાવ્યા, ત્યારે તે વખતે ત્યાંનો બૌદ્ધ રાજા જિન મંદિરમાં પુષ્પપૂજનનો નિષેધ કરતો હતો. તેથી તેમણે આકાશગામિની વિદ્યા દ્વારા આકાશમાં ઉડી લાખ્ખો દિવ્ય કુસુમો લાવી શ્રાવકોને અર્પણ કર્યા. સારી યે નગરીમાં દૈવી પુષ્પોની સુવાસ પ્રસરી અને રાજા રોષે ભરાણો એને તે શ્રી વજ્રસ્વામી મહારાજ પાસે આવ્યો, પરંતુ શ્રી વજ્રસ્વામીએ તો રાજાને સુંદર શબ્દોમાં ઉદ્‌બોધન કર્યું. પરિણામે બૌદ્ધરાજા પણ જૈનધર્મી બન્યો અને શાસનની અપૂર્વ પ્રભાવના થવા પામી.

શ્રી વજ્રસ્વામીજીને કફનો રોગ હવાથી તેઓ સૂંઠનો ઉપયોગ કરતા હતાં. એક વખત સૂંઠ પોતાની પાસે રહી ગઈ અને તે પ્રતિક્રમણ કરતાં, ખમાસમણો દેતાં કાન પર ભરાવેલ સૂંઠનો ગાંઠીયો જમીન પર પડ્યો. તત્ક્ષણ તેઓ સમજી ગયા કે કદી મારી આવી મોટી ભૂલ થવા પામે નહિ, આથી હવે જરૂર મારૂં આયુષ્ય અલ્પ જણાય છે. જેથી તેમણે પોતાના શ્રી વજ્રસેન નામના વિદ્વાન શિષ્યને પટ્ટ પર સ્થાપી રથાવર્ત ગિરિ ઉપર જઈને અણસણ કર્યું.

ઈંદ્ર મહારાજા ત્યાં તેમના દર્શનાર્થે આવ્યા હતા. શ્રી વજ્રસ્વામીજી સુંદર આરાધના કરી જૈન શાસનની મહા પ્રભાવના કરી, અને જૈન-શાસનની

જયપતાકા ફેલાવી સ્વર્ગે સીધાવ્યા.

આ મહાપુરૂષનું અદ્‌ભુત જીવનચરિત્ર શ્રવણ કરતાં રૂંવાડા ખડા થઈ જાય છે અને આજે પણ લાખ્ખો જનો તેમનું નામ સ્મરણ કરી જીહ્વા પાવન કરે છે.

વંદન હો એ મહાપુરૂષને !

卐 ▣ 卐

—: જ્ઞાનગોષ્ઠી :—

★ **આશાતના એટલે શું ? તે કેટલી છે ? અને કઈ ?**

❀ *લાભને બદલે નુકશાન થાય તેવું જિનાલય સંબંધી અયોગ્ય વર્તન તે આશાતના. આશાતના ૧૦ છે. ૧. તંબોલ પાન ખાવું, ૨. પાણી પીવું, ૩. ભોજન કરવું, ૪. જોડા પહેરવા, ૫. મૈથુન સેવવું, ૬. સુઈ જવું, ૭. થુંકવું, ૮. પેશાબ કરવો, ૯. સંડાસ જવું, ૧૦. જુગાર રમવો.*

★ **પર્વ તિથિએ લીલું શાક કેમ ન ખવાય ?**

❀ *કારણ કે પર્વ તિથિએ ચંદ્ર, પૃથ્વી અને શરીર ત્રણે સીધી પંક્તિમાં આવતા દરિયાના પાણીની જેમ શરીરના પાણીમાં પણ ફેરફાર થાય છે. જેથી અગ્નિતત્ત્વ મંદ અને વાયુ તત્ત્વ વધે છે જે મગજમાં ચડી વિકૃતિપેદા કરે છે અને શર્દી વિગેરે રોગો પણ તેનાથી થાય છે. લીલા શાકભાજીમાં ૯૦% પાણી હોય છે, તે ન ખાવાથી પાણી તત્ત્વ કાબુ રહી શકે તે માટે, તેમજ સ્વાદિષ્ટ હોવાથી રાગ પેદા કરે છે. એક દિવસ આવું ન ખાવાથી મન ઉપર કાબુ મેળવી સંયમી થવાય છે.*

★ **કાંદા બટાટા વિગેરે બધા કંદમૂળો ખાવામાં શું પાપ ?**

❀ *એક સુઈના અગ્રભાગ જેટલા અંશમાં અનંતા જીવો રહેલા છે, કંદમૂળ ખાવાથી વિકાસ વાસના પણ વધે છે.*

★ **બટાટાની વેફર તો તળાઈ જાય તો પછી કેમ ન ખવાય ?**

❀ *વેફર વિગેરેમાં તો આપના નિમિત્તે જ જીવોની હત્યા થાય તેનાં ઘાતમાં નિમિત્ત આપણે બનીએ માટે તેમજ તે જોઈને બીજા પણ આવી પ્રવૃત્તિ કરે તે દોષના આપણે ભાગીદાર બનીએ છીએ.*

માતા-પિતાની છત્ર છાયામાં

હયાત માતા-પિતાની છત્ર છાયામાં
વ્હાલપણાના બે વેણ બોલતા, નીરખી લેજો
હોઠ અડધા બીડાય ગયા પછી
ગંગાજળ મૂકીને શું કરશો?

અંતરના આશીર્વાદ આપનારને
સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો
હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે
છબીને નમન કરીને શું કરશો?

કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે
પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે
લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે
પછી દિવાન ખંડમાં, તસ્વીર મૂકીને શું કરશો?

માતા પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે
અડસઠ તિરથ તેના ચરણોમાં બધા આવી મળે
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં
પછી કિનારે છીપલાં વીણીને શું કરશો?

હયાત હોય ત્યારે, હૈયું તેનું ઠારજો
પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો
પંચ ભૂતમાં ભળી ગયા પછી આ દેહના
અસ્થિને ગંગામાં, પધરાવીને શું કરશો?

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો
હેતથી હાથ પકડીને જરૂર તીર્થ યાત્રાએ જજો
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે
પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો?

પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહીં મળે
ગયો સમય નહીં આવે, લાખો કમાઈને શું કરશો?
પ્રેમથી હાથ ફેરવીને 'બેટા' કહેનાર નહીં મળે,
પછી ઉછીનો પ્રેમ લઈને, આસું સારીને શું કરશો?

જ્ઞાનની આશાતનાથી બચો.

★ પુસ્તકને કદી પછાડો નહી.
★ થુંકથી અક્ષર ભૂંસો નહીં.
★ પુસ્તકને પગ અડાડો નહીં.
★ કાગળ અને પુસ્તક બાળો નહીં.
★ પુસ્તકનું ઓશીકું બનાવી ન સુવું.
★ પુસ્તકો પાસે રાખી ખાનપાન ન કરો.
★ પુસ્તકને ગમે ત્યાં રખડતાં મૂકો નહીં.
★ પુસ્તકો હાથમાં રાખીં પેશાબ ન કરવો.
★ પુસ્તકને થુંક ન લાગે તેનો ખ્યાલ રાખો.
★ કાગળને ગટરમાં અથવા ગમે ત્યાં ફેંકો નહીં.
★ કાગળ અને છાપા ઉપર ન ખવાય, ન બેસાય.
★ કાગળ અને અક્ષર ઉપર પગ દઈને ચાલો નહીં.
★ એંઠામોઢે બોલવુ નહિ, અને સુતાસુતા વાંચવુ નહિં.
★ પુસ્તકો કે નોટો છાપાઓ વિગેરેથી પવન ખવાય નહીં.
★ પુસ્તકોના કાગળીયા ફાડો નહીં તેમજ વાળો નહીં પરંતુ તેને સાચવીને રાખો.
★ પુસ્તક કે જ્ઞાનના બીજા સાધનો પ્રત્યે કદી પણ તિરસ્કાર કે અરૂચી કરો નહિ.

નવટુંકની નોંધ

નવટુંકના મૂળ નાયક કોણે બનાવી ?

૧. શ્રી અભિનંદન સ્વામી	નરશી કેશવજીએ	
૨. શ્રી આદિનાથ સ્વામી	છીપાવસી	
૩. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ	સાકરચંદ પ્રેમચંદ	
૪. શ્રી નંદીશ્વર દ્વીપ	શેઠાણી ઉજમફઈ	
૫. શ્રી અજિતનાથ ભગવાન	હેમાભાઈ શેઠ	
૬. શ્રી આદિશ્વર ભગવાન	પ્રેમચંદ મોદી	
૭. શ્રી આદિશ્વર ભગવાન	મોતીશા શેઠ	
૮. શ્રી આદિશ્વર ભગવાન	કર્માશાએ	
૯. શ્રી આદિશ્વર ભગવાન	બાલાભાઈ	*(શત્રુંજય માહા.)*

તેર કાઠીયાની સમજ

૧.	આળસ	- દેવ-ગુરુ પાસે જતાં આળસ થાય
૨.	મોહ	- સ્ત્રી પુરૂષ વિગેરેથી વિંટળાઈ રહે
૩.	અવિનય	- ગુરુ કંઈ ખાવા નહીં આપે ધંધો કરીશું તો મળશે
૪.	અભિમાન	- મનમાં મોટાઈ રાખી પછી ગુરુ પાસે જાય
૫.	ક્રોધ	- ગુરુ પાસે આક્રોશ પૂર્વક બોલે
૬.	પ્રમાદ	- પ્રમાદમાં પડ્યો રહે
૭.	કૃપણ	- આ ગુરુ તો પૈસા ખર્ચાવે છે- માટે નથી જવું
૮.	ભય	- ગુરુ પાસે વ્રત પચ્ચકખાણ કરે
૯.	શોક	- શોકના યોગે ગુરુ પાસે ન જાય
૧૦.	અજ્ઞાન	- અજ્ઞાનતાથી ગુરુ પાસે ન જાય
૧૧.	વિકથા	- અનુચિત વાતો કરવામાં તત્પર
૧૨.	કૌતુક	- માર્ગમાં કૌતુક જોવા ઉભો રહે
૧૩.	વિષય	- કામભોગમાં આસક્ત હોવાથી ગુરુ પાસે ન જાય



હે પરમ કૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરૂષનો મૂળમાર્ગ આપ શ્રીમત્ અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિન્દમાં નમસ્કાર કરૂં છું. આપની પરમભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

– કવિશ્રી

દિવસના ચોઘડીયા

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચનલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રિના ચોઘડીયા

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

પચ્ચક્ખાણનો સમય

આ સમય મુંબઈના સ્ટાન્ડર્ડ ટાઈમ પ્રમાણે છે

માસ -	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નવકારશી ક. મિ.	પોરસી ક. મિ.	સાઢપોરસી ક. મિ.	પુરિમઢ ક. મિ.	અવઢ ક.મિ.
જાન્યુ ૧	૭.૧૩	૬.૧૧	૮.૦૧	૯.૫૭	૧૧.૨૦	૧૨.૪૨	૩.૨૬
૧૬	૭.૧૬	૬.૨૦	૮.૦૪	૧૦.૦૨	૧૧.૨૫	૧૨.૪૮	૩.૨૪
ફેબ્રુ. ૧	૭.૧૫	૬.૩૦	૮.૦૩	૧૦.૦૩	૧૧.૨૮	૧૨.૫૨	૩.૪૧
૧૬	૭.૦૮	૬.૩૮	૭.૫૬	૧૦.૦૦	૧૧.૨૬	૧૨.૫૩	૩.૪૫
માર્ચ ૧	૭.૦૦	૬.૪૩	૭.૪૮	૯.૫૬	૧૨.૨૪	૧૨.૫૧	૩.૪૭
૧૬	૬.૪૮	૬.૪૭	૭.૩૬	૯.૪૮	૧૧.૧૮	૧૨.૪૮	૩.૪૭
એપ્રી. ૧	૬.૩૫	૬.૫૧	૭.૨૩	૯.૩૯	૧૧.૧૧	૧૨.૪૩	૩.૪૬
૧૬	૬.૨૩	૬.૫૪	૭.૧૧	૯.૩૧	૧૧.૦૫	૧૨.૩૯	૩.૪૭
મે ૧	૬.૧૩	૬.૫૯	૭.૦૧	૯.૨૪	૧૧.૦૦	૧૨.૩૬	૩.૪૭
૧૬	૬.૦૬	૭.૦૪	૬.૫૪	૯.૨૦	૯.૫૮	૧૨.૩૫	૩.૪૯
જુન ૧	૬.૦૩	૭.૧૦	૬.૫૧	૯.૧૮	૧૦.૫૮	૧૨.૩૬	૩.૫૩
૧૬	૬.૦૩	૭.૧૫	૬.૫૧	૯.૨૧૬	૧૧.૦૦	૧૨.૩૯	૩.૫૦
જુલા. ૧	૬.૦૬	૭.૧૮	૬.૫૪	૯.૨૪	૧૧.૦૩	૧૨.૪૨	૪.૦૦
૧૬	૬.૧૧	૭.૧૮	૬.૫૯	૯.૨૭	૧૧.૦૬	૧૨.૪૫	૪૦૧
ઓગ. ૧	૬.૧૭	૭.૧૩	૭.૦૫	૯.૩૧	૧૧.૦૮	૧૨.૪૫	૩.૫૯
૧૬	૬.૨૧	૭.૦૫	૭.૦૯	૯.૩૨	૧૧.૦૮	૧૨.૪૩	૩.૫૪
સપ્ટે. ૧	૬.૨૫	૬.૫૩	૭.૧૩	૯.૩૨	૧૧.૦૫	૧૨.૩૯	૩.૪૬
૧૬	૬.૨૭	૬.૪૦	૭.૧૫	૯.૩૦	૧૧.૦૨	૧૨.૩૪	૩.૩૭
ઓક. ૧	૬.૩૦	૬.૨૭	૭.૧૮	૯.૨૯	૧૦.૫૯	૧૨.૨૯	૩.૨૮
૧૬	૬.૩૪	૬.૧૫	૭.૨૨	૯.૨૯	૧૦.૫૭	૧૨.૨૪	૩.૨૦
નવે. ૧	૬.૪૦	૬.૦૫	૭.૨૮	૯.૩૧	૧૦.૫૭	૧૨.૨૨	૩.૧૩
૧૬	૬.૪૭	૫.૫૯	૭.૩૫	૯.૩૫	૧૦.૫૯	૧૨.૨૩	૩.૧૧
ડીસે. ૧	૬.૫૭	૫.૫૯	૭.૪૫	૯.૪૨	૧૧.૦૫	૧૨.૨૮	૩.૧૩
૧૬	૭.૦૬	૬.૦૨	૭.૫૪	૯.૫૦	૧૧.૧૨	૧૨.૩૪	૩.૧૭

આરતી

જય જય આરતી આદિ જિણંદા;
નાભિરાયા મરુદેવીકો નંદા....જય જય. ૧

પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લહાવો લીજે....જય જય. ૨

દૂસરી આરતી દીન દયાળા,
ધૂળેવા નગરમાં જગ અજવાળા....જય જય. ૩

તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા....જય જય. ૪

ચોથી આરતી ચઉગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે....જય જય. ૫

પંચમી આરતી પુણ્ય ઉપાયા,
મુળચંદે ઋષભ ગુણ ગાયા....જય જય. ૬



-: જાણો છો ? :-

જંબુસ્વામીના નિર્વાણ પછી કઈ બાર વસ્તુનો વિચ્છેદ થયો ?

૧. પરમઅવિધજ્ઞાન	૨. મનઃપર્યવજ્ઞાન
૩. કેવલજ્ઞાન	૪. ઉપશમશ્રેણી
૫. ક્ષપક શ્રેણી	૬. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર
૭. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર	૮. યથાખ્યાત ચારિત્ર
૯. પુલાક લબ્ધિ	૧૦. આહારક લબ્ધિ
૧૧. સિદ્ધિગમન	૧૨. જિનકલ્પીપણું *(પ્રભાવક+ચરિત્ર)*



મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.... દીવો રે. ૧

સોહામણું ઘેર પર્વ દિવાળી,
અંબર ખેલે અમરા બાળી.... દીવો રે. ૨

દીપાળ ભણે એણે કુળ અજવાળી
ભાવે ભગતે વિઘ્ન નિવારી.... દીવો રે. ૩

દીપાળ ભણે ઈણે એ કલિકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે.... દીવો રે. ૪

અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોને.... દીવો રે. ૫

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.

વધાઈ

દીનાનાથની વધાઈ બાજે છે,
મારા નાથની વધાઈ બાજે છે,
શરણાઈ સુર નોબત બાજે,
ઓર ઘનન ઘન ગાજે છે.... મારા નાથની.
ઈન્દ્રાણી મીલ મંગલ ગાવે,
મોતીયન ચૌક પૂરાવે છે.... મારા નાથની.
સેવક પ્રભુજી શું અરજ કરે છે,
ચરણોંકી સેવા પ્યારી લાગે છે.... મારા નાથની.

ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહિ !

હે ભગવાન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા ! તમારા કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું. નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા ! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં, એ મારી અભિલાષા છે.


આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !

હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ॐ शान्तिः शान्तिः शान्तिः





શ્રી શાંતીનાથ ભગવાનનું દેરાસર, ઘાનેરા





ભુરીબેન કકલદાસ હીરાલાલ અજબાણી,"આરાધના ભુવન" સુરત